# અધ્યાત્મ પિપાસા

સ્વાનુભૂતિદર્શન ઉપર પૂ. ભાઇશ્રીનાં પ્રવચનો

ભાગ-૫



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અધ્યાત્મ પિપાસા

(ભાગ–૫)

(ધન્યાવતાર પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન દ્વારા ચાલેલ તત્ત્વચર્ચાનો ગ્રંથ-'સ્વાનુભૂતિદર્શન' ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના શબ્દશઃ સળંગ પ્રવચનો)
(પ્રશ્ન-૧૬૬ થી ૨૧૫)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર-૩૬૪૦૦૧

| વિક્રમ સંવત | વીર સંવત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૮૧ | ૨૫૫૧ | ૨૦૨૪ |

પ્રકાશન
તા. ૦૮-૧૨-૨૦૨૪, માગશર સુદ-૮
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૯૨મી જન્મ જયંતી

પૃષ્ઠ સંખ્યા : ૩૮૮
પ્રત : ૧૦૦
પડતર મૂલ્ય : ૯૩૦/-
વેચાણ મૂલ્ય : સ્વાધ્યાય

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ
શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર, રૂપાણી, ભાવનગર-૩૬૪૦૦૧.
રાજેન્દ્ર જૈન-મો. ૯૮૨૫૧૫૫૦૬૬

શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ
'ગુરુ ગૌરવ' (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાની સ્મારક ભવન)
સોનગઢ (સૌરાષ્ટ્ર)
નીરવ વોરા-મો. ૯૮૨૫૦૫૨૯૧૩

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
અમદાવાદ
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ ભગવાન શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ધર્મના આધારસ્તંભ એવા આચાર્ય ભગવંત, મહામુનિવરો તથા જ્ઞાની ધર્માત્મા થતા આવ્યા છે. જેઓએ સ્વયંના અનુભવગર્ભિત વાણી દ્વારા શાસ્ત્રોની રચના કરી અને ભવ્ય જીવોના હિતાર્થે, અનંત કાળથી દુઃખ ભોગવતા પ્રાણીઓને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય અને સાદિઅનંત કાળ સુખાનુભવમાં રહે તે અર્થે ધર્મોપદેશ પ્રવર્તાવ્યો.

જીવ અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે જેમાં અસહ્ય દુઃખ સહન કરી રહ્યો છે. અનેક માનેલા ધર્મસાધનો કરતો રહ્યો હોવા છતાં જેના ફળસ્વરૂપે અંશમાત્ર પણ સુખની પ્રાપ્તિ થઈ નથી, પરંતુ દુઃખ જ ભોગવતો રહ્યો છે. જ્ઞાનીપુરુષોએ સ્વયંની નિષ્કારણ કરુણાથી જીવો દુઃખથી મુક્ત થાય તે હેતુથી સમ્યક્ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગનું નિરૂપણ કર્યું છે. પ્રવર્તમાન શાસનમાં અધ્યાત્મયુગ પ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ મોક્ષમાર્ગનું સત્ય સ્વરૂપ સમજાવ્યું અને મિથ્યાત્વરૂપી ઘોર અંધકારમાંથી બહાર નીકળવાનો માર્ગ દર્શાવ્યો. અનેક શાસ્ત્રો ઉપર થયેલા તેમના પ્રવચનોમાં મોક્ષમાર્ગનું સત્ય સ્વરૂપ પ્રકાશ્યું છે. તદ્ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેને મુમુક્ષુઓ સત્ય સ્વરૂપને પ્રાપ્ત કરે તે હેતુથી ચર્ચા-સમાધાન કરી પરમ ઉપકાર કર્યો છે.

**'અધ્યાત્મ પિપાસા'** નામક પ્રસ્તુત પ્રવચન-ગ્રંથમાં પૂજ્ય બહેનશ્રીની વિદ્યમાનતામાં થયેલ તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' નામે પ્રકાશિત કરવામાં આવ્યો હતો તેની ઉપરના પ્રવચનો છે. પૂજ્ય બહેનશ્રીની વિદ્યમાનતામાં સુવર્ણપુરી તીર્થધામમાં પ્રતિદિન બપોરે ચાલતી તત્ત્વચર્ચાનો આ ગ્રંથ વર્તમાન મુમુક્ષુજીવોની અનેક પ્રકારની મૂંઝવણને દૂર કરે છે. સાદી સરળ ભાષામાં તેમના દ્વારા અપાયેલ સમાધાન મુમુક્ષુઓની અધ્યાત્મ પિપાસાની તૃપ્તિ માટે અમૃતના કુંભ સમાન જ છે. પૂજ્ય બહેનશ્રી દ્વારા અપાયેલા સમાધાન, પ્રત્યેક વચન આગમ જ છે.

જ્ઞાનીઓના હૃદય જ્ઞાની જ જાણે. તદ્અનુસાર નિષ્કારણ કરુણામૂર્તિ, અધ્યાત્મ રહસ્યોદઘાટક પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈએ 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર પ્રવચનો કરી અતિ સરળ છતાં મર્મભેદક પ્રવચનો કરી પૂજ્ય બહેનશ્રીના હૃદયકમળમાં બિરાજમાન જ્ઞાયકદેવના દર્શન કરાવ્યા છે. પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલા આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવે એવી ભાવના મુમુક્ષુઓને થવાથી તેનો ચતુર્થ ભાગ પાઠકવર્ગના હસ્તકમળમાં મૂકતા અત્યંત હર્ષ થાય છે. આ પ્રવચનો કુલ ૧૩ ભાગમાં પ્રકાશિત

કરવાની ભાવના છે.

પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલા આ પ્રવચનો મુમુક્ષુજીવોને આત્મહિતાર્થે અત્યંત લાભદાયક થશે એવી ભાવના સાથે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા પૂજ્ય ભાઈશ્રીના કરકમળમાં આ ગ્રંથ અર્પિત કરતા પ્રસન્નતા અનુભવાય છે. સર્વ પ્રવચનોને સાંભળીને શબ્દશઃ લખી જ્યાં જરૂર લાગે ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. ત્યારબાદ પ્રત્યેક પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા સાંભળીને તપાસવામાં આવ્યા છે. તેમ છતાં કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા યાચીએ છીએ અને પાઠકવર્ગને ધ્યાન દોરવા વિનંતી છે. પ્રસ્તુત પ્રવચન ગ્રંથ **www.satshrut.org** ઉપર ઉપલબ્ધ છે.

સર્વ જીવો પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાય દ્વારા આત્મહિતને સાધે એ જ ભાવના.

તા. ૦૧-૧૧-૨૦૨૪ — ટ્રસ્ટીગણ
(શ્રી વીર નિર્વાણકલ્યાણક દિન - દીપાવલી) — વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

## વાચકોને નમ્ર અપીલ

આ પુસ્તક જ્ઞાનીની વાણી છે. જેનો આપ વારંવાર સ્વાધ્યાય કરશોજી. આ પુસ્તકનું મહત્ત્વ સમજીને આશાતના ન થાય તે રીતે સાચવશો તથા અન્યને પણ સ્વાધ્યાય હેતુ આપશો, ભવિષ્યમાં આપ ન સાચવી શકો તો કોઈ ધાર્મિક સંસ્થા કે લાઈબ્રેરી જેવા સ્થળે તેને સુરક્ષિત કરશો, જેથી કોઈ જિજ્ઞાસુને ઉપકારી થઈ શકે.

# 'અધ્યાત્મ પિપાસા' ભાગ-૫ના
# પ્રકાશનાર્થે પ્રાપ્ત સમર્પણરાશિ

શ્રી કુંદકુંદ-રાજકહાન પ્રભાવના ટ્રસ્ટ, હૈદ્રાબાદ ........................................ ......૫૧,૦૦૦/-
ડૉ. મહેશભાઈ જે. મહેતા, મુંબઈ ........................................ ૩૧,૦૦૦/-
ડૉ. ગીતાબહેન મહેશભાઈ મહેતા, મુંબઈ ........................................ ૩૧,૦૦૦/-
શ્રીમતી વિમલા ટી. સાવલા, મુંબઈ ........................................ ૩૦,૦૦૦/-
શ્રીમતી નયનાબહેન કિરીટભાઈ ભાવસાર, અમદાવાદ ........................................ ૨૧,૦૦૦/-
સ્વ. સ્વાતિ પ્રશાંતભાઈ જૈન, ભાવનગર ........................................ ૧૧,૦૦૦/-
સ્વ. હીરાલાલજી જૈન, ભાવનગર ........................................ ૧૧,૦૦૦/-
શ્રી ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદ વોરા, ભાવનગર ........................................ ૧૧,૦૦૦/-
શ્રી હેમંતભાઈ સી. શાહ, મુંબઈ ........................................ ૧૧,૦૦૦/-
શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાતા ........................................ ૧૧,૦૦૦/-
શ્રીમતી મીનાબહેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ ........................................ ૧૧,૦૦૦/-
શ્રીમતી સુનિતાબહેન શાંતિલાલજી સરાવગી, કોલકાતા ........................................ ૧૧,૦૦૦/-
શ્રી સૌરભભાઈ સુંદરલાલજી જૈન, આગ્રા ........................................ ૧૧,૦૦૦/-
શ્રીમતી પ્રાચીબહેન અતીનભાઈ જૈન, ભાવનગર ........................................ ૧૧,૦૦૦/-
સ્વ. વસંતભાઈ અજમેરા પરિવાર
હ. કનકબેન અજમેરા, કેશમી દોશી, કવિતા શાહ, વિધાન અજમેરા .......... ૧૧,૦૦૦/-
શ્રીમતી કૃપાલીબહેન પિયુષભાઈ ભાયાણી, કોલકાતા ........................................ ૫,૧૦૦/-
શ્રીમતી શ્રુતિ અતિશય જાલાન, કોલકાતા ........................................ ૫,૧૦૦/-
કુ. સ્નેહા વ્યાસ, અમદાવાદ ........................................ ૫,૧૦૦/-
શ્રી પૃથ્વીરાજભાઈ બી. શાહ, સોનગઢ ........................................ ૫,૦૦૦/-
શ્રીમતી જ્યોતિબેન કે. ઉદાણી, અમેરિકા ........................................ ૫,૦૦૦/-
સ્વ. ભારતીબહેન વિજયભાઈ શેઠ ........................................ ૫,૦૦૦/-
સ્વ. ખીમજીભાઈ ગંગર, હ. લક્ષ્મીબહેન ગંગર, મુંબઈ ........................................ ૫,૦૦૦/-
શ્રી જશવંતલાલ કામદાર, મુંબઈ ........................................ ૫,૦૦૦/-
સ્વ. ઋતાના સ્મરણાર્થે, હ. ડૉ. આર. પી. શાહ, સુરત ........................................ ૫,૦૦૦/-
શ્રીમતી અનસુયાબહેન અજમેરા, મુંબઈ ........................................ ૩,૦૦૦/-
શ્રીમતી ચારૂબહેન નિલેષભાઈ જૈન, ગાંધીનગર ........................................ ૨,૧૦૦/-
શ્રીમતી ધારા ઋષભ શાહ, ભાવનગર ........................................ ૧,૦૦૦/-
શ્રી અજીતભાઈ પી. શાહ, ભાવનગર ........................................ ૧,૦૦૦/-
શ્રીમતી વર્ષાબહેન હેમાણી, ભાવનગર ........................................ ૧,૦૦૦/-
શ્રી મિતેશભાઈ ડી. શાહ, ભાવનગર ........................................ ૧,૦૦૦/-
સ્વ. અવની મિતેશભાઈ શાહ, ભાવનગર ........................................ ૫૦૦/-

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | પ્રશ્ન | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૨૩ | ૧૧–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૬૬ | ૦૦૧ |
| ૧૨૪ | ૧૭–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૬૮,૧૬૯ | ૦૧૩ |
| ૧૨૫ | ૨૦–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૭૦ | ૦૨૪ |
| ૧૨૬ | ૨૧–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૭૧,૧૭૨ | ૦૩૫ |
| ૧૨૭ | ૨૨–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૭૨,૧૭૩,૧૭૪ | ૦૪૯ |
| ૧૨૮ | ૨૩–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૭૪,૧૭૫ | ૦૬૧ |
| ૧૨૯ | ૨૪–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૭૬,૧૭૭ | ૦૭૦ |
| ૧૩૦ | ૨૫–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૭૭ | ૦૮૩ |
| ૧૩૧ | ૨૬–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૭૮,૧૭૯ | ૦૯૪ |
| ૧૩૨ | ૨૭–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૮૦,૧૮૧,૧૮૨ | ૧૦૭ |
| ૧૩૩ | ૨૮–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૮૨,૧૮૩ | ૧૧૮ |
| ૧૩૪ | ૨૯–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૮૪ | ૧૩૦ |
| ૧૩૫ | ૩૦–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૮૫,૧૮૬ | ૧૩૪ |
| ૧૩૬ | ૩૧–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૮૭ | ૧૪૮ |
| ૧૩૭ | ૦૧–૦૬–૧૯૯૭ | પ્રશ્ન – ૧૮૮,૧૯૮ | ૧૫૮ |
| ૧૩૮ | ૦૨–૦૬–૧૯૯૭ | પ્રશ્ન – ૨૨૧,૧૮૯ | ૧૬૯ |
| ૧૩૯ | ૦૪–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૧૯૦ | ૧૭૯ |
| ૧૪૦ | ૦૫–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૧૯૧ | ૧૮૯ |
| ૧૪૧ | ૦૬–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૧૯૨,૧૯૩ | ૨૦૧ |
| ૧૪૨ | ૦૭–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૧૯૪,૧૯૫,૧૯૬,૧૯૭ | ૨૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૪૩ | ૦૮–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૧૯૮ | ૨૨૫ |
| ૧૪૪ | ૦૯–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૧૯૯ | ૨૩૭ |
| ૧૪૫ | ૧૦–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૧૯૯ | ૨૪૭ |
| ૧૪૬ | ૧૧–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૨૦૦,૨૦૧ | ૨૫૯ |
| ૧૪૭ | ૧૫–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૨૦૨ | ૨૭૧ |
| ૧૪૮ | ૧૬–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૨૦૩,૨૦૪ | ૨૮૦ |
| ૧૪૯ | ૧૭–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૨૦૫,૨૦૬,૨૦૭ | ૨૯૧ |
| ૧૫૦ | ૧૮–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૨૦૭,૨૦૮ | ૩૦૪ |
| ૧૫૧ | ૧૯–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૨૦૯ | ૩૧૭ |
| ૧૫૨ | ૨૨–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૨૧૦ | ૩૨૮ |
| ૧૫૩ | ૨૪–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૨૧૧ | ૩૩૯ |
| ૧૫૪ | ૨૫–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૨૧૨ | ૩૫૦ |
| ૧૫૫ | ૨૭–૦૭–૧૯૯૭ | પ્રશ્ન – ૨૧૪,૨૧૫ | ૩૬૨ |

બહેનશ્રીની બહુ સૂક્ષ્મ નજર હતી. બીજાને સમજાવામાં પણ બહુ સૂક્ષ્મ. ગણધરનો જીવ છે ને! ગણધરનો જીવ છે એટલે ભવિષ્યમાં એ બાર અંગ રચવાના છે.

અત્યારે જે શ્રુતજ્ઞાન પ્રગટ્યું છે અને એ શ્રુતજ્ઞાનનું જરા વિશેષ ક્ષયોપશમ થશે. ક્ષયોપશમ ભાવ છે છેક સુધીનો. ક્ષાયિકભાવ તો કેવળજ્ઞાનમાં થાય છે. પૂરો ક્ષયોપશમ થશે ત્યારે બાર અંગની રચના કરશે. પણ એમની ક્વોલિટી એ ટાઈપની છે. મેં બહુ બારિકાઈથી માર્ક કર્યું છે. એમના એવા અનેક સ્ટેટમેન્ટ મેં જોયા છે કે વર્તમાન સમાજને ખરેખર શું જરૂર છે એ એમને બહુ જ્ઞાનમાં આવ્યું છે. એમની સાથે કોઈપણ મુમુક્ષુ પ્રશ્નોત્તર કરે તોપણ એ બહુ જ ઉપયોગથી જવાબ દે છે. એમ નહિ કે ગમે તેમ જવાબ દઈ દેવા. મેં તો માર્ક કરેલું છે. એમની હયાતીમાં આ માર્ક કરેલું છે. (એટલે) જ ત્યારે વિચાર આવ્યો હતો કે આ ગણધરનો જીવ છે ને એટલે સામાજિક દૃષ્ટિકોણ પણ એમનો બહુ જ ચોખ્ખો છે કે વર્તમાન સમાજ ક્યાં ભૂલ કરે છે. ગુરુદેવના અનુયાયીઓ પણ ક્યાં ભૂલ કરે છે. એ એમને બહુ ચોખ્ખું હતું.

એટલે એમના વચનામૃત બહાર પડ્યા ત્યારે ગુરુદેવ ફીદા થઈ ગયા. આફરીન થઈ ગયા. ઓહોહો..! લાખ પુસ્તકો છપાવો. અમે કોઈ પુસ્તક માટે બોલ્યા નથી. આ પુસ્તક માટે કહીએ છીએ કે લાખ છપાવો!!!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
('સ્વાનુભૂતિદર્શન' પ્રવચન નં-૩૮૬)

ૐ
।।નમઃ સિદ્ધેભ્ય।।

# અધ્યાત્મ પિપાસા

## (ભાગ-૫)

## ('સ્વાનુભૂતિદર્શન' પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાના ગ્રંથ ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના પ્રવચનો)

પ્રશ્ન :– જ્ઞાયક જ્ઞાન લક્ષણથી જણાય છે, પણ બીજા લક્ષણ તેને ક્યારે પ્રમાણરૂપે ખ્યાલમાં આવે?

સમાધાન :– હું જ્ઞાન લક્ષણથી લક્ષિત એક જ્ઞાયક તત્ત્વ છું. જે તત્ત્વ હોય તે પૂર્ણ જ હોય, તે તત્ત્વ કાંઈ અધૂરું ન હોય. આ રીતે હું પરિપૂર્ણ છું એમ કહેતાં બધું ભેગું સમજાઈ જાય છે. જે સુખને પોતે ઈચ્છી રહ્યો છે તે સુખ બહારથી નથી આવતું, હું સુખસ્વરૂપ છું; હું શાંતિસ્વરૂપ છું; આ વિકલ્પ છે તે બધી આકુળતા છે, હું નિર્વિકલ્પ તત્ત્વ છું; શાસ્ત્રમાં કહ્યું માટે નહિ, પણ હું પોતે નિર્વિકલ્પ તત્ત્વ જ છું. આનંદગુણ દેખાતો નથી, છતાં પણ મારામાં આનંદગુણ છે, તે અમુક રીતે નક્કી થાય છે. જ્યારે જ્ઞાન લક્ષણ એવું છે કે તેને ખ્યાલમાં આવી શકે છે, માટે આત્માને જ્ઞાનથી જાણવો તેમ કહેવામાં આવે છે. હું આકુળતા વગરનો નિરાકુળ છું એમ એને ખ્યાલ આવી શકે છે; પણ હું આનંદ લક્ષણ છું તેમાં તેને આનંદ દેખાય નહિ, તો પણ અમુક જાતના યથાર્થ પ્રમાણથી જાણી શકે છે. સાચા જ્ઞાનથી નક્કી કરી શકે છે. પરંતુ જ્ઞાન

**લક્ષણ એવું છે કે તેના અનુભવમાં આવે છે. તેના અનુભવમાં એટલે કે સ્વાનુભૂતિના અનુભવમાં એમ નહિ, પણ જ્ઞાન લક્ષણથી જાણી શકે છે.૧૬૬.**

## તા. ૧૧-૫-૧૯૯૭, પ્રશ્ન-૧૬૬
## પ્રવચન નં. ૧૨૩

'સ્વાનુભૂતિદર્શન' ૧૬૬મો પ્રશ્ન, પાનું-૧૧૭

**'પ્રશ્ન :- જ્ઞાયક જ્ઞાન લક્ષણથી જણાય છે, પણ બીજા લક્ષણ તેને ક્યારે પ્રમાણરૂપે ખ્યાલમાં આવે?'**

શું પ્રશ્ન છે? જ્ઞાયક એટલે આત્મા. આત્મા એટલે અહીંયાં આત્માનું મૂળ સ્વરૂપ એ જ્ઞાન લક્ષણથી જણાય છે અથવા ઓળખાય છે. જણાય છે એટલે અહીંયાં ઓળખાય છે. પણ બીજા લક્ષણ એટલે અસાધારણ લક્ષણમાં આનંદ છે, સુખ છે. એ પ્રયોજભૂત છે. એવા જે બીજા લક્ષણો છે તેને ક્યારે પ્રમાણરૂપે ખ્યાલમાં આવે? ત્યારે બીજા લક્ષણો કેવી રીતે એને ખ્યાલમાં આવે છે? આત્મજ્ઞાન લક્ષણથી જણાયું તો બીજા લક્ષણ કેવી રીતે જણાય છે? આવો એક પ્રશ્ન કર્યો છે.

સમાધાન :- **'હું જ્ઞાન લક્ષણથી લક્ષિત એક જ્ઞાયક તત્ત્વ છું.'** શું છે? આ એક જ એવું લક્ષણ છે કે જેનાથી આત્મા લક્ષમાં આવે છે. લક્ષિત થાય છે એટલે લક્ષમાં આવે છે, ઓળખાય છે. એનું કારણ છે, સમયસારના ૨૪૬ કળશના ભાવાર્થમાં જયચંદજીએ એ વાત થોડીક વિસ્તારથી કરી છે કે, કોઈ સાધારણ ગુણ છે એનાથી તો આત્મા જુદો પડીને ઓળખી ન શકાય. કોઈને ઓળખવો હોય તો જુદો પાડીને ઓળખવો પડેને? તો જે સાધારણ લક્ષણો હોય એનાથી તો કાંઈ જુદો પડે નહિ. અસાધારણ લક્ષણ જોઈએ તો અસાધારણ લક્ષણમાં જ્ઞાન, આનંદ વગેરે છે. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ નથી. અસ્તિત્વ, વસ્તુત્વ, અગુરુલઘુત્વ, પ્રભુત્વ આદિ બધા સામાન્ય છે, તો અસામાન્ય લક્ષણ છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ છે. હવે, પ્રગટ તો એક જ્ઞાનની જ પર્યાય છે. આનંદની પર્યાય પ્રગટ નથી એટલે અપ્રગટ પર્યાય વગેરે ઓળખવાનું સાધન નથી કોઈ અથવા લક્ષણ પ્રગટ નથી તો લક્ષ કેવી રીતે ઓળખાય? એ વાત ત્યાં લીધી છે. દર્શન પ્રગટ છે એમ લીધું છે. પણ દર્શન એટલું સૂક્ષ્મ છે કે પકડાતું નથી. એટલે દર્શન લક્ષણથી પણ નથી પકડાતો. શક્તિઓ તો બધી છે

પણ શક્તિ બધી અવ્યક્ત છે કોઈ વ્યક્ત નથી. જેમકે ચૈતન્ય શક્તિ પણ એ અવ્યક્ત છે. પરમપારિણામિક ભાવ? તો કે અવ્યક્ત છે. વ્યક્ત લક્ષણ એક જ્ઞાન જ છે કે જ્યાંથી સ્વભાવ છે. એ લક્ષગોચર થાય છે. **'હું જ્ઞાન લક્ષણથી લક્ષિત એક જ્ઞાયક તત્ત્વ છું.'** જ્ઞાન લક્ષણથી એમ લક્ષમાં આવે છે. **'જે તત્ત્વ હોય તે પૂર્ણ જ હોય, તે તત્ત્વ કાંઈ અધૂરું ન હોય.'** વસ્તુ-વસ્તુ તરીકે પૂર્ણ હોય કેમકે શાશ્વત ટકે છે. નહિતર અનાદિ અનંત કેવી રીતે ટકી શકે? એટલે અધૂરું નથી. **'આ રીતે હું પરિપૂર્ણ છું એમ કહેતાં બધું ભેગું સમજાઈ જાય છે.'** હું પૂર્ણ છું એમાં બધા ગુણો આવી જાય છે, એમ કહેવું છે. એમાં કોઈ પ્રયોજનભૂત વાત બાકી રહેતી નથી.

**'જે સુખને પોતે ઈચ્છી રહ્યો છે તે સુખ બહારથી નથી આવતું,..'** હવે શું છે? ઈચ્છા તો સુખની છે. બધા જીવોને ઈચ્છા સુખની છે. તે સુખ ક્યાંય બહારથી આવતું નથી અને આવતું હોય તો કોઈ બતાવે ભાઈ! અહીંથી મને સુખ આવે છે! ક્યાંયથી સુખ આવતું નથી. છે કોઈ બતાવી શકે એવું? કે આ ચીજોમાંથી સુખ આવે છે એવું કોઈ બતાવી શકે એવું છે? જે-જે સુખના સાધન, સુખના કારણ મનાય છે એ તો બધા જડ પરમાણુના બનેલા છે અને જડમાં સુખ નથી એ વાત તો પ્રત્યક્ષ છે. એના માટે કોઈ, પ્રત્યક્ષ માટે કોઈ પ્રમાણ આપવાની જરૂર નથી. એટલે **'જે સુખને પોતે ઈચ્છી રહ્યો છે તે સુખ બહારથી નથી આવતું, હું સુખસ્વરૂપ છું; હું શાંતિસ્વરૂપ છું;..'** એમ પોતાને સ્વીકાર આવવો જોઈએ.

હવે, અહીંયાં એક બીજું થોડું સ્પષ્ટીકરણ લઈએ કે એક ગુણને અનંતગુણનું રૂપ છે. આ વિષય દિપચંદજીએ લીધો છે 'ચિદ્‌વિલાસ'માં. દિપચંદજી કાસલીવાલે 'ચિદ્‌વિલાસ' નામનો એક નાનો ગ્રંથ લખ્યો છે. એમાં સિદ્ધાંતની ઘણી સૂક્ષ્મ વાતો લખી છે. એટલી સૂક્ષ્મ લખી છે કે સારા-સારા વિદ્વાનોને સમજવામાં જરાક સૂક્ષ્મ પડે એવી વાતો લખી છે. એમાં એક પ્રકરણ આ લખ્યું છે કે, એક ગુણને અનંતગુણનું રૂપ છે. દૃષ્ટાંત આપે છે કે જ્ઞાનગુણ છે, તો 'છેપણું' છેને એનામાં?! જ્ઞાનગુણ છે તો 'છેપણું' એ અસ્તિત્વગુણનું રૂપ છે. જ્ઞાન જે સમજીને વિશ્વાસ કરે છે, કોઈના ઉપર વિશ્વાસ મૂકે છે એ એનું શ્રદ્ધાગુણનું રૂપ છે. જ્ઞાન સ્વરૂપમાં સ્થિર થાય છે એ એનું ચારિત્રગુણનું રૂપ છે. ઉપયોગ સ્વરૂપમાં લીન થાય છે એ એનું ચારિત્રગુણનું રૂપ છે. જ્ઞાન કષાયના અભાવ સ્વરૂપ છે એ એના સુખગુણનું રૂપ છે. એ અનંતે ગુણનું રૂપ એ ગુણને છે, પ્રત્યેક ગુણને પાછું. એવું જ અસ્તિત્વને છે. શું? એવું જ આનંદને છે. બધા ગુણને એવું છે. બધા ગુણને એવું છે. એવું જ ચારિત્રને, એવું જ શ્રદ્ધાને છે. એટલે જ્ઞાનમાં પ્રગટ સ્વભાવ હોવાથી એ સ્વભાવમાં રહેલા જેટલા

ગુણો છે એ બધાનું રૂપ જ્ઞાનને છે. એટલે આપણે સ્વરૂપના નિશ્ચયનું પ્રકરણ જે લીધું છે 'નિર્ભ્રાંત દર્શનની કેડી'માં એમાં એક વાત લીધી છે કે, જ્ઞાન લક્ષણથી જ્યારે આત્મા કોઈ જીવને ઓળખાય છે ત્યારે મારામાં અનંત જ્ઞાનનું સામર્થ્ય ભર્યું છે એની સાથે-સાથે અનંત સુખનું સામર્થ્ય પણ મારામાં ભર્યું છે, અનંત સુખ મારામાં ભર્યું છે એ વાત પણ સાથે-સાથે જ સમજાય છે. જ્ઞાન સ્વભાવ સમજાય છે પણ એ મુખ્યપણે બોલવાની વાત છે, સાથે-સાથે સુખ પણ સમજાય છે અને જીવને સુખનું પ્રયોજન હોવાથી પછી એ સુખ લેવા માટે બહારનો પ્રયત્ન છોડે છે અને સુખ લેવા માટે એના પરિણામ અંતર્મુખ થાય છે. પરિણામની દિશા ત્યારથી બદલાય છે કેમકે સુખ અંતરમાં છે એવું એણે જોયું. આ રીતે પરિણામની દિશા બદલાય છે. પહેલું-વહેલું દિશા બદલવી તે અપૂર્વ છે. જેની દિશા બદલાય તેની દશા બદલાય. દિશા ન બદલાય એની દશા કદી ન બદલાય. એટલે કહે છે કે જે એમાં બધું ભેગું સમજાય જાય છે એમાં સુખ પણ સમજાય જાય છે. બધું ભેગું સમજાય જાય છે એમાં સુખ આવી ગયું. અને જે સુખને પોતે ઇચ્છી રહ્યો છે તે સુખ બહારથી નથી આવતું, હું સુખસ્વરૂપ છું; હું શાંતિસ્વરૂપ છું; એમ સમજાય જાય છે અથવા એવી ઓળખાણ થઈ જાય છે. અનંતકાળથી સુખ માટે પ્રયત્ન કરનારો જીવ ક્યારેય સુખ પામ્યો નહિ. એવા જીવને જ્યારે ખરેખર સુખનો ભંડાર દેખાય, તળિયા વગરનો સુખનો સાગર દેખાય ત્યારે એની વૃત્તિ, પરિણામની વૃત્તિ એ સુખ લેવા માટે ધીમે ધીમે ચાલે કે દોડ લગાવે? કે, દોડ લગાવે. તરસ્યો માણસ બહુ તરસ લાગી હોય અને જળાશય જોવે તો દોડીને જ પાણી પીવા જાય કે ધીમે ધીમે ઠાગાઠૈયા કરીને જાય? (ઠાગાઠૈયા) કરતો-કરતો જાય? ઠાગાઠૈયા સમજાય? ચેનચાળા. છોકરાઓ નથી નખરા કરતા, નખરા કરે એને ઠાગાઠૈયા કહે. બહુ તરસ લાગી હોય એને પાણીનું જળાશય દેખાય તો દોડીને જાય કે વચ્ચે કાંઈ આડો અવળો રોકાતો-રોકાતો જાય?

મુમુક્ષુ :- દોડીને જાય

પૂજ્ય ભાઈશ્રી :- દોડીને જ જાય. એવું છે. અનંત સુખનો ભંડાર, અનંત સુખનો સાગર પોતામાં જણાય... જો કે ઉપમા તો ઓછી પડે છે, ટૂંકી પડે છે. પછી જીવના પરિણામ ઝાલ્યા રહે નહિ. એમ પ્રતિપક્ષમાં લ્યે છે કે આ વિકલ્પ છે તે બધી આકુળતા છે. જેટલા વિકલ્પો ઊઠે છે એમાં આકુળતા ભાસે. જેટલા વિકલ્પો ઊઠે એમાં આકુળતા ભાસે. આત્માનો વિકલ્પ ઊઠે તોપણ આકુળતા ભાસે. જ્યાં સુધી આકુળતા ન ભાસે ત્યાં સુધી વિકલ્પ પ્રત્યેનો એનો એકત્વનો ભાવ છે, જે પ્રેમથી એને એ ભાવ કેળવ્યો છે એ છૂટે નહિ. આકુળતા લાગે ત્યારે જ ત્યાંથી ખસવા માટેની એની તૈયારી થાય.

અને તો જ ખસી શકે નહિતર ખસી ન શકે. **'આ વિકલ્પ છે તે બધી આકુળતા છે, હું નિર્વિકલ્પ તત્ત્વ છું;..'** ક્યાંથી કાઢ્યું? કે જે વેદન છે, જ્ઞાન લક્ષણ છે એ જ્ઞાન વેદન સ્વરૂપે છે. શું? અને વેદન નિર્વિકલ્પ હોય છે. વિચારમાં સવિકલ્પપણું છે. વેદન તો નિર્વિકલ્પ જ હોય છે. વેદનમાં વિકલ્પ નથી. જ્ઞાન વેદન છે એ જ્ઞાન સામાન્યરૂપે છે અને એ નિર્વિકલ્પ છે. તેનાથી જે લક્ષિત થયું કે હું આવો જ છું નિર્વિકલ્પ સ્વરૂપે. નિર્વિકલ્પ લક્ષણથી નિર્વિકલ્પ સ્વરૂપ નક્કી થયું છે. નિશ્ચયમાં આવ્યા છે. એમ વાત છે. એટલે વિકલ્પ છે એ બધી આકુળતા છે, હું નિર્વિકલ્પ તત્ત્વ છું; **'શાસ્ત્રમાં કહ્યું માટે નહિ, પણ હું પોતે નિર્વિકલ્પ તત્ત્વ જ છું.'** શાસ્ત્રમાં આત્માને નિર્વિકલ્પ તત્ત્વ કહ્યું છે માટે સ્વીકારું છું એમ નહિ. ગુરુએ સમજાવ્યું છે માટે હું સ્વીકારું છું એમ પણ નહિ. મને પોતાને મારું નિર્વિકલ્પ તત્ત્વ, નિર્વિકલ્પ જ્ઞાયકતત્ત્વ ભાસ્યમાન થઈ રહ્યું છે. ભાસે છે, ભાસવું એટલે ફોટો પડવો - પ્રતિભાસ આવવો. જેવું છે એવું જ્ઞાનમાં જાણવું, પ્રતિભાસવું. એવી રીતે નિશ્ચય થાય છે. શાસ્ત્રમાં કહ્યું માટે નહિ પણ હું પોતે સ્વતંત્રપણે, હું પોતે એટલે હું પોતે સ્વતંત્રપણે નિર્વિકલ્પ તત્ત્વ જ છું એવું મને ભાસે છે. નિશ્ચયમાં ઓળખાણમાં એવી વાત છે. **'આનંદગુણ દેખાતો નથી,..'** એટલે પ્રગટ નથી એની પર્યાય. આનંદગુણ દેખાતો નથી એનો અર્થ શું છે કે એની પર્યાય પ્રગટ નથી. **'છતાં પણ મારામાં આનંદગુણ છે, તે અમુક રીતે નક્કી થાય છે.'** એ લક્ષણથી નક્કી થાય છે. કેમકે એમાં બધા લક્ષણો છે આનંદગુણનું પણ લક્ષણ છે. રૂપ છે, લક્ષણની અંદર રૂપ છે. એક ગુણમાં બીજો ગુણ નથી એ ભૂલ નહિ થવી જોઈએ. એક ગુણમાં કોઈ બીજો ગુણ નથી. પણ દરેક ગુણને બીજા અનંતગુણોનું રૂપ છે. આમ છે. એ બીજો વિષય છે, રૂપ હોવું એ બીજો વિષય છે. ગુણ હોવો તે બીજો વિષય છે. ગુણ છે એ શક્તિરૂપે છે અને રૂપ છે એ ધર્મરૂપે છે. એ ભાવ પણ એણે ધારણ કરી રાખ્યો છે.

મુમુક્ષુ :- આ રૂપનું ભાઈશ્રી! સમજવું, થોડુંક આમ અઘરૂં પડે, જેમકે અસ્તિત્વ ગુણ છે એને જ્ઞાનનું ગુણ કેવી રીતે..?

પૂજ્ય ભાઈશ્રી :- આ ઈ જરા અઘરું પડે એવું છે. પણ એ વિચારી શકાય વાત એવી છે કે, અસ્તિત્વગુણ પરમાણુમાં પણ છે. અસ્તિત્વગુણ આત્મામાં છે. બરાબર છે? તો જડમાં જે અસ્તિત્વ છે એ જડરૂપે અસ્તિત્વ છે અને ચૈતન્યનું અસ્તિત્વ ચૈતન્યરૂપે છે કે નહિ? અસ્તિત્વ બેયને આપણે કહીએ. પણ જડ પરમાણુનું અસ્તિત્વ જડરૂપે છે ને! ચેતનરૂપે છે? નથી. અને ચેતનનું અસ્તિત્વ ચેતનરૂપે છે. તો અસ્તિત્વને ચેતનનું રૂપ આવ્યું કે ન આવ્યું?! સમજી શકાય એવું છે, ન સમજી શકાય એવું નથી.

બીજું લોજીક એનું એવું છે કે જો એક ગુણને બીજા એક ગુણનું રૂપ હોય, કોઈપણ એક ગુણનું રૂપ હોય, જેમકે નિરાકુળસ્વરૂપ જ્ઞાન છે અને એટલે નિરાકુળતા સુખનું રૂપ છે, તો એને બીજા ગુણનું રૂપ હોય તો એને ત્રીજા ગુણનું કેમ ન હોય? એને ચોથા ગુણનું કેમ ન હોય? એને બીજા અનંત ગુણનું કેમ ન હોય? એ કહો. કેમ ન હોય? એટલે ન્યાયથી પણ એમ નક્કી થાય છે કે જો એક ગુણને બીજા ગુણનું રૂપ હોય તો એને અનંત ગુણનું રૂપ હોય. જેમ એક પરમાણુને, અભિપ્રાયમાં એક પરમાણુમાં પોતાપણું કર્યું એણે આખા જગતમાં પોતાપણું કર્યું. નહિતર ઘણાં શું કહે છે, આમ અમને બીજું કાંઈ વાંધો નથી. પણ આ એક બાબતમાં થોડાંક પરિણામ અમારા જાય છે. તો કે એ એકમાં જાય છે એ બધામાં આજે નહિ તો કાલે જવાના-જવાના. બાકીનું ગર્ભિત પડ્યું છે. એટલે કદી એવું વિચારવા જેવું નથી કે ભાઈ એકમાં જ અમને આમ છે. એને એમ કહે કે ભાઈ અમારા ઘરમાં માણસો ઘણાં છે પણ મને એક જ વ્યક્તિ પ્રત્યે જરા મમત્વ વધારે રહે છે. બાકી કોઈના ઉપર નથી. તો કે એક ઉપર છે એ આખી દુનિયા ઉપર છે. રાગના એક કણને જે ભલો જાણે છે તે સમસ્ત વિભાવને ભલો જાણે છે. આ અભિપ્રાયનો દોષ આવો છે. એવી જ રીતે આમાં છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી. આઠ નંબરનો પ્રશ્ન. એમાં બહેનશ્રીએ વાત લીધી છે. બીજો પેરેગ્રાફ, પહેલી લીટી..

પૂજ્ય ભાઈશ્રી :- **'હું એક હયાતીવાળી વસ્તુ છું એટલે કે ચૈતન્યરૂપે મારું અસ્તિત્વ છે. જડરૂપે મારું અસ્તિત્વ નથી. આમ પહેલાં ગ્રહણ કરે કે મારી હયાતી છે; પછી તે પદાર્થ કેવો છે? તો કહે છે કે જ્ઞાન-આનંદાદિ અનંતગુણોથી ભરેલો છે. જ્ઞાન-આનંદથી ભરપૂર મારું અસ્તિત્વ છે. તેમાં જ્ઞાનરૂપે, આનંદરૂપે એમ અનંતગુણરૂપે મારું અસ્તિત્વ ભેગું આવી જાય (છે). આમ જગતમાં બધી વસ્તુ સત્ છે.'**

મુમુક્ષુ :- ચૈતન્યરૂપે અસ્તિત્વ છેને? અસ્તિત્વ છે એ ચૈતન્યરૂપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સચ્ચિદાનંદનો પ્રશ્ન લીધો છેને!

મુમુક્ષુ :- અસ્તિત્વને ચૈતન્યનું રૂપ કેવી રીતે હોય?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં આવી ગયું છે. એમનાં શબ્દોમાં જ આવી ગયું છે. આનંદગુણ ભલે દેખાતો નથી એટલે પ્રગટ નથી. છતાં પણ મારામાં આનંદગુણ છે તે અમુક રીતે નક્કી થાય છે. અમુક રીતે એટલે આ રીતે છે. એ ગુણને અનંતગુણનું રૂપ છે. અહીંયાં તો ઈ પ્રકરણ નથી એટલે એનો વિસ્તાર નથી કર્યો પોતે. પ્રકરણ શું છે? કે જ્ઞાન લક્ષણ એવું છે કે પોતાને ખ્યાલમાં આવી શકે છે. એ એક જ લક્ષણ

એવું છે કે જે પકડાય છે. તિર્યંચને પણ પકડાય છે. કેમકે આમાં તો ઓછામાં ઓછા ઉઘાડવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવને ઓળખાણ થઈને એકાગ્રતાનો અનુભવ થાય એવું કેમ બને? તો કહે જ્ઞાન લક્ષણથી બને. સ્વભાવ સૂક્ષ્મ છે એ વાત જરૂર છે. છતાં પણ જ્ઞાન લક્ષણથી પકડાય છે. એવી એક કુદરતી સુવિધા છે કે, એ જ્ઞાન લક્ષણથી પકડાય. **'જ્યારે જ્ઞાન લક્ષણ એવું છે કે તેને (પોતાને) ખ્યાલમાં આવી શકે છે,..'** કે હું જ્ઞાન સ્વરૂપી આત્મા છું. એવું બરાબર ખ્યાલમાં આવી શકે છે. માટે આત્માને જ્ઞાનથી જાણવો તેમ કહેવામાં આવે છે. એટલા માટે એ વાત કહેવી જરૂરી લાગી છે કે, આત્માને જાણવા માટે જ્ઞાન સિવાય બીજા લક્ષણોથી જાણવાનો વ્યર્થ પરિશ્રમ ન થાય. એ આઠમામાં લીધું છે. સચ્ચિદાનંદ આત્મા છે એમાં સત્ કેમ પહેલા લીધું? તો કે અસ્તિત્વ લક્ષણથી ઓળખાય કે ન ઓળખાય? કે ન ઓળખાય. બહેનશ્રીની રૂબરૂમાં જ ચર્ચા ચાલી હતી. કેમકે આપણે ત્યાં પણ અમુક વિદ્વત વર્ગ છે એ અસ્તિત્વ લક્ષણથી આત્મા ઓળખાય એમ માને છે. ત્યારે શાસ્ત્રમાં, સમયસાર આદિમાં અને જ્ઞાનીઓના વચનમાં આત્માને ઓળખવા માટે જ્ઞાન લક્ષણથી વાત કરી છે. જેમને જ્ઞાનીએ અથવા આચાર્યોએ વાત કરી છે એ તો અનુભવથી કરી છે. અને પછી અનુભવથી વાત કરી એના શાસ્ત્રો લખાયા.

હવે જેને આત્માની ઓળખાણ નથી એ તર્ક-વિતર્ક પણ કરે છે કે, જુઓ આત્માને સચ્ચિદાનંદ કહ્યો એમાં સત્ પહેલું લખ્યું છે. ચિદ્ એટલે જ્ઞાન પછી લખ્યું. માટે અસ્તિત્વ લક્ષણથી આત્મા ઓળખાય. પછી એની દલીલો ચાલે. પણ અસ્તિત્વ છે એ તો બધામાં સામાન્ય છે. જુદો કેવી રીતે પડે? ઓળખાણમાં તો જુદો પડે તો ઓળખાય એવું છે. માણસ તો બધાય માણસ. પણ ફલાણો માણસ એમ નક્કી કેવી રીતે કરવું? કે એનું કોઈ specific લક્ષણ હોય તો જ એ જુદો પડે. એમ અન્ય દ્રવ્ય સાથે, અન્યભાવ સાથે ભળેલો આત્મા એને જુદા પાડવા માટે જ્ઞાન લક્ષણ સિવાય બીજું કોઈ સાધન નથી. ત્રણેય કાળે આત્માનું લક્ષણ જ્ઞાન જ છે. પ્રશ્ન એમાં એવી રીતે પૂછ્યો હતો. આ વિવાદ છે એટલે જરા વિદ્વાનો વચ્ચે કે જેમ આત્મામાં જ્ઞાનગુણ અને જ્ઞાનશક્તિ છે, એવી જ આત્મામાં અસ્તિત્વ શક્તિ છે. જેમ આત્મા જ્ઞાનસ્વરૂપી છે એમ અસ્તિત્વ સ્વરૂપી પણ છે, આનંદ સ્વરૂપી પણ છે. બધા ગુણમાં એ સ્વરૂપી છે એમ કહી શકાય. ઓળખવા માટે અસ્તિત્વ સ્વરૂપી છે ત્યાંથી ઓળખવું? કે ઓળખવા માટે જ્ઞાન સ્વરૂપી છે ત્યાંથી ઓળખવું? એમ બહુ ચોક્કસ પ્રશ્ન કરેલો. તો (બહેનશ્રીએ ઉત્તર આપ્યો) કે જ્ઞાનથી ઓળખવું. અસ્તિત્વથી ન ઓળખવું. **'માટે આત્માને જ્ઞાનથી જાણવો તેમ કહેવામાં આવે છે. હું આકુળતા વગરનો નિરાકુળ છું એમ એને ખ્યાલ**

**આવી શકે છે;..'** હું આકુળતા વગરનો નિરાકુળ છું એમ તેને ખ્યાલમાં આવી શકે છે. કેમકે આકુળતા છે એ કષાય પરિણામમાં છે, વિકલ્પમાં છે. અજ્ઞાનીનું જ્ઞાન છે એ પણ કષાયના અભાવ સ્વરૂપે છે. જ્ઞાન રાગરૂપે થયું નથી, રાગ જ્ઞાનરૂપે થયું નથી. ભલે અજ્ઞાની જુદો નથી પાડી શક્તો પણ છતાં વસ્તુસ્થિતિ કાંઈ બદલાઈ જાતી નથી. હું આકુળતા વગરનો નિરાકુળ છું એમ પોતાને ખ્યાલમાં આવી શકે છે. **'પણ હું આનંદ લક્ષણ છું તેમાં તેને આનંદ દેખાય નહિ, તો પણ અમુક જાતના યથાર્થ પ્રમાણથી જાણી શકે છે.'** એ અમુક જાતનો યથાર્થ પ્રમાણ એટલે એનું રૂપ છે. આનંદનું પણ રૂપ છે. જ્ઞાનને આનંદનું રૂપ છે, પણ ખ્યાલમાં આવી શકે છે. ક્યારે ખ્યાલમાં આવે છે? જ્ઞાન લક્ષણથી ઓળખે ત્યારે. એ ઓળખવાની વિધિ ઉપર તો આપણે આખું પ્રકરણ લીધું છે અને ઓળખવાના લક્ષણો, ઓળખાય એના લક્ષણો બન્નેનો વિસ્તાર કર્યો છે. કે ભાઈ આ ઓળખાણું એની સાબિતી શું? એના પણ દસેક લક્ષણ આપણે ત્યાં લીધા છે. પણ અમુક જાતના યથાર્થ પ્રમાણથી જાણી શકે છે. **'સાચા જ્ઞાનથી નક્કી કરી શકે છે.'** સાચું જ્ઞાન એટલે યથાર્થ જ્ઞાન. યથાર્થ જ્ઞાનથી તેનો નિશ્ચય થાય છે. જો આત્માનો નિશ્ચય થાય છે તો આત્મા આનંદ સ્વરૂપી છે એનો પણ નિશ્ચય થાય છે. એ તો એક ભેદ થયો. આનંદ છે એ એક ભેદ થયો. આખા આત્માનો નિશ્ચય થયો એમાં બધું આવી ગયું કોઈ બાકી ન રહ્યું. આત્માનું પૂરેપૂરું સ્વરૂપ આવી ગયું કાંઈ બાકી ન રહ્યું. ભલે કોઈ આત્માને ઓળખનાર ઓછા ક્ષયોપશમવાળો જીવ સમજાવી ન શકે પણ એને આત્મા ઓળખાય છે (એ) પૂરેપૂરો જ ઓળખાય છે અધૂરો ઓળખાતો નથી. અથવા તો કોઈ સ્વાનુભવ, નિર્વિકલ્પ સ્વાનુભવમાં જેને આત્માનું જ્ઞાન થયું... આત્માનું જ્ઞાન ક્યાં થાય છે? નિર્વિકલ્પ સ્વાનુભવ વખતે. બરાબર? કેવા આત્માનું જ્ઞાન થાય છે? એમ જો પૂછવામાં આવે તો કે કેવળજ્ઞાનમાં જેવો કેવળજ્ઞાની પરમાત્મા આત્માને જોવે છે એવો જ આત્મા એને અનુભવગોચર થાય છે. કેવળજ્ઞાનના વિષયરૂપ આત્મામાં અને મતિ-શ્રુતજ્ઞાનના વિષયરૂપ આત્માના વિષયમાં કોઈ ફેર નથી. બેયને સરખો વિષય છે. એવા નિર્વિકલ્પ સ્વાનુભવમાંથી બહાર આવેલા કોઈ ધર્માત્માને પ્રશ્ન પૂછવામાં આવે કે તમને જેવો આત્મા અનુભવમાં આવ્યો એ પહેલા ઓળખાણમાં આવ્યો હતો? નિશ્ચયમાં આવ્યો હતો? તો કે હા. નિશ્ચય વગર તો અનુભવ થાય નહિ. કેમકે પછી એકાગ્ર થવાની પ્રક્રિયા છે ને આ અનુભવ તો. તો કે નિશ્ચયમાં જ એવો તમને આત્મા ઓળખાયો અને અનુભવમાં તમને જેવો આત્મા આવ્યો ઈ બેમાં કાંઈ ફેર હતો? તો કે ના! એનો અર્થ શું થયો? કે જેવો કેવળજ્ઞાનમાં આત્મા જણાય છે એવો ઓળખાય છે. હવે લઈએ તો વચ્ચેના અનુભવને કાઢી નાખીએ તો. એટલે જેને

આત્મા ઓળખાય છે એને નિર્વાણપદ-કેવળજ્ઞાન એનું પાકું થઈ ગયું છે. આ મુમુક્ષુની દશામાં પ્રેરણા મળે એવો મુદ્દો છે. મુમુક્ષુની ભૂમિકામાં અને મુમુક્ષુની દશામાં પ્રેરણા મળે એવો મુદ્દો છે. મુમુક્ષુનું કેવળજ્ઞાન (હો!!) જ્ઞાનીનું તો નક્કી થઈ ગયું એમાં સવાલ નથી, આ મુમુક્ષુનું પણ નક્કી થઈ ગયું. **'સાચા જ્ઞાનથી નક્કી કરી શકે છે. પરંતુ જ્ઞાન લક્ષણ એવું છે કે તેના અનુભવમાં આવે છે.'** અત્યારે પણ જ્ઞાન લક્ષણ અનુભવમાં આવે છે. જ્ઞાનનો અનુભવ થાય છે, સુખ અને આનંદનો અત્યારે અનુભવ થતો નથી. શાંતિનો અનુભવ નથી થતો, પણ જ્ઞાનનો અનુભવ થાય છે. આત્મા અનુભવ યોગ્ય પદાર્થ હોવાથી અનુભવથી સમજાય છે વિચારથી સમજાતો નથી. અને તે જ્ઞાન લક્ષણ અનુભવમાં આવતું હોવાથી, વેદનગોચર હોવાથી અનુભવાંશે, વેદન અંશે તેની પ્રતીતિ અથવા તેનો નિશ્ચય થાય છે. લીધુંને બીજા સમકિતમાં. અનુભવાંશે પ્રતીતિ. સમકિતી હોય એનો નિર્વાણ થાય, તો કે આ પણ સમકિતી જ છેને! એનો નિર્વાણ શું કરવા ન થાય. શું? સમકિતીનું નિર્વાણ છે તો કહે આ સમકિત છે તો એનું નિર્વાણ શું કરવા ન થાય. શું? સમકિતીનું નિર્વાણ છે તો આ પણ સમકિત છે એનું નિર્વાણ... અને એટલા માટે એ સમકિત એમણે લંબાવ્યું ઠેઠ સત્પુરુષની ઓળખાણ સુધી. એ પહેલું સમકિત છે, માટે એનું પણ નિર્વાણ થાય. જાઓ! કેટલી હદ સુધી વિસ્તાર કર્યો! સમકિતની લાઈન પકડાવી છે એમણે કે, અહીંથી શરૂઆત થાય. સત્પુરુષ ઓળખાય ત્યાંથી સમકિતની શરૂઆત થાય છે, પછી એ સમકિત develop થાય છે બીજા સમકિતરૂપે, પછી એ સમકિત develop થાય ત્રીજા સમકિતરૂપે એને પરમાર્થ સમકિત કહે છે. **'તો પણ અમુક જાતના યથાર્થ પ્રમાણથી જાણી શકે છે. સાચા જ્ઞાનથી નક્કી કરી શકે છે. પરંતુ જ્ઞાન લક્ષણ એવું છે કે તેના અનુભવમાં આવે છે.'** જ્ઞાનલક્ષણ કેવું છે? કે અનુભવમાં આવે છે. બીજું કાંઈ અનુભવમાં નથી આવતું. માટે ત્યાંથી અનુભવ યોગ્ય એવું જે આત્મતત્ત્વ છે એનો નિર્ણય થાય છે. અનુભવથી-અનુભવની વસ્તુ સમજાય. તમે સાયકલ શીખ્યા તો બેલેન્સ કેમ રાખવું એ તમને સમજાણું. ન શીખ્યા હોય તો સમજાય? કેમકે તમને અનુભવ થઈ ગયો. અનુભવથી અનુભવની વાત સમજાય. બિનઅનુભવીને અનુભવની વાત ન સમજાય.

મુમુક્ષુ :- અનુભવની વાતની વ્યાખ્યા ન કરી શકાય. આવી રીતે થોડુંક સમજાવી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- **'તેના અનુભવમાં એટલે કે સ્વાનુભૂતિના અનુભવમાં એમ નહિ,..'** અહીંયાં જે જ્ઞાનનો અનુભવ છે એ અહીંયાં સ્વાનુભૂતિ નથી લેવાની. ઈ તો ત્રીજા સમકિતમાં નિર્વિકલ્પ અનુભવ થાય છે ત્યારની વાત છે. અહીંયાં તો બીજા સમકિતની

વાત ચાલે છે એટલે અનુભવાંશ લીધો. કૃપાળુદેવે શું શબ્દ વાપર્યો? અનુભવનો અંશ લીધો. કેમકે સ્વાનુભૂતિ છે એમાં તો નિર્વિકલ્પ અનુભવ આખો અનુભવ છે. અહીંયાં આંશિક અનુભવ છે. જેના ઉપરથી - અંશ ઉપરથી આખા અંશીને પકડવામાં આવે છે. જેમ સેમ્પલ ઉપરથી આખી ચીજનો નિર્ણય થાય તેમ. પરંતુ જ્ઞાનલક્ષણ એવું છે કે તેને અનુભવમાં આવે છે. તેના અનુભવમાં એટલે કે સ્વાનુભૂતિના અનુભવમાં એમ અહીંયાં નહિ, પણ જ્ઞાન લક્ષણથી, વેદન લક્ષણથી જાણી શકે છે. એટલે કે ઓળખી શકે છે. એ ઓળખવાનો વિષય લીધો છે.

**'પણ જ્ઞાન લક્ષણથી જાણી શકે છે.'** જાણવાનું અહીંયાં ઓળખવાના અર્થમાં લેવાનું છે. આપણે થોડો વિસ્તાર એવી રીતે લીધો છે કે અવલોકન કરતા-કરતા ઓળખાણ થાય છે. વિસ્તાર જરા એવી રીતે ખુલીને વાત લીધી છે. અવલોકન કરે છે એ પોતાના પરિણામોનું અવલોકન કરે છે. એટલે પોતાના અનુભવમાં આવતા ભાવોનું અવલોકન કરે છે. એટલે કે પરિચય કરે છે. શું કરે છે? કે મને અનુભવ શું થઈ રહ્યો છે એનો પરિચય કરે છે. ઓળખાણનું સાધન શું? પરિચય. પરિચય વગર ઓળખાણ હોય તો બતાવી દ્યો કોઈની. કોઈ ચીજની નહિ, કોઈ વ્યક્તિની પરિચય વગર ઓળખાણ નથી થતી. એટલે પરિચયનો આમાં પ્રોસેસ છે. હવે એ પરિચય થતાં...થતાં...થતાં કેવી રીતે ઓળખાણ થઈ? એની વાત આપણે ('નિર્ભ્રાંતદર્શનની કેડી'ની)પહેલી editionમાં ૫૬માં પાને છે અને બીજી આવૃત્તિમાં ૪૪માં પાને છે. પણ એ વાત થોડીક પ્રયોગાત્મક લીધી છે કે જ્યારે કોઈ જીવ ઓળખાણના પ્રોસેસમાં આવે છે, ઈ સ્ટેજમાં આવે છે ત્યારે અવલોકન કરતા કરતા એ એવી રીતે એને અવલોકન થાય છે કે અનંતકાળ અનેક પ્રકારના રાગ, દ્વેષ, આદિ ભાવો, વિભાવભાવો-વિકારીભાવોની મધ્યમાં જ્ઞાન રહ્યું, વચ્ચે રહ્યું, નિગોદનાં ભવોમાં પ્રચુર કષાય કલંકની વચ્ચે જ્ઞાન રહ્યું તોપણ જ્ઞાન લેપાણું નહિ. કોઈપણ કષાયનો જ્ઞાનને રંગ ચડ્યો નહિ. જેમ આપણી જીભે અત્યાર સુધીમાં હજારો સ્વાદને સ્વાદ્યા. જીભથી સ્વાદે છેને? હજારો સ્વાદનો સ્વાદ લીધો છતાં આજે એકપણ સ્વાદ આપણી જીભ ઉપર મોજૂદ નથી. છે? કોઈવાર બહુ કડવી દવા પીધી હશે ત્યારે જાણે આખો આત્મા કડવો થઈ ગયો. બહુ કડવું લાગ્યું ત્યારે શું કહે? કે માથાના વાળ ઉભા થઈ ગયા. જીભ ઉપર કડવાશ રહી? બહુ ગળ્યું લાગ્યું તો'ય કાંઈ નહિ. બહુ તીખું લાગ્યું તો'ય કાંઈ નહિ. કેમ? કે જીભ છે એનો નિર્લેપ રહેવાનો સ્વભાવ છે. સ્વાદને સ્વાદવા છતાં એકપણ સ્વાદને સંઘરવાનો એનો સ્વભાવ નથી. સ્વભાવે કરીને એવી જ છે જીભ. જીભ એવી જ છે. તમને કોઈ ચીજ બહુ ભાવે છે અને તમે એ ચીજ ખાઓ છો અને એ જ સ્વાદ તમને ખૂબ રુચે છે અને ગમે

છે તો હવે તમે ટકાવવાની મહેનત કરજો. એ સ્વાદને જીભ ઉપર રાખવાની (મહેનત કરજો.) નહિ થાય. નહિ ટકે. ટકાવવાનો પ્રયત્ન કરો તોપણ નહિ ટકે. કેમકે એનો સ્વભાવ જ એવો છે. એવું જ જ્ઞાન છે નિર્લેપ સ્વભાવી. જેમકે પ્રચુર કષાય કલંકની મધ્યમાં રહેવા છતાં જ્ઞાન છે એ માત્ર જ્ઞાનરૂપે રહે એવું છે. અનંત કષાયની વચ્ચે એણે પોતાનું શુદ્ધત્વ, ભેળસેળ ન થવું એનો અર્થ શું? ભળવું નહિ એનો અર્થ શું? એણે પોતાનું શુદ્ધત્વ ટકાવી રાખ્યું છે. તો એ શુદ્ધત્વ શક્તિ કેવડી? અનંતી. અનંતકાળથી, અનંત અનંતકાળ નિગોદમાં પ્રચુર કષાયકલંકમાં રહ્યો પણ અનંત શુદ્ધત્વ શક્તિ છે. પહેલું તો પોતાનું શુદ્ધત્વ જણાય છે. ક્યાંથી જણાણું? જ્ઞાનલક્ષણથી જણાણું. પકડાયું ક્યાંથી એ શુદ્ધત્વ? શુદ્ધત્વ શુદ્ધત્વથી નથી પકડાણું. શુદ્ધત્વ જ્ઞાનથી પકડાણું. તો એની અંદર જ્ઞાનનું શુદ્ધત્વ જે છે એ જ્ઞાનનું શુદ્ધત્વ છે એ આત્માનું શુદ્ધત્વ છે. એનું અનંતુ સામર્થ્ય છે. એ લક્ષગોચર થયું. ઓહોહો! મારું સામર્થ્ય એટલું છે કે એક પરમાણુ સાથે હું ભળું નહિ, એક વિભાવ અંશ સાથે પણ હું ભળું નહિ. પછી એનો મહિમા આવે. હવે એ જોતાં.. જોતાં.. જોતાં.. ઈ જોવે છે અવલોકન કરતા કરતા કે આ જેટલા કષાયના ભાવો છે એ બધા આકુળતાનો અનુભવ કરાવે છે મને. એક જ્ઞાન છે એમાં આકુળતા નથી. કેમકે એની સાથે એ ભળ્યું નથી. તો જે આકુળતા સ્વભાવવાળા છે એની સાથે એને સંબંધ નથી.

જ્ઞાન નિરાકુળ છે અને નિરાકુળતા સુખનું લક્ષણ છે. માટે એ પણ અનંતુ છે. જેમ શુદ્ધત્વ અનંતુ છે, જ્ઞાન અનંતુ છે એમ સુખ પણ અનંતુ છે. એવો જ્યારે સુખનો નિશ્ચય થાય ત્યારે જોર આવે. એ સુખને પ્રાપ્ત કરવાનું જોર આવે. આવ્યા વગર રહે નહિ. કેમકે સુખની જીવને તીવ્ર ઈચ્છા છે. સુખની જીવને તીવ્ર ઈચ્છા છે. એટલી બધી તીવ્ર ઈચ્છા છે સુખની કે સુખ માટે ઈ ગમે તે કરવા તૈયાર છે. કોઈ આપઘાત કરે છે તો શા માટે? કે સુખ માટે. એટલો દુઃખી છે કે જીવતો રહેવા ઈચ્છતો નથી, તો આપઘાત કરે તોપણ સુખ માટે. સાહસ કરે તોપણ સુખ માટે છે. ભૂખ્યો-તરસ્યો રહે તોપણ સુખ માટે છે. ઉજાગરા કરે તોપણ સુખ માટે છે. હવે, પલાંઠી વાળીને બેઠો છે ને પગ ફેરવે છે તોપણ સુખ માટે છે. એક કલાક આપણે બેસીએ એમાં પગ ફેરવવો પડે. તો એમાં પણ સુખનું કારણ છે. બધા જ કાર્યો સુખ માટે જીવ જો કરે છે તો એની સુખની ભૂખ કેટલી? અનંતકાળથી સુખનો ભૂખ્યો એવો આ જીવ સુખના ભંડારને, ભર્યા ભંડારને જોવે પછી જાલ્યો રહે? એટલે પુરુષાર્થ અહીંથી ઊપડે છે. સ્વરૂપ સન્મુખતાનો પુરુષાર્થ સ્વરૂપની ઓળખાણથી ઉત્પન્ન થાય છે. એવી રીતે ઓળખાણનું પ્રકરણ સંક્ષેપમાં એવી રીતે છે.

મુમુક્ષુ :- પરિચયથી ઓળખાણ થાય બહુ જ સુંદર વાત આવી.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ સિવાય ઓળખાણ ન થાય. ઓળખાણ કરવાની બીજી રીત જ નથી, પછી માણસ હોય કે સોનું હોય કે હીરો હોય કે કાપડ હોય કે ચા હોય કે ચોખા હોય. આપણે તો આ બધું ધંધાકીય અનુભવ છે કે નહિ?

મુમુક્ષુ :- પરિચય કરવો જોઈએ બસ!

પૂજ્ય ભાઈશ્રી :- પરિચય વગર ઓળખાય નહિ. નહિ તો ચા છે ને ઈ ટૅસ્ટનો વિષય છે. અમારે દાણાપીઠમાં મારી પેઢીમાં એક ચાનું ડિપાર્ટમૅન્ટ ચાલતું હતું. (ત્યાં એક ભાઈ હતા,) એકવાર મેં એને પૂછ્યું, મેં કીધું કે તમે ચા (પીતા તો નથી) કેમકે એ ચા ઉકાળે એ કલર જોવા માટે પણ ચા પીવે નહિ, ચાખે નહિ. હવે જોયું કે ચા તો ચાખવાની ચીજ છે, તમે ચાખ્યા વગર કેવી રીતે એની ક્વોલિટી નક્કી કરો છો? તો કે ઈ તો અનુભવનો વિષય છે. કેવી રીતે? તમારો પ્રોસેસ શું છે? તો કે જ્યારે સેમ્પલ આવે ત્યારે હું ચાની ભૂકી લઈને મસળું છું. એના ઉપરથી એની કડકાઈનો મને ખ્યાલ આવે છે. પછી હું દુધ નાખીને ઉકાળું છું એના પ્રમાણમાં ત્યારે એના કલરનો ખ્યાલ આવે છે. પછી સ્વાદનું મારે જોવાની જરૂર નથી પડતી કે મારું અનુભવ જ્ઞાન એટલું છે કે ખાલી સ્પર્શથી-સ્પર્શેન્દ્રિયથી અને ચક્ષુઇન્દ્રિયથી ઈ રસેન્દ્રિયના વિષયનો નિર્ણય લેતા હતા.

મુમુક્ષુ :- અને ઘ્રાણેન્દ્રિય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અને ઘ્રાણેન્દ્રિય. ઓલી સુગંધ, ગંધથી પણ પારખતા હતા. ત્રણ રીતે પારખતા હતા. સ્વાદ નહોતા લેતા, પણ બહુ પરફેક્ટ કામ. એ કહે આ તો હું વેપાર કરું છું અને કમાઉ છું પણ જો હું કોઈ યુરોપિયન કંપનીમાં purchase officer હોઉં તો બહુ મોટો પગાર મળે મને એવી મારી પરખ છે કહે. કેવાનો મતલબ શું છે? પરિચયથી અનુભવ જ્ઞાન થાય છે.

આશય :- (૧૬૬) **આત્મસ્વરૂપની ઓળખાણ સ્વાનુભવનું કારણ છે તેથી તેનું ઘણું મહત્ત્વ છે. આત્મસ્વરૂપની ઓળખાણ જ્ઞાન લક્ષણથી થાય છે. આત્મામાં બીજા અનેક ગુણો હોવા છતાં પણ જ્ઞાનલક્ષણ સિવાય આત્માની ઓળખાણ થતી નથી. તેથી જેને આત્માની ઓળખાણ કરવાની અભિલાષા હોય તેણે અન્યથા પ્રયત્ન નહિ કરતા જ્ઞાન લક્ષણ દ્વારા કે જે નિરંતર અનુભવમાં આવી રહ્યું છે તેનાથી ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ.**

**પ્રશ્ન :– હું સ્વયં જ્ઞાયક છું એવો અભ્યાસ જેમ જેમ તેને ઊંડપથી વિશેષ થાય તેમ તેમ માર્ગ સહજપણે મળે?**

**સમાધાન :– (હા, તેને અવકાશ છે) અંતરમાં અભ્યાસ કરે કે હું સ્વયં જ્ઞાયક છું. આ જે બધા ભાવો દેખાય છે તે હું નથી. હું સ્વયં જ્ઞાયક બધાથી છૂટું તત્ત્વ છું, નિરાળું તત્ત્વ છું, તેમ વારંવાર અંતરથી અભ્યાસ કરે. પોતાના અસ્તિત્વની તેને મહિમા હોય. શૂન્યતા માત્ર નહિ અર્થાત્ હું અનાદિ–અનંત કિંમત વગરનું તત્ત્વ છું એમ નહિ, પણ અનંત શક્તિથી ભરપૂર એવું–ચૈતન્ય અસ્તિત્વ તે હું છું એવી મહિમા આવે અને પર પદાર્થની મહિમા છૂટી જાય. વિકલ્પ છૂટી હું શૂન્ય થઈ જાઉં એમ નહિ. હું અનંત શક્તિઓથી ભરપૂર છું. વિકલ્પ તે મારો સ્વભાવ નથી, નિર્વિકલ્પ તત્ત્વ હું અનંતતાથી ભરપૂર છું.૧૬૮**

## તા. ૧૭–૫–૧૯૯૭, પ્રશ્ન–૧૬૮થી૧૬૯
## પ્રવચન નં. ૧૨૪

સ્વાનુભૂતિદર્શન પ્રશ્ન-૧૬૮, પાનું-૧૧૮

**'પ્રશ્ન :– હું સ્વયં જ્ઞાયક છું એવો અભ્યાસ જેમ જેમ તેને ઊંડપથી વિશેષ થાય તેમ તેમ માર્ગ સહજપણે મળે?'**

કન્ફર્મ કરવાનો પ્રશ્ન છે. આમ આમ થાય એમ નહિ પણ આ રીતે બરાબર છે ને? કન્ફર્મેટીવ પ્રશ્ન છે. હું સ્વયં જ્ઞાયક છું એવો અભ્યાસ એટલે એવી પ્રૅક્ટિસ. હું જ્ઞાયક છું એવો વિકલ્પ નહિ એવી પ્રૅક્ટિસ ઊંડાણથી થાય. જેમ-જેમ એમાં એનું ઊંડાણ આવતું જાય એટલે ફીલિંગ વધારે concentrate થતી જાય તેમ-તેમ માર્ગ સહજપણે મળે એ બરાબર છે એમ?

સમાધાન :- **'(હા, તેને અવકાશ છે) અંતરમાં અભ્યાસ કરે કે હું સ્વયં જ્ઞાયક છું.'** પ્રૅક્ટિસ કરે, અંદરમાં પ્રૅક્ટિસ કરે. ઉપર ઉપરના વિકલ્પ કરે એમ નહિ. અંદરમાં પોતાના જ્ઞાન પરિણમનને અનુભવીને, અવલોકીને પ્રૅક્ટિસ કરે. એ સિવાય **'આ જે બધા ભાવો દેખાય છે તે હું નથી.'** એટલે કે જે આ જ્ઞાનમાં જણાતા ભાવો જ્ઞાન સિવાયના જે જણાતાં ભાવો તે હું નથી અથવા મારું સ્વરૂપ નથી. એટલે કે હું એવો નથી. આ ભેદજ્ઞાન થયું **'હું સ્વયં જ્ઞાયક બધાથી છૂટું તત્ત્વ છું, નિરાળું તત્ત્વ છું,**

**તેમ વારંવાર અંતરથી અભ્યાસ કરે.'** આ વિધિ છે. હું સ્વયં જ્ઞાયક બધાથી જુદું - છૂટું તત્ત્વ છું, ક્યાંય ભળતો નથી. જ્ઞાયક તરીકે હંમેશા ભિન્ને-ભિન્ન રહે છે. નિરાળું તત્ત્વ છું, તેમ વારંવાર અંતરથી અભ્યાસ કરે. ઉપર ઉપરના વિકલ્પ કરે એવું નહિ પણ અંદરમાં પ્રૅક્ટિસ કરે. **'પોતાના અસ્તિત્વની તેને મહિમા હોય.'** પોતાને પોતાના અસ્તિત્વની મહિમા હોય એટલે પોતાના સ્વરૂપની મહિમા હોય. એટલે એમ કહે કે ખાલી એવી પ્રૅક્ટિસ કરે એમાં શું શું હોય? જે પ્રૅક્ટિસ કરે ઈ ખાલી હોય કે એમાં કાંઈ હોય? તો કે હા. એમાં મહિમા હોય સાથે. સ્વરૂપ મહિમા હોય. પોતાના અસ્તિત્વની મહિમા હોય. **'શૂન્યતા માત્ર નહિ..'** એટલે ભર્યું ભર્યું લાગે. શૂન્યતા એટલે ખાલી ખાલી નહિ. પોતાનું પરિણમન પોતાના મહિમાથી ભર્યું ભર્યું લાગે એવો પ્રકાર હોય. **'અર્થાત્ હું અનાદિ-અનંત કિંમત વગરનું તત્ત્વ છું એમ નહિ, પણ અનંત શક્તિથી ભરપૂર એવું-ચૈતન્ય અસ્તિત્વ તે હું છું એવી મહિમા આવે...'** પોતાની શક્તિ પોતાને માલૂમ પડે. પોતાનું સામર્થ્ય માલૂમ પડે. નહિતર ખાલી-ખાલી લાગશે.

મુમુક્ષુ :- ખાલી-ખાલી લાગે છે એવી તો કલ્પના થાય ત્યારે જ ખાલી લાગે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો ખાલી લાગે છે. પોતાના સામર્થ્યને જોવે અને અંતર અભ્યાસ ચાલે, પ્રૅક્ટિસ ચાલે મહિમાપૂર્વક એવો પરિણમનનો પ્રકાર છે. યથાર્થ પરિણમનનો એવો પ્રકાર છે. ફરીથી, શૂન્યતા માત્ર નહિ એટલે કે શૂન્યતા માત્ર નહિ એટલે શું? કે એટલે કે હું અનાદિ-અનંત કિંમત વગરનું તત્ત્વ છું એમ નહિ. એમ નહિ તો કેમ? કે અનંત શક્તિથી ભરપૂર એવું મારામાં અનંતુ સામર્થ્ય છે, મારા ચૈતન્ય સ્વરૂપમાં - તે હું છું એવી મહિમા આવે **'અને પર પદાર્થની મહિમા છૂટી જાય.'** આ સ્વરૂપ નિશ્ચયપૂર્વક આ પ્રકારે ભેદજ્ઞાન ચાલે. સ્વરૂપની ઓળખાણપૂર્વક હોય તો. તો સામર્થ્ય ભાસ્યું છે. ઓળખાણમાં શું થયું છે? પોતાનું સામર્થ્ય ભાસ્યું છે અને પોતાનો મહિમા આવ્યો છે. સામર્થ્ય ભાસે તો એનો મહિમા આવે. **'વિકલ્પ છૂટી હું શૂન્ય થઈ જાઉં એમ નહિ.'** વિકલ્પનો અભાવ થઈને હું શૂન્ય થઈ જાઉં એમ નહિ પણ વિકલ્પનો અભાવ થતાં મારી અનંત શક્તિઓનું ચિક્કાર, ભરપૂર છલકતું પરિણમન. કેવું? સ્વસંવેદનથી છલકતું, આનંદથી છલકતું, શાંતિથી છલકતું એવું પરિણમન. આનંદનો ઊભરો આવે છે. વિકલ્પનો અભાવ થાય ત્યારે આનંદનો ઊભરો અંદરથી આવે છે. એવું પરિણમન છે. વિકલ્પ મટ્યો એટલે શૂન્ય થઈ જાય એમ નહિ. **'હું અનંત શક્તિઓથી ભરપૂર છું. વિકલ્પ તે મારો સ્વભાવ નથી,'** મારું સ્વરૂપ નથી. **'નિર્વિકલ્પ તત્ત્વ હું અનંતતાથી ભરપૂર છું.'** આમ નિર્વિકલ્પ છું પણ શક્તિઓની, અનંત શક્તિઓની અનંતતાથી હું

ભરપૂર છું. અથવા અનંતુ સામર્થ્ય, અનંતગુણોનું અનંતુ સામર્થ્ય, એક એક ગુણનું અનંત સામર્થ્ય એવા અનંતગુણોનું અનંત સામર્થ્યથી હું ભરપૂર છું. જેમકે મુનિઓ જંગલમાં જાય છે ત્યારે વસ્તીથી દૂર થઈને એકાંતમાં રહે છે. નગરથી - વસ્તીથી, નગર અને નગરની વસ્તીથી દૂર જઈને એકાંતમાં રહે છે. એ ઠીક છે બહારની અપેક્ષાએ એકાંતમાં ગયા છે, પણ અંદરમાં અનંત શક્તિના નગરમાં અનંત શક્તિથી ભરપૂર એવા નગરમાં ગયા છે. બહારનું નગર તો કેવડુંક મોટું હોય? લાખોની વસ્તી હોય, કરોડોની વસ્તી હોય. અહીં તો અનંત ગુણોની વસ્તી છે!! કેવી? અનંતગુણોની વસ્તીમાં નિવાસ કરે છે. બહારથી એકાંત છે ને અંદરમાં અનંત ગુણોની વસ્તીમાં નિવાસ છે. એવી રીતે છે. એટલે બહેનશ્રીએ ઉત્તરમાં પરિણમનનો ચિતાર આપ્યો છે કે આવું પરિણમન હોય છે. ૧૬૯માં ઓળખાણનો પ્રશ્ન કર્યો છે.

**પ્રશ્ન :– જ્ઞાન જુદું અને રાગ જુદો તેમ ઓળખાય પછી તેને જ્ઞાન જુદું અને રાગ જુદો એમ વિકલ્પ કરવાની જરૂર પડે?**

**સમાધાન :– જેને યથાર્થ ઓળખાય તેને જ્ઞાન જુદું અને રાગ જુદો એ સહજ થઈ જાય છે. જેને સહજ દશા હોય છે તેને જ્ઞાન જુદું ને રાગ જુદો એવી સહજ જ્ઞાતાધારા વર્ત્યા કરે છે. ઉદયધારા અને જ્ઞાનધારા જુદી છે. સ્વાનુભૂતિ થયા પછી ભેદજ્ઞાનની ધારા વર્તે તેમાં પુરુષાર્થ કરવાની જરૂર નથી. તેમાં સહજ ભેદજ્ઞાન રહ્યા કરે છે. જે જે ઉદયો આવે અને હજી અસ્થિરતા છે તેથી જે વિકલ્પો ઊભા થાય તેની સાથે હું જ્ઞાયક છું એવી જ્ઞાતાધારા સહજ રહે છે; તેને સહજ રહે છે કે આ જુદું અને હું જુદો. જોકે પુરુષાર્થની મંદતાને કારણે તેમાં અલ્પ જોડાય છે, ન જોડાય તો વીતરાગતા થાય. તેથી અલ્પ જોડાય છે, પણ જ્ઞાયકની તીવ્ર દઢતા રહે છે કે હું જુદો છું.–ચૈતન્યતત્ત્વ જુદું છે. આ તત્ત્વ તે હું નથી. આ તો વિભાવભાવ છે એવી ભેદજ્ઞાનની સહજ ધારા વર્ત્યા જ કરે છે. વિકલ્પ કરવાની જરૂર પડતી નથી, પણ ભેદજ્ઞાન રહ્યા જ કરે છે. પછી જેમ જેમ દશા વધતી જાય અને મુનિદશા આવે ત્યારે વધારે તીવ્રતા થતી જાય છે. જ્ઞાયકની ધારા અને દ્રવ્ય ઉપરની દૃષ્ટિ બધું બળવાન થતું થતું મુનિદશામાં તેની ઉગ્રતા થતી જાય છે. ઉદયધારા અને જ્ઞાનધારા જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન થાય, ને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી રહ્યા કરે છે. ભેદજ્ઞાનની ધારા સમ્યગ્દર્શનમાં અમુક પ્રકારે રહે છે અને અંશે–અંશે સ્વરૂપની લીનતા વધતી જાય તેમ તેમ ઉગ્રતા વધતી જાય છે.૧૬૯**

# પ્રશ્ન ૧૬૯ ઉપર પ્રવચન

**'પ્રશ્ન :- જ્ઞાન જુદું અને રાગ જુદો તેમ ઓળખાય પછી તેને જ્ઞાન જુદું અને રાગ જુદો એમ વિકલ્પ કરવાની જરૂર પડે?'**

જે જીવને પોતાની ઓળખાણ થાય કે જ્ઞાન અને રાગ જુદા-જુદા છે. એને એવો વિકલ્પ કરવાની જરૂર ખરી? પ્રશ્ન એવો કર્યો છે.

**'સમાધાન :- જેને યથાર્થ ઓળખાય...'** એટલે ભાવભાસન થઈને ઓળખાય. ભાવને અનુભવીને ઓળખાય. (ભાસીને) એટલે અનુભવીને ઓળખાય. **'તેને જ્ઞાન જુદું અને રાગ જુદો એ સહજ થઈ જાય છે.'** વિકલ્પ આવે તોપણ સહજ છે, વિકલ્પ ન આવે તોપણ સહજ છે. કેમકે ઓળખાણ થઈ ગઈ. બે સરખી ઊંચાઈના- સરખા કદના છોકરાએ સરખા કપડા પહેર્યા છે. આ યુનિફોર્મ પહેરે છેને સ્કુલમાં. પછી પાછળથી જુએ તો ખ્યાલ ન આવે કે આમાં ક્યો કોણ છે એ. પણ સામેથી ચાલ્યા આવતા હોય તો ઓળખાય જાય કે, આ આપણો દીકરો છે, આ પાડોશમાં એનો જે મિત્ર છે એનો દીકરો છે. પછી એને વિકલ્પ કરવો પડે? એમ પૂછે છે. ઓળખાણ થઈ ગયા પછી એનો વિકલ્પ કરવો પડે? તો કે ના ઓળખાણ થઈ ગઈ એ જ્ઞાન છે એ પૂરતું છે. એમાં પછી વિકલ્પની આવશ્યકતા નથી રહેતી. એને સહજ થઈ જાય છે એટલે વિકલ્પ કરવાની જરૂરત નથી એને. અને જેને જરૂરત છે એને હજી ઓળખાણ નથી - એમ છે. **'જેને સહજ દશા હોય છે તેને જ્ઞાન જુદું ને રાગ જુદો એવી સહજ જ્ઞાતાધારા વર્ત્યા કરે છે.'** જેને સહજ દશા હોય છે તેને જ્ઞાન જુદું ને રાગ જુદો એમ સહજ જુદાપણું વર્ત્યા કરે છે. ધારાવાહી એટલે એક સરખું. કન્ટીન્યુપણે વર્ત્યા કરે છે. **'ઉદયધારા અને જ્ઞાનધારા જુદી છે.'** બંનેની જાત જુદી છે. બન્નેની જાત જુદી છે અને બન્નેની દિશા જુદી છે. જે ઉદયના પરિણામો ધારાવાહી થાય છે એને ઉદયધારા કહે છે. કેમકે એ સતત, એ પણ સતત ચાલે છે. તો એનું મુખ આ બાજુ છે. બહાર તરફ છે. જ્ઞાનનું મુખ બહાર બાજુ નથી એટલે જુદી પડે છે. જુદું પડવાનું કારણ એ છે કે બન્નેની દિશા જુદી છે. કેમકે જ્ઞાન વેદાય છેને તો વેદાયમાં- સંવેદનમાં સન્મુખતા છે. **'ઉદયધારા અને જ્ઞાનધારા જુદી છે. સ્વાનુભૂતિ થયા પછી ભેદજ્ઞાનની ધારા વર્તે તેમાં પુરુષાર્થ કરવાની જરૂર નથી.'** પુરુષાર્થ ચાલે છે. કરવો પડતો નથી. અનુભવ થઈ ગયો એ ઘણાં સ્વરૂપની મહિમાના રસથી અનુભવ થયો

છે. અનુભવ ક્યારે થયો છે? કે સ્વરૂપનો ઘણો મહિમા આવ્યો, એટલો બધો મહિમા આવ્યો, એટલો બધો મહિમા આવ્યો કે મહિમાના વિકલ્પ બંધ થઈ ગયા. એવો મહિમા આવ્યો. જેમ કોઈને ભય લાગ્યો તો એટલો ભય લાગ્યો એટલો ભય લાગ્યો કે બેશુદ્ધ થઈ ગયો. ભયના વિકલ્પ ન રહ્યા. ઘૂંટાઈ ઘૂંટાઈને બેશુદ્ધ થઈ ગયો. એમ મહિમા ઘૂંટાઈ..ઘૂંટાઈ...ઘૂંટાઈ...ઘૂંટાઈ...ઘૂંટાઈને નિર્વિકલ્પ થયો એ સ્વાનુભવ છે. તો એમાં સ્વરૂપનો અતિરસ પછી અત્યંત રસ પછી એ સ્વાનુભવની દશા હોય છે. એમ થયા પછી ઈ તબક્કામાંથી પસાર થયા પછી ભેદજ્ઞાનની ધારા વર્તે તેમાં પુરુષાર્થ કરવાની જરૂર નથી, સહજ જ ચાલે. કોઈપણ ઉદયના કાર્યોમાં બહાર આવી ગયો નિર્વિકલ્પ દશામાંથી એટલે ઉદયભાવ ચાલુ થઈ ગયા. તોપણ અંદર જે સ્વરૂપરસથી પરિણતિ થઈ ગઈ છે... પરિણતિ ક્યારે થાય? રસથી થાય છે. અહીંયાં આપણે પરિણતિના વિષયમાં એ વાત ચાલે છે કે, જે વિષયનો અત્યંત રસ હોય એની પરિણતિ થઈ જાય. પરિણતિ થવાનું કારણ અત્યંત રસ. એમ સ્વરૂપનો મહિમા આવીને. એનો ઘણો રસ થયા પછી નિર્વિકલ્પદશા ઉત્પન્ન થાય. આપણે સમ્યગ્દર્શનના આર્ટિકલમાં કીધું છે કે સ્વરૂપનો અત્યંત મહિમા એ જ સમ્યગ્દર્શન છે. એ પછી ત્યારપછીની સવિકલ્પ દશામાં આવે તો એની પરિણતિ રહી જાય છે. એ જુદી પરિણતિ પડે છે - જ્ઞાનધારા. જેને જ્ઞાનધારા કહેવામાં આવે છે જેને આત્મધારા કહેવાય, જેને સ્વરૂપધારા કહેવાય, જેને ચૈતન્યની ધારા કહેવાય, જેને અમૃતધારા પણ કહેવાય કેમકે એવી શાંતિ છે એની અંદર. સ્વાનુભૂતિ થયા પછી ભેદજ્ઞાનની ધારા વર્તે તેમાં પુરુષાર્થ કરવાની જરૂર નથી. એટલે કુત્રિમ વિકલ્પ(રૂપ) પુરુષાર્થ ઉઠાવવાની જરૂર નથી, સહજ ચાલે છે. **'તેમાં સહજ ભેદજ્ઞાન રહ્યા કરે છે.'**

એમના વચનામૃતમાં આ ત્રીજું વચનામૃત આપ્યું છે. વચનામૃતમાં ત્રીજું વચનામૃત છે કે, જ્ઞાન અને રાગ જુદા છે એમ અનુભવ થાય તેને ગોખવું પડતું નથી. વિકલ્પ વારંવાર ઉઠાવીને કરવો પડતો નથી. સહજ ચાલ્યા કરે છે. આપણે જે ઘરમાં રહીએ છીએ, પછી ભલે ભાડે રહેતા હોઈએ કે પોતાનું હોય પણ બાજુમાં પાડોશીને ઘર હોય છે. ફ્લેટ સિસ્ટમમાં તો બારણા અડી અડીને હોય છે. ત્યાં આ મારું ઘર આ પાડોશીનું મારું નહિ એવો વિકલ્પ કરવો પડે છે? કેમકે એનું ભાન છે. એનું ભાન છે. વિકલ્પ કરવો પડતો નથી. પણ વચ્ચે એક દિવાલનું, ખાલી એક ઈંટની દિવાલનો પડદો છે તોય તે! મારું ઈ મારું અને પારકું એ પારકું. 'આ એક મારું' એમાં બાજુ બાજુમાં જેટલા બિલ્ડીંગો અને જેટલા ઘરો હોય એમાં કોઈ મારા નહિ એ સહજ આવે છે. એમ હું જ્ઞાનતત્ત્વ છું, હું આત્મતત્ત્વ છું એમાં જેટલા વિકલ્પો બાકીના થયા

કરે છે, શરીર બાજુમાં છે, બીજા સંયોગો બાજુમાં છે, પરિવાર બાજુમાં છે તોપણ તે કોઈ હું નહિ એમ એનો વિકલ્પ કરવો પડતો નથી. આ હું એમાં બીજો હું બાકી હું કાંઈ નહિ ઈ આવી જાય છે. અસ્તિમાં નાસ્તિ આવી જાય છે.

મુમુક્ષુ :- જ્ઞાનદશામાં જ્ઞાન વેદનની પ્રગટધારા વર્તતી હોય?

પૂજ્ય ભાઈશ્રી :- સહજ ભેદજ્ઞાનની ધારા વર્તતી હોય છે. એટલે જ તો જે ઉદયભાવ છે એમાં રસની મર્યાદા ઓછી થઈ જાય છે. એમાં તીવ્ર રસ નથી આવતો એનું કારણ એ છે. તો કે એકદમ ગુસ્સો કરે ત્યારે? તો કે ત્યારે પણ નહિ. ધાવમાતા બહુ વ્હાલ કરે ત્યારે તો એને પોતાનો દીકરો એવું થઈ જાય કે ન થઈ જાય? તો કે ન થાય. અને સગી મા બહુ આંખ કાઢીને લાલચોળ ડોળા કાઢી અને બે-ચાર થપ્પડ ઝીંકી દ્યે ત્યારે એ છોકરો કે છોકરી - એ સંતાન પારકું થઈ જાય કે ન થઈ જાય?

મુમુક્ષુ :- ન થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ન થાય? આટલું બધું મારે તોય તે! હે? મારે નહિ ઢસડીને કાઢી મૂકે. નીકળ ઘરથી શું? ચાર-પાંચ વર્ષનો છોકરો હોય અને એમ લાગે કે બગડી ગયો હવે આ શું? અને જરાય માનતો નથી કંટ્રોલ બહાર છે પછી નિર્ણય કરે કે એકવાર સરખી રીતે હંફાવીને બહાર કાઢો આને. તો પારકો થઈ જાય? હવે ઈ એટલું બધું મારે છે એ એનું પોતાપણું છે એટલે મારે છે. પારકાને મારવા જાય? આપણે શું? બગડ્યો તોય એનો અને સુધરે તોય એનો. મારે છે એનો અર્થ શું? પોતાપણું વધી ગયું છે.

મુમુક્ષુ :- વધી ગયું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા! વધી ગયું. પોતાપણું વધી ગયું ત્યારે મારે છે. અને વ્હાલથી, પ્રેમથી બે કોળિયા ખવડાવે મીઠાઈના એટલે લે મારા હાથે તને મોઢામાં મૂકી દઉં, તું નહિ હું તને હવે તારા મોઢામાં મૂકી દવ. ત્યારે પણ પોતાપણું વધી ગયું છે. રાગમાં પણ પોતાપણું, દ્વેષમાં પણ પોતાપણું જ કરે છે. બન્ને વિરુદ્ધ પરિણામ દેખાય છે. અંદરનો આશય પોતાપણાનો એક સરખો રહે છે. એમાં ફેર નથી પડતો. એમ સહજ રહ્યા કરે છે. એમ પણ વિકલ્પ કરવો પડતો નથી. ત્યાં જ્યારે મારે છે ત્યારે પોતાપણાનો વિકલ્પ કરવો નથી પડતો ને ખવડાવે ત્યારે પણ પોતાપણાનો વિકલ્પ કરવો પડતો નથી. **'તેમાં સહજ ભેદજ્ઞાન રહ્યા કરે છે. જે જે ઉદયો આવે અને હજી અસ્થિરતા છે તેથી જે વિકલ્પો ઊભા થાય તેની સાથે હું જ્ઞાયક છું એવી જ્ઞાતાધારા સહજ રહે છે;..'** પોતાના અનુભવથી જ્ઞાનદશામાં ચાલતા ભેદજ્ઞાનનો ચિતાર ખડો કર્યો છે.

શું કહે છે? કે જે-જે ઉદયો આવે છે એ હજી અસ્થિરતા છે. પછી શુભ પણ આવે અને અશુભ પણ આવે. પાંચમાં ગુણસ્થાન સુધી અશુભ આવે. જે-જે ઉદય આવે અને હજી અસ્થિરતા છે (જેમકે) રોગ થયો એની દવા-ઈલાજનો વિકલ્પ આવે તે અશુભ છે. મુનિ હોય એને રોગ થાય તોપણ દવાનો વિકલ્પ નથી આવતો. બીજી સંસારની પ્રવૃત્તિ તો મુનિને નથી. એટલે એનો વિકલ્પ નથી દેખાતો. જો કે પ્રવૃત્તિ ન હોય એટલે વિકલ્પ ન હોય એવું નથી. પણ મુનિરાજને નિર્વિકલ્પ વીતરાગતા, નિર્વિકલ્પ વીતરાગદશા એટલી સ્થિર થઈ ગઈ છે કે સંસારના કોઈ કાર્યનો કોઈ વિકલ્પ એમને ઉત્પન્ન જ થતો નથી. મનમાં વિકલ્પ થાય છે ને પ્રવૃત્તિ કરતા નથી એમ નથી. એટલે એમને અશુભભાવ નથી. પાંચમા ગુણસ્થાન સુધી શુભ અને અશુભ બન્ને વિકલ્પ ઉદય અનુસાર આવે છે. અંદરમાં શુભ-અશુભ પ્રકૃતિનો ઉદય હોય છે. બહારમાં એને પરિણામમાં વિકલ્પ હોય છે. એ વિકલ્પો ઉભા થાય છે અસ્થિરતાના કારણે એટલી સ્થિરતા હજી નથી આવી વીતરાગતામાં. તેની સાથે હું જ્ઞાયક છું ને ઈ જ્ઞાતાધારા સહજ રહે છે. એ અસ્થિરતા છે એ ચારિત્રનો દોષ છે. પણ જ્ઞાનમાં વિપર્યાસનો દોષ, શ્રદ્ધામાં વિપર્યાસનો દોષ નથી થતો. ચારિત્રમાં દોષ થાય ત્યારે જ્ઞાનમાં અને શ્રદ્ધામાં વિપર્યાસનો દોષ નથી થતો. એ એમને એમ રહે છે. એ ત્યાં સુધી કે મુનિરાજ છે એ સ્થિરતામાં આવી ગયા, આયુષ્ય પર્યંત કેવળજ્ઞાન ન લઈ શક્યા. આયુષ્ય પૂરું થાય એ પહેલા કેવળજ્ઞાન, પુરુષાર્થ ઘણો કર્યો તોપણ પૂરતા પુરુષાર્થના અભાવથી કેવળજ્ઞાન ન થયું. આયુષ્ય પૂરું થયું. અસ્થિરતા વધી, અસ્થિરતા વધી અને દેવલોકમાં ચોથા ગુણસ્થાને આવે. ત્યારે પાછું અશુભ ચાલુ થઈ ગયું. શુભ અને અશુભ બન્ને. શુભ તો ચાલુ હતું જ. પાછું અશુભ ચાલુ થઈ ગયું. ચારિત્રગુણમાં દોષની વૃદ્ધિ થઈ. એટલું થવા છતાં પણ શ્રદ્ધાજ્ઞાનમાં કાંઈ ફેર પડતો નથી. અંદરમાંને અંદરમાં બીજા ગુણના પરિણમનમાં ફેર પડે છે તોપણ શ્રદ્ધાજ્ઞાનના પરિણમનમાં ફેર પડતો નથી તો પછી સંયોગોને કારણે ફેર પડે એ વાત રહેતી નથી. ચારિત્રગુણ તો નજીક છે, બીજા સંયોગો તો દૂર છે. પાછો એ રાગ દેવલોકના સંયોગોને લઈને નથી થયો, પોતાની યોગ્યતાને લઈને થયો છે. અને તીર્થંકર ભગવાન મુનિઓને ઉપદેશ આપે ત્યારે એવો ઉપદેશ આપે કે હે! મુનિ દુર્લભ એવું મનુષ્ય આયુ પ્રાપ્ત છે, તો એ આયુષ્ય પૂરું થાય એ પહેલા તું કેવળજ્ઞાન લઈ લેજે. પ્રચંડ પુરુષાર્થ કરીને કેવળજ્ઞાન લઈ લેજે. જો કેવળજ્ઞાન લીધા વિના આયુષ્ય પૂરું થયું તો દેવલોકમાં જાવું પડશે. અનિવાર્ય પણે દેવલોકમાં જાવું પડશે. અહીંયાં અશુભ નથી ત્યાં અશુભ શરૂ થઈ જશે.

મુનિરાજ અહીં હોય ત્યારે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય. દેહ છૂટીને સ્વર્ગમાં

જાય એટલે ચોથા ગુણસ્થાને આવી જાય તો તેમની પરિણતિમાં ફેર પડતો હશે? એક વખત પરિણતિ આટલી ગાઢ થયા પછી ફેર કેવી રીતે પડતો હશે? આમાં સિદ્ધાંત શું છે? કે એક ને એક ગુણસ્થાનમાં ટકવાની મર્યાદા છે. શું? કૃપાળુદેવ તો લખે છે કે, અમે આગળ ન વધ્યા તો અમારા જેવા અવિચારી બીજા ઓછા જાણવા. એવું લખી નાખ્યું છે. કે પોતે જે ગુણસ્થાનમાં છે એ ગુણસ્થાનમાં રહેવા માંગતા નથી. મુનિદશામાં આવવા માંગે છે. એવી ચટપટી એમને ઉપડી છે. એમ નહિ કે સમ્યગ્દર્શન થઈ ગયું એટલે ટાઢા થઈને બેસી ગયા એમ નથી પછી પાછી બીજી ઉતાવળ થાય છે. પૂર્ણ થવું છેને? ધ્યેય પૂર્ણતાનું બાંધ્યું છે. મુમુક્ષુતામાં જ પૂર્ણતાનું ધ્યેય બાંધ્યું છે. સ્વર્ગમાં જાય ને ચોથે આવે ત્યારે જે સ્વાનુભૂતિની દશા અંતર્મુહૂર્તે પરિણમતી હતી તેમાં ફેર પડી જાય. મુનિદશામાં જે ક્ષણે-ક્ષણે અનુભવ થતો હતો, ચૈતન્ય ગોળો છૂટો પડી જતો હતો એમાં ફેર પડે. ચોથે ગુણસ્થાને હોવાથી દશા ઊભી છે પણ સ્વાનુભૂતિની પરિણતિ જે ક્ષણે-ક્ષણે થતી હતી તેમાં ફેર પડી જાય છે. પરિણતિની દશા ઊભી છે (પણ) ઉપયોગમાં ફેર પડી જાય છે. કેમકે એ ઉપયોગમાં થાય છે. નિર્વિકલ્પતા આવે છે અંતર્મુહૂર્તમાં એ તો ઉપયોગમાં આવે છે. ચારિત્રની લીનતામાં ફેર પડી જાય છે. સ્થિરતામાં ને લીનતામાં ને એકાગ્રતામાં ફેર પડી જાય છે. ફેર ન પડે તો ક્ષણે-ક્ષણે આવે જ પણ સમ્યગ્દર્શનમાં ફેર નથી પડતો. દ્રવ્યદૃષ્ટિ જે જોરદાર હોય છે તેમાં ફેર નથી પડતો. અશુભકાળે પણ દૃષ્ટિ એવી ને એવી, કાંઈ ફેર નહિ. પણ પરિણતિ વારંવાર સ્વરૂપ તરફ જતી હતી તે અંદર નહિ જતા બહાર રોકાવા માંડી એટલે પૂર્વે મુનિપણામાં ગાઢી પરિણતિ થવા છતાં ઉપયોગમાં એ બધો ફેર પડી જાય છે. પણ જે અંદર ધારા છે એ પરિણતિમાં એ તો એમનેમ રહે છે. દૃષ્ટિ પણ એમ ને એમ રહે છે. ઉપયોગના પરિણમનમાં, ક્રિયામાં એટલે પરિણતિ એટલે ક્રિયામાં ફેર પડે છે. ચોખવટ કરી છે. અને...

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઐસા ક્યોં હોતા હૈ, મુનિદશામેંસે ચ્યુત હોકર ચોથે ગુણસ્થાનમેં આ જાતે હૈં?

પૂજ્ય ભાઈશ્રી :- ઈસલિયે કિ મુનિદશામેં આયુષ્ય પર્યંતમેં તો કેવળજ્ઞાન તકકા પુરુષાર્થ ક્યોં નહીં કિયા? તો ઉસકા દંડ ભુગતના પડેગા. વૈસે મુમુક્ષુતામેં જ્યાદા ક્યોં રહા? નહી ચલેગા. મુમુક્ષુતામેં ભી જ્યાદા નહીં રહના હૈ, જ્ઞાનદશામેં આના હૈ. જ્ઞાનદશામેં જ્યાદા નહીં રહના, મુનિદશામેં આના હૈ. મુનિદશામેં જ્યાદા નહીં રહના હૈ કેવળજ્ઞાનમેં આના હૈ. વો સાદી અનંત હૈ જાઓ! યે જિનમાર્ગ કહી ભીં રુકનેકે લિયે નહીં હૈ. ઠીક હે છોટામોટા સ્ટેશન આતા હૈ, જંક્શન હોતા હૈ. બાકી વહાઁ ગાડી પડી રહેગી

વો બાત ચલનેવાલી નહીં હૈ. યે હમલોગ પરિણામકી ચર્ચા ક્યોં રોજ-રોજ કરતે હૈં? કિ આગે બઢે કિ નહીં વહ દેખના હૈ. આગે બઢે કિ નહીં વહ દેખના હૈ. રોજાના દેખના હૈ. વેપારી વેપાર કરતા હૈ, (તબ સાલાના બેલેન્સશીટ નિકાલતે હૈં) પહલે દીપાવલી પર નિકાલતે થે, અબ ૩૧ માર્ચ હો ગયા. લેકિન હર ટ્રાન્ઝેકશનમેં ઉસકો માલૂમ હૈ કિ ઈસમેં મુજે પૈસા મિલતા હૈ. ઉતના મુનાફા મિલતા હૈ. તો બેલેન્સશીટમેં મુનાફા નહીં દિખેગાતો સમઝેગા કિ કહીં અકાઉન્ટકી ભૂલ હૈ. ઈતના ટર્ન ઓવર હુઆ હૈ ઈતના હમારા રેશિયો હૈ પ્રોફિટકા (તો) ઈતના પ્રોફિટ તો બેલેન્સશીટમેં દિખના ચાહિયે. અગર ઉતના નહીં દિખતા હૈ તો ખોજ કરલો અકાઉન્ટમેં કહીં ભી હમારી લિખનેમેં ભૂલ હુઈ હૈ. પૈસા ઘરમેં આયા હૈ વહ બાત બરાબર હૈ. ઔર પૈસા હાથપર દિખતા હૈ. વો પૈસા હાથપર દિખતા હૈ. તો બહી(ખાતે)મેં નહીં દિખે લેકિન હાથમેં તો દિખે. બહીંમેં નહીં દિખતા હૈ ઈસલિએ ખો ગયા હૈ ઐસી બાત નહીં હૈ. વો તો હાર્ડ કેશ હૈ. ઐસે રોજાના ચર્ચાકા હેતુ ક્યા હૈ? કિ હમને આજ ક્યા કામ કિયા? હમારે પરિણામકા વેપાર ચલા ઉસમેં નુકસાન કિયા તો કહાઁ કિયા? કૈસે કિયા? ક્યોં કિયા? કિતના કિયા? ઔર હમ આગે બઢે તો કેસે બઢે? વો તલાશ કરનેકી બાત હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ... ૨૪૦ (પ્રશ્ન નંબર)

પૂજ્ય ભાઈશ્રી :- (પહલે) યે તો પૂરા કરેંગે. **'જ્ઞાતાધારા સહજ રહે છે કે આ જુદું અને હું જુદો. જો કે પુરુષાર્થની મંદતાના કારણે તેમાં અલ્પ જોડાય છે,..'** પુરુષાર્થની જેટલી મંદતા છે એના પ્રમાણમાં અલ્પપણે જોડાય છે. અલ્પ એટલે તીવ્ર રસથી જોડાતો નથી. જેમકે ક્રોધ કરે છે, તકરાર થાય છે, ઝઘડો થાય છે, ગુસ્સો આવે છે, પણ એટલો રસ એમાં નથી. જોડાય છે એટલો પોતાનો રાગ છે. **'ન જોડાય તો વીતરાગતા થાય.'** રાગ છે એટલો જોડાય છે, વીતરાગતામાં જોડાતો નથી. ન જોડાય તો વીતરાગતા થાય. **'તેથી અલ્પ જોડાય છે, પણ જ્ઞાયકની તીવ્ર દઢતા રહે છે કે હું જુદો છું.-ચૈતન્યતત્ત્વ જુદું છે. આ તત્ત્વ તે હું નથી.'** અને બીજા પરિણામ છે તે હું નથી. હું તો જ્ઞાનતત્ત્વ છું અને મને મારું જ્ઞાનતત્ત્વ જ ગમ્ય થઈ રહ્યું છે. સોગાનીજીએ લખ્યું છે એક બોલમાં કે, મને તો મારું જ્ઞાનતત્ત્વ જ ગમ્ય થઈ રહ્યું છે. ગમ્ય એટલે અનુભવગમ્ય. પોતાપણે અનુભવગમ્ય થતું એવું પોતાનું જ્ઞાનતત્ત્વ છે બાકીના ભાવો પારકા થઈ ગયા છે. આ તો વિભાવ છે. આ તો વિભાવ છે એમાં પારકાપણું છે. આ તો વિભાવ છે **'એવી ભેદજ્ઞાનની સહજ ધારા વર્ત્યા જ કરે છે. વિકલ્પ કરવાની જરૂર પડતી નથી,..'** વિકલ્પ તો ઉદયભાવનો પણ ચાલતો. વિકલ્પ તો ઉદયભાવનો પણ ચાલતો હોય એટલે અહીંયાં હું જ્ઞાયક છું (એ) વિકલ્પ જ ચાલવાનો

સવાલ રહેતો નથી. **'પણ ભેદજ્ઞાન રહ્યા જ કરે છે. પછી જેમ જેમ દશા વધતી જાય અને મુનિદશા આવે ત્યારે વધારે તીવ્રતા થતી જાય.'** એ પરિણતિમાં પણ, ભેદજ્ઞાનની પરિણતિમાં પણ ઉગ્રતા થતી જાય છે. ચોથા ગુણસ્થાને પણ ઉગ્રતા થતી જાય છે. પાંચમા ગુણસ્થાને પણ ઉગ્રતા થતી જાય છે પરિણતિમાં, ભેદજ્ઞાનની પરિણતિમાં. અને જેમ-જેમ પરિણતિમાં ઉગ્રતા થાય તેમ-તેમ સમયનો અંતરાળ ઓછો થઈને શુદ્ધોપયોગ વધુને વધુ થતો જાય. એ એકવાર ચર્ચા એવી ચાલી હતી કે આ પરિણતિમાં ઉપયોગને કેવી રીતે સંબંધ છે? ઉપયોગ બહાર જાય છે અંદર પણ આવે છે, તો અંદર આવવાનો નિયમ શું? બહાર જવાનો નિયમ શું? તો કે જેટલી સ્થિરતા અને વીતરાગતા ઓછી, એટલો બહાર જાય અથવા જેટલી સરાગતા એટલો બહાર જાય. પણ અંદર જે જ્ઞાનદશાની પરિણતિ છે એ પરિણતિ જેટલી તીવ્ર થતી જાય તેટલો ઉપયોગ વારંવાર અંદર આવવાની પરિસ્થિતિ ઊભી થાય સહેજે સહેજે. એટલે અંદરની ઉપયોગની પરિણતિ જેટલી બળવાન થાય, દઢ થાય એ ઉપયોગને ખેંચે છે. પરિણતિ ઉપયોગને ખેંચે છે. પરિણતિ પોતે અંદર રહેલી છે. અંતર્મુખની દશા છે, જ્ઞાનધારા છે એ ઉપયોગને ખેંચે છે. જેમ દોરીથી પતંગને ખેંચવામાં આવે છે તેમ. પરિણતિ છે એ જ્ઞાનીના હાથમાં દોર છે. ઉપયોગનો પતંગ ઊડાઊડ કરે છે. શું કરે છે? ઊડાઊડ કરે છે. ઉપયોગનો પતંગ ઊડાઊડ કરે છે. ઘડીક આમ જાય છે ઘડીક આમ જાય છે ઘડીક ગુલાંટ પણ ખાય છે, પણ દોર હાથમાં છે તેને વાંધો નથી. એવું છે. આમ પણ જાય આમ પણ જાય, અને ગુલાંટ પણ મારે છે પણ દોર હાથમાં છે. એટલે એને ખેંચે છે. એમ પરિણતિનો દોર છે જ્ઞાનીના હાથમાં. એટલે ઉપયોગ આમ આમ થાય, ગુલાંટ ખાય પણ ખેંચીને પાછો અંદર આવે છે. જેટલી બળવાન પરિણતિ એટલો ઉપયોગ વારંવાર અંદર આવે. એવો એનો નિયમ છે.

મુમુક્ષુ :- પૂજ્ય બહેનશ્રી સાથે ચર્ચા થયેલી પરિણતિની?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપયોગ અને પરિણતિની આ ચર્ચા થયેલી. (એક મુમુક્ષુ)એ પ્રશ્ન કાઢ્યો હતો તે દિવસે. ઉપયોગ અને પરિણતિના વિષયનો. ત્યાં જાણપણું તો બહુ જ થઈ જાય. ઘણી ચર્ચાઓ નીકળે ભલે મુમુક્ષુ હોય પણ જ્ઞાનદશાનું જાણપણું બહુ થઈ જાય. કે આવું થાય છે, આવું થાય છે. જાણપણું થાય તેથી કામ થઈ જાય છે - એમ નથી. એ બધું પુરુષાર્થને આધીન છે. જેમ-જેમ દશા વધતી જાય અને મુનિદશા આવે ત્યારે તીવ્રતા થતી જાય છે. ભેદજ્ઞાનની **'ધારા અને દ્રવ્ય ઉપરની દૃષ્ટિ બધું બળવાન થતું મુનિદશામાં તેની ઉગ્રતા થતી જાય છે.'** એમાં ઉપયોગ પણ વારંવાર થાય છે, ક્ષણે-ક્ષણે અને પરિણતિ પણ છઠ્ઠા ગુણસ્થાને બળવાન હોય છે. જ્યારે

ઉપયોગ થાય ત્યારે સાતમું ગુણસ્થાન આવે છે. **'ઉદયધારા અને જ્ઞાનધારા જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન થાય, ને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી રહ્યા કરે છે.'** એ એની પ્રૅક્ટિસ છે આગળ વધવાની પ્રૅક્ટિસ શું? કે ભાઈ જ્ઞાનની ધારા. એ **'ભેદજ્ઞાનની ધારા સમ્યગ્દર્શનમાં અમુક પ્રકારે રહે છે અને અંશે-અંશે સ્વરૂપની લીનતા વધતી જાય તેમ તેમ ઉગ્રતા વધતી જાય છે.'** એટલે એનું જે ફોર્મ છે એ concentrate થતું જાય છે. અને તેમ-તેમ તે પોતે આગળ વધતો જાય છે. વારંવાર નિર્વિકલ્પતા થયા પછી પંચમ ગુણસ્થાન આવે એમાં વારંવાર નિર્વિકલ્પતા થયા પછી સાતમું ગુણસ્થાન આવે. પછી છઠ્ઠું-સાતમું, છઠ્ઠું-સાતમું ચાલ્યા કરે.

આશય :- (૧૬૮) **મુમુક્ષુજીવ જ્ઞાનથી સ્વતત્ત્વને ઓળખીને અંતરમાં ભેદજ્ઞાનનો અભ્યાસ કરે એ પ્રકારે ઓળખીને પ્રયોગાભ્યાસ કરવાનો અહીંયાં આશય છે. આ પ્રકારનો પુરુષાર્થ સ્વરૂપના ભરપૂર મહિમાથી થતો હોય છે. પોતાના અનંત સામર્થ્યનું ભાવભાસન સ્વરૂપ મહિમા અને સ્વરૂપ સન્મુખના પુરુષાર્થની ઉત્પત્તિનું કારણ છે. તેથી સ્વરૂપની ઓળખાણ થવા અર્થે સ્વાધ્યાય, સત્સંગ આદિ સાધન છે.**

આશય :- (૧૬૯) **સ્વાનુભવ થયા પછી ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે, સહજ રહ્યા કરે છે. તેનો વિકલ્પ કરવો પડતો નથી. એ ધારા પરિણતિરૂપ હોય છે. અને એ પરિણતિ જેટલી બળવાન અને ગાઢ થતી જાય છે, તેમ-તેમ વારંવાર સ્વાનુભૂતિ ઉપયોગાત્મકપણે અને સ્વરૂપ સ્થિરતારૂપ વીતરાગતા વધતી જાય છે. મોક્ષમાર્ગના સર્વ ગુણસ્થાનોમાં આ પ્રકારે સહજ પરિણમન ચાલે છે. અહીંયાં મોક્ષમાર્ગની સહજતા દર્શાવીને કૃત્રિમતાનો નિષેધ કર્યો છે.**

**પ્રશ્ન :- આત્માની વિભૂતિને ઉપમા આપી સમજાવો.**

**ઉત્તર :- ચૈતન્યતત્ત્વમાં વિભૂતિ ભરી છે. કોઈ ઉપમા તેને લાગુ પડતી નથી. ચૈતન્યમાં જે વિભૂતિ ભરી છે તે અનુભવમાં આવે છે; ઉપમા શી અપાય?**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૪૨૮**

**પ્રશ્ન :- જ્ઞાનીને અસ્તિત્વની ખુમારી કેવી હોય?**

**સમાધાન :- જ્યાં તત્ત્વની દૃષ્ટિ થઈ ત્યાં કોઈપણ પરભાવ વગર પોતે ટકી શકે છે. (એવી ખુમારી આવી જાય છે.) સ્વતઃ સિદ્ધ વસ્તુ બીજા કોઈ પદાર્થ વગર ટકનારી છે. જ્યાં દ્રવ્યની પ્રતીતિ થાય છે ત્યાં તે પ્રતીતિમાં બધું બળ સાથે આવતું જાય છે. પ્રતીતિ તો તેને દૃઢ જ છે કે કોઈ પદાર્થના આશ્રયથી હું ટકું એવું તત્ત્વ નથી. સ્વયં હું ટકનારો છું, સ્વયં વસ્તુ છું. એવી પ્રતીતિ સમ્યગ્દર્શનમાં પહેલાં આવી જાય. પછી તો તેને લીનતા વધતી જાય, સ્વરૂપનું વેદન વધતું જાય, સ્વાનુભૂતિ વધતી જાય અને વચ્ચે સવિકલ્પ દશામાં અંશે-અંશે જ્ઞાયકની ધારા, શાંતિનું વેદન વધતું જાય છે. પોતાના અસ્તિત્વમાં સ્વયં ટકનારો છું તે પ્રતીતિમાં આવી ગયું. પછી સ્વરૂપમાં જ રહું, બહાર ન જાઉં, સ્વરૂપમાં જ આનંદ-શાંતિ છે, સ્વરૂપમાંથી બહાર જવું મુશ્કેલ પડે તેવી તેની દશા વધતી જાય છે. અલ્પ અસ્થિરતાને લઈને પરિણતિ બહાર જાય છે, પણ તેની ઉગ્રતા થતી જાય છે. ભેદજ્ઞાનની ધારા અને દ્રવ્યની પ્રતીતિનું બળ વધતું જાય છે, લીનતા વિશેષ વધતી જાય છે.૧૭૦**

## તા. ૨૦-૫-૧૯૯૭, પ્રશ્ન-૧૭૦
## પ્રવચન નં. ૧૨૫

'સ્વાનુભૂતિદર્શન', ૧૭૦મો પ્રશ્ન, પાનું-૧૧૯

**'પ્રશ્ન :- જ્ઞાનીને અસ્તિત્વની ખુમારી કેવી હોય?'**

અસ્તિત્વ એટલે હયાતી. પોતાની વિદ્યમાનતા. એની ખુમારી કેવી હોય? જેમ માણસને સંપત્તિની ખુમારી હોય છે કે મારી પાસે ઘણું છે એ પણ સંયોગોના અસ્તિત્વની ખુમારી છે. કોઈને શરીર શક્તિની ખુમારી હોય મારી શક્તિ ઘણી છે. એ પણ એક અસ્તિત્વ બતાવે છે શરીરની તાકાતનું. એમ પરદ્રવ્યની ખુમારીનો તો બધાને અનુભવ છે. કોઈને કાંઈ, કોઈ ને કાંઈ, આઠ પ્રકારના મદ કીધા છેને! એ મદમાં જાય છે. ધનમદ, શરીરમદ, કુળમદ, રૂપમદ એ બધા... જ્ઞાનમદ જ્ઞાન એટલે બુદ્ધિ. મારામાં બુદ્ધિ ઘણી છે. મારા જેવો કોઈ બુદ્ધિવાળો નહિ. ભલભલાને ભૂ પાઈ દઉં. હોય છેને માણસ! અથવા મારી ભૂલ થાય જ નહિ - એ બધા ખુમારી બતાવે છે અથવા અહંભાવ

ક્હે છે. હવે સ્વરૂપનું અસ્તિત્વ છે એ શાશ્વત છે, ત્રિકાળ છે એનું ભાન થાય છે, જ્ઞાનીને એનું ભાન થાય છે. ત્યારે બધાનો આધાર છૂટીને, એ બધો આધાર છૂટીને કેમકે એ આધાર અમસ્તોય કાંઈ ટકવાની તો કોઈ ચીજ છે નહિ. નાશવાન છે બધી વસ્તુ. શાશ્વત આધારભૂત સ્વતત્ત્વ છે. એનો આધાર ને અવલંબન જ્ઞાનીને હોય છે. ત્યારે એ સંબંધીનો ભાવ એનો કેવો હોય છે. ખુમારી એટલે એ સંબંધીનો ભાવ કેવો હોય છે. એવો પ્રશ્ન કર્યો છે કે, **'જ્યાં તત્ત્વની દૃષ્ટિ થઈ..'** તત્ત્વ એટલે આત્મતત્ત્વ, નિજ આત્મતત્ત્વ.

**'સમાધાન :- જ્યાં તત્ત્વની દૃષ્ટિ થઈ ત્યાં કોઈપણ પરભાવ વગર પોતે ટકી શકે છે. (એવી ખુમારી આવી જાય છે.)'** એ કૌંસમાં મૂક્યું છે, બોલ્યા નથી પોતે એટલે કૌંસમાં મૂક્યું છે કે, હું કોઈપણ પરભાવ વગર ટકી શકું છું. **'સ્વતઃ સિદ્ધ વસ્તુ બીજા કોઈ પદાર્થ વગર ટકનારી છે.'** કોઈ પરભાવ અને પરપદાર્થ. હવા, પાણી એ જીવને ટકવાનું સાધન નથી. એ ફેફસાને અને શરીરને ટકવાનું સાધન છે. ફેફસા પણ શરીરનું જ અંગ છે એટલે શરીરને ટકવાનું સાધન છે. જીવને ટકવાનું નહિ. હવા, પાણી ન મળે તો શરીરની મશીનરી બંધ થાય. જીવ જીવતો બંધ થાય એવું ન બને.

મુમુક્ષુ :- જ્ઞાન બંધ ન થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન બંધ નથી થતું, જીવન બંધ નથી થતું, પરિણમન બંધ નથી થતું, અસ્તિત્વ ખલાસ નથી થતું. જીવનું અસ્તિત્વ ખલાસ નથી થતું અહીંયાં તો હયાતીને સંબંધ છે કે, કોઈ ચીજ ન મળે તેથી મારી હયાતી મટતી નથી કે હયાતીમાં ફેરફાર થતો નથી. અનંતકાળથી ટકતો આવ્યો છું અને અનંતકાળ ટકીશ. નિગોદના જીવને ક્યાં હવા પાણી (હોય છે)? હવા પાણી ને પૈસા કાંઈ નથી મળતું. મળે છે? (તોપણ) અનંતકાળથી નિગોદમાં રહે છે.

મુમુક્ષુ :- પોતાની જીવત્વ શક્તિથી રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જીવત્વ શક્તિથી હંમેશા હંમેશા એ જીવે છે અને હંમેશા જીવતો રહેવાનો છે. મને ક્યાંય કોઈ દી' કોઈ પ્રકારનો વાંધો આવવાનો નથી. આપણે ગુજરાતીમાં વાંધો કહીએ છીએ સાદી ભાષામાં. હિન્દીમાં એમ કહે છે કોઈ બાધા થવાની નથી. એટલે આત્મા અવ્યાબાધ સ્વરૂપ છે. તે એનું વિશેષણ પ્રસિદ્ધ છે. કેવું અસ્તિત્વ છે આત્માનું? અવ્યાબાધ. સ્વતઃ સિદ્ધવસ્તુ, સ્વતઃસિદ્ધ એટલે કોઈથી નહિ બનાવેલી. કોઈથી ઉત્પન્ન નહિ કરેલી એવી વસ્તુ. બીજા કોઈ પદાર્થ વગર ટકનારી છે. અને કોઈ પદાર્થ કાયમ તો સાથે રહેતો નથી. આ શરીરના પરમાણુ પણ બદલાતા જાય છે. એના એ પરમાણુ રહેતા નથી. અને જે કેટલાક એના એ રહે છે સંયોગથી એ પણ અમુક કાળે

તો છૂટા પડી જવાના છે. સંયોગનો વિયોગ થવાનો. **'સ્વતઃ સિદ્ધ વસ્તુ બીજા કોઈ પદાર્થ વગર ટકનારી છે.'** એવી **'જ્યાં દ્રવ્યની** (-પોતાના સ્વરૂપની) **પ્રતીતિ થાય છે..'** દ્રવ્યની એટલે પોતાના સ્વરૂપની. દ્રવ્યસ્વરૂપની પ્રતીતિ થાય છે **'ત્યાં તે પ્રતીતિમાં બધું બળ સાથે આવતું જાય છે.'** પ્રતીતિ થતાં પ્રતીતિ બળ સાથે આવે. જેમ કોઈ વસ્તુની ખાતરી થઈ તો એની મક્કમતા આવી જાય છે. એમાં ખાસ કરીને જીવના પરિણામ હંમેશા અવલંબન શોધે છે, આધાર શોધે છે. પોતાના અસ્તિત્વનો પત્તો નહિ હોવાથી બહારમાં ને બહારમાં ક્યાંક આધાર શોધે છે. હું આનાથી જીવીશ, આનાથી જીવીશ શરીરથી જીવીશ શરીરના જે ટકનારા સાધનો છે એનાથી જીવીશ. એ ટકનારા સાધનો મળશે એનાથી જીવીશ એમ પછી એની વણજાર ચાલે છે. અને એ પદાર્થો જ્યારે-જ્યારે વિયોગને પામે છે, ત્યારે જીવ દુઃખી થાય છે. એને દુઃખ થાય છે. આધાર પણ કલ્પનાથી લીધો હતો. તેથી વિયોગનું દુઃખ પણ કલ્પિતપણે થાય છે. વાસ્તવિકતા એ છે કે કોઈપણ પદાર્થ વગર જીવ ટકે છે. હવે, ભય અને ડર ને બીક કોની થાય? જેને ભયની પ્રકૃતિ હોય, બીવાની પ્રકૃતિ હોય એને તો ખાસ આ વસ્તુ કામમાં આવે એવી છે કે, મને કોઈ દી' કાંઈ થયું નથી ને કોઈ દી' કાંઈ થવાનું પણ નથી. મારું જે અખંડ ચૈતન્ય છે એ શાશ્વત છે. અને અખંડ ચૈતન્ય શાશ્વત એમ ને એમ જ રહેવાનું છે નિર્બાધપણે. હવે આમાં ભય શો? અને ભય સબંધીનો કોઈ વિકલ્પ શો? કે કોઈ પણ વિકલ્પને અવકાશ નથી. બળ આવે છે, શું છે? પ્રતીતિ એટલે સમ્યગ્દર્શન છે અને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન સ્વરૂપની નિર્વિકલ્પ પ્રતીતિ છે. અને એ પ્રતીતિ થતાં એનું બળ આવે છે. એ બળને ખુમારી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બળ એટલે પુરુષાર્થ?

પૂજ્ય ભાઈશ્રી :- બળ એટલે જોર.

મુમુક્ષુ :- જોર કોણ કરે?

પૂજ્ય ભાઈશ્રી :- જીવ પોતે જ કરે છે.

મુમુક્ષુ :- એ વીર્યગુણની પર્યાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વીર્યગુણની પર્યાય છે. અને કૃત્રિમ કોઈ બળ કરવું પડે એવું સ્વરૂપ નથી. સહેજે મક્કમતા રહે છે. એક માણસ દરિદ્રી હોય (અને) પોતાને દરિદ્રી માનતો હોય. દરિદ્રી હોય એટલે પોતાને દરિદ્રી માનતો હોય અને સંયોગો પણ નબળા હોય, એની પાસે લાખો-કરોડોની સંપત્તિ કમાણીમાં થઈ જાય ત્યારે એની દીનતા છે એ ચાલી જાય છે. મારે હવે કાંઈ વાંધો નથી. મારે કોઈની પાસે લાંબો હાથ કરવાની જરૂર પડશે નહિ. એટલે મારે કોઈની સાડીબાર નથી. બળ આવે છે કે નથી આવતું?

દુનિયામાં એમ કહેવાય છે કે વાંકો ચાલતો હતો એ સીધો ચાલવા મંડ્યો છાતી કાઢીને, એમ મને હવે વાંધો નથી. ટાઈટ ચાલે છે હવે, એમ કહે શું? 'હું પહોળો ને શેરી સાંકડી.' આ ખુમારી આવે છે લોકોને ધનની. અહીંયાં પણ અનાદિથી દીનતા જ કરતો હતો. મને કોઈક આમ કરી નાખશે ને મને કોઈક આમ કરી નાખશે, મારું આમ થઈ જશે ને મારા સંયોગોમાં આમ થઈ જશે. પણ મારું આમ ચાલ્યું જશે તો શું? એ બધું ભુંસાઈ જાય છે. મારું અખંડ ચૈતન્ય શાશ્વત સ્વરૂપ છે, અવ્યાબાધ છે. - મારામાં જે પૂરેપૂરું સુખ ભર્યું છે. પૂરા સુખની જે મારામાં વિદ્યમાનતા-હયાતી છે એની ખાતરી આવે છે. અને એ સુખને કોઈપણ બાધા પહોંચાડી શકે નહિ એવું અવ્યાબાધ સુખ હોવાથી હું મારા સુખને માટે હંમેશને માટે નિશ્ચિંત છું. મારા અનંત સુખને હું ભોગવીશ.. અત્યારે થોડુંક ભોગવું છું એમાંથી અને મારા અનંત સુખને હું ભોગવતો રહીશ તેને, એની અવ્યાબાધતા માટે મને કોઈ શંકા નથી એવી જે પ્રતીતિ એનું નામ સમ્યગ્દર્શન. એવી પ્રતીતિનું નામ સમ્યગ્દર્શન છે. પંચાધ્યાયીકાર તો શ્રદ્ધાને અને સમ્યક્ત્વને જુદા પાડે છે. સામાન્યરૂપે સમ્યક્ત્વ એટલે સમ્યકશ્રદ્ધા આપણે લઈએ છીએ. એ બેને જુદા પાડે છે. સમ્યક્ત્વગુણ જુદો છે શ્રદ્ધાગુણ જુદો છે. શ્રદ્ધામાં પ્રતીતિ આવે છે.

મુમુક્ષુ :- આપે જે સમ્યક્ત્વનો લેખ લખ્યો છે તેમાં સમ્યક્ત્વ ગુણની મુખ્યતાથી..

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમ્યક્ત્વગુણની મુખ્યતાથી વાત કરી છે. સમ્યક્દર્શનથી વાત નથી લીધી. એટલે જ્ઞાનનું સમ્યક્ત્વ, આચરણનું સમ્યક્ત્વ, પુરુષાર્થનું સમ્યક્ત્વ, સુખનું સમ્યક્ત્વ, અંતર્મુખતાનું સમ્યક્ત્વ, વીતરાગતાનું સમ્યક્ત્વ, મુમુક્ષુતાનું સમ્યક્ત્વ, બધા ભેદ લીધા છે. ઘણાં પ્રકારે વાતો લીધી છે જેટલો ઉપયોગ ચાલ્યો એટલો. પછી વધારે સ્પષ્ટ કરવા એનું opposite મિથ્યાત્વ ને સમ્યક્ત્વ સામેસામે લીધું છે. કેમકે એકલી મિથ્યાશ્રદ્ધા નથી થતી, મિથ્યાજ્ઞાન પણ થાય છે, મિથ્યાઆચરણ પણ હોય છે, જીવ મિથ્યાપુરુષાર્થ પણ કરે છે અને કલ્પિત સુખ છે એ મિથ્યાસુખ છે, મિથ્યાત્વ છે. મિથ્યાત્વ અને સમ્યક્ત્વની સમીક્ષા પણ લીધી છે વધારે સ્પષ્ટીકરણ થાય એટલા માટે.

મુમુક્ષુ :- સજીવનમૂર્તિનું જે સમ્યક્ત્વ ઓળખે છે એમાં આ વાત છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સજીવનમૂર્તિનું સમ્યક્ત્વ ઓળખવામાં આ વાત છે. વીતરાગદેવમાં પણ ઓળખાય છે ને નિર્ગ્રંથગુરુમાં પણ ઓળખાય છે અને સત્પુરુષમાં પણ ઓળખાય છે. અને એ કોમન છે. ત્રણેયમાં એ કોમન છે અને એકસરખું છે. વીતરાગતા એકસરખી નથી. જ્ઞાન એકસરખું નથી. પુરુષાર્થ એકસરખો નથી, સુખ એકસરખું નથી પણ સમ્યક્ત્વ છે એ એકસરખું છે. એમાં ફેર નથી એટલે એ ત્યાંથી ઓળખાય

છે. સત્પુરુષની ઓળખાણ થતાં દેવગુરુની પણ ઓળખાણ થાય છે. શાસ્ત્ર સિદ્ધાંતોની પણ ઓળખાણ થાય છે દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણેય આવી ગયા. અથવા ત્રણમાંથી એક ઓળખાય તો બાકીના બધા ઓળખાય જાય.

મુમુક્ષુ :- સમ્યક્ત્વ ગુણ શ્રદ્ધાથી જુદો પડે.

પૂજ્ય ભાઈશ્રી :- સૂક્ષ્મપણે વિચારો તો જુદો છે. સમજાવવા માટે સામાન્યપણે પહેલા સમ્યક્ત્વગુણ અતિ સૂક્ષ્મ હોવાથી નથી સમજાતો એટલે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનપૂર્વક એને સમજાવવામાં આવે છે. જે 'પંચાધ્યાયી' છે એ બહુ સૂક્ષ્મ સિદ્ધાંત ગ્રંથ છે. સૂક્ષ્મ સિદ્ધાંતોનો ગ્રંથ છે એમાં સમ્યક્ત્વ જુદું-જુદું છે.

મુમુક્ષુ :- એટલે ગુણ કીધો.

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્ત્વ અતિ સૂક્ષ્મં ભાષામ્ અગોચરમ્. ભાષાને અગોચર કીધો છે. 'તસ્માત્ વક્તુંચ, શ્રોતુંચ ન અધિકારી વિધિક્રમાત' માટે એને કહેવા-સાંભળવા માટે, વિધિપૂર્વક કહેવા-સાંભળવા માટે કોઈ સમર્થ નથી. કોઈમાં સર્વજ્ઞ (પણ) લઈ લીધા છે ગ્રંથકારે, પણ એ સર્વથા વચનઅગોચર નથી. જો સર્વથા વચનઅગોચર હોય તો સમ્યક્ત્વ એવું વચન ન હોય તેને. જેમ અનંતગુણને વચન નથી એના નામ જ નથી તો ઈ બધા સર્વથા વચનઅગોચર છે અને બાકીના ગુણો છે એ કથંચિત્ વચનઅગોચર છે એમ. એટલે એ વાત મૂકી છે આપણે કથંચિત્ વચનઅગોચર.

મુમુક્ષુ :- જ્ઞાનગોચર છે એમાં પણ લીધું છેને!

પૂજ્ય ભાઈશ્રી :- હા ગાથા એક ટાંકી છે. આર્ટિકલમાં એ ગાથા ટાંકી છે પંચાધ્યાયીની. ૪૦૦મી ગાથા છે. ઉત્તરાર્ધની ૪૦૦મી ગાથા છે.

મુમુક્ષુ :- જ્ઞાનગોચર છે એમ લીધું છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વચનગોચર નથી પણ જ્ઞાનગોચર અવશ્ય છે. અને તે મુમુક્ષુને પણ જ્ઞાનગોચર થાય છે. એટલે પહેલા મુમુક્ષુને સત્પુરુષ ઓળખાય છે કે સર્વજ્ઞ ઓળખાય છે. કોઈને સમવસરણમાં ઓળખાય છે. ભગવાનની સભામાં ગયા હોય એને ઓળખાણ થાય અને પછી હાલે ગાડી આગળ. પહેલું સમકિત થાય, પછી બીજું થાય, પછી ત્રીજું થાય. પણ પહેલું સમકિત છે એ સમ્યક્ત્વને ઓળખીને થાય છે. એટલે કૃપાળુદેવે લીધુંને કે સર્વજ્ઞને પણ સમ્યક્ત્વપણે ઓળખતા સર્વજ્ઞને, સર્વજ્ઞ કહ્યાનું ફળ છે. સર્વજ્ઞને સમ્યક્ત્વપણે નહિ ઓળખતા કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ નિમિત્ત મળતા ન ઓળખે તો સર્વજ્ઞને સર્વજ્ઞ કહ્યાનો કાંઈ આત્મપ્રત્યયી ફળ નથી. પુણ્યરૂપ ફળ મળે ઈ જુદી વાત છે, એ આત્મપ્રત્યયી ફળ નથી. પુણ્યનું ફળ છે એ આત્મપ્રત્યયી નથી. શું? એ ફળ નથી. અને તેની ભક્તિ-પૂજા કરવાથી પણ કોઈ ફળ નથી. બહુ

ચોખ્ખું કરી નાખ્યું. એટલે પારમાર્થિક લાભ ન થાય. આત્મપ્રત્યયી ફળ એટલે પારમાર્થિક લાભ ન થાય.

મુમુક્ષુ :- સમ્યક્ત્વની ખુમારી એ લીધું છે કૃપાળુદેવે. 'પંચાધ્યાયી' શાસ્ત્ર લખ્યું છેને એમાં સમ્યક્ત્વની પણ ખુમારી લીધી છેને, કેવળજ્ઞાનની સામે.

પૂજ્ય ભાઈશ્રી :- એમણે ક્યાં (લખ્યું છે?) 'પંચાધ્યાયી' શાસ્ત્ર એમણે લખેલું નથી.

મુમુક્ષુ :- એટલે કૃપાળુદેવના પુસ્તકમાં આવે છે કે, સમ્યક્ત્વ જે કેવળજ્ઞાનને પડકાર કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઈ છે એ તો સમ્યક્ થતાં પ્રતીતિ સમ્યક્ થાય ને એટલે બળ આવે છે. ઈ તો વાત સાચી છે બળ આવે છેને!

મુમુક્ષુ :- કેવળજ્ઞાનને કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાનને બોલાવે છે, હવે અલ્પકાળમાં મને કેવળજ્ઞાન થઈ જશે. કેમકે શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થઈ ગયું. બળ એટલું આવ્યું કે કૃપાળુદેવે એમ લીધું નમસ્કાર વચનોમાં, (પત્રાંક)૪૯૩માં કે મને શ્રદ્ધાપણે કેવળજ્ઞાન વર્તે છે. શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, એમ લીધું છે.

મુમુક્ષુ :- આ તો કેવળજ્ઞાનને એમ કીધું છે. કેવળજ્ઞાનને તો સમ્યક્ત્વ એ રીતે પડકાર કરે છે કે કેવળજ્ઞાન! જો તુ પણ જીવને તારા સુધી પહોંચાડવાનું કામ કરે છે તો હું પણ તારા સુધી પહોંચાડવાનું જ કામ કરું છું. તો તારા ને મારામાં ફર્ક શું છે? પણ તારા સુધી પહોંચાડવા માટે તો મારા વિના તારી સુધી નહિ પહોંચી શકાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પહેલા સમ્યક્ત્વ થાય, કેવળજ્ઞાન તો પછી થાય. મહિમા બતાવવા માટે છે. સમ્યક્ત્વનો મહિમા બતાવવા માટેની વાતો છે. બાકી તો કેવળજ્ઞાન એ કેવળજ્ઞાન છે. એની વિશિષ્ટતા એની છે. સમ્યક્ત્વ એ સમ્યક્ત્વ છે અને એની વિશિષ્ટતા એની છે. દરેકની વિશિષ્ટતા પોતપોતાની અસાધારણ, અચિંત્ય અને પૂરેપૂરી છે. કેવળજ્ઞાનમાં કોઈ ખામી છે એમ નથી લીધું. એ પણ અચિંત્ય પર્યાય છે આ પણ અચિંત્ય પર્યાય છે. વચનઅગોચર હોવા છતાં જ્ઞાનગોચર છે. વાત તો એમ ચાલતી હતી. વચનઅગોચર હોવા છતાં જ્ઞાનગોચર છે. એટલે કોઈ જાણી ન શકે એમ નથી. નાથુરામજી શાસ્ત્રીએ પ્રશ્ન ઉઠાવ્યો હતો. સૂર્યકીર્તિનો વિવાદ ચાલ્યો ત્યારે જયપુરવાળાએ એની વિરુદ્ધમાં બધા વિદ્વાનોના પત્રો છાપ્યાને એમાં નાથુરામ શાસ્ત્રીનો પત્ર છાપ્યો હતો. નાથુરામ શાસ્ત્રી આમ તો પ્રતિષ્ઠાચાર્ય છે પણ બીજી રીતે પોતે વિદ્વાન હોય એવું પણ લાગે છે એમના પત્ર ઉપરથી. એટલે 'પંચાધ્યાયી'ની આ ગાથા ટાંકી હતી.

૪૦૦ નંબરની જુઓ! 'પંચાધ્યાયી' આમ કહે છે માટે કાનજીસ્વામી ચંપાબેનને સમ્યગ્દર્શન કહે છે એ વાત માનવા જેવી નથી. કોઈને સમ્યક્ત્વની ખબર પડે નહિ. એટલે એની વિરુદ્ધતાનું મીંડું મૂક્યું આપણે. અને એ પત્રને સપોર્ટ કરીને પ્રસિદ્ધ કરનારાનું પણ મીંડું મૂકી દીધું. 'જૈન પથદર્શક'માં એ પત્ર પ્રસિદ્ધ કરાવ્યો હતો. જુઓ! નાથુરામજી જેવા મોટા વિદ્વાનો આમ લખે છે. આપણે (એના ઉપર જ) મોટી ચોકડી મૂકી દીધી. હવે સમ્યક્ત્વની ખબર તો મુમુક્ષુને પણ પડે જ્યારે ઈ તો જ્ઞાની હતા! પણ 'મુમુક્ષુના નેત્રો મહાત્માને ઓળખી લે છે'. મુમુક્ષુ ઓળખી લ્યે તો જ્ઞાની ઓળખે એ કહેવાની જરૂર રહેતી નથી. પેલા તો કહે કે ઓળખાય જ નહિ. અરે! વાચામ્અગોચરમ્ લીધું છે જ્ઞાનમ્ અગોચરમ્ ક્યાં લીધું છે? જરાક જોતો ખરો ભાઈ! એવું છે અને વાચામ્અગોચરમ્ કહ્યું છે તોપણ સર્વથા વાચામ્અગોચરમ્ નથી. સમ્યક્ત્વ વસ્તુતઃ વાચામ્ અગોચર છે એટલે કથંચિત્ (છે) નહિતર સમ્યક્ત્વ એવું પણ વાચામાં નામ આવે નહિ, માટે કથંચિત્ વચનઅગોચર છે. આનંદ માટે એમ જ કહેવાય છે. સુખ-આનંદ માટે એમ જ કહેવાય છે. વચનાતીત આનંદ થાય, વચનાતીત સુખ થાય પણ ઈ કથંચિત્ વચનાતીત નહિતર સુખ અને આનંદ એવું નામ પણ એનું હોય નહિ. એ વચન જ છે. એટલે પ્રતીતિ થતાં બધું બળ સાથે આવતું જાય છે. **'પ્રતીતિ તો** (પોતાને) **દૃઢ જ છે.'** શું? પ્રતીતિ તો પોતાને દૃઢ જ છે એ **'કોઈ પદાર્થના આશ્રયથી હું ટકું એવું તત્ત્વ નથી.'** 'બીના કિસીકે મૈં પરીપૂર્ણ હૂઁ'. સોગાનીજીએ એવું વચન લીધું છે એક પત્રમાં. બીના કિસીકે- કોઈના વિના હું પરિપૂર્ણ છું એટલે કોઈની મને જરૂર તો નથી પણ કોઈ પદાર્થ કદાચ મારામાં આવવા માગે તો મારામાં રાખવાનો અવકાશ પણ નથી કેમકે હું મારી પરિપૂર્ણતાથી છલોછલ છું. કાંઈ ખાલી જગ્યા રહેવા દીધી નથી કે કોઈ આવે તો કાંઈ ઠીક પડે અહીંયાં જગ્યા એને આપી દઈએ, એવું પણ કોઈ તત્ત્વ જગતમાં આત્માની સાથે મળી શકે એવું નથી. એટલે બધું બહારનું બહાર રહે છે. પોતાના સ્વરૂપ સિવાય બધું બહાર તે બહાર જ રહે છે. **'કોઈ પદાર્થના આશ્રયથી હું ટકું એવું તત્ત્વ નથી. સ્વયં હું ટકનારો છું, સ્વયં વસ્તુ છું.'** સ્વયં હું ટકું એવી હું વસ્તુ સ્વયં છું. મારાથી છું. મારા સ્વરૂપથી છું, મારી શક્તિથી છું. ગુરુદેવ એક બહુ સરસ કહેતા હતા. શક્તિ છે એ સ્વભાવરૂપ છે અને સ્વભાવને કોઈ દિવસ હદ હોય નહિ. અગ્નિ કેટલું બાળે? જેટલું મળે એટલું, બળવા યોગ્ય જેટલું મળે એટલું બધાને બાળે. એમ હું સ્વયં ટકનારો છું, **'સ્વયં વસ્તુ છું. એવી પ્રતીતિ સમ્યગ્દર્શનમાં પહેલાં આવી જાય.'** સમ્યગ્દર્શન થતાં જ એવી પ્રતીતિ આવી જાય. તિર્યંચને થાય તોપણ. એક ચકલાને - દેડકાને થાય તોપણ એને અંદરમાં એમ થાય કે આ જે ચકલા દેડકાની પર્યાય છે એ મારું

સ્વરૂપ નથી. હું ત્રણલોકનો નાથ છું. સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપે બિરાજમાન છું. સાક્ષાત્ સિદ્ધપદ્ સ્વરૂપે બિરાજમાન છું. ક્યારથી? અનાદિથી. મેં ભૂલ કરીને એના સામું જોઈને વિશ્વાસ કર્યો નહિ એ મારી ભૂલ થઈ. પણ હવે એ ભૂલ ભાંગી ગઈ છે અને ત્રણલોકના નાથ તરીકે હું કાયમ બિરાજમાન છું. કાયમ એમને એમ બિરાજમાન રહેવાનો છું. હવે મને કોઈની તમા નથી. બહારની તો કોઈની તમા નથી પણ મોક્ષ પર્યાયની પણ મને હવે તમા નથી. આ સમ્યગ્દર્શન એવું બોલે, બોલે ત્યારે એને ભાષા આપો, વાચા આપો ત્યારે એમ બોલે કે હવે, 'મને મોક્ષપર્યાયની પણ તમા નથી'. કેમકે સ્વરૂપ ઉપર કબજો લઈ લે છે. અનંતગુણ નિધાન ઉપર કબજો આવ્યો એને એક સમયની પર્યાયની દીનતા રહેતી નથી. બીજી બહારના પદાર્થની બધી દીનતા તો ચાલી જાય છે, પણ પોતાની પૂર્ણપર્યાય સબંધી દીનતા પણ રહેતી નથી. મોક્ષની હવે મને જરૂર નથી ૧૬૫માં લખ્યું. પહેલો પત્ર જે લખ્યો જ્ઞાનદશામાં એમાં આ વાત લખી છે કૃપાળુદેવે કે મોક્ષની હવે આપણને જરૂર નથી.

મુમુક્ષુ :- મોક્ષ સંબંધીની પણ દીનતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, કેમકે હું અધૂરો એમ લીધુંને. હું અધૂરો આમ ભાન છે પર્યાયમાં અધૂરાપણાનું ભાન છે પણ પર્યાયમાં હું પણું ન રહ્યું. પર્યાયમાં અધૂરાપણાનું જ્ઞાન રહ્યું પણ પર્યાયમાં હું પણું ન રહ્યું એમ થયું છે (ખરેખર). **'એવી પ્રતીતિ સમ્યગ્દર્શનમાં પહેલાં આવી જાય.' પછી તો પોતાને લીનતા વધતી જાય,..'** શું થાય? લીનતા વધતી જાય એ સ્વરૂપની અંદર મગ્નતા વધતી જાય. જામતો જાય, જામતો જાય, પરિણમન જામતું જાય. જેમ ઘી ઠરતું જાય. ગરમ કરેલું ઘી છે એક બાજું મૂકો એટલે ઠરતું જાય અને એ ઠરતું જાય એમ જામતું જાય એમ આ પણ આત્મા અંદરમાં પોતાના પરિણામો જામવા મંડે છે, લીનતા થવા મંડે છે. **'સ્વરૂપનું વેદન વધતું જાય,..'** અને સ્વસંવેદન પણ વધતું જાય. વેદન છે એ સ્વસંવેદન છે એ પરિણતિએ પણ વધતું જાય અને જ્યારે-જ્યારે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય ત્યારે પણ વધતું જાય. એની તારતમ્યતા વધે છે વધતા જવામાં શું છે? એની તારતમ્યતા વધે છે પરિણતિમાં. ઉપયોગમાં પણ, તારતમ્યતા ઉપરાંત duration period વધે છે. જે ટકવાનો, જે સ્થિર રહેવાનો સમય છે એ પણ વધતો જાય છે. સ્વરૂપનું વેદન વધતું જાય, **'સ્વાનુભૂતિ વધતી જાય...'** સ્વાનુભૂતિ કહો કે સ્વસંવેદન કહો બે એક જ છે. ઉપયોગને સ્વાનુભૂતિ કહે છે. પરિણતિને વેદન વધતું જાય એમ કહે છે **'અને વચ્ચે સવિકલ્પદશામાં..'** સ્વાનુભૂતિ નિર્વિકલ્પદશા લીધી. વચ્ચે-**'વચ્ચે સવિકલ્પદશામાં અંશે-અંશે જ્ઞાયકની ધારા,..'** - એ પરિણતિ છે વેદનની. એ **'શાંતિનું વેદન વધતું જાય છે.'** એની સાથે શાંતિ અને

બીજા અનંતગુણો છે એ ધારામાં શાંતિ-સુખ-આનંદ એ બધું પણ છે. એમ જ્ઞાયકની ધારા કહો કે આત્મધારા કહો. એમાં શાંતિ વગેરે અનંતગુણોનું વેદન પણ વધતું જાય છે. એટલે જે ખાતરી છે એ પરિણમનપૂર્વકની છે. પ્રતીતિ છે એ પરિણમનપૂર્વકની છે. **'શાંતિનું વેદન વધતું જાય છે. પોતાના અસ્તિત્વમાં સ્વયં ટકનારો છું તે પ્રતીતિમાં આવી ગયું.'** હું મારી હયાતીમાં કાયમ રહેવાનો છું, મારી વિદ્યમાનતા કાયમ રહેવાની છે. એમાં લીધું છે આપણે 'જિનેન્દ્રદર્શન'માં જિનેન્દ્ર પરમાત્માના દર્શન કરતી વખતે જ્ઞાની છે એ પોતાની વિદ્યમાનતામાં રહીને દર્શન કરે છે. એવી એક વાત લીધી છે. તે ખાલી ભગવાનના દર્શન નથી કરતો એવું જ પોતાનું સ્વરૂપ વિદ્યમાન છે એવી વિદ્યમાનતામાં રહીને દર્શન કરે છે. **'પોતાના અસ્તિત્વમાં સ્વયં ટકનારો છું તે પ્રતીતિમાં આવી ગયું. પછી સ્વરૂપમાં જ રહું અને બહાર ન જાઉં,..'** તે **'સ્વરૂપમાં જ આનંદ-શાંતિ છે. સ્વરૂપમાંથી બહાર જવું મુશ્કેલ..'** મુશ્કેલ.. એટલે બહાર નીકળવાના આળસુ. જેમ કોઈ એરકંડિશન રૂમમાં હોય અને બહાર ઘણો તાપ પડતો હોય ઊકળતા ચરુની જેવું હોય બધું, એને એમ કહો કે જરાક બહાર આવીને આટલું કામ કરી દ્યોને! તમે આરામથી સૂતા છો તો જરાક ઊભા થઈને આટલું બહાર આવીને કામ કરી દ્યો! તો ઓલાને મન થાય નહિ. કે ભાઈ મને સૂવા દ્યો નિરાંતે મને ઉઠાડોમાં. એમ સ્વરૂપથી બહાર નીકળવું મુનિઓને ગમતું નથી. જામી જવું ગમે છે. સ્વરૂપ મંથર કહ્યા છે મુનિઓને. એમ નીચે પણ સમ્યગ્દર્શન થતાં પછી સ્વરૂપમાં જ રહું ને બહાર ન જાઉં. સમયસારમાં આ ભાવના લીધી છે. સ્વરૂપમાં રહેવાની ભાવના એ જ્યાં સમ્યગ્દર્શન થયું, સ્વરૂપાનુભવ થયો ત્યારે એવી ભાવના સ્વરૂપમાં રહેવાની જાગી કે હવે પછીની 'મારી અનંતકાળાવલી આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો'. એ વચન લીધું છે અમૃતચંદ્રાચાર્યે સમયસારમાં. ને આપણે સ્વાધ્યાય મંદિરમાં (સોનગઢ) બહારની સાઈડમાં પગથિયા ચડતા સામે ઈ લખેલું છે. હવે, પછીની અનંતકાળાવલી આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો. મને બહાર નીકળવું હવે ગમશે નહિ. એવી ભાવના ઉત્પન્ન થાય છે કેમકે સ્વરૂપ એવું જ છે, સ્વરૂપ એવું જ છે માટે. **'પછી સ્વરૂપમાં જ રહું બહાર ન જાઉં, સ્વરૂપમાં જ આનંદ-શાંતિ છે, સ્વરૂપમાંથી બહાર જવું મુશ્કેલ પડે તેવી તેની દશા વધતી જાય છે.'** જ્ઞાનીની દશા એવી વધી જાય છે. **'અલ્પ અસ્થિરતાને લઈને પરિણતિ બહાર જાય છે,..'** અલ્પ અસ્થિરતાને લઈને પરિણામોની પરંપરાને પરિણતિ કહી દીધી અહીંયાં. ઘણાં પરિણામો બહાર જાય છે પણ તેને અલ્પ કીધા છે. અલ્પ અસ્થિરતા કીધી છે. કેમકે અસ્થિરતા વિભાવની છે અને સ્થિરતા સ્વભાવની છે અને એ સ્થિરતા પૂર્ણ થઈ જશે, અસ્થિરતા સંપૂર્ણપણે ઘટતી-ઘટતી નાશ પામશે તેથી તેને અલ્પ કહેવામાં આવે છે.

નહિતર વળી કોઈ એમ કહે કે ઉપયોગ તો ક્ષણાર્ધ રહે છે પાછો બહાર તો ઘણું રહે છે. તો પછી અલ્પ અસ્થિરતા કેમ કહેવી? તર્ક કરવાવાળાને તો ઘણો તર્ક આવે.

મુમુક્ષુ :- પરિણતિ અપેક્ષાએ તો કાયમ સ્થિર જ છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરિણતિ અપેક્ષાએ સ્થિર છે. પણ અહીંયાં તો અસ્થિરતાની વાત લ્યે છેને! એટલે પરિણતિની વાત નથી લેતા. શબ્દ પરિણતિ વાપર્યો છે પણ ઘણાં પરિણામોની ક્રિયાને અહીંયાં પરિણતિ કહે છે. ઘણાં પરિણામો બહાર જાય છે એને અલ્પ કેમ કહો છો? તો અલ્પ એટલા માટે કહીએ છીએ કે વિભાવ છે એ મર્યાદિત છે જે સ્થિરતા ભલે થોડી પ્રગટી તોપણ અમર્યાદિત છે. અમીટ છે, આ (અસ્થિરતા) મટી જશે આ નહિ મટે માટે. **'પણ તેની ઉગ્રતા થતી જાય છે.'** પરિણતિ છે સ્થિરતાની એની ઉગ્રતા થતી જાય છે. **'ભેદજ્ઞાનની ધારા અને દ્રવ્યની પ્રતીતિનું બળ વધતું જાય છે,..'** ભેદજ્ઞાનની ધારા પણ બળવાન થતી જાય છે, પ્રતીતિનું બળ પણ વધતું જાય છે. **'લીનતા વિશેષ વધતી જાય છે.'** અથવા અનંતગુણોનું પરિણમન તારતમ્યતાએ વર્ધમાન થતું જાય છે. એટલે જ્ઞાનીને પ્રગટ પરિણમનથી પણ એની ખુમારી હોય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભેદજ્ઞાનની ધારા અને દ્રવ્યની પ્રતીતિનું બળ વધતું જાય તો ભેદજ્ઞાન તો થઈ ગયું છે પછી પણ ભેદજ્ઞાનની ધારા વધતી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ બળવાન થતી જાય. વધતી જાય એટલે બળવાન થતી જાય. ક્વોલિટી તેની તે છે. એની જે લીનતા છે એની ક્વોલિટી તેની તે છે. પણ એનું concentration થતું જાય છે. concentrate થતું જાય છે પરિણમન. એને એ વધતુ ગયું એમ કહેવામાં આવે છે, તારતમ્ય વધે છે અને સાથે-સાથે બળ પણ વધે છે.

મુમુક્ષુ :- કેમકે ભેદજ્ઞાન તો સહજ છે, સહજધારામાં વધારો શું થાય?

પૂજ્ય ભાઈશ્રી :- સહજધારામાં એ concentrate થતી જાય. concentration વધે. એનું તારતમ્ય બળ છે. જેમકે એક માણસને ગુસ્સો થયો, એની તારતમ્યતા વધી એટલે બહાર બોલવા માંડ્યો ગુસ્સાથી. મનમાં થયો કોઈને ખબર ન પડી, તારતમ્યતા વધી એટલે ચહેરા ઉપર ફેરફાર થવા મંડ્યા. એનાથી વધ્યો (એટલે) બોલવા માંડ્યો. એનાથી ગુસ્સો વધ્યો તો મારવા મંડ્યો, એનાથી ગુસ્સો વધે તો ખૂન પણ કરી નાખે. તો ગુસ્સો તો ગુસ્સો છે. ગુસ્સામાં શું વધ્યું? તો કે તારતમ્યતા વધી. એને તારતમ્યતા કહે છે. એમ વેદનની તારતમ્યતા વધે, ભેદજ્ઞાનની તારતમ્યતા વધે.

મુમુક્ષુ :- એટલે શુદ્ધિ પણ વધે.

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધિ પણ વધે. અને એનું પરિણમન છે એમાં તારતમ્ય જેને કહેવામાં આવે એટલે તે ગુણના રસના પરિણામો વધે. જેમકે ગુસ્સામાં ગુસ્સાનો રસ વધ્યોને! એમ. એમાં એનો જ્ઞાનનો જ્ઞાન રસ વધે એમ. જ્ઞાન છે તો એનો જ્ઞાન રસ વધે. આનંદમાં આનંદ રસ વધે એમ, તારતમ્યતા વધે એટલે એનો રસ છે એ ગાઢ થતો જાય, concentrate થતો જાય. તમે પાણીમાં ખાંડ નાખી કે દુધમાં ખાંડ નાખી પછી વધારે નાખો તો! વધારે ગળ્યું થાય કે નહિ? પહેલા મોળું હતું? તો કે ના ગળ્યું થયું હતું. વધારે નાખ્યું તો કે વધારે ગળ્યું થયું. તો કે એથી વધારે નાખો તો એથી વધારે ગળ્યું થાય, શું થયું? ગળપણનું concentration થતું જાય છે. નથી આવતું? આ શરબત બનાવવામાં concentrated આવે જ છેને! એટલીક એવી પડીકી આપે તમને concentrated સુગંધની, એની અંદર ત્રણ-ચાર લિટર શરબત બને, બધું સુગંધી બને. હવે એની અંદર શું છે? કે ગુલાબનો concentration છે. હવે ઈ તો એનો અર્ક આપ્યો હોય. અર્ક છે એ concentrated form છે. અર્ક કહે છેને આપણે અર્ક નથી કહેતા? એવી રીતે.

આશય :- (૧૭૦) **આત્માનુભવી જ્ઞાનીપુરુષને પોતાના શાશ્વત અવ્યાબાધ સ્વરૂપનું પ્રત્યક્ષ અનુભવપૂર્વક પ્રતીતિ-પ્રતીતિબળ સહિત હોય છે એમ દર્શાવીને મુમુક્ષુજીવને પણ સ્વાનુભવની પ્રેરણા આપી સર્વ પ્રકારની દીનતાનો અભાવ કરાવવાનો આશય છે.**

**આ તો ગૂંચ ઊકેલવાની છે. ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી છે. સૂતરના ફાળકામાં ગૂંચ પડી હોય તેનો ધીરજથી ઊકેલ કરે તો છેડો હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય, તેમ ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો ધીરજથી ઊકેલ કરે તો ગૂંચ નીકળી શકે છે.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૩૩૯**

**પ્રશ્ન :– વચનામૃતમાં ખટક લાગવી જોઈએ તેમ કહેવામાં કઈ જાતની ખટક કહેવાનો આશય છે?**

**સમાધાન :– સ્વાધ્યાય, મનન, ચિંતન તે બધાંનો હેતુ શું છે? મારે આત્માનું સ્વરૂપ પ્રગટ કરવું છે, મારે આત્માને ઓળખવો છે. સ્વાધ્યાય ખાતર સ્વાધ્યાય–મનન–ચિંતવન નહિ, પણ મારે આનો હેતુ શું છે? ધ્યેય એક ચૈતન્ય તરફનું છે, મારે ચૈતન્ય સ્વભાવ પ્રગટ કરવો છે. એક શુભભાવ પૂરતું સ્વાધ્યાય–મનન કરવાં એમ નહિ, આનો હેતુ મને ચૈતન્ય કેમ પ્રાપ્ત થાય તેવી ખટક હોવી જોઈએ. મારો સ્વભાવ કેમ પ્રાપ્ત થાય, મને ભેદજ્ઞાન કેમ પ્રાપ્ત થાય, મારા ચૈતન્ય તત્ત્વનું અસ્તિત્વ,–હું ચૈતન્ય છું–તે મને કેમ ગ્રહણ થાય તેવી ખટક હોવી જોઈએ.૧૭૧.**

## તા. ૨૧-૫-૧૯૯૭, પ્રશ્ન-૧૭૧થી૧૭૨
## પ્રવચન નં. ૧૨૬

'સ્વાનુભૂતિદર્શન', ૧૭૧મો પ્રશ્ન, પાનું-૧૧૯

**'પ્રશ્ન :- વચનામૃતમાં ખટક લાગવી જોઈએ તેમ કહેવામાં કઈ જાતની ખટક કહેવાનો આશય છે?'**

બહેનશ્રીનાં વચનામૃતનું પુસ્તક છે એમાં મુમુક્ષુની ભૂમિકાનો વિષય ઘણો ચાલ્યો છે એમાં એક વાત ઈ લીધી છે કે મુમુક્ષુના પરિણમનમાં ખટક હોવી જોઈએ. દૃષ્ટાંત એવો છે કે જેમ આંખની અંદર કણું પડે છે, કણું એટલે ઝીણું કસ્તર - વાળ જેવું ઝીણું કસ્તર, પછી આંખની પાંપણનો કટકો (ભલે) હોય (પણ એ) ખટક્યા કરે. આવડી મોટી આંખમાં આટલું બારીક કસ્તર હોય તો કાંઈ વાંધો નહિ એમ ચાલતું નથી. કેમકે જોવામાં એનાથી કાંઈ તકલીફ પડે નહિ, છતાં પણ આંખ છે એ એવા પ્રકારનો sensitive અવયવ છે કે બારીક કસ્તર હોય તોપણ એ સહન ન કરે, ખટક્યા કરે એને, એ નીકળે ત્યારે એનો ઉપયોગ ત્યાંથી છુટે નહિતર એને કાઢી નાખો, કાઢી નાખો, કાઢી નાખો એ ચાલ્યા કરે અને આંખમાં પાણી પણ આવ્યા કરે. એમ મુમુક્ષુને સૂક્ષ્મ દોષ હોય એ પણ ખટકે છે. એમ નથી કે મારા સ્થૂળ દોષ અને અમુક પ્રકારના દોષ હવે મટી ગયા છે. એટલો તો હું આગળ વધ્યોને? એમ નહિ. જે રહ્યા એ

પણ એને ખટકે છે. અને એને જે જોઈએ છે ઈ નથી મળતું માટે કોઈ મારા જ પરિણામરૂપ દોષ અવરોધરૂપ છે કે જેથી મને પ્રાપ્ત થવામાં આડું આવે છે, ઈ પણ એને ખટકે છે. આ એક મુમુક્ષુની ભૂમિકાનું લક્ષણ છે. ખટકે છે એ લક્ષણ છે. ખટકે છે તો નીકળી જશે. નહિ ખટકે તો નહિ નીકળે. એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમક્ષુના દોષ ગયા હોય એ ગયાની ખુશી પણ ન હોવી જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- ખુશી કરીને શું કામ છે? એમાં શું મળી ગયું છે એટલું બધું? એટલું બધું કાંઈ હજી મળ્યું નથી. હજી તો મોક્ષમાર્ગમાં પ્રવેશ પણ કર્યો નથી. યોગ્યતા થોડી અથવા ઘણી આવી હોય તો એને ગૌણ કરવી જોઈએ. નહિતર ખુશી કરવા જતા અહંભાવમાં આવી જતા, લપસી જતા વાર નહિ લાગે. કેમકે કાચી ભૂમિકા છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અમે જે રાત્રે દોષ નિવેદન કરીએ છીએ ત્યારે મારી ભૂલ થઈ જતી હોય એવું લાગે છે કે, મારે જરા આમ થઈ ગયું, જરા આમ થઈ ગયું એમ પોતાના જ દોષને હળવો કરીને લેતા હોય એવું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વાત સાચી છે.

મુમુક્ષુ :- એટલે જે નાનો દોષ હોય એની પણ ખટક રહેવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એના બદલે મોટા દોષને જરાક થયો (એમ થઈ જાય છે.)

મુમુક્ષુ :- મારાથી જરાક ગુસ્સો થઈ ગયો, જરા પરિણામ બગડી ગયા...

પૂજ્ય ભાઈશ્રી :- ઈ બરાબર યથાસ્થાને નથી. ઈ બરાબર ધ્યાન જાવું જોઈએ કે, હું મારા દોષને હળવો કરું છું, lightly લઈ લઉં છું. એ ખટક ક્યાંથી આવશે? જે ખટકવું જોઈએ એ ન ખટકે (અને) પછી આપણે કહીએ કે ફરીને આવું થઈ ગયું, પણ એ તો થાય જ ને! આત્મા ખટક્યો જ ન હોય તેથી આવું ફરીને થયા વગર રહે નહિ.

મુમુક્ષુ :- જે નાનો દોષ મોટો કરીને જોવાનો છે એને બદલે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એના બદલે મોટાને નાનો કરે એટલે વિપર્યાસ થયો.

**'સમાધાન :- સ્વાધ્યાય, મનન, ચિંતન તે બધાંનો હેતુ શું છે?'** સ્વાધ્યાય કરવો, મનન, ચિંતન થાય એ બધાની પાછળ શું હેતુ છે? એ પ્રશ્ન પૂછ્યો છે. તપાસો તમે જરા! જોવો, વિચારો તો તમારો હેતુ શું છે એમ કરવામાં? કે હેતુ એ જોવો જોઈએ કે **'મારે આત્માનું સ્વરૂપ પ્રગટ કરવું છે, મારે આત્માને ઓળખવો છે.'** આત્માને ઓળખીને પ્રગટ અનુભવ કરવો છે એ હેતુ હોવો જોઈએ. સ્વાધ્યાયનો હેતુ સ્વાધ્યાય કરવાનો નથી. મનન-ચિંતન કરવા ખાતર મનન-ચિંતન કરવાનું નથી. પણ સ્વરૂપ પ્રગટ

પ્રત્યક્ષ અનુભવમાં આવે એના માટે એ વચ્ચે આવે છે, એમ છે. નહિતર એ સાધન નહિ રહે એ સાધ્ય થઈ જશે. **'સ્વાધ્યાય ખાતર સ્વાધ્યાય-મનન-ચિંતવન નહિ,..'** સ્વાધ્યાય ખાતર સ્વાધ્યાય નહિ, મનન-ચિંતવન ખાતર મનન-ચિંતવન નહિ. **'પણ મારે આનો હેતુ શું છે?'** હેતુપૂર્વક હોવું જોઈએ. **'ધ્યેય એક ચૈતન્ય તરફનું છે, મારે ચૈતન્ય સ્વભાવ પ્રગટ કરવો છે.'** એ મારું ધ્યેય છે ને એ ધ્યેય પ્રગટ કરવા માટે હું આ બધું કરું અથવા મને સહેજે ઈ ચાલે એમ હોવું જોઈએ. કરવું એટલે કર્તૃત્વબુદ્ધિ નહિ પણ સહેજે ચાલે. કેમકે એ સિવાય બીજી ચેનલ નથી. **'એક શુભભાવ પૂરતું સ્વાધ્યાય-મનન કરવાં એમ નહિ,..'** કે ચાલો, અશુભ તો એટલું છૂટશે! એમ નહિ. ધ્યેયની પક્કડ હોવી જોઈએ. **'આનો હેતુ મને ચૈતન્ય કેમ પ્રાપ્ત થાય તેવી ખટક હોવી જોઈએ.'** એટલે શું છે? કે સ્વાધ્યાય મનન-ચિંતવન ચાલતા હોય તો પણ પોતાનું સ્વરૂપ પ્રગટ ન થાય એની આ ખટક ઊભી થવી જોઈએ કે, હું કરું છું એટલે શું થઈ ગયું? હજી મને સ્વરૂપ ક્યાં પ્રગટ થયું છે? એમ લેવું જોઈએ. જે કાંઈ સ્વાધ્યાય, ચિંતવન ચાલે છે પણ મને સાથે સ્વરૂપનો ક્યાં પ્રત્યક્ષ અનુભવ થયો છે? એ જાતની ખટક ચાલુ રહેવી જોઈએ. **'મારો સ્વભાવ કેમ પ્રાપ્ત થાય, મને ભેદજ્ઞાન કેમ પ્રાપ્ત થાય, મારા ચૈતન્ય તત્ત્વનું અસ્તિત્વ,-હું ચૈતન્ય છું-તે મને કેમ ગ્રહણ થાય તેવી ખટક હોવી જોઈએ.'** એ બધા જ્ઞાનદશાના પાસા છે. સ્વભાવ પ્રગટ થવો, સ્વભાવ પ્રગટ થઈને ભેદજ્ઞાનની ધારા ચાલુ રહેવી, સ્વરૂપનું ગ્રહણ થવું, સ્વરૂપની વિદ્યમાનતાનું ગ્રહણ થવું-એ બધા જ્ઞાનદશાના પાસા છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ખટકમાં ક્યા-કયા ગુણ વધ્યા?

પૂજ્ય ભાઈશ્રી :- ખટકના પરિણામ પ્રશસ્ત દ્વેષના પરિણામ છે. પ્રશસ્ત દ્વેષ પોતાને પોતા પ્રત્યેનો દ્વેષ પણ એ શુભ પ્રકારનો છે, અશુભ પ્રકારનો નથી. એટલે મુખ્યપણે એમાં ચારિત્રગુણ વર્તે છે.

મુમુક્ષુ :- એમાં ચારિત્ર પણ કામ કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણેય ગુણો કામ કરે છે. જેમ મોક્ષમાર્ગમાં ત્રણેય ગુણોની મુખ્ય પ્રવૃત્તિ છે, દર્શન-જ્ઞાન-ચારિત્રની. એમ મોક્ષમાર્ગના approachમાં પણ ત્રણેય ગુણોની પ્રવૃત્તિ છે. અને સંસારમાર્ગમાં પણ ત્રણેય ગુણોની વિપરીત પ્રવૃત્તિ છે. ઈ મુખ્ય ત્રણેય ગુણ ઊલટા પરિણમે તો સંસાર અને સૂલટા પરિણમે તો મોક્ષ. અનંતગુણોમાં આ ત્રણ ગુણનો મુખ્ય રોલ છે. પછી પુરુષાર્થ અને સુખ. એ પુરુષાર્થ એને અનુસરે છે અને સુખ એનું રીઝલ્ટ છે. oriented position છે સુખ, આનંદ, શાંતિ એ બધા. પણ પુરુષાર્થ એ એને અનુસરે છે બાકી ત્રણ ગુણ છે એ જ મુખ્યપણે ભૂમિકા

ભજવે છે. એનું સાયન્સ એવું છે.

મુમુક્ષુ :- દાખલા તરીકે ખટક ન કરે તો પુરુષાર્થ ના કર્યો?

પૂજ્ય ભાઈશ્રી :- તો ન ચાલે. તો એને પડી નથી. પોતાના હિતની દરકાર નથી એમ સાબિત થાય છે.

મુમુક્ષુ :- એટલે પુરુષાર્થ પણ involve થઈ જાયને ખટકમાં?

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જાય. એને અનુસરે છે, પુરુષાર્થ એને અનુસરે છે. અને ખટક રહે તો જે આ પ્રકારના પરિણામમાં, આ પરિણામ ચાલે છે ત્યાં રોકાવાનું ન થાય. નહિતર મુમુક્ષુ અનંતકાળથી જ્ઞાનદશામાં પ્રવેશ નથી કરી શક્યો એનું કારણ એ મુમુક્ષુતામાં જ ક્યાંક ને ક્યાંક અટક્યો છે. અનંતકાળ થયા આ બધા સાધનો કર્યા છે સ્વાધ્યાય, ચિંતન, મનન વગેરેના સાધનો કર્યા છે. જીવ પણ મોક્ષમાર્ગમાં પ્રવેશ નથી કરી શકયો. કારણ શું? કે ક્યાંક ને ક્યાંક અટક્યો છે. આ ખટક એને અટકવા નહિ દે. આનો મોટો ફાયદો ઈ છે એટલે એમ થવું જરૂરી છે, એમ હોવું જરૂરી છે. બહેનશ્રીએ એ બધી વાતો પોતાની મુમુક્ષુદશા જે પૂર્વમાં થઈ, ભૂતકાળમાં થઈ એને લક્ષમાં લઈને, એને યાદદાસ્તમાં લઈને એ બધી વાતો લખી છે. બોલ્યા છે એ જ્ઞાનદશામાં બોલ્યા છે. પછી લખનારે તો બીજાએ લખ્યું છે પણ એ એમના પોતાના અનુભવને જ એમણે લખ્યો છે કે, જ્યાં સુધી પ્રાપ્ત નહોતુ થતું ત્યાં સુધી એમને વાત ખટકતી હતી. જેમકે ચિંતના થાય છે, વેદના થાય છે, ફલાણું થાય છે પણ તો શું થઈ ગયું પણ? હજી પ્રાપ્ત ક્યાં થયું છે એમ લ્યે છે. હજી પ્રાપ્ત ક્યાં થયું છે? એમ જ લેતા. નથી આવતું આપણે સમકિત જોઈએ છે, સમકિત જોઈએ છે પણ સમકિત આવશે તો રાખશું ક્યાં? એ પહેલા એની જગ્યા તો કરો. એ એક મોટું કિંમતી રત્ન છે, હીરો! તો એટલી મોટી કિંમતની ચીજ ઘરમાં આવે ત્યારે એને સાચવવા માટે તિજોરી પણ એવી મજબૂત જોઈએ કે ન જોઈએ? એ તિજોરીનું ઠેકાણું ન હોય ને હીરો જોઈએ છે. એમ ન હોય. ક્યાં રહેશે? એ નહિ સચવાય અને નહિ સચવાય તો એનો અભાવ થઈ જશે.

---

**પ્રશ્ન :– સમયસાર ગાથા ૧૭–૧૮માં આવે છે, 'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ–ગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં' તો શું ભગવાન આત્માનો અનુભવ અજ્ઞાન દશામાં પણ હોય છે?**

**સમાધાન :– અનુભૂતિ એટલે સ્વાનુભૂતિની અહીં અપેક્ષા નથી. આબાળગોપાળ સૌને સ્વયં વેદાઈ રહ્યો છે એટલે કે જ્ઞાનસ્વભાવ સ્વયં તેને**

**અનુભવમાં આવી રહ્યો છે, ચૈતન્ય દ્રવ્ય પોતે પોતાના જ્ઞાનસ્વભાવે ઓળખાય તેવી રીતે અનુભવમાં આવી રહ્યું છે, કારણ કે તે જાણનારું દ્રવ્ય છે. તે જાણનારું દ્રવ્ય પોતે જણાઈ રહ્યું છે એટલે યથાર્થ જણાઈ રહ્યું છે તેમ નહિ, પણ તેનો જાણનાર સ્વભાવ બધાને અનુભવાઈ રહ્યો છે. તેમાં જડતા નથી અનુભવાતી પણ જાણનારો બધાને ચૈતન્યરૂપે અનુભવાઈ રહ્યો છે. આ વિકલ્પ છે, આ પર છે, આ છે–આ છે તેવો વિચાર કોની સત્તામાં થાય છે એમ ખ્યાલ કરે તો જાણનારો અનુભવમાં બધાને આવી રહ્યો છે; પણ પોતે લક્ષ દઈને યથાર્થપણે જાણતો નથી. પોતે પોતાના જ્ઞાન સ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે. જ્ઞાયક–જાણનાર તે બધાને ચૈતન્યતારૂપે અનુભવમાં આવે છે. આબાળગોપાળ બધાંને અનુભવાઈ રહ્યો છે તે યથાર્થપણે નહિ, પણ તેના સ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે. જેમ આ વર્ણ–રસ–સ્પર્શ–ગંધ બધાંમાં જડતા દેખાય છે તેમ આત્મામાં ચૈતન્યતા દેખાય છે.૧૭૨**

## પ્રશ્ન ૧૭૨ ઉપર પ્રવચન

૧૭૨ પ્રશ્ન છે. **'પ્રશ્ન :- સમયસાર ગાથા ૧૭-૧૮માં આવે છે, 'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ-ગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં..'** એટલું વચન લીધું છે. inverted comma ત્યાં પૂરો કર્યો છે. **'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ-ગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં..'** શું? એમ શબ્દ લીધો છે. છતાં પણ એમ કહે પોતાને અનુભવાતો નથી. અનુભવમાં આવતો હોવા છતાં અનુભવાતો નથી. લક્ષ બીજે હોવાથી અથવા લક્ષ બંધાણું નહિ હોવાથી. સ્વરૂપનું ભાવભાસન થઈને લક્ષ નહિ બંધાણું હોવાથી અથવા પરપદાર્થમાં એકપણાનો નિશ્ચય હોવાથી. નિશ્ચય બદલાણો નથી. સ્વરૂપ નિશ્ચય થાય તો સાથે સાથે સ્વરૂપમાં એકત્વનો નિશ્ચય થાય છે. એટલે ત્યાં એ વાત લીધી છે. જેમ કોઈ માણસને આંખ ખુલ્લી હોય અને વિચાર બીજા ચાલતા હોય તો ખુલ્લી આંખ સામે જે પદાર્થ હોય એને એ જોતો નથી. પ્રતિબિંબ તો પડે છે ત્યાં આંખમાં, પ્રતિબિંબ તો સામા પદાર્થનું પડે છે પણ એને પૂછો કે તમે ફલાણું જોયું? તો કે ના ભાઈ! મારું લક્ષ નહોતું, ત્યાં મારું ધ્યાન બીજે હતું. મારું લક્ષ બીજે હતું એટલે મેં જોયું નથી. તો કે પણ તમારી આંખ સામે તો હતું તો પછી કેમ જોયું નહિ? ભાઈ! લક્ષ બીજે

હોય તો ન દેખાય. એમ પરિણમનમાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્માનો અનુભવ થતો હોવા છતાં જીવનું લક્ષ બીજે છે તો એને અનુભવ અનુભવાતો નથી. આ દશા છે. આમાં વિશેષ પ્રેરણાસ્પદ વાત શું છે? કે અજ્ઞાનદશામાં પણ જ્ઞાનાનુભૂતિ ચાલુ છે. જે જ્ઞાન સામાન્યનું પરિણમન છે એમાં જ્ઞાનાનુભૂતિ ચાલુ છે. જ્ઞાનાનુભૂતિ છે તે જ આત્માનુભૂતિ છે. એ વાત આ ગાથા, ૧૫મી ગાથા શરૂ કરતા પહેલા એમણે ૧૩માં કળશમાં લીધી છે. કેમકે ત્યાં સામાન્યનો આવિર્ભાવ લેવો છે ને એટલે ૧૩મો પહેલા ઉપોદ્‌ઘાત કર્યો છે વિષયનો. કે જ્ઞાનાનુભૂતિ છે તે જ આત્માનુભૂતિ છે, ને આત્માનુભૂતિ છે તે જ ખરેખર જ્ઞાનાનુભૂતિ છે. અજ્ઞાનીને જ્ઞાનાનુભૂતિ છે એમ ખબર પડે તો એને એ ઉપર ધ્યાન જાય અથવા એના ઉપર એ ધ્યાન જવા માટેનો પ્રયત્ન કરે. અરે! અંદરમાં મારે જ્ઞાનની અનુભૂતિ ચાલે છે? હા, ચાલે છેને! આચાર્ય ભગવાન કહે છે. કોણ કહે છે એ?

મુમુક્ષુ :- આચાર્ય ભગવાન.

પૂજ્ય ભાઈશ્રી :- અમૃતચંદ્રાચાર્ય કહે છે, કુંદકુંદાચાર્યની ગાથામાંથી એમણે એ વાત કાઢી છે. ગાથામાં એ વાત નથી પણ સૂત્રકર્તા આચાર્યનો આશય પોતે સમજે છે, ટીકાકાર આચાર્ય મહારાજ સૂત્રકર્તા આચાર્યનો આશય પકડે છે. ગુરુદેવની ભાષામાં કહીએ તો કુંદકુંદાચાર્યના પેટમાં જે પડ્યું હતું એ બહાર કાઢ્યું એમણે. એમના પેટમાં ગરી ગયા હતા એમ કહે, અને બહાર કાઢ્યું. ટીકા ક્યારે કરી હોય એણે? એ સૂત્રો વાંચ્યા પછી એમનો એ વિષયમાં ઉપયોગ ઘણો ઊંડો ઊતરી ગયો હોય પછી એ ટીકા લખાય છે અને લખતા-લખતા પણ ઘણાં ઊંડાણમાંથી એ કલમ ચાલતી હોય છે. એમાં પણ સમયસાર છે એ તો મંત્રો છે બધા. સંજીવનીના મંત્રો. મડદાને બેઠાં કર્યા છે. એવા મંત્રો છે બધા.

**'તો શું ભગવાન આત્માનો અનુભવ અજ્ઞાન દશામાં પણ હોય છે?'** એમ પ્રશ્ન કર્યો છે. અહીંયાં **'અનુભૂતિ એટલે સ્વાનુભૂતિની અહીં અપેક્ષા નથી.'** અનુભૂતિ શબ્દ પ્રચલિતપણે અધ્યાત્મ શાસ્ત્રોમાં આવે છે. અને ત્યાં શુદ્ધોપયોગનો અર્થ છે. કેવો અર્થ છે? ત્યાં શુદ્ધ ઉપયોગ નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ થાય તેને સ્વાનુભવ અથવા સ્વાનુભૂતિની ક્રિયા કહેવામાં આવે છે. સ્વાનુભવની ક્રિયાને સ્વાનુભૂતિ કહે છે. જેમ જ્ઞાનની ક્રિયાને જ્ઞપ્તિ કહે છે તેમ. તો કે અહીંયાં એ અર્થ લેવાનો નથી. કેમકે એ નિર્વિકલ્પ સ્વાનુભવની સાથે આત્માનો આનંદ અનુભવમાં આવે છે. અપૂર્વ આનંદ અનુભવમાં આવે છે. એવું તો કાંઈ અજ્ઞાનીને આનંદ હોતો નથી. અજ્ઞાની તો દુઃખી છે. શું? એટલા માટે એટલે એ વાત પણ અહીંયાં લેવાની નથી. **'આબાળગોપાળ સૌને**

**સ્વયં વેદાઈ રહ્યો છે..'** જ્ઞાન છે એ જ્ઞાન દ્વારા આત્મા જ વેદાઈ રહ્યો છે ત્યાં પછી પર્યાય ન લીધી. જ્ઞાન સામાન્યનો પર્યાય વેદાઈ રહ્યો છે એમ ન લીધો તે દ્વારા આત્મા વેદાઈ રહ્યો છે. **'આબાળગોપાળ સૌને સ્વયં વેદાઈ રહ્યો છે એટલે કે જ્ઞાનસ્વભાવ સ્વયં તેને અનુભવમાં આવી રહ્યો છે,..'** જીવને પોતાને અનુભવમાં આવી રહ્યો છે. ઈ જ્ઞાન સામાન્ય છે એવો જ, એજ રૂપ જ્ઞાનસ્વભાવ છે. સ્વભાવ છે એ સામર્થ્યરૂપ છે આ (પર્યાય છે તે) પ્રગટ છે. સ્વભાવ પ્રગટ્યો છે ત્યાં. જ્ઞાન સામાન્યમાં સ્વભાવ પ્રગટ છે ને સ્વભાવ છે તે આત્મા છે માટે આત્મા વેદાઈ રહ્યો છે. આનંદ પામવા જેવી વાત ખરી કે નહિ? અત્યાર સુધી ખબર નહોતી કે મને મારો આત્મા વેદાઈ રહ્યો છે અથવા ભગવાન આત્મા વેદાઈ રહ્યો છે. ત્યાં ભગવાન આત્મા શબ્દ લીધો છે. અનુભૂતિ સ્વરૂપ આત્મા ન લીધો અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે. હેં!! એવું છે! મને ખબર નથી મારા ઘરની! - એમ થાવું જોઈએ. જેમ કોઈ એમ કહે કે આ તમારી ઘરની બારીમાં ખૂણામાં પથરો પડ્યો રહે છે એના ઉપર કિરણો આવે છે ત્યારે તો બહુ ઝગારા મારતો હોય છે. એમ પથરો છે એમ સમજીને ચાલીએ છીએ. કોઈ ઝવેરી આવીને એમ કહે કે ભાઈ આ પથરો નથી આમાંથી જે હીરો બને એ કરોડો-અબજોનો હોય ઈ આ ચીજ છે. એમને એમ ઝગારા મારતો નથી, પણ તમને ખબર નથી. વિશ્વાસપાત્ર જે સબંધી ઝવેરી હોય અને એ વાત કરે અને નિઃશંકપણે એ વાતનો સ્વીકાર થાય ત્યારે લૂખો સ્વીકાર થાય કે અંદર કાંઈ લાગણીઓ ઉત્પન્ન થાય? હેં! થઈ જાય. શું થઈ જાય? હેં..! એવું છે! કરોડો-અબજોનો હીરો પથ્થરની જેમ મારે ત્યાં પડ્યો છે બારીમાં!! ને છોકરાઓ તો રમે છે એનાથી. તો કે રમવા ન દેવાય એની એક કાંકરીને કોર ખરેને તો લાખોનો ફેર પડે. તો કે શું? હેં! એવું છે. ફરીવાર હેં! થઈ જાય એને. કેટલી સાવધાની આવે? વાત ઑફિસમાં થતી હોય તો ઘરે આવવામાં પછી વાર કરે? પહેલા ટેલિફોન કરી દ્યે. અને ટેલિફોન કરે ત્યારે એને એમ થાય કે ઘરે હોટલાઈન હોય તો સારું. નંબર ઘુમાડવા (મંડે.) વળી engage આવે કે વચ્ચે કાંઈ defect ઊભી થાય? વાત કરવામાં બે-પાંચ સેકન્ડનું મોડું થઈ જાય એ પછી એને પોસાય નહિ. કેવી ઉતાવળ આવે? ઘરે પેલો પથરો બારીમાં પડ્યો છેને? હા, પડ્યો છેને, એમને એમ પડ્યો છે. બહુ સારું! ઈ જરાક સાચવીને મારા કબાટમાં મૂકી દ્યો હું આવું છું. પછી એમ ન કીધું, તમે મૂકી દેજો કબાટમાં હું આવતો નથી મારે કામ છે, એમ ન કરે.

મુમુક્ષુ :- હું આવું છું બહાર નીકળતા નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હમણા તમે ઘરમાં, ઘરે રહેજો હું નીકળું છું અને સ્પીડથી

ઘરે પહોંચે કે ધીમે-ધીમે હાલે નખરાં કરે રસ્તામાં? કોઈક સામું મળે તો વાત કરવા (રોકાય)?

મુમુક્ષુ :- મારે ટાઈમ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આવું છું, પછી આવું છું, પછી આવું છું. હાલતા-હાલતા એને એમ કરી લે. ઊભો રહીને ન કરે. આ જીવને લાભ દેખાય ત્યારે એના પરિણામો કેવા થાય છે? પછી વાત કરે કે ભાઈ આપણા આ સબંધી આવ્યા હતા, ઝવેરી છે મોટા. બહુ નજરવાળા છે અને આવી વાત કરતા હતા એટલે આમ મેં કીધું. બધું ટેલિફોનમાં બોલાય નહિ, એટલે અડધી વાત કરી ઘરે આવીને હવે એને જરા તિજોરીમાં સરખી રીતે મૂકી દ્યો પછી વિચાર કરશું એનો કે શું કરવું છે? પણ અંદરમાં પરિણામ આખા, આખું પરિણમન બદલાઈ જાય. હું કરોડપતિ-અબજપતિ... હું મોટો અબજપતિ.. હું મોટો અબજપતિ.

મુમુક્ષુ :- સ્વીકાર થઈ ગયો અંદરમાં.

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાયમાં સ્વીકાર થઈ ગયો એનો. એ એની વિદ્યમાનતાનો અનુભવ કરે છે. પડ્યો છે તિજોરીમાં તોપણ એની વિદ્યમાનતાનો અનુભવ કરે છે. આ એવી વાત કરી છે. ૧૭-૧૮ ગાથામાં આચાર્ય ભગવાને આવી વાત કરી છે. ત્યાં કોઈકને અબજપતિ બનાવ્યો છે, (પણ) અહીંયાં ત્રણલોકનો નાથ બનાવ્યો છે!! આમ વાત છે. એટલે આમાં કોઈ જગતમાં સંયોગ-વિયોગની કિંમત રહે એવું નથી. ત્યાં પોતે જ ત્રણલોકનો નાથ થાય એવી કિંમત આવે એટલે બધા સંયોગ-વિયોગ તુચ્છ ભાસે, કે અનંતવાર આ બધા સંયોગો મળ્યા જે અત્યારે સંયોગો છે - કુટુંબ-પરિવાર, ઘર, મકાન, પૈસા, આબરૂ-કીર્તિ કિંમતી દાગીના, કપડા એ બધા અનંતવાર મળ્યા. આથી સારા પણ અનંતવાર મળ્યા. આ છે એના કરતા બહુ superior ક્વોલિટીના અનંતવાર મળ્યા. આત્માને શાંતિ અને તૃપ્તિ થઈ નથી. ને એ થવાની પણ નથી. તે અસાર ભાસે, અશરણ ભાસે અને એની કિંમત ચાલી જાય. અસાર અને અશરણનો બીજો અર્થ એક શબ્દમાં કહીએ તો નકામા ભાસે. કેવા ભાસે?

મુમુક્ષુ :- નકામા.

પૂજ્ય ભાઈશ્રી :- કે આ બધુંય નકામું છે. મને કાંઈ કામમાં આવવાનું નથી મારી સુખ-શાંતિ માટે કામમાં આવે એવું છે નહિ. એવું ભાસે.

મુમુક્ષુ :- બહેનશ્રી લખે છે કે નકામા છે. બહેનશ્રીમાં આવે છે ઘણી વાર નકામું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નકામું. છે એમ જ છે નકામું જ લાગે. પછી નકામું

લાગે એનો રસ કેટલો હોય? અને નકામું લાગે એની આધારબુદ્ધિ હોય? '**અનુભૂતિ એટલે સ્વાનુભૂતિની અહીં અપેક્ષા નથી. આબાળગોપાળ સૌને સ્વયં વેદાઈ રહ્યો છે એટલે કે જ્ઞાનસ્વભાવ સ્વયં તેને અનુભવમાં આવી રહ્યો છે,..**' જ્ઞાનમાં શું પ્રગટ્યું છે? કે જ્ઞાનસ્વભાવ. જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવ પ્રગટ્યો છે. બીજો સ્વભાવ નથી પ્રગટ્યો પણ જ્ઞાનસ્વભાવ પ્રગટ્યો છે. એનો અર્થ એ થાય છે કે પ્રગટ જ્ઞાનમાં સ્વભાવ શું છે? એની અપૂર્વ અંતર જિજ્ઞાસાપૂર્વક એની શોધ થઈને ખોજ થઈને એની ઓળખાણ થવી જોઈએ. વસ્તુ લાવવાની નથી, મેળવવાની નથી. પ્રાપ્ત, પ્રગટ છે (પણ) જોતાં આવડતું નથી એ વાત સાથે-સાથે વિટંબણારૂપ છે. પોતાને એ સ્વભાવ જોતાં આવડતું નથી એટલી વિટંબણા જરૂર છે. તો એટલું કામ કરવાનું રહે છે. કર્તવ્ય છે તો એટલું જ છે એથી વધારે નથી. જો એને પતો લાગી જાય, એટલે છે ઈ જોવાઈ જાય તો ન્યાલ થઈ જાય એવું છે. એવી બહુ જ આશાસ્પદ અને પ્રેરણાસ્પદ વાતો આચાર્યદેવે કરી છે. પોતે કુટુંબ-પરિવાર છોડીને જંગલમાં ચાલ્યા ગયા. નિષ્પરિગ્રહી થઈને કપડા માત્ર છોડીને એ નીકળી પડ્યા. તો'ય જગતના જીવો ઉપર કરુણા આવી. નિષ્કારણ કરુણાથી લખ્યું. ભાઈ તમને બધાને સ્વભાવ પ્રગટ છે.. પ્રગટ છે.. જરાક જુઓ તો ખરા! યોગ્યતા લાવીને, પાત્રતા લાવીને તમે જુઓ! એ પાત્રતાનો શબ્દ કોઈ કુંદકુંદાચાર્યે વાપર્યો. મોખ્ખકામેણ. મોક્ષાર્થી થઈને પૂર્ણતાનું લક્ષ બાંધીને તમે જુઓ. ધ્યેય બાંધીને તમે જુઓ.

મુમુક્ષુ :- ચશ્મા પહેરી.

પૂજ્ય ભાઈશ્રી :- તમારી આંખે જરાક તકલીફ છે એટલે તમે જોઈ શકતા નથી તો આ ચશ્મા રહ્યા. એ ચશ્મા તમે પહેરો, દેખાશે તમને, ચોક્કસ દેખાશે, અમને પ્રગટ દેખાય છે ને તમને પણ પ્રગટ દેખાશે. આ જૂના ચશ્મા બદલી નાખો. નવા ચશ્મા પહેરો '**એટલે કે જ્ઞાનસ્વભાવ સ્વયં તેને અનુભવમાં આવી રહ્યો છે, ચૈતન્ય દ્રવ્ય..**' આ બહુ ચોખવટથી વાત કરી છે આ જગ્યાએ. આ ગાથામાં થોડોક વિવાદ ચાલે છે.

મુમુક્ષુ :- બહેનશ્રીએ સ્પષ્ટતા કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ ચોખ્ખું બોલ્યા છે એમાં. નહિતર વેદાઈ રહ્યો છે એ વાત ઘણાં વિદ્વાન લોકો સ્વીકારતા નથી. '**ચૈતન્ય દ્રવ્ય પોતે પોતાના જ્ઞાનસ્વભાવે ઓળખાય તેવી રીતે અનુભવમાં આવી રહ્યું છે,..**' વધારે સ્પષ્ટ કર્યું. મોક્ષાર્થી જીવને સ્વરૂપનું ભાવભાસન બાકી છે. તો કે તને ભાવભાસન થાય, ઓળખાણ થાય એટલે ભાવભાસન થાય એવી રીતે ઈ અનુભવમાં આવી રહ્યું છે. તને જે જ્ઞાન સામાન્યનું પરિણમન ચાલું છે એમાંથી તને તારો સ્વભાવ ઓળખાય એવી રીતે તને એનો અનુભવ

થઈ રહ્યો છે એમ કહે છે. લાપસી બનાવી એમ નહિ. લાપસી બનાવી, ઘી નાખીને ચોળી ને કોળિયો ભરીને મોઢામાં મૂકી દીધો એના જેવી વાત છે. હવે તું સ્વાદ લે એમ કહે છે કેમકે મોઢામાં કોળિયો મૂકનાર એનો સ્વાદ નહિ લઈ શકે. ઈ સ્વાદ તારે લેવો પડશે. તારા મોઢામાં કોળિયો મૂક્યો સ્વાદ તો તારે જ લેવો પડશે. તને અનુભવમાં આવી રહ્યો છે ને તું અનુભવ કર એમ કહે છે. તને કોળિયો મૂકી દીધો. લાપસી ચોળીને કોળિયો મોઢામાં મૂકી દીધો. એટલે હદ સુધી કરુણા કરી છે બોલો! **'ચૈતન્ય દ્રવ્ય પોતે પોતાના જ્ઞાનસ્વભાવે ઓળખાય તેવી રીતે અનુભવમાં આવી રહ્યું છે,..'** ટંકોત્કીર્ણ વાત કરી છે. એટલે તિર્યંચને પણ અનુભવ થાય છે. ઓળખાણ થઈને જ અનુભવ થાય બધાને. તિર્યંચ હોય કે ચારગતિમાં કોઈ જીવ હોય એને ઓળખાણ થઈને જ અનુભવ થાય. ઓળખાણ થયા વગર કોઈને અનુભવ થાય એ વસ્તુસ્થિતિ નથી. તો એને કેમ થાય છે? જો એટલી અંદરમાં સુગમતા ન હોય કે ઓળખાય એ રીતે અનુભવમાં ન આવતો હોય તો તિર્યંચને ક્યાંથી થાય? એની પાસે તો ક્ષયોપશમ ઘણો બીડાઈ ગયેલો છે તોપણ ઓળખીને અનુભવ કરે છે. તારી પાસે તો ઘણો ક્ષયોપશમ છે, એના પ્રમાણમાં ઘણો ક્ષયોપશમ છે. પણ એ ક્ષયોપશમનો તું દુરુપયોગ કરે છો. સુખ લેવા માટે, સુખી થવા માટે એ ક્ષયોપશમથી તું જ્યાંને ત્યાં માથા મારે છો. અને જ્યાં-જ્યાં તું માથા મારે છો (એ) બધા ઉકરડા છે. ઉકરડામાં માથા મારે છો.

મુમુક્ષુ :- ઉકરડા એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉકરડાની ખબર નથી? અરે વાહ! જ્યાં ઘરનો કચરો ફેંકવામાં આવે, જ્યાં નાના બાળકો સંડાસ જઈને બેસે અથવા સંડાસ ગયા હોય ઈ ફેંકવામાં આવે એ બધી જે ગંદકી હોય એને ઉકરડો કહે છે. એટલે ક્ષયોપશમથી માથું મારે છે ઈ ક્યાં મારે છે? ઉકરડામાં માથું મારે છે. એટલે એનો દુરુપયોગ છે. ક્ષયોપશમ વધ્યો છે. મનુષ્ય થયો એને ક્ષયોપશમ વધ્યો છે. દેવને તો એનાથી વધારે ક્ષયોપશમ છે. એને તો અવધિજ્ઞાન પ્રગટ થયું. પણ ઊલટો ચાલ્યો - મતિવિપર્યાસ. ઊલટો ચાલ્યો. સવળો ચાલે તો ભગવાન આત્મા ઓળખાય એવી રીતે જ્ઞાનસ્વભાવ અનુભવમાં આવી રહ્યો છે. ઓળખાય એવી રીતે અનુભવમાં. અનુભવમાં આવી રહ્યો છે એવું ન લીધું બહેનશ્રીએ. ઓળખાય એવી રીતે તને અનુભવમાં આવી રહ્યો છે. તું ઓળખતો નથી કે ઓળખવાનો પ્રયાસ નથી (કરતો) એમાં શું કરીએ? હવે પેલો આપણે હીરાનો દૃષ્ટાંત થોડોક આગળ લંબાવીએ કે ઈ ઝવેરીભાઈ એમ કહે કે આના તમારે પૈસા ઊભા કરવા હોય અને વધુમાં વધુ એની રકમ મેળવવી હોય તો સાચું કઉં? કે, તમે એકવાર ઝવેરી થઈ જાઓ. બહુ વાર નહિ લાગે તમને. પંદર દી', મહિનો, બે મહિના હીરા જોવાની

પ્રૅક્ટિસ કરો. કે હીરો કેવી રીતે જોવાય. સારામાં સારો eyeglass ખરીદી લ્યો એમાં પણ ક્વોલિટી આવે છે. magnifying glass આવે છે એની સારી ક્વોલિટી આવે છે. હલકી, ચાલુ, સામાન્ય, ભારે બધી આવતી હોય. અને તમે ઝવેરી બજારમાં કોઈ સંબંધીને ત્યાં બેસી અને રોજ હીરાના પડીકા જુઓ. આખો દી' હમણા ઈ કામ કરો. તમારી ઑફિસ મૂકી દ્યો. ત્યાં જેને બેસાડવા હોય એને બેસાડી દ્યો નહિતર ભલે ખુરશી ખાલી રહે. પણ તમે હમણાં આ કામ કરો. તમને આની પરખ આવે પછી તમે એની જે કિંમત લઈ શકશો ઈ તમે વગર પરખે નહિ લઈ શકો. કેમ? કે બજારમાં તો બકરાનું કૂતરું થાય છે. તમે બકરો વહેંચવા જાવ તોપણ છે આ કૂતરું ભાઈ! ચાર જણા બકરાને કૂતરું કહે એટલે તમે કૂતરાના ભાવમાં બકરો વહેંચી નાખશો. લેનાર તો સમજીને જ લેશેને? એ તો કહે છે કે ના ભાઈ! આમાં (હીરામાં) તો ઘણી એબ છે ને તમને ખબર ન પડે ને આમાં અમારો તો આટલો જ કસ બેસે છે. ઓલો કે ભાઈ અમને પણ આટલું જ બેસે છે. એ તો બધા એક નાતના જ બેઠા છે. હવે જો ખરેખરી કિંમત ઉપજાવવી હોયને તો તમે ઝવેરી થઈ જાવ. ના! ના! મેં તો કોઈ દી' એવો હીરો જોયો નથી ને મને આવડે નહિ ને એવું બધું? ઈ તો અઘરું પડે ને એવું બધું કરવા મંડે? કે હોંશ લાવીને પહોંચી જાય?

મુમુક્ષુ :- તૈયાર થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં કહે છે કે અઘરું પડે છે ને ઝીણું પડે છે ને સૂક્ષ્મ પડે છે ને સમજાતું નથી ને શું કરવું? (કહે છે કે) તને રુચિ નથી. 'આ કાળમાં સ્વાનુભવ થવો કઠણ છે એમ કહેનાર આત્માની રુચિ મટાડનાર બહિર્આત્મા છે.' દિપચંદજીએ 'અનુભવ પ્રકાશ'માં આ વચન લખ્યા છે કે, આ કાળમાં સ્વાનુભવ થવો એ કઠણ છે એમ કહેનાર....

મુમુક્ષુ :- અઘરું છે એમ કહેનાર...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અઘરું છે, કઠણ છે એમ કહેનાર સ્વરૂપની રુચિ મટાડનાર બહિર્આત્મા છે. હોંશ આવવી જોઈએ, ઉત્સાહ આવવો જોઈએ, ઉલ્લાસિત વીર્યવાન તત્ત્વ પામવાનો મુખ્ય અધિકારી છે. ૪૦માં આંકમાં લીધું કૃપાળુદેવે ઈ આ ઉલ્લાસિતની વાત છે. ઉલ્લાસિત વીર્યવાન એટલે શું? કે સ્વરૂપ પ્રાપ્તિનો ને સ્વરૂપ ઓળખવાનો જેને ઉલ્લાસ આવે એની વાત છે. હેં!! હું સિદ્ધાલયમાં સિદ્ધપરમાત્મા થઈને બિરાજમાન થઈ જાઉં!! એવું એનું ફળ છે! અને એ સિદ્ધપદ અત્યારે મને મારામાં જેના દર્શન થાય એવી આ વાત અત્યારે ને અત્યારે રોકડા નફાની છે! પછી એમાં કોઈ મોડું કરે નહિ. ઘણાં એમ પૂછે કે આટલું બધું જલદી કેમ કામ થતું હશે? પણ થાય જ ને!

હવે એને ઊપડે છે એવી વાત. હે. અત્યારે સિદ્ધભગવાનના અંદર દર્શન થાય? તો કે હા. અત્યારે જ પહેલું ભાવભાસન આવે ઓળખાણ થાય ને પછી અનુભવ થાય. કેમકે સાક્ષાત સિદ્ધપદની મૂર્તિ જ પોતે અંદરમાં બિરાજમાન છે. ભાવભાસનમાં સિદ્ધપદ જ આવશે. અહીંયાં સ્વભાવ સ્વભાવ કરે છે. સમજવા માટે સ્વભાવ સ્વભાવ કરે છે પણ ઓળખાશે ત્યાંથી મૂર્તિ આવશે સિદ્ધપદની. સાક્ષાત્ સિદ્ધપદ જોવામાં આવશે તને. આમ ભગવાનના દર્શન કરવા માટે મંદિર ચણાવવું પડે, પ્રતિષ્ઠા કરવી પડે ત્યારે અરિહંત ભગવાનની મૂર્તિની સ્થાપના થાય. અહીંયાં તો આચાર્ય ભગવાન કહે છે કે આ તને કીધું ઈ સ્થાપના થઈ ગઈ. હવે તું દર્શન કરી લે! અકૃત્રિમ જિનબિંબ છે અંદરમાં, કૃત્રિમ નથી. તારું સ્વરૂપ છે એ અકૃત્રિમ જિનબિંબ છે. બહારમાં જેમ અકૃત્રિમ જિનબિંબ છે, એવું તારા અંદરમાં પણ અકૃત્રિમ જિનબિંબ છે. બહુ સરસ વાત કરી છે હો! **'ચૈતન્ય દ્રવ્ય પોતે પોતાના જ્ઞાનસ્વભાવે ઓળખાય તેવી રીતે અનુભવમાં આવી રહ્યું છે,..'** જરાક ધ્યાનથી જો. ન દેખાય તો એમ ફરી ફરીને કહેવામાં આવે છે કે જરાક હજી ધ્યાનથી જો. એટલે કે બીજેથી ધ્યાન ઉઠાડી મુક એમ કહેવું છે. **'કારણ કે તે જાણનારું દ્રવ્ય છે.'** એમ જાણનારું પોતે જ છે. પોતામાં પણ એવી યોગ્યતા છે. **'તે જાણનારું દ્રવ્ય પોતે જણાઈ રહ્યું છે એટલે યથાર્થ જણાઈ રહ્યું છે તેમ નહિ, પણ તેનો જાણનાર સ્વભાવ બધાને** (ચૈતન્યરૂપે) **અનુભવાઈ રહ્યો છે.'** યથાર્થ જણાય જાય તો તો એને પોતાને ઓળખાય ગયું. તો ઓળખાતું નથી છતાંય તે જણાઈ રહ્યું છે એ વાત નક્કી છે. અનુભવમાં આવી રહ્યું છે એ વાત નક્કી છે. બાકી તો તારે મોક્ષાર્થી થવું ઈ બાકી છે. વસ્તુ જણાઈ રહી છે. પણ મોક્ષાર્થી થવું બાકી છે. મોક્ષાર્થી થતાં જીવને સત્પુરુષની ઓળખાણ થાય એવી જ્ઞાનમાં નિર્મળતા આવે છે. અને સ્વરૂપની ઓળખાણ થાય એવી પણ નિર્મળતા આવે છે. વચ્ચે એક ક્રમ પડે છે ઓળખાણનો, સત્પુરુષની ઓળખાણનો ક્રમ પડે છે. કેમકે સજીવનમૂર્તિ છે ને! તેના વગર બીજજ્ઞાન નથી અને ભાવભાસન છે એ બીજજ્ઞાન છે. શું? એનું પ્રેક્ટિકલ છે અને એ પ્રેક્ટિકલ કૃપાળુદેવે સોભાગભાઈને ઈડરમાં દેખાડ્યું. કેમકે એમણે જોયું કે આમને ઓળખાણ તો છે. ઓળખાણ છે (પણ) આગળ હાલતા નથી. નિર્મળતા ઘણી આવી ગયેલી. સાત મહિના જે વિયોગમાં રાખ્યા એટલે નિર્મળતા ઘણી આવી, ને એ પ્રયોગ દેખાડ્યો. જુઓ ધ્યાનથી! અમે પ્રગટ જોઈએ છીએ અમારા સ્વરૂપને! અમે જ્યારે અમારા સ્વરૂપને અંદરમાં જોઈએ છીએ ત્યારે અમારા સ્વરૂપને જોવાના જે ભાવો છે એ અમારા વ્યક્ત થાય છે કોઈ ને કોઈ રીતે અમારા નેત્રોમાં, અમારી મુદ્રામાં તમે ધ્યાનથી જુઓ! હવે જોઈ શકાય એવી તમારી યોગ્યતા છે જુઓ જરાક ધ્યાનથી. પકડાય

છે કાંઈ? પકડાય છે કાંઈ એમ કરતાં-કરતાં પકડાવી દીધું. પછી ભાવભાસન થયું તો ઊપડ્યો પુરુષાર્થ અઠવાડિયામાં ફેંસલો કર્યો. એવું છે. એમ personal attention કેટલું આપ્યું? જુઓ વ્યક્તિગત ધ્યાન એમણે સોભાગભાઈ ઉપર ઘણું આપ્યું પોતાને ઉપકાર માનીને પોતાના કામમાં નિમિત્ત પડ્યા હતા એટલે ઉપકારી થયા હતા. એટલે એની લાગણી જન્મી ગઈ એમના પ્રત્યેની, કે આ આત્માને જ્ઞાનપ્રાપ્તિ થવી જોઈએ. લાયક છે જીવ એને જ્ઞાનપ્રાપ્તિ અવશ્ય અવશ્ય થવી જોઈએ પણ હજી અટવીમાં અટવાણા છે. સંસારની અટવીમાં અટવાણા છે. આર્થિક સ્થિતિ બહુ નબળી હતી. કુટુંબનો બોજો માથે ઉપાડતા હતા. તો ઈ બધો ભાર ઉતરાવ્યો પહેલા. ઈ બધી ઉપાધી મૂકી દ્યો. બધા પ્રારબ્ધ લઈને આવ્યા છે એ પ્રમાણે એમનું ચાલશે. તમે માથાકૂટ છોડી દ્યો. પણ કુટુંબનો બોજો ઉપાડતા હતા ને ઈ બધો પ્રકાર હતો તોપણ ભજના (તો) એમને કૃપાળુદેવની હતી. ઈ વસ્તુ વિશેષપણે એમની હતી. વિશિષ્ટપણે હતી અને સાથે સાથે એમની સમજણમાં પણ એક પ્રકાર હતો કે જ્ઞાનીની આજ્ઞાએ જ ચાલવું બીજી રીતે ચાલવું નહિ. સંપૂર્ણ આજ્ઞાકારિતામાં હતા. કેટલા? સંપૂર્ણ આજ્ઞાકારિતામાં હતા. એટલે વિશેષ નિર્મળતા આવવાના, દર્શનમોહ દબાવાના બધા ચિહ્નો બહુ સારા હતા. તોય સાત મહિના વિયોગમાં રાખ્યા પછી ઈડર ઉપાડ્યા. best treatment આપી છે, fail ન જાય એવી best treatment આપી છે. એક ભવમાં અનંતભવની કમાણી કરાવી દીધી છે. એ પોતે અમદાવાદથી છૂટા પડી ગયા, મુંબઈ જતા રહ્યાં. મારું કામ પૂરું થઈ ગયું. મારી duty પૂરી થઈ. હવે આની ગાડી ઊપડી છે હવે રોકાવાની નથી. હવે આ જીવ ગણતરીના દિવસોમાં સમ્યગ્દર્શન લઈ લેશે. અનુભવમાં પહોંચી જશે. એટલે ઘોડો છૂટો મૂકી દીધો. પળોટીને છૂટો મૂકી દીધો.

શું કહે છે? **'તે જાણનારું દ્રવ્ય પોતે જણાઈ રહ્યું છે એટલે યથાર્થ જણાઈ રહ્યું છે તેમ નહિ,..'** એને તો પોતાને ખબર જ નથી કે મને જણાઈ રહ્યું છે. **'પણ તેનો જાણનાર સ્વભાવ બધાને અનુભવાઈ રહ્યો છે.'** ખબર નથી તોપણ અનુભવાઈ રહ્યો છે. ખબર પડે તો એની બલિહારી છે નહિતર ખબર ન પડે તોપણ અનુભવાઈ રહ્યો છે. **'તેમાં જડતા નથી અનુભવાતી, પણ જાણનારો બધાને ચૈતન્યરૂપે અનુભવાઈ રહ્યો છે.'** જડતાનો અનુભવ નથી થતો. **'આ વિકલ્પ છે, આ પર છે, આ છે-આ છે તેવો વિચાર કોની સત્તામાં થાય છે એમ ખ્યાલ કરે તો જાણનારો અનુભવમાં બધાને આવી રહ્યો છે;..'** આ વિકલ્પ છે અથવા કોઈ બીજી ચીજ છે એ જાણવાનો વિષય છે અનુભવવાનો નહિ. અનુભવ તો પોતાનો થઈ રહ્યો છે. અનુભવ કોઈ બીજાનો થતો નથી. જણાય ભલે, બીજું પ્રતિબિંબ ભલે પડે, પણ બીજું કાંઈ વેદાઈ નહિ.

વેદાઈ તો પોતે જ રહ્યો છે. જાણનારો જ અનુભવમાં બધાને આવી રહ્યો છે. ખ્યાલ કરે તો જાણનારો અનુભવમાં બધાને આવી રહ્યો છે. **'પણ પોતે લક્ષ દઈને યથાર્થપણે જાણતો નથી.'** બહુ સ્પષ્ટ ચોખ્ખી વાત કરી છે. એકદમ લક્ષ દઈને યથાર્થપણે જાણતો નથી. લક્ષ બીજે છે આ તકલીફ છે. સ્વલક્ષે જાણવાનો પ્રયાસ થવો જોઈએ. પરલક્ષમાં ઊભા રહીને જાણવાનો પ્રયાસ સફળ નહિ થાય. લક્ષ બીજે છે એમ કહે છે. પોતે લક્ષ દઈને યથાર્થપણે જાણતો નથી. **'પોતે પોતાના જ્ઞાનસ્વરૂપે અનુભવાઈ રહ્યો છે.'** ફરી ફરીને કહે છે કે પોતે પોતાના જ્ઞાનસ્વરૂપે અનુભવાઈ રહ્યો છે. **'જ્ઞાયક** (એટલે) **જાણનાર તે બધાને ચૈતન્યતારૂપે અનુભવમાં આવે છે.'** જડરૂપે અનુભવમાં નથી આવતો પણ ચૈતન્યપણે અનુભવમાં આવે છે. **'આબાળગોપાળ બધાંને અનુભવાઈ રહ્યો છે..'** એટલે જીવ માત્રને અનુભવાઈ રહ્યો છે. કોઈ બાકી નથી. પણ તે યથાર્થપણે નહિ કેમકે લક્ષ બીજે છે એટલે અયથાર્થપણે એનો અનુભવ ચાલી રહ્યો છે, એમ કહે છે. સંજ્ઞી પંચેન્દ્રિય છે, એને લક્ષ દઈને જાણે તો ઓળખાણ થઈ જાય. બીજા પ્રાણીમાત્રને જ્ઞાનસામાન્યનો અનુભવ છે પણ એને તો ઈ યોગ્યતા લક્ષ દેવાની યોગ્યતા નથી. સંજ્ઞી પંચેન્દ્રિયને છે. **'તે યથાર્થપણે નહિ, પણ તેના સ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે.'** ભલે યથાર્થપણે અનુભવાતો નથી પણ સ્વભાવરૂપે જ અનુભવાયો છે. બીજી રીતે ત્યાં બીજો અવકાશ જ નથી. જ્ઞાનમાં સિવાય જ્ઞાનવેદન, વેદવાનો કોઈ અવકાશ નથી. એક જ્ઞાનવેદન સિવાય જ્ઞાનમાં અન્ય કિંચિત્‌માત્ર પણ વેદવાનો અવકાશ નથી. અને એ જ સ્વભાવ છે, એ જ આત્મા છે બહુ ચોખ્ખી વાત છે. **'જેમ આ વર્ણ-રસ-સ્પર્શ-ગંધ બધાંમાં જડતા દેખાય છે તેમ આત્મામાં ચૈતન્યતા દેખાય છે.'** બહારમાં જેમ બધે જડ દેખાય છે, (એમ) આત્મામાં જડના અભાવ સ્વરૂપે હોવાથી એકલી ચૈતન્યતા દેખાય છે. સરસ વાત લીધી છે. ૧૭૨માં સ્પષ્ટતા ઘણી છે. કૃપાળુદેવનો ૧૭૨ પત્ર પણ વિશિષ્ટ છે, આમાં આ બોલની (પણ વિશિષ્ટતા છે.)

આશય :- (૧૭૧) **મુમુક્ષુ મુમુક્ષુને યોગ્ય ક્રિયા અને પરિણામમાં અટકે છે તેથી આગળ વધી શકતો નથી. જેને ધ્યેયની પ્રાપ્તિની ખટક હોય તે અટકતો નથી, એમ કહેવાનો અહીં આશય છે.**

## તા. ૨૨-૫-૧૯૯૭, પ્રશ્ન-૧૭૨થી૧૭૪
## પ્રવચન નં. ૧૨૭

'સ્વાનુભૂતિદર્શન', ૧૭૨મો પ્રશ્ન, પાનું-૧૨૦

સમયસારની ૧૭-૧૮ ગાથામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા સૌને સદા એટલે નિરંતરપણે પોતે જ અનુભવમાં આવે છે અને અનુભવમાં આવતો હોવા છતાં પણ પોતાને એની ખબર હોતી નથી. એમ કહેવું છે. ત્યારે અહીંયાં અનુભૂતિ એટલે નિર્વિકલ્પ દશા થાય છે એ વાત નથી લેવી પહેલું સ્પષ્ટીકરણ એ હતું. કેમકે અનુભૂતિનો રૂઢિ અર્થ એ છે. નિર્વિકલ્પ સ્વાનુભવ થાય એને શાસ્ત્રમાં સ્વાનુભૂતિ કહી છે. એ વાત અહીંયાં નથી લેવી. અહીંયાં તો જ્ઞાન સ્વભાવ પોતે જ્ઞાન પર્યાયમાં પરિણમી રહ્યો છે અને એનું વેદન ચાલુ છે બધાને એમ કહેવું છે. હવે જેને ખબર નથી, અનાદિથી એ વાતની ખબર નથી, એવા જગતના જીવોમાં કોઈ કોઈ જીવોને એ કેમ ખબર પડે એવી જિજ્ઞાસા અને ભાવના થાય છે. એને માટે આ ચર્ચા છે. જ્યારે મૂળ ગાથામાં તો આચાર્ય મહારાજે એમ કહ્યું કે, મોક્ષની કામનાવાળો હોય એને આત્મા ઓળખાય છે. સૌ પ્રથમ તો રાજાને ઓળખવો એટલે જીવને ઓળખવો. ઓળખી કોણ શકે કે મોક્ષની કામનાવાળો થયો હોય તે. મોખ્ખકામેણ. જેને સંસારથી છૂટવું હોય અને મુક્ત થવું હોય. સંસારમાં મોટાભાગે મુમુક્ષુઓ એમ લે છે કે, સંસારના દુઃખોથી અમારે છૂટવું છે. જુઓ! તિર્યંચને કેવા દુઃખ છે? રોગીઓને કેવા દુઃખ છે? દરિદ્રીઓને કેવા દુઃખ છે? પણ ઈ તો કોઈ દોષના ફળ છે. દુઃખ છે ઈ તો દોષના ફળ છે. તમારે એવું દુઃખી થવારૂપી કાર્ય અથવા ફળ નથી જોઈતું તો એના કારણનો નાશ પહેલા કરવો જોઈએ. સુવિચારણા તો ઊંડાણ સુધી જાય છે. એટલે એકલું દુઃખ નથી જોઈતું એમ નહિ. જેને દુઃખનું કારણ નથી જોઈતું એને દુઃખ નથી જોઈતું. દુઃખનું કારણ પ્રિય લાગે, દુઃખનું કારણ - બહારમાં ઈષ્ટ પદાર્થો-કલ્પેલા ઈષ્ટ પદાર્થો છે એ પ્રિય લાગે અને દુઃખ નથી જોઈતું એ બે વાત કેમ બનવાની હતી? એ વાત તો બનવાની નથી.

એટલે માત્ર એમ નથી જોવું કે આ બધા દુઃખી થાય છે એમ મારે દુઃખી નથી થાવું. જે કારણથી એ દુઃખી થયા છે એ કારણ મારામાં છે કે નહિ એ મારે તપાસવું જોઈએ, જો મારે દુઃખી ન થવું હોય તો. ત્યાં સુધી વિચારવું જોઈએ. કહે છે કે એ રીતે સર્વ દોષથી જે મુક્ત થવા માંગે છે એ સર્વ દુઃખથી મુક્ત થવા માંગે છે. મુક્ત થવું છે, મોક્ષની કામનાવાળાનો અર્થ શું થાય છે? કે મોક્ષની કામનાવાળો તે

જીવ છે કે જે સર્વ દોષથી મુક્ત થવા માંગે છે. પછી ઓટોમૅટીક દુઃખથી તો મુક્ત થઈ જ જશે. એવા જીવને.. અહીંયાં બે વચનો બહુ સારા લીધા છે આપણે કાલે સ્વાધ્યાય થયો એમાં. ધ્યાન ખેંચવા જેવી વાત છે એ બે જગ્યાએ છે કે, ત્રીજી લીટી છે ઉત્તરમાં કે **'ચૈતન્ય દ્રવ્ય પોતે પોતાના જ્ઞાનસ્વભાવે ઓળખાય તેવી રીતે અનુભવમાં આવી રહ્યું છે,..'** આ important વાત છે કે ચૈતન્ય દ્રવ્ય છે એ અનુભવમાં આવી રહ્યું છે એટલું ન લીધું. ઓળખાય એ રીતે અનુભવમાં આવી રહ્યું છે. કોને? કે ઓળખવાનો મોખ્ખકામેણ થઈને પ્રયાસ કરતો હોય એને. આવી રહ્યું છે તો ઓળખાય એવી રીતે જ અનુભવમાં આવી રહ્યું છે. ન ઓળખાય એવી રીતે અનુભવમાં જો આવતું હોય તો કોઈને ઓળખાણ ન થાય. પણ અનેકને ઓળખાણ થઈ છે. એ વાત જ એમ સાબિત કરે છે કે, આ વચનામૃત સત્ય છે કે ચૈતન્ય દ્રવ્ય પોતે પોતાના જ્ઞાનસ્વભાવે ઓળખાય તેવી જ રીતે અનુભવમાં આવી રહ્યું છે. જો એમ છે તો મને ઓળખાતું નથી એનું કારણ કે ઓળખાય એ રીતે અનુભવમાં આવી રહ્યું છે છતાં પણ મેં તે પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરી નથી. અથવા તે પ્રકારની યોગ્યતા કેળવવી જોઈએ, કેળવવી ઘટે ત્યાં સુધી હું પહોંચ્યો નથી. ખામી મારી છે. ચૈતન્ય દ્રવ્ય તો સદાય ઓળખાય એવી જ રીતે અનુભવમાં આવી રહ્યું છે. એક વાત, બીજું નીચેથી પાંચમી લીટી છે. **'તો જાણનારો અનુભવમાં બધાને આવી રહ્યો છે; પણ પોતે લક્ષ દઈને યથાર્થપણે જાણતો નથી.'** હવે કોઈ એમ કહે કે અમને મોક્ષની ભાવના છે, અમારે તો મોક્ષની કામના છે અને અમારે હવે મોક્ષ સિવાય કાંઈ જોઈતું નથી એવો અમે નિર્ણય કરી લીધો છે. અમારે મોક્ષ જ જોઈએ અમારે બીજું કાંઈ જોઈતું નથી. મુમુક્ષુ હોય અને એ પ્રકારના વિચારો આવતા હોય અને પોતે નિશ્ચય પણ કર્યો હોય અને એમાં નિશ્ચય કરવાનો વાંધો પણ શું? જો યથાર્થ લક્ષ બંધાણું હોય તો તારું અવલોકન ચાલુ થવું જોઈએ. અપક્ષપાતપણે પોતાના દોષોનું અવલોકન ચાલુ થવું જોઈએ. એ ઉપરાંત પરિપક્વપણે અવલોકનની પ્રક્રિયા ને પ્રોસેસ ભજ્યા પછી પોતે લક્ષ દઈને યથાર્થપણે જાણે તો લક્ષમાં આવે. લક્ષગોચર થાય. ઓળખાય ક્યારે? ઓળખવાની વાત બહેનશ્રી ઘણી જગ્યાએ કરે છે પણ અહીંયાં બહુ સરસ ખોલીને વાત કરી છે કે, એ મોક્ષની કામનાવાળો જીવ પણ પોતે લક્ષ દઈને યથાર્થપણે ઓળખવાનો પ્રયત્ન કરે ત્યારે એને ઓળખાય. નહિતર ત્યાં સુધી ઓળખાય નહિ. એટલે અવલોકન કરતા..કરતા..કરતા..કરતા પોતાને ઓળખ કરવાની તીવ્ર વૃત્તિ - અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થઈ જવી જોઈએ. કે જે અપૂર્વ જિજ્ઞાસાને વશ એકધારું એની ઓળખવાની ખોજ, શોધ, અંતરશોધ એના પ્રયત્ન ચાલે. એનો પ્રયાસ ચાલ્યા કરે એકધારો અને તો ઓળખાય. એકધારો એટલા

માટે લ્યે છે કે, જો એકધારો એ પ્રયાસ નથી હોતો તો જીવ બીજે-બીજે પણ રસ લ્યે છે ને માથું મારે છે. એનું નુકસાન એને આડું આવે છે. પોતાને આગળ વધવામાં નુકસાન આડું આવે છે. એટલે પોતે લક્ષ દઈને યથાર્થપણે જાણતો નથી. લક્ષ દઈને જાણતો નથી એમ નથી લીધું. યથાર્થપણે લક્ષ દઈને જાણતો નથી.

યથાર્થપણું એટલે શું? કે મોક્ષની કામના થયા પછી પણ અવલોકન સારી રીતે ચાલ્યા પછી પણ ઓળખવાની અપૂર્વ જિજ્ઞાસા આવવી જોઈએ. ત્યારે ઓળખાય છે. અને ઓળખાય ત્યારે બીજું સમકિત થાય છે. એ બે વચનો છે એ બહુ ખાસ લીધા છે વિચારવા જેવા. **'પોતે પોતાના જ્ઞાનસ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે.'** કેવા સ્વરૂપે અનુભવાઈ રહ્યો છે? જ્ઞાનસ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે કેમકે ત્યાં સ્વભાવ સિવાય બીજું કાંઈ છે નહિ. જે જ્ઞાનવેદન છે એ જ્ઞાનવેદનમાં તો સ્વભાવ સિવાય બીજું કાંઈ છે નહિ, એ એકાંત શુદ્ધ છે. આપણે જે ભાવનાના બોલ લીધા છે એમાં ચોથો બોલ છે. 'એકાંત શુદ્ધ પ્રત્યક્ષ અનુભૂતિ સ્વરૂપ છું'. ત્યાં એકાંતશુદ્ધ શબ્દ શું કરવા લીધો છે? શુદ્ધમાં એકાંત શબ્દ શું કરવા લીધો? કે અનાદિથી અનંતકાળ નિગોદમાં પ્રચુર કષાય કલંકની વચ્ચે રહ્યા છતાં પણ એમને એમ એકાંતે શુદ્ધ જ રહ્યો છે. સર્વથા શુદ્ધ રહ્યો છે એટલે એકાંત શુદ્ધ રહ્યો છે. કેમકે પોતે અનુભૂતિસ્વરૂપ છે. પોતે-પોતાના જ્ઞાનસ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે. બધાને જ્ઞાયક જે જાણનાર આત્મા છે **'તે બધાને ચૈતન્યસત્તારૂપે અનુભવમાં આવે છે.'** ચૈતન્યસત્તા એટલે ચૈતન્યપણે અનુભવમાં આવે છે. એકવાર ગુરુદેવે પ્રવચનમાં એવી વાત લીધી હતી શું? તારી જીભ ઉપર સાકરનો ટુકડો મૂક્યો છે. અને હવે તું અમને પૂછે છો કે સાકર ગળી હોય એટલે કેવી હોય? અમને સમજાવો. સાકર ખાવાથી ગળી લાગે, ઈ ગળી લાગે એટલે કેવી લાગે ઈ અમને સમજાવો અને એનું ગળપણ સમજાવોને! તો કે જો ભાઈ એક તો ગળપણ છે એ વાતથી સમજવાનો વિષય નથી, સ્વાદ લઈને સમજવાનો વિષય છે. પણ વાતોથી સમજવાનો વિષય નથી. બીજું તારા મોઢામાં સાકર છે, તારા મોઢામાં સાકર છે અને તને એનો સ્વાદ ન આવે એમ બને નહિ. (તને) સ્વાદ નથી આવતો!! અમે માનવા તૈયાર નથી. કેવી રીતે માનીએ અમે? કદાચ એમ કહે કે મારા મોઢામાં સાકર છે પણ મને એનો સ્વાદ નથી આવતો એટલે પૂછું છું. બિલકુલ ખોટી વાત અમે માનવા તૈયાર નથી. કેમકે ત્યાં જીભ પણ છે અને સાકર પણ છે વાત પૂરી થઈ જાય છે. ત્યાં તો બે પદાર્થ છે તોપણ સ્વાદ આવવો અનિવાર્ય છે. જીભ ઉપર સાકર મૂકીને કોઈ એમ કહે કે મારે સ્વાદ નથી લેવો તો? ન ચાલે. સ્વાદ આવવાનો જ. બે ચીજ છે તોપણ તે ભિન્ન-ભિન્ન બે ચીજ છે. સાકર જુદી અને જીભ જુદી. જીભ તે સાકર

નથી ને સાકર તે જીભ નથી. અહીંયાં તો જ્ઞાન એક જ ચીજ છે કે જે વેદાઈ રહ્યું છે ને જે વેદી રહ્યું છે. જ્ઞાન પોતે એક જ ચીજ છે. કે જે વેદાઈ રહ્યું છે ને વેદી રહ્યું છે અને પર્યાયના મુખમાં એ વાત ચાલી રહી છે. જ્યાં અનુભવ થાય છે એ તો જેમ મોઢામાં સ્વાદ આવે એમ પર્યાયમાં અનુભવ થાય છે. દ્રવ્ય-ગુણમાં તો અનુભવ થતો નથી. દ્રવ્ય, ગુણને પર્યાય સિવાય તારા પદાર્થમાં ત્રીજો વિભાગ છે નહિ કોઈ. તો તારા પર્યાયના મોઢામાં તને તારો સ્વાદ આવે અને તું અમને પૂછવા આવે છો કે આત્માનો સ્વાદ કેવો હોય? જ્ઞાનસ્વભાવ કેવી રીતે અનુભવાય? કેવી રીતે એનો સ્વાદ થાય? તારી વાત અમને થોડી વધારે વિચિત્ર લાગે છે ઓલા કરતા પણ. ઠીક! એટલું સહેલું કરીને ગુરુદેવે અમને કીધું એકવાર કે, તું ચાવે છો અને તું પૂછે છો કે મને સ્વાદ કેવો આવે છે? સાકરને ચાવતો જાય છે ને પાછો કહેતો જાય છે કે મને સ્વાદ કેવો આવે છે? મને ગળપણ સમજાવો. આ એવી વાત છે. શ્રીગુરુએ માર્ગને સુગમ કરી દીધો છે. શેમાં આવે છે?

મુમુક્ષુ :- 'અનુભવ પ્રકાશ'માં.

પૂજ્ય ભાઈશ્રી :- 'અનુભવ પ્રકાશ'માં દીપચંદજીએ આટલું વાક્ય લીધું છે. શ્રીગુરુને બહુ યાદ કર્યા છે. દીપચંદજી સાહેબે કેટલી જગ્યાએ વારંવાર ગુરુને લીધા છે. શ્રીગુરુએ માર્ગને સુગમ કરી દીધો છે. એ આ જ રીતે સુગમ કરી દીધો છે. પોતે પોતાના જ્ઞાનસ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે અને ચૈતન્યતારૂપે અનુભવમાં આવી રહ્યો છે. કેમકે અંદરમાં એકલું ચૈતન...ચૈતન...ચૈતન...ચૈતન... સિવાય કાંઈ છે નહિ. ધારાવાહીપણે ચૈતન.. ચૈતન.. ચૈતન્યતાપણે અનુભવમાં આવી રહ્યો છે. બીજું કાંઈ અંદર છે નહિ કે અનુભવમાં આવે. કોઈ પરપદાર્થના પ્રતિબિંબ ઝીલીને તે ભ્રમથી માન્યું છે કે મને આનો અનુભવ થાય છે ને તેનો અનુભવ થાય છે. એ ભ્રમ તને તારો પોતાનો સ્વાદ લેવામાં ભુલવાડે છે. કોણ ભૂલે છે? ભુલાવે છે? પેલો ભ્રમ. કે ના! મને તો ઠંડી લાગે છે, મને તો અત્યારે ઉનાળો છે એટલે ગરમી લાગે છે. શું? ઈ જે બીજું...બીજું...બીજું... લાગે છે ઈ તને તારો સ્વાદ લેવા દેતો નથી. બીજું કાંઈ વાંધો નથી. જડના અનુભવમાં એટલો બધો તું એકાગ્ર છો કે, તારા અંદરના ચાલતા સ્વાદને ચૂકીને, વિસ્મરણ કરીને તું પરિણમી રહ્યો છે. હવે એકવાર એ પ્રતિબિંબોની તરફ દુર્લક્ષ કરીને, એને ગૌણ કરીને, એને દુર્લક્ષ કરીને, એની ઉપેક્ષા કરીને, ઉપેક્ષા કરીને એટલા માટે લેવું છે કે અપેક્ષાવૃત્તિમાં તું ઊભો છો કે મને આમ જોઈએ.. મને આમ જોઈએ. એ બધાની ઉપેક્ષા કરીને અને તારા સ્વભાવના સ્વાદની અપેક્ષા કરીને અંદર જો! તો અંદર એકલું એકધારું ચૈતન...ચૈતન...ચૈતન...ચૈતન...ચૈતન... ચૈતન્યતા ચૈતનપણે જ

અનુભવમાં આવી. ચૈતન્યતા શબ્દ વાપર્યો છે. **'ચૈતન્યતારૂપે અનુભવમાં આવે છે. આબાળગોપાળ બધાંને અનુભવાઈ રહ્યો છે.'** પણ પેલું જે યથાર્થપણે નથી કેમકે પકડાતું નથી, **'તે યથાર્થપણે નહિ...'** આવી રહ્યો છે તો બધાને અનુભવમાં પણ પકડાતું નથી એટલે યથાર્થપણે નહિ, કેમકે ભ્રાંતિગત રીતે બીજાને વેદે છે એવો એને અધ્યાસ, મિથ્યાભાવ ચાલે છે. અધ્યાસ એટલે મિથ્યાભાવ ચાલે છે. પણ તેના સ્વરૂપે અનુભવાઈ રહ્યો છે. તોપણ તે તેના સ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે. એ તો મટવાનું જ નથી. સ્વભાવરૂપે જે એનું અનુભવન-પરિણમન છે, અનુભવરૂપ પરિણમન છે, વેદનરૂપ પરિણમન છે એ તો મટવાનું જ નથી. તારે જે દી' નવરાશ મળે અને સુખી થાવું હોય તે દી' જોજે - પકડજે. બાકી એ તો ચાલુ ને ચાલુ રહેવાનું છે. જે દી' તું દુઃખથી થાક તે દી' જોજે. જ્યાં સુધી તને દુઃખનો થાક, દોષનો થાક નહિ લાગે ત્યાં સુધી તને જોવાની ફુરસદ નહિ આવે, જોવાનો પુરુષાર્થ નહિ થાય અને દેખાશે પણ નહિ. છતાં વસ્તુ મટવાની નથી. **'જેમ આ વર્ણ-રસ-સ્પર્શ-ગંધ બધાંમાં જડતા દેખાય છે..'** સ્પષ્ટપણે દેખાય છે - પ્રત્યક્ષ જડતા દેખાય છે કે ભાઈ આ તો જડ જ છે! શરીર છે એ જડ જ છે? તેમ (તેમાં) એકલી જડતા છે. પરમાણુઓમાં એકલી જડતા છે **'તેમ આત્મામાં..'** એકલી ચૈતન્યસત્તા છે.

મુમુક્ષુ :- જડ છે એ feeling વગરનું છે. આ feelingથી ભરેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હિરાલાલજીનો ઍક્સિડંટ થયો ત્યારે એમ્બ્યુલન્સમાં આ વાત લીધી હતી. જુઓ! એકલું ચૈતન, એકલું ચૈતન, ચૈતન, ચૈતન્ય જુઓ! એકલું ચૈતન છે. જુઓ! અંદર ચૈતન છે! એમ બહુ લીધું હતું. એમને તો યાદ પણ નહિ રહ્યું હોય. એમ્બ્યુલન્સમાં એ વિષય બહુ લીધો હતો. ક્યારેક એમ કહે કે ફરીને કહો. એ વિષય બહુ લીધો હતો. બે કલાક, સતત બે કલાક એમ્બ્યુલન્સમાં ગઈ હતી. કેમકે એવું લાગતું હતું કે ગમે ત્યારે દેહ છૂટી પણ જાય અને એમનું સારું હતું કે બીજામાં જીવ નહોતો. કોઈ સંયોગની વાતમાં જીવ નહોતો. વિકલ્પ એમને ગુરુદેવનો ને બહેનશ્રીની ભક્તિનો, દર્શનનો આવતો હતો, પ્રભાવનાનો આવતો હતો બસ! એટલે ઈ સારું હતું. એ વિષય બહુ લીધો હતો. હવે એના ઉપર પાછો પ્રશ્ન ઉઠાવ્યો લાગે છે ૧૭૩મો છે. એના ઉપર ઉઠાવ્યો લાગે છે.

**પ્રશ્ન :– ચૈતન્યતા એટલી સ્પષ્ટ છે કે તેને ઓળખવી હોય તો ઓળખી શકાય તેવી છે?**

**સમાધાન :– ઓળખી શકાય તેવી છે, સ્પષ્ટપણે છે પણ પોતે ઓળખતો નથી. ચૈતન્યતા તો સ્પષ્ટ છે.૧૭૩.**

## પ્રશ્ન ૧૭૩ ઉપર પ્રવચન

**'પ્રશ્ન :- ચૈતન્યતા એટલી સ્પષ્ટ છે કે તેને ઓળખવી હોય તો ઓળખી શકાય તેવી છે?'**

તો કે પ્રશ્નમાં એમ છે (કેમકે) અસ્પષ્ટ હોય તો ન પણ અમને દેખાય. ભાઈ! અસ્પષ્ટ નથી તારી આંખે ઝાંખપ છે. વસ્તુ સ્પષ્ટ જ છે. વસ્તુ અસ્પષ્ટ નથી.

મુમુક્ષુ :- વેદન કેવી રીતે અસ્પષ્ટ હોઈ શકે?

**'સમાધાન :- ઓળખી શકાય તેવી છે, સ્પષ્ટપણે છે..'** શું? વસ્તુ સ્પષ્ટપણે છે. અને સ્પષ્ટપણે છે તેથી ઓળખી શકાય તેવી છે. કૃપાળુદેવે બીજા સમકિતમાં આ શબ્દ વાપર્યો છે 'પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ' તે બીજું સમકિત છે. સ્પષ્ટ શબ્દ ત્યાં વાપર્યો છે. પ્રતીતિ પણ સ્પષ્ટ આવે છે. પ્રતીતિ એટલે વિશ્વાસ. મેં ઓળખ્યો એવો મારો જે પદાર્થ આત્મા એ પરમેશ્વરપદ છે. સાક્ષાત્ સિદ્ધપદ છે, પ્રગટ સિદ્ધપદ છે. એ સ્પષ્ટ પ્રતીતિમાં આવે છે, તો પ્રતીતિ સ્પષ્ટ થાય છે ભાવભાસન સ્પષ્ટ થાય છે. પ્રતીતિ એટલે અહીં ભાવભાસન, જ્ઞાનની પર્યાય લેવી. એ સ્પષ્ટ થાય છે તો એનો અર્થ કે સામે વસ્તુ સ્પષ્ટ છે. વસ્તુ અસ્પષ્ટ છે ને અહીંયાં ભાવભાસન સ્પષ્ટ થાય છે એમ તો કાંઈ બને નહિ. ભાવભાસન સ્પષ્ટ છે એ સિદ્ધ કરે છે કે વસ્તુ પણ સ્પષ્ટ જ છે. આંખે ઝાંખપ હોય ને સામો પદાર્થ ન દેખાય પણ તેથી સામા પદાર્થની હયાતીમાં કાંઈ વાંધો નથી, એ તો જેમ છે એમ છે. જે કાંઈ તકલીફ છે એ પોતાનામાં છે અને એને ઠીક કરવાની રહે છે. **'ઓળખી શકાય તેવી છે, સ્પષ્ટપણે છે પણ પોતે ઓળખતો નથી.'** ઓળખવાની યોગ્યતા કાં નથી અને કાં ઓળખવાનો પ્રયાસ નથી. યોગ્યતાપૂર્વક પ્રયાસ થાય અને ન ઓળખાય 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવું બન્યું નથી ને એવું બનવાનું પણ નથી. અને અત્યારે એવું બનતું નથી. ત્રણેય કાળ લઈ લેવા. **'ચૈતન્યતા તો સ્પષ્ટ છે.'** સ્પષ્ટતાનો પ્રશ્ન કર્યો એટલે બે વાર જવાબ દીધો છે કે ચૈતન્યતા તો સ્પષ્ટ છે. પણ આત્મામાં ચૈતન્યતા સિવાય બીજું બહારની કોઈ ચીજ તો ભળી નથી, આવી નથી, રહી નથી. તો વાત ક્યાં રહી? એકલી ચૈતન્યતા જ છે. પરજ્ઞેયોની અપેક્ષામાં, પરપદાર્થની અપેક્ષામાં, પરસંયોગની અપેક્ષામાં પરિણમનમાં રાગદ્વેષ અને મોહના ભાવોની ભૂતાવળ એટલી ઊભી કરી છે કે, એ ભૂતાવળના ધુમાડામાં ચૈતન્ય અગ્નિ દેખાતો નથી, પણ બુઝાતો નથી આગને. અનંતી શક્તિ હોવાથી અગ્નિ

બુઝાતો નથી. વાત ભૂતાવળને દૂર કરવાની રહે છે. શેમાં? કેવી રીતે થાય? તો કહે છે કે અપેક્ષા છોડ તો! ત્યાં સુધીની અપેક્ષા છોડ કે એક રાગ અને રાગના કણની પણ અપેક્ષા ન જોઈએ, રાગના વિષયની અપેક્ષા તો એકબાજુ રહી. અભિપ્રાયમાં આટલી તૈયારી જોઈએ. કૃપાળુદેવે લીધુંને મુમુક્ષુ થયા પછી પણ ક્યો દોષ રહે છે? કે આ જગતની અલ્પ પણ સુખેચ્છા. એ શું કરવા લીધું? વીતરાગ થઈ ગયો છે કાંઈ મુમુક્ષુ? જ્ઞાનીને (પણ) વિકલ્પ આવે છે, એમ કહે તર્ક કરવો હોય તો. કહે છે કે અહીંયાં અભિપ્રાયની વાત ચાલે છે. મુમુક્ષુની ભૂમિકા અભિપ્રાયને બદલવાની છે. તારા અભિપ્રાયમાં જ્યાં સુધી અપેક્ષાવૃત્તિ છે, અપેક્ષાબુદ્ધિ છે. વૃત્તિ કરતા પણ બુદ્ધિ શબ્દ લઈએ. અંદર અપેક્ષાબુદ્ધિ છે ત્યાં સુધી ચૈતન્યને ઓળખવાની અપેક્ષાવૃત્તિ ઉત્પન્ન થાશે નહિ અને ઓળખાશે નહિ. કેમકે એ અપેક્ષાવૃત્તિ જ્ઞાનને આવરણ લાવે છે. શું લાવે છે? જ્ઞાનને આવરણ લાવે છે. એટલે વસ્તુ સ્પષ્ટ હોવા છતાં ઓળખતો નથી અથવા ઓળખી શકતો નથી. એવી સ્થિતિ ઊભી થાય છે. આવરે છે જ્ઞાનને.

મુમુક્ષુ :- પરિણમનમાં મલિનતા ઊભી કરે છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. મલિનતારૂપી જ આવરણ છે. નિર્મળતાને તો મલિનતા જ મારેને! એટલે પહેલેથી વેદનાના કાળથી, પહેલેથી એટલે વેદનાના કાળથી વૈરાગ્ય શરૂ થઈ જાય છે. બધેથી ઉદાસ...ઉદાસ...ઉદાસ...ઉદાસ...ઉદાસ...થઈ જાય. પાછો વિષય લંબાવ્યો છે ૧૭૪માં.

---

**પ્રશ્ન :– આત્મા ઓળખવા માટે કેવી રીતે પુરુષાર્થ કરવો?**

**સમાધાન :– તેનો વારંવાર વિચાર કરવો, તે જાતના સ્વાધ્યાય–મનન કરવાં, અંતરમાં જિજ્ઞાસા કરવી, મહિમા કરવી કે આત્મા કેવો અપૂર્વ હશે! તે મને કેમ પ્રગટ થાય. વિભાવની મહિમા ગૌણ કરીને સ્વભાવની મહિમા પ્રગટ કરવી. હું ચૈતન્ય છું તે જાતનો વારંવાર અભ્યાસ કરવો. ચેતન સ્વભાવ માટે આવે છે ને.....**

**“સમતા–રમતા–ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાસ,**
**વેદકતા–ચૈતન્યતા એ સબ જીવ વિલાસ.”**

**તે રીતે ચૈતન્ય બધાને ખ્યાલમાં આવી શકે તેવો છે. તેમાં જ્ઞાયકતા છે, સમતા છે, રમતા–રમ્યભાવ છે, વેદકતા–વેદનમાં આવે છે, ચૈતન્યતા બધાને ગ્રહણ થાય તેવી છે. –‘એ સબ જીવ વિલાસ’–આ બધો જીવનો વિલાસ છે, પણ પોતે ગ્રહણ કરતો નથી. પુરુષાર્થ કરે તો ગ્રહણ થાય. પણ અનાદિનો**

**પરના અભ્યાસમાં પડ્યો છે તેથી ગ્રહણ થતો નથી. પોતા તરફનો અભ્યાસ કરે તો પોતાની સમીપ જ છે, દૂર નથી.૧૭૪.**

## પ્રશ્ન ૧૭૪ ઉપર પ્રવચન

'**પ્રશ્ન :- આત્મા ઓળખવા માટે કેવી રીતે પુરુષાર્થ કરવો?**' આપશ્રીએ આટલી બધી વાત કરી તો લાલચ તો થાય છે કે ઓળખી લઈએ. પણ પુરુષાર્થ કેવી રીતે કરવો? અથવા કેવી રીતે આગળ વધવું?

'**સમાધાન :- તેનો વારંવાર વિચાર કરવો,..**' વારંવાર વિચાર કરવો એટલે અંદરમાં કેવી રીતે ઓળખાય? એનો વારંવાર વિચાર કરવો.

મુમુક્ષુ :- એટલે ભાવનાપૂર્વક?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાવના તો પાયાની વાત છે. ભાવના વગર તો બધું લૂખું થઈ જાય.

મુમુક્ષુ :- ભાવનાપૂર્વક વિચારમાં તો અનુદયભાવ થઈ જાયને?

પૂજ્ય ભાઈશ્રી :- અનુદય ભાવ તો શું છે કે, વેદનની પ્રધાનતામાં લેવો. શું? વિકલ્પમાં તો ઘણીવાર તે પ્રકારનો ઉદય હોય છે ને જોડાય એટલે વિકલ્પ આવ્યા કરે. તેનો વારંવાર વિચાર કરવો '**તે જાતના સ્વાધ્યાય-મનન કરવાં,..**' સ્વાધ્યાય-મનન એટલે પોતાને અત્યારે આ પ્રયોજન છે. તો આ પ્રયોજનભૂત સ્વાધ્યાય-મનન કરવાં. સ્વાધ્યાયમાં પણ બીજી અપ્રયોજનભૂત વાતોમાં માથું મારવું નહિ. '**અંતરમાં જિજ્ઞાસા કરવી,..**' અપૂર્વ જિજ્ઞાસા કરવી, ઓળખવા માટેની અપૂર્વ જિજ્ઞાસા કરવી. અને '**મહિમા કરવી કે આત્મા કેવો અપૂર્વ હશે !**' આ આત્મા તે કેવો અપૂર્વ હશે! કે જેની કેવળજ્ઞાનની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક એકસાથે દેખાવા છતાં પણ ઉપયોગ એની સન્મુખ થાય નહિ અને સ્વરૂપમાં ચોંટેલો રહે! આત્મા કેવો હશે? કે ઉપયોગ આત્મામાંથી ફરે જ નહિ! એવો કેવો હશે? એ ત્રણેય કાળના સર્વજગતના સચરાચર પદાર્થોની અવગણના કરીને ઉપયોગ ત્યાંને ત્યાં ખોડાઈ રહીને ચોંટી જ રહે! છૂટે જ નહિ! છૂટે જ નહિ એમ નહિ છૂટી શકે નહિ. એ આત્મા ઉપયોગને એવો પકડી રાખે છે, જકડી રાખે છે કે, ઉપયોગ ખસી શકે નહિ. એવો મહાઆશ્ચર્યકારી અદ્‌ભુતથી અદ્‌ભુત, 'અદ્‌ભુતાત અદ્‌ભુતમ્' લીધું છેને મહિમા કરતા! પેલામાં 'અદ્‌ભુતાત અદ્‌ભુતમ્' છે સમયસારનો

કળશ, સમયસારની ટીકા પૂરી કરતાં અમૃતચંદ્રાચાર્ય એ રીતે મહિમા કરે છે કે, 'અલમ્ અલમ્' બસ થાવ! બસ થાવ! ઘણાં વિકલ્પો ચાલી ગયા શાસ્ત્ર લખવાના 'અલમ્ અલમ્' 'અતિ જલ્પનેન્, અતિ વિકલ્પેન્' - વિકલ્પની જલ્પનાથી બસ થાવ! બસ થાવ! આ ચૈતન્ય સ્વરૂપ આત્મા તો અદ્ભુતથી પણ અદ્ભુત છે. 'અદ્ભુતાત અદ્ભુતમ્' હું એના મહિમામાં ડૂબું છું હવે. હવે એની મહિમાનો વિકલ્પ પણ નહિ. એવી વસ્તુ છે અને એની સાબિતી એ છે, વસ્તુ એવી છે અંદરમાં એની સાબિતી એ છે કે સિદ્ધભગવાન, અરિહંત ભગવાન જ્યારથી કેવળજ્ઞાન થયું ત્યારથી ત્રણલોકને જાણવા છતાં પણ ત્યાં ઉપયોગને ફેરવતા નથી. ઉપયોગને તો ફેરવતા નથી પણ ઉપયોગનો કોઈ અંશ પણ ફરતો નથી. આખો ઉપયોગ તો ન ફરે, (પણ) અંશે પણ ઉપયોગ ફરતો નથી અને એક સમય માટે પણ ફરતો નથી. સૂક્ષ્મકાળ માટે પણ ફરતો નથી. વધારે વાત લંબાવવાનો તો સવાલ નથી. એક સૂક્ષ્મ, એક સમય માટે પણ ફરતો નથી. કારણ શું? અંતર આકર્ષણ આટલું બધું કેમ? કે અંદર આત્મા એવો છે. એવો જ કોઈ આત્મા છે મહિમાવંત કે ઉપયોગને છૂટવાની પરિસ્થિતિ ઊભી થાય નહિ. આ બાહુબલીજીની મૂર્તિ એવી ઘડી છે લ્યો શ્રવણબેલગોલામાં, ત્યાં બેઠા હોય તો ઊભા થવાનું મન ન થાય. ખાવા-પીવાનું બધું રહી જાય, ભૂલી જાય. અહીંયાં બેઠા જ રહીએ, નિરખત તૃપ્તિ ન હોય, આનંદઘનજીએ ગાયું કે નહિ શ્રેયાંસનાથ ભગવાનની સ્તુતિ કરતા.

મુમુક્ષુ :- વિમલનાથ ભગવાન.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિમલનાથ ભગવાનની...

મુમુક્ષુ :- અમીયભરી મૂર્તિ રચી રે...

પૂજ્ય ભાઈશ્રી :- અમીયભરી મૂર્તિ રચી રે ઉપમા ન ઘટે કોઈ. અનુપમ મૂર્તિ છે. વિમલનાથ ભગવાનને જોઈને કહે છે. આ તો કાંઈક ઉપમા આપી શકાય નહિ એવી શાંત સુધારસ ઝીલતી રે!... ને અંદરની શાંતિને આપ તો વેદી રહ્યા છો, અનુભવી રહ્યા છો, ઝલકતી શાંતિ આપની મુદ્રામાં અમે જોઈએ છીએ. નિરખત તૃપ્તિ ન હોય. જો કે અમને તો કાંઈ ત્યાંથી ખસવાનું, ઉપયોગ ફેરવવાનું જ મન થતું નથી. જે સાક્ષાત્ સમોવસરણમાં બિરાજતા હોય તીર્થંકર ભગવાન ત્યારે એ અનુભવ ઘણાં જીવોને થાય છે. એવો અનુભવ ઘણાં જીવોને થાય છે. પણ છદ્મસ્થ છે અને પરવિષયમાં ઉપયોગ અંતર્મુહૂર્તથી વધારે કોઈનો ટકી ન શકે. કેમકે આખરમાં એ પર વિષય છે પાછો. વસ્તુતાએ એનો ઉપયોગ ટકી ન શકે. એનો ઉપયોગ ફરી જાય ત્યાંથી. એક સ્વવિષય આત્મા એવો છે એમાં ડૂબ્યો એટલે ગયો. અંતર્મુહૂર્ત એમાં ડૂબ્યો મુનિદશાપૂર્વક હોં, એ શરત છે. ઈ પહેલા તો અંતર્મુખતા આવે તોપણ ચોથે-પાંચમે ગુણસ્થાને ડૂબી

ન શકે, બહાર નીકળી જાય છટકીને. ગમે એટલી શાંતિ વેદાતી હોય તોપણ છટકે ઉપયોગ. પણ જો મુનિદશામાં અંતર્મુહૂર્ત રહ્યો તે ગયો ખલાસ!! પછી બહાર નીકળે નહિ. નીકળી શકે જ નહિ. એટલો ઊંડો જાય.. એટલો ઊંડો જાય.. એટલો ઊંડો જાય.. એનું લેવલ એટલું છે પછી બહાર આવવાની કોઈ પરિસ્થિતિ રહેતી નથી.

મુમુક્ષુ :- તળિયું જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- તળિયું જ નથી નીચે. હાલ્યો જ જાય.. હાલ્યો જ જાય.. હાલ્યો જ જાય... પછી અંદર જ હાલ્યો જાય છે. અહીંયાં પ્રશ્ન ઉઠાવ્યો છે કે આત્મા ઓળખવા માટે કેવી રીતે પુરુષાર્થ કરવો? ૧૭૪મો કે ૧૭૨, ૧૭૩ અને ૧૭૪માં એક જ વિષયની ચર્ચા ચાલી છે. સંકલનમાં પ્રશ્નના ત્રણ ભાગ પાડ્યા છે પણ વિષય તો એક જ ચાલ્યો છે કે, તેની મહિમા કરવી કે આત્મા કેવો અપૂર્વ હશે! ભલે ન જોયો હોય તોપણ. જ્ઞાનીઓ, મુનિઓ અને ખુદ સર્વજ્ઞ પોતે પણ એ આત્માની જ મહિમા કરે છે. એ ન લીધું જે વાણીને, દિવ્યધ્વનિ પણ જે વાણીને કહી નહિ, સર્વજ્ઞ પણે કહી શક્યા નહિ તેને અન્ય વાણી તે શું કહે! 'જે સ્વરૂપ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં કહી શક્યા નહિ તે પણ શ્રીભગવાન જો.' એટલો મહિમા છે કે એનો મહિમા એ પોતે કહી શક્યા નહિ. પૂરો ન કહી શક્યા એનો અર્થ કે મહિમા તો ઘણો કર્યો છે. પણ પૂરો ન કહી શક્યા. કેમ? કે મહિમા એટલો બધો છે એટલે એને પૂરો કહી શક્યા નહિ. પૂરો જાણી ન શક્યા એમ નથી કીધું હોં! દીઠું તો ખરું જ. જે સ્વરૂપને દીઠું, પોતાના જ્ઞાનમાં તો એમણે દીઠું, પણ વાણીમાં ન આવી શકે. હેં? દિવ્યધ્વનિમાં ન આવે? જોનાર કહી ન શકે ઈ કેવો મહિમાવંત પદાર્થ હશે! એમ મહિમા અને જિજ્ઞાસા એકસાથે ઊભી થવી જોઈએ.

મુમુક્ષુ :- એવો હું પોતે જ પાછી બીજાની વાત નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હું પોતે જ પાછો એમ બીજાની વાત નથી ચાલતી, પોતાની વાત ચાલે છે. કેવો હશે? અને **'તે મને પ્રગટ કેમ થાય?'** અને હું છું પ્રગટપણે તો મને અનુભવમાં કેમ આવું? છે તો પ્રગટ જ, પ્રગટ કેમ થાય એટલે છે તો પ્રગટ જ પણ અનુભવમાં આવે એને પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. એ પ્રગટ કેમ થાય એટલે અનુભવ કેમ થાય? **'વિભાવની મહિમા ગૌણ કરીને સ્વભાવની મહિમા પ્રગટ કરવી.'** વિભાવની ઉપેક્ષા કરીને સ્વભાવની મહિમા પ્રગટ કરવી એટલે કોઈપણ વિકલ્પો ગમે તેવા આવ્યા હોય તોપણ એની મહિમા કરવી નહિ. સ્વભાવ સિવાય કોઈની મહિમા ન કરવી. એમાં બધી પર્યાયો આવી ગઈ. કોઈ બાકી ન રહી. જ્યારે શુદ્ધપર્યાયો પણ સ્વભાવની અપેક્ષાએ મહિમા કરવા લાયક નથી તો વિભાવનો તો પ્રશ્ન જ રહેતો

નથી. પહેલેથી એ પ્રશ્ન ખલાસ થઈ જાય છે. પણ જીવને પોતાના સ્વભાવની ખબર નથી એટલે શુભભાવ અને શુભક્રિયાની મહિમા કરે છે. શુભભાવ અને શુભક્રિયાની મહિમા કરે છે. મેં આટલું કર્યું, મેં આટલું કર્યું, મેં આટલું કર્યું ક્રિયામાં. અને આટલા સારા ભાવ મને આવ્યા. સ્વભાવને જો તો એની પાસે કાંઈ મહિમા કરવા જેવા છે નહિ. ગુરુદેવશ્રીએ ત્યાં સુધી એ વાત લીધી છે, 'પરમાગમસાર'માં આપણે એ વાત લીધી છે. ૧૦૦૨ કે એટલામું વચનામૃત છે કે, પોતાના નિર્વિકલ્પ જ્ઞાનની વેદનામાં... વેદના આગળ એવો શબ્દ વાપર્યો છે. 'પરમાગમસાર'માં ૧૦૦૨મો જ છે. વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના કેવી છે? અંદર જે ધારા ચાલે છે ઈ આ વેદન ચાલે છે એની વાત લે છે. જેમાં સ્પષ્ટ ઓળખાય શકે. એ વિકલ્પ વિનાની જ્ઞાનની કેમકે વેદન તો નિર્વિકલ્પ જ હોય એ કેવી છે તેનું અંતર્લક્ષ કરવું. જિજ્ઞાસા(નો ટોન છે.) એ વચનરચના છે ગુરુદેવની. એની અંદર જિજ્ઞાસાનો ટોન છે. અંડરટોન છે કે વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના અંદરમાં કેવી છે? કેમકે એ પોતે જ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે અનુભૂતિ સ્વરૂપ! તેનું અંતર્લક્ષ કરવું. તેનું નામ ભાવશ્રુત છે અથવા તેનું નામ ભાવશ્રુતપૂર્વકનું લક્ષ છે. આ ઓળખાણ થઈ એમ. હવે સ્પષ્ટ વાત લીધી. રાગની અપેક્ષા છોડીને, શું? એ વખતે જે વિકલ્પ ચાલતો હોય, આ તો સવિકલ્પદશામાં ઓળખાણ થાય છે ને! ને આત્માનો વિકલ્પ ચાલતો હોય તોપણ ભેદજ્ઞાનમાં જુદો પાડે. ભેદજ્ઞાનના પ્રયોગમાં વિકલ્પ જુદો અને એકલું જ્ઞાન જુદું. ઈ જે જુદો પડેલો વિકલ્પ, જુદો જ દેખાયેલો વિકલ્પ એની ઉપેક્ષા કરીને, અપેક્ષા છોડીને એટલે ઉપેક્ષા કરીને સ્વનું લક્ષ કરતા એટલે એમાં પોતાપણું કરતા ભાવશ્રુતજ્ઞાન ખીલે છે. શું થાય છે? ભાવશ્રુતજ્ઞાન જેમ હજાર પાંખડીનું કમળ ખીલવા મંડે એમ અનંતગુણના આત્માનું કમળ ખીલવા મંડે. ભાવશ્રુતજ્ઞાન ખીલે છે. અને એવા ભાવશ્રુતમાં, તે ભાવશ્રુતમાં આનંદના ફૂવારા છે. આ (પરમાગમસારનો બોલ) ક્યાંથી પકડ્યું એ મને ખબર નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો મને ખબર છે. એક સંકલન બીજું કરેલું હતું. 'અધ્યાત્મ પરાગ'નું ઈ પેલા (મુમુક્ષુ)બેન બ્રહ્મચારી છેને એમના માતૃશ્રીના દેહાંત વખતે એમણે પોતે કેટલાક વચનોનું સિલેક્શન કર્યું હતું ગુરુદેવના, કૃપાળુદેવના, સોગાનીજીના, બહેનશ્રીના એમ કરીને ચારેય જ્ઞાનીઓના વચનોનું સિલેક્શન, કેમકે એ તો પોતે અભ્યાસી છે એટલે કહે કે મારે એક પુસ્તક બહાર પાડવું છે ને ખર્ચ કરવો છે તો આ વચનામૃતમાં કે તમે તો અભ્યાસી છો સિલેક્ટ કરી લ્યો. પછી સિલેક્ટ કર્યા પછી મને વંચાવ્યા હતા. પછી મને કીધું કે તમે થોડાક ઉમેરો. એમાં આ કેટલાક ઉમેર્યા એમાં આ એક

ઉમેર્યું. ગુરુદેવની હયાતીમાં પુસ્તક બહાર પડ્યું હતું. આ પુસ્તક ગુરુદેવની બિનહયાતીમાં બહાર પડેલું. ઈ પુસ્તક ગુરુદેવની હયાતીમાં બહાર પડ્યું હતું. ગુરુદેવને એમણે સમર્પણ કર્યું એમાં આ વાંચ્યું. (જોઈને બોલ્યા) ભારે પકડ્યું છે કે! એમને દેવા ગયા હશે ત્યારે વાત થઈ હશે. મને કહે આ વચન વાંચીને ગુરુદેવ ચમક્યાં કે ભારે પકડ્યું છે! એમ એવી રીતે કહેતા હતા. તેમને ખ્યાલ ન હોય ને! એમને એમ કે આ તો બહેને જ બધું સંકલન કર્યું છે. એમણે મને વાત કરી કે આ તમારા સિલેક્શનમાં આ વચનામૃત ઉપર ગુરુદેવનું ધ્યાન ખેંચાણું છે. આશય શું છે? કે સર્વ પ્રકારના રાગની ઉપેક્ષામાં આવવું જોઈએ અને સ્વરૂપની અપેક્ષામાં એની ઉપેક્ષા સહજ છે. એવી સ્વરૂપની અપેક્ષા થવી જોઈએ તો આત્મા ઓળખાય અથવા લક્ષગોચર થાય. એટલે અહીંયાં પણ એ છે જિજ્ઞાસા કરવી, મહિમા કરવી કે, આત્મા કેવો અપૂર્વ હશે?! અને એ મને કેમ પ્રગટ થાય? એની તાલાવેલી લાગવી જોઈએ. વિભાવની મહિમા ગૌણ કરીને, બસ એમાંથી ચાલ્યું આપણે.. વિભાવની મહિમા ગૌણ કરીને. જે ગુરુદેવે ૧૦૦૨માં વાત કરી એ અહીંયાં ૧૭૪માં વાત કરે છે કે ચાલતા વિકલ્પની ઉપેક્ષા થવી જોઈએ અને તો જ એ ભેદજ્ઞાન પ્રયોગાત્મક છે. વિકલ્પની ઉપેક્ષામાં ભેદજ્ઞાન છે એ પ્રયોગાત્મક છે. વિકલ્પની ઉપેક્ષા એટલે ચાલતા વિકલ્પની ઉપેક્ષા થવી જોઈએ. વિભાવની મહિમા ગૌણ કરીને સ્વભાવની મહિમા પ્રગટ કરવી. ૧૭૪માં તો છે હજી વિષય. અહીં સુધી રાખીએ.

આશય :- (૧૭૨/૧૭૩) **આ પ્રશ્નોતરમાં મુમુક્ષુજીવને સુગમપણે સ્વભાવની ઓળખાણ થવા માટેની પ્રેરણા છે, કે પોતે ચૈતન્યદ્રવ્ય પોતાના જ્ઞાનસ્વભાવે ઓળખાય તેવી રીતે નિરંતર અનુભવમાં આવી રહ્યું છે. મોક્ષાર્થી થઈને પરમ જિજ્ઞાસામાં આવતા ચાલતા વિકલ્પની અપેક્ષા મટતાં જ્ઞાનવેદનના આધારે આત્મા લક્ષગોચર થઈ શકે છે.**

**જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું, પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે-આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૦૩**

## તા. ૨૩-૫-૧૯૯૭, પ્રશ્ન-૧૭૪થી૧૭૫
## પ્રવચન નં. ૧૨૮

'સ્વાનુભૂતિદર્શન', ૧૭૪મો પ્રશ્ન, પાનું-૧૨૦

**'પ્રશ્ન :- આત્મા ઓળખવા માટે કેવી રીતે પુરુષાર્થ કરવો?'** ઉત્તર એમ આપ્યો કે ઓળખવા માટે તે પ્રકારનો સ્વાધ્યાય, મનન, વિચાર અંતર જિજ્ઞાસા કરવી અને મહિમા કરવી, મહિમાપૂર્વક કુતુહલ કરવું. આ કેવો આત્મા હશે! આત્મા કેવો હશે કે જેનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શનથી માંડી અને કેવળજ્ઞાન સુધીની દશાઓ સહજમાત્રમાં પ્રગટ થાય. ગુરુદેવ એમ કહેતા કે દ્રવ્યને પર્યાય અડતી નથી અને પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. ફક્ત પર્યાય જે પરસન્મુખ છે એની દિશા બદલાય અને એ સ્વસન્મુખ થાય છે, ત્યારે એ પોતાના સ્વરૂપના દર્શન કરે છે અને દર્શનમાત્રથી કેવળજ્ઞાન પામે છે. એ કેવળજ્ઞાન આદિ સ્વભાવ દશાઓ, સ્વભાવ સદશ સ્વભાવ દશાઓ થાય છે એ એની સન્મુખ થઈને એને જોતાં માત્ર થાય છે. દ્રવ્ય એને કાંઈ આપે નહિ. દ્રવ્યમાંથી કાંઈ લ્યે નહિ અને સન્મુખ થતાં એની દશા ફરી જાય છે. એટલું દ્રવ્ય શક્તિમાન છે કે જેના દર્શનમાત્રથી દર્શન કરનારને કેવળજ્ઞાન ઊપજે. એવા દ્રવ્ય સ્વરૂપે પોતે છે. સોગાનીજીએ બહુ દ્રવ્યપ્રધાન શૈલીથી કેટલીક વાતો કરી છે કે પર્યાય મારું ધ્યાન કરવું હોય તો કરે અને ન કરવું હોય તો ન કરે. પર્યાય મેરા ધ્યાન કરો તો કરો, મુજે કોઈ ઐસી અપેક્ષા નહીં હૈ કિ, પર્યાય મેરા ધ્યાન કરે. ઠીક! બીજી અપેક્ષા તો એકબાજુ રહી. જગતના પદાર્થોની અપેક્ષાઓ તો એકબાજુ રહી. હું એવો નિરપેક્ષ પદાર્થ છું કે પર્યાય મારું ધ્યાન કરે એની પણ મને અપેક્ષા નથી. મેરુ પર્વત ફરતી પ્રદક્ષિણા દેવો કરે છે, બીજા તો ન કરી શકે કેમકે બહુ મોટો એરીયા છે - એક લાખ યોજન, પણ દેવો છે એને વિમાનમાં બેસીને મેરુ ફરતે પ્રદક્ષિણા કરે. એમાં મેરુને શું થાય? કોઈ પ્રદક્ષિણા કરે તો મેરુ કાંઈ જાડો થાય અને પ્રદક્ષિણા ન કરે તો દૂબળો પડી જાય? એવું કાંઈ બનતું નથી. એમ પર્યાય મારી સામે આવે, મારી પાસે આવે, મને આલિંગન કરે કાંઈ વાંધો નહિ, મને કાંઈ એથી ફર્ક નથી પડતો. પણ ન આવે ને આઘી જાય. ઊંધી ચાલે તો એથી પણ કાંઈ મને ફર્ક પડતો નથી (કારણ એ) તો અનાદિથી ઊંધી ચાલે છે. તો હું એવો ને એવો છું. મને શું ફર્ક, મારામાં શું ઘટી ગયું? મને શું થઈ ગયું? એવી દ્રવ્યમાં પોતાપણાની શૈલીથી એમણે દ્રવ્યદૃષ્ટિ કેવું પોતાપણું

કરે? એવી શૈલીથી એમણે ઘણી વાતો કરી છે. એ મારું સ્વરૂપ એવું કેવું અપૂર્વ હશે? એ રીતે એનો મહિમા કરે. ઓળખ્યા પહેલા પણ મહિમા આવવો જોઈએ. વાતો સાંભળીને, એની મહિમાના વખાણ સાંભળીને એનો મહિમા આવવો જોઈએ. અને એનું કુતૂહલ અને એનું આશ્ચર્ય થવું જોઈએ, એમ કહે છે. જો એમ થાય તો બીજે બધેથી વિભાવ અને વિભાવના વિષયભૂત પદાર્થો છે એનો મહિમા ઊડે. જે છે ઈ તૂટે. એ પ્રકારે વિભાવની મહિમા ગૌણ કરીને, વિભાવની મહિમા ગૌણ કરીને સ્વભાવની મહિમા પ્રગટ કરવી અથવા સ્વભાવની મહિમા કરવી. **'હું ચૈતન્ય છું તે જાતનો વારંવાર અભ્યાસ કરવો.'** અભ્યાસ એટલે પ્રયોગ કરવો. પ્રયોગની પ્રૅક્ટિસ કરવી એનું નામ અભ્યાસ. હું ચૈતન્ય છું હું શરીરરૂપે નથી, હું કોઈ માણસરૂપે નથી કે હું કોઈ રાગવાળો નથી કે જેવી-જેવી કલ્પના થાય છે એવો કોઈ હું નથી. હું ચૈતન છું માત્ર ચૈતન છું. એ રીતે વારંવાર પ્રૅક્ટિકલી પોતાને અનુભવમાં લેવાનો પ્રયત્ન કરવો, એ પ્રૅક્ટિસ કરવી. હું ચૈતન્ય છું એવો મને અનુભવ થાય કે એવી પ્રૅક્ટિસ કરવામાં એથી વિરુદ્ધ જે વિભાવો છે એ વિભાવોનો નિષેધ આવશે. વિધિ-નિષેધ સમાંતર ચાલે સમાનાંતર ચાલે છે. શું? કે અહીંયાં વિધિ થાય તો નિષેધ આવે, નિષેધ આવે તો વિધિ થાય. બન્ને એકસાથે ચાલે છે. 'હું ચૈતન્ય છું' એવા પોતાના પ્રયોગ અભ્યાસમાં સ્વરૂપના અનુભવ કરવાના પુરુષાર્થમાં જે રાગાદિભાવો થાય છે કે જેના થવાથી અત્યાર સુધી પોતાના ચૈતન્યને ભૂલેલો હતો એનો નિષેધ આવવા લાગે છે. એમ એકસાથે ડબલ પ્રક્રિયા ભેદજ્ઞાનમાં ચાલે છે વિધિનિષેધાત્મક - એવો વારંવાર અભ્યાસ કરવો.

**'ચેતન સ્વભાવ માટે આવે છેને..'** એમ કરીને બનારસીદાસજીનું એક પદ લીધું છે કે **'સમતા-રમતા-ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાસ, વેદકતા-ચૈતન્યતા એ સબ જીવ વિલાસ.'** આ પદ ઉપર આપણા કૃપાળુદેવે બે પત્રો લખ્યા છે. ૪૩૭ ને ૪૩૮ છે. બે પત્રો લખ્યા છે ને, ૪૩૮માં તો એક-એક પદના વિસ્તારથી અર્થ પણ કર્યા છે. આવું મારું ચૈતન્ય સ્વરૂપ છે. સમતા એટલે એકરૂપપણું છે. રમ્યતા એટલે એનું સુંદરપણું છે, સર્વાંગ સુંદર છે. એટલે જ્યારે કોઈ આત્મા તીર્થંકર-અરિહંતપદે આવે, તીર્થંકર નહિ અરિહંત પદે આવે ત્યારે એમનું શરીર પણ સર્વાંગ સુંદર થઈ જાય. આત્મા તો સર્વાંગ સુંદર છે જ અને જ્યારે અરિહંત પદે ૧૩માં ગુણસ્થાને આવે ત્યારે પરમ ઔદારિક શરીર થાય, કેવળજ્ઞાન પ્રગટે ત્યારે શરીર પણ સર્વાંગ સુંદર થાય. વ્રજનારાજ સંહનન એ બધું તો પહેલેથી જ હોય છે. કેમકે એ તો શ્રેણી માંડે ત્યારે, કારણ તો જ શ્રેણી માંડી શકે નહિતર શ્રેણી ન માંડી શકે. અને આત્મા તો અનાદિ અનંત સર્વાંગ સુંદર છે. એનું કોઈ અંગ ખોડખાપણવાળું નથી. ઊર્ધ્વતા એટલે અગ્ર રહેવાવાળો છે. પાછળ

રહેવાવાળો નથી પણ આગળ રહેવાવાળો છે. જાણવાવાળો છે, જ્ઞાયકતા એટલે જાણવાવાળો છે અને વચનાતીત સુખસંપન્ન છે. વચનઅગોચર, વચનથી પાર જાવું પડે. વચનમાં ન આવી શકે એવા અચિંત્ય સુખ સ્વભાવવાળો છે. વેદકતાવાળો છે, અનુભવ કરવાવાળો છે, અનુભૂતિ સ્વરૂપ છે અને ચૈતન્યપણું, જાગૃતપણું, સાવધાનપણું, ચેતવાપણું તે બધા જીવના લક્ષણો છે. એ બધા જીવના લક્ષણો છે. જીવ પોતે પોતાના સ્વરૂપ પ્રત્યે વળીને જુએ ત્યારે એને જણાય છે. આ બાજુ જુએ ત્યાં સુધી બહિર્મુખભાવે ક્યાંય જણાતું નથી. જીવ જીવ પ્રત્યે વળીને જુએ ત્યારે આ બધું એને જણાય છે.

**'તે રીતે ચૈતન્ય બધાને ખ્યાલમાં આવી શકે તેવો છે.'** આત્મા છે તે દરેક આત્માને ખ્યાલમાં આવી શકે એવો છે. ખ્યાલમાં ન આવી શકે એવું એનું સ્વરૂપ નથી. ખ્યાલમાં આવી શકે એવું એનું સ્વરૂપ છે. એટલે ઓળખાણ કરી શકે એવું એનું સ્વરૂપ છે. અને વેદકતાથી તો એ અનુભવમાં ઓળખાય તે રીતે અનુભવમાં આવી જ રહ્યો છે. એ વાત ૧૭૨માં એમણે કરી. એ તો અનુભૂતિ સ્વરૂપ હોવાથી ઓળખાય એ રીતે અનુભવમાં આવી રહ્યો છે. આવી સુવ્યવસ્થા, આવી સગવડ, આવી સુવિધા પહેલેથી જ છે. એનો લાભ લેવો. લાભ લેવા માટે યોગ્ય થવું, પાત્ર થવું એટલું જ જરૂરી છે. સગવડ પહેલેથી કરી રાખી છે. **'તેમાં જ્ઞાયકતા છે, સમતા છે, રમતા (એટલે) રમ્યભાવ છે, વેદકતા (એટલે) વેદનમાં આવે છે, ચૈતન્યતા બધાને ગ્રહણ થાય તેવી છે.'** કેમકે જુદી પડે છે. ચૈતન્યતા જુદી પડે છે ભિન્ન ચૈતન્ય છે એટલે બધાને ગ્રહણ થાય, બધાને ગ્રહણ થાય તેવી છે. સમજાય તેવી છે એમ ન કહેતા શું કીધું? ગ્રહણ થાય એવી છે. અને ગ્રહણ થવામાં રુચિનો પર્યાય કામ કરે છે. કોનો પર્યાય કામ કરે છે? રુચિનો પર્યાય કામ કરે છે. જે રુચિ જરૂરતમાંથી ઊભી થઈ છે. એટલે પોતાને જરૂરત હોય તો ગ્રહણ થાય છે. ટૂંકામાં એવું થયું. જરૂરત હોય તો ગ્રહણ થાય, નથી ગ્રહણ થતું એનો અર્થ કે હજી જરૂરત લાગી નથી. ત્યારે એમ થાય કે, જરૂરત ન લાગી હોય તો રોજ એક-એક કલાક અત્યારમાં શું કરવા અમે સ્વાધ્યાય કરવા આવીએ? તો કે જેવી જોઈએ એવી જરૂરત લાગી નથી. કેટલાક કામ એવા હોય છે કે મિલિટરી એક્શન લેવા પડે. મિલિટરી ધોરણે કામ કરવું પડે અને કેટલાક કામ એવા હોય કે ઠાગાઠૈયા કરો તો થાય અને નો થાય તો વાંધો નહિ. આ કામ તો મિલિટરી ધોરણે કરવા જેવું છે. મિલિટરી એક્શન લેવાના છે, તો થાય. શું કરવા પણ એવું? તો કે વસ્તુ એવી છે. એનો લાભ કાંઈ થોડો-ઝાઝો નથી (પણ) અનંતો છે. પછી શું? પછી શું કરવા નહિ? પછી યુદ્ધના ધોરણે શા માટે કામ નહિ? અને વખત ક્યાં છે જીવને? અને કેટલો વખત છે એનું ક્યાં ઠેકાણું છે? છે કોઈ ચોક્કસ ખબર? માટે યુદ્ધના ધોરણે

કામ ઉપાડવું જોઈએ. દુનિયા દુનિયાનું જાણે હું મારા કામે લાગી જાઉં. કોની-કોની ફિકર, ચિંતા હું કરીશ? વ્યર્થ બીજાના વિકલ્પો કરીને આ જીવે પોતાનું ખોયું છે. અનંતો લાભ ખોયો છે. જેટલું ખોયું છે એ પરલક્ષને કારણે જ ખોયું છે.

મુમુક્ષુ :- બીજા વસ્તુ કે જીવો માટે વિકલ્પ થાય છે એ પરલક્ષ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શું જરૂર? જે વેપારીની દુકાને એકસાથે ગ્રાહક અને બહુ ઘરાકી લાગી હોય કાઉન્ટર ઉપર ત્યારે વેપારી કોના ઉપર ધ્યાન દ્યે? પૂછ્યું કે ભાઈ તમારે શું? મારે તો બહુ મોટી ખરીદી છે, તો કહેશે તમે જરાક આ બાજુ આવી જાવ. તમારી ઉપર special attention આપશે. મુખ્ય માણસને કહે કે જરાક આમને સંભાળો, એમને જે કહે એ પ્રમાણે બધું બતાવો. (બીજો કહે) કે ભાઈ! તમારો મને જરાક ભાવ કહોને પછી હું વાત કરું. તો (વેપારી) બીજાની સાથે વાત કરવા મંડે પેલાને ભાવ કહેવા ઊભો ન રહે. એ સમજે કે આ ખાલી ભાવ પૂછવા આવ્યો છે. મારી પાસે વખત નથી. આટલું તો વેપારી કરી શકે છે. ધ્યાન ન દે પેલો ઊભો છે કે ચાલ્યો ગયો, એની સામું પણ ન જુએ. કેટલું ગૌણ કરે? એવી રીતે મુખ્ય-ગૌણ કરતા આવડવું જોઈએ. અત્યાર સુધી પોતાના નિજ પરમાત્માનો અનાદર કર્યો છે, એને neglect કર્યો છે. આમ જો કોઈ પોતાને neglect કરે તો મનદુઃખ થાય છે, પણ પોતે પોતાના પરમાત્માનો અનાદાર કર્યો છે એનું શું? એની ઉપેક્ષા કરી છે અને સંસારને ખૂબ મુખ્ય કર્યો છે. સંસારના પદાર્થોને વ્હાલા કર્યા છે, ખૂબ મુખ્યતા આપી છે અને નિજ પરમાત્માનો અનાદર કર્યો છે. વીતરાગ છે એટલે રીસાતો નથી. શું? રૂઠતો નથી. હવે, જેટલી એણે મુખ્યતા-ગૌણતા ઊલટી કરી હતી એવી જ મુખ્યતા-ગૌણતા સૂલટી કરવાની છે. અને એમ કરવામાં જીવને લાભ છે. શું કહે છે? ચૈતન્યતા બધાને ગ્રહણ થાય તેવી છે. એટલે એવી આડ મારવી નહિ અભિપ્રાયમાં કે, હું ન કરી શકું ને મને ન થાય. એવી કદી આડ મારીને બેસવું નહિ. અનંતાએ કામ કર્યું છે અને હું પણ કરવા ધારું તો થઈ શકે એવું છે. નથી થયું એનું કારણ કે મેં કદી એ કરવા ધાર્યું નથી. **''એ સબ જીવ વિલાસ'-આ બધો જીવનો વિલાસ છે,..'** વિલસે છે. જીવ પોતાના સ્વરૂપમાં વિલાસ કરી રહ્યો છે. એવું જીવનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- વિલાસ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- મોજ કરી રહ્યો છે. આ મકાનનું નામ નથી રાખતા? 'વિલાસ' જે મકાનમાં સુખ-ચેનથી-આનંદથી રહેવું હોય એમ. રહેવાનું નિવાસ, વિલાસ રહેવાનું સ્થાન છે. પણ પોતે ગ્રહણ કરતો નથી. ગ્રહણ કરે તો ગ્રહણ થઈ શકે એવો છે **'પણ પોતે ગ્રહણ કરતો નથી. પુરુષાર્થ કરે તો ગ્રહણ થાય.'** અથવા પુરુષાર્થ ઊપડે

તો ગ્રહણ થાય. કરે એટલે એનો અર્થ કે સહજ થાય તો. કર્તૃત્વબુદ્ધિની વાત નથી પણ બોલવામાં એમ બોલાય કે પુરુષાર્થ કરે તો થાય કેમકે બીજું કરે છે ને આ કરતો નથી, એટલે એની ભાષામાં સમજાવવું પડે છે. કર્તાપણામાં ઊભો છે એટલે એની ભાષાથી સમજાવવું પડે છે. **'પણ અનાદિનો પરના અભ્યાસમાં પડ્યો છે..'** પણ ઊંધો પ્રૅક્ટિકલ કર્યા કરે છે, સ્વરૂપમાં મારાપણું કરવાને બદલે બીજી જગ્યાએ મારાપણું કરે છે અને સતત કર્યા જ કરે છે. **'તેથી ગ્રહણ થતો નથી.'** બીજું ગ્રહણ થઈ શકતું નથી તેને વારંવાર ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે છે, પુરુષાર્થ કરે છે પ્રયોગ કરે છે. (પણ) જે ગ્રહણ થઈ શકે છે, થઈ શકે એમ છે એને ગ્રહણ કરતો નથી. ઊંધો ચાલે છે પરિણામમાં ઊંધો ચાલે છે. **'પોતા તરફનો અભ્યાસ કરે તો પોતાની સમીપ જ છે, દૂર નથી.'** જો પોતા તરફનો અભ્યાસ કરે, અભ્યાસ એટલે પ્રયોગ. આ પ્રયોગની પ્રૅક્ટિસ, તે પોતાની સમીપ જ છે. 'અનુભવ પ્રકાશમાં' આવે છે. નિજ પરમાત્માને દૂર ન દેખ, નિજ પરમાત્માને દૂર ન દેખ કેમકે પ્રગટ ને પ્રત્યક્ષ છેને! આડ મારવાની જરૂર નથી.

મુમુક્ષુ :- છતાંને અણછતો શું કામ કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- છતાંને અણછતો ન કરવો. અને છતાંને અણછતો કરીશ તો પણ એમાં તો કાંઈ ફેર પડવાનો નથી. તું તારા સુખ-દુઃખનો વિચાર કરી લે. પછી પાછો પ્રશ્ન કર્યો છે.

## પ્રશ્ન ૧૭૫ ઉપર પ્રવચન

**પ્રશ્ન :– અનંતકાળમાં શું આવો અભ્યાસ જીવે નહિ કર્યો હોય?**

**સમાધાન :– જીવે અભ્યાસ તો કર્યો છે, પણ અપૂર્વતા નથી લાગી. અપૂર્વતા લાગવી જોઈએ કે આ કાંઈ જુદું જ છે. અંતરમાં યથાર્થ દેશનાલબ્ધિ થઈ હોય તે નિષ્ફળ જતી નથી, એવી રીતે અપૂર્વતા પ્રગટ થઈ હોય તો સફળ થાય જ. જીવે અનંતકાળમાં ઘણું કર્યું પણ તેમાં અપૂર્વતા લાગી નથી. આ કાંઈ અપૂર્વ છે તેમ પોતાને પોતાના આત્માનો વિશ્વાસ અંતરમાંથી આવવો જોઈએ.૧૭૫.**

**'પ્રશ્ન :- અનંતકાળમાં શું આવો અભ્યાસ જીવે નહિ કર્યો હોય?'** આપ કહો છો એ પ્રકારનો અભ્યાસ અનંતકાળમાં જીવે નહિ કર્યો હોય? કારણકે જીવ મોક્ષ લેવા માટે તો દ્રવ્યલિંગી સાધુ થયો, પંચમહાવ્રતાદિ કઠિનમાં કઠિન તપશ્ચર્યાપૂર્વક મહેનત કરી,

પરિશ્રમ કર્યો, પરિશ્રમ ખૂબ કર્યો છે. તો આવો અભ્યાસ નહિ કર્યો હોય? એમ કહે છે. તો કહે છે કે અભ્યાસ કર્યો છે એટલે કાંઈક પ્રયત્ન કર્યો છે પણ અપૂર્વતા લાગી નથી. **'અપૂર્વતા નથી લાગી.'** ઓઘે..ઓઘે..ઓઘે..ઓઘે..ઓઘે કર્યો છે. ઓળખાણ સુધી પહોંચીને વિધિક્રમે ઓળખાણ સુધી પહોંચીને ઓળખે તો એની અપૂર્વતા લાગે. અને તો જ એ મહિમા આવે ઈ અનુભવ લઈને આવે. **'અપૂર્વતા લાગવી જોઈએ કે આ કાંઈ જુદું જ છે.'** વાત જુદી જ છે. એ જુદી રીતે એની અપૂર્વતા લાગવી જોઈએ. અપૂર્વ શબ્દ તો શબ્દ છે, પણ એનું વાચ્ય તો અનુભવગોચર છે. પોતાને ખબર પડે કે મને મારા સ્વરૂપની મહિમાના, જાગૃતિના પૂર્વે કદી આવા પરિણામ થયા નથી એવા પરિણામ મારા અત્યારે ચાલે છે. બરાબર ખબર પડે. મુમુક્ષુની ભૂમિકામાં એને પોતાને બરાબર અપૂર્વ જાગૃતિ આવે, મહિમા આવે ત્યારે એને ખબર પડ્યા વગર રહે નહિ. એ અપૂર્વતા નથી આવી. પૂર્વાનુપૂર્વ બધું કરી દીધું છે દ્રવ્યલિંગી પર્યંતનું, પરંતુ અપૂર્વતા આવી નથી. આખી જાતફેરના પરિણામ થઈ જાય. **'અપૂર્વતા લાગવી જોઈએ કે આ કાંઈક જુદું છે.'** જુઓ! બધાને અનુભવ સરખો જ છે. ઈ કહે છે એવો એક પ્રકાર આવીને ઊભો રહે છે કે, અપૂર્વતા લાગે છે. એવી જાગૃતિ આવી જાય છે. સાવધાની એવી આવી જાય છે. અપૂર્વ લાગે પોતાને જ! અનંતકાળમાં આ જીવને આવી જાગૃતિ નથી આવી, ચોક્કસ લાગે નહિતર અનંતકાળ કાંઈ ખબર નથી કેવો ગયો છે, તોપણ ખબર પડે એવો પ્રકાર છે. **'અંતરમાં યથાર્થ દેશનાલબ્ધિ થઈ હોય તે નિષ્ફળ જતી નથી,..'** અહીંયાં નાખ્યા, જ્ઞાનીના નિમિત્તને - ગુરુને આમાં વચ્ચે નાખ્યા કે અંતરમાં યથાર્થ દેશનાલબ્ધિ થઈ હોય, શ્રીગુરુની વાતને ઝીલી હોય. શેમાં? રાગમાં નહિ અંતરમાં લીધું છે, આત્મામાં ઝીલી હોય. જ્ઞાનમાં ઝીલી હોય એટલે આત્મામાં ઝીલી હોય. આત્મામાં આત્મભાવે ઝીલી હોય, આત્મામાં આત્મરુચિએ કરીને ઝીલી હોય. એ નિષ્ફળ નહિ જાય. ભગવાનની અમૂલ્ય વાતને.. પછી ભલે તીર્થંકર ભગવાન હોય કે ગુરુ ભગવાન હોય એ તો પોતાના માટે તો ભગવાન અને પ્રભુ જ છે. શું? તો કહે છે કે એને હું શું કરવા નીચે પડવા દઉં. અમૂલ્ય એવી વાત છે ને હું શું કરવા ન ઝીલું? અંદરથી એમ આવવું જોઈએ કે આપની વાત ઝીલવા માટે હવે મારો આત્મા તૈયાર છે. નહિ જાવા દઉં, હવે એને જાવા દઈશ નહિ. એવો વિર્યોલ્લાસ આવે અને યથાર્થ દેશના ઝીલી હોય એનો નિવેડો થઈ જશે, નિષ્ફળ નહિ જાય. જ્ઞાનીઓએ મુમુક્ષુને કેટલો ઊભો રાખ્યો છે! કેટલી એને એમ પ્રેરણા આપી છે! એને ઉત્સાહ આવે એવી વાત કરે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પૂર્વે જે લબ્ધિઓ પ્રગટ થઈ અનંતવાર એ બધી ઉપર ઉપરની

કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ તો અંતરમાં દેશનાલબ્ધિ આવી ચારમાંય તે. પેલી ત્રણ તો સહેજે-સહેજે છે એની સાથે પછી. સહેજે-સહેજે એની સાથે છે.

મુમુક્ષુ :- તો પછી એને તો દેશનાલબ્ધિ કહેવાય જ નહિને? જ્યાં સુધી અંતરમાંથી ન પ્રગટ થાય એને દેશનાલબ્ધિ કઈ રીતે કહીએ?

પૂજ્ય ભાઈશ્રી :- એ દેશનાલબ્ધિ એવી ધારે છે (ધારણા કરે છે) એટલે થોડું કહેવાય છે એને કેમકે એ વખતે મિથ્યાત્વના પરમાણુઓ અંતઃ કોડાકોડીમાં આવી જાય છે. એ બધું થોડુંક યોગ્યતામાં આવે છે, હજી પણ ફરી પાછો વળી જાય છે. થોડુંક યોગ્યતામાં આવે છે ને ફરી પાછો વળી જાય છે. બધું ભૂંસી નાખે, ભૂંસાડી નાખે છે. થોડું ઘણું લીધું હોય ઈ ભૂંસાડી નાખે છે. આવું બધું થાય છે ખરું. થાય છે એ કહે છે. અને થાય છે ત્યારે જીવને પોતાને પણ લાગે છે કે નાના કાંઈક થયું, ફેરફાર થયો મારામાં. પણ વળી પાછો ઊલટે રસ્તે ચડી જાય છે.

મુમુક્ષુ :- ત્યારે એણે ક્યાં જ્ઞાનીનું પરિણમન તો જોયું જ ન હોય?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીનું પરિણમન જોવે એટલે તો પછી એને તો પહેલું સમકિત થઈ ગયુ. એ તો આજ્ઞાકારિતામાં આવી ગયો. 'વર્તે સદ્ગુરુ લક્ષ' 'સ્વચ્છંદ મત આગ્રહ તજી વર્તે સદ્ગુરુ લક્ષ.' એ તો સીધો સદ્ગુરુએ જે લક્ષ બતાવ્યું એમાં વર્તવાનું ચાલુ થઈ ગયું. પોતાની બધી વાત મૂકી દે. કાંઈ કોઈ મારી વાત મારે રાખવાનો સવાલ રહેતો નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અધ્યાત્મ શૈલીથી આપણે એને દેશનાલબ્ધિ ન કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે એ શું છે કે જે કાંઈ થયું છે એ અનંતવાર એવું થયું છે, એમ ટોડરમલજીએ વાત લીધી છે કે, ચાર લબ્ધિ,.. કુલ પાંચ લબ્ધિ હોય છે એમાં ચાર લબ્ધિ છે એ આગમ પદ્ધતિની વાત થઈ. એ અનંત વાર થઈ છે એક કરણલબ્ધિ થઈ નથી. પણ કરણલબ્ધિના પરિણામ તો છેલ્લી સેકંડોના છે. સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિ પહેલાની સેકંડોના છે. અહીંયાં એ પહેલાની થોડીક વાત કરે છે કે જે દેશનાલબ્ધિ છે એનો એક પ્રકાર એવો છે કે યથાર્થપણે અંતરમાં આત્માએ ઉપદેશ ઝીલ્યો હોય તો જેના તરફથી ઉપદેશ મળ્યો હોય એની અંતર પરિણતિના એ દર્શન કરી લ્યે છે. અને કોઈપણ બાબતનો પોતાનો આગ્રહ પણ મૂકી દ્યે છે. જ્યાં-જ્યાં વજન આપ્યું છે ઉઠાડી લ્યે છે. 'વર્તે સદ્ગુરુ લક્ષ.' બસ સમકિત તેને ભાખિયું. એ પ્રત્યક્ષ નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનું કારણ જોઈને એને સમકિત કહેવામાં આવ્યું છે. એટલે સચોટ કારણ છે. એમ કહે છે. **'અંતરમાં યથાર્થ દેશનાલબ્ધિ થઈ હોય તે નિષ્ફળ**

**જતી નથી, એવી રીતે અપૂર્વતા પ્રગટ થઈ હોય તો સફળ થાય જ.'** 'જ' વાપર્યો છે. મોક્ષમાર્ગ પહેલાના મુમુક્ષુની ભૂમિકાના કેટલાક સચોટ કારણોથી જ્ઞાનદશા પ્રગટ થાય છે. એ વાત બહેનશ્રીની ચર્ચામાં અનેક પ્રકારે આવી છે. એટલે ગુરુદેવ જે ખુશ થઈ ગયા એનું કારણ એ છે. આવો સરસ સ્વાધ્યાય આપતા હતા એમ! આ તો મુમુક્ષુને બહુ કામની ચીજ છે. કેમકે એને મુમુક્ષુની ભૂમિકામાં એક આધાર મળી જાય છે. એમ મારી ભૂમિકામાં આવું સરસ કારણ થઈ જાય! કે મને પછી વાંધો જ ન આવે. ગેરેન્ટેડ મને સફળતા મળે જ? કે હા! એવી ભૂમિકા આવે છે ખરી. એવી રીતે અપૂર્વતા પ્રગટ થઈ હોય તો સફળ થાય જ. થાય, થાય ને થાય. પોતાના અનુભવથી વાત કરે છે. **'જીવે અનંતકાળમાં ઘણું કર્યું પણ તેમાં અપૂર્વતા લાગી નથી.'** કર્યું છે પૂર્વાનુપૂર્વ પૂર્વાનુપૂર્વ, ઓઘે, ઓઘે કર્યું છે એમાં કોઈ અપૂર્વતા આવી નથી. **'આ કાંઈ અપૂર્વ છે તેમ પોતાને પોતાના આત્માનો વિશ્વાસ અંતરમાંથી આવવો જોઈએ.'** અને છે પણ અપૂર્વ, એની અપૂર્વતા ભાસવી જોઈએ. વિશ્વાસ આવે એટલે એને ભાસવી જોઈએ તો જ એનું મૂલ્યાંકન બીજી રીતે થાય. અપૂર્વતા ભાસે તો એનું મૂલ્યાંકન બીજી રીતે થાય. જગતમાં ક્યાંય આવી મૂલ્ય કરવા જેવી વાત, આનું જે મૂલ્ય થાય છે એવી મૂલ્ય કરવા જેવી કોઈ વાત, કોઈ પદાર્થ, કોઈ પ્રસંગ કાંઈ છે નહિ. પોતાને એવું લાગવું જોઈએ કે મારું કોઈ પરમ સૌભાગ્ય છે કે આવી કોઈ અપૂર્વ વાત મારી સામે આવી. હવે મારે આ દાવને જાવા દેવો નથી! નિષ્ફળ થવા દેવો નથી! ત્રણલોકનો નાથ થઈને લોકના શિખરે જઈને બિરાજે એનું આ બીજ છે. ઓલો તો વડલો છે, એનું આ બીજ છે. બિયારણની કિંમત બહુ હોય છે. ખેતી કરતા હોય એને ખબર હોય. તમે એક કિલો ઘઉં લેવા જાય અત્યારે તો માનો કે ૧૦ રૂપિયા લાગતા હોય. ૧૦૦૦ રૂપિયે ક્વિન્ટલ હોય તો ૧૦ રૂપિયાના કિલો લાગે પણ બિયારણના જે ઘઉં હોયને એ એક કિલોના ૧૦૦૦ રૂપિયા લાગે. દસ રૂપિયા ન લાગે, સો રૂપિયા ન લાગે, ૧૦૦૦ રૂપિયા લાગે. બિઝનેસ ચાલે છે બિયારણનો, બી તૈયાર કરીને આપે. એની કિંમત ઘણી હોય. એમ અહીંયાં એમ કહે છે કે આ બધી બીજભૂત વાતો જે છે એની તને કિંમત એવી લાગવી જોઈએ, એવી લાગવી જોઈએ કે કોઈ અપૂર્વ વસ્તુ છે એવી લાગવી જોઈએ! કે આનું મૂલ્ય જ ન થાય, કોઈ રીતે આનું મૂલ્ય થાય નહિ! એવી અપૂર્વતા લાગે તો જ એનો યથાયોગ્ય તથાપ્રકારનો પુરુષાર્થ ઊપડે. નહિતર હોતા હૈ ને ચલતા હૈ એવું થઈ જાય. અને અત્યાર સુધી હોતા હૈ ચલતા હૈ એમ જ બધું કર્યું છે. અને જે કાંઈ કર્યું એ બધું ઓઘે-ઓઘે કોઈ અપૂર્વતા ભાસીને, આવીને કર્યું હોય એવું નથી. બહુ સરસ વાત લીધી છે.

આશય :- (૧૭૪) **પોતાનું સ્વરૂપ પોતામાં પ્રગટ છે. જરાપણ દૂર નથી. અને ગ્રહણ થઈ શકવા યોગ્ય સ્થિતિમાં છે, તેવું બતાવીને ગ્રહણ કરવાની પ્રેરણા આપી છે.**

આશય :- (૧૭૫) **આત્મકલ્યાણ કરવાનો ભાવ અપૂર્વતા લાવીને થવો ઘટે છે. એવા ભાવે પ્રત્યક્ષ દેશનાનો યોગ થાય તો અંતરમાં યથાર્થ દેશનાલબ્ધિની પ્રાપ્તિ થાય, કે જે અવશ્ય સફળ થાય જ. તેથી તેવી અપૂર્વતા આવવી જોઈએ.**

**પ્રશ્ન :- મુમુક્ષુએ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો?**

**ઉત્તર :- સામાન્ય અપેક્ષાએ તો, શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય, ચિંતન શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય. વિશેષ અપેક્ષાએ, પોતાની પરિણતિ જેમાં ટકતી હોય અને પોતાને જેનાથી વિશેષ લાભ થતો જણાય તે કરવું. જો શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાને નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો અને જો ચિંતનથી નિર્ણયમાં દૃઢતા થતી હોય. વિશેષ લાભ થતો હોય, તો એવું પ્રયોજનભૂત ચિંતન વિશેષ કરવું. પોતાની પરિણતિને લાભ થાય તેમ કરવું. પોતાની ચૈતન્યપરિણતિ આત્માને ઓળખે એ જ ધ્યેય હોવું જોઈએ. તે ધ્યેયની સિદ્ધિ અર્થે દરેક મુમુક્ષુએ આમ જ કરવું જોઈએ એવો નિયમ ન હોય.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૪૨૧**

**પ્રશ્ન :– આત્મપ્રાપ્તિ માટે ત્યાગ–વૈરાગ્યની મુખ્યતા છે ખરી?**

**સમાધાન :– પ્રથમ આત્મા કેમ પમાય તેની ભાવના, તત્ત્વવિચાર, સ્વાધ્યાય મુખ્ય હોય છે. ત્યાગ–વૈરાગ્યમાં પણ જેટલો પોતે આત્મા તરફ વળે એટલી અંદરથી વિરક્તિ આવે અને બહારનો રસ ઊતરી જાય. અંતરમાં અમુક પ્રકારે એ બધું હોય છે. પ્રથમ સાચી સમજણને માટે તત્ત્વવિચાર, સ્વાધ્યાય, શ્રવણ–મનન તે હોય છે. ત્યાગ–વૈરાગ્ય તો જેટલો અંતરમાંથી વિભાવનો રસ છૂટે, એટલો હોય. અંતરમાં આત્મા તરફ વળે એટલી વિરક્તિ તો ભૂમિકા પ્રમાણે હોય જ. તેની સાથે સાચી સમજણ માટે સ્વાધ્યાય–વિચાર–મનન બધું હોય છે, પણ અમુક વિરક્તિ તો હોવી જ જોઈએ.૧૭૬.**

## તા. ૨૪-૫-૧૯૯૭, પ્રશ્ન-૧૭૬થી૧૭૭
## પ્રવચન નં. ૧૨૯

'સ્વાનુભૂતિદર્શન', ૧૭૬મો પ્રશ્ન, પાનું-૧૨૧

'**પ્રશ્ન :- આત્મપ્રાપ્તિ માટે ત્યાગ-વૈરાગ્યની મુખ્યતા છે ખરી?**' એટલે કે અમુક ત્યાગ-વૈરાગ કરવો પડે, વૈરાગ્યપૂર્વકનો ત્યાગ - એને ત્યાગ-વૈરાગ્ય કહે છે.

'**સમાધાન :- પ્રથમ આત્મા કેમ પમાય તેની ભાવના,..**' સૌથી પહેલા વાત શું લીધી? કે આત્મપ્રાપ્તિ કેમ થાય? તેની ભાવનાની જરૂર છે. ભાવનાપૂર્વક તત્ત્વવિચાર, પછી ભાવનાપૂર્વક સ્વાધ્યાય આટલું મુખ્ય હોય છે. મુમુક્ષુની ભૂમિકામાં ત્યાગ-વૈરાગ્ય પહેલેથી નથી. આત્મપ્રાપ્તિની ભાવના, ભાવનાપૂર્વક તત્ત્વવિચાર એ તત્ત્વવિચારના સાધનમાં સ્વાધ્યાય પછી '**ત્યાગ-વૈરાગ્યમાં પણ જેટલો પોતે આત્મા તરફ વળે એટલી અંદરથી વિરક્તિ આવે અને બહારનો રસ ઊતરી જાય.**' અહીં ત્યાગ ન લીધો કે આ છોડવું, આ ચીજ છોડવી એમ વાત ન લીધી. વૈરાગ્યનો વિષય લીધો. વિરક્તિ અને રસ ઊતરી જવો એ વૈરાગ્ય છે. શબ્દ બન્ને વાપર્યા છે પણ ત્યાગ લીધો નથી. પ્રશ્નમાં ત્યાગ-વૈરાગ્ય છે (એટલે) તે ત્યાગ-વૈરાગ્ય શબ્દ વાપર્યો છે પણ ભાવનાથી, તત્ત્વવિચારથી, સ્વાધ્યાયથી જેટલો આગળ વધે. આત્મા તરફ વળે એટલે શું છે? કે આત્માપ્રાપ્તિની દિશામાં જેટલો આગળ વધે એટલી અંદરથી વિરક્તિ આવે. કેમકે એકબાજુ ઝૂકે તો બીજી બાજુનો ઝુકાવ છૂટે. જે આસક્તિ બાજુનો ઝુકાવ છે એ વિરક્તિથી ઘટતો જાય

છે. ઓછો થતો જાય છે. જેટલી વિરક્તિ અને જેટલું નિરસપણું આવે એટલો વૈરાગ્ય ગણવામાં આવે છે અથવા એટલી ઉદાસીનતા ગણવામાં આવે છે. કૃપાળુદેવ ઉદાસીનતા શબ્દ વધારે વાપરે છે. મુમુક્ષુની ભૂમિકા છેને! એટલે વૈરાગ્ય મુખ્યપણે જ્ઞાનીને લીધો છે, મુનિઓને લીધો છે. મુમુક્ષુની ભૂમિકામાં ઉદાસીનતા લીધી છે. જ્ઞાનીને, મુનિને (પણ) ઉદાસીનતા કહેવાય છે. શબ્દ તો બધા બધે વપરાય છે. પણ 'નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો' એ ૧૭૨માં લીધું. એટલે મુમુક્ષુને આ બાજુ જેટલો આગળ વધે એટલો ઉદાસીનતાનો ક્રમ ચાલુ થાય. એટલે ઉદાસીનતા આવે એની ડિગ્રી વધતી જાય એ ઉદાસીનતાનો ક્રમ છે. ઉત્તરોત્તર ઉદાસીનતા વધતી જાય. વિરક્તિ આવે એને બહારનો રસ ઊતરી જાય, એટલે બહારના પ્રસંગો અને ભોગ-ઉપભોગના પદાર્થો એ બધામાંથી રસ ઊતરી જાય. **'અંતરમાં અમુક પ્રકારે એ બધું હોય છે.'** અમુક પ્રકારે એટલે શું? તો કે જે-જે રીતે, જેટલી જેટલા-જેટલા સ્ટેજમાં આવે એ પ્રકારે એ બધું હોય છે. ઉદાસીનતા, વિરક્તિ, વિરક્તિને વૈરાગ્ય કહો, વૈરાગ્યને વિરક્તિ કહો, ઉદાસીનતા કહો એ હોય છે. **'પ્રથમ સાચી સમજણને માટે તત્ત્વવિચાર, સ્વાધ્યાય, શ્રવણ-મનન તે હોય છે.'** ભાવનાપૂર્વક લઈ લેવું. ભાવના તો પાયાની વાત છે. નહિતર તત્ત્વવિચાર, સ્વાધ્યાય, શ્રવણ એ બધું શુષ્ક થઈ જાય. જો ભાવના વિનાનું હોય તો શુષ્ક થઈ જાય. અને ક્ષયોપશમના અહંભાવનો એટલે કે શાસ્ત્રીય અભિનિવેશનું પણ કારણ થઈ જાય કે, 'હું સમજું છું.' એ વાત ઊભી થાય એમાંથી.

મુમુક્ષુ :- ભાવનાનું વાચ્ય શું લેવું છે?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનાનું વાચ્ય પ્રાપ્તિની તીવ્ર ઇચ્છા. ઇચ્છા શબ્દ છે એ આપણે સામાન્ય છે એટલે આમાં નથી વાપરતા. પ્રાપ્તિની તીવ્ર ઇચ્છાને ભાવના કહેવામાં આવે છે કે જે તીવ્ર ઇચ્છાને વશાત જીવ પોતાની ભાવનાપૂર્તિ અથવા ઇચ્છાપૂર્તિ માટે પ્રયત્ન કર્યા વિના રહી શકે નહિ. એ એનું ઉપલક્ષણ છે કે ભાવનાવાળાનો પ્રયાસ ચાલે, ચાલે ને ચાલે જ. જો પ્રયાસ ન ચાલે તો ઉપર-ઉપરની ઇચ્છા સમજવી, ભાવના નહિ.

મુમુક્ષુ :- ભીંજાયેલું હૃદય લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો જે શુષ્કતા નથી આવતી એનું કામ શું છે? કે ભાવના વિશેષ હોય તો એને ભાવનાથી ભીંજાયેલું હૃદય પણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- શુષ્કતા નથી આવતી ત્યાં?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાવના યથાર્થ હોય એટલે શુષ્કતા ન આવે. તે **'ત્યાગ-વૈરાગ્ય તો જેટલો અંતરમાંથી વિભાવનો રસ છૂટે,..'** જો એ વાત પહેલા એ રસની વાત લીધી. ફરીને રસની વાત લીધી. કેમકે આ ભૂમિકા રસ તોડવાની છે. રસ તોડવાની

શરૂઆત અહીંથી થાય છે. જ્ઞાનદશામાં પણ રસ જ તૂટે છે. ચોથા ગુણસ્થાને અવિરત સમ્યગ્દૃષ્ટિ લીધા છે. તો મુમુક્ષુ આગળ વધીને મુમુક્ષુતા પૂર્ણ કરીને પછી જ્ઞાનદશામાં પ્રવેશ કરે છે. અને પહેલા જ્ઞાનદશામાં પ્રવેશ કરે ત્યારે તેને અવિરતી વિશેષણ લાગે છે. કેવું વિશેષણ લાગે છે?

મુમુક્ષુ :- અવિરતી.

પૂજ્ય ભાઈશ્રી :- અવિરતીનું વિશેષણ લાગે છે એટલે કે બાહ્ય ત્યાગ ત્યાં કોઈ compulsory નથી. તો મુમુક્ષુને તો compulsory હોવાનો સવાલ જ નથી. જ્યારે જ્ઞાનીને compulsory નથી તો મુમુક્ષુને compulsory હોવાનો સવાલ નથી. તો પછી છે શું? કે વાત એ છે કે રસ તૂટવો જોઈએ. રસ તૂટતા...તૂટતા... તૂટતા...તૂટતા...તૂટતા મુમુક્ષુતામાં છેલ્લી હદ સુધી રસ તૂટીને પછી જ્ઞાનદશામાં આવે ત્યારે પણ રસ તૂટતા...તૂટતા...તૂટતા...તૂટતા પછી પંચમ ગુણસ્થાનમાં આવે ત્યારે ત્યાગ શરૂ થાય. પણ ઈ મુમુક્ષુતાના પ્રારંભથી લઈને ચોથા ગુણસ્થાનના અંત સુધી રસ તોડવાની પ્રક્રિયા ચાલે છે પરિણામની. મુમુક્ષુની ભૂમિકામાં રસ તોડવાનો રામબાણ પ્રયોગ અવલોકન છે. નિજ પરિણામોનું અવલોકન કરવું, પોતાના દોષોનું અપક્ષપાતપણે જોવું એ દોષનો રસ તૂટવાનો રામબાણ ઉપાય છે. આમ તો વેદના આવે ત્યારથી નિરસ થતો જાય. કેમકે વેદનાવાળાનો ક્યાંય ઉપયોગ ચાલે નહિ. ઉદયમાં ઉપયોગ ન ચાલે. વેદના એવી આકરી ચીજ છે જરા. ઝૂરણા જેવી વાત છેને! એટલે ત્યારથી નિરસતા આવી એ નિરસતા અવલોકનમાં વિશેષ પ્રકારે આવી. જ્ઞાનદશામાં એથી વિશેષ પ્રકારે આવે છે. તો જેમ ઉપર જાય એમ નિરસતા વધતી જાય છે. પછી કોઈ શું કરે છે? પહેલા વિશેષ પરિણામમાં કષાયની મંદતા હોય તો ત્યાગ પણ કરી લ્યે. તો એનો કાંઈ નિષેધ નથી કે ત્યાગ કરવો જ નહિ. એકલો રસ જ ટૂટે અને ત્યાગ કરવો જ નહિ, એવો કોઈ નિષેધ નથી. પોતાને સહેજે પરિણામ મંદ રહેતા હોય તો ત્યાગ કરવાની પણ છૂટ છે. એટલે ત્યાગ-વૈરાગ્ય સાથે લઈ લે છે. કોઈ ત્યાગમાં આવે પણ છે.

મુમુક્ષુ :- દરેક જ્ઞાનીના ત્યાગ-વૈરાગ્ય જુદાં-જુદાં હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે વૈરાગ્ય સરખો હોય, ત્યાગ જુદાં-જુદાં હોય છે. વૈરાગ્ય તો બરાબર હોય. જ્ઞાનીને જ્ઞાનીની ભૂમિકાનો વૈરાગ્ય હોય, ત્યાગ બધાને એક સરખો ન હોય. કેમકે કોઈ ઈન્દ્ર હોય, કોઈ ચક્રવર્તી હોય, કોઈ તિર્યંચ હોય એને કાંઈ ત્યાગ કરવાનો હોય જ નહિ લ્યો! તિર્યંચને કપડા નથી, દાગીના નથી, મકાન નથી, આબરૂ-કીર્તિ નથી. બીજી કોઈ સાધન સામગ્રી ને સગવડની એ વ્યવસ્થા કરતા નથી તો એને શું ત્યાગ કરવાનો રહ્યો? છતાં ચોથે ગુણસ્થાને પણ હોય અને પાંચમે

ગુણસ્થાને પણ હોય. એટલે એનો કોઈ નિયમ નથી. અને કોઈ મંદકષાયી હોય અને ત્યાગ કરે, મુમુક્ષુ હોયને ઈ પણ ત્યાગ કરે મંદકષાય હોય એ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જે રીતે કૃપાળુદેવનો વૈરાગ્ય, ગુરુદેવશ્રીનો વૈરાગ્ય, એમ માતાજીનો વૈરાગ્ય, આમાં કાંઈ ફેર નથી. થોડો ...

પૂજ્ય ભાઈશ્રી :- હા! પણ એમાં થોડો-થોડો ફેર ખરો! કૃપાળુદેવે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો અને ચાલુ રાખ્યો. વેપારમાં પ્રવેશ કર્યો ને વેપાર પણ ચાલુ રાખ્યો પણ અંતર્વૈરાગ્ય ઘણો હતો, એમ ન કહી શકાય કે અંતર્વૈરાગ્ય ઓછો હતો. તો કહે કે એની સાબિતી શું? તો કે એક જ ભવ રહ્યો. માટે બહારના ત્યાગ ઉપર કે બહારની શુભાશુભ પ્રવૃત્તિ ઉપર નિર્જરાનો હિસાબ-કિતાબ નથી. ઈ વિષય જરા વધારે ગહન છે. એ વિષય વધારે ગહન છે. અંતર્ પરિણતિ કામ કરે એના ઉપર કામ ચાલે. લોકોને પ્રવૃત્તિ દેખાય (જ્યારે) એ પ્રવૃત્તિ એમની મહાનિર્જરાનું નિમિત્ત થતી હોય. કોઈને સમજાય નહિ. પણ વસ્તુસ્થિતિ તો વસ્તુસ્થિતિ છે. કોઈ સમજે કે ન સમજે વસ્તુસ્થિતિ કાંઈ બદલતી નથી. એક ભવ પછી એ સિદ્ધાલયમાં જતાં રહેશે એ વાત નક્કી છે. એમના નિર્મળશ્રુત જ્ઞાનમાં એમ ભાસ્યું. 'ધારીને દેહ એક જ જાશું સ્વરૂપસ્વદેશ જો' તો કે એવું જ થાય? તો કહે કે કેવળજ્ઞાનમાં ભાસે એવી રીતે શ્રુતજ્ઞાનમાં ભાસે. એવો પ્રકાર હોય છે. વસ્તુસ્થિતિ છે એ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એવી રીતે એક ભવવાળા છે ને અમુક જ્ઞાનીના ચાર ભવ અને એક જ્ઞાની મુનિદશા અંગીકાર કરીને સ્વર્ગમાં ગયા, એક ગૃહસ્થાશ્રમમાંથી સ્વર્ગમાં ગયા તો વૈરાગ્યમાં તો મુનિદશા અંગીકાર કરી છેને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એ છે એ ઉપરના સ્વર્ગમાં જાય છે, મુનિઓ છે એ ઉપરના સ્વર્ગમાં જાય છે. અહીંથી જે ચોથા ગુણસ્થાનવાળા જ્ઞાનીઓ છે એ નીચેના સ્વર્ગમાં જાય છે. સનતકુમાર મહેન્દ્રમાં હોય છે. એમ બેમાં ફળમાં ફરક છે, કેમકે મુનિઓનો શુભભાવ ઉત્કૃષ્ટ છે. પંચમહાવ્રત-સમિતિ-ગુપ્તિનું પાલન કરે છે જે શુભભાવથી, એટલો શુભભાવ જ્ઞાનીને ચોથા ગુણસ્થાને નથી હોતો અને કેટલાક પાપના પરિણામો પણ હોય છે, વેપાર-ગૃહસ્થી વગેરેમાં. એટલે એમને શુભનો રસ પણ એટલો તીવ્ર નથી. એટલે શુભનો રસ તીવ્ર થતાં અઘાતિની સ્થિતિ મોટી પડે છે. જેમ અશુભનો રસ થતાં અઘાતિની સ્થિતિ મોટી પડે જેમકે ભાઈ બહુ અશુભનો રસ વધી જાય તો પહેલી નર્કના બદલે ત્રીજી નર્કમાં જાય એથી વધી જાય તો પાંચમીમાં જાય, સાતમી નર્કમાં જાય. એમ અશુભનો રસ વધતા જેમ અઘાતિ એટલે આયુષ્ય કર્મની સ્થિતિ લાંબી પડે એમ શુભનો રસ થતાં પણ અઘાતિની સ્થિતિ લાંબી પડે. ઘાતી-અઘાતિમાં

ઊલટું-સૂલટું છે. કર્મની પ્રકૃતિમાં એવા બધા હિસાબ-કિતાબ થોડાક વિચિત્ર છે. એટલે એ ઉપલા સ્વર્ગમાં જાય.

મુમુક્ષુ :- ઉપરના સ્વર્ગમાં જાય ભલે પણ ભવ વધે છે એની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભવ તો.. દરેકના ભૂતકાળ સરખા નથી. દરેકના સંચિત કર્મ સરખા નથી. દરેકના સંચિત કર્મની સ્થિતિ સરખી નથી. દરેકના પુરુષાર્થની તારતમ્યતા સરખી નથી, એવું છે. પણ આ કાળમાં, પંચમકાળમાં જે મુનિ થાય, ભાવલિંગી સંત એ (એમની સ્થિતિ) એકાવતારીથી લાંબી ન હોય. કેમકે અત્યારે સાતમું ગુણસ્થાન આવવું બહુ દુષ્કર છે. ચોથું સહેજે આવે સાતમું ગુણસ્થાન આવવું એટલું સહેલું નથી. પ્રચંડ પુરુષાર્થનો વિષય છે. ઈ હદે જે પહોંચ્યા મુનિઓ એ લગભગ એકાવતારી હોય, એને લાંબાપણું ન હોય. આ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, બધા જે મુનિઓ થયા, એ બધા મનુષ્ય થઈને (મુક્ત થઈ) જવાના. એવું અનુમાન છે હોં!!

મુમુક્ષુ :- લગભગ એવું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- શું કહે છે કે **'ત્યાગ-વૈરાગ્ય તો જેટલો અંતરમાંથી વિભાવનો રસ છૂટે એટલો હોય.'** હઠપૂર્વક ત્યાગ ન કરે અને રસ ન હોય, નિરસતા હોય તો છેલ્લે મૂકી દ્યે, મારે આ વસ્તુ છોડી દેવી છે. **'અંતરમાં આત્મા તરફ વળે એટલી વિરક્તિ તો ભૂમિકા પ્રમાણે હોય જ.'** એવું તો પહેલેથી જ શરૂ થાય. વેદનાથી જ વિરક્તિ શરૂ થાય ને એ તો હોય જ. કેમકે એ જો વિરક્તિ ન હોય તો ઈ તો અવરોધ છે, આસક્તિ તો અવરોધ છેજ તે. એને વિભાવરસ તો નડે જ છે. વિભાવરસ તો ચોક્કસ અવરોધ કરે જ છે. આત્મગુણને બાધક જ છે. એટલે વિભાવરસ તો ઘટવો જોઈએ, જોઈએ ને જોઈએ જ. તે વિરક્તિ અથવા અંતર્ વૈરાગ્ય અથવા ઉદાસીનતા એ અનિવાર્ય છે. એ નાસ્તિનું પડખું છે તોપણ અસ્તિ વધે ત્યાં નાસ્તિ ઘટે. નાસ્તિ એમ ને એમ રહે ને અસ્તિ વધે તેવું ક્યાંય હોય નહિ. એટલે જેટલા ચીકણા પરિણામ પહેલા થતાં હોય એટલા ચીકણા પરિણામ પછી...પછી...પછીની ભૂમિકામાં ન થાય. એની ચીકાશ ઘટતી જાય, ઘટતી જાય. ઉદય તેવો ને તેવો હોય તોપણ. '**તેની સાથે સાચી સમજણ..**' શું? વિરક્તિ તો અન્ય માણસોમાં પણ ઉદાસીનતા તો આવે છે- અન્યમતિમાં, પણ અહીંયાં તો વિરક્તિની '**સાથે સાચી સમજણ** (અને એ સમજણ) **માટે સ્વાધ્યાય-**' સત્સંગ, એ સ્વાધ્યાય-સત્સંગ ઉપર વિશેષ પોતાનો વિચાર, પોતાની સુવિચારણા અને ચિંતન-મનન એ બધું આપોઆપ સહેજે-સહેજે હોય છે. '**પણ અમુક વિરક્તિ તો હોવી જ જોઈએ.**' કેમકે પ્રશ્ન એ પૂછ્યો છે કે ત્યાગ-વૈરાગ્ય હોય કે નહિ? તો કહે છે કે, ભુમિકા પ્રમાણેની અમુક વિરક્તિ તો હોય હોય ને હોય જ.

એમાં ક્યાંય ફેર જ ન પડે એવું બને નહિ. કદાચ બાહ્યક્રિયામાં ફેર ન પડે તોપણ અંતર્ પરિણતિમાં તો ફેર પડે, પડે ને પડે જ. જેમકે ઈન્દ્ર છે કે ચક્રવર્તી છે એને તો જેટલા પુણ્ય છે એટલી જ બાહ્યક્રિયા રહેવાની. એ ઈન્દ્ર છે એ ઈન્દ્રાસન ઉપર આવીને બેસવાના. પછી એ એમ ન કહે કે આ તમે મારું સિંહાસન સાદુ બનાવી નાખો, લાકડાનું દેવદારના પાટિયા લાવીને. એ તો ઈ હીરા ને રત્નજડિત જે હોય એ પ્રમાણે જ હોય. અને એને ગળામાં જે બધા દાગીના અને હાર પહેરતા હોય એમાં એમ ન કહે કે આ એક માળા ઓછી કરો, મારી વિરક્તિ થોડી વધી છે એમ ન હોય. એ તો એના જે અનુચર હોય છે, એના જે બીજા દેવો સેવક હોય છે એ બધા એને ઈ રીતે જ ઠઠાડે. એનો ઉપયોગ હોય કે ન હોય. પેલા તો બરાબર ઠઠાડે. આપ તો ઈન્દ્ર છો! આપને એમ શોભે જ કેવી રીતે? ઈન્દ્ર હોય ને આ બધું ન હોય એ કેવી રીતે શોભે? (ઈન્દ્ર કહે) એલા ભાઈ! અમારો ઉપયોગ નથી લાગતો, તો કહે એ આપનો ઉપયોગ નહિ લાગતો હોય તો નહિ લાગતો હોય પણ અમને નહિ ફાવે ઈ બધું. બરાબર ઠપકારે જ રાખે. એટલે એ રીતે ફર્ક ન પણ પડે, પણ પરિણામમાં ફર્ક પડે. પરિણામમાં એને રસ ન હોય. હોય તોપણ ભલે ને ન હોય તોપણ ભલે. એ તો એને અવધિજ્ઞાનમાં તો દેખાય જ ગયું છે કે અહીંથી ફલાણી જગ્યાએ મનુષ્ય થઈ ત્યાં સંપૂર્ણ ત્યાગ-વૈરાગ્ય કરીને સિદ્ધાલયમાં જઈશ, કેમકે એકાવતારી છે. સૌધર્મ ઈન્દ્ર છે એ એકાવતારી છે. **'અમુક વિરક્તિ તો હોવી જ જોઈએ.'** એનો અર્થ કે સહેજે-સહેજે અમુક વિરક્તિ તો હોય જ છે એમ. હોવી જ જોઈએ એટલે ખેંચીતાણીને વાત નથી, સહેજ હોય છે. રસ આવે જ નહિ અને આત્માનો જે રસ છે આત્મકલ્યાણનો જે રસ છે એ રસ જ એવો છે કે પેલા રસને ઠંડો કર્યા વગર રહે નહિ, ફીકો કર્યા વગર રહે નહિ. પશ્ચાતાપમાં જ રસ તૂટવા મંડેને કે અરે! મેં કેવા-કેવા પરિણામ કર્યા હતા! કેટલું કેટલું મારું અહિત કર્યું મેં! મેં મારા આત્માની દયા પાળી નહિ! 'અધમા અધમ અધિકો પતિત' એટલે રસ ઠંડો થાય જ તે ઈ તો. એકદમ સ્વભાવિક છે એ તો. ૧૭૬ થયો.

**પ્રશ્ન :- સત્ સરળ છે, સુગમ છે, સહજ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ છે તો અમને એવું કેમ ભાસતું નથી?**

**સમાધાન :- સત્ આત્માનો સ્વભાવ છે માટે સહજ છે. તેને કાંઈ બહાર ગોતવા જવું પડતું નથી કે માંગવા જવું પડતું નથી કે પર વસ્તુમાંથી આવતું નથી. પોતાનો સ્વભાવ છે માટે સુગમ છે, સહજ છે, સરળ છે. પણ અનાદિના**

**વિભાવના અભ્યાસના કારણે દુર્લભ છે. પોતાનો સ્વભાવ છે માટે સહજ છે. પોતે જ છે, કાંઈ બીજો નથી માટે સહજ છે. પ્રગટ કરે તો અંતર્મુહૂર્તમાં થાય છે, અને ન કરે તો અનંતકાળ જાય છે. પોતાને વિભાવનો અનાદિનો અભ્યાસ છે એટલે પ્રગટતો નથી. બાકી સ્વભાવ પોતાનો છે, પોતામાંથી પ્રગટે છે. બહારથી નથી આવતો. બહાર ક્યાંય શોધવા જવું પડતું નથી. પોતામાં જ ભરેલું છે તે પ્રગટ કરવાનું છે.૧૭૭.**

## પ્રશ્ન ૧૭૭ ઉપર પ્રવચન

'**પ્રશ્ન :- સત્ સરળ છે, સુગમ છે, સહજ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ છે તો અમને એવું કેમ ભાસતું નથી?**' કૃપાળુદેવને ભાસ્યું, આ કૃપાળુદેવનું ૨૧૧માં પત્રનું વચનામૃત છે. ૨૦૭માં પણ લીધું છે પણ ત્યાં થોડી વિશેષ વાત લીધી કે સત્ સુગમ છે અને સરળ છે, સર્વત્ર એની પ્રાપ્તિ પણ હોય છે. તોપણ સત્‌ને બતાવનાર સત્ જોઈએ. એટલી condition એમણે ૨૦૭માં નાખી છે. પછી એ વાતને દોહરાવી છે એમણે ૨૧૧માં.

'**સમાધાન :- સત્ આત્માનો સ્વભાવ છે માટે સહજ છે.**' આત્મસ્વરૂપ જ સહજ છે એટલે એને સહજાત્મક સ્વરૂપ કહેવામાં આવે છે. સહજ એટલે શું? સ્વતઃ કોઈથી નહિ કરાયેલું એવું અકૃત્રિમ, એનું નામ સહજ કે જેને કોઈ કારણ લાગુ પડે નહિ. શું કરવા આત્મા એવો છે? અનંત અનંત ગુણોથી સમૃદ્ધ એવો પદાર્થ એવો શું કરવા છે? કે ઈ સહેજે એમ જ છે કોઈ કારણ નથી, એનું કોઈ કારણ નથી. સ્વભાવને કારણ ન હોય તેથી સ્વભાવના કારણનો તર્ક પણ ન હોય એમ છે. એટલે સત્ સહજ છે પહેલું શું લીધું.

ત્યાંથી શરૂ કર્યું ઉત્તરમાં કે, '**સત્ આત્માનો સ્વભાવ છે માટે સહજ છે. તેને કાંઈ બહાર ગોતવા જવું પડતું નથી..**' બહારમાં એને ક્યાંય શોધવું પડતું નથી, કોઈની પાસે '**માંગવા જવું પડતું નથી..**' કે મારો આત્મા તું લાવી દે ક્યાંકથી '**કે પર વસ્તુમાંથી આવતું નથી.**' એટલે પરાધીન નથી. આ ત્રણેય બોલ પરાધીનતામાં આવી જાય છે. સત્ સ્વાધીન છે, પરાધીન નથી. એટલે બહારમાં ગોતવું પડે નહિ, માંગવું પડે નહિ કે બહારમાંથી ક્યાંય આવે તો થાય નહિતર ન થાય એવું નથી. '**પોતાનો સ્વભાવ છે માટે સુગમ છે,..**' પોતાનો જ સ્વભાવ હોવાથી સુગમ છે. સુગમ એટલે શું? સહેલાઈથી

ગમ પડે તેવું - એનું નામ સુગમ. સહેજે-સહેજે સહેલાઈથી ગમ પડે તેવું. ગમ એટલે શું? કે ઓળખાવું કે આવું. જેમ સોનું ઓળખાય ત્યારે એમ કહેવાય કે સોનામાં એને ગમ પડશે બીજાને ગમ નહિ પડે એનો (અર્થ એમ.)

મુમુક્ષુ :- ગતાગમ કહીએને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગતાગમ કહેને! એમ ઓળખાય એવું છે. પોતાને પોતાનું સહજ સ્વરૂપ હોવાથી ઓળખાય એવું છે. અને એના માટે આપણે ૧૭૨ નંબરનો પ્રશ્ન ચાલી ગયો કે, ઓળખાય તે રીતે જ અનુભવમાં આવી રહ્યું છે. ઓળખાય તે રીતે પ્રત્યક્ષપણે તને અનુભવમાં આવી રહ્યું છે માટે સુગમ છે. તને પ્રત્યક્ષ પ્રગટપણે અનુભવમાં આવી રહ્યું છે એમાં દુર્ગમ શું હોય? કેવી રીતે દુર્ગમ હોય? એ કહે તો પછી. સહજ છે અને સુગમ પણ છે. માટે સુગમ છે, સહજ છે અને એ જે સુગમ હોય તે અસરળ કેવી રીતે હોય? માટે સરળ પણ છે જ. સત્ સરળ છે તેથી સ્વભાવે કરીને, સ્વરૂપે કરીને સત્ સરળ છે તેથી સરળતા એની પ્રાપ્તિનો ઉત્કૃષ્ટ ઉપાય છે. ઠીક! સરળતાનો આર્ટિકલ હમણા સંક્ષેપમાં ચાલી ગયો અને સરળતાને આપણે મુમુક્ષુની ભૂમિકાનો સૌથી ઊંચો ગુણ ગણ્યો છે. કોઈની સાથે ગમે તેટલો વાંધો પડ્યો હોય ઈ વાંધો વાંધાની જગ્યાએ ન્યાયસર હોય તો ભલે ઊભો રહે. પણ એ સિવાયની વાતમાં પછી સરળતા હોવી જોઈએ, અસરળતા નહિ હોવી જોઈએ.

ઉદય આવશે એટલે કોઈની સાથે કાંઈ, કોઈની સાથે કાંઈ, કોઈની સાથે તો કાંઈ થવાનું જ છેને! થયા વગર તો રહે જ નહિ. એમાં કોઈવાર સામાનું પણ થોડું-ઘણું કારણ હોય શકે છે અથવા પૂરું કારણ હોય ને પોતે ન્યાયમાં હોય, એકદમ માની લ્યો એમ પણ હોય, એ પણ બનવા યોગ છે કે સામાનો જ દોષ હોય ને પોતે તો ન્યાયસર હોય. કેમકે મને ન્યાયસર લાગે છે. (સામેવાળો કહે કે,) આ વાત મને બિલકુલ બરાબર લાગતી નથી. તો ઈ વાંધો વાંધાની જગ્યાએ ઊભો રહે, બીજી જગ્યાએ ઊભો રહે તો તે સરળતા નથી. એ અસરળતાનો પ્રકાર છે પછી.

મુમુક્ષુ :- શલ્ય થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- અસરળતાનો પ્રકાર (થઈ જાય), શલ્ય (થાય કે ન થાય) એ પછીની વાત છે, એ તો ન પણ થાય પણ અસરળતા તો થઈ જ જશે. અને અસરળતા થઈ એ આપણા સરળતાના પરિણામની વિરુદ્ધ ગયો. સરળતાના ગુણને હાનિ પહોંચી. to the point વાત એટલી છે. એટલે આ તો ચાલુ પરિણમનમાં સમજવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- પેલા વાંધાની અસર હેઠળ બીજો વ્યવહાર ન થવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- બીજો વ્યવહાર સરળ રહેવો જોઈએ, એમ કહેવું છે. તમે આમ કર્યું માટે હું અહીંયાં આમનું આમ કરું - એમ નહિ. તમે આમ કર્યું એની સામે મારો ત્યાં જ વાંધો છે, પછી બીજી જગ્યાએ મારો ક્યાંય વાંધો નથી. બીજી જગ્યાએ મારો વ્યવહાર સરળતાપૂર્ણ - પૂર્વવત્. કેવો?

મુમુક્ષુ :- પૂર્વવત્.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વવત્. એ સરળતાના પરિણામવાળો જીવ બહુ હળવો રહે છે. ઘણી હળવાશનો અનુભવ થાય એમાં. અને જેટલો અસરળ થાય એટલું પરિણમનમાં ઔપાધિક ભાવનો રસ વધે. વિભાવ ભાવનો રસ વધે અને એ નુકસાન કરે. આ સરળ પરિણામવાળાને રસ નહિ વધે. વિભાવ રસ નહિ વધે પછી. બહુ મોટો ગુણ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! માત્ર ગુણગ્રાહીપણું જ હોવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- ગુણગ્રાહીપણું એક બીજો વિષય છે, કે ભાઈ! આમા સામાનો જ દોષ છે એમાં ગુણગ્રાહીનો સવાલ ક્યાં ઊભો થાય છે. એક issue ઊભો થયો (એની અસરમાં સામેવાળા સાથે) ટાંગ લડાવવી પાછી કે આંટી મારવી - એ નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અમારા ઘરમાં પ્રસંગ છે જે રીતનો તેમાં આ વાત લાગુ પડવી જોઈએને?

પૂજ્ય ભાઈશ્રી :- બધે. બધે જ - ઘરમાં, મુમુક્ષુ મંડળમાં ગમે ત્યાં. સર્વત્ર. એમાં અપવાદ નહિ કે અહીંયાં આ જગ્યાએ સરળતા લાગુ નહિ કરવાની એમ નહિ. અહીંયાં તો અસરળતા કરવાની એમ નહિ. બધે જ (સરળતા રાખવી).

મુમુક્ષુ :- ભાઈશ્રી! એટલી જવાબદારીઓ હોય એ ફરજ પણ બજાવવાની હોય અને આ બાજુ મોટું નુકસાન થતું હોય તો કેવી રીતે લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- હવે એમાં એવું છે કે તાણી-ખેંચીને તો કાંઈ થવાનું નથી. આ તો સહેજની વાત છે.

મુમુક્ષુ :- આમ વડીલ તરીકે આપણું સ્થાન કુટુંબમાં ગણાતું હોય તો થોડુંક તાણી-ખેંચીને કરવા જઈએ તો કરી શકીએ એવું હોય તો કરવું કે ન કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે પછી આપણા પરિણામ ક્યાં ખેંચાય છે એ જોવું પડે. પરાણે કરવાથી તો કોઈ બીજો ફાયદો નથી, સહજ રાખવાની વાત છે. સહજ થતું હોય અને સહજ થતું હોય એમાં નુકસાન (સહન) કરી શકાતું હોય તો કરવું, પણ એમ લાગે કે આ બધું નુકસાન આપણે સહન નહિ કરી શકીએ, તો પછી પરિણામ તે પ્રમાણે થવાના નહિતર પરિણામ બીજી રીતે બગડવાના. કાં આમ બગડે, કાં આમ બગડે. એ તો બગડવાનું, ઈ અયોગ્યતા જ જ્યાં બગડવાની છે ત્યાં તો

પછી કાં આ બાજુ જાઓ કે આ બાજુ જાઓ - બે બાજુ બગડવાના જ છે એ તો.

મુમુક્ષુ :- તો ત્યાં એમ સમાધાન લેવું કે આપણો આ એક ઉદય છે...

પૂજ્ય ભાઈશ્રી :- સમાધાન આવે તો સારામાં સારી વાત છે. સમાધાન ન આવે ત્યાં પરિણામ બગડવાના જ છે.

મુમુક્ષુ :- તો એમ લેવું કે આ આપણો ઉદય છે એટલે આપણે સમતા રાખવી..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એનું ફળ મોટું છે. ઉદય જાણીને સમતા રાખવી, વિષમતા ન આવવા દેવી એનું ફળ મોટું છે. પછી ભલે તાત્કાલિક નુકસાન થાય પણ ભવિષ્યમાં એનો લાભ મોટો છે. એટલે એ તો સમજણ આધારિત છે અને સમજણપૂર્વક સમાધાન લઈએ એનું ફળ મોટું છે. એમાં કાંઈ સવાલ જ નથી.

મુમુક્ષુ :- એવી રીતે વિચારી શકાય? કે, કોના રૂપિયા ને કોનું કુટુંબને આપણે શું લેવા-દેવા - એમ એવી રીતની તો હજી ભૂમિકા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, એટલે ત્યાગની ભૂમિકા નથી અને કોઈ ખોટો ગેરલાભ ઉઠાવતા હોય તો એને સમજાવી શકાય કે ભાઈ! આ બધું સમજું છું અને આ રીતે ન થવું જોઈએ, પછી તો આપણા એકબીજાના પ્રારબ્ધની વાત તો છે જ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એકની એક વાત અનેક વખત સમજાવવામાં આવે અને ન સમજે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી તો એનો કોઈ ઉપાય નથી. પછી તો આપણા પરિણામ સહેજ ચાલે એ પ્રમાણે ચાલવાનું હોય છે. કેમકે ખેંચો તો પરિણામ તો બગડવાના અને છૂટો દોર મૂકો તોપણ બગડવાના, પછી તો એ આપણી યોગ્યતાનો એક આંક આવી ગયો. પછી એથી બહાર જઈને કાંઈ કરી શકાય નહિ. યોગ્યતા બહાર જઈને કાંઈ કરવા જાઓ તો કરી ન શકાય. પરિણામ તો બગડે જ.

મુમુક્ષુ :- સમતા રાખવી.

પૂજ્ય ભાઈશ્રી :- સહેજે સમતા રહે તો સારી વાત છે. **'સ્વભાવ છે માટે સુગમ છે, સહજ છે** (અને) **સરળ છે.'** એટલે સરળતાને અને સ્વભાવને સુસંગતતા છે. સહજતાને.. ત્યાં સહજતા એટલે નિર્દંભતા - કૃત્રિમતા ન હોવી, દંભ ન હોવો. કૃત્રિમતા ન હોવી એવી જે સહજતા છે પરિણામની એને અને સહજ સ્વભાવને સુસંગતતા છે ને એટલા માટે આત્માનો જે આત્મિક પુરુષાર્થ છે એ સહજ છે. આત્માનો પુરુષાર્થ કરું..કરું..કરું..કરુંના પરિણામવાળો કૃત્રિમ નથી. પુરુષાર્થનું સ્વરૂપ સહજ છે અને એ સહજતાને જ ત્રિકાળી સહજ સ્વરૂપ સાથે સુસંગતતા એટલે મેળ છે. એટલે અસરળતા

અને કૃત્રિમતાને પોતાના સ્વરૂપ સાથે વિસંગતતા છે. સુસંગતતા નથી એટલે શું છે? વિસંગતતા છે. અને એ રીતે કોઈ દી' કામ થાય નહિ.

મુમુક્ષુ :- અને સુગમતા એટલે જ અંદર ખાને સૂઝકો પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અંદર સૂઝકો પડે એવું જ છે એમ કહે છે. સહેલાઈથી સૂઝકો પડે એવો આત્મા છે એમ કહે છે. શું? સત્ એટલે આત્મા. આત્માની હયાતી, સ્વરૂપની હયાતી કેવી છે કે સહેલાઈથી સૂઝકો પડે એવી છે. અને એમ ન હોય તો તિર્યંચનો તો પતો જ લાગે નહિ. કેમકે એને પૂછવા ઠેકાણું નથી. બહુભાગ સમોવસરણને એવો કોઈ વિશિષ્ટ પ્રસંગની વાત છોડી દ્યો, તો એને તો યોગ જ નથી ઉપદેશનો. અને છતાંય સત્‌ની પ્રાપ્તિ એને હોય છે કે થાય છે એ શું બતાવે છે કે સત્ સુગમ છે.

મુમુક્ષુ :- નર્કમાં થાય જ છે ને!

પૂજ્ય ભાઈશ્રી :- નર્કમાં થાય. નર્કમાં તો ઉઘાડ હોય છે જ્ઞાનમાં. અહીંયાં તો જ્ઞાનનો ઉઘાડ બિડાય ગયો છે એમ કહેવું છે. તિર્યંચમાં તો જ્ઞાનનો ઉઘાડ બિડાય ગયો છે. નર્કમાં તો અવધિજ્ઞાન સુધીનું જ્ઞાન છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જે સુગમ છે એ ગુરુગમના કારણે કે પોતાથી સુગમ છે?

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુગમ એમાં નિમિત્ત છે. ગુરુગમ એટલે શું? પાત્રતા. ગુરુગમ એટલે ગુરુની ગમ નહિ, પણ ગુરુ જે રહસ્યભૂત વાત કરે છે એની ગમ પડે છે એવી જે પાત્રતા જેને છે એને ગુરુગમ કહેવામાં આવે છે. ગુરુગમ (એટલે) પાત્રતાનું બીજું નામ ગુરુગમ છે. એ પર પરક વાત છે પણ છે પોતાની પર્યાયની વાત. **'પણ અનાદિના વિભાવના અભ્યાસના કારણે દુર્લભ છે.'** એટલે શું છે? સુગમ છે, સહજ છે અને સરળ છે તો પછી દલીલ એ આવે છે કે સાંભળનારને તો સુલભ થઈ જવું જોઈએ. સુલભ હોવું જોઈએ પણ પ્રાપ્તિ સુલભ દેખાતી નથી તો કહે છે કે, દુર્લભતા પણ છે. સહજ, સુગમ અને સરળ હોવા છતાં દુર્લભ પણ છે ઠીક! દુર્લભ કેમ છે? તો કહે એનું તો કારણ છે ઓલાનું (સુલભનું) કારણ નથી પણ આનું તો કારણ છે કે અનાદિના વિભાવનો અભ્યાસ છે. શું છે? ઊલટો પ્રયોગ કરી રહ્યો છું. આ મારું શરીર, મારું આ કુટુંબ, મારી આ સંપત્તિ, મારું આ, મારું આ, મારું આ, મારું આ મારું.. જ્યારે એકેય એનું છે નહિ. ઊલટો પ્રયોગ ચાલુ છે. એ અભ્યાસ જે છે એને લઈને દુર્લભ છે, એને લઈને દુર્લભ છે. બીજે મારાપણું કરેલું પોતામાં મારાપણું નહિ કરવા દે. બે જગ્યાએ તો રહે નહિ. અસ્તિત્વ એક જગ્યાએ રહે છે. જ્યાં અસ્તિત્વ છે ત્યાં અસ્તિત્વ સ્થાપ! જ્યાં અસ્તિત્ત્વ નથી ત્યાં અસ્તિત્વ સ્થાપ તો તારા અસ્તિત્વને

ભૂલવું પડશે. સમજાય એવી વાત છે **'પણ અનાદિના વિભાવના અભ્યાસના કારણે દુર્લભ છે.'** હવે ઈ સમજાય ત્યારે એમ થાય કે આ મૂકવું અઘરું લાગે છે એમ કહે. આ મૂકવું અઘરું લાગે છે. પર્યાયની પકડમાં ઊભો છેને! એટલે. પણ અનંતાએ મૂક્યું હવે, અનંતાએ મૂક્યું અને તું મુક તો તને કાંઈ ખોટ જાવાની નથી. guaranteed! તું પોતાપણું મુક તો તને ક્યાંય ખોટ જાવાની નથી ને ખોટ જાય તે દી' આવજે. **'પણ અનાદિના વિભાવના અભ્યાસના કારણે દુર્લભ છે.'** આપણા આ (મુમુક્ષુ) છે ને બહુ અમલીકરણમાં પહેલેથી છે. અને મને કહે કે મારે તો આવો ધંધો છે. હોટલ છે - ત્રણ હોટલ છે એમાં એક હોટલમાં તો બાર છે. બાર એટલે દારૂની સગવડ. જે અંદર ઉતરનારને, ઉતરવા આવે ને દારૂ પીવો હોય ત્યાં તો વેટ એરિયા એટલે અમે વેંચીએ છીએ, પછી વેંચતા હોય ઈ પીતા તો હોય જ. કેમકે કિંમતી ચીજ છે ને કુતૂહલથી પણ માણસ (લેતો હોય) પણ મુકી દીધું બધું. અને એના ભાઈ ને બધા ભાગીદાર હતા એ પંજાબી માણસ હતો અને એનો ભાઈ હતો એનો ભાગીદાર. કે મારો ફેંસલો કરો. કહે કે મારા લાખો રૂપિયા જતા કરવા પડ્યા. ઘસારો કેટલો ખાધો? હિસાબ-કિતાબ કરવામાં બે-ચાર લાખ રૂપિયાનો ઘસારો ખાય લીધો હશે. પછી દરેકની વેલ્યુ મૂકવી પડેને! તો કિંમત તો ઓલા ઓછી જ મૂકેને! જેને લાભ લેવો હોય એ શું કરે? જેને લેવું હોય એ તો ઓછી જ કિંમત મૂકેને! જેમ કરો એમ મને છૂટો કરી દ્યો! મને આમાંથી છૂટો કરી દ્યો! હાશ છૂટા થયા! તો એમ થયું કે હાશ! હું આમાંથી છૂટ્યો. ઈ લાભ એને દેખાણો પેલું નુકસાન ન દેખાણું. એટલે એવી વાત છે. મૂકવું દુર્લભ લાગે કેમકે મમત્વ કર્યું છે એટલે મૂકવું દુર્લભ લાગે. પણ મૂકી શકાય છે, ઘણાંએ મૂક્યું છે. **'વિભાવના અભ્યાસના કારણે દુર્લભ છે. પોતાનો સ્વભાવ છે માટે સહજ છે. પોતે જ છે, કાંઈ બીજો નથી માટે સહજ છે. પ્રગટ કરે તો અંતર્મુહૂર્તમાં થાય છે,** (અનેકને અંતર્મુહૂર્તમાં પ્રગટ થયો છે) **અને ન કરે તો અનંતકાળ જાય છે.'** એવી બધી વાત, આ હકીકતો બેય બાજુની છે. એને વિચારીને, સારી રીતે ઊંડાણથી વિચારીને એનું તાત્પર્ય કાઢીને પછી એનું અમલીકરણ કરવું જોઈએ. વિશેષ લેશું.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી કહેતા ને! કે દસ ઉપવાસ કરવા સહેલા છે પણ આ મમત્વ ઉતારવું પાણી ઊતરી જાય એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- મુનિ થઈ જવું અને દીક્ષા લેવી સહેલી છે, પણ અંદરથી મૂકવું અઘરું છે બહારથી છોડવું સહેલું છે, ફટ દઈને મુકી દ્યે. અંદરથી પરિણામ છૂટવા એની આસક્તિ છૂટવી, રસ છૂટવો - એ પુરુષાર્થ માગે છે.

આશય :- (૧૭૬) **આત્મપ્રાપ્તિમાં વિભાવ પરિણામોનો રસ મુખ્યપણે અવરોધક છે. તેથી આત્મપ્રાપ્તિના અનેક ઉપાયો/સાધનો વિભાવરસ ચાલુ રહેતા નિષ્ફળ જાય છે. અને તેથી આત્મપ્રાપ્તિના ઉપાયના પ્રારંભથી લઈને ઉપરની બધી જ ભૂમિકામાં વિભાવ રસનો અભાવ થાય તેવી જ પ્રયોજના હોય છે. અને તે પ્રયોજના જ જ્ઞાનીનો માર્ગ છે.**

**તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઈત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવ મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૩૫૪**

## તા. ૨૫-૫-૧૯૯૭, પ્રશ્ન- ૧૭૭
## પ્રવચન નં. ૧૩૦

'સ્વાનુભૂતિદર્શન', ૧૭૭મો પ્રશ્ન ચાલે છે.

કૃપાળુદેવના વચનામૃત ઉપર પ્રશ્ન કર્યો છે કે જો **'સત્ સરળ છે, સુગમ છે, સહજ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ છે તો અમને એવું કેમ ભાસતું નથી?'** અમને તો ઘણું દુર્ગમ હોય અને અનંતકાળથી પ્રાપ્તિ નથી થઈ એ પરિસ્થિતિમાં આ વાત કાંઈ ભાસતી નથી. ત્યારે ઉત્તર આપ્યો છે લૉજીકથી કે, સ્વભાવ છે માટે સહજ છે. સ્વભાવ છે માટે સહજ છે અને સ્વભાવ છે માટે સુગમ છે, એમાં પણ એમ જ લીધું છે

**'સત્ આત્માનો સ્વભાવ છે માટે સહજ છે.'** અને **'પોતાનો સ્વભાવ છે માટે સુગમ છે, સહજ છે,..'** સુગમ છે ને સહજ છે એટલે સરળ પણ છે. પણ જે નથી ભાસતું એનું કારણ આપ્યું કે **'અનાદિના વિભાવના અભ્યાસના કારણે દુર્લભ છે.'** વિભાવમાં પોતાપણું અનુભવી રહ્યો છે. માની રહ્યો છે અને અનુભવી પણ રહ્યો છે અને એ પ્રકારનું પરિણમન ઘણું ગાઢ થઈ ગયેલું છે એટલે એ દુર્લભ છે, અથવા દુર્ગમ લાગે છે. સુગમ હોવા છતાં દુર્ગમ લાગે છે. પણ **'પોતાનો સ્વભાવ છે માટે સહજ છે. પોતે જ છે, કાંઈ બીજો નથી માટે સહજ છે. પ્રગટ કરે તો અંતર્મુહૂર્તમાં થાય છે.'** જેને જે પ્રગટ કરે છે એને છેલ્લા અંતર્મુહૂર્તમાં એની ઘણી તૈયારી હોય છે. આમ તો પૂર્વ ક્રમ જે છે એ છે. અને યોગ્યતાનુસાર એમાં જે ટાઈમ લાગે છે, સમય લાગે છે એ દરેકને જુદો-જુદો લાગે છે. જેમકે કોઈ સહજ વેદનામાં આવે છે. કોઈને ઘણો પ્રયત્ન કરવા છતાં નથી આવતી. એવી જ રીતે કોઈને સત્પુરુષનો યોગ થવામાં સમય નીકળે છે, કોઈને યોગ થયા પછી પણ ઓળખવામાં સમય નીકળે છે. કોઈને ઓળખાણ થયા પછી તરત જ પ્રાપ્તિ થાય છે - કલાકોમાં કે દિવસોમાં, કોઈને વર્ષો નીકળી જાય છે. આમ દરેકને જુદો-જુદો પ્રકાર ભજે છે. પણ અહીંયાં તો પ્રગટ કરે તો અંતર્મુહૂર્તમાં થાય છે, એમ કહેવું છે એ છેલ્લા પુરુષાર્થને અનુલક્ષીને કહ્યું છે. સ્વભાવ સન્મુખનો ઉગ્ર પુરુષાર્થ જ્યારે સહજ ઊપડે ત્યારે અંતર્મુહૂર્તનું કામ છે એ. એ પહેલાની પૂર્વ તૈયારીની અંદર દરેકને જુદો-જુદો સમય પોતપોતાની યોગ્યતા અનુસાર લાગે છે. **'કરે તો અંતર્મુહૂર્તમાં થાય છે, અને ન કરે તો અનંતકાળ જાય છે.'** કરે તો અંતર્મુહૂર્તમાં થાય છે. પુરુષાર્થ ઊપડે તો અંતર્મુહૂર્તમાં થાય છે અને નહિતર અનંતકાળ

જાય છે અને ગયો છે એ વાત બધાને માટે લાગુ પડે છે. બધાને અનંતકાળ જ ગયો છે. કેમકે આત્મા અનાદિનો છે. કોઈને એવું નથી કે અનંતકાળ ગયો નથી. સૌનો ભૂતકાળ તો સંસાર અવસ્થાનો અનંતકાળનો જ છે. પછી જેને થયું એને છેલ્લે અંતર્મુહૂર્તમાં કરી નાખ્યું. જ્યાં સુધી પોતે કરતો નથી, કરતો નથી એટલે એ બાજુ પોતાનું ધ્યાન કે વજન જતું નથી તો પછી સમય નીકળી જાય છે. ધ્યાન જાય, વજન જાય અને પુરુષાર્થ ચાલુ થાય તો થોડા સમયમાં ઘણું કામ થાય એ પ્રકારનું આ કામ છે ખરું. અને થોડા સમયમાં ઘણો progress થાય, ઘણું કામ થાય એનું આશ્ચર્ય પોતાને પણ લાગશે કે આપણે ધાર્યું નહોતું કે આટલા થોડા સમયમાં આ કામ થાય પણ જ્યારે યથાર્થ દિશામાં યથાર્થ પ્રકારે યથાર્થ પરિણમન ઊપડે પછી વાર લાગતી નથી. થોડા સમયમાં ઘણું કામ થાય એવો માર્ગ છે ખરો. ઉપાય છે, એ પ્રકારનો ઉપાય છે અહીંયાં એમ કહેવું છે. ઉપાય છે ખરો! થોડા સમયમાં ઘણું કામ થાય એવો ઉપાય છે ખરો! એવો ઉપાય પણ છે અને આત્મામાં એવી શક્તિ પણ છે. અને કુદરતની સત્‌પુરુષની યોગાયોગની વ્યવસ્થા પણ છે. એ બધી કુદરતની વ્યવસ્થા છે, કેમકે પરદ્રવ્ય લાવ્યું લઈ જવાતું નથી. એમ કહીને પુરુષાર્થ ઊપડે એવી પ્રેરણા આપી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યથાર્થ પરિણમન નથી થતું એટલે ધ્યાન ને વજન બીજે ક્યાંક છે એમ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં શું છે? આખો આધાર ભાવના સાથેની સમજનો છે. ભલે સમજની પ્રધાનતા છે કોઈ એક પ્રકારથી, કોઈ એક દૃષ્ટિકોણથી પણ છે, તો કોઈ એક દૃષ્ટિકોણથી ભાવનાની પણ પ્રધાનતા છે. પણ ભાવના અને સમજણનું coordination થાય બસ પછી કામ બરાબર યથાર્થ પ્રકારે ચાલુ થાય છે. હવે આપણે જેને સ્વાધ્યાય મળે છે સત્‌શાસ્ત્રો મળે છે, સત્સંગ મળે છે એને ભાવનાની ખામી છે, સમજની ખામી લગભગ નથી. સમજની દૃષ્ટિએ આપણે બુદ્ધિજીવી માણસો હોવાથી બુદ્ધિથી જીવનારા માણસો છીએ, આપણે ન સમજી શકીએ એવી કોઈ આમાં વાત નથી. લગભગ મોટી-મોટી ખાસ-ખાસ વાતો છે એ બધાની સમજમાં આવી ગઈ છે, આવી જાય છે. જે કોઈ ખામી છે એ ભાવનાની છે. બે factor એકસાથે થાય. આ બે factor કામ કરે છે. આ જો એકસાથે થાય એટલે ગાડી ઊપડી, સ્પીડ પકડશે. બેમાંથી એકની ખોટ હશે એ નહિ ચાલે. સમજણની વિપરીતતા ન જોઈએ. ઓછો ક્ષયોપશમ હશે બહુ વાંધો નથી, (પણ) વિપર્યાસ કાઢવા પડશે બધા અને ઘણી બુદ્ધિ હોય તોપણ વિપર્યાસ હોય તો તકલીફ પડે. અને એ સત્સંગ યોગે સહેલાઈથી નીકળી શકે છે. સત્સંગ યોગે ભાવના પણ ઉત્પન્ન થઈ શકે છે એટલે સત્સંગનું મહત્ત્વ જ્ઞાનીપુરુષોએ

ઘણું આપ્યું એનું કારણ એ છે કે એ બન્ને factor સત્સંગ યોગે ઉત્પન્ન થવા સુગમ છે, સરળ છે, સહેલા છે. એટલે કૃપાળુદેવે સત્સંગનો વિશેષ પ્રકારે મહિમા તો ઘણો જ કર્યો છે. બાકી તો બધા જ્ઞાનીઓનો એક જ અભિપ્રાય છે, કોઈના બે અભિપ્રાય નથી.

મુમુક્ષુ :- કૃપાળુદેવે તો સત્સંગ યોગે આત્મસ્વભાવ આવિર્ભૂત પામે છે, ત્યાં સુધીની વાત લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ છે અને આ બાજુ એમ લીધું કે પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષનો સત્સંગ પ્રાપ્ત થાય અને જીવ આત્મકલ્યાણને ન પામે તો એને આ જગતમાં અગિયારમું આશ્ચર્ય ગણવું જોઈએ. એમ કેમ બન્યું? કેમકે આ તો આશ્ચર્યકારી વાત છે આવું તો બનવું જ ન જોઈએ, એમ કહે છે. એ અગિયારમાં આશ્ચર્યના સ્થાને આપણે રહેવું નથી, એ નકકી કરવું જોઈએ કે આપણે એ અગિયારમાં આશ્ચર્યના સ્થાને રહેવું નથી. '**પ્રગટ કરે તો અંતર્મુહૂર્તમાં થાય છે, અને ન કરે તો અનંતકાળ જાય છે.**' આ પ્રશ્ન એવા જીવોને, એવી યોગ્યતાવાળા જીવોને આ વાત વિશેષ કામમાં આવે છે કે કેટલીક એવી યોગ્યતાવાળા જીવો પ્રશ્ન કરે છે કે, આ કામ અજાણ્યું ને અઘરું લાગતું હોવા છતાં આમાં એવું પણ અનિવાર્ય છે કે આટલો સમય તો લાગે જ? કેમકે લૌકિક શિક્ષણમાં એ છે કે તમે ગમે એટલા હોશિયાર હો તો તમારે એક standardમાં એક વર્ષ પસાર કરવું પડે. પહેલા અમારા જમાનામાં તો એવું હતું કે એક કોઈ હોશિયાર વિદ્યાર્થી હોય તો એક વર્ષમાં બે standard સુધી allow કરતા કે, ભાઈ બીજી-ત્રીજી અમે સાથે કરીએ છીએ, ચોથી-પાંચમી સાથે કરીએ છીએ. તમે કેમ નાની ઉંમરમાં અહીંયાં આવી ગયા? કે ભાઈ અમે આમ બે-બે ચોપડીઓ સાથે ભણ્યા. બે-બે ચોપડીઓ એટલે બે-બે વર્ગ એકસાથે ભણી લીધેલા અને એની ટેસ્ટ આપીને સારી રીતે પાસ પણ થઈ ગયેલા. પણ ઉપરના standardમાં એ કાંઈ સંભવિત નથી કે કોઈ કોલેજમાં બે-બે વર્ષ સાથે કરી જાય. ત્યાં તો compulsory એક વર્ષ તમારે ગાળવું જ પડે ગમે એટલા હોશિયાર હો (તોપણ). distinction mark, firstclass first આવી શકે એવી તમારી તૈયારી હોય તોપણ એક વર્ષ પૂરું કર્યા પછી તમને આગળના ધોરણમાં જગ્યા મળે કે બેસવા માટે allow કરે. આમાં એવું કાંઈ નથી કે આટલો જુનો મુમુક્ષુ થાય પછી એનો વારો આવે. અહીં તો તલવાર ભીંતે લટકે છે, મારે એની તલવાર. જેણે ઉપાડી એ એની થઈ ગઈ. એવી વાત છે. નવો સવો આવ્યો હોય અને કામ કરી જાય. સોગાનીજીનું દૃષ્ટાંત છે. અને ધામા નાખીને બેઠા હોય વર્ષોથી અને કાંઈ યોગ્યતાનું ઠેકાણું ન હોય.

મુમુક્ષુ :- જૂનો મુમુક્ષુ ઠેકાણા વગરનો જ રહી જાય, બહુ જૂનો મુમુક્ષુ થઈ જાયને એ બધી રીતે ખખડી જાય એટલે ઈ ઠેકાણા વગરનો જ રહી જાય છે. એવું લગભગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જૂનો થયો એનો અર્થ શું છે? કે એને કામ કરવાની દરકાર જ કરી નથી, પછી ઈ પદ્ધતિમાં આવી ગયા પછી એમાંથી નીકળવું જરાક કઠણ પડે છે છતાંય અશક્ય નથી. કરવા ધારે તો એ અશક્ય નથી. જીવ પોતે કરવા ધારતો નથી માટે થતું નથી. એટલે નિર્ધાર કરતો નથી માટે થતું નથી. એકવાર ટાર્ગેટ બાંધે કે કરવું જ છે, કોઈપણ ભોગે કરવું જ છે પછી વાંધો નથી. કામ સરળ ક્યારે છે? સુગમ ક્યારે છે? નિર્ધાર કરે ત્યારે! જ્યાં સુધી જીવનો નિર્ધાર નથી, કૃતનિશ્ચયી નથી, નિશ્ચય કરતો નથી ત્યાં સુધી ગડબડ છે બધી.

મુમુક્ષુ :- જેમ કીધુંને ભાવના પર્યાપ્ત નથી હોતી એટલે કામ નથી થાતું એમ ભાવનાની સાથે નિર્ણય ન હોય તોપણ કામ નથી થાતું.

પૂજ્ય ભાઈશ્રી :- પણ યથાર્થ સમજણ અને યથાર્થ ભાવના આવે એટલે નિશ્ચયમાં આવી જવાનો. બાકીની પરિસ્થિતિ પછી ઉત્પન્ન કરે છે આ બે જણા. શું? કે નિશ્ચય કર્યા વગર નહિ રહે અને નિશ્ચયપૂર્વકનો પ્રયત્ન અને પ્રયાસ કર્યા વગર નહિ રહે. બધું એનું ચાલવાનું કેમકે એની ભાવના છે તો એને નિરાંતે પગ વાળીને બેસવા નહિ દે, એ એને હલાવ્યા જ કરશે. અને સમજણ પણ એને એલર્ટ કરશે. યથાર્થ સમજણ છે એ એને જાગૃત કરશે. ભાવના અને સમજણ ભેગી થયા પછી બધું ઓટોમૅટિક છે. બધું automization scientific છે. એટલે અત્યારે વિચારવું હોય તો આ બે જ વાત વિચારવાની છે કે, એક તો વિપર્યાસો જ્યાં-જ્યાં છે ત્યાં સત્સંગ યોગે કાઢવા છે અને ભાવના મારી અધૂરી હોય તો પછી હું શું કરવા અહીંયાં આવું છું? જો મારી ભાવનાની ખામી હોય તો અહીંયાં આવવાનો કાંઈ અર્થ નથી. બસ! આ કોઈ time passing factor માટેનું ક્ષેત્ર નથી. સીધી વાત કરીએ તો. અત્યારે તો શું થાય છે કે, જે કાંઈ આશ્રમો છે, ધાર્મિક સ્થળો છે, નિવૃત્તિ સ્થળો છે ત્યાં મોટાભાગના વૃદ્ધ માણસોનો નિવાસ હોય છે. અને શાંતિથી બહુ તકલીફો વેઠ્યાં વિના શેષ આયુષ્ય પૂરું કરવા માટે થોડું થોડું...થોડું...થોડું... રગશિયું ગાડું હાલે એમ નિત્યક્રમમાં ગોઠવાઈને મિકૅનિકલી બધું ચાલતું હોય છે. ઈ પ્રકારમાં આવવા જેવું નથી. એ નજરે દેખાય છે જે નિવૃત્તિ ક્ષેત્રોમાં શું હાલત છે એ આ હાલત નજરે દેખાય છે. એના માટેનું આ કામ નથી. આ તો ચટપટી, તાલાવેલી લાગે અને કામ ઊપડે એનું ઊપડી ગયું. એટલે ઈ ધ્યાન રાખવા જેવું છે. નહિ તો અનંતકાળ જાય છે. કેટલો?

મુમુક્ષુ :- અનંતકાળ.

પૂજ્ય ભાઈશ્રી :- આ સો-પચાસ વર્ષનું મનુષ્ય આયુષ્ય તો સમુદ્રનું બિંદુ છે. કાળના મહાસાગરમાં બિંદુ એટલે કેવું ઓલી ઝણ ઊડે છેને! મોજા જ્યારે આ સાગરમાં ઊછળે ત્યારે એની ઝણ છે એ પચ્ચીસ, પચાસ ફૂટ સુધી ઊડતી હોય છે કાંઠે. આ મનુષ્ય આયુ એટલું છે. કેટલું? દરિયા પાસે પાણીની ઝણ જેટલું છે. એ તો જતા કાંઈ વાર નહિ લાગે. અનંતકાળ ચાલ્યો ગયો છે આ ભવ પણ ચાલ્યો જશે!! '**પોતાને વિભાવનો અનાદિનો અભ્યાસ છે એટલે પ્રગટતો નથી.**' ઊંધી પ્રૅક્ટિસ ચાલુ જ છે. ઊંધો પ્રયોગ પ્રતિ સમય ચાલુ છે. વિકલ્પ કરે તો જ ઊંધી પ્રૅક્ટિસ થાય છે એવું નથી, એવી પરિણતિ થઈ ગઈ છે. ઉદય વખતે એને ખબર પડે છે કે પરિણતિ થઈ ગઈ છે કે નથી થઈ ગઈ. પણ પરિણતિ થઈ ગઈ છે એ વાત નક્કી છે. અભ્યાસે કરીને, રસે કરીને પરિણતિ થઈ ગઈ છે. આટલી જ ભૂલ છે – 'પરમાં પોતાપણું'. કેટલી? આટલી જ ભૂલ છે – 'પરમાં પોતાપણું'. અને એની પ્રૅક્ટિસ ઊંધી ચાલુ છે, એ અભ્યાસ ઊંધો ચાલુ જ છે. પણ શું કરીએ? શરીર બરાબર ધાર્યું કામ કરતું નથી. અને કુટુંબ-પરિવાર વચ્ચે રહેવું પડે છે, જો કે બધાને રહેવું પડતું હોય એવું નથી. ન રહેવું પડે એ (પણ) ઘરમાં પોતાપણું મૂકી શકતા નથી, એને શરીરની પક્કડ આવી જાય છે. શરીરની પક્કડ આવવાથી ખાવા, પીવા, સુવા વગેરેની પક્કડ આવી જાય છે. પરમાં એક રજકણમાં પોતાપણું થયું એટલે આખી દુનિયામાં એને પોતાપણું કરવાનો અભિપ્રાય ઊભો છે. અભિપ્રાયના દષ્ટિકોણથી વિચારવામાં આવે તો એક રજકણમાં પોતાપણું કરનાર આખા જગતના પદાર્થોમાં પોતાપણું કરવા માંગે છે. એટલે પરિગ્રહ ઓછો છે કે કુટુંબ-પરિવારનો સંયોગ નથી (પણ) ફક્ત આ જરાક જમવામાં રસ આવી જાય છે, એમાં પણ અમુકમાં ખાસ બધે નહિ પણ અમુક આઈટમમાં. એક રજકણમાં આવે એટલે અભિપ્રાયની દષ્ટિએ મોટી ભૂલ છે. અભિપ્રાયની ભૂલ તે થોડી ભૂલ નથી– પૂરી ભૂલ છે. એટલે એને એ રીતે લાઈટલી લેવાનું નથી કે ભાઈ આપણે કુટુંબ-પરિવાર વચ્ચે રહેતા નથી માટે કાંઈ વાંધો નથી આપણને બહુ મમત્વ નથી કે આપણે બીજો કોઈ પરિગ્રહ નથી માટે મમત્વ નથી, મોટો પરિગ્રહ નથી – સામાન્ય તો બધાને પોતપોતાની જરૂરિયાત પ્રમાણે હોય છે. પણ એમાં મમત્વ કેટલું છે એ સવાલ છે. (પરિગ્રહ) કેટલો છે એ સવાલ નથી મમત્વ કેટલું છે એટલો જ સવાલ છે. એ એટલી ભૂલ પૂરી ભૂલ છે અને એનો જ એ પરિણમનનો અભ્યાસ છે એ આત્મા – સત્ સરળ અને સુગમ હોવા છતાં અને સર્વત્ર પ્રાપ્તિ હોવા છતાં સત્સંગના સુયોગે પણ પ્રાપ્તિ થતી નથી. સર્વત્ર પ્રાપ્તિ (કહેતા એમ તો) નારકીમાં પણ પ્રાપ્તિ થાય છે. તિર્યંચમાં

(પણ) પ્રાપ્તિ થાય છે, અહીંયાં સત્સંગ યોગે પ્રાપ્તિ થતી નથી એ દર્શનમોહની પ્રબળતાને સૂચવે છે. પોતાનો અનાદિનો ઊંધો અભ્યાસ છે એટલે પ્રગટતો નથી. **'બાકી સ્વભાવ પોતાનો છે, પોતામાંથી પ્રગટે છે.'** પરાધીન વાત નથી સ્વાધીન છે એમ કહે છે. સ્વાધીન છે માટે સુગમ, સરળ છે. **'બાકી સ્વભાવ પોતાનો છે, પોતામાંથી પ્રગટે છે. બહારથી નથી આવતો. બહાર ક્યાંય શોધવા જવું પડતું નથી.'** પરમાગમોમાં એવી ઘણી ગાથાઓ છે કે તું તારા પરમાત્માને ક્યાં ગોતે છો? શાસ્ત્ર વાંચીને ગોતવો છે? મંદિરમાં જઈને મંદિરમાંથી જ ગોતવો છે? શું કરવું છે? એવી બધી ગાથાઓ છે. યોગસારમાં ને બધે એવી વાતો છે. યોગીન્દ્રદેવે ઘણી કડક વાતો કરી છે. **'પોતામાં જ ભરેલું છે તે પ્રગટ કરવાનું છે.'** કુવામાં પાણી ન હોય તો તકલીફ છે, પણ પાણી છે પછી બહાર કાઢવું એટલી જ વાત છેને! એમ આત્મામાં ભંડાર તો ભર્યો છે જ્ઞાનનો ને સુખનો ભંડાર ભરેલો છે. અખૂટ ભંડાર ભરેલો છે અને ઊભરાઈને બહાર આવે એવી એની પરિસ્થિતિ છે. માણસ એમ કહેને કે, ભાઈ! આ માણસને એટલું બધું લોહી છેને કે ચોટકો ભરો તો લોહી નીકળે. બહુ તંદુરસ્ત માણસ હોય લાલ ગુંદી જેવું શરીર હોય આમ મુઠ્ઠી કરે તો હાડકા ન નીકળે, દડા જેવો હોય હો! એવા માણસો જોયા છે, ખાસ કરીને આ બાજુ ઠંડા દેશોમાં તો હશે. કે ચોટકો ભરો તો લોહી નીકળે. એટલું બધું લોહી છે શરીરમાં. એમ એટલું બધું ભર્યું છે કે જરાક પરિણમનની ટ્રેક બદલે એટલી વાર છે. પરિણમનની ગાડી જે ટ્રેક ઉપર ચાલે છે એ ટ્રેક બદલી નાખે એટલી વાર છે. પડખું ફરવાની વાર છે. એટલું બધું અંદર ભર્યું છે કે ધડધડાત બહાર આવશે. બંબુડો બહાર આવશે. ફાટશે સીધો! એ ૧૭૭ થયો. શું કારણ આપ્યું? કે, ઊંધો અભ્યાસ અનાદિનો ઘણો થઈ ગયો છે અને એ પાછો પોતે છોડતો નથી, પોતે છોડતો નથી. સમજણમાં આવે છે કે છોડવા જેવો છે. સમજણમાં નથી આવતું એવું તો નથીને? કેમકે આ તો આંટીઘૂંટી વાળી વાત નથી. ભાવનાની ખામી છે. સમજણની ખામી ન રહી પણ ભાવનાની ખામી છે. અને સમજણમાં ખામી હોય તોપણ ક્ષયોપશમની સમજણમાં ખામી નથી. પણ અભિપ્રાય જે જ્ઞાનની પર્યાય છે એમાં ખામી છે. પણ જીવ જલદી અભિપ્રાય પકડતો નથી. સમજણ પકડે છે કે, મને સમજાય છે, મને સમજાય છે, બરાબર મને સમજાય છે. તને સમજાણું છે તો હવે ઊભો રહે! અભિપ્રાય થયો કે નહિ એ કહે. અભિપ્રાય પલટાણો છે? તો સમજાણું છે એ વાત કાંઈક સ્વીકારવા જેવી છે નહિતર અભિપ્રાય ન પલટાયો હોય તો સમજાણું છે એ વાત સ્વીકારવા જેવી રહેતી નથી કે સમજાણું છે.

મુમુક્ષુ :- જે સમજણ અમલીકરણને ન લાવે એ સમજણ ને સમજણ જ ન

કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ સમજણને સમજણ ન કહેવાય કેમકે એ પરલક્ષી સમજણ અમલીકરણ ઉત્પન્ન નહિ કરે. સ્વલક્ષી હશે એ અમલીકરણમાં આવ્યા વિના રહી શકશે નહિ અને એ અમલીકરણ પાછળ ભાવનાનું બળ હંમેશા હંમેશા હોય છે. ભાવનાના બળ માટે તો બહેનશ્રીએ કેવી વાત કરી કે ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે. એવું તો ભાવનામાં બળ છે. કુદરતને નમાવે એવું બળ ભાવનામાં છે. બહાનું કાઢે છેને માણસ શું કરીએ ભાઈ અમુક પ્રકારના સંજોગો એવા છેને! એટલે કામ નથી થતું. ખોટી વાત છે. ભાવના સંયોગોને કારણે કદી અટકતી નથી, પાછી ફરતી નથી, રોકાતી નથી, મોળી પડતી નથી એ પોતાનું કામ કરવામાં ભાવનાને તકલીફ પડતી નથી. એ બધાને અવગણીને જ આગળ ચાલે છે એવું બળ છે એનામાં. કોઈને ગણે નહિ. નદીની અંદર રેતી અને કાંકરા છે એ પુરાવો છે કે પાણીએ મોટા-મોટા પથ્થર ને મોટી-મોટી શીલાઓને તોડી નાખી છે. ત્યાં કોઈએ કાંઈ ટ્રક ભરીને ઠલવેલી ચીજ નથી. નદીમાં જે રેતી અને કાંકરા છે એ બધા રસ્તામાં પાણીને પથ્થર જે રસ્તામાં આડા આવ્યા એ બધાને તોડીને ભૂકો કરી નાખ્યો છે. એમ ભાવના કોઈ સામે આડે આવે એનો ભૂકો બોલાવી દે એમ છે. ભાવનાની સામે કોઈ આડો આવ્યો એનો ભૂકો બોલાઈ જશે. પછી જડ હોય કે ચેતન હોય એને ફેંકી દેશે એ. એટલે આમાં વિરોધીઓનો વિરોધ પણ ભાવનાને રોકી શકતો નથી. વિરોધીઓનો વિરોધ ભાવનાને રોકી ન શકે ઊલટાની બળવાન થાય.

આ (મુમુક્ષુ)બેનનો દાખલો છેને? બેય મુમુક્ષુબહેનોને એવું થયું છે. પણ પેલા આગરાવાળાને તો સવળું ઊતરી ગયું છે, તો આને હજી એટલી જ તકલીફ છે. આ વખતે અહીંયાં આવવા માટે ખાવા, પીવાનું છોડ્યું પછી વારો આવ્યો છે. હવે મને ન જાવા દ્યો તો આપણે ખાવા-પીવાનું બંધ છે. બે દિવસમાં ઠેકાણે આવી ગયા બધા. ઘણો વિરોધ છે પણ ભાવનામાં ફર્ક પડે એ વાત નથી. ઊલટાની ભાવના બળવાન થાય. જેમ વિરોધ બળવાન થાય તો ભાવના એથી બળવાન થાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભાવના અને પરિભ્રમણની વેદના બેયમાં સુગમતા કઈ હશે?

પૂજ્ય ભાઈશ્રી :- સુગમતા એટલે?

મુમુક્ષુ :- સરળતા.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનાથી વેદનામાં આવી શકાય છે. જેને આત્મકલ્યાણની ભાવના તીવ્ર થઈ છતાં આત્મકલ્યાણની કેડી ઉપર પગ હજી આવતો નથી... આ તો કેડી છે, કારણકે આત્મકલ્યાણનો માર્ગ - મોક્ષમાર્ગ તો તો ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. મુમુક્ષુ તો હજી કેડીએ ચાલે છે ત્યાં-મોક્ષમાર્ગમાં પહોંચવા માટે કેડી છે એ

અપ્રોચીંગ રોડ છે. એ કેડીએ ચાલતા હજી કેડી જ હાથમાં નથી આવતી. બહારમાં પણ માણસનું ધાર્યું ન થાયને તો તાતોઊનો થાય છે કે નથી થાતો? થાય કે ન થાય? તો આ વેદના એ જ છે બીજું શું છે? મારે જે જોઈએ છે એ મને પ્રાપ્ત નથી થતું એ અપ્રાપ્તિની વેદના આવ્યા વગર રહે નહિ. અભિપ્રાયના ફેરફારો ચાલુ થઈ જાય ત્યાંથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! તીવ્ર ભાવના જરૂરિયાતમાંથી જ ઉત્પન્ન થાય છેને? જેટલી તીવ્ર જરૂરિયાત સાચી, યથાર્થ એમાંથી ભાવના ફળી.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ઈ જે ફેક્ટર છે જરૂરિયાતનું એ સમજણ ઊભું કરે છે. સમજણ ઊભું કરે છે. સમજણ કઈ રીતે ઊભી કરે છે? કે વર્તમાનમાં તને સુખ નથી, સુખ માટે તું પ્રયત્નવાન છો. ખાય છે, પીવે છે, સૂવે છે - જે કાંઈ કરે છે એ શેના માટે કરે છે? સુખ માટે. સાબિત થાય છે કે સુખ તને પ્રાપ્ત થયું નથી. હવે એ સમજણ છે કે સુખ જોઈએ, મારે નિરાકુળ સુખ જોઈએ. તૃપ્ત થાય, તૃપ્ત.. તૃપ્ત.. તૃપ્ત.. થાય એવું સુખ જોઈએ. એ સમજણ માટે આ સત્સંગમાં એ ખ્યાલ આવે છે કે આમ થાય, આમ કરાય, આમ કરાય, આમ કરાય ને આમ હોવું જોઈએ, આમ હોવું જોઈએ. એ જરૂરિયાત છે અને સમજણ છે એ બે મળીને ભાવનામાં પરિણમે છે. ભાવના અને સમજણ ભેગા થઈને અમલીકરણમાં આવે છે.

મુમુક્ષુ :- સમજણમાં પણ ભાવભાસનની પદ્ધતિ ન હોય તોપણ એ ભાવનાને ઉત્પન્ન નથી થવા દેતી.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં શું છે કે પરલક્ષી સમજણમાં ભાવભાસનની પદ્ધતિ નથી. સ્વલક્ષી સમજણમાં તો ભાવભાસનની જ પદ્ધતિ આવે બીજી પદ્ધતિમાં એનો અવકાશ પણ નથી, પછી ભૂમિકા અનુસારનું ભાવભાસન. જેમકે અનંત પરિભ્રમણની સમજણ સત્સંગમાંથી મળે છે. જીવને અનંત પરિભ્રમણ થયું છે અને ન સમજે તો અનંત પરિભ્રમણ થવાનું છે. તો એનું જે ભાવભાસન છે એ સ્વલક્ષી સમજણમાં આવે. એ આવે તો વેદના આવ્યા વિના રહે નહિ. એટલે એનો ભાવ ભાસે જ નહિ કે અનંત પરિભ્રમણમાં દુઃખ કેટલા ને કેવા? તો એ સમજણ સમજણ નહિ રહે. એમ છે.

મુમુક્ષુ :- પરિભ્રમણની વેદના માટે ભાવના પ્રેરક થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ કારણ છે. પેલું કાર્ય થયું. અંદરથી તો એમ આવવું જોઈએ કે પોતાનો સ્વભાવ છે, પોતામાંથી પ્રગટે છે, પ્રગટ કરી શકે એવું છે, અનંતું ભર્યું છે અંદરમાં. આવું બધું સ્વાધીન છે, ને હું કરતો નથી ને કરી શકતો નથી આ

તો કેવો હું નમાલો! તો હું શું કરવા મારું કામ ન કરી શકું? એનો ફાંકો એક વખત તો આવવો જોઈએ.

મુમુક્ષુ :- આમ બહારમાં આવે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવે જ છેને! આવે જ છેને! વેપાર કરે ત્યારે કેવી ગળાકાપ હરીફાઈ કરે છે? એ તારા કરતા આગળ નીકળી જાવ! જરાય પાછો નહિ પડું આવી જા! તને આવડે છે તો અમને નથી આવડતું કાંઈ?

મુમુક્ષુ :- એ શીખવાડવું નથી પડતું એમાં એવો ફાંકો આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં ઉલ્લાસિત વીર્યથી કામ કરવું જોઈએ. ભણે ત્યારે પહેલો નંબર જોઈએ, ધંધો કરે ત્યારે આગળ નીકળી જવું જોઈએ તો અહીંયાં શું કરવા પાછળ રહેવું જોઈએ?

મુમુક્ષુ :- ભાઈશ્રી! કોઈપણ નવો મુમુક્ષુજીવ છે એને જન્મ-મરણની બાબતની ખબર જ નથી કે પરિભ્રમણ શું હોય શું ન હોય? તો એ ભાવનામાં કઈ રીતે આવશે?

પૂજ્ય ભાઈશ્રી :- એ સત્સંગ યોગે તો બધી ખબર પડેને! નવો છે પણ સત્સંગમાં એ વાત સમજ ન આવે કાંઈ? સત્સંગમાં-સ્વાધ્યાયમાં તો એ વાત સમજાયને! નવો છે, પણ નવો આ ક્ષેત્રમાં નવો છેને? નવો એટલે આ ક્ષેત્રમાં નવો-નવો આવ્યો. જગતના જીવોને તો આની કાંઈ વિચારણા કે ચિંતા કે કાંઈ સવાલ નથી કે જે આખું જગત દોડે છે સંજોગો પાછળ, પછી હિન્દુસ્તાન હોય કે યુરોપ, અમેરીકા હોય બધા સંયોગો પાછળ દોડે છે એમાં તો આ વિષય નથી. જે આ વિષય છે એમાં જેનો નવો પ્રવેશ છે એ નવા પ્રવેશવાળાને તો ક્લીન સ્લેટ હોય તો સીધી ચોંટ લાગવી જોઈએ. જૂનો છે એ સાંભળી સાંભળીને રીઢો થયો છે. રીઢો એટલે શું? માર વાગતો નથી. નવાને તો તરત જ માર વાગે. હેં..! આવું છે! આપણને અત્યાર સુધી ખબર જ નથી આ વાતની. આપણે આ ક્ષેત્રમાં પ્રવેશ જ કર્યો નહિ. બીજી દોડ કરી, બીજી બાજુ જ દોડ્યા અત્યાર સુધી?! અને શક્તિ ને સમય બીજે જ ખર્ચ્યો આપણે! આવી વાત હોય તો અને આટલું મોટું એનું ફળ હોય તો ઝપાટાબંધ કરી લેવું જોઈએ. એમ ચોંટ મારે, નવો હોય એને તો ચોંટ મારે. એટલે નવાપણાનો ફાયદો ઘણો છે પાછો. બીજી બાજુ કે એને બીજા disturbances નથી બાકી જૂનાને તો વધારે તકલીફ છે એમ કહીએ તો ચાલે. નવો છે એ જો બરાબર વિચારે તો એને ઉપાડ આવતા વાર લાગે નહિ. એટલે એ જેટલો જૂનો થાય એટલી જ તકલીફ વધવાની. જેટલો જૂનો થાય એટલી તકલીફ વધવાની, કેમકે જૂનો કેમ થયો? કે પોતે દરકાર કરી નહિ એટલે અને દરકાર કરી નહિ ત્યારે દરકાર વગર બીજું..બીજું..બીજું.. પાછું ચાલુ રહ્યું

- નહિ કરવાનું ચાલુ રહ્યું - એ બધું દૂર લઈ જાય છે. એ બધું પોતાને માર્ગથી દૂર લઈ જાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સોગાનીસાહેબ તો સત્સંગ વિના પહેલા ભાવનામાં આવ્યા!

પૂજ્ય ભાઈશ્રી :- આવી શકે છે સત્સંગ વગર પણ ભાવનામાં આવી શકે છે. પોતાને સુખ જોઈએ છે, શાંતિ જોઈએ છે, એને એટલી જ વાત હતી કે, મારે આત્મામાંથી શાંતિ જોઈએ છે. યોગ્યતા એવી સરસ હતી કે મંદકષાયની શાંતિમાં ક્યાંય પણ અટકતા નહોતા. નહિતર પૂજા, ભક્તિ, શાસ્ત્રસ્વાધ્યાય કર્યો પણ ક્યાંય અટક્યા નહિ. મારે જોઈએ છે એ નથી મળતું. મારે જોઈએ છે એ નથી મળતું.

મુમુક્ષુ :- તો યાગ્યતા અને ભાવનામાં શું તફાવત?

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતા બહુ wide senseમાં છે. પણ એ પ્રકારની ભાવના જે આત્મશાંતિની હતી ઈ પ્રકારની યોગ્યતા હતી.

મુમુક્ષુ :- બંને એક જ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- પણ બધાને જુદી-જુદી યોગ્યતામાં તો અનેક ફેક્ટરો encount કરવામાં આવે છે. દરેકની યોગ્યતા જુદી-જુદી.

મુમુક્ષુ :- આમાં ક્યા ગુણ વધારે કામ કરે યોગ્યતામાં?

પૂજ્ય ભાઈશ્રી :- બધાય ગુણો.

મુમુક્ષુ :- અને ભાવનામાં પણ તે બધા ગુણો?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનામાં પણ બધા ગુણો ઉત્પન્ન કરે છે. ભાવના ભાવના છે ને યોગ્યતા યોગ્યતા છે. યોગ્યતામાં યોગ્યતા-અયોગ્યતા બંને ફેક્ટરો જોવામાં આવે છે. અને એવી રીતે એનું માપ છે. ભાવના એ પોઝિટિવ સાઈડ છે, (યોગ્યતા)માં બન્ને સાઈડ જોવામાં આવે છે. એટલે મતલબ એ છે કે પોતાને આમાંથી તાત્પર્ય કાઢી લેવું જોઈએ. બધી વાતમાંથી મારું શું હવે? મને કેટલો સમય ગયો? અને હવે મારે ન થાય તો મારે જોખમ કેટલું? આટલો સમય ગયો તે ગયો અને હવે ન થાય તો મારે માટે જોખમ કેટલું? એમ કરીને પોતે એક લયથી, એક નિષ્ઠાથી, એક લક્ષથી, એક ધ્યેયથી લાગી પડે તો થોડાક ટાઈમમાં ઘણું કામ થઈ જાય. નહિતર રગશિયું ગાડું દ્વારકાએ પહોંચશે નહિ એવું થાશે.

મુમુક્ષુ :- ઈ યોગ્યતામાં એક તો પૂર્વની યોગ્યતા, વર્તમાન યોગ્યતા, ગર્ભિત યોગ્યતા આમાં કઈ યોગ્યતા?

પૂજ્ય ભાઈશ્રી :- દરેકને જુદી-જુદી છે. કોઈને ગર્ભિત યોગ્યતા હોય છે, કોઈને વર્તમાન યોગ્યતા હોય છે, કોઈને ભૂતકાળના અમુક પ્રયાસને કારણે, સંસ્કારના કારણે

યોગ્યતા હોય છે. એ ઘણો વિશાળ વિષય છે યોગ્યતાનો.

મુમુક્ષુ :- યોગ્યતામાં પણ અનઉદય ભાવ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતામાં ઉદય-અનઉદય બધું encount કરાય છે.

આશય :- (૧૭૭) **પોતાને અનાદિનો પરમાં પોતાપણાનો વિપરીત અભિપ્રાય છે. સંસારથી છૂટવાની ભાવના નથી અને તેવું પરિણમન ગાઢ થયું હોવાથી સત્‌ની પ્રાપ્તિ દુર્લભ થઈ પડી છે. તેમ છતાં જ્ઞાનીપુરુષે સત્‌ અને સત્‌ પ્રાપ્તિની સ્વાધીનતા, સહજતા સમજાવીને સત્‌ને સુગમ અને સરળ કર્યું છે. જે કોઈપણ આત્મા માટે સન્માર્ગ પ્રતિ પ્રયાણ કરવાનું પ્રેરણારૂપ છે.**

**તારા આત્મામાં નિધાન ઠસોઠસ ભરેલાં છે. અનંતગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી, અસંખ્યાત પ્રદેશોના ક્ષેત્રમાં જ અનંત ગુણો ઠસોઠસ ભર્યા છે. તારામાં આવાં નિધાન છે, તો પછી તું બહાર શું લેવા જાય છે? તારામાં છે તેને જો ને! તારામાં શી ખામી છે? તારામાં પૂર્ણ સુખ છે, પૂર્ણ જ્ઞાન છે, બધુંય છે. સુખ ને જ્ઞાન તો શું પણ કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી. એકવાર તું અંદરમાં પ્રવેશ કર, બધું અંદર છે. અંદર ઊંડે પ્રવેશ કરતાં, સમ્યગ્દર્શન થતાં, તારાં નિધાન તને દેખાશે અને તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઈશ. પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે જેથી પૂર્ણ નિધાનનો ભોક્તા થઈ તું સદાકાળ પરમ તૃપ્ત-તૃપ્ત રહીશ.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૩૮૪**

**પ્રશ્ન :– બહારમાં ક્યાંય ન ગમતું હોય તો જ આત્મામાં ગમે એવું ખરું?**

**સમાધાન :– બહારમાં ન ગમતું હોય તો જ આત્મામાં ગમે. બહારની રુચિ જેને લાગે તેને આત્માની રુચિ લાગે નહિ. આત્માની રુચિ લાગે તેને બહારની રુચિ તૂટી જાય છે. બહારમાં રુચિ અને તન્મયતા છે તેને આત્માની લગની નથી, તે આત્મા તરફ જઈ શકતો નથી. અનાદિકાળથી પોતે બહારમાં તન્મય થઈને રહ્યો છે માટે આત્માની લગની લાગી નથી. આત્માની રુચિ લાગે તો જ આત્મામાં જઈ શકાય છે. ઘણા કહે છે ને? કે ક્યાંય ગમતું નથી તો તારા આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર. ત્યાં ગમે તેવું છે. તે તારું રહેવાનું સ્થાન છે, સુખનું ધામ છે. સ્વરૂપને ગ્રહણ કરવાનો પુરુષાર્થ કર, તો તેમાંથી સુખ પ્રગટ થશે. બહાર ન ગમે તો જ અંદરમાં જવાય તેમ છે. બહાર રુચે તેને માટે બહારનો સંસાર ઊભો જ છે. ૧૭૮.**

## તા. ૨૬-૫-૧૯૯૭, પ્રશ્ન- ૧૭૮થી૧૭૯
## પ્રવચન નં. ૧૩૧

'સ્વાનુભૂતિદર્શન', પાનું-૧૨૨, પ્રશ્ન-૧૭૮

**'પ્રશ્ન :- બહારમાં ક્યાંય ન ગમતું હોય તો જ આત્મામાં ગમે એવું ખરું?'** અથવા પ્રશ્નને એવી રીતે પણ લઈ જઈ શકાય કે બહારમાં ગમતું હોય તોપણ આત્મામાં ગમે ખરું? આમ સીધો પ્રશ્ન કર્યો છે. ન ગમતું હોય તો જ ગમેને આત્મામાં! એમ કહે અથવા (બહારમાં) ગમે તોય (આત્મામાં) ગમે ખરું? એમ સ્પષ્ટ કરવા માટે (પૂછ્યું છે.)

**'સમાધાન :- બહારમાં ન ગમતું હોય તો જ આત્મામાં ગમે.'** એટલે કે બહારમાં ગમતું હોય તો આત્મામાં ગમવાનો પ્રશ્ન ઊભો થતો નથી. કેમકે બહારમાં ક્યારે ગમે છે? કે સુખાભાસ હોય ત્યારે. સુખાભાસને કારણે અનાદિથી જીવને સુખબુદ્ધિ છે. એ સુખબુદ્ધિને કારણે અનાદિથી ચારેય સંજ્ઞાઓ છે. એટલે બહારમાં સુખબુદ્ધિ હોય, સુખાભાસ હોય, સુખ લાગતું હોય, અનુભવાતું હોય તો પરિણામ ખેંચાયા વિના રહે નહિ. એ બધાને-સર્વને સામાન્યપણે અનુભવગોચર છે. એટલે એનું કાંઈ પ્રમાણ કે દૃષ્ટાંત આપવાની જરૂર નથી. જ્યારે પરિણામ બહારમાં ખેંચાય ત્યારે એ પરિણામ અંદર

કેવી રીતે ખેંચાય? વિરુદ્ધ દિશા છે. પૂર્વમાં માણસ હાલતો હોય ત્યારે પશ્ચિમમાં ડગલા કેવી રીતે ભરે? ભરી શકે કે ન ભરી શકે? એમ જેના પરિણામ બહારમાં ખેંચાય છે એના પરિણામ ખેંચાયને અંદર આવે એવી પરિસ્થિતિ બની શકતી નથી. એટલે એમ જવાબ આપ્યો છે કે બહારમાં ન ગમતું હોય તો જ આત્મામાં ગમે અને બહારમાં ક્યારે ન ગમે? એ સુખથી શૂન્ય છે એવું ભાસે ત્યારે. સુખથી શૂન્ય છે, શરણભૂત નથી અને કોઈ લાભનું પણ કારણ નથી. અને એવું ક્યારે લાગે? કે સર્વથા ભિન્નપણું ભાસે ત્યારે. અને એ પદાર્થનું સ્વરૂપ અથવા વસ્તુસ્થિતિ છે કે, એક પદાર્થથી બીજો પદાર્થ સ્વચતુષ્ટયથી સર્વથા ભિન્ન છે એથી એ સુખનું કારણ ન થાય, આશ્રયનું કારણ ન થાય એટલે અન્યત્વ ભાવના લીધી, અશરણત્વ ભાવના લીધી. એ પ્રકારે યથાર્થ સમજણપૂર્વક બહારનો રસ ઊડી જાય ત્યારે જ આત્મામાં ગમવાની પરિસ્થિતિ આવે. **'બહારની રુચિ જેને લાગે તેને આત્માની રુચિ લાગે નહિ.'** વિરુદ્ધ રુચિ કોઈ દિવસ સાથે રહેતી નથી. વિરુદ્ધ રાગ હજી સાથે રહે છે, પણ વિરુદ્ધ રુચિ સાથે નથી રહેતી. કોઈવાર કોઈને કાળું પણ ગમે ને ધોળું પણ ગમે. કાળું અને ધોળું તો વિરુદ્ધ રંગ છે. ચક્ષુઇન્દ્રિયનો વિષય છે પણ વાળ કાળા ગમે છે. સાધકદશામાં રાગ અને વીતરાગતા સાથે રહે અંશે. રાગ હોય અને અંશે વીતરાગતા હોય પણ વિરુદ્ધ રુચિ તો મુમુક્ષુ ભૂમિકામાં પણ સાથે ન રહે. કાં રુચિ સ્વની હોય કાં રુચિ પરની હોય, એ બે સાથે નથી રહેતી. વિરુદ્ધ અભિપ્રાય સાથે ન રહે.

અહીંયાં રુચિનો પ્રશ્ન છે કે બહારની રુચિ જેને લાગે તેને આત્માની રુચિ લાગે નહિ. એ તો દિશાની વાત છે કે, રુચિ કઈ બાજુની છે. બહેનશ્રીએ એ વાત લીધી છે કે, ઘણાં જીવોને એમ લાગે છે કે ઉપયોગ અંતર્મુખ કરીએ તો પોતાને નિજપરમાત્માનું દર્શન થાય, તેથી અન્યમતમાં પણ એવી વાત છે કે તારો પરમાત્મા તારા હૃદયમાં બિરાજે છે. ગીતામાં છે શ્રીકૃષ્ણએ લખ્યું છે કે હું તારા હૃદયમાં બિરાજમાન છું, સર્વ પ્રાણીઓના હૃદયમાં હું બિરાજમાન છું - એમ લીધું છે, એમાં જવાબ એમ આપ્યો છે. જગતના સર્વ પ્રાણીઓના હૃદયમાં હું જ બિરાજું છું. એટલે એ લોકો પણ ધ્યાન કરે છે અને અન્યમતમાં પણ ધ્યાનની સાધના છે. અને જૈનમતમાં પણ ધ્યાનની સાધના છે. એ ધ્યાનની સાધનામાં શું સમજ્યા છે કે, ઉપયોગને અતંર્મુખ કરવો. પણ રુચિ સ્વની થયા વિના ઉપયોગ કોઈ દિવસ અંદર વળે નહિ. આ ક્રમ છે! બહેનશ્રીએ એ વાત લીધી છે કે રુચિ ફર્યા વિના ઉપયોગ ફરે નહિ - એવો ક્રમ છે. જે રુચિને ફેરવ્યા વિના ઉપયોગને ફેરવવા માંગે છે ધ્યાન કરી-કરીને એને ક્રમની ખબર નથી, એમ લીધું છે. બહારની રુચિ જેને લાગે તેને આત્માની રુચિ લાગે નહિ. હવે ઈ ઉપયોગ

(ફેરવવા માટે) પહેલા અંદર વૈજ્ઞાનિક કારણ રુચિનું છે એ સમજ્યા વિના એમ ને એમ ધ્યાન લગાવે અને પ્રયાસ કરે, પ્રયત્ન કરે... માને તો એમ છેને કે અમે પ્રયત્ન કરીએ છીએ, પ્રયાસ કરીએ છીએ, પ્રયોગ કરીએ છીએ એમ કહે. માત્ર ચર્ચા અને વાર્તા અને વાતું કરતા નથી કે વિકલ્પ કરતા નથી પણ પ્રયોગ કરીએ છીએ. પણ યથાર્થ પ્રયોગ કરે તો એનું ફળ આવે, અયથાર્થ પ્રયોગ કરવાથી એનું ફળ આવતું નથી. પછી કષાય મંદ થાય અને મનની શાંતિ લાગે ત્યારે માને કે અમને અવર્ણનીય આત્માનો આનંદ આવી ગયો. ત્યાં એ ભ્રમણામાં પડ્યો! એવી ભ્રમણામાં. '**બહારની રુચિ જેને લાગે તેને આત્માની રુચિ લાગે નહિ. આત્માની રુચિ લાગે તેને બહારની રુચિ તૂટી જાય છે.**' બહારની રુચિ લાગે નહિ ઈ તો અનાદિની છે જ એ તૂટી જાય. બહારની રુચિ તો જીવને અનાદિની છે એ તૂટી જવાની. જ્યારે આત્મામાં સુખ છે અને એ સુખની જરૂરિયાત છે, પેલા સુખની નહિ - કલ્પિત સુખની નહિ. આત્મિક સુખની જેને જરૂરિયાતપૂર્વક રુચિ ઉત્પન્ન થઈ એને બહારની રુચિ તૂટી જાય છે. એને બહારની રુચિ રહેતી નથી.

**'બહારમાં રુચિ અને તન્મયતા છે...'** રુચિ શું કરાવે? તન્મયતા કરાવે. મિથ્યાત્વ અવસ્થામાં જીવને રાગ સાથે એકત્વ છે. એ રુચિ વગર નથી. મુમુક્ષુજીવ પ્રયત્ન કરીને એ રુચિને ઠંડી પાડે છે ત્યારે એકત્વ પાતળું પડે છે. અનુભવ થાય ત્યારે, અનંત સુખનો અનુભવ થાય ત્યારે બહારની રુચિનો પણ અભાવ થઈ જાય. એટલે જ્ઞાનીને બહારની રુચિ નથી. પરની રુચિ નથી ને પરમાં તન્મયતા પણ નથી. **'બહાર રુચિ અને તન્મયતા છે તેને આત્માની લગની નથી,..'** આત્મપ્રાપ્તિની લગની લાગે એટલે સીધો રુચિમાં ફેર પડી જાય. લગનીના પરિણામ ચાલતા રહે પછી એને બીજે ક્યાંય રુચિ રહે નહિ. '**બહારમાં રુચિ અને તન્મયતા છે તેને આત્માની લગની નથી, તે આત્મા તરફ જઈ શકતો નથી.**' એના પરિણામ સ્વરૂપની સમીપ જઈ શકતા નથી. **'અનાદિકાળથી પોતે બહારમાં તન્મય થઈને રહ્યો છે માટે આત્માની લગની લાગી નથી.'** તન્મય થઈને રહ્યો છે અને હજી સુખબુદ્ધિમાં ફેર પડતો નથી એટલે લગની લાગતી નથી. લગની કેમ લાગતી નથી? કે અનાદિનો જે બહારમાં તન્મય થઈ રહ્યો છે એમાં કાંઈ ફેર પડતો નથી. રુચિમાં ફેર પડી જવો જોઈએ. આમ તો એકસાથે simultaneous છે, અહીંયાં રુચિમાં ફેર પડે છે તો અહીં લગની લાગે છે. અહીં લગની લાગે છે તો બીજીબાજુ રુચિમાં ફેર પડી જાય છે. એકસાથે બને છે. કહેવામાં આમથી પણ કહેવાય અને પ્રસંગ અનુસાર કોઈ વખત આમથી પણ કહેવાય - બેય બાજુથી કહેવાય છે.

મુમુક્ષુ :- આત્મિક સુખ જોઈએ છે એટલે આ બે પરિસ્થિતિ ઊભી થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- આત્માનું સુખ જોઈએ છે એટલે આ સુખ જોઈતું નથી એ વાત આવી ગઈ. એટલે એની રુચિ છૂટે છે. અને આત્મિક સુખ અંદર ભર્યું છે એની લગની લાગે છે. કેમકે જરૂર છે. જરૂર છે એટલે લગની લાગ્યા વગર રહે નહિ. જરૂર છે અને અંદરમાં અનંતસુખનો ભંડાર ભર્યો છે. બન્ને વાત સાથે છે. **'આત્માની રુચિ લાગે તો જ આત્મામાં જઈ શકાય છે.'** આત્માની રુચિ લાગ્યા વગર ઉપયોગથી આત્મામાં જઈ શકાતું નથી ઉપયોગ તે ધર્મ છે. ઉપયોગ અંતર્મુખ કરવો હોય એને પહેલા રુચિ બદલવી જોઈએ. વિષય કેટલો વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક છે. **'ઘણા કહે છે ને? કે ક્યાંય ગમતું નથી તો તારા આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર. ત્યાં ગમે તેવું છે. તે તારું રહેવાનું સ્થાન છે, સુખનું ધામ છે.'** ઘણા કહે છે ને? કયાંય ગમતું નથી તો તારા આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર ત્યાં ગમે તેવું છે. એ તો પહેલું વચનામૃત જ એમનું એ છે. **'હે જીવ તને ક્યાંય ન ગમે તો આત્મામાં ગમાડ ત્યાં તને ગમે તેવું છે.'** અનંતગુણોની વસ્તીનો ત્યાં વાસ છે. સુખ, જ્ઞાન આદિ અનંત ફૂલો ત્યાં ખીલશે. મોક્ષ જેવું ફળ પણ ત્યાં આવશે. એવો તારો આત્માનો બગીચો છે એમાં તું રુચિપૂર્વક ક્રીડા કર! ત્યાં શાંતિના ફુવારા પણ ગોઠવ્યા છે. શાંતિના ફુવારામાં નાહી લે તું! ત્યાં બધું ગમે એવું છે એમ કહે છે. સુખ છે, શાંતિ છે, આનંદ છે, જ્ઞાન છે, દર્શન છે અને કોઈપણ પ્રકારની ઉપાધિ નથી. આ સ્વરૂપ જ નિરુપાધિક સ્વરૂપ છે, ઉપાધિ વિનાનું સ્વરૂપ છે. એ સ્વરૂપ સિવાય બીજે ક્યાંય પરિણામ ગયા એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિ - ત્રિવિધ, ત્રણ પ્રકારની ઉપાધિ. એ ત્રણ પ્રકારનો તાપ લાગશે.

**'તે તારું રહેવાનું સ્થાન છે,..'** અથવા એ તારું અસ્તિત્વ છે એટલે તે જ તારું નિવાસધામ છે. અને એ જ તારું સુખનું ધામ છે, અનંતસુખ ધામ છે. કેટલું છે? અનંત સુખધામ છે. કૃપાળુદેવનો જ્યાં દેહાંત થયો, છેલ્લે દેહ છોડ્યો રાજકોટમાં એ મકાનને ઈ લોકોએ નામ આપ્યું છે - 'અનંત સુખધામ'. ત્યાં કોઈ આવે એટલે પૂછે કે જોવા જાવું છે 'અનંત સુખધામ' જોવા જાવું છે? ચાલો તમને લઈ જઈએ, એમ કહેશે. નામ 'અનંત સુખધામ' આપ્યું છે. બહુ પણ ત્યાં મુમુક્ષુને એ પ્રકારનો ઘણો ભાવ. એમ નહિ કે તમે ચાલ્યા જાવ અહીંથી આમ આમથી જાજો એમ નહિ, ચાલો હું તમને બતાડું! ચાલો હું સાથે આવું એમ કહે. માઈલ, એકાદ માઈલનું અંતર છે તોપણ બહુ ભાવથી આવે. દર્શન કરવા છે ઈ સ્થળના? એમ કહે. ચાલો! ચાલો! કે તમને લઈ જઈએ. એ એક concept બહુ સારો છે કે અમારા ભગવાન છે એને માનનારા છે. ભલે સાવ અજાણ્યા હોય કાંઈ જોયા ન હોય, ઓળખાણ ન હોય કાંઈ

નહિ. આપણા ભગવાન છે ત્યાં એની પાસે આવ્યા છે! એની પાસે આવ્યા છે! એના આશ્રમમાં આવ્યા છે! એનું સ્થાન જોવા માંગે છે! એની ભક્તિ કરનારા છે! ઈ જાતનો concept બહુ સારો છે. શું કહે છે? કે તે જ **'સુખનું ધામ છે. સ્વરૂપને ગ્રહણ કરવાનો પુરુષાર્થ કર, તો તેમાંથી સુખ પ્રગટ થશે.'** ગ્રહણ કરવું કહો કે અનુભવ કરવા કહો એ પુરુષાર્થ કર, એવો પુરુષાર્થ કર તો એમાંથી સુખ પ્રગટ થશે. સુખધામનો હું પણે અનુભવ કરીશ ત્યાં અવસ્થામાં પણ સુખ વ્યાપી જશે. **'બહાર ન ગમે તો જ અંદરમાં જવાય તેમ છે.'** શું છે? બહારમાં ન ગમે તો જ અંદરમાં જવાય તેમ છે. બહારમાંય ગમે અને અંદરમાં જવાય એ કાંઈ બને નહિ.

મુમુક્ષુ :- વિજ્ઞાનની બહારની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વસ્તુસ્થિતિ નથી. એ વ્યવસ્થા જ નથી જેમકે આંગળીને આ બાજુ વળવાની વ્યવસ્થા છે (પણ) આ બાજુ વળવાની વ્યવસ્થા છે? કે નથી. **'બહાર રુચે તેને માટે બહારનો સંસાર ઊભો જ છે.'** તને બહાર રુચતું હોય તો જાણી લેજે કે તારું પરિભ્રમણ ઊભું છે. એ signify કરે છે. ગાડી દેખાતી ન હોય પણ સિગ્નલ પડે ત્યારે ખબર પડે કે ગાડી હવે થોડાક ટાઈમમાં આવી જશે. એમ તને બહારમાં રુચે છે તો એ સિગ્નલ છે તારું પરિભ્રમણ હજી ચાલુ રહેવાનું છે. તને આત્માનું સુખ રુચે છે, આત્માની રુચિ થઈ છે તો એ સિગ્નલ છે કે તારું પરિભ્રમણ બંધ થવાનું છે. સિગ્નલ પડેલું છે કે હજી નથી પડ્યું એના ઉપરથી જોઈ લે કે, ગાડીને કેટલી વાર છે? એવું છે.

મુમુક્ષુ :- તમે પૂછો છોને ભાઈશ્રી! કુટુંબ-પરિવારની વચ્ચે તને અણગમો ક્યારેય થયો છે?

પૂજ્ય ભાઈશ્રી :- કુટુંબ, પરિવાર, ખાવું, પીવું જેટલા રોજના ઉદય છે, નોર્મલ ઉદયો છે ત્યાં પણ તપાસ કરી લેવી. પોતાની રુચિ કામ કરે છે? અથવા પોતાની રુચિ એટલે ગમો, પોતાને કેવું ગમે છે? એ જોઈ લેવાનું અને એ જોઈને પરિભ્રમણ ઉપર નજર અને વિચાર લઈ જવાનો. કે જો આ તને ગમે છે? તો પરિભ્રમણ પણ તને ગમે છે. આમ છે. બધેથી ઉદાસ..ઉદાસ.. થાય અને આત્માનું કામ ઉપાડે તો થોડાક ટાઈમમાં ઘણું કામ થાય એવું છે. નહિતર અનંતકાળ ગયો ને જિંદગીની જિંદગીઓ આવી જતી રહેશે પણ આ રગશિયું ગાડું દ્વારકા પહોંચવાનું નથી. રગશિયું ગાડું એટલે શું? રગશિયું ગાડું એટલે ઠેકાણા વગરનું ગાડું. હાલતા-હાલતા એક વ્હિલ આમ હાલતું હોય ને બીજું વ્હિલ આમ હાલતું હોય. અને વારે-વારે ધરીમાંથી નીકળી જતું હોય ઈ ગાડું પહોંચે નહિ. એ ૧૭૮ થયો. ૧૭૯

**પ્રશ્ન :- અંદરમાં આત્માનું સુખ જોયું નથી તો વિશ્વાસ કઈ રીતે કરાય?**

**સમાધાન :- સુખને જોયું નથી, પણ સુખની ઈચ્છા છે અને બહાર ક્યાંય ચેન પડતું નથી, રુચતું નથી. તો સુખમય એક આત્મપદાર્થ જગતમાં હોવો જોઈએ. તું તારા વિચારથી તેને ગ્રહણ કર, તેમાં જ સુખ છે. જે સુખનું ધામ દેવ-શાસ્ત્ર-ગુરુ બતાવી રહ્યા છે, મુનિઓએ તથા અનંતા તીર્થંકરોએ પ્રગટ કર્યું છે અને બધા મહાપુરુષોએ પણ તે બતાવ્યું છે. માટે તું વિચાર કર તો આત્મામાં જ સુખ લાગશે. અત્યારે તને દેખાતું નથી પણ તત્ત્વનો વિચાર કરીને જો તો તને પણ દેખાશે. તને તારો આત્મા જ અંદરથી જવાબ આપી દેશે. તું જાણનારો અંદર બિરાજે છે એમાં સુખ છે. તું વિચાર કર તો પ્રતીતિ આવ્યા વગર રહેશે નહિ. તે માર્ગે જ અનંતા તીર્થંકારો મોક્ષે ગયા છે અને તેમણે માર્ગ બતાવ્યો છે. તેનો અંતરમાં વિચાર કર, તો વિશ્વાસ આવ્યા વગર રહેશે નહિ.૧૭૯.**

## પ્રશ્ન ૧૭૯ ઉપર પ્રવચન

'**પ્રશ્ન :- અંદરમાં આત્માનું સુખ જોયું નથી તો વિશ્વાસ કઈ રીતે કરાય?**' અથવા સહજ વિશ્વાસ આવે કેવી રીતે? એમ કહેવું છે. અંદર સુખ જોયું નથી અમે અને બહારનું સુખ અમને લાગે છે. આ પરિસ્થિતિમાં પાછું ફરવું જરા મુશ્કેલ છે. બહારમાં સુખ લાગે છે. ખાઈએ છીએ, પીયે છીએ અત્યારે બધું અમને સરસ-સરસ, સારું-સારું હોય એટલે સારું જ લાગે.

મુમુક્ષુ :- પ્રશ્ન વ્યાજબી છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને અંદરનું સુખ જોયું નથી એ પરિસ્થિતિમાં મુશ્કેલ છે એ વાત ઠીક છે. છતાં પણ વિશેષ વિચાર અને વિવેક કરીને પરિસ્થિતિ બદલવાની છે. તને સારું લાગે છે પણ એવું નથી કે તને દુઃખ ક્યાંય લાગતું જ નથી. જ્યાં સારું લાગે છે ત્યાં પણ તને દુઃખ લાગે છે. 'પશ્ચાત દુઃખ તે સુખ નહિ' એમ જ્ઞાનીઓએ કહ્યું છે એનો વિચાર કર તું! એ સિવાય પણ બીજા અકથ્ય દુઃખના પ્રસંગો છે એ દુઃખમાંથી બચવા માટે તારી પાસે શું ઉપાય છે? એ વિચાર કર. તને શરીરની પીડા થશે તો કેવી રીતે પીડામાંથી બચીશ? બીજી પ્રતિકૂળતાઓ આવશે ત્યારે એનું ટેંશન

આવશે ત્યારે તું કેવી રીતે બચીશ? મૃત્યુ સામે દેખાશે કે, હું મરી જઈશ એવો તને ભાસ થાશે કે હવે હું મરી જઈશ ત્યારે તને ઘણું દુઃખ થશે એમાંથી કેવી રીતે બચીશ? તારા દુઃખમાંથી કેવી રીતે બચીશ તું? ભલે તને ક્યાંક સુખ લાગતું હોય પણ આ બધી પરિસ્થિતિનો કાંઈક વિચાર કરવો છે કે નથી કરવો? ન કરવો હોય તો ન કરનારા ઘણાં છે એની ભેગો ભળી જા! જ્ઞાનીઓને વાત કરવાની ફુરસદ નથી. અહીંયાં તો કોને (કહે છે)? કે, જેને કાંઈક વિચાર ઊગ્યો છે કે આ સંસાર દુઃખનો છે અને વિશેષ વિચાર કરતા કેવળ દુઃખમય છે. સંસાર દુઃખમય છે, વિશેષ વિચાર કરતા કેવળ દુઃખમય છે એવું જ્યારે લાગે, સમજાય ત્યારે તેને આ રસ્તો બરાબર ગંભીરતાથી પકડવાનો બને નહિતર ગંભીરતા આવે નહિ, sincerity આવે નહિ, priority આવે નહિ, અને કામ કોઈ દિવસ થાય નહિ. અંદરમાં આત્માનું સુખ જોયું નથી એ વાતની ના નથી એમ કહે છે. ભણીગણીને તૈયાર થયો ને બજારમાં ગયો પછી જ તો commercial life શરૂ થાય છેને? ત્યારે એમ કહે છે? કે હું કોઈ દિવસ બજારમાં આવ્યો નથી ને મેં કોઈ દિવસ પૈસા કેમ કમાવવા એવું હજી મને ત્યાં નિશાળમાં શિખડાવ્યું નથી. એવું કહે છે? એમ કહેશે કે જો ભાઈ તું ભણ્યો ઈ બીજું શીખ્યો અને હવે આ થોડુંક બીજું શીખવાનું છે અને આ શીખી લે પછી તને પૈસા કમાવવાનું સાધન થાશે. તો હોંશથી શીખે છે કે નહિ? એમ ભલે અંદરમાં સુખ ન જોયું હોય પણ અંદરમાં સુખ છે એમ કહેનાર ઉપર, કહેનારની પ્રમાણિકતાને કારણે તું વિશ્વાસ મુક!

મુમુક્ષુ :- અને હોંશ લાવ!

પૂજ્ય ભાઈશ્રી :- અને ઉત્સાહથી આગળ વધ! તને ક્યાંય સાચું સુખ દેખાતું ન હોય ઠરીને ઠામ થાય એવું તો જ્ઞાનીઓ કહે છે, હાલ તને દેખાડું! સુખના સરોવર પાસે લઈ જાઉં! અને તને સુખના સરોવરમાં ડૂબકી મરાવું! વિશ્વાસ હોય તો સાથે ચાલે.

મુમુક્ષુ :- પેલું દૃષ્ટાંત લીધું હતુંને, મોતીમાં દરિયો દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મોતીમાં. મોતી બહુ સરસ હતું. ગુરુદેવ દૃષ્ટાંત આપતા કે એક શેઠ હતા, ઉઘરાણીએ ગયેલા ગામડામાં. એ જમાનામાં શું છે? માઈલ-બે માઈલ છેટું ગામડું હોય ત્યાં ધીર-ધાર માલ લઈ જતા હોય, પૈસા ન આપતા હોય તો ઉઘરાણીએ પણ જાવું પડે એટલે ચાલીને જતા રહે. માઈલ-બે માઈલ ચાલીને જાય. તે દી' પછી આ બધું કૂંજો ઉપાડીને જાય કે ઢેબરા ઉપાડીને જાય એવું કાંઈ નહિ. જમવાના ટાણે, રોંઢા ટાણે પાછા આવી જાય પણ તરસ તો લાગે, તરસ લાગે એટલે કોઈનું સારું ખોરડું જોઈને એમ કહે કે હાલો જરા પાણી પી આવીએ. એક પટેલને ત્યાં ગયા

ને ખાટલો ઢાળીને પટેલે બેસાડ્યા બેસો! બેસો! શેઠ કેમ થયું? તો કે પાણી પીવું છે બીજું કાંઈ કામ નથી. બહુ સારું કે! ઓલો પટેલ પાણીનો લોટો લેવા પાણિયારે ગયા ઘરમાં. આમને ખીચામાં મોતી હતું બહુ પાણીદાર. એ જોવા મંડ્યો, જોઈને બડ-બડ કરવા મંડ્યા ઓહો! કાંઈ પાણી છે કાંઈ! બહુ પાણીદાર, દરિયો અંદર છલકાય છે. પાણીનો તો દરિયો છે અંદર એમ બોલ્યા. પેલો પટેલ આવીને જોવે કે આ શેઠ શું કરે છે? હાથમાં કાંઈક ઝીણી ચીજ છેને દરિયો છે! દરિયો છે! તેમ કરે છે. બહુ પાણી ને બહુ દરિયો એમ કીધુંને તો પછી એમાંથી જ પી લ્યોને, મારી પાસે શું કામ પાણી મંગાવ્યું? ઈ કે તમે પાણીનો લોટો મારી પાસે માંગ્યો ને તમે તો ક્હો છો આમાં તો દરિયો છે પાણીનો! તો કે ઈ પાણી નહિ, ઈ પાણી જુદું! અને આ મોતીનું પાણી જુદું! ગુરુદેવ દૃષ્ટાંત આપતા ઘણા, હજારો દૃષ્ટાંત આપ્યા હશે. એટલે એમ કહે છે કે, આ સુખ જુદું ને પેલું માનેલું સુખ સાવ જુદું છે. કે જે બે સુખની સરખામણી કરવા જતા સંસારનું સુખ દુઃખના ખાતામાં જાય છે. દુઃખના વર્ગમાં જાય છે સુખના વર્ગમાં એ આવતું નથી, એ દુઃખ છે.

**'સમાધાન :- સુખને જોયું નથી, પણ સુખની ઈચ્છા છે અને બહાર ક્યાંય ચેન પડતું નથી, રુચતું નથી. તો સુખમય એક આત્મપદાર્થ જગતમાં હોવો જોઈએ.'** આ આત્મા સુખ કેમ માંગે છે? આમ કેટલી ઊંડી વિચારણા લઈએ કે આ આત્મા સુખ કેમ માંગે છે? કે એને નિરંતર કાયમ સુખ જોઈએ એમ કેમ કરે છે? એને સુખની ઈચ્છા રહે છે, ક્યાંયથી સુખ મળતું નથી તો જગતમાં આત્મપદાર્થ સુખમય હોવો જોઈએ. આમ કેવી રીતે વિચારણા ઊંડી જાય છે! **'તું તારા વિચારથી તેને ગ્રહણ કર, તેમાં જ સુખ છે.'** તારા વિચારથી એમ કહીને સ્વતંત્રપણે, સ્વતંત્ર વિચારથી નિર્ણય કર! વૈચારિક ભૂમિકામાં સ્વતંત્ર વિચારધારા અને સ્વતંત્ર વિચારશક્તિ હોવી જરૂરી છે. ભલે કહેનારની પ્રમાણિકતા ઉપર વિશ્વાસ હોય તોપણ પોતાની વિચારવાની પદ્ધતિ સ્વતંત્ર હોવી જોઈએ. તો એ ટકી શકશે. ઉછીનું લીધેલું નહિ ટકે. ઉછીનું લીધેલું નહિ ટકે. તું તારા વિચારથી તેને ગ્રહણ કર, તેમાં જ સુખ છે અને સુખનો નિશ્ચય પણ પોતે કરવો પડે. આપણે 'નિર્ભ્રાંતદર્શનની કેડીએ'માં સ્વરૂપ નિશ્ચયનું પ્રકરણ લીધું છે અને સ્વરૂપ નિશ્ચય થાય ત્યારે એના લક્ષણો છે, એના દસેક લક્ષણોનો વિસ્તાર કર્યો છે. એમાં એક લક્ષણ આ લીધું છે કે મને મારા સ્વરૂપનો જે નિશ્ચય થયો તેથી હવે મને મારો જ આત્મા (સુખમય) ભાસે છે. (પહેલા) સુખ દેખાતું નહોતું, આત્મા જોયો નહોતો પણ એ વિશ્વાસ તો એમણે ચિંધેલા રસ્તે ચાલવા માટે ઉપયોગ કર્યો હતો. અંધશ્રદ્ધા માટે એનો ઉપયોગ નહોતો કર્યો કે, તમે કીધું એમ માની લીધું બાપા! હાલો

તો કે એમ! એમ તો તને કાંઈ મળે એવું નથી. એમણે એમ કહ્યું કે, ભાઈ જો આ રીતે નિશ્ચય થાય, આ રીતે અનુભવ થાય તું આમ કર! તું આમ કર! ને એવી રીતે વિશ્વાસ મુકીને એણે પરિશ્રમ કર્યો. એમના વચન વિશ્વાસે પરિશ્રમ કર્યો. ફળ આવ્યું ત્યારે ખબર પડી કે બરાબર છે કહેનાર સાચા છે. પ્રયોગથી સિદ્ધ થયું ત્યારે કહેનાર ઉપર વિશ્વાસ હતો એ દૃઢ થઈ ગયો અને એ વખતે પ્રયોગથી સિદ્ધ થઈને જેણે માન્યું એણે ખરેખર સાચું માન્યું, એણે ખરુ માન્યું. બાકીનાએ માન્યું ઈ ખરું માન્યું નથી એમ છે. **'તું તારા વિચારથી તેને ગ્રહણ કર, તેમાં જ સુખ છે.'** એમ તારા વિચારથી ગ્રહણ કર. **'જે સુખનું ધામ દેવ-શાસ્ત્ર-ગુરુ બતાવી રહ્યા છે, મુનિઓએ તથા અનંતા તીર્થંકરોએ પ્રગટ કર્યું છે અને બધા મહાપુરુષોએ પણ તે બતાવ્યું છે.'** એ પણ પ્રગટ કરીને બતાવ્યું છે. શૈલી જોઈ? **'માટે તું વિચાર કર તો આત્મામાં જ સુખ લાગશે.'** પુરાવા આપ્યા તને. જો ભાઈ! તીર્થંકરોએ, મુનિઓએ, મહાપુરુષોએ આત્મામાં સુખ જોયું, એનો અનુભવ કર્યો, પ્રગટ કર્યું - આ તને વિશ્વાસ વધારે આવે તેના માટે આટલા-આટલા તને પુરાવા અને સાબિતીઓ આપીએ છીએ. જૈન સિવાય ક્યાંય એવા કોઈ પરમેશ્વર, ખુદા કે ગોડ કે કાંઈ નથી કે જેને ઈચ્છા ન હોય. એટલે ઈશ્વરનું સ્વરૂપ જ કોઈને ખબર નથી. જૈનમાં જે વીતરાગ પરમેશ્વર છે એને ઈચ્છા નથી. તેરમાં ગુણસ્થાનથી સર્વથા ઈચ્છા ગઈ. ઈચ્છા ગઈ એ એમ સૂચવે છે કે એમને પૂરેપૂરા સુખની પ્રાપ્તિ થઈ ગઈ છે. બાકી સાધકદશામાં ભૂલ પડે એવું છે. સાધકદશા નહિતર એવી છે કે જેમ-જેમ ઈચ્છા ગઈ તેમ-તેમ ત્યાગ થતો ગયો. અને મુનિરાજ સર્વસંગ પરિત્યાગી ને નિષ્પરિગ્રહી થઈ ગયા. પણ ચોથા ગુણસ્થાનની સાધકદશા સમજાય નહિ. પાંચમાની થોડીક સમજાય. શું? છઠ્ઠે-સાતમે લાગે કે ભાઈ ઘણું છે હવે! પણ એવા તો નગ્ન બાવાઓ અન્યમતિમાં પણ છે. એ તો જંગલમાં નગ્ન ફરે છે આજે પણ છે. જેમ આજે દિગંબર મુનિઓ છે એમ અન્યમતમાં નગ્ન સાધુઓ છે. આ લોકોનો કુંભમેળો ભરાય છેને! અહીંયાં નાસિકમાં છેલ્લે ભરાણો બાકી પ્રયાગમાં અલ્હાબાદ પાસે ભરાય છે ત્રિવેણી સંગમ છે ત્યાં.

મુમુક્ષુ :- જુનાગઢમાં આવે છેને બધા?

પૂજ્ય ભાઈશ્રી :- જુનાગઢમાં પણ કુંભમેળો ભરાય છે અમુક ટાઈમે. જુદા-જુદા સ્થળે હિન્દુસ્તાનમાં એ લોકો (મેળો) ભરે છે ત્યારે એ બધા બાવા આવે છે. નિર્વસ્ત્ર દશામાં હોય છે. કોઈકવાર ગાંજો, ચલમ ફૂંકતા દેખાય પાછા તમને. આમ નગ્ન હોય પણ રાખ ચોળેલી હોય. હવે એમાં શરીરનું વિજ્ઞાન છે કે તમને ઠંડી-ગરમી ન લાગે. રાખ ચોળીને તડકે તપો તોપણ તમને એટલો તડકો ન લાગે અને એ લોકો તપે પાછા

પણ રાખ ચોળીને. એવી રીતે શિયાળામાં જંગલમાં રહે પણ રાખ ચોળીને. અને રાખ એ લોકોને ક્યાંય લેવા જાવી ન પડે. જંગલમાં પશુ-પક્ષીઓ.. આ બધા જે ઓલા અડાયા છાણા હોયને એ ભેગા કરીને ચકમક રાખે. ચલમ પીવામાં ચકમક જોઈએ એને અગ્નિ પેટાવવા આમાં રાખે અને ધુણી ધખાવે, ધુણી ધખાવીને બેસે એની રાખ થાય એ રાખ ચોળી લ્યે. આત્મામાં ઉપયોગ રહે એની વાત જુદી છે, એ વખતે નગ્ન રહેવું ઈ અને આત્મામાં ઉપયોગ ન રહે અને નગ્ન રહેવું એ તો કાંઈ જેવી-તેવી વાત નથી પાછી! એ કાંઈ જેવી વાત (નથી), નગ્ન રહેવું એ કાંઈ જેવી-તેવી વાત નથી. કેમકે બારેય મહિના ઋતુનો પ્રકોપ થાય છે. ઉનાળામાં ફાટફાટ ગરમી હોય, શિયાળામાં ફાટફાટ ઠંડી હોય એમાં જંગલમાં રહેવું એટલે શું વાત છે! અત્યારે તો બધા સાધુ ગામમાં રહે છે, ઓલા તો જંગલમાં જ રહેતા હતા, આ લોકો હજી રહે છે જંગલમાં, વસ્તીમાં તો રહેવા ન દ્યે એને. આપણા સાધુઓને શું છે કે બીજું કાંઈ નથી એટલે વાંધો નહિ. આ લોકો તો વસ્તીમાં રહે તો તોફાન થાય કેમકે એ લોકોના temperament high પાછા બધાના, બહુ જ ગુસ્સે થાય ને ગાળો કાઢવા મંડે જો ગુસ્સે થાય તો તો. એ તો તોફાન જ થાય. હા, એટલે તોફાન થઈ જાય એને કાંઈ વતાવાય નહિ. કેમકે ઈ જાતની પછી philosophy ને તત્ત્વજ્ઞાન શાંત રહેવાનું તો ત્યાં છે નહિ. ત્યાગ કર્યો, દેખાદેખીથી ત્યાગ કર્યો અને સંપ્રદાય ચલાવ્યો. એમકે તમે ત્યાગ કરી શકો છો તો અમે પણ ત્યાગ કરી શકીએ છીએ. પણ ભાઈ! ફેર છે, ફેર છે. એમાં ફેર છે. એવી વાત છે. તો એ એમને સાધકદશાની અંદર તો ભૂલ પડે બીજામાં અને આની સરખામણી કરવા જાય તો. વાત તો ત્યાંથી ચાલી. તીર્થંકરો, ઈશ્વર છે એ જૈનના પરમેશ્વર છે એવા ક્યાંય વીતરાગ પરમેશ્વર નથી. બધાની ઈચ્છા લીધી છે, કોઈને દુનિયા ચલાવવી છે, કોઈને જગત ચલાવવું છે, કોઈને ભક્તોને મદદ કરવી છે, કોઈને દુશ્મનોનો જે અનિષ્ટો-રાક્ષસોને મારવા છે. જે દુષ્કૃત્યો કરનારાને શિક્ષા કરવી છે. આમાં આવે છે ને - ગીતામાં 'પરિત્રાણાય સાધુનામ વિનાશાનાય દુષ્કૃતામ્ સંભવામિ યુગે યુગે' નહોતું મહાભારતમાં આવતું? સંભવામિ યુગે યુગે. હું યુગે યુગે અવતાર લઉં છું, કેવી રીતે? કે સાધુ લોકોને પરિત્રાણ એટલે દુઃખમાંથી મુક્ત કરવા માટે અને જે દુષ્કૃત્ય કરનારા દુષ્ટો છે એનો નાશ કરવા માટે એને હું મારી નાખું છું. આ પરમેશ્વરની ડ્યુટી એ લોકો લ્યે છે. વીતરાગ પરમેશ્વર છે એને કોઈ પ્રકારની ઈચ્છા નથી. ઈચ્છા નથી એ એમ સૂચવે છે ઈચ્છાપૂર્વક કોઈ કાર્યની ક્રિયા નથી એ એમ સૂચવે છે કે એમને પરિપૂર્ણ સુખની પ્રાપ્તિ થઈ ગઈ છે. એ દુઃખી નથી, બાકીના બધા રાગી છે ને દુઃખી છે. રાગી હોય એ દુઃખી હોય, હોય ને હોય

જ. રાગની ઉપાધિ આવ્યા વિના રહે નહિ. ઉપાધિ પોતે દુઃખ છે. એટલે એ તીર્થંકરનો દાખલો પહેલા આપ્યો કે જુઓ! તીર્થંકર સુખી થઈ ગયા છે આપણા મુનિઓ પણ સુખી થઈ ગયા છે 'એગંત સોહી મુનિ વીતરાગી' વીતરાગી મુનિ જ સુખી છે. પણ નગ્ન દિગંબર છે એ બધા સુખી છે એમ નહિ, દ્રવ્યલિંગીને સુખી નથી કીધા. 'એગંત સોહી મુનિ વીતરાગી' એકાંતે વીતરાગી મુનિ જ સુખી છે. માટે તું વિચાર કર. શા માટે એ વાત લીધી? કે તું વિચાર કર તો આત્મામાં જ સુખ લાગશે. વિચાર કરીશ તો તને ન્યાયથી એ વાત સ્વીકાર થશે. ન્યાયથી તને સ્વીકાર થશે. ન્યાય તને ન બેસે તો આગળ ચાલવાની વાત નથી. ન્યાય તો તારે સ્વીકારવો જ પડશે, ન્યાય તો તારે સ્વીકારવો જ પડશે. **'અત્યારે તને દેખાતું નથી..'** એ વાત તો અમે પણ સમજીએ છીએ કે અત્યારે તને પ્રગટ થયું નથી માટે દેખાતું નથી કે અનુભવાતું નથી. બે એકાર્થ છે - દેખાતું નથી એટલે અનુભવાતું નથી **'પણ તત્ત્વનો વિચાર કરીને જો તો તને પણ દેખાશે.'** વિચાર કરીને પછી આગળ થોડુંક ચાલીને એટલે કે અવલોકન કરીને વિચારથી એક ડગલું આગળ ચાલવાનું છે. અવલોકન કર! તારા જ્ઞાનનું અવલોકન કર! જ્ઞાનનું અવલોક્ન કરતા જ્ઞાન સામાન્યનું અવલોકન કર! તો તને નિરાકુળ સ્વરૂપે, સુખ સ્વરૂપે જ્ઞાન દેખાશે. જરૂર દેખાશે. ન દેખાય એવું નથી. એટલે જ્ઞાનીઓ એમ કહે છે કે, હાલ તને દેખાડું! તને નથી દેખાતુંને હાલ દેખાડું! કે ચાલ અવલોકનમાં ચડી જા તું! અવલોકનમાં તો મને બધી ભૂતાવળ દેખાય છે, આવો રાગ છે ને આવો દ્વેષ થયો. વિકલ્પની ભૂતાવળ દેખાય છે. કાંઈ વાંધો નહિ જોયા કર તું, જોયા કર, જોયા કર બાપા! જોયા કર, હજી જોયા કર, જેમ-જેમ જોઈશ એમ તારી નજર ઝીણી થાશે. કાંઈક જ્ઞાન દેખાય છે? જાણે છે એવું કાંઈ તને દેખાય છે? તો કે હા! દેખાય છે. ઈ તો ઘણું જાણે છે, એમાંય ઘણી ભૂતાવળ છે પાછી, આ જાણ્યું ને તે જાણ્યું, આ જાણ્યું ને તે જાણ્યું, રાગને જાણ્યો ને દ્વેષને જાણ્યો ને દોષને જાણ્યોને! કાંઈ વાંધો નહિ. હજી ચાલુ રાખ તારી પ્રૅક્ટિસ ચાલુ રાખ!

મુમુક્ષુ :- ત્યાં જ તારો રાજા છુપાયેલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! તારો રાજા ત્યાં જ છુપાયેલો છે. જ્ઞાન સામાન્ય છે એ તારું સ્વરૂપ છે. એ જ તારું સ્વરૂપ છે ને એ જ તારું સ્વરૂપ છે ને એ જ તારું સ્વરૂપ છે. અને એમાં આકુળતા નથી એમાં કોઈ જ્ઞેયોના પ્રતિબિંબ નથી, એમાં કોઈ ઉપાધિ નથી, એમાં પરદ્રવ્ય ને પરભાવની કોઈ પહોંચ (નથી.) કોઈ પરદ્રવ્યની, કોઈ પરભાવની પહોંચ એમાં નથી માટે એ સુખ સ્વરૂપ જ છે એમ તને જરૂર દેખાશે. અમે પણ જોયું અને તને પણ દેખાશે એ વાત નક્કી છે. **'તને તારો આત્મા જ**

**અંદરથી જવાબ આપી દેશે.'** ૧૭૨માં બહેનશ્રીનું બહુ સરસ વચનામૃત આવ્યું કે તને તારો આત્મા ઓળખાય તેવી રીતે અનુભવમાં આવી રહ્યો છે. ઓળખાય એ રીતે અનુભવમાં આવી રહ્યો છે. જરૂર દેખાશે, નહિ દેખાવાનો પ્રશ્ન જ નથી. શું? પણ બીજી બધી ઉપાધિમાંથી, પંચાતમાંથી ને માથાકૂટમાંથી આઘો ખસ ત્યારે! તને તારો આત્મા જ અંદરથી જવાબ આપી દેશે. બહુ સરસ છે આ. એમ જ થાય છે આત્મા જ અંદરથી જવાબ દયે છે. **'તું જાણનારો અંદર બિરાજે છે..'** કેવા શબ્દો વાપર્યા છે! તું જાણનારો અંદરમાં ભગવાન સ્વરૂપે, સુખ સ્વરૂપે બિરાજે છે. ને **'એમાં સુખ છે.'** અનંત સુખધામ તારો કારણ પરમાત્મા કારણ સુખ સ્વરૂપ છે. તારા સુખના કાર્યનું એ કારણ છે એ કારણ પરમાત્મા અંદર બિરાજે છે અને એ પરમાત્માની કૃપાદષ્ટિ તારા માટે હવે તૈયાર થઈ ગઈ છે. તું આ વાત સાંભળવા આવ્યો માટે તારા માટે એની કૃપાદષ્ટિ તૈયાર થઈ ગઈ છે. હવે તું એની કૃપાને પાત્ર થયો છે એટલે બહુ અલ્પ સમયમાં તારો પરમાત્મા તારા ઉપર કૃપા કરશે અને તારી પર્યાયમાં લીલાલહેર થઈ જશે જા! તું જાણનારો અંદર બિરાજે છે એમાં સુખ છે. **'તું વિચાર કર તો પ્રતીતિ આવ્યા વગર રહેશે નહિ.'** તને વિશ્વાસ આવશે, થોડો વિચાર કરીશ તો ન્યાય તને પકડાશે અને તને વિશ્વાસ પણ આવશે. **'તે માર્ગે જ અનંતા તીર્થંકરો મોક્ષે ગયા છે..'** શું? તારે વિશ્વાસ બેસાડવા માટે નાના-મોટા પ્રયોગ કરી લેવા જેમકે રાગમાં દુઃખ છે. રાગમાં ક્યાંક-ક્યાંક તો દુઃખ લાગે છે, ક્યાંક-ક્યાંક તો સુખ લાગે છે; પણ કહેનાર વ્યક્તિ કહે છે કે રાગમાં દુઃખ છે તો તને જ્યાં સુખ લાગે છે ત્યાં જરાક બારીકાઈથી વધારે અવલોકન કરજે! તને ખબર પડી જશે કે તારો રાગ તારે છોડવો પડે છે લંબાવી શકતો નથી. એટલે પ્રયોગથી, અવલોકનના પ્રયોગથી એ વાત જ્યારે સાચી ઠરે છે ત્યારે કહેનાર ઉપર વધારે વિશ્વાસ આવે છે. તે માર્ગે જ અનંતા તીર્થંકરો મોક્ષે ગયા છે **'અને તેમણે માર્ગ બતાવ્યો છે.'** તીર્થંકરો ઉપર વિશ્વાસ નથી? એમ કહે છે તને. આગમ તો બધા એમની વાણી છે. તેનો અંતરમાં વિચાર કર, શું તેનો વિચાર કર ને **'તેનો અંતરમાં વિચાર કર, તો વિશ્વાસ આવ્યા વગર રહેશે નહિ.'** તને ચોક્કસ વિશ્વાસ આવશે અને વિશ્વાસ આવશે તો એ વિશ્વાસનું બળ પણ પ્રગટ થશે સાથે સાથે ને તારો પુરુષાર્થ આગળ વધશે.

આશય :- (૧૭૮) **બાહ્ય રુચિ જેને મટે છે તેને જ આત્માના સ્વભાવ સમીપ બીજા પરિણામો જવાની શક્યતા અને અવકાશ ઉત્પન્ન થાય છે. તેથી પોતાના પરિણામોનું અવલોકન કરીને મુમુક્ષુજીવે જ્યાં-જ્યાં પોતાની રુચિ હોય તે મટાડવા યોગ્ય છે. બાહ્ય રુચિને લીધે જ પરિભ્રમણરૂપ સંસાર છે, તે ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે. કૃપાળુદેવે**

પણ કહ્યું છે કે 'એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ વ્હોરી લેવા જેવું નથી.'

આશય :- (૧૭૯) દેવ અને ગુરુના પ્રગટ પરિણમનથી અને તેમની વાણીરૂપ આગમથી તેમની આજ્ઞા અનુસાર વિચાર અને પ્રયોગ કરતા આત્મામાં સુખ છે, તેનો જવાબ અંદરથી આત્મા જ આપે છે. અને સુખ આત્મામાં છે તેનો વિશ્વાસ આવે છે તેથી ઉલ્લાસિત વીર્યથી આત્માનું સુખ પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવાના પુરુષાર્થમાં લાગી જવું જોઈએ.

પ્રશ્ન :- અનંત કાળનાં દુઃખિયારાં અમે; અમારું આ દુઃખ કેમ મટે?

ઉત્તર :- 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું જ્ઞાયક છું' એ રસ્તે જવાથી દુઃખ ટળશે અને સુખની ઘડી આવશે. જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે- એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે અને સુખની ઘડી આવશે. 'હું જ્ઞાયક છું' એમ ભલે પહેલાં ઉપલકપણે કર, પછી ઊંડાણથી કર, પણ ગમે તેમ કરીને એ રસ્તે જા. શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આત્મા સુખનું ધામ છે, તેમાંથી સુખ મળશે.

- બહેનશ્રીનાં વચનામૃત - ૪૧૯

**પ્રશ્ન :- રાગ-દ્વેષમાં જીવ ગૂંચવાઈ જાય છે?**

**સમાધાન :- પોતાની રુચિ નથી, રુચિ મંદ છે, એટલે ગૂંચવાઈ જવાય છે. પુરુષાર્થ વધારે કરવો, રુચિ વધારવી. પુરુષાર્થ મંદ થાય તો વારંવાર તેનો અભ્યાસ કરવો. બહારની કોઈ રુચિ લાગે તો તેનો પ્રયત્ન કેમ કર્યા જ કરે છે? બહારની રુચિ હોય અને ગમતું કામ માથે લીધું હોય તો તેની પાછળ પડી કામ કર્યા જ કરે છે. તેમ આની રુચિ લાગે અને પાછળ પડીને વારંવાર પ્રયત્ન કરે તો કાર્ય થાય. પુરુષાર્થ કર્યા વગર થતું નથી.૧૮૦.**

## તા. ૨૭-૫-૧૯૯૭, પ્રશ્ન- ૧૮૦થી૧૮૨
## પ્રવચન નં. ૧૩૨

'સ્વાનુભૂતિદર્શન', પાનું-૧૨૩, પ્રશ્ન-૧૮૦મો.

**'પ્રશ્ન :- રાગ-દ્વેષમાં જીવ ગૂંચવાઈ જાય છે?'** શું થાય છે? ઉદય પૂર્વકર્મનો ચાલુ છે - શુભ કે અશુભ બેમાંથી કોઈ એક પ્રકારનો અથવા મિશ્ર પ્રકારનો, એમાં જીવ રાગ-દ્વેષ કર્યા કરે છે. ઉદયમાં રાજી થાય છે કાં નારાજ થાય છે - બેમાંથી એક પ્રકારના પરિણામ તો કરે જ છે. મારાપણું હોવાના લીધે મારો ઉદય છે અથવા એવો સ્વીકાર હોવાથી રાગ-દ્વેષ થયા વગર રહેતા નથી. શું કરવું? પરિસ્થિતિ તો આમ છે કરવું શું? માર્ગદર્શન તો એ લેવાનું છે.

**'સમાધાન :- પોતાની રુચિ નથી, રુચિ મંદ છે,..'** મુમુક્ષુ હોય તો મંદ રુચિવાળો છે અથવા તો જીવને રુચિ જ નથી એટલે ઉદયમાં ગૂંચવાય છે. પોતાનું આત્મકાર્ય કરવાની એટલી જરૂરત લાગી નથી એટલે રુચિ નથી. રુચિ નથી એટલે પછી પરિણામ તો ક્યાંક ને ક્યાંક તો જાવાના જ છે. એટલે ઉદયમાં ગૂંચવાય છે. કોઈવાર તો જીવને પોતાનો ઉદય હોય તો ગૂંચવાય છે, તો કોઈવાર જીવને પોતાને કાંઈ લાગતું વળગતું ન હોય તોપણ ગૂંચવાય છે. રુચિ મંદ છે એમ કહો કે પોતાની ભાવનાની ખામી છે એમ કહો જો રુચિ અને ભાવના હોય તો પોતાના કામે લાગે નહિતર ઉદય તો ચાલુ જ છે એમાં જોડાઈ જશે અને રાગ-દ્વેષ કર્યા વગર રહેશે નહિ. એ પાછું નવું કર્મબંધન ઊભું કર્યું. **'પુરુષાર્થ વધારે કરવો, રુચિ વધારવી'**. રુચિ વધારીને પુરુષાર્થ

વધારે કરવો. શું કરવું? કે ભાવના ને રુચિ વધારવી અને પુરુષાર્થ વધારવો. **'પુરુષાર્થ મંદ થાય તો વારંવાર તેનો અભ્યાસ કરવો.'** કોઈને એમ થાય કે પુરુષાર્થ તો કાંઈક કરીએ છીએ, પ્રયાસ તો કરીએ છીએ પણ પાછી પરિસ્થિતિ અમારી કાંઈ હજી સુધરતી નથી. તો કહે છે કે વારંવાર કરવો. સતત કરવો, ખૂબ કરવો પુરુષાર્થ. **'બહારની કોઈ રુચિ લાગે તો તેનો પ્રયત્ન કેમ કર્યા જ કરે છે?'** જેમકે તબિયત સારી ન રહેતી હોય અને લાંબા ટાઈમથી તબિયત સારી ન રહેતી હોય તો મૂકી દ્યે છે કાંઈ? કે કાંઈ નહિ મૂકોને હવે બહુ બહુ તો શરીર પડી જશે! એમ કોઈ કરે છે? તો કે નહિ એમ થવું જ ન જોઈએ. ત્યાં વારંવાર પ્રયત્ન ચાલુ રાખે છે કે નથી રાખતો? એટલે જરૂરત લાગે તો જીવ એનો પ્રયત્ન કર્યા વગર રહે નહિ. બહારની કોઈ રુચિ લાગે તો તેનો પ્રયત્ન કેમ કર્યા જ કરે છે. **'બહારની રુચિ હોય અને ગમતું કામ માથે લીધું હોય તો તેની પાછળ પડી કામ કર્યા જ કરે છે.'** એમ અહીંયાં રુચિનું કામ મળ્યું હોય ત્યારે તો કેવા રસથી કરે છે? એમ કહે. એક તો વેપાર કરવાનો રસ હોય અને એમાં અનુકૂળતા આવે તો કેવા રસથી કરે હેં!! પછી એકાકાર થઈ જાય છે. **'તેમ આની રુચિ લાગે અને પાછળ પડીને વારંવાર પ્રયત્ન કરે તો** (ચોક્કસપણે) **કાર્ય થાય. પુરુષાર્થ કર્યા વગર થતું નથી.'** પુરુષાર્થ એટલે અહીંયાં જોર. જે કામ કરવું છે એની પાછળ એનો ફોર્સ તો હોવો જોઈએ. જો ન હોય તો બીજી બાજુ પરિણામ ખેંચાઈ જશે.

મુમુક્ષુ :- પુરુષાર્થ એટલે અહીં નિશ્ચયબળ લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિશ્ચયબળ હોવું જોઈએ. અહીંયાં તો, નીચે તો એમ જ છે કે નિશ્ચયબળ હોવું જોઈએ કે, મારે આ કરવું જ છે. એવો જે મેં નિશ્ચય કર્યો છે એનું બળ આવવું જોઈએ. નિશ્ચયની સાથે એનું બળ હોય તો જ નિશ્ચય બરાબર ગણાય નહિતર તો ખાલી વિકલ્પ થયો એમ ગણાય. ખાલી વિકલ્પ થઈ ગયો, આવી ગયો કે, આમ મારે કરવું છે. પછી થાય-ન થાય એની પાછળ કાંઈ એની દરકાર નહિ, એની પાછળ લાગવાનું નહિ, પાછળ પડે નહિ. રાગ-દ્વેષમાં જીવ ગૂંચવાય છે - પ્રશ્ન તો ઈ ચાલ્યો છે. રાગ-દ્વેષમાં જીવ ગૂંચવાય છે તો ચિંતા કરે છે સંયોગોની. કોઈવાર ભવિષ્યની ચિંતા કરે છે. કાંઈક ને કાંઈક, કાંઈક ને કાંઈક નિમિત્ત મળી રહે છે. અંદર ભાવના અને અંદર રસ ને રુચિ નથી એટલે બહારનું કાંઈને કાંઈ નિમિત્ત મળી જાય છે એને. વર્તમાનનું ન હોય તો છેવટે ભવિષ્યનું. આનું આમ કરવું છે ને આમ કરવું છે ને આમ થશે ને આમ થશે ને તેમ થશે. કાંઈને કાંઈ ચાલ્યા કરતું હોય છે. એમાંને એમાં જીવ ગૂંચવાયેલો રહે છે. એક-એક પરિણામ નવા કર્મ બાંધે

છે એ મને નુકસાન છે, દુઃખદાયક છે એનો વિચાર આવતો નથી અને આમને આમ જો રહ્યાં કરશે તો જે આયુષ્ય છે એ તો ચાલતા પરિણામોથી ઉત્પન્ન થયેલી એક પરિસ્થિતિ છે, જે આયુષ્યનો બંધ પડે છે એ તો ૨/૩ ભાગ પછી પડે છેને? તો ૨/૩ આયુષ્ય ભોગવ્યું હોય એની અંદર જે કર્મ બાંધ્યા એ કર્મ અનુસાર આયુષ્ય બંધાય છે, એને અનુસરીને આયુષ્ય બંધાય છે. જેમ સૂતરનાં તાર હોય અને એ તારનું દોરડું બને છે. બધા તાર ભેગા થઈને વળ ચડીને દોરડું બને છે કે જેથી બાંધવાના કામમાં આવે. એકલું સૂતર બાંધવાના કામમાં ન આવે. એ તો તૂટી જાય. એમ બરાબર વળ ચડ્યા હોય તો ઈ દોરીથી એને બાંધવાના કામમાં આવે, એમ આ બધા પરિણામોનો વળ ચડી...ચડી...ચડીને એક આયુષ્યનું દોરડું તૈયાર થાય છે એ જીવને બાંધે છે નવા દેહમાં. એટલે ઈ બધા જે તાંતણા છે એ ૨/૩ ભાગમાં કરેલા પરિણામો છે. એ રીતે પોતે સાવધાન થાય, પોતે પોતાના ભવિષ્યમાં આવનારા સુખ-દુઃખના કે લાભ-નુકસાન, એને લાભ-નુકસાન એ પ્રકારનું છે. સુખ-દુઃખ એ જ લાભ-નુકસાન છે, (તે માટે) અત્યારથી ચેતી જાય અને પોતાના આત્મકાર્યમાં લાગી જાય. એ રીતે સમજણપૂર્વક હોવું જોઈએ.

**પ્રશ્ન :– ઉતાવળથી આત્માનું કાર્ય ન થાય?**

**સમાધાન :– ખોટી ઉતાવળ કર્યે ન થાય, સ્વભાવ ઓળખે તો થાય. ધીરજથી થાય, પ્રમાદ કરે તો ન થાય. આકુળતા કરવાથી ન થાય, પણ ધીરજથી–શાંતિથી સ્વભાવને ઓળખીને યથાર્થ રીતે વિચાર કરે તો થાય. પુરુષાર્થ કરે, પોતાના સ્વભાવને ગ્રહણ કરે તો થાય.૧૮૧.**

## પ્રશ્ન ૧૮૧ ઉપર પ્રવચન

**'પ્રશ્ન :- ઉતાવળથી આત્માનું કાર્ય ન થાય?'**

**'સમાધાન :- ખોટી ઉતાવળ કર્યે ન થાય, સ્વભાવ ઓળખે તો થાય.'** ઉતાવળમાં શું છે? ફોર્સ છે અને કોઈને ફોર્સથી જલ્દી કામ થાય છે તો એણે ઉતાવળ કરી એમ ગણાય કે ન ગણાય? તો ઉતાવળમાં કોઈ હઠથી કરવા માંગે શું? પોતાની યોગ્યતા ન હોય અને ઉપરના સ્ટેજનું કામ સીધું હાથમાં લ્યે, હજી કાંઈ ઠેકાણું ન હોય ને ભેદજ્ઞાનનો વિકલ્પ કર્યા કરે. ત્યાં પ્રયોગ તો ન થાય. વિકલ્પ કર્યા કરે અથવા કોઈ

હઠથી કામ કરે. વૃત્તિઓને દબાવે, તો ખોટી ઉતાવળ કર્યે ન થાય. સ્વભાવ ઓળખે તો થાય. સ્વભાવ ઓળખે એટલે સ્વભાવની ઓળખાણ થતાં પુરુષાર્થ અંદરથી બહાર જોરથી આવે છે. સ્વરૂપ ઓળખાય તો આત્મામાં અંદરથી જ જોરથી પુરુષાર્થ બહાર આવે છે. કેમકે સ્વરૂપ એવું મહાન છે એટલે એ એનો પુરુષાર્થ ઊપડ્યા વિના રહે નહિ. સ્વભાવ ઓળખે તો થાય **'ધીરજથી થાય, પ્રમાદ કરે તો ન થાય.'** સામેસામું લ્યે છે. ખોટી ઉતાવળ ન કરવી, ધીરજ કરવી પણ પ્રમાદ ન કરવો. પ્રમાદને ધીરજમાં ખતવે એમ ન ચાલે. સમજણપૂર્વક છે, પોતાની શક્તિ અનુસાર કાર્ય કરવું છે, સમજણપૂર્વક કરવું છે ને જેટલું કરવું છે એ મક્કમ રીતે ઠોસ કામ કરવું છે એવો પ્રકાર હોવો જોઈએ. પ્રમાદ કરે તો ન થાય.

**'આકુળતા કરવાથી ન થાય,..'** ઉતાવળ કરીને આકુળતા કરે તોપણ ન થાય. પ્રમાદ ને ધીરજ સમજે તોપણ ન થાય. **'પણ ધીરજથી-શાંતિથી સ્વભાવને ઓળખીને યથાર્થ રીતે વિચાર કરે તો થાય.'** જુઓ! એટલી વાત લીધી, પણ ધીરજથી-શાંતિથી સ્વભાવને ઓળખીને યથાર્થ રીતે વિચાર કરે, ઓળખવાની વાત તો ઘણી જગ્યાએ લ્યે છે. કેમકે સ્વાધ્યાયનો હેતુ, સત્સંગનો હેતુ સ્વરૂપને ઓળખવાનો છે. 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' સુખદાયક એવા જે શાસ્ત્રો છે એ આત્માને ઓળખાવા માટે કહ્યા છે. લક્ષ થવું એટલે ઓળખવા માટે, કેમકે ઓળખાણ વખતે લક્ષ થાય છે અથવા લક્ષપૂર્વક ઓળખાણ થાય છે એટલે. શાસ્ત્રઅભ્યાસ શા માટે? કે લક્ષ થવાને તેહનો. એક પદમાં કેટલી ગંભીરતા છે! એટલે ત્યાં તો ચર્ચા ચાલી છે ત્યાં (સોનગઢમાં) તો બધા નિવૃત્તિ લઈને આવે છે, કેટલાક નિવૃત્તિ લઈને રહ્યા છે (તો) શાસ્ત્રસ્વાધ્યાયની મુખ્ય ક્રિયા છે, બાહ્ય ક્રિયા ગણો તો શાસ્ત્રસ્વાધ્યાયની મુખ્ય ક્રિયા છે. તો કે ઓળખવા માટે એ હોવી જોઈએ. થોડું વાંચે, વધુ વાંચે પણ શોધકવૃત્તિ ચાલી ન જાય, લીધું છેને વચનામૃતમાં! મુમુક્ષુની શોધકવૃત્તિ ચાલી ન જાય! research minded થવું જોઈએ. આ research કરવાનું કામ છે. જગતમાં ભૌતિક પદાર્થોમાં જે research થાય છે એમાં કોઈ સિદ્ધિ નથી. સિદ્ધ થયેલી સિદ્ધિ નથી unknown matterની અંદર research ચાલતું હોય છે. પ્રયોગ કરતા..કરતા..કરતા એ પ્રયોગ બરાબર છે કે નહિ એની એને ખબર નથી. પણ research કરનારો પ્રયોગ કરતા- કરતા કાંઈક શોધી કાઢે છે કે મને આ ચીજની જરૂરત લાગી છે તો હું કાંઈક આવો પ્રયોગ કરું, એવો પ્રયોગ કરાય કે ન કરાય ઈ કાંઈ એને કોઈ guidance આપનાર નથી, એની કાંઈ ખબર નથી તોપણ એવી રીતે અજાણ્યા પદાર્થમાં, પરપદાર્થમાં અજાણ્યા પદાર્થમાં પણ જરૂરત લાગે છે તો શોધખોળ કરીને એની સિદ્ધિ પ્રાપ્ત કરે છે. અહીંયાં તો સિદ્ધ

થયેલી વાત છે. મોક્ષમાર્ગ પણ અનંત તીર્થંકરોથી સિદ્ધ થયેલો છે એનું ફળ પણ પ્રાપ્ત અથવા સિદ્ધ થયેલું છે અને એની prescribe method પણ એ આપીને ગયા છે. અહીંયાં તો આટલી સુવિધા છે, હવે પોતે પોતાના માટે research કરવાનું છે. આમ તો already researched છે પણ પોતાના માટે research કરવાનું બાકી છે પોતાને. એથી એ કહે છે જે એમણે કર્યું છે, એમ કહે છે એને હું મારા પ્રયોગમાં કરીને એની પ્રાપ્તિ કરું! મારા પ્રયોગમાં લાગુ કરીને એની પ્રાપ્તિ કરું! એમ પોતાના માટે research કરવું બાકી છે. એવું research mind થવું જોઈએ આની અંદર તો ઓળખાણ થાય, તો સ્વભાવની ઓળખાણ થાય અને પ્રયોગ પણ શેનો કરવો, ક્યાં કરવો, ક્યાં ન કરવો બધું ચોખ્ખું કરીને આપ્યું છે. (જેમકે) જો ભાઈ! જીવને રાગ થાય છે તોપણ એ જીવનું લક્ષણ નથી. લક્ષણ નથી 'ઉપયોગો લક્ષણમ્', જીવને રાગ થાય છે પણ ઈ જીવનું લક્ષણ નથી, પણ જીવને જ્ઞાન થાય છે ત્યાં જીવનું લક્ષણ છે. અને જ્ઞાનપ્રકાશમાં તું શોધ! રાગના અંધારામાં તો અમસ્તુ પણ કાંઈ તને જડે એવું નથી. આત્મા તને મળશે તો જ્ઞાનમાંથી મળશે. આટલી સગવડ કરીને આપે છે. પછી તો શોધવું એ પોતાનું કામ છે. જ્ઞાન જાણે છે પણ એ જાણે છે એમાં એનો સ્વભાવ કેવો? નામ પણ આપ્યું કે જ્ઞાયક સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ એટલે કેવો? એ જિજ્ઞાસા ઉપર એની શોધ ચાલવી જોઈએ.

જ્યાં સુધી ઓળખાણ માટે પ્રયત્ન ન થાય ત્યાં સુધી સન્મુખ થઈને અનુભવ થવાનો અવસર આવે નહિ. પણ ધીરજથી, શાંતિથી કેમકે અંદરમાં કામ કરવાનું છેને? આ કાંઈ બહારમાં મારફાડ કરવાની નથી કે બહારની કોઈ ધમાધમ નથી. આમાં અંદરમાં ધીરજથી, શાંતિથી સ્વભાવને ઓળખવાના પ્રયત્નથી સ્વભાવને ઓળખીને યથાર્થ રીતે વિચાર કરે તો થાય. એક શબ્દ 'યથાર્થ' નાખ્યો બહુ wide sense છે, યથાર્થતાની બહુ wide sense છે. યથા અર્થ જ્યાં જેમ જોઈએ તેમ પ્રયોજનને પકડીને અર્થ નામ પ્રયોજન - યથાપ્રયોજન. જેમ પ્રયોજન સિદ્ધ થાય તે પ્રકારે એનું નામ યથાર્થ. એટલે ભૂમિકા, મુમુક્ષુની ભૂમિકા અનેક છે. એટલે એમ કહેવું પડે છે 'જ્યાં જ્યાં જે જે યોગ્ય તે તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે' આચરે એટલે પરિણમન કરે 'આત્માર્થીજન એહ.' એ એક યથાર્થતાને બતાવવા માટે આખી કડી બનાવી છે. એનું નામ યથાર્થતા. જ્યાં જેમ લાગે તેમ. શું? છોકરો ભણીને દુકાને આવતો થાય એના પિતાજીને પ્રશ્ન પૂછે કે, તમે વેપાર કરો છો ત્યારે માલ વેચો છો બરાબર? માલ વેચતી વખતે તમે ઘરાકને સમજાવો છો તો ઘરાકને કેવી રીતે સમજાવો તેની મને વ્યાખ્યા લખી દ્યો તો હું મોઢે કરી લઉં કે ઘરાકને કેવી રીતે સમજાવાય. તો કહેશે

કે, જો બેટા આ ગોખવાનો વિષય નથી. માલ કેવી રીતે ઘરાકને સમજાવીને વેચી દેવો એ કાંઈ ગોખણપટ્ટીનો વિષય નથી. તો કહે તો પછી મારે કરવું શું? મેં તો કોઈ દી' માલ વેચ્યો નથી. હું તો અત્યાર સુધી નિશાળમાં જ ભણ્યો છું, નિશાળમાં તો કાંઈ માલ વેચાતો નથી. તો કહેશે કે, તું થડે બેસ પછી ઘરાક સાથે વાત કરજે, માલ વેચતી વખતે હું તારી પડખે બેઠો છું. હું હમણા નહિ વેચું હમણા તો તારે જ વેચવાનો. કેવી રીતે એને પળોટે? પ્રયોગથી પળોટેને? હવે અત્યારે જે ઘરાક આવેને એને માલ તારે વેચવાનો છે મારે વેચવાનો નથી. તું એની સાથે માલ વેચવા માટે વાતું કરજે હું પડખે બેઠો-બેઠો જોઈશ અને તારી ભૂલ થતી હશે ત્યાં તને સમજાવીશ કે જો આમ ન બોલાય ને આમ વાત કરાય, આમ ન વાત કરાય ને આમ વાત કરાય. એને વ્યાખ્યા લખી દે તો કાંઈ આવડી જાય? કેમ? કે ઘરાક છપ્પન જાતના ભેજાવાળા આવે, એક સરખા આવે બધા? કેટલી માથાકૂટ કરવાવાળા આવે. કોઈ કસવાવાળા આવે, કોઈ વગર કસવાવાળા આવે, કોઈ કાંઈ ગરમ પ્રકૃતિવાળા આવે, કોઈ નરમ પ્રકૃતિવાળા આવે, કોઈ કાંઈ એમ હજાર જાતના આવે. ઈ કાંઈ ખબર છે? anticipated છે કે આવા ઘરાક જ આવશે એવું કાંઈ? એવું તો કાંઈ નથી પણ જે તૈયાર થઈ ગયો હોય, કુશળ થઈ ગયો હોય, સેલ્સમેન બરાબર થઈ ગયો હોય એ ગમે એવો ઘરાક આવે નહિ! એને આત્મવિશ્વાસ આવી ગયો કે ગમે એવો ઘરાક આવશે આપણે માલ વેચી દઈએ એને લેવો હોય તો, ન લેવો હોય એનો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- પહેરાવી દે એને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એવી બધી જે વસ્તુ છે એની કોઈ વ્યાખ્યા ન હોય એટલા માટે એમ કહે છે. કે 'જ્યાં જ્યાં, જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.' જેવો ઘરાક. કાપડના વેપારની અંદર મારા ભાઈજી હતાને એને ફેન્સી કાપડની દુકાન હતી. ગામડાના ઘરાક આવે પછી અમુક કાપડ છે એ બહુ ઓછે આપી દે. લગ્ન માટે કાપડ લેવા આવ્યા હોય તો શરૂઆતમાં એને એકદમ ફાયદામાં આપી દે. પેલાને એમ થાય કે શેઠ આપણને બહુ વ્યાજબી ભાવે માલ આપે છે હો! આપણે બે જગ્યાએ પૂછ્યું હતું પણ આ આપણને અહીંયાં દુકાન છે એ બરાબર છે, વ્યાજબી ભાવની છે. પછી બીજામાં શું થાય એ એને ખબર પડે નહિ ઠીક! એટલે પછી પાછળથી વાત કરતા હોયને એટલે ખબર પડે અમે કોઈકવાર બેઠા હોય, છોકરા હોય દુકાને જઈને બેસીએ એમ કહે કે આ તાકો આપ, આ તાકો આપ, માણસ પણ હોયને આપણને પણ નવરા બેઠા કાંઈક ને કાંઈક કામ તો ચીંધેને. પછી વાત કરતા હોય,

જો આમ કર્યું, આપણે આમ કર્યું, આમ કર્યું - એટલે આમાં તો કેટલી જાતની રીતભાત છે. એવું આ બધું કામ થોડું પ્રૅક્ટિકલ knowledgeનું છે એટલે અવળી-સવળી વાત આવે છે શું? કે ખોટી ઉતાવળ ન કરવી ધીરજ રાખવી પણ પ્રમાદ ન કરવો. અને ખોટી ઉતાવળમાં આકુળતા થાય એવું ન કરવું, એમ અમુક-અમુક ગાઈડલાઈન આપે છે. આખી વાત તો પોતે પ્રયોગ કરીને સમજવી જોઈએ. થોડી-ઘણી ગાઈડલાઈન મળે પણ ઈ કાંઈ ગોખવાનો વિષય નથી.

મુમુક્ષુ :- દોરાને કેટલી ઢીલ આપવી? પતંગ ઉડાવવામાં દોરાને ક્યાં ઢીલ આપવી ને ક્યાં છોડી દેવી, ક્યાં ખેંચવો એ તો એ વખતે જ ખબર પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હવે એમાં કોઈ કહે પતંગ ઉડાડવાની વ્યાખ્યા કરી દ્યો કે કેવી રીતે પતંગ ઉડાડવો? એની કોઈ વ્યાખ્યા ખરી? કેટલી ઊંચાઈએ ગયો, કેટલો પવન હોય, ક્યાં ગોથું કેવી રીતે ખાય, કેટલું ખાય એનો કાંઈ નિયમ છે કોઈ? એ ગુરુદેવ કહેતા હોં! પરિણામની પડાઈ, પડાઈ, એટલે મોટા પતંગને પડાઈ કહે. મોટા પતંગને પડાઈ કહે. નાનો પતંગ નહિ મોટો પતંગ હોયને એને પડાઈ કહે. એટલે કોઈ માણસ બહુ ધમાધમ કરતો હોય ત્યારે કહે કે, હવે આની પડાઈ ક્યાં જાશે ઉડીને હવે કાંઈ કહેવાય નહિ? કોઈ કંટ્રોલ બહાર જાયને એટલે કહે કે, એની પડાઈ હવે ઊડી છે હવે એને દોરો હાથમાં નથી. દોરો કપાય ગયો હોય, પડાઈનો દોરો કપાય ગયો હોય પછી હવે ઈ ક્યાં ઊડશે ને ક્યાં પડશે? એનો કોઈ નિયમ નથી. એવું છે. એમ આત્માનું કામ કરવું છે એને ખાલી શાસ્ત્ર વાંચે કે ખાલી કેટલીક-કેટલીક વાતો સમજી જાય એનાથી કામ ન થાય. કેમકે શાસ્ત્રમાં વ્યાખ્યા છે એ બધી વ્યાખ્યા કાંઈ પ્રયોગની અંદર વ્યાખ્યા થાય નહિ. બધા પ્રયોગની કાંઈ વ્યાખ્યા થાય નહિ. પ્રયોગની પૂરી વ્યાખ્યા થાય નહિ. એટલે જે કહ્યું છે એ અધૂરું આવે છે એ પ્રયોગ કરીને પોતે પૂરું સમજવું પડે. અધૂરા ઉપરથી પ્રયોગ કરીને પૂરું સમજવું પડે. ત્યારે કામ થાય.

મુમુક્ષુ :- એમાં ઈશારો આવે, ઘણું બાકી રહી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં ઈશારો આવે. બીજું શું આવે? બાકી પોતે જ કામ કરી-કરીને, કામ કરતા-કરતા શીખવું જોઈએ. કામ કામને શીખવે. એ ૧૮૧ થયો.

---

**પ્રશ્ન :– સ્વાનુભૂતિમાં, નાળિયેરમાં જેમ ગોળો અલગ છે તેમ, શરીર એકદમ જુદું પડ્યું છે એમ ખ્યાલમાં આવે?**

**સમાધાન :– પોતે જુદો જ પડી જાય છે. એકદમ નિરાળો થઈ જાય છે. ચૈતન્યતત્ત્વ એકલો નિરાળો થઈ પોતે પોતાની સ્વાનુભૂતિ કરે છે, પોતે પોતાના**

**અનંત ગુણનું વેદન કરે છે, ચૈતન્ય ગોળો છૂટો પડીને, ચૈતન્યપણે પોતે પોતાને અનુભવે છે. આ અનુભવમાં જે વિભાવનું વેદન છે તે છૂટી જાય છે અને ચૈતન્યનું વેદન અંતરમાંથી પ્રગટ થાય છે. એકદમ એવો નિરાળો થઈ જાય છે. શરીરનો ખ્યાલ નથી રહેતો. બહાર ઉપયોગ આવે ત્યારે આ શરીર જુદું અને હું જ્ઞાયક જુદો તેમ જુદાપણાની–નિરાળાપણાની પરિણતિ વર્તે છે. અંતરમાં ગયો તો શરીર ક્યાં છે તે ખ્યાલ રહેતો નથી, વિકલ્પ તરફનો ઉપયોગ પણ છૂટી જાય છે ને એકલું ચૈતન્યનું વેદન રહે છે–એકલી આનંદની ધારા રહે છે. તેની સાથે અનંત ગુણની પર્યાય પ્રગટ થાય છે. ૧૮૨.**

## પ્રશ્ન ૧૮૨ ઉપર પ્રવચન

**'પ્રશ્ન :- સ્વાનુભૂતિમાં, નાળિયેરમાં જેમ ગોળો અલગ છે તેમ, શરીર એકદમ જુદું પડ્યું છે એમ ખ્યાલમાં આવે?'** હવે અનુભવ થાય ત્યારે કેવો અનુભવ થાય એનો પ્રશ્ન ઉઠાવ્યો છે. શરીર સબંધી, બાકી તો અનુભવમાં અનેક ગુણ પ્રગટ થયા છે અને અનેક વાતો છે એની. પણ દેહાદિથી ભિન્ન આત્મા છે એવો ભિન્ન આત્માનો અનુભવ થયો છે તો જેમ નાળિયેરમાં પાણી સુકાય જાય અને પછી ગોળો ખખડે, હલાવે તો ગોળો ખખડે. એ ખબર પડે કે, આ ગોળો છૂટો પડી ગયો છે. એવી રીતે જ્યારે અનુભવ થાય શરીર એકદમ છૂટું પડ્યું છે એમ ખ્યાલમાં આવે? એમ (પૂછે છે.) કે, આવે! શું કરવા ન આવે? શરીરથી ભિન્નપણાનો અનુભવ થયો, એટલે અનુભવની એક સિદ્ધિ થઈ. ભિન્નતાનો પ્રયોગ કર્યો હતો, ભેદજ્ઞાનમાં ભિન્નતાનો પ્રયોગ કર્યો હતો અને એની સિદ્ધિ થઈ ત્યારે અનુભવ થયો. સિદ્ધિ કહો કે પ્રાપ્તિ કહો, ભિન્નતાની પ્રાપ્તિ થઈ, તો પછી ખ્યાલ કેમ ન આવે? જ્ઞાન છે અને ભિન્ન પડ્યો છે તો એનો જ્ઞાનને ખ્યાલ ન આવે? કે, આવે-જરૂર આવે!

સૌભાગ્યભાઈએ લખ્યું છે કે નહિ! બે ફાટ!! કેવી રીતે જુદો પડી ગયો? બે ફાટ!! બે ફાટ એટલે બે ફાડ થઈ ગઈ. જેમ મગની ને ચણાની બે દાળ જુદી પડી જાયને! એમ દેહ અને આત્મા સહજપણે જુદો અનુભવમાં આવી રહ્યો છે. પછી લખ્યું આપની કૃપાથી આવી રહ્યો છે, એટલું ઉમેર્યું છે ત્યાં.

**'સમાધાન :- પોતે જુદો જ પડી જાય છે.'** હવે જુઓ, કામ પોતે પુરુષાર્થથી કર્યું છે. પણ મારા પુરુષાર્થથી મેં (કર્યું એમ નથી કહેતા પોતે.)

(આપની કૃપાથી મેં) અનુભવ કર્યો એમ લખ્યું. ત્યારે જ્ઞાની (કૃપાળુદેવ) કહે છે કે, મેં તારા પુરુષાર્થમાં શું કામ કર્યું? હું મારા ઘરે છું, તું તારા ઘરે છો!! પોતે (કૃપાળુદેવ) તો મુંબઈ ચાલ્યા ગયા છોડીને. હકીકતમાં તો પુરુષાર્થ કર્યો છે, છતાં હકીકત વિરુદ્ધ બોલાય છે કે નથી બોલાતું? એ અધ્યાત્મનો સિદ્ધાંત છે. નિમિત્તે કર્યું નથી, ઉપાદાને પોતાની શક્તિથી કામ કર્યું છે - એ દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત છે. અને 'આપની કૃપાથી થયું' એમ કહેવું - એ અધ્યાત્મનો સિદ્ધાંત છે. એ અધ્યાત્મનો સિદ્ધાંત છે એ પર છે, દ્રવ્યાનુયોગથી પર છે. એ એમ જ ભાષા આવે, બીજી રીતે આવે નહિ.

(પર્યાયે) પર્યાયે અમને ઉપકાર એમનો દેખાય છે. પહેલા (ઉપકાર) થઈ ગયો હતો અને હવે અમે અમારી રીતે કરીએ છીએ - એમ નથી. અત્યારે પણ અમારી પર્યાયે-પર્યાયે એમનો જ ઉપકાર વર્તે છે! એવો વિનય કરે છે!!

મુમુક્ષુ :- ગુરુદેવને આપે સોગાનીજી વિશે કીધું હતુંને કે, આપનો ઉપકાર એમની ઉપર થયો લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ કહેવાયને!!

મુમુક્ષુ :- અધ્યાત્મ છે એ feelingવાળું છે, સિદ્ધાંત છે એ જડ છે!

પૂજ્ય ભાઈશ્રી :- એમાં ચેતના છે, અધ્યાત્મમાં ચેતના છે. જ્ઞાનચેતના વર્તે છે. જ્ઞાનચેતના કામ કરે છે.

**'સમાધાન :- પોતે જુદો જ પડી જાય છે.'** શું છે? 'જ' શબ્દ વાપર્યો. શરીર જુદું પડે છે, એમ ન લીધું. શરીર જુદું પડે છે એમ નહિ (પણ) પોતે જુદો પડ્યો છે. પોતે ભળતો હતો - હું આવા શરીરવાળો છું અને શરીરમાં જે કાંઈ થાય છે તે મને થાય છે, વજન વધ્યું તો મારું અને વજન ઘટ્યું તો મારું, ઊંચો થયો તો હું અને નીચો રહ્યો તો હું, રૂપાળો તો હું અને કદરૂપો તો હું, પીડા થઈ તો મને અને તંદુરસ્ત થયો તોપણ હું - એ શરીરમાં જે પોતાપણું છે એની પરિણતિ જીવને થઈ ગઈ છે. વિકલ્પ પણ કરવો પડતો નથી, પરિણતિ થઈ ગઈ છે. એટલે પોતે ભળી ગયો હતો, એકમેક થઈ ગયો હતો. હવે પોતે જુદો પડે છે. **'પોતે જુદો જ પડી જાય છે.'** એકદમ જુદો પડી જાય છે. અંતર્મુખ વળે છે, પરિણામ અંતર્મુખ થાય છે અને પ્રદેશે-પ્રદેશેથી ઉપયોગ પ્રસરીને, વ્યાપીને પોતાના જ્ઞાન અને આનંદનો સ્વાનુભવ કરે છે. જ્યારે શરીરથી સાવ પોતે જુદો જ પડી જાય છે.. ભાવભાસન પછી તો ભાસવા લાગે છે, શરીર જુદું છે એમ ભાસવા લાગે છે. અંદર આત્મા જ્ઞાનમય જુદું કામ કરે છે, શરીરના પરમાણુ એની રીતે કામ કરે છે, પરિણમી રહ્યા છે એની

મને કાંઈ ખબર નથી. આ તો મારું લોહી વધે માટે હું ઘી ખાઉં, મારું લોહી વધે માટે હું ફલાણું ફ્રુટ ખાઉં, ફલાણી ચીજ બનાવીને ખાઉં - એ જાણે લોહીમાં અને શરીરમાં પોતે વ્યાપી ગયો!! હું દુધ પીઉં, હું દુધની મલાઈ ખાઉં - આ બધી ગડબડ છે. એ પરમાણુ પરમાણુનું કામ કરે છે, તું જ્ઞાનમય આત્મા જુદો પડીને તારું કામ કર! એમ કહે છે. **'પોતે જુદો જ પડી જાય છે. એકદમ નિરાળો થઈ જાય છે.'** અનુભવ વખતે તો એકદમ નિરાળો થઈ જાય છે. બાકી તો સોનું ખાયને, સોનાની ભસ્મ નથી ખાતા? એને સોનું ખાધું કહેવાય, તોપણ બીમાર પડવાનો એ પડવાનો અને મરવાનો એ મરવાનો. એમાં કાંઈ ફેર પડવાનો નથી. આ ચક્રવર્તી! કેવો ખોરાક હોય એનો? એવો ખોરાક હોય કે એનો એક કોળિયો એના છન્નું કરોડ સૈનિકોની રસોઈમાં ભેળવી દીધો હોય તો કોઈને પચે નહિ. નહિતર એ બધા લઠ જેવા હોય, પહેલવાન જેવા હોય. સૈનિકો - સોલ્જરો બધા તાકાતવાળા હોય, પણ આના એક કોળિયાનો અંશ ન પચાવી શકે. એ કેટલામાં ભાગે આવે? તોપણ ન પચાવી શકે. એવું એ (ચક્રવર્તી) પેટ ભરીને ખાતા હોય તો એનું શરીર કેટલું શક્તિવાળું હોય કે એને કોઈ પહોંચે નહિ. જેમકે બાહુબલી ને ભરતની લડાઈ થઈ, તો એને કોઈ પહોંચે નહિ. બાહુબલી હારી ગયા, કેમકે આ તો ચક્રવર્તી એના ખોરાક જુદી જાતના. બાહુબલી ચોક્કસ બળવાન હતા, પણ એમના બાવડામાં બળ હતું અને આ આખા શરીરે બળવાન હતા. હારવા મંડ્યા એટલે એમને થયું કે આ તો પાડી દેશે એટલે મુઠ્ઠી ઉગામી. પણ એ ગમે તેવું શરીર હોય તોપણ આયુષ્ય પૂરું થયું એટલે ખલાસ!! એ પડવાનું શરીર! ગમે એ ખાધું ન હોય! એ પૂરું થયું એટલે એક સમય આઘોપાછો થાય નહિ.

તો કહે છે જે જુદું છે અને જુદું થઈ જવાનું છે એનો અત્યારથી જુદો પડીને અનુભવ કર! એમાં તારું શ્રેય છે! એમાં કલ્યાણ છે. **'પોતે જુદો જ પડી જાય છે. એકદમ નિરાળો થઈ જાય છે. ચૈતન્યતત્ત્વ એકલો નિરાળો થઈ પોતે પોતાની સ્વાનુભૂતિ કરે છે,..'** નિરાળો, ભિન્ન પડીને, અલગ પડીને સ્વાનુભૂતિ કરે છે. સ્વાનુભવની ક્રિયાને સ્વાનુભૂતિ કહે છે, પરિણામની ક્રિયાને જેમ પરિણતિ કહે છે તેમ. સ્વાનુભવની ક્રિયાને સ્વાનુભૂતિ કહે છે, જ્ઞાનની ક્રિયાને જ્ઞપ્તિ કહે છે. એ ભાષાની પદ્ધતિ છે. ક્રિયાવાચક છે. પાછળ 'તિ' લાગી જાય. એમ **'ચૈતન્યતત્ત્વ એકલો નિરાળો થઈ પોતે..'** ચૈતન્યતત્ત્વ એટલે third person નહિ. પોતે જ જુદો પડી જાય છે, પોતે જ અનુભવ કરે છે, સ્વાનુભૂતિ કરે છે. અને **'પોતે પોતાના અનંત ગુણનું વેદન કરે છે,..'** એ વખતે પોતાના અનંતે અનંત ગુણ આંશિક શુદ્ધ થઈને સ્વરૂપમાં એકાગ્ર થઈને પરિણમે છે. બધા ગુણો સ્વરૂપમાં એકાગ્ર થાય છે. અને એ શુદ્ધતાનો પોતે અનુભવ કરે છે. **'ચૈતન્ય**

**ગોળો છૂટો પડીને, ચૈતન્યપણે પોતે પોતાને અનુભવે છે.'** ચૈતન્યપિંડ આખો છૂટો પડી જાય છે અને એકાકાર થઈને અનુભવ કરે છે. એ વખતે દેહનું ભાન રહેતું નથી. ભલે એક સેકન્ડ પણ દેહનું ભાન રહેતું નથી. એ વખતે કોઈ સ્પર્શ કરે ખબર ન પડે. કોઈ કાપે ખબર ન પડે. એમ છે. અનુભવનું વર્ણન કર્યું છે. જરા વિશેષ છે, કાલે લેશું.

આશય :- (૧૮૦) **સામાન્યપણે પરમાં નિજબુદ્ધિ હોવાને લીધે જીવ ઉદયકાળે રાગ-દ્વેષમાં ગૂંચાઈ છે. તેમાં આત્મકલ્યાણની રુચિ અને ભાવનાની ક્ષતિ છે. તેથી એવી દશાવાળા જીવે પોતાના નુકસાનનો વિચાર કરીને રુચિ વધારી પુરુષાર્થ કરવા યોગ્ય છે.**

આશય :- (૧૮૧) **આત્મકાર્ય અંદરમાં ધીરજથી, અપૂર્વ જિજ્ઞાસાથી ઓળખવાનો પ્રયત્ન કરતા થાય છે, તે સિવાય અન્યથા પ્રકારે થતું નથી. હઠથી કે આકુળતા કરવાથી થતું નથી.**

**એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા. ક્યાંય રોકાઈશ નહિ. અંદરથી ખટક જાય નહિ ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી. બાહુબલીજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં વીતરાગી દશા ન પ્રગટી! આંખમાં કણું સમાય નહિ તેમ આત્મસ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી. જ્યાં સુધી સંજ્વલનકષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિસૂક્ષ્મ અંશ પણ વિદ્યમાન હોય ત્યાં સુધી પૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટ થતું નથી.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૧૫૧**

## તા. ૨૮-૫-૧૯૯૭, પ્રશ્ન- ૧૮૨થી૧૮૩
## પ્રવચન નં. ૧૩૩

'સ્વાનુભૂતિદર્શન', પાનું-૧૨૩, પ્રશ્ન-૧૮૨.

નિર્વિકલ્પ સ્વાનુભવ વખતે શરીરની તદન ભિન્નતા થઈ જાય છે એનો ખ્યાલ પોતાને આવે છે? એવો પ્રશ્ન પૂછ્યો છે. કે, સ્વાનુભવ વખતે તો કેવળ એક પોતાના સ્વરૂપનું જ અનુભવન હોય છે, ત્યારે તો શરીર સબંધી કાંઈ વિકલ્પ હોતો નથી. પણ કેવળ એક સ્વસંવેદન અને આનંદમય દશા હોવાથી ત્યાં રાગની ઉપસ્થિતિ કે રાગનો અનુભવ નથી હોતો તો રાગનો વિષય એવો જે શરીર છે એનો અનુભવ તો ક્યાંથી હોય? પણ એ બધો પાછળથી વિચારમાં સમજવાનો વિષય છે. નિર્વિકલ્પ વખતે તો નિર્વિકલ્પ છે. શરીરની અને રાગની ભિન્નતા પણ નિર્વિકલ્પ છે અને સ્વરૂપની અભિન્નતા પણ નિર્વિકલ્પ છે. ઉત્તર એ આપ્યો છે કે, પોતે જુદો પડી જ જાય છે.

બીજી લીટી છે. **'પોતે પોતાના અનંત ગુણનું વેદન કરે છે, ચૈતન્ય ગોળો છૂટો પડીને, ચૈતન્યપણે પોતે પોતાને અનુભવે છે.'** એ અનુભવને સમજાવ્યો. અનુભવ નિર્વિકલ્પ છે, પણ વિકલ્પપૂર્વક, વાચા દ્વારા - વાણી દ્વારા આટલું સમજાવ્યું. **'આ અનુભવમાં જે વિભાવનું વેદન છે તે છૂટી જાય છે..'** સ્વાનુભવમાં કોઈપણ પ્રકારના રાગ અને વિભાવનો અનુભવ રહેતો નથી. કેવળ એક જ્ઞાનનું જ્ઞાનમય અનુભવન રહે છે. પછી એની ડિગ્રી ઓછી-વધતી હોય એ સવાલ બીજો છે. ચોથા ગુણસ્થાનથી પાંચમે, પાંચમેથી સાતમે, સાતમેથી ઉપર શ્રેણીમાં અને કેવળજ્ઞાન થાય ત્યારે ઉત્તરોત્તર એ સ્વસંવેદનની ડિગ્રી વધતી જાય છે. અને પૂરેપૂરું સંપૂર્ણ સ્વસંવેદન કેવળજ્ઞાન વખતે હોય છે. એટલે એનું નામ પણ કેવળજ્ઞાન આપ્યું છે. 'અખંડ નિજસ્વભાવનો' પોતાના અખંડ સ્વભાવનું જે જ્ઞાન વર્તે એને કેવળજ્ઞાન કહીએ છીએ. આત્મસિદ્ધિમાં ગાથા છે.

**'આ અનુભવમાં જે વિભાવનું વેદન છે તે છૂટી જાય છે..'** એટલે પૂર્વભૂમિકામાં, પૂર્વઅવસ્થામાં જે વિભાવનું વેદન છે એ છૂટી જાય છે અથવા બુદ્ધિપૂર્વકનો રાગ ઉત્પન્ન થતો નથી. હવે જે છે નહિ એને વેદવાનો પ્રશ્ન રહેતો નથી. અબુદ્ધિપૂર્વકનો રાગ છે, એનું વેદન પણ છે, પણ એ કેવલીગમ્ય છે પોતાને અનુભવગોચર નથી. **'અને ચૈતન્યનું વેદન અંતરમાંથી પ્રગટ થાય છે. એકદમ એવો નિરાળો થઈ જાય છે. શરીરનો ખ્યાલ**

**નથી રહેતો.'** એટલો જુદો પડી જાય છે કે, શરીરને સ્પર્શે કે શરીરને કોઈ વાઢકાપ કરે તોપણ ખબર પડે નહિ. કેમકે ઉપયોગનો અભાવ છે ત્યાં. જ્યાં ઉપયોગ નથી ત્યાં ખબર પડતી નથી. જેમ પોતાથી ભિન્ન ક્ષેત્રમાં રહેલા પદાર્થોમાં ફેરફાર થાય તો પોતાને કાંઈ એનું વેદન આવે છે? તો કે નથી આવતું. બીજાના શરીરને કાંઈ થાય તો પોતાને વેદન આવે છે? કે, નથી આવતું. કેમકે ત્યાં પોતાનો ઉપયોગ વ્યાપતો નથી. એમ આ ઉપયોગ કેવળ આત્મપ્રદેશોમાં અંતર્મુખ થઈને સ્વરૂપમાં જ વ્યાપે છે. અને કોઈપણ પરનું ત્યાં લક્ષ, અનુભવન કે કાંઈ ઉપયોગાત્મકપણે એનું જ્ઞેયપણું એવું કાંઈ હોતું નથી. નિર્વિકલ્પ ઉપયોગકાળે જ્ઞાનમાં અન્ય જ્ઞેયોનું પ્રતિબિંબ પણ નથી. એટલે અન્ય જ્ઞેયોનું જાણવું પણ નથી. શરીર પણ અન્ય હોવાથી એનું પણ જાણવું નથી, કેમકે એનું પણ પ્રતિબિંબ એમાં નથી. જાણવું નથી એટલે પ્રતિબિંબ નથી, પ્રતિબિંબ નથી એટલે જાણવું નથી. પછી વેદનનો તો સવાલ રહેતો જ નથી.

મુમુક્ષુ :- પરસન્મુખતા જ સાવ છૂટી જાય છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અંતર્મુખતા હોય છે એટલે શરીરમાં કાંઈ થાય તો ઉપયોગ નહિ હોવાથી ખબર પડે નહિ. પણ બહુ તીવ્ર વેદનામાં નિર્વિકલ્પ અનુભવ આવ્યો હોય તો? કેવી તીવ્ર વેદના? કે પ્રાણ છૂટી જાય એવી. અને કોઈ-કોઈ મહાત્માઓને દેહ છૂટવાના કાળે તીવ્ર વેદનામાં પુરુષાર્થ ઊપડ્યો હોય તો દેહ છૂટે ત્યારે નિર્વિકલ્પ દશામાં છૂટે. એવું પણ બની શકે છે, બને છે. તો એને દેહ છે કે નથી એની સાથે એને કાંઈ ખબર નથી.

મુમુક્ષુ :- સુકુમારજીનો દાખલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સુકુમારજી! એને તો કેવળજ્ઞાન થઈ ગયું.

મુમુક્ષુ :- શિયાળીયાઓ એ ત્રણ દિવસ ખાધા હતા એના શરીરને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ છે. બીજો ગજસુકુમારજીનો છે. ખોપરી સળગી. તો કાંઈ ખબર નથી કેવળજ્ઞાન પામી ગયા. શ્રેણી માંડી છે. કાંઈ ખબર નથી. કેમકે શ્રેણીમાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગ હોય છે. એમાં કાંઈ ખબર પડે નહિ.

એ તો બીજો દૃષ્ટાંત છે અંદર સમજી શકાય એવો. કે એક માણસનો જુવાન છોકરો ખોવાઈ ગયો તો બે-પાંચ-સાત વર્ષ થઈ ગયા. હવે આવવાની આશા પણ દિવસે-દિવસે મૂકી દીધેલી. ૧૮-૨૦ વર્ષે છોકરો ખોવાઈ ગયો. ૨૫-૨૭માં વર્ષે પાછો આવ્યો. તો પોતાનો છોકરો તો ઓળખાય જાય! જ્યારે એ છોકરો ઓચિંતો ઘરમાં આવ્યો, ત્યારે તીવ્ર વેદનામાં એનો બાપ કે એની મા હોય ત્યારે એ છોકરો એને ભેટી પડે, પોતે પણ એને ભેટી પડે. ત્યારે એને શરીર ઉપર ઉપયોગ નથી જતો,

ત્યારે એને વેદનાનો અનુભવ રહે છે? કે નથી રહેતો. એટલો બધો હરખ હોય છે. મારો દીકરો... મારો દીકરો... ક્યાં ગયો હતો બેટા તું? ક્યાં હતો તું?

મુમુક્ષુ :- શરીરનું દુઃખ ભૂલી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- શરીરની પીડા ભૂલી જાય છે. તો એક કષાય બીજા કષાયને મારે છે કે નહિ? જો એક કષાય, બીજા કષાયને મારે તો અકષાય સ્વરૂપ સંચેતન, સ્વરૂપ સંવેદન એવો અકષાય પરિણામ કષાયને મારે એમાં કાંઈ મોટી વાત નથી. એ તો સહજ છે. એટલે મુનિઓને નગ્ન અવસ્થામાં રહેતા કાંઈ ખબર નથી એનું કારણ આ છે. એ સ્વરૂપ સ્વસંવેદનમાં એકદમ મસ્ત છે. એને કાંઈ શરીરની પડી નથી. પ્રચુર સ્વસંવેદન. એટલું સ્વસંવેદન. કરંટ જ ચાલતો હોય અંદરમાં. હાલતા-ચાલતા, ખાતા-પીતા અંદર કરંટ ચાલતો હોય. જ્ઞાન અને આનંદનો કરંટ ચાલતો હોય એટલે બીજી ખબર જ ન પડે. એના જ અનુભવમાં અને એના જ વેદનમાં મસ્ત હોય એ. ખબર ન પડે. નીચેના (ગુણસ્થાનમાં) જ્ઞાનીઓ મક્કમ હોય છે. બહેનશ્રીની તબિયત બરાબર નહોતી રહેતી, બહુ વેદના હોય ત્યારે પછી ઘણા સલાહ આપે કે તો પછી આપણે ભાવનગર નજીક છે. અડધી કલાકનો રસ્તો છે. આવી થોડી ટ્રીટમેન્ટ ત્યાં થાય તો આપને ઠીક રહે, તબિયત સારી થાય. તો કહે શરીર કાલ પડતું હોય ભલે આજે પડે! મારે સોનગઢ છોડવું નથી! એ બાબતમાં એ બહુ મક્કમ હતા. ગુરુદેવને અને એમનામાં એ ફરક હતો ઉદય ભાવમાં હોં! ઉદયભાવ કહેવાય એને. ગુરુદેવને કહીએને કે આપને અહીં ટ્રીટમેન્ટ માટે લઈ જવા છે તો એ આવતા હતા. બહેનશ્રી તો ઘણા વર્ષથી બિમાર હતા. અને ઘણી ઘણી વેદનામાંથી એ પસાર થયા છે, પણ નિર્ણય કે સોનગઢ છોડવું નથી એટલે નથી છોડવું. અહીં આયુષ્ય રહે અને જીવન જે ચાલુ રહે તોપણ સોનગઢમાં અને આયુષ્ય છૂટે અને જીવન પૂરું થાય તોપણ સોનગઢમાં. એ બાબતમાં કોઈને મચક આપતા નહિ. બહુ બહુ તો શરીર પડી જશેને? તો ભલે કાલે પડતું હોય તો આજે પડે એમાં કાંઈ આપણને હરખ-શોક નથી.

મુમુક્ષુ :- ક્યા કારણને લીધે એવું કહેતા હતા?

પૂજ્ય ભાઈશ્રી :- ખાસ તો આ જે ગુરુદેવનો પ્રસંગ બન્યોને એ થોડો અનિચ્છનિય પ્રસંગ બન્યો હતો. અને એના ઉપરથી એક એમને થોડોક એવો ખ્યાલ હતો કે વર્તમાનમાં ડૉક્ટર લોકો ફસાવે છે. વર્તમાનમાં ડૉક્ટર લોકો ફસાવે છે. આપણે કાંઈ એમાં જાવું નથી. જે ઉદય છે એ તો ત્યાં પણ રહેવાનો છે અને અહીં રહેવાનો છે. એમાં ડૉક્ટર કોઈ ઉદયમાં ફેરફાર કરી દે છે એ તો વસ્તુસ્થિતિ નથી. પણ આપણે ક્યાંય જાવું નથી. દેહ પડે તો ભલે અહીં સોનગઢમાં પડે.

અને બાહ્યદૃષ્ટિએ તો ગુરુદેવનું દેહાંત જે હૉસ્પિટલમાં થયું એ બાહ્યદૃષ્ટિએ તો ઉચિત ન લાગે. અંતરદૃષ્ટિએ તો એમાં કાંઈ ફેર નથી. કેમકે ગુરુદેવનો તો વૈરાગ્ય પણ એટલો બધો હતો કે લોકોને ન સમજાય. એકબાજુ એટલા વૈરાગ્યથી એ સ્વાધ્યાયમાં બોલતા હતા, તો બીજી બાજુ ઉપચાર પણ ચાલતો હતો. હૉસ્પિટલમાં પણ ગયા હતા. (સ્વાધ્યાયમાં કહેતા કે,) એવી જગ્યાએ જંગલમાં સાધના સાધતા હોય કે દેહ પડી જાય પછી પાછળ કોઈ રોવાવાળું ન હોય કે અંતિમ સંસ્કાર કરવાવાળું ન હોય. 'શરીર ભખે જનાવરા મુઆ ન રોવે કોઈ.' એમ બોલતા.

મુમુક્ષુ :- ચલો સખી વહાઁ જાઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- ચલો સખી વહાઁ જાઈએ. આપણે તો એવા જંગલમાં જતાં રહેવું જોઈએ કે, જ્યાં સાધના સાધતા-સાધતા આયુષ્ય પૂરું થાય ત્યાં સુધી ત્યાં જ રહેવાનું, પછી શરીર ભલેને જંગલના જાનવરો ખાય જાય, શરીરની અંતિમક્રિયા ભલે ન થાય. પાછળ કોઈ રોનારું પણ હોય નહિ કે ભાઈ જતા રહ્યાં! અરેરે..! વિયોગ થયો... વિયોગ થયો... વિયોગ થયો... કાંઈ નહિ. એટલો વૈરાગ્ય હતો અંદરમાં. બહુ રસથી ગાતા હતા. એ પદ આવે ત્યારે બહુ રસથી ગાતા હતા. એવો ફાટ ફાટ વૈરાગ્ય હતો અંદરમાં. બહારમાં ઉપચાર ચાલતો હતો લોકોને એમ થાય કે આમાં આમ કેમ હશે? સમજાય એવી વાત નથી. ઉપલક દૃષ્ટિએ ન સમજાય.

મુમુક્ષુ :- ઘણા તો ઊંધું લેતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા ઊંધું લ્યે. એમાં કાંઈ કહેવાય નહિ. એ તો બધો ખ્યાલ છે. એ તો આપણા મુમુક્ષુઓ પણ નહોતા સમજી શકતા. બીજા તો ક્યાંથી સમજે?

મુમુક્ષુ :- બહેનશ્રી ગુરુદેવની સાધનાભૂમિથી દૂર જવા નહોતા માગતા એવું નહિ? એ જે ના પાડતા હતા..

પૂજ્ય ભાઈશ્રી :- હા! એ તો પોતે તો અહીંયાં સાધનાભૂમિમાં જ રહેવા માગતા હતા. એ બાબતમાં બહુ મક્કમ હતા.

અહીંયાં તો એમ કહે છે કે નિર્વિકલ્પ સ્વાનુભવમાં શરીરનો ખ્યાલ નથી રહેતો. સ્વાનુભવ એવો છે કે એમાં '**શરીરનો ખ્યાલ નથી રહેતો. બહાર ઉપયોગ આવે ત્યારે આ શરીર જુદું અને હું જ્ઞાયક જુદો તેમ જુદાપણાની-નિરાળાપણાની પરિણતિ વર્તે છે.**' જુદાપણાનું સભાનપણું બહારમાં આવે ત્યારે બરાબર પાછું માલૂમ પડે છે કે હું ભિન્ન છું. અને અનુભવકાળે સાવ ભિન્ન થઈ ગયો હતો, અત્યારે પણ હું ભિન્ન જ છું એમ ઉપયોગ બહાર આવે ત્યારે એ જાતની જુદાપણાની પરિણતિ પણ વર્તે છે, ચાલુ જ હોય છે અને એનો ખ્યાલ પણ એ વખતે સવિકલ્પદશામાં ચોખ્ખો, સ્પષ્ટ

આવે છે.

એટલે લખ્યું સોભાગભાઈએ કે બે ફાટ! દેહ અને આત્મા હવે આપની કૃપાથી જુદા અનુભવગોચર થાય છે અને સહજદશા એમ જ હવે વર્તે છે.

મુમુક્ષુ :- દિવસ-રાત સહજદશા વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- દિવસ-રાત એવી સહજ દશા વર્તે છે. એટલે ઊંઘમાં પાછું એકમેક થઈ જવાય છે એવું કાંઈ નથી. એ તો જુદો પડ્યો એ પડ્યો. પર્વત ઉપર વીજળી પડી અને તિરાડ પડી ગઈ એ પડી ગઈ, પછી એના રેણ હોય નહિ. રેણ સમજ્યા? તમારે હિન્દીમાં.. સાંધો કરે એને રેણ કહે.

'**અંતરમાં ગયો તો શરીર ક્યાં છે તે ખ્યાલમાં રહેતો નથી,...**' નિર્વિકલ્પ અનુભવમાં ઉપયોગ અંતરમાં ગયો પછી શરીર ક્યાં છે? છે કે નથી? એનો ખ્યાલ રહેતો નથી. એટલે છૂટી જાય તો ખ્યાલ ન રહે, કોઈ માર-કાપ કરે તોપણ ખ્યાલ ન રહે. '**વિકલ્પ તરફનો ઉપયોગ પણ છૂટી જાય છે ને એકલું ચૈતન્યનું વેદન રહે છે...**' અથવા વિકલ્પ ઉત્પન્ન જ થતો નથી. વિકલ્પ તરફનો ઉપયોગ છૂટી જાય છે એટલે વિકલ્પ ઉત્પન્ન હોતો જ નથી ત્યાં. બુદ્ધિપૂર્વકનો વિકલ્પ ઉત્પન્ન જ નથી થતો. અને એકલું ચૈતન્યનું વેદન રહે છે. '**એકલી આનંદની ધારા રહે છે.**'

જ્ઞાન અને આનંદ બેનું પરિણમન એટલું બધું તીવ્ર હોય છે કે ઓછામાં ઓછા ક્ષયોપશમવાળાને પણ એની ખબર પડે છે. કોઈ એમ કહે કે, નિર્વિકલ્પ અનુભવ આવી જાય અને ખબર ન પડે કેમકે કાળ બહુ ઓછો હોય છે - આવા બધા તર્ક ઉઠે છે ઘણાને!

મુમુક્ષુ :- અનુભવ આવી જાય અને ન ખબર પડે તો અનુભવ થયો કોનો?

પૂજ્ય ભાઈશ્રી :- અમારે એક મુમુક્ષુ એમ કહેતા, નિર્વિકલ્પ અનુભવ એટલો બધો સૂક્ષ્મ કાળ એ પાછું કાંઈકથી વાંચ્યુ હશે કે છ આવલી અને આટલા સમય અને એવું કાંઈક વાંચ્યું હશે કરણાનુયોગમાં. છ આવલી + આટલા સમય એમ કાંઈક. તો કહે એટલો બધો સૂક્ષ્મ કાળ છે કે એની ખબર જ ન પડે કહે! એટલે સમ્યગ્દર્શન થઈ ગયું એને તો ખબર ન પડે. કહે કે, અહીંયાં ડોશિયું અમથી-અમથી રોવે છે! ઘણીયુંને સમ્યગ્દર્શન થઈ ગયું છે કહે. એવું પાછું કહેતા. પણ (ખરેખર) એવું નથી. એ બધો તર્ક છે. વાંચ્યા પછી તર્ક છે. તર્ક એટલા માટે કે પોતે પણ કાંઈક એવું માની લીધું હોય. પોતાના માટે પણ એવું કાંઈ માની લીધું હોય, પછી એ સ્થાપવા માટે એ બધી વાત કરે. એવું બિલકુલ નથી. તિર્યંચને પણ ખબર પડે. ઓછામાં ઓછો ઉઘાડ હોય એવા તિર્યંચને પણ ખબર પડે કે મને નિર્વિકલ્પ સ્વાનુભવ થઈ ગયો.

મુમુક્ષુ :- પોતે પણ મને થઈ ગયું છે એમ કહેતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ તો કહે છે. પાછા અહીંયાં દાખલ કરવા પડ્યા હતા. અસ્થિરતા થઈ ગઈ હતી. અસ્થિરતા તો ક્યારે થાય કે બહુ આકુળતા થાય એને અસ્થિરતા થાય. તીવ્ર આકુળતાનો પારો અમુક ડિગ્રીએ વટાવી જાય પછી કંટ્રોલ ન રહે. આમ પણ વિકલ્પ ઉપર તો અજ્ઞાનદશામાં એટલો કંટ્રોલ હોતો નથી, પણ એ અજ્ઞાનદશામાં આકુળતા તીવ્ર થઈ જાય, અજ્ઞાનદશા ઉપરાંત બહુ આકુળતા થઈ જાય, અમુક ડિગ્રીથી વધારે થાય, પછી એ વિકલ્પો વાણી દ્વારા અને વર્તન દ્વારા બહાર આવવા માંડે તો એને ખબર પડે નહિ. એવું થાય.

મુમુક્ષુ :- સોગાની સાહેબ પહેલા એમને ત્યાં આવ્યા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ તો અહીંયાં ઊતર્યા હતાને. સૌથી પહેલા ઊતર્યા ત્યારે અહીંયાં પ્રવચન મંડપમાં ઊતર્યા હતા. મોટાભાગના હિન્દીભાષી ભાઈઓ પ્રવચનમંડપમાં ઊતરતા અને ગુજરાતી લોકો આવે તો અહીંયાં સમિતિની બાજુમાં જે રૂમ હતો, જે બીજી વખત તેઓશ્રી ઊતર્યા, એ સમિતિમાં ઊતર્યા બીજી વખતે. જ્યાં એમને સમ્યગ્દર્શન થયું. ત્યારે સમિતિમાં ઊતર્યા હતા. પહેલી વખત અહીંયાં પ્રવચનમંડપમાં ઊતર્યા હતા. અને પ્રવચનમંડપમાં જે ઊતરે એની સાથે સંગ થાય પાછો. આ બાજુમાં રૂમ હતીને એમની ખૂણામાં. એટલે એકબીજા ચર્ચા કરે સંગ કરે, વાતચીતો થાય. એટલે આ પહેલો પત્ર એમના ઉપરનો જ છેને! કારણ કે એ પત્રનો સંપર્ક બહુ રાખતા. જેટલા જેટલા નવા આવે, ઓળખાણ થાય એના બધાના સરનામા લઈને પત્રોનો સંપર્ક પાછા રાખતા. એટલે સોગાનીજી સાથે પણ પત્રવ્યવહાર કરેલો, એનો જવાબ આપણે છે આમાં 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં શરૂઆતમાં.

મુમુક્ષુ :- 'આત્મધર્મ' હિન્દીના તો એ સંપાદક હતાને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ કરતા હતા, પછી રવાણી કરતા હતા. બહુ ખબર નથી આપણને પણ. એ તો પછી અમારી ચર્ચામાં પણ આવતાને. અમારી ચર્ચામાં ક્યારેક ક્યારેક આવી ચડે. રેગ્યુલર નહિ. પણ ધૂન ચડી હોય ત્યારે આવે. ક્યારે આવે એનો મેળ નહિ અને ક્યારે ઊભા થઈ જાય એનો મેળ નહિ. આવે ત્યારે સમજાવવાની મહેનત કરે પાછા. સાંભળે નહિ, સમજાવવાની મહેનત કરે.

એકવાર આવ્યા હતા. હું બેઠો હતો ને આવ્યા હતા. જુઓ મુનિરાજ હોયને એ પંચ મહાવ્રત છે ને? એનો પુરુષાર્થ જુદો કરવો પડે. સહજ હોય એમ ન લેવું. સ્વરૂપમાં અંતર્મુખ થવાનો પુરુષાર્થ પણ જુદો કરવો પડે અને પંચમહાવ્રતનો પણ પુરુષાર્થ એણે જુદો જ કરવો પડે. એને સહજ થઈ જાય એવું ન લેવું તમારે. એવું બધું સમજાવવા

આવતા હતા. સમજ્યા? એમને જે મગજમાં હોય એ બધી વાત કરે. સાંભળી લઈએ. સોગાનીજી કાંઈ બોલે નહિ. સાંભળી લે. જવાબ નહોતા દેતા. ચર્ચા ન કરે. ખ્યાલ તો આવી જાયને! એટલે ચર્ચા ન કરે, સાંભળી લે જે બોલે તે.

'**એકલી આનંદની ધારા રહે છે.**' જ્ઞાન અને આનંદ તો સમજાય. એવી રીતે એનું વેદન હોય છે. '**તેની સાથે અનંત ગુણની પર્યાય પ્રગટ થાય છે.**' એ ભલે ન સમજાય, પણ એની સાથે અનંતગુણની પર્યાય પ્રગટ થાય છે. કેમકે સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. સમ્યક્ પ્રગટ થયું એટલે બધા ગુણોની આંશિક દશા તો શુદ્ધ પરિણમન થઈને અનુભવમાં આવવાની.

જેમ કોઈ માણસ ઊંચી જાતની મીઠાઈ ખાય છે, તો એને ગળપણ તો સ્વાદમાં આવે જ. મીઠાઈમાં ખાંડ નાખ્યા વગર તો મીઠાઈ હોય જ નહિ. ખાંડ કે સાકર નાખ્યા વગર. એટલે ગળપણ તો એને ન સમજાય એવું બને નહિ. પછી બીજી જે કોઈ સ્વાદની ચીજ છે એ જે તીવ્ર હોય એ એને સમજાય કે ભાઈ! આમાં એલચી ઘણી સારી અથવા કેસર બહુ સરસ પડ્યું છે. કોઈ બીજી વાત પણ એને સમજાય. હવે એ સિવાય બીજા છપ્પન મસાલા નાખ્યા હોય. કાળી મુશળી ને ધોળી મુશળી ફલાણું ને ઢીંકણું ને પીસ્તા ને આ ને તે ને. એ બધાનો સ્વાદ કાંઈ એને જુદો-જુદો સમજાય એવું કોઈ જરૂરી નથી. ઘણાં છે. છપ્પન ચીજ નાખી હોય તો બધી કાંઈ સમજાય એવું નથી, પણ એને ગળપણ તો સમજાય, સમજાય ને સમજાય. અને બીજી કોઈ એક વાત કોઈ તીવ્ર હોય તો એ એને ખ્યાલમાં આવે કે આ ચીજ પણ આમાં લાગે છે. બાકી બધી સમજાય તો જ એને મીઠાઈ ખાધી છે અને નહિતર નથી ખાધી?! એવું કાંઈ નથી. સ્વાદ તો બધો એને આવી ગયો. ભલે ન સમજાણો તોપણ સ્વાદ આવ્યો એ વાત પાકી છે. એમ અનંતગુણની પરિણતિનો અનુભવ છે, અનંતગુણનો, પૂરા સ્વરૂપનો અનુભવ છે. એમાં બીજા ગુણો સમજાય કે ન સમજાય. જ્ઞાન અને આનંદ તો સમજાય, સમજાય ને સમજાય જ. ન ખબર પડે એવું ન બને.

મુમુક્ષુ :- અનુભવમાં સમજાય, જ્ઞાનમાં ન પકડાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ અનુભવ જ્ઞાનની જ પર્યાય છેને?

મુમુક્ષુ :- તો પછી જ્ઞાનમાં અનંતગુણનો જે સ્વાદ છે તો ખરેખર કેવળીગમ્ય જ છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા એ કેવળીગમ્ય છે, પણ એને એ શ્રુતજ્ઞાનમાં સ્વીકાર આવે છે. શ્રુતજ્ઞાનમાં એનો સ્વીકાર આવે છે. એમ.

જેમ છ દ્રવ્ય છે એમાં અરૂપી દ્રવ્ય તો કેવળીગમ્ય છે. શ્રુતજ્ઞાનમાં છ દ્રવ્યનો

સ્વીકાર છે કે નહિ? એમ. એવી રીતે. એનું પરોક્ષ જ્ઞાન છે, કેવળીને પ્રત્યક્ષ જ્ઞાન છે. એટલો ફરક છે. ૧૮૨ થયો એ.

**પ્રશ્ન :– અમને તો લાગે છે કે અમે ઘણો પુરુષાર્થ કરીએ છીએ છતાં પરિણામ કાંઈ દેખાતું નથી. તો આપ આ વિષયમાં વિશેષ ખુલાસો કરવા કૃપા કરશો.**

**સમાધાન :– પોતાના પુરુષાર્થની ખામી છે. પોતાના પુરુષાર્થમાં એની ને એની લગની; તથા દિવસ અને રાત તેનો પ્રયત્ન કરવો જોઈએ. આત્માનું ન્યારાપણું, બુદ્ધિમાં ગ્રહણ કર્યું પણ અંતર પરિણતિમાં હું ચૈતન્ય ન્યારો છું એવી ભેદજ્ઞાનની ધારા પ્રગટ થવી જોઈએ. પોતાના પ્રયત્નની ખામી છે. હું ચૈતન્ય જુદો છું, જુદો છું એવી અંતરમાંથી ન્યારાપણાની પરિણતિ પ્રગટ થવી જોઈએ. તો સ્વાનુભૂતિ થાય છે. માત્ર વિચાર ચાલે તે ઠીક છે પણ અંતરમાં ઊંડા ઊતરીને જે સ્વભાવ છે તે સ્વભાવમાંથી ન્યારાપણું આવવું જોઈએ. ૧૮૩.**

## પ્રશ્ન ૧૮૩ ઉપર પ્રવચન

'**પ્રશ્ન :- અમને તો લાગે છે કે અમે ઘણો પુરુષાર્થ કરીએ છીએ છતાં પરિણામ કાંઈ દેખાતું નથી. તો આપ આ વિષયમાં વિશેષ ખુલાસો કરવા કૃપા કરશો.**' લ્યો ઠીક! પ્રશ્ન તો ઠેકાણા વગરનો છે. '**અમને તો લાગે છે કે અમે ઘણો પુરુષાર્થ કરીએ છીએ...**' ઠીક! અતિપરિણામીપણું આને કહે છે. પુરુષાર્થ જેટલો ચાલે એટલી કાર્યસિદ્ધિ તત્કાળ છે. આ માર્ગમાં જેટલો પુરુષાર્થ ચાલે એના પ્રમાણમાં કાર્યસિદ્ધિ તત્કાળ છે. ગોળ નાખો, સાકર નાખો અને ગળ્યું ન થાય એમ બને તો કદાચ બને, પણ આમાં એમ બને નહિ કે પુરુષાર્થ કરે અને એનો લાભ ન હોય, એવું કોઈ દિવસ બને નહિ. રોકડિયો વેપાર છે. પણ (આ) ખોટું છે. લાગે છે એવો શબ્દ વાપર્યો. તને લાગ્યું એ ખોટું છે, બોલ!

મુમુક્ષુ :- એમાં દર્શનમોહની તીવ્રતા હોય તો જ એવું લાગે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વર્તમાનદશામાં સંતુષ્ટ થયેલો જીવ છે અને ગણતરી કરે છે. સંતુષ્ટતાની. થોડું છે એ એને ઝાઝું લાગે છે અને સમાધાન થતું નથી. કેમકે એનું ફળ કાંઈ આવતું નથી. પુરુષાર્થ કરીએ અને કેમ ફળ ન આવે? હવે કોઈ એમ

કહે કે એ કેવી રીતે ભ્રમ થતો હશે? તો થાય. આખો દી' વાંચ-વાંચ કરે, પછી કોઈ આવે એની સાથે ચર્ચા કે ગુરુદેવ હોય તો સાંભળવા જાય, પછી એકાંતમાં બેસીને ધ્યાન કરે અને આ એક જ કામ કર્યા કરે. કે ભાઈ! આપણે નિવૃત્તિ લઈને સ્વાધ્યાય, શ્રવણ, તત્ત્વશ્રવણ, તત્ત્વવિચાર, તત્ત્વવાંચન અને જ્ઞાન-ધ્યાન સિવાય બીજું કાંઈ કરવું નથી અને એકાંતમાં બેસીને ધ્યાન કરે. કાંઈ હાથમાં આવે નહિ. કાર્ય કરવાની પદ્ધતિની ખબર ન હોય. કાંઈ હાથમાં આવે નહિ. પછી એમ કહે, પણ પરિણામ તો આવતું નથી.

મુમુક્ષુ :- બધી કસરત નકામી?

પૂજ્ય ભાઈશ્રી :- બધી કસરત નકામી. પણ એ કહે કે મારો પુરુષાર્થ તો ઘણો છે, હું તો ઘણો પુરુષાર્થ કરું છું, આખા દિવસમાં આટલો બધો તો પુરુષાર્થ કરું છું કલાકોના કલાકો.

મુમુક્ષુ :- ભાઈશ્રી આને રૂઢિગત કહેવામાં આવે?

પૂજ્ય ભાઈશ્રી :- રૂઢિગત કરતા ઓઘસંજ્ઞાથી કરે છે. ઓઘસંજ્ઞાએ કરતો હોય છે, લોકસંજ્ઞા એમ ને એમ પડી હોય છે. કુટુંબસંજ્ઞા પણ પડી હોય છે, શરીરની દેહસંજ્ઞા પણ બધું પડ્યું હોય છે. પણ એ બાજુ એનો ખ્યાલ જ નથી હોતો. એ બાજુ એનો ખ્યાલ જ નથી હોતો.

મુમુક્ષુ :- શોધકવૃત્તિમાં નથી.

પૂજ્ય ભાઈશ્રી :- શોધકવૃત્તિમાં નથી કાંઈ. પોતાનું સ્વલક્ષ ચાલતું ન હોય, તે બધું કલાકો સુધી ચાલતું હોય પણ બધું પરલક્ષે ચાલતું હોય એટલે એ પરલક્ષનો પાડો બધું ચાવી જાય. પરલક્ષરૂપી પાડો બધું ચાવી જાય. એને એમ થાય કે કેમ આ દોરડું દેખાણું નહિ, પણ ઓલો ચાવી ગયો છે એ ક્યાંથી હોય? ક્યારનો ચાવી ગયો એ તો.

મુમુક્ષુ :- બહેનશ્રીના પત્રોમાં આવે છે કે 'હું તો મને પ્રમાદી લાગું છું' આટલું કરવા છતાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હું ઘણું કરું છું એમ ન લાગે, ઓછું કરું છું એમ લાગે.

મુમુક્ષુ :- ગુરુની આજ્ઞાએ નથી કરતો, જ્ઞાનીની આજ્ઞાએ થોડું પણ કરે તો વાંધો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હું ઘણું કરું છું એમ લાગે છે. પણ કોના માટે કરે છે તું? કો'કના માટે કરે છો? મહેમાનને એમ કહેવાય કે ભાઈ તમે જમવા આવજો, તમને બે-પાંચ દી' અમારે જમાડવા છે. પણ ઘરના છોકરાને એમ કહેવાય કે મારે બે-પાંચ

દી' જમાડવો છે અને તું જમવા આવજે, ઘરના સભ્યને એમ કહેવાય? દીકરી સાસરે મોકલ્યા પછી પારકી થઈ જાય છે તો એને એમ કહેવાય કે પાંચ-પંદર દી' આવજે બેટા. તો એમ કહે કે ભાઈ ચાલો આ વખતે પાંચ-પંદર દી' આવીને રહી ગઈ. તો એ પારકા માટે છે. કોઈ ઘરવાળા માટે હિસાબ ગણે? કે પતિ-પત્ની માટે કે દીકરા-દીકરી માટે કોઈ ગણે એવી રીતે? એને કોઈ ગણતું નથી. એમ મેં ઘણું કર્યું છે, પણ કોના માટે કર્યું તે? તને તારો આત્મા જરૂર પારકો થઈ ગયો છે!! એમ થયું. તારો આત્મા જ તને તારો રહ્યો નહિ! એમ થયું એનો અર્થ તો.

મુમુક્ષુ :- આટલું બધું કરે તોપણ પારકા માટે?

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ 'આટલું બધું' આવ્યું એ પારકાપણું બતાવે છે. આજ તો અમે આટલી શીખ કરી, ભલે ઘણી શીખ કરી. ઘરવાળાને કોઈ શીખ કરે? ન કરે. વેવાઈ હોય, જાય ત્યારે શીખ કરે. અધધધ.. થાય એટલી શીખ કરે, તો એ પારકા એ પારકા. ઘરવાળા વાંધો ઉઠાવે કે તમે પારકાને આટલી શીખ કરો છો અને અમને કાંઈ દેતા નથી? તો કહે પણ ઘરવાળાને ન હોય!

અમારે એવું થયું હતું. અમારે ડૉક્ટરના લગ્ન હતાને, કમાતો ન્હોતો થયો. છોકરા તો ન કમાતા હોય પણ ઉંમર થાય તો લગ્ન કરી નાખેને! (તો કીધું) ભાઈઓ હોય, છોકરા હોય આપણે કાંઈ ચાંદલો-બાંદલો ન કરવાનો હોય. આપણે આમંત્રણ, આપણા નામ કંકોત્રીમાં આમંત્રણ દેનાર તરીકે છે કે ભાઈ! બધા અમારે ત્યાં આવજો. એટલે આપણે જેટલું દેવું હોય એની અંદર ખર્ચમાં ચૂકવી દેવાનું જે ખર્ચો થાય એમાં. આપણે કાંઈ ચાંદલો-બાંદલો કરવાનું કે અંદરોઅંદર વ્યવહાર ન હોય, ઘરમાં ને ઘરમાં વ્યવહાર ન હોય. વ્યવહાર પારકા સાથે હોય. ઘરમાં ને ઘરમાં વ્યવહાર ન હોય.

સમાધાનમાં એમ લીધું છે કે **'પોતાના પુરુષાર્થની ખામી છે.'** કાંઈક ક્ષતિ છે એની અંદર. ઘણું કરે છો પણ એની અંદર ક્ષતિ છે. શું ક્ષતિ છે? કે પરલક્ષે કરે છો! આ મોટી ખામી છે અને આટલું કર્યું એનો સંતોષ છે, એ પણ બીજી ખામી છે.

મુમુક્ષુ :- હળવા ટોનમાં કીધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ. એમની બહુ મૃદુ ભાષા હતી. ગુરુદેવ હોય તો ઠપકારે. ગુરુદેવ શું કહે ખબર છે? પુરુષાર્થ નથી, પુરુષાર્થ ઓછો નથી, પુરુષાર્થ અવળો છે એમ કહે. પુરુષાર્થ ઓછો નથી, પુરુષાર્થ વિપરીત છે. 'પરમાગમસાર'માં આવ્યું હતું. 'પરમાગમસાર'માં એક બોલ આવ્યો છે. આવો પુરુષાર્થનો જ પ્રશ્ન કોઈએ કર્યો છે. તો કહે પુરુષાર્થ ઓછો છે અને પુરુષાર્થ આમ છે ને આમ છે - એ રહેવા દ્યો.

પુરુષાર્થ અવળો છે, વિપરીતતા છે - એમ કીધું. પહેલા પુરુષાર્થની વિપરીતતા સમજો પહેલાં એમ કીધું. એટલે વિપરીતતા એક પ્રકારની ખામી થઈને! પણ ઓલો soft ટોન છે. આ જરા hard ટોન છે.

મુમુક્ષુ :- ખામી કહેતા જાણે અમુક બરાબર છે એમ પણ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ પણ લાગે. ઊંધું પણ સમજી જાય. એમ પણ સમજી જાય કોઈ. ભૂલ પણ કરી જાય. એમ પણ બને.

મુમુક્ષુ :- સોગાની સાહેબ તો એથી પણ વધારે કહે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ વધારે કડક જવાબ દેતા. કોઈએ ૪૩૯માં પ્રશ્ન કર્યો છે કે શું કરીએ ભાઈ! અંદર તો ઉપયોગ નિર્વિકલ્પ થઈને જામતો નથી. સ્પષ્ટ વાત આ છે કે અમારો ઉપયોગ અંતર્મુખ થાતો નથી એટલે અમે આ સ્વાધ્યાય, શ્રવણ, વિચાર, ચિંતન, ચર્ચા આવું બધું કરીએ છીએ, તો આ નથી થતું માટે આ કરીએ તો એ તો બરાબર છે કે નહિ? તો કહે વ્યવહારશ્રદ્ધા પણ નથી. શું કીધું? સીધો હથોડો જ મારે માથામાં. ચક્કર ચડીને તમ્મર ચડી જાય એકવાર તો. કે આટલું આટલું બધું કરીએ ને વ્યવહારશ્રદ્ધા પણ નથી? આ નિશ્ચયશ્રદ્ધા તો એકબાજુ રહી. વ્યવહારશ્રદ્ધા નથી એટલે ગૃહીતમાં આવ્યો. ગૃહીત મિથ્યાત્વમાં આવ્યો. એટલી વિપરીતતા દેખાડતા. તું તો ગૃહીત મિથ્યાત્વમાં ઊભો છો. કેમ? કે વિધિની ભૂલ છે તારી. એવા પરિણામ થવા એકબાજુ છે અને અભિપ્રાયપૂર્વક એવા પરિણામ થવા તે બીજી વાત છે.

આપણે ત્યાં (કૌંસમાં) સ્પષ્ટીકરણ આપ્યું છે. એ અભિપ્રાયની ભૂલ દેખાડતા હતા. અભિપ્રાયપૂર્વક થાય છેને? એ મૂળ પકડાવતા હતા. તારા પરિણામ થાય છે એ હું નથી જોતો. તારા અભિપ્રાયને પકડીને કહું છું કે આમાં વ્યવહારશ્રદ્ધા રહેતી નથી.

**'પોતાના પુરુષાર્થની ખામી છે. પોતાના પુરુષાર્થમાં એની ને એની લગની;...'** હવે મૂળ ટ્રેક ઉપર વાત લીધી - લગની, આ એમની અસલ ટ્રેક છે - લગની લાગવી જોઈએ. પુરુષાર્થનું સ્ટેજ તો આમ પણ આગળનું છે પણ અત્યારે શરૂઆતમાં તો લગની લાગવી જોઈએ. '**તથા દિવસ અને રાત તેનો પ્રયત્ન કરવો જોઈએ.**' પ્રયત્ન એટલે પ્રયાસ અહીંયાં. પોતાને એક જ બાજુનું વલણ હોવું જોઈએ. એક લક્ષ, એક ધ્યેય, એક નિષ્ઠા, એક લય એવી રીતે ચાલવું જોઈએ. જે ભૂમિકામાં હોય એ ભૂમિકામાં. અને એનું ફળ એવડું મોટું છે કે જો એનું મૂલ્યાંકન આવ્યું હોય તો એમ જ થાય, બીજી રીતે થાય નહિ. લગની ઊપડે. એક લય લાગે, લાગે ને લાગે જ. નથી લાગતું એનો અર્થ કે એનું મૂલ્યાંકન આવ્યું નથી. એને બીજી ચીજનું હજી મૂલ્યાંકન ગયું નથી. એમ છે.

**'દિવસ અને રાત તેનો પ્રયત્ન કરવો જોઈએ. આત્માનું ન્યારાપણું, બુદ્ધિમાં ગ્રહણ કર્યું...'** આત્મા ભિન્ન છે એમ બુદ્ધિમાં ગ્રહણ કર્યું. **'પણ અંતર પરિણતિમાં હું ચૈતન્ય ન્યારો છું એવી ભેદજ્ઞાનની ધારા પ્રગટ થવી જોઈએ.'** લ્યો! પરિણતિની વાત લાવ્યા! બુદ્ધિમાં સમજ્યો એથી શું થઈ ગયું? પરિણતિમાં આવવું જોઈએ. પરિણતિ લાવ અહીં. હું સમજ્યો છું, હું પ્રયત્ન કરું છું એમ નહિ. પરિણતિ શું કરી એ બોલ? જૂની પરિણતિ ક્યારે મટે? કે નવી પરિણતિ ઊભી થાય ત્યારે. એ મૂળમાંથી ફેરફાર થયો. પરિણતિમાં ફેરફાર થયો એ મૂળમાંથી ફેરફાર થયો. એમ કહેવું છે. ઉપર ઉપરનો ફેરફાર થયો હોય અને એને પુરુષાર્થ ગણવો એમ હોય નહિ. એમ કહેવું છે. અહીં સુધી રાખીએ. વિશેષ લઈશું.

આશય :- (૧૮૨) **અહીં નિર્વિકલ્પ સ્વાનુભવનું વર્ણન કર્યું છે અને એકલી આનંદની ધારા પ્રગટ થાય છે. આનંદના વેદન આડે શરીર ક્યાં છે તે ખ્યાલ રહેતો નથી. વગેરે દર્શાવીને તેવી દશા મુમુક્ષુજીવને પ્રાપ્ત થાય તે માટે ઉત્સાહ પ્રગટે તો વર્તમાન દશાના પ્રયોજનનું અનુસંધાન થાય. એવો આશય ગ્રહણ કરવો જોઈએ.**

**જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી, ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો, રોકાઈ ગયો; રૂપિયા, ઘર, શરીર, પુત્ર આદિમાં તું રોકાઈ ગયો. અરે! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો! બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, ત્યાં ભાઈ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય?**

**– બહેનશ્રીનાં વચનામૃત – ૫૬**

**પ્રશ્ન :– શુદ્ધનયકા ઔર સમ્યગ્દર્શનકા વિષય ક્યા એક આત્મા હી હૈ? ક્યા દૃષ્ટિમેં કોઈ પર્યાયકા સ્વીકાર નહીં?**

**સમાધાન :– દોનોંકા વિષય એક આત્મા હી હૈ, પર્યાય નહીં. દ્રવ્યદૃષ્ટિમેં પર્યાય નહીં આતી. અધૂરી, પૂર્ણ પર્યાય પર ભી લક્ષ નહીં જાતા. શુદ્ધ પર્યાયકા વેદન હોતા હૈ, તો ભી શુદ્ધ પર્યાય પર ઉસકી દૃષ્ટિ નહીં હોતી. દૃષ્ટિ તો શાશ્વત અનાદિ-અનંત પારિણામિકભાવ ઊપર હૈ. પારિણામિક ભાવકા ભી વિકલ્પ નહીં હોતા. મૈં અનાદિ-અનંત આત્મા હૂં ઈસકે ઉપર દૃષ્ટિ રહતી હૈ, શુદ્ધ-અશુદ્ધ દોનોં પર્યાય પર દૃષ્ટિ નહીં હોતી. ઈસકા વેદન હોવે તો ભી દૃષ્ટિ ઉસ પર નહીં હોતી. જ્ઞાન જાનતા હૈ કિ મેરી સાધકદશા ઈતની હૈ-ચતુર્થ ગુણસ્થાન હૈ, છઠ્ઠા-સાતવાં ગુણસ્થાન હૈ,-ઐસા જ્ઞાનમેં રહતા હૈ ઈસલિયે પુરુષાર્થ હોને લગતા હૈ-પુરુષાર્થ કરતા હૈ. પરંતુ દૃષ્ટિ તો પૂરી દ્રવ્ય પર હૈ. પર્યાયકા વેદન હોતા હૈ વહ જ્ઞાન જાનતા હૈ. ૧૮૪.**

**તા. ૨૯-૫-૧૯૯૭, પ્રશ્ન- ૧૮૪**
**પ્રવચન નં. ૧૩૪**

**'પ્રશ્ન :- શુદ્ધનયકા ઔર સમ્યગ્દર્શનકા વિષય ક્યા એક આત્મા હી હૈ? ક્યા દૃષ્ટિમેં કોઈ પર્યાયકા સ્વીકાર નહીં?'** શુદ્ધનયનો જે વિષય છે અને સમ્યગ્દર્શનનો વિષય છે એમાં કાંઈ ફેર ખરો કે નહિ? પ્રશ્ન એ છે કે, એક જ છે? એટલે કે ફેર નથી? એમ. અને દૃષ્ટિ પર્યાયને સ્વીકારતી નથી? એવો પ્રશ્ન કર્યો છે. જ્ઞાનમાં તો સ્વીકાર છે એમાં કાંઈ પ્રશ્ન નથી.

**'સમાધાન :- દોનોંકા વિષય એક આત્મા હી હૈ, પર્યાય નહીં.'** શુદ્ધનયનો વિષય પણ શુદ્ધાત્મા છે અને શુદ્ધાત્મા શુદ્ધનયનો વિષય હોવાથી એ નયના અંશનું નામ પણ શુદ્ધનય પાડ્યું. એ જ્ઞાનના અંશનું નામ શુદ્ધનય પાડ્યું. એ જ દૃષ્ટિનો વિષય છે. એટલો જ દૃષ્ટિનો વિષય છે. એટલે બેયમાં પર્યાય આવતી નથી. ત્રિકાળી સામાન્ય. **'દ્રવ્યદૃષ્ટિમેં પર્યાય નહીં આતી.'** હિન્દીમાં પ્રશ્ન પૂછ્યો છેને એટલે ઉત્તર પણ હિન્દી ભાષામાં દીધો છે. **'દોનોંકા વિષય એક આત્મા હી હૈ, પર્યાય નહીં. દ્રવ્યદૃષ્ટિમેં પર્યાય નહીં આતી.'** દૃષ્ટિમેં પર્યાય આતી નહીં. દૃષ્ટિ કા પરિણમન કરને કા પ્રકાર ઐસા હૈ

કિ અપને પરમાત્મા કો દેખતી હૈ ઔર ઉસકો ચીપકકર રહ જાતી હૈ. જાઓ! ખુદકો ભી નહીં દેખતી તો બગલમેં દૂસરી પર્યાય કો કૈસે દેખે? ક્યોં દેખે? કિ, સવાલ હી પૈદા નહીં હોતા.

**'અધૂરી, પૂર્ણ પર્યાય પર ભી લક્ષ નહીં જાતા.'** જ્ઞાનનું લક્ષ પણ પછી એ આત્મા થઈ જાય છે અને દૃષ્ટિબિંદુ પણ દૃષ્ટિનું એ થઈ જાય છે કે જેને લઈને પોતાની ચાલતી અધૂરી પર્યાય કે ભવિષ્યની પૂર્ણ પર્યાય, એના ઉપર નથી દૃષ્ટિ જતી, એના ઉપર નથી જ્ઞાનનું લક્ષ જાતું. જ્ઞાન જાણે એ બીજી વાત અને લક્ષ કરે એ બીજી વાત. એમ છે હોં! લક્ષ તો પછી એક સ્વરૂપનું જ રહે છે.

મુમુક્ષુ :- લક્ષ એટલે અહીંયાં વજન?

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ એટલે લક્ષ. જેમકે અત્યારે પૈસા કમાવાનું લક્ષ છે. તો લક્ષ હોય ત્યાં વજન તો જાય જ. પણ વજન તો પ્રસંગોપાત બીજે જાય તોપણ લક્ષ ફરે નહિ, એમ છે પાછું. લક્ષ હોય ત્યાં વજન જાય એનો વાંધો નહિ, પણ વજન અને લક્ષ બે એક છે એવું નથી. પ્રસંગોપાત વજન બીજે જાય તોપણ લક્ષ ફરે નહિ.

જેમકે તમે વાહન ઉપર જાવ છો ત્યારે તમારે એક નિશ્ચિત સ્થળે પહોંચવાનું લક્ષ છે અને એ દિશામાં તમે આગળ વધી રહ્યા છો. પણ કોઈ પરિસ્થિતિ વચ્ચે એવી આવે તો તમારે ગાડી ઊભી રાખીને રિવર્સ પણ લેવી પડે. તમે રિવર્સ લ્યો છો ત્યારે તમારું લક્ષ રિવર્સ નથી થતું. થાય છે? એમ વજન ફરે, ઉપયોગ ફરે પણ લક્ષ ન ફરે. તેમ લક્ષ જેનું હોય એનું સ્મરણ રાખવું પડે, સ્મરણ કરવું પડે, નહિતર વિસ્મરણ પણ થઈ જાય - એવું પણ નથી. લક્ષ છે એ સ્મૃતિ-વિસ્મૃતિથી પર છે. સ્મરણની ક્રિયાને સ્મૃતિ કહે છે, પરિણામની ક્રિયાને પરિણતિ કહે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! તો સંસારનું જે લક્ષ છે એટલે શું? એ ક્યા પ્રકારે છે?

પૂજ્ય ભાઈશ્રી :- જુઓ! બધા જીવોને-સંસારીઓને સંસારનું લક્ષ છે. હવે એમાં જે મનુષ્યો છે એ ધર્મના ક્ષેત્રમાં પોતપોતાના સંપ્રદાયમાં પ્રવૃત્તિ કરે છે. લક્ષ કોઈનું બદલાતું નથી. એટલે શું ઊભું થાય છે એમાંથી ખબર છે? કે હું જે આ પ્રવૃત્તિ ધર્મના ક્ષેત્રની કરું છુંને! તો સંસારમાં મને ક્યાંય પ્રતિકૂળતા ન આવે તો સારું, આમ આવી સરસ પ્રવૃત્તિ હું કરું છું ધર્મના ક્ષેત્રમાં તો એના કારણે મને પ્રતિકૂળતા ન આવે તો સારું. એટલે કે મારો સંસાર સુકાઈ નહિ અને લીલો, લીલોછમ્મ જેવો રહે પાંગરેલો.

મુમુક્ષુ :- અભિપ્રાયમાં આ પડેલું જ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વસ્તુ પડેલી છે. એટલે એ આવ્યા વગર નહિ રહે. આમ

થાશે. એટલે બધી ધાર્મિક પ્રવૃત્તિ સંસારના લક્ષે, સંસાર અર્થે થાય છે, અને તેથી કરીને સંસાર ફળે છે, પાંગરે છે. જ્યારથી પૂર્ણતાનું લક્ષ બંધાય છે, ત્યારથી એણે લક્ષમાં ફેરબદલી કરી નાખી. લક્ષ બદલાવી નાખ્યું અને એની પરિણતિ જુદી થઈ જાય છે પછી. એ અંગેની એની પરિણતિ જુદા પ્રકારની થઈ જાય છે. એમ પરિણતિ ફરે. એવું છે.

**'દોનોંકા વિષય એક આત્મા હી હૈ, પર્યાય નહીં. દ્રવ્યદૃષ્ટિમેં પર્યાય નહીં આતી. અધૂરી, પૂર્ણ પર્યાય પર ભી લક્ષ નહીં જાતા.'** અને દૃષ્ટિ પણ નથી જતી. **'શુદ્ધ પર્યાયિકા વેદન હોતા હૈ, તો ભી શુદ્ધ પર્યાય પર ઉસકી દૃષ્ટિ નહીં હોતી.'** હવે જે જ્ઞાનદશા પ્રગટ થઈ એમાં શુદ્ધ પર્યાય પણ પ્રગટ થઈ, છતાં એના ઉપર દૃષ્ટિ નથી. એટલે જ્ઞાનીને અહંભાવ થતો નથી. જ્ઞાન થયાનો જ્ઞાનમદ એમને ઉત્પન્ન થતો નથી. કેમકે દૃષ્ટિ જ નથી એના ઉપર. જ્ઞાની થયા પછી મુનિ થાય. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** હું પ્રમત્ત અને અપ્રમત્ત નથી. હું તો એક બીજો ભાવ છું. એક જ્ઞાયકભાવ એ બીજો ભાવ છું. દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે. પ્રમત્ત-અપ્રમત્ત ઉપર દૃષ્ટિ નથી.

સરાણ ઉપર છરીની અણી કાઢે છે. છરી, ચાકુ, સૂડી અણી કાઢેને? દૃષ્ટિ શેના ઉપર છે? ધાર નીકળે એના ઉપર. ભીંસ દે એના ઉપર નહિ. બેય પર્યાય જ છે. કેમ? કે પ્રયોજન ધાર કાઢવાનું છે માટે. એમ શરૂઆતમાં પૂર્ણતાનું લક્ષ આવે છે એટલે પર્યાયની સંભાળ લે છે, અવલોકન વગેરે ચાલુ થાય છે, પછી એનું અંતર સંશોધન થાય છે કે આમ ને આમ હું પર્યાય સાથે ક્યાં સુધી માથાકૂટ કરીશ? આ તો સરકતી ચીજ છે, હાથમાં રહેતી નથી.

મુમુક્ષુ :- ગુલાંટ મારે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી ગુલાંટ મારે. આવે દ્રવ્ય ઉપર. સ્થિર ચીજ છે. પર્યાયને ગૌણ કરે, પર્યાયનું લક્ષ છૂટી જાય.

મુમુક્ષુ :- અવલોકન પોતાને પર્યાયમાં પર્યાયનું ચાલતું હોય, લક્ષ દ્રવ્યનું થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ દ્રવ્યનું થઈ જાય. અને તો યથાર્થ છે. પછી યથાર્થતા લાગુ પડે. આવું છે.

**'શુદ્ધ પર્યાયિકા વેદન હોતા હૈ, તો ભી શુદ્ધ પર્યાય પર ઉસકી દૃષ્ટિ નહીં હોતી.'** અપૂર્વ આનંદનું વેદન થાય. કોઈ દી' ન આવ્યો હોય અનંતકાળમાં, તોપણ એની દૃષ્ટિ થાય નહિ. **'દૃષ્ટિ તો શાશ્વત અનાદિ-અનંત પારિણામિકભાવ ઉપર હૈ.'** પારિણામિકભાવ કહો, શુદ્ધ આત્મા કહો કે જ્ઞાયકતત્ત્વ કહો, બધું એક જ છે. **'પારિણામિક ભાવકા**

**ભી વિકલ્પ નહીં હોતા.**' દૃષ્ટિ છે. દૃષ્ટિમાં વિકલ્પ નથી. દૃષ્ટિ પોતે નિર્વિકલ્પ છે. દૃષ્ટિમાં વિકલ્પ નથી.

'**મૈં અનાદિ-અનંત આત્મા હૂં ઈસકે ઉપર દૃષ્ટિ રહતી હૈ,...**' પોતાનું જે અનાદિ-અનંત શાશ્વત સ્વરૂપ છે એના ઉપર દૃષ્ટિ રહે. '**શુદ્ધ-અશુદ્ધ દોનોં પર્યાય પર દૃષ્ટિ નહીં હોતી.**' શું? શુભાશુભ તો એકબાજુ રહ્યો, શુદ્ધ-અશુદ્ધમાંથી કોઈ પર્યાય ઉપર દૃષ્ટિ નથી રહેતી. એ પ્રમત્ત-અપ્રમત્તવાળી વાત છે. આમાં બનારસીદાસે પણ લીધું છે. 'સમલ વિમલ ન વિચારીએ.. એક દેખીએ, એક જાનીએ રમી રહીએ એક ઠોર, સમલ વિમલ ન વિચારીએ.' સમલ એટલે અશુદ્ધ અને વિમલ એટલે શુદ્ધ. શુદ્ધ-અશુદ્ધ ઉપર દૃષ્ટિ કે વિચાર, અમારે લક્ષ લઈ જવું નથી.

'**તો ભી દૃષ્ટિ ઉસ પર નહીં હોતી.**' તોપણ દૃષ્ટિ એના ઉપર નથી થતી. '**જ્ઞાન જાનતા હૈ કિ મેરી સાધકદશા ઈતની હૈ-ચતુર્થ ગુણસ્થાન હૈ, છઠ્ઠા-સાતવાં ગુણસ્થાન હૈ,-ઐસા જ્ઞાનમેં રહતા હૈ...**' સમજમેં આતા હૈ. '**ઈસલિયે પુરુષાર્થ હોને લગતા હૈ...**' અથવા ઈસલિયે પુરુષાર્થ ચલતા હૈ, ચાલુ રહતા હૈ, '**પુરુષાર્થ કરતા હૈ. પરંતુ દૃષ્ટિ તો પૂરી દ્રવ્ય પર હૈ. પર્યાયકા વેદન હોતા હૈ વહ જ્ઞાન જાનતા હૈ.**' દૃષ્ટિ નહિ. એ દૃષ્ટિ વિષય ન કરે. જ્ઞાન જ એને વિષય કરે છે. તોપણ ગૌણ રાખીને. મુખ્ય કરીને નહિ.

આશય :- (૧૮૩) **કોઈપણ ધર્મસાધનના આશ્રયે પ્રવૃત્તિ થાય, અને તેની ગણતરી થાય તો તે અનુચિત છે, અને તે અટકવાનું કારણ છે. તે અતિપરિણામીપણાનો વિકૃત પ્રકાર છે. વાસ્તવમાં તો અંતરમાંથી એટલે કે સ્વભાવમાંથી ન્યારાપણાની, ભિન્નપણાની પરિણતિ પ્રગટ થવી જોઈએ. જો પરિણતિ ન થાય તો ખરેખર પુરુષાર્થનો પણ ભ્રમ થયો છે, તેમ સમજવા યોગ્ય છે.**

આશય :- (૧૮૪) **શુદ્ધનયનો અને સમ્યગદર્શનનો વિષય એક શુદ્ધાત્મા જ છે. જ્ઞાનમાં પર્યાય અને પર્યાય પ્રકારો જણાય તોપણ લક્ષનો વિષય તો શુદ્ધાત્મા જ રહે છે, અને તેવો પ્રકાર જ યથાર્થ છે.**

❀

**નોંધ :- કેસેટમાં પ્રવચન આટલું જ હોવાથી તેટલું જ લીધેલ છે.**

**પ્રશ્ન :– જુદા પાડવાનો અભ્યાસ કરે તો શું એક ક્ષણ એવી આવે જેથી અભેદમાં પરિણતિ જાય?**

**સમાધાન :– હા. જુદા પાડવાનો અભ્યાસ કરે તો ન્યારી પરિણતિ થાય. કેટલાકને મૂંઝવણ થાય એટલે થાકી જાય; પણ પોતે પ્રયત્ન કર્યા કરવો, તેમાં મૂંઝાવું કે થાકવું નહિ. પોતે ઉત્સાહથી અને ધીરજથી પ્રયત્ન કરવો. પ્રયત્ન કરે તો પ્રગટ થયા વગર રહેતું જ નથી. જેને પોતાની જિજ્ઞાસા ને પ્રયત્ન પોતા તરફ છે તેને કાળ લાગે, પણ થયા વગર રહેતું નથી. પોતાને લગની–રુચિ છે ને કારણ આપે તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. જ્યાં સુધી કાર્ય થાય નહિ ત્યાં સુધી સમજવું કે કારણ ઓછું છે. ૧૮૫.**

**તા. ૩૦–૫–૧૯૯૭, પ્રશ્ન – ૧૮૫–૧૮૬**
**પ્રવચન નં. ૧૩૫**

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૨૪. પ્રશ્ન-૧૮૫.

'**જુદા પાડવાનો અભ્યાસ કરે તો શું એક ક્ષણ એવી આવે કે જેથી અભેદમાં પરિણતિ જાય?**' અભેદ એટલે પોતાનું સ્વરૂપ. રાગથી અને પરથી જુદા પાડવાનો અભ્યાસ. અભ્યાસ એટલે પ્રૅક્ટિસ. તો એવી ક્ષણ આવે અથવા સરવાળો એવો આવે કે પોતાની પરિણતિ સ્વરૂપમાં જાય?

'**સમાધાન :- હા. જુદા પાડવાનો અભ્યાસ કરે તો ન્યારી પરિણતિ થાય.**' એટલે જે પર સાથે એકત્વ થઈ રહ્યું છે એનાથી જુદી પરિણતિ થાય. ન્યારી એટલે જુદી. '**કેટલાકને મૂંઝવણ થાય એટલે થાકી જાય; પણ પોતે પ્રયત્ન કર્યા કરવો, તેમાં મૂંઝાવું કે થાકવું નહિ.**' એને મૂંઝવણ અને થાક એટલા માટે આવે છે કે જો વિકલ્પાત્મક હોયને તો અહીંયાં એ સ્પષ્ટ કરો એટલે વાત પૂરી થાય. નહિતર એમ થાય કે આનું શું કરવું? આપણને મૂંઝવણ અને થાક લાગે છે અને અટકી જવાય છે, નથી આગળ ચાલતું. પણ વિકલ્પાત્મક હોય તો એવું થાય, પ્રયોગાત્મક હોય તો એવું નથી થાતું.

મુમુક્ષુ :- પરથી જુદા પાડવાનો અભ્યાસ. આમાં વીર્યગુણ મુખ્ય કામ કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- વીર્યગુણ તો છે જ એની અંદર. જ્ઞાન અને વીર્ય. મુમુક્ષુની

ભૂમિકામાં બે ગુણની પ્રધાનતા છે. એમાં સૌથી વધારે પ્રધાનતા જ્ઞાનની છે અને પુરુષાર્થ છે-વીર્ય છે એ જ્ઞાનની સાથે સાથે જોડાય છે. મૂળમાં બધાનું કારણ જ્ઞાન છે. જ્ઞાન છે એને લઈને બીજા ગુણોની પ્રક્રિયા એને અનુસરતી ચાલુ થઈ જાય છે.

મુમુક્ષુ :- જ્ઞાન તો એનું કામ કરી જ રહ્યું છે. હવે જ્ઞાન જે મિથ્યાત્વમાં અજ્ઞાન તરફ છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો પુરુષાર્થ ઊંધો ચાલશે. જો જ્ઞાન ઊંધું ચાલશે તો પુરુષાર્થ પણ ઊંધો ચાલશે. જ્ઞાન ઊંધું ચાલે અને પુરુષાર્થ સવળો ચાલે એવું કોઈ દિવસ ન બને. (બધા ગુણ) જ્ઞાનને જ અનુસરે છે. એટલે શાસ્ત્રોમાં જ્ઞાનને નેતાની પણ ઉપમા આપી છે. જેમ કોઈ એક નેતાને બીજા લોકો અનુસરે છે. ગાંધીજી થયા તો હિન્દુસ્તાનના લોકો એને અનુસર્યા. એમ જ્ઞાન છે એ બધા ગુણોમાં નેતા સમાન છે! બધા ગુણો એને અનુસરે છે. એમ બને છે.

મુમુક્ષુ :- એક અભ્યાસ શબ્દ જે છે ને એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- અભ્યાસ બે પ્રકારનો છે. એક વિકલ્પાત્મક અને એક પ્રયોગાત્મક. અભ્યાસ શબ્દ શું છે? વારંવાર કરવું એનું નામ અભ્યાસ છે. જેમકે કોઈ માણસ વારંવાર એક જ પુસ્તક વાંચે, સમયસાર વારંવાર વાંચે. ત્યારે શું કહેવાય? કે ભાઈ! આને સમયસારનો બહુ સારો અભ્યાસ છે. કોઈ મોક્ષમાર્ગપ્રકાશક વારંવાર વાંચે. તો કહે ભાઈ આને મોક્ષમાર્ગપ્રકાશકનો બહુ સારો અભ્યાસ છે. એવી રીતે અભ્યાસ શબ્દ છે એ wide senseમાં વપરાય છે. વિશાળ અર્થમાં વપરાય છે. પણ એનો સામાન્ય અર્થ એવો છે કે વારંવાર જે કાર્ય કરે એને અભ્યાસ કહે છે. જેમકે એકડો ઘૂંટે છે. તો કહે અત્યારે શું કરે છે? કે ભાઈ એકડો ઘૂંટવાનો અભ્યાસ કરે છે. એમ કહેવાય.

મુમુક્ષુ :- અહીંયાં વિકલ્પાત્મક અભ્યાસ છે એની તો લિમિટ હોય. વારંવાર-વારંવાર-વારંવારમાં તો વિકલ્પમાં તો થાકી જવાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કહ્યું એમણે કે કોઈને મૂંઝવણ થાય છે, કોઈ થાકી જાય છે. તો શું કરવા થાય છે એવું? કે વિકલ્પાત્મક છે. પણ પ્રયોગાત્મક હોય તો ન થાકે. કેમ? કે વિકલ્પાત્મક જે અભ્યાસ છે એમાં આખરે નિરસતા આવી જાય છે. જ્યારે પ્રયોગમાં પ્રયોગાત્મક અભ્યાસમાં રસ વધતો જાય છે. જેનો પ્રયોગ કરે છે એનો રસ વધતો જાય છે. એટલે ત્યાં થાક નથી લાગતો.

મુમુક્ષુ :- પ્રયોગાત્મકમાં અમુક-અમુક પ્રકારનો વિકલ્પ involve હોય તો થાક લાગવાના ચાન્સ લાંબા ટાઈમે...

પૂજ્ય ભાઈશ્રી :- ના, પણ એ તો શું છે કે જે પ્રયોગ છે એમાં વિકલ્પ સાથે

હોય છે. પણ પ્રયોગમાં થાક નથી લાગતો. જેને પ્રયોગ ચાલતો હોય છે એને થાક નથી લાગતો. એનું કારણ શું? કે ઉદય ફરતો જાય છે અને બધે ભિન્ન પડવાનો પ્રયોગ કરે છે, ઉદય ફરતો જાય છે, અને બધે ભિન્ન પડવાનો પ્રયોગ કરે છે. ત્યારે વિકલ્પમાં તો એને એક જ વિકલ્પ ઘૂંટવો પડે. અથવા એને જે કાંઈ લિમિટેશન હોય એ જ ઘૂંટ્યા કરે. એટલે એમાં થાકી જાય.

મુમુક્ષુ :- તે છતાં ભાઈશ્રી પ્રયોગાત્મકમાં કલાક, બે કલાક, ચાર કલાક સુધી ચાલવું જોઈએ. પછી એક કલાક જ થાય ક્યારેક દોઢ કલાક જ થાય, એટલે થાક લાગતો હશે ત્યારેને?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયોગાત્મક અભ્યાસ તો કર્યા જ કરે છે. બધા ઉદયમાં કર્યા કરે છે. જે લોકો પ્રયોગાત્મક અભ્યાસ કરે છે એ બધા ઉદયમાં કરે છે. અમુક જ ઉદયમાં નથી કરતા. એટલે એ ચાલ્યા જ કરે છે એને. એમાં થાક નથી લાગતો. એમાં રસ આવે છે. કેમકે એનું ફળ પણ એને એ વખતે દેખાય છે અને એની જે ઉપલબ્ધિ છે એ આંશિક રીતે શરૂ થાય છે, એટલે એમાં હોંશ રહે છે. પૈસા કમાતો હતો માણસ ત્યારે થાકતો હતો?

મુમુક્ષુ :- કમાતો હોય તો નહિ થાકે.

પૂજ્ય ભાઈશ્રી :- ઓલો તો થાકી જાય. કાંઈ ન મળે તો થાકી જાય. કે હું મહેનત કરું છું પણ કાંઈ હાથમાં આવતું નથી. પણ મળ્યા જ કરે તો? હોંશ ચડે, રસ ચડે. એવું છે આમાં. તો ભેદજ્ઞાનનો અભ્યાસ ચાલે એટલે એની કમાણી ચાલુ થાય. એની કમાણી ચાલુ થાય એટલે એમાં રસ ચડે, એમાં થાક ન લાગે. એવું છે.

'**પણ પોતે પ્રયત્ન કર્યા કરવો, તેમાં મૂંઝાવું કે થાકવું નહિ.**' એ ક્યારે બને? એ તો ઉપદેશાત્મક વાત છે એટલે એમ કહે થાકવું ન જોઈએ, મૂંઝાવું ન જોઈએ. પણ સહજ ક્યારે બને? કહેવાથી તો એમ બનવાનું નથી. સહજ થાય. ઉપદેશ તો વચનવ્યવહારથી છે. દીપચંદજીએ લીધું કે તેથી ભલું તો એ છે કે શુદ્ધોપયોગમાં રહેવું. આત્મામાં ઉપયોગને રાખવો એ સૌથી ભલું છે. પણ આ અમારો વચન-વ્યવહારથી ઉપદેશ છે. એમ કહેવાથી એમ થતું નથી. એ તો સહજદશાનો વિષય છે. એ પ્રકારની પૂર્વ પ્રક્રિયાને ભેદજ્ઞાનનો પ્રયોગાત્મક અભ્યાસ હોય તો સહેજે એને અનુભવદશા આવે. આવે પણ સહેજે અને નીકળી જાય પણ સહેજે. વિકલ્પમાં આવે એ પણ સહેજે, નિર્વિકલ્પમાંથી વિકલ્પમાં આવે એ સહેજે અને વિકલ્પમાંથી નિર્વિકલ્પમાં આવે એ પણ સહેજે થાય. ઉપદેશમાં તો ઉપદેશની રીતે જ વચન હોય.

'**પોતે ઉત્સાહથી અને ધીરજથી પ્રયત્ન કરવો.**' કૃત્રિમતાથી ખોટી ઉતાવળ કરશો

તો થાકી જશો એમ કહે છે. એટલે કૃત્રિમતા ન કરવી એનું નામ ધીરજ છે. સહજતાથી અને ઉત્સાહથી તારું કામ થવું જોઈએ. કેમકે પોતાના લાભનું કારણ છે, તો લાભમાં તો ઉત્સાહ આવવો જ જોઈએ. '**પ્રયત્ન કરે તો પ્રગટ થયા વગર રહેતું જ નથી.**' યથાર્થ પુરુષાર્થ હોય, પ્રયોગની સાથે પુરુષાર્થ હોય જ છે. પ્રયોગ અને પુરુષાર્થ એક સિક્કાની બે બાજુ લેવા છે. અવિનાભાવી છે. પ્રયોગ પુરુષાર્થ વગર થાય નહિ. પ્રયોગ છે એ પુરુષાર્થ વગર થાય નહિ. એટલે જો પુરુષાર્થ કરે, પ્રયત્ન કરે તો પ્રગટ થયા વિના રહે નહિ. એ પુરુષાર્થની મુખ્યતાથી વાત કરી.

'**જેને પોતાની જિજ્ઞાસા ને પ્રયત્ન પોતા તરફ છે તેને કાળ લાગે, પણ થયા વગર રહેતું નથી.**' શું કીધું? કે જેને જિજ્ઞાસા એટલે ભાવના છે, જેને પોતાનું આત્મકાર્ય કરવાની ખરી ભાવના છે અને સ્વનો સ્વતરફથી સ્વસન્મુખતાનો પ્રયત્ન છે, પ્રયત્ન પણ છે. પુરુષાર્થ પણ છે અને કદાચ કાળ લાગે એટલે કોઈને ઢીલો પુરુષાર્થ હોય, અથવા વધારે સમય લાગે. તીવ્ર પુરુષાર્થ હોય તો ઓછો સમય લાગે.

મુમુક્ષુ :- કાળ લાગે એટલે કેટલો કાળ લાગે?

પૂજ્ય ભાઈશ્રી :- થોડો કાળ વધારે લાગે એમ. કાળ લાગે એટલે થોડો વધારે કાળ લાગે એમ લેવું.

મુમુક્ષુ :- લિમિટ તો હશેને?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો લિમિટમાં આ છે કે ભાવભાસન થયું હોય તો બહુ થોડો કાળ છે. મેક્સીમમ છ મહિના છે. અને નહિતર જેવી ભાવના અને જેવો પ્રયાસ. જેવી ભાવના અને જેવો પ્રયાસ. એના અનુસાર છે. ગોળ નાખો એટલું ગળ્યું થાય. એમાં બીજું શું થઈ શકે? એ તો વસ્તુસ્થિતિ જ છે. જેટલો ગોળ નાખો એના પ્રમાણમાં ગળપણ હોય.

'**પોતાને લગની-રુચિ છે ને કારણ આપે તો કાર્ય આવ્યા વગર રહેતું નથી.**' પોતાની રુચિ હોય અને પુરુષાર્થનું કારણ આપે તો કાર્ય થાય, થાય ને થાય જ. કારણ આપે અને કાર્ય ન થાય એવું ન બને આમાં. કારણકાર્યની શ્રૃંખલા એ નિયમબદ્ધ છે. કારણ-કાર્યનો નિયમ છે. એટલે વસ્તુનું સ્વરૂપ પણ કારણકાર્યાત્મક છે. ભેદ-અભેદાત્મક છે, કારણકાર્યાત્મક છે. વસ્તુનું સ્વરૂપ પણ એ છે.

આમાં લીધું ને! સમ્યગ્જ્ઞાનના ત્રણ દોષમાં. ભેદાભેદ વિપરીતતા, કારણકાર્ય વિપરીતતા અને સ્વરૂપવિપરીતતા. જેવું સ્વરૂપ છે એવું સામાન્ય વિશેષાત્મક. એમાં ભૂલ ન થવી જોઈએ. પછી એના કારણકાર્ય છે એ વિધિ દર્શાવે છે. એમાં ભૂલ ન થવી જોઈએ. અને એના જે ભેદો છે, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ધર્મભેદ - એ બધા

ભેદો છે. એમાં વિપરીતતા નહિ હોવી જોઈએ. બસ આ ત્રણ વિપરીતતા સમ્યગ્જ્ઞાનીને હોતી નથી.

**'જ્યાં સુધી કાર્ય થાય નહિ ત્યાં સુધી સમજવું કે કારણ ઓછું છે.'** કાર્ય ન થાય ત્યાં સુધી કારણ ઓછું છે એમ સમજવું. વિપરીત હોય એને તો કાર્ય થાય જ નહિ. પણ કોઈને પુરુષાર્થ ચાલતો હોય અને કામ નથી થતું તો સમજવું કે પુરુષાર્થ ઓછો છે.

મુમુક્ષુ :- કારણ એટલે પુરુષાર્થ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કારણ એટલે પુરુષાર્થ. કેમકે મોક્ષમાર્ગ છે એમાં પુરુષાર્થની પ્રધાનતા છે. પુરુષાર્થ દ્વારા શ્રદ્ધા-જ્ઞાન ઉત્પન્ન થાય, સમ્યક્ શ્રદ્ધાન અને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય અને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયા પછી, પુરુષાર્થ જેટલો હોય એટલું જ ઉપરના ગુણસ્થાનમાં ચડવાનું બની શકે, પુરુષાર્થના પ્રમાણમાં. સમ્યગ્જ્ઞાન તો ચોથા ગુણસ્થાનથી માંડીને બધાને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે જ. એમાં કોઈ સમ્યગ્જ્ઞાન ઓછુંવત્તું છે કે સમ્યગ્દર્શન ઓછુંવત્તું છે એવું નથી. ઉઘાડ ઓછોવત્તો હોય. સમ્યગ્દર્શનમાં તો ઉઘાડ પણ લાગુ પડતો નથી. છતાં પણ પુરુષાર્થ પ્રમાણે સૌની પ્રગતિ છે.

મુમુક્ષુ :- એ તો આપ મોક્ષમાર્ગ માટે કહો છો, અમે તો મુમુક્ષુ માટે કહીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુમાં પુરુષાર્થ જુદા-જુદા તબક્કે જુદી-જુદી વાત છે. મુમુક્ષુને જ્ઞાનની પ્રધાનતા છે, જ્ઞાન સાધન છે, પછી જ્ઞાન અનુસાર પુરુષાર્થ છે. અને રુચિ પણ જ્ઞાન જ ઉત્પન્ન કરે છે. અને રુચિ અનુયાયી વીર્ય છે.

---

**પ્રશ્ન :– આપને પૂર્વભૂમિકામાં શું વિચારો ચાલતા હતા?**

**સમાધાન :– મોક્ષ શું? એકાંત દુઃખ ક્યા કારણે? મોક્ષની આવશ્યકતા કેવી રીતે? પુણ્ય–પાપ બંને દુઃખનું કારણ કેવી રીતે?–એમ જાતજાતના વિચારો કરી નક્કી કર્યું હતું. સાકર અને કાળીજીરી એ દૃષ્ટાંતના વિચાર આવતા અને તે આપણી બુદ્ધિથી કઈ રીતે બેસે એવા બધા પ્રકારના વિચારો ચાલતા. તે વખતે જે જે વિચારો આવે તે બધા લખવાની ટેવ હતી એટલે પોતાને માટે લખી લેતી. જેથી પોતાને પાછું વિચારવામાં કામ આવે. ધૂન એવી લાગી રહેતી કે દરેક કાર્યમાં આત્મા જુદો છે, આત્મા જુદો છે, એવી જાતનું રહેતું. પછી એમ થાય કે આત્મા જુદો છે એવું નક્કી તો કર્યું પણ જુદો રહેતો તો નથી–એમ**

**કરી કરીને એવા બધા વિચારો કરતી. કામકાજ કરું ત્યારે પણ આત્મા જુદો છે, જુદો છે એવી જાતની ધૂન રહેતી. અંતરમાં સ્વાનુભૂતિનો માર્ગ જુદો છે અને અંતરથી સ્વાનુભૂતિ થાય છે એમ ગુરુદેવે જે બતાવ્યું છે તેના ઉપર વિચાર ચાલતા હતા. ૧૮૬.**

## પ્રશ્ન ૧૮૬ ઉપર પ્રવચન

**'પ્રશ્ન :- આપને પૂર્વભૂમિકામાં શું વિચારો ચાલતા હતા?'** વ્યક્તિગત પ્રશ્ન પૂછ્યો છે. આ ચર્ચા તો એકાંતમાં થોડા-ઘણા હોય એની સાથે પણ થયેલી છે. એટલે વ્યક્તિગત પ્રશ્નો જાહેરમાં કોઈ ન પૂછે પણ એકલા બેઠા હોય ત્યારે તો વ્યક્તિગત પ્રશ્નો પૂછે.

**'સમાધાન :- મોક્ષ શું?'** એ જિજ્ઞાસા થતી હતી. મોક્ષ શું? એટલે મોક્ષનું સ્વરૂપ કેવું હોય? **'એકાંત દુઃખ ક્યા કારણે?'** આ સંસારની અંદર બધા પ્રાણીઓ એકાંતે દુઃખી જોવામાં આવે છે. આધિ-વ્યાધિ-ઉપાધિથી ઘેરાયેલા છે. કાંઈને કાંઈ ઉપાધિ, કોઈ રોગથી, કોઈ ઉપાધિથી ઘેરાયેલા છે. તો એવું-એવું એકાંતે દુઃખ કેમ છે સંસારમાં? એ ક્યા કારણે?

**'મોક્ષની આવશ્યકતા કેવી રીતે?'** પ્રશ્નો તો પ્રયોજનભૂત ઉઠ્યા છે. મોક્ષની જરૂર શી પણ? શું કરવા? દુઃખથી પરિમુક્ત થવું એનું નામ મોક્ષ છે. દોષ તો દુઃખનું કારણ છે. અને દોષનું ફળ દુઃખ છે. એટલે કારણનો નાશ કરો તો કાર્યનો પણ નાશ થઈ જાય એટલે દોષનો નાશ કરવો એમ કહેવામાં આવે છે. મુક્ત થવું હોય એણે દોષનો નાશ કરવો. અથવા પરિપૂર્ણ નિર્દોષ થવું એનું નામ મોક્ષ. તો કહે મોક્ષની આવશ્યકતા કેવી રીતે? કે દુઃખી ન થવું એ રીતે. એ કારણે મોક્ષની આવશ્યકતા છે. પણ પોતાને એવા વિચારો ઉઠતા હતા. પૂર્વભૂમિકામાં પોતાને એવા વિચારો જ્યાં સુધી યથાર્થ જ્ઞાન નહોતું પ્રગટ્યું ત્યાં સુધી આવા બધા વિચારો ઉઠતા હતા. અને એ દેખાય છે કે સુખનું પ્રયોજન છે. દુઃખ-સુખથી મુક્ત થવાનું પણ પ્રયોજન છે. એટલે પ્રયોજનભૂત વિચારો ચાલતા હતા. એમ ન કીધું કે દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર ચાલતા હતા, છ દ્રવ્યના વિચાર ચાલતા હતા. શું કીધું?

શું વિચારો ચાલતા હતા? વાત બધી કેવી આવી? પ્રયોજનભૂત વાત આવી. અપ્રયોજનભૂતના વિચારો ન આવ્યા. આ જુઓ! ધ્યાન રાખવા જેવું છે. આમ લાગે કે આ તો સામાન્ય વાત કરી કે ભાઈ! મને આવા આવા વિચારો આવતા હતા, પણ

એમ નહિ. એમાં શું ફરક છે? કે આજકાલ મુમુક્ષુને બીજા-બીજા વિચારો પણ ઘણા આવે છે. તો બીજા વિચારો નહોતા આવતા એ આમાંથી તારવવાનું છે અને જે આવતા હતા એ પ્રયોજનભૂત હતા એકદમ.

'**મોક્ષની આવશ્યકતા કેવી રીતે? પુણ્ય-પાપ બંને દુઃખનું કારણ કેવી રીતે?**' પાપ તો દુઃખનું કારણ સમજ્યા પણ પુણ્ય પણ દુઃખનું કારણ એ કેવી રીતે? '**એમ જાતજાતના વિચારો કરી નક્કી કર્યું હતું.**' એવા બધા અનેક પ્રકારના વિચારોથી તત્ત્વને નક્કી કર્યું હતું. '**સાકર અને કાળીજીરી એ દૃષ્ટાંતના વિચાર આવતા અને તે આપણી બુદ્ધિથી કઈ રીતે બેસે એવા બધા પ્રકારના વિચારો ચાલતા.**' એમ તો આમાં ટૂંકું લીધું છે. બોલવામાં તો વિસ્તારથી આવ્યું હશે. કાળીજીરી એકદમ કડવી છે અને સાકર એકદમ ગળી છે તો એનો સ્વભાવ શું છે? એમ સ્વભાવનો કોઈ વિષય ચાલ્યો હશે. બેય પદાર્થના દૃષ્ટાંતે કોઈ સ્વભાવ સમજવાનો વિષય ચાલ્યો હશે એમ લાગે છે.

'**અને તે આપણી બુદ્ધિથી કઈ રીતે બેસે...**' એટલે તેનો સ્વભાવ બુદ્ધિમાં કેવી રીતે સમજાય? દશા તો સ્પષ્ટ છે કે કાળીજીરી છે એ કડવી છે અને સાકર છે એ ગળી છે. પણ એનો સ્વભાવ આપણી બુદ્ધિમાં કેમ સમજાય? એ રીતે '**બધા પ્રકારના વિચારો ચાલતા. તે વખતે જે જે વિચારો આવે તે બધા લખવાની ટેવ હતી એટલે પોતાને માટે લખી લેતી.**' ઠીક! લખવું કોના માટે? ડાયરી કોના માટે બનાવવાની? પોતાના માટે. બીજાના માટે નહિ. હું લખું છું અને બીજાને વંચાવીશ એમ નહિ. પોતાને અને પોતાને, એમાં શું છે કે ઘણી વાતો વિચારમાં આવે, વિસ્મરણ થઈ જાય અને સ્મરણ કરવું હોય ત્યારે યાદ ન પણ આવે, યાદ કરવું પડે અને એ વખતે ન પણ આવે. ત્યારે જો ટપકાવી રાખ્યું હોય તો પોતાને ફેરવવા થાય. મેં લખેલી ડાયરી ફરી ફરીને ઘણીવાર વાંચી છે. લખેલી ડાયરી ફરીને કેટલી બધી વખત અમુક-અમુક વાતો વાંચી હશે. બધું નહિ. આમ તો બધું એક-બે વખત revise કરી ગયો છું. અમુક-અમુક પછી ખાસ ટપકાવી રાખ્યા હોય કે આ અમુક મુદ્દાઓ આટલા-આટલા ઓલામાં છે. એ ફરીને જોવા થાય. અને જેમ-જેમ જુઓ એમ એ વિષયનું ઊંડાણ પણ વધારે હાથ આવે. એટલે પોતે લખે, પોતાના માટે લખે, એ હેતુથી લખે અને ફરીફરીને પછી એનો અભ્યાસ થાય ત્યારે એ જ વિષયનું ઊંડાણ વધારે હાથમાં આવે છે. depth આવે છે.

'**તે વખતે જે જે વિચારો આવે તે બધા લખવાની ટેવ હતી એટલે પોતાને માટે લખી લેતી.**' એ સ્પષ્ટ કર્યું છે એમણે કે, લખવામાં મારો હેતુ કોઈને મારા વિચારો દેખાડવાનો નહોતો. પહેલેથી જ પરલક્ષ નહોતું એ બધા symptoms મળે છે. ચિહ્નો

શું મળે છે? કે પરલક્ષ નહોતું. જે કાંઈ પોતે પ્રવૃત્તિ કરતા હતા એ સ્વલક્ષે કરતા હતા એમ આમાંથી નીકળે છે કે નથી નીકળતું? '**જે જે વિચારો આવે તે બધા લખવાની ટેવ હતી એટલે પોતાને માટે લખી લેતી. જેથી પોતાને પાછું વિચારવામાં કામ આવે.**' સ્પષ્ટ કર્યું. પોતાને માટે એટલે શું? કે પાછું વિચારવું હોય તો એ વસ્તુ કામમાં આવે. એ તો વિચારવું હોય, એક વસ્તુ વિચારી હોય અને આવા ઘણા મુદ્દા હોય તો તો એમાં કોઈ મુદ્દા છટકી જાય, બધા મુદ્દા બધી વખતે યાદ આવે એવું કાંઈ નથી બનતું. એટલા માટે.

મુમુક્ષુ :- સમ્યક્ત્વ થયા પહેલાની ભૂમિકા છેને આ?

પૂજ્ય ભાઈશ્રી :- હા પહેલાની ભૂમિકા છે. મુમુક્ષુની ભૂમિકા. પૂર્વભૂમિકા એટલે જ્ઞાન થયા પૂર્વેની ભૂમિકા. પૂર્વભૂમિકાનો પ્રશ્ન છેને? એટલે જ્ઞાન થયેલા પહેલાની ભૂમિકા. એમ લેવું.

મુમુક્ષુ :- એટલે ડાયરી લખવાના બે કારણ થયા, એક તો પૂર્વની ભૂમિકામાં આગળ વધે વિચારવામાં, વિચારવા માટે અને સમ્યગ્દર્શન થઈ ગયા પછી વિશેષ પુરુષાર્થ ઊપડે એ માટે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો આગળની વાત જુદી થઈ જાય છે. કારણકે એ તો તબક્કો બદલાઈ ગયોને? એ બધો વિષય મુમુક્ષુની ભૂમિકાનો ચાલે, જ્ઞાનદશામાં તો લેવલ આખું બદલાય જાય છે. પછી નીચેની ભૂમિકાની કેટલીક વાતો પ્રયોજનભૂત એમના માટે, પોતાના માટે રહેતી નથી. જ્ઞાનદશામાં એથી આગળની વાત, કેમકે પછી ઉપર જોવે છે. જ્ઞાનદશામાં આવે છે એ ઉપર જોવે છે એ પછી નીચે નથી જોતા. એટલે ઉપર જોવામાં એને શું થાય? કે મુનિદશા આવે તો મને સારું. એવો અપૂર્વ અવસર મને ક્યારે આવશે? પછી એ સાઈડ પકડે છે. કેમકે લક્ષ પૂર્ણતા પ્રત્યે જવાનું છે એટલે આગળ વધવાની દિશામાં જશે. એમ.

પછી કોઈ જ્ઞાનીઓ પણ લખે છે તોપણ એ પોતાની ભૂમિકા માટે લખે છે. પોતાના સ્પષ્ટીકરણ માટે લખે છે. એ કોઈ વિષયમાં ઊંડાણ હાથ આવ્યું હોય તો એના માટે લખે છે. કોઈ વખત કોઈ મુમુક્ષુ માટે પણ લખે છે. જ્ઞાની મુમુક્ષુ માટે લખે માટે પરલક્ષ છે એમ પાછું નથી લેવાનું.

'**ધૂન એવી લાગી રહેતી કે...**' જુઓ! પછી વિચારોમાંથી ક્યાં આવ્યા? ધૂન ઉપર આવ્યા. પ્રશ્ન પૂછનારે તો વિચારો જ પૂછ્યા છે કેમકે એને તો પોતાને વિચારોની લાઈન હોય એટલે વિચારોનું પૂછે. ખરેખર પ્રશ્ન કેવો પૂછવો જોઈએ? કે, પૂર્વભૂમિકામાં આપને કેવા-કેવા ભાવો થતા હતા? અમુક જ ભાવનો પ્રશ્ન પૂછવો એવું નહિ, વિચારનો જ

પ્રશ્ન પૂછવો - એમ નહિ, ધૂનનો જ પ્રશ્ન પૂછવો - એમ નહિ. કેવા-કેવા થતા હતા? જેવા-જેવા થતા હોય એવા-એવા, એમાંથી અમને સમજવાનું મળે, એમ કહે. એવી રીતે લેવું જોઈએ.

હવે પછી આગળ વાત કરી છે કે '**ધૂન એવી લાગી રહેતી...**' પ્રશ્ન વિચારો પૂરતો છે તોપણ આગળની વાત પોતે કાઢી છે. '**ધૂન એવી લાગી રહેતી કે દરેક કાર્યમાં આત્મા જુદો છે, આત્મા જુદો છે, એવી જાતનું રહેતું.**' ધૂનમાં. શું છે કે વિચારો છે એ વિકલ્પાત્મક છે, ભેદાત્મક છે. ધૂનની અંદર એવા ભેદો કે વિકલ્પો ઉઠતા નથી. ધૂન એટલે ધૂન જ ચડે છે. અહીંથી સાઈડ ક્યાં બદલાણી? વિકલ્પાત્મક સાઈડ હતી એ બદલાણી. ભલે ધૂનમાં સંપૂર્ણ નિર્વિકલ્પ નથી થયો, પણ ધૂનમાં વિકલ્પો ઘટી જાય છે. કારણકે વિષય એનો એ ચાલુ રહી જાય છે.

જેમકે આત્મા જુદો છે એવો વિકલ્પ કરે, આત્મા જુદો છે એવો પ્રયોગ કરે અને આત્મા જુદો છે એની ધૂન ચડે. ઠીક! વિષય એનો એ છે. જ્યાં વિચાર અને વિકલ્પ ચાલે છે એ એકદમ નીચેનું લેવલ છે, શરૂઆતનું લેવલ છે. પછી આગળ વધે એટલે પ્રયોગમાં આવે, એથી આગળ વધે એટલે ધૂન ચડે પછી. એમ ચાલે. વિષય એનો એ જ છે. પણ એ વિષયનું પરિણમન આ રીતે બદલાતું જાય છે અને વિકલ્પો ઓછા થતા જાય છે, ઘટતા જાય છે, પાતળા પડતા જાય છે. એવું બને છે.

આપણે આમાં લીધું છે. 'નિર્ભ્રાંતદર્શનની કેડીએ'માં કે, મુમુક્ષુજીવની વિચારણા કેવી હોય? તો એ ધ્યાન રાખવું કે ગમે તેટલો શાસ્ત્ર અભ્યાસ કરે, મુમુક્ષુ શાસ્ત્રાભ્યાસ કરે પણ એ ધ્યાન રાખવું કે વિકલ્પો વધી ન જાય. વિકલ્પ વૃદ્ધિ થાય એવી રીતે શાસ્ત્રાભ્યાસ કરવો જોઈએ નહિ. નહિતર એ શાસ્ત્ર વાંચે પછી એના ને એના વિકલ્પો, જે વાંચ્યું હોય એના ને એના વિકલ્પો આવ્યા કરે કે કર્યા કરે. એ લાઈન બરાબર નથી. વિચારમાંથી આગળ ચાલીને પ્રયોગમાં અવલોકનમાં આવે એટલે વિચારો ઘટે. વિચારની જગ્યા અવલોકન લઈ લે. પછી એમાં જો સ્વરૂપનું ભાવભાસન થાય તો સ્વરૂપની ધૂન ચડે છે. પહેલેથી એ વિચારો-વિકલ્પો ઓછા થઈ જાય. એવી રીતે વિકલ્પ વૃદ્ધિ થાય નહિ પણ વિકલ્પ ઘટે એવી લાઈન પકડવી જોઈએ. કેમકે સરવાળે નિર્વિકલ્પ થવું છે. વિકલ્પનો અભાવ કરવો છે માટે. કારણકે હેતુ તો એ છેને?

મુમુક્ષુ :- ભાઈશ્રી! ધૂનમાં ક્યા ગુણની ધૂન લેવાની?

પૂજ્ય ભાઈશ્રી :- એ મુખ્યગુણમાં તો પુરુષાર્થ છે. બાકી તો ભાવના પણ છે. લગની પણ છે. પણ મુખ્ય પુરુષાર્થ છે એમાં. બાકી તો પુરુષાર્થ જ્ઞાનપૂર્વક ઉત્પન્ન થયો છે. જ્ઞાનપૂર્વક રુચિ ઉત્પન્ન થાય, રુચિપૂર્વક પુરુષાર્થ ઉત્પન્ન થાય. એ તો બધા

કારણકાર્ય છે. અને ધૂનમાં પુરુષાર્થ પણ છે અને આચરણ પણ છે. આચરણ પણ છે, પણ એ બધો જાણવાનો વિષય છે. ક્યા પરિણામમાં ક્યો ગુણ કામ કરે છે? એ બધો જાણવાનો વિષય છે. એમાં એ વસ્તુ ન જાણી હોત તો એથી કાંઈ પ્રયોજનને બાધા આવતી નથી. કેમકે ધૂન ચડે એને એ વખતે ખબર ન હોય કે મારે આમાં ક્યો મુખ્ય ગુણ કામ કરે છે? જરૂરી નથી.

મુમુક્ષુ :- એ લક્ષ પણ નથી રહેતું. ધૂન ચડી હોય ત્યારે લક્ષ પણ નથી હોતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ લક્ષ નથી હોતું. લાડવો ખાવાવાળાને ટેસ્ટનું પ્રયોજન છે. કેરી ખાવાવાળાને ટેસ્ટનું પ્રયોજન છે. એમાં ખાતર ક્યુ નાખ્યું હતું એ ખાવાવાળાને પ્રયોજન નથી. કે ભાઈ આમાં એણે ક્યુ ખાતર નાખ્યું તો આવી સરસ કેરી થઈ? એ ઉગાડવાવાળાનું કામ છે. આપણે તો ખાવાવાળા છીએ. એમ લેવું.

શું કહે છે? '**ધૂન એવી લાગી રહેતી...**' ધૂન ઊપડતી એવી. લાગી રહેતી એ શબ્દો શું સૂચવે છે? સહજતા! સહજતા સૂચવે છે. કૃત્રિમતા નહોતી કરવી પડતી કે, ધૂન લાગે માટે હું આમ કરું. ધૂન લાગે માટે આમ કરું. એમ નહિ. એવી કૃત્રિમતા નહોતી. ધૂન એવી સહેજે-સહેજે લાગી રહેતી હતી. હવે કેમ સહેજે લાગે? કે એવી તીવ્ર જરૂરત દેખાય ત્યારે એની ધૂન ઊપડે. એવા તો પૈસા કમાવાની ધૂનમાં નથી આવતા? આવે છે કે નથી આવતા? બધું મૂકી દે, સ્વાધ્યાય મૂકી દે, સત્સંગ મૂકી દે. લાગી પડે. જરૂર દેખાય ત્યાં શું થાય? કે અમારે એવા એવા કામ હોય ને કે કરી ન શકાય, પહોંચી શકાય નહિ, કરી શકાય નહિ, ટાઈમ જ રહે નહિ. શું કરીએ? એ શું ધૂન ચડે એટલે પછી એ ધૂનમાં જાય. પોતાના અનુભવથી એને સમજવું.

ગુણભેદથી સમજવાને બદલે પોતાને જ્યાં-ત્યાં ધૂન ચડી હોય એના અનુભવથી સમજવું, એટલે એનું ભાવભાસન થશે. ગુણભેદ જાણવાથી ભાવભાસન નહિ થાય. જેમકે ધૂનમાં પુરુષાર્થ છે. પણ એથી કાંઈ ભાવભાસન નહિ થાય.

મુમુક્ષુ :- એ તો ગુણગુણીના ભેદ જેમ છે એમ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ પોતાનું પરિણમન છે એનું અવલોકન કરે તો એને ભાવ ભાસે કે ધૂન આને કહેવાય. એમ છે.

આમ તો ગુણોનું પરિણમન તો નિરંતર છે. આત્માના જે ગુણો છે એનું પરિણમન તો નિરંતર છે. કોઈ ગુણ ક્યારેય પરિણમ્યા વિનાનો રહેતો નથી. હવે જો પરિણામને ભાવભાસનથી સમજવા હોય તો ઊલટું પરિણમન ચાલે જ છે. ગુણોનું જ ચાલે છે. એના ઉપરથી સૂલટું સમજી લે. તો એ સમજવાની પદ્ધતિ છે એ પ્રેક્ટિકલ સાઈડની પદ્ધતિ છે. સમજવાની પદ્ધતિ પ્રેક્ટિકલ સાઈડની હોવી જોઈએ. theoretical સાઈડ

તો ઠીક છે હવે. કોઈ જગ્યાએ જરૂર પડે તો theoryથી સમજે, બાકી મુખ્ય એની પ્રેક્ટિકલ સાઈડ હોવી જોઈએ. એમ છે. અને તો યથાર્થ સમજાય, બરાબર સમજાય, ભાવભાસન આવે.

ધૂન, લગની લાગી રહેતી એ સહજતા બતાવે છે કે, દરેક કાર્યમાં તું આ જુદો છે, જુદો છે, એવી જાતનું રહેતું. એવી જાતની ભાવના રહેતી, એવી જાતનું પરિણમન રહેતું.

મુમુક્ષુ :- પરિણમન રહેતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જેવું ચાલતું હતું એવું બતાવ્યું છે કે આવું રહેતું હતું મને. જુદો છે... જુદો છે... જુદો છે... ક્યાં? દરેક કાર્યમાં. દરેક વિચારમાં એમ નહિ, જે જે ઉદયના કાર્યો આવે એ બધા ઉદયના કાર્યોમાં. આ પ્રયોગ તો કરતા હતા. એ ('પ્રયોગ') શબ્દ ભલે નથી વાપર્યો, પણ નીકળે છે શું આમાંથી? કે એ પ્રયોગ કરતા હતા. જે જે કાર્યો કરતા હતા એમાં એ પ્રયોગ કરતા હતા અને એ બધા કાર્યોમાં આત્મા જુદો છે.. આત્મા જુદો છે... આત્મા જુદો છે... આત્મા જુદો છે... એવું રહ્યાં કર્યા કરતું હતું અને એની ધૂન ચાલતી હતી.

પછી ચૈતન્ય હાથમાં આવ્યા પછી એની ધૂન ચડે. પહેલાં ભેદજ્ઞાનની ધૂન ચડે. જુદો... જુદો... જુદો છું... જુદો છું... એની ધૂન ચડે બધા કાર્યોમાં. પછી બધા કાર્યોમાં અસંગ ચૈતન્ય છું, કેવળ અસંગ ચૈતન્ય છું, નિર્લેપ ચૈતન્ય છું, અને નિરાલંબ ચૈતન્ય છું. નિર્વિકલ્પ ચૈતન્ય છું. નિરૂપાધિક ચૈતન્ય છું, નિરપેક્ષ ચૈતન્ય છું એ પછી ધૂન ચાલે. વિકલ્પ મર્યાદિત હોય. વિકલ્પ મર્યાદિત હોય, પણ પછી આત્માની અસ્તિની ધૂન ઊપડે.

**'પછી એમ થાય કે આત્મા જુદો છે એવું નક્કી તો કર્યું...'** બુદ્ધિથી. આત્મા જુદો છે એવું નક્કી તો કર્યું, **'પણ જુદો રહેતો તો નથી..'** એટલે અનુભવમાં તો જુદો રહેતો નથી. બુદ્ધિથી નક્કી કર્યું બરાબર છે આત્મા જુદો છે. આ શરીર ખોળિયું છે, અંદર આત્મા જુદો છે. નક્કી તો કર્યું બુદ્ધિથી. અથવા જ્ઞાનસ્વરૂપી આત્મા ક્યાંય ભળતો નથી. જ્ઞાનસ્વરૂપ જ રહે છે. બુદ્ધિમાં બરાબર આવે છે. (પરંતુ) પરિણમનમાં જુદો રહેતો નથી, પરિણમનમાં ભળી જાય છે. **'એમ કરી કરીને એવા બધા વિચારો કરતી.'**

શું આમાંથી નીકળ્યું? કે માત્ર ધૂન ચડે છે, ધૂન ચડે છે એમ નહિ. આ અવલોકન બતાવે છે. પોતાનાને પોતાના પરિણામોનું અવલોકન બતાવે છે. જોવે છે. નક્કી કર્યું છે, ધૂન ચાલે છે, પણ હજી જુદો ક્યાં અનુભવમાં આવે છે? જુદો તો પડતો નથી.

એટલે સંતોષ આવવાનો પ્રકાર ન રહ્યો. મને વિચારો ચાલે છે, ધૂન ચડે છે, (પરંતુ) જુદો તો રહેતો નથી. નક્કી કર્યું છે, પ્રયાસ ચાલે છે પણ જુદો રહેતો નથી. એનો અર્થ કે એનું અવલોકન બરાબર બારીક ચાલે છે. હજી જુદો પડ્યો નથી. હું પ્રયત્ન કરું છું પણ હજી જુદો પડ્યો નથી. પોતાના પરિણામોનું observation પણ બરાબર છે. **'એમ કરી કરીને એવા બધા વિચારો કરતી.'** અથવા એવા બધા પ્રકારે પ્રયત્નો પોતે કરતા હતા. પ્રયત્ન કરતા હતા.

**'કામકાજ કરું ત્યારે પણ આત્મા જુદો છે,..'** જુઓ આવ્યું? ઉદય છે, કામ તો આવવાના જ બધા. જેને જેવો ઉદય એને બધાને કામ આવવાના. કામ કરું તો મારું ન ચાલે - એવી આડ મારવી નહિ. એવા અભિપ્રાયની આડ ન મારવી. ભાઈ, શું કહીએ! કામ આવી પડેને એટલે હું ગૂંચવાઈ જાવ, કામમાં પરોવાઈ જાવ અને મારું બધું છૂટી જાય. એવા અભિપ્રાયમાં ન રહેવું. કામ આવવાના જ છે, ઉદય ચાલુ રહેવાના જ છે. કોઈ સંસારીને ઉદય ન હોય એવું બને જ નહિ. અને બધા ઉદયમાં મારે મારું કામ ચાલુ રાખવાનું છે. નિવૃત્તિ લઈશ પછી જ મને બધું સરખું થશે, એવા નિવૃત્તિ લેવાવાળા એમ ને એમ ઠોબારાની જેમ પડ્યા રહે છે. કેમકે એને પહેલેથી અભિપ્રાય શું છે? નિવૃત્તિ મળશેને એટલે હું બધું કરીશ. (પણ એમ) નહિ. પ્રવૃત્તિ ચાલુ હોય ત્યારે પણ કરીશ. નિવૃત્તિ મળે તોપણ ઠીક. નિવૃત્તિની મારી ભાવના છે, મારી ઝંખના છે, નિવૃત્તિમાં વિશેષ કરવું છે, પણ એમ નહિ કે પ્રવૃત્તિનો ઉદય આવે માટે મારું છૂટી જાય અને હું ન કરી શકું - એમ ન લેવું. એમ તો નિવૃત્તિ લઈને ઘણા બેસી જાય છે આશ્રમોમાં.

આજે જે-તે આશ્રમોમાં જાવ તો નિવૃત્ત માણસોથી જ આશ્રમો રહેલા છે. ત્યાં સંખ્યા શેની છે? નિવૃત્તિવાળાની. તો શું બધા કામ કરી લે છે ત્યાં કાંઈ? એ (સુંવાળા) થઈ જાય બધા. નિવૃત્તિ મળી, હાશ! પ્રવૃત્તિથી છૂટ્યા આપણે. એને પ્રવૃત્તિ નહોતી ગમતી. એટલે એને પોતાને જે કલ્પના હતી ગમવા - નહિ ગમવાની, એ કલ્પના પ્રમાણે ઉદય આવ્યો, નિવૃત્તિનો પણ એને ઉદય જ આવ્યો છે. એટલે એ પ્રમાણે, પોતાની કલ્પના પ્રમાણે ઉદય આવ્યો એટલે એને ગમવાપણું થઈ ગયું કે હાશ! ચાલો આપણે પ્રવૃત્તિ મટી. એમ નહિ. પ્રવૃત્તિ હોય તોપણ એ ચાલવું જોઈએ અને નિવૃત્તિ હોય તોપણ એ બરાબર ચાલવું જોઈએ. ઠોબારા સમજો છો? નિશાળે જાય, ભણે પણ આવડે નહિ એને ઠોબારો કહેવાય. એમ સત્સંગ કરે, શાસ્ત્ર વાંચે, આગળ ન વધે, ત્યાં ને ત્યાં ઠપ્પ થઈ જાય એનું નામ ઠોબારો.

મુમુક્ષુ :- ભણ્યો પણ ગણ્યો નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- ભણ્યો તો ભણવામાં ક્યાં ઠેકાણું રહ્યું પછી? એ ત્યાંથી પોતે આગળ જ ન વધે એનું શું કામ?

મુમુક્ષુ :- લગભગ જ્ઞાનીઓ પ્રવૃત્તિમાં જ કામ કરી ગયા. નિવૃત્તિમાં ઊલટાના સંતોષાઈ જવાના ચાન્સ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હોય, કોઈ જ્ઞાનીને નિવૃત્તિ હોય. ગુરુદેવનું જીવન નિવૃત્ત હતું. ધંધો છોડી દીધો. ૨૧ વર્ષે દીક્ષા લીધી એટલે ૧૩ થી ૨૦ વર્ષ દુકાને બેઠા હશે. પછી દીક્ષા લઈ લીધી. દીક્ષા લીધા પછી તો નિવૃત્તિ હોય જ. તો કામ કર્યું કે ન કર્યું? એટલે નિવૃત્તિ આવે એટલે કામ ન કરે એવું નથી અને પ્રવૃત્તિ હોય એટલે કામ ન કરે એવું પણ નથી. સોગાનીજીએ પ્રવૃત્તિમાં કામ કર્યું, શ્રીમદ્જીએ પ્રવૃત્તિમાં કામ કર્યું.

મુમુક્ષુ :- આપે પણ પ્રવૃત્તિમાં કામ કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રવૃત્તિમાં કામ થાય જ છે. જેને કરવું હોય એને થાય જ.

**'કામકાજ કરું ત્યારે પણ આત્મા જુદો છે, જુદો છે એવી જાતની ધૂન રહેતી.'** ચાલુ રહેતી. કામકાજમાં પરોવાઈ ન જતી. મારી ધૂન ચાલુ રહેતી. **'અંતરમાં સ્વાનુભૂતિનો માર્ગ જુદો છે અને અંતરથી સ્વાનુભૂતિ થાય છે એમ ગુરુદેવે જે બતાવ્યું છે તેના ઉપર વિચાર ચાલતા હતા.'** ત્યારે તો ગુરુદેવને સાંભળતા હતા અને એના ઉપર વિચારો અને ધૂન બરાબર ચાલતી હતી. એટલે શું છે? ગુરુદેવને સાંભળતા હતા, પછી homework બરાબર ચાલતું હતું એમ કહે છે. સાંભળી લીધું એટલે બસ એમ નથી. પછી બરાબર પાછળ ચાલતું હતું. એટલે એ સાંભળતા હતા એના ઉપર બરાબર કામ ચાલતું હતું. એટલે workout કરે તો output આવે. પણ workout જ ન કરે તો output શું આવે? કાંઈ ન આવે.

મુમુક્ષુ :- ભાઈશ્રી, આમાં મૂળ વાત રુચિની દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ તો છે જ. તો સહજ ચાલે. રુચિ હોય તો સહજ ચાલે એમ છે.

મુમુક્ષુ :- પ્રશ્ન જે રીતે શરૂ કર્યા છે. મોક્ષની આવશ્યકતા શું છે? જરૂરિયાતથી પ્રશ્નનો જવાબ આપ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જરૂરિયાત શું છે?

મુમુક્ષુ :- આ બધું તો પછી આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જરૂરિયાત તપાસી એમણે. પછી જરૂરિયાત લાગી. છે જરૂરિયાત. દુઃખી થાવ છું. નહિતર હું દુઃખી થઈશ અને થઈ રહ્યો છું અને થઈ જઈશ.

માટે એની જરૂરિયાત છે. એમ.

આશય :- (૧૮૫) **ભેદજ્ઞાનના વિકલ્પાત્મક અભ્યાસથી પ્રગતિ થતી નથી, તેથી અંતે મુમુક્ષુજીવને મૂંઝવણ થાય છે અને થાકી જાય છે. પણ આત્મકલ્યાણના ફળને અનુલક્ષીને ખોટી ઉતાવળ કર્યા વિના – ધીરજથી અને ઉત્સાહથી ભેદજ્ઞાનનો યથાર્થ પ્રયોગાત્મક પુરુષાર્થ ચાલવો જોઈએ, તો અવશ્ય કાર્ય સફળ થયા વિના રહેતું નથી. એમ સમજવા યોગ્ય છે.**

આશય :- (૧૮૬) **જ્ઞાનદશા પહેલા પૂર્વભૂમિકાની યથાર્થતાનું આમાં વર્ણન છે. તેમાં એવો ક્રમ નજરે પડે છે કે પોતાને પોતાના સુખ-દુઃખના, બંધ-મોક્ષના વગેરે પ્રયોજનભૂત વિષયોની જિજ્ઞાસા અને તે જિજ્ઞાસાપૂર્વક તે જ વિચારોની ધૂન ચાલે જેથી તે તે ભાવોનું સાતત્ય રહે. ધૂનમાં આ વાત છે. સાતત્ય રહે છે. ધૂન છે એમાં continuity જળવાઈ રહે ધૂન ઊપડે તો. નહિતર વચ્ચે-વચ્ચે તૂટી જાય.**

**પ્રવૃત્તિમાં પણ ભિન્નતાનો પ્રયોગ ચાલુ રહેવો જોઈએ. અને જ્ઞાનીપુરુષે અથવા સદ્ગુરુએ જે કાંઈ બતાવ્યું હોય તેના મહિમાપૂર્વક તે વિષય ઉપર સ્વલક્ષે વિચારો ચાલવા જોઈએ. મુમુક્ષુને કેવા પ્રકારે પરિણમન ચાલવું જોઈએ તેનું પોતાના જીવંત ઉદાહરણથી અહીંયાં માર્ગદર્શન છે.**

**ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે. કર્મજનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે. ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે અને ગુણ પ્રગટે છે.**

**– બહેનશ્રીનાં વચનામૃત – ૧૫૯**

**પ્રશ્ન :– અમારે કેવી રીતે કરવું?**

**સમાધાન :– ભેદજ્ઞાન પ્રયાસ કરવાથી થાય છે, પ્રયાસ વગર થતું નથી. કેવળ મંથન કરતાં કરતાં ભેદજ્ઞાન થઈ જાય એમ બને નહિ; પણ પરિણતિને જુદી પાડતાં પાડતાં થઈ જાય છે. પરંતુ તે જાતનું ધ્યેય હોવું જોઈએ. પરિણતિ જુદી પાડવાનું–સ્વભાવ જુદો પાડવાનું ધ્યેય હોવું જોઈએ. અને તે પ્રયાસ કરતાં કરતાં થાય જ. ન કેમ થાય? પોતે જ છે, બીજો કોઈ નથી.વિશ્વાસ અને પ્રતીતિને છોડવાં નહિ; શ્રદ્ધા તો બરાબર કરવી. પ્રયાસ ઓછો–વધારે થાય પણ શ્રદ્ધા બરાબર કરવી કે આ રસ્તે અને આ રસ્તે પ્રયાસ કરવાથી થવાનું જ છે. જેમ કે અહીં ગામ છે એમ નક્કી થયા પછી ચલાય ઓછું, છતાં ચાલે જ. તેવી રીતે નક્કી–દઢતા કરે તો કાર્ય થયા વગર રહેવાનું નથી. શ્રદ્ધામાં હારીશ નહિ, શ્રદ્ધા બરાબર કરજે. જેવી દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધા દઢ રાખે છે તેમ આત્મામાં આ રસ્તે જ પહોંચાશે એવી શ્રદ્ધા બરાબર રાખજે.**

**પોતાના પુરુષાર્થની મંદતા છે, કારણ ઓછું આપે છે, ત્યાં દૃષ્ટિને થંભાવતો નથી. દૃષ્ટિ થોડીવાર થંભી–ન થંભી ત્યાં છૂટી જાય છે–એટલે ભેદજ્ઞાન થતું નથી. રસ બહાર દોડ્યો જાય છે એટલે પરિણતિ પોતાને છોડીને બહાર જાય છે. દૃષ્ટિને એકદમ તે–મય–તન્મય કરતો નથી તેથી થતું નથી, આ રીતે પોતાનું કારણ છે. ૧૮૭.**

## તા. ૩૧-૫-૧૯૯૭, પ્રશ્ન- ૧૮૭
## પ્રવચન નં. ૧૩૬

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૨૫. ૧૮૭મો પ્રશ્ન છે. '**પ્રશ્ન :- અમારે કેવી રીતે કરવું?**' એમ કે આ બધું તમે કરતા હતા. પ્રશ્ન એ ચાલ્યો છે. કામકાજ કરતા પણ ત્યારે ધૂન ચાલતી. પ્રશ્નકારે પૂછ્યું અમારે કેવી રીતે કરવું? અમારી પરિસ્થિતિ આવી છે પ્રત્યક્ષ. તો શું કરવું જોઈએ?

'**સમાધાન :- ભેદજ્ઞાન પ્રયાસ કરવાથી થાય છે, પ્રયાસ વગર થતું નથી.**' એટલે ભેદજ્ઞાન તો પુરુષાર્થ માગે છે. પુરુષાર્થ વગર ભેદજ્ઞાન નથી. '**કેવળ મંથન કરતાં કરતાં ભેદજ્ઞાન થઈ જાય એમ બને નહિ;...**' મંથન કરે, ચિંતન કરે, મનન કરે, એ પ્રકારે

એ બધી વૈચારિક ભૂમિકા જુદા-જુદા પ્રકારની છે. વિચાર, ચિંતન, મનન, મંથન, નિદિધ્યાસન. એ બધા. ભેદજ્ઞાન જુદો વિષય છે. **'કેવળ મંથન કરતાં કરતાં ભેદજ્ઞાન થઈ જાય એમ બને નહિ; પણ પરિણતિને જુદી પાડતાં પાડતાં થઈ જાય છે.'** ભેદજ્ઞાનમાં તો રાગને જુદો પાડવો છે. રાગમાં પોતે ભળી જાય છે ભાવથી, દ્રવ્યથી નથી ભળતો. જ્ઞાન રાગરૂપે થતું નથી, પણ જ્ઞાનમાં અનુભવ ખોટો થાય છે, મિથ્યા અનુભવ થાય છે કે રાગ મને થયો, મારામાં થયો, (પણ) જ્ઞાનમાં નથી થયો. પણ પરિણતિને જુદું પાડતા-પાડતા ભેદજ્ઞાન થાય છે. જુદું પાડવાનો પ્રયત્ન કરતા-કરતા ભેદજ્ઞાન થાય છે. એટલે હુંપણું જે રાગમાં થઈ રહ્યું છે એ જ્ઞાનમાં હુંપણું કરવું જોઈએ. અને રાગમાં હુંપણું ન થવું જોઈએ, મટાડવું જોઈએ એ પ્રકાર છે.

**'પરંતુ તે જાતનું ધ્યેય હોવું જોઈએ.'** કામ કરવા પાછળ એ જાતનું ધ્યેય હોવું જોઈએ. આ કામ મારે કરવું જ છે, આ કામ મારે ગમે તેમ કરીને કરવું જ છે. **'પરિણતિ જુદી પાડવાનું-સ્વભાવ જુદો પાડવાનું ધ્યેય હોવું જોઈએ.'** અહીંયાં ઓલા અંતિમ ધ્યેયની વાત નથી. પૂર્ણતાનું જે ધ્યેય છે, લક્ષ છે એ વાત નથી. ધ્યેય એટલે અહીંયાં જરા કાળજીથી એ પ્રકારની દરકાર કરીને કામ કરવું જ છે. એવી મક્કમતા હોવી જોઈએ. એટલે નક્કી કરેલું હોવું જોઈએ. ધ્યેય એટલે શું? એવું નક્કી કરેલું હોવું જોઈએ કે મારે આ કામ કરવું જ છે.

**'પરિણતિ જુદી પાડવાનું-સ્વભાવ જુદો પાડવાનું ધ્યેય હોવું જોઈએ. અને તે પ્રયાસ કરતાં કરતાં થાય જ. ન કેમ થાય?'** એમ લીધું. એનો પ્રયત્ન કરે તો થાય, ન શું કરવા થાય? કેમ ન થાય? એવું એની પાછળ મક્કમતાનું બળ હોવું જોઈએ. જે કામ પોતામાં કરવાનું છે, એટલે કે સ્વાધીન છે. બીજે ક્યાંક કરવાનું હોય તો ન થાય. વિદ્યાર્થી પરીક્ષા આપે પણ પેપરમાં એના માર્ક્સ તો શિક્ષકને મૂકવાના. એને એમ હોય કે મેં ગમે તેટલું સારું લખ્યું છે એ પ્રમાણે ન પણ આવે. પરિણામ એ પ્રમાણે ન પણ આવે. કેમકે એને આધીન નથી એ વાત. બજારમાં વેપાર કરવા જાય અને માલ ન પણ વેચાય. માલ વેચ્યો હોય અને પૈસા ન પણ આવે. માલ ખરીદવા જાય અને ન પણ મળે. બહારના કાર્યો તો બધા પરાધીન છે.

પાંચ-સાત વર્ષનું સંતાન હોય અને કીધું ન પણ માને, સ્વાધીન તો નથી (તોપણ ન માને). પછી બીજાની તો વાત આઘે રહી. જે બિલકુલ હજી આશ્રયમાં છે, હજી સ્વતંત્ર રીતે જીવતો નથી થયો. હજી પાંચ-સાત વર્ષનો છોકરો હોય તોપણ ન માને, મોટો થયો હોય તો ઠીક છે કે ભાઈ હું મારું કરી લઈશ..! બહારના બધા કાર્યો પરાધીન છે. કોઈ પરમાણુ પણ જીવનું તાબેદાર નથી અને કોઈ બીજો જીવ પણ બીજા જીવનો

તાબેદાર નથી. એટલે પોતાના વિકલ્પ પ્રમાણે કે ઇચ્છા પ્રમાણે ન ચાલે. અહીંયાં (આત્મકલ્યાણ કરવામાં) શું કરવા ન ચાલે? એમ કહે છે. તારું ને તારું પોતાનું કામ તારે તારા પ્રયત્નથી તારામાં કરવાનું છે, તારા વડે કરવાનું છે તો શું કરવા ન થાય? કોઈ અશક્ય હોય તો ન થાય. શક્ય છે એ તો. જે કામ કરવું છે એવો તારો ત્રિકાળી સ્વભાવધર્મ છે અને કરવું છે. જે કામ કરવું છે એ તો ત્રિકાળી સ્વભાવધર્મ એવો જ છે. પછી નહિ થવાનો પ્રશ્ન કેમ આવે છે?

મુમુક્ષુ :- યોગવાસિષ્ઠના મુમુક્ષુ પ્રકરણમાં એ દૈવ (ભાગ્ય)નો નિષેધ કર્યો છે. કર્મથી થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- દૈવનો નિષેધ કર્યો છે પુરુષાર્થની પ્રધાનતાથી.

મુમુક્ષુ :- બહારના કામોમાં પણ પુરુષાર્થને જ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એ તો...

મુમુક્ષુ :- ઘણી વારંવાર પાંચ, સાત, દસ પ્રકરણમાં, વીસ, પંદર પ્રકરણમાં આની આ વાતને repetition કરે પણ આમાં પણ ગણતરી કે દલીલો એમાંથી નથી આવતી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આખરમાં તો એ શાસ્ત્રો કલ્પનાથી લખાયેલા છે.

મુમુક્ષુ :- ઘણો નિષેધ કર્યો છે આ બેયનો.

પૂજ્ય ભાઈશ્રી :- સૈદ્ધાંતિક મેળ તો ન જ ખાયને!

મુમુક્ષુ :- દૈવનો ઘણો નિષેધ કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- દૈવ એટલે ભાગ્ય. એમ કે પ્રારબ્ધના આધારે બેસી ન રહેવું એમ.

મુમુક્ષુ :- એ ભેદ નથી છાંટી શક્યા કે પરને અને સ્વને...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વ-પરનો ભેદ છે જ નહિ ક્યાંય. જૈનદર્શન સિવાય ભેદજ્ઞાનનો વિષય, શ્વેતાંબરમાં (પણ) નથી પછી અન્યમતમાં તો સવાલ જ નથી કે હોય. કેમકે મોટો વાંધો ગળે હાડકું ક્યાં આવે? તો પછી સંયમ પાળવાનું શું? જો આત્મા શરીરનું કે પરનું કાંઈ કરી શકતો ન હોય તો સંયમ પાળવાનું શું? ભક્ષ્ય-અભક્ષ્ય ખાવાનું ક્યાં રહ્યું? આત્મા તો કાંઈ કરી શકતો નથી. એ તો ખાતો જ નથી. ભક્ષ્ય શું અને અભક્ષ્ય શું? પણ ત્યાં ભાવ લેવો છે, ત્યાં ક્યાં દ્રવ્ય લેવું છે? તારા ભાવ શું છે? અભક્ષ્ય ખાવાના ભાવ છે? અસંયમના ભાવ છે, એમ કહેવું છે. ત્યાં ભેદજ્ઞાનનું પ્રકરણ નથી. ત્યાં આચરણનું પ્રકરણ છે અને ત્યાં ભેદજ્ઞાનની વાત ઊભી કરે તો એ તો ખોટો ક્રોસ કરે છે, ખોટો તર્ક કરે છે. ચરણાનુયોગમાં ચરણાનુયોગ ચાલે અને દ્રવ્યાનુયોગમાં દ્રવ્યાનુયોગ ચાલે. વચ્ચે બેને એકબીજાને અંદર લગાડો તો ક્યાંય મેળ મળે જ નહિ.

**'તે પ્રયાસ કરતાં કરતાં થાય જ. ન કેમ થાય? પોતે જ છે, બીજો કોઈ નથી.'** કામ કરનારો પોતે જ છે અને વચ્ચે એમાં કોઈ આડા આવે એવું બીજું તો કાંઈ છે નહિ. કોણ તને આડું આવે છે? એમ કહે છે. તારા કરેલા વિપરીત પરિણામોના સંસ્કાર અવશ્ય તને આડા આવે, તો એને ધોવાની તો આ process છે. અહીંયાં જે છે એ તો એને ધોવાની તો વાત છે. એટલે પોતે કરવા ધારે તો થાય, થાય ને થાય જ.

**'વિશ્વાસ અને પ્રતીતિને છોડવાં નહિ; શ્રદ્ધા તો બરાબર કરવી.'** વિશ્વાસ અને પ્રતીતિને છોડવાં નહિ. પ્રતીતિ એટલે અહીંયાં ખાતરી. ખાતરી જે છે કે, આ જ સત્ય છે, એને છોડવાં નહિ. અને એ શ્રદ્ધા તો બરાબર હોવી જોઈએ. એવી વાત છે. આમાં જે સાકર-કાળીજીરીનું દૃષ્ટાંત પછી નીચે થોડું વાંચ્યું. હિંમતભાઈ અમને એમ કહેતા. આ (પૂજ્ય બહેનશ્રી) તો નાના હતાને ઉંમરમાં. ૬-૭ વર્ષ નાના છે. નવ વર્ષ? મોટા ભાઈ છે તેથી બનતા સુધી (૬-૭) વર્ષ નાના હતા.

તો એમ કે, મધ્યસ્થપણે વિચારવું કે જૈનધર્મ સાચો છે એવું કાંઈ નહિ. બીજા ધર્મ..માં પણ વાંચન-વિચાર કરીને નક્કી કરવું કે આમાં સાચું શું છે? પણ એમાં શું છે? બીજા ધર્મમાં પણ અધ્યાત્મની, સિદ્ધાંતોની, ન્યાયની, નીતિની ઘણી વાતો આવે છે. સારી-સારી વાતો લાગે. બહેનશ્રી જવાબ આપે છે કે મેં એ બધું જોયું, પણ તેમ છતાં મને તો જૈનધર્મ જ બરાબર લાગે છે. કે હું તમને સમજાવી નથી શકતી કે એમ કેમ મને લાગે છે? પણ મને લાગે છે એ કહું છું.

હવે બંને એક ઘરમાં છે. બંને એક સરખો અભ્યાસ કરે છે, બંનેના અભિપ્રાય પહેલેથી જ તે જુદા પડે છે. આમનો આખો ભૂતકાળ જુદો છે, આમનો ભૂતકાળ જુદો છે. પૂર્વના સંસ્કારોથી જુદું-જુદું લાગે, જુદું-જુદું પરિણમન આવે. પૂર્વના સંસ્કારો એટલે યોગ્યતા એવી છે. પરિણમન તો યોગ્યતા અનુસાર થાય. પણ આ માર્ગે ચડવું છે એ ગમે તે યોગ્યતામાં હોય તો યોગ્યતા બદલાઈને આ માર્ગે ચડી જાય. ચડી જઈ શકે છે.

મુમુક્ષુ :- પહેલેથી વિચાર જુદા પડે છે. જે કોઈ વચલો કાળ ગયો તો હવે તો પુણ્યને અનુસરી ગયા. ગુરુદેવનો પુણ્યોદય હતો એટલે પણ...

પૂજ્ય ભાઈશ્રી :- અંદરમાં બેસતું નહોતું પહેલેથી જ તે. એ તો એમ જ કહે મને અંદરમાં પહેલેથી જ બેસતું નહોતું. અનુસરી ગયા એટલે બહારમાં વિરોધ ન કરે એમ. અત્યારે પણ બહારમાં એવો ખુલ્લો વિરોધ ન કરે. અંદર-અંદર ગમે તે ચાલતું હોય, બહાર ન કરે.

મુમુક્ષુ :- એક જગ્યાએ આવે છે કે જેણે તમને હૃદય આપ્યું, એની ઉપર વિશ્વાસ નહિ રાખો તો કોની ઉપર રાખશો?

પૂજ્ય ભાઈશ્રી :- હા બરાબર છે. એણે પોતાના હૃદયની વાતો કરી. એમ કે એટલે (હદ સુધી હતું) પછી તો એની વાત ઉપર અવિશ્વાસ કરવાનું તમને શું કારણ છે? એમ.

'**વિશ્વાસ અને પ્રતીતિને છોડવાં નહિ; શ્રદ્ધા તો બરાબર કરવી. પ્રયાસ ઓછો-વધારે થાય પણ શ્રદ્ધા બરાબર કરવી કે આ રસ્તે અને આ રસ્તે પ્રયાસ કરવાથી થવાનું જ છે.**' પોતાનો પુરુષાર્થ ઓછો-વત્તો હોય એ બીજી વાત છે. પણ નિશ્ચયમાં અને પ્રતીતિમાં એમ જ હોવું જોઈએ કે આ કાર્યપદ્ધતિ છે અને આમ જ થવાનું છે અને બીજી રીતે થવાનું નથી. એમાં ફેરફાર કે શંકા - એ નહિ હોવું જોઈએ. તો નિઃશંકપણે આગળ વધે. શંકા હોય તો જોર ન આવે, કામ કરવાનું જોર ન આવે.

'**જેમ કે અહીં ગામ છે એમ નક્કી થયા પછી ચલાય ઓછું, છતાં ચાલે જ.**' જે ગામ જાવું છે એ ગામનો આ રસ્તો છે. વચ્ચે બરાબર આવે છે milestone. કોઈ ધીમે ચાલે, કોઈ ફાસ્ટ ચાલે, પણ ચાલે એ પહોંચે. ચાલે એ પહોંચે. કેમકે અંતર કપાતું જાય છે. '**તેવી રીતે નક્કી-દઢતા કરે તો કાર્ય થયા વગર રહેવાનું નથી.**' નિશ્ચય કરવો જોઈએ. '**શ્રદ્ધામાં હારીશ નહિ,...**' એમ કહે છે. શ્રદ્ધામાં ડગીશ નહિ. '**શ્રદ્ધા બરાબર કરજે.**'

'**જેવી દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા દઢ રાખે છે તેમ આત્મામાં આ રસ્તે જ પહોંચાશે એવી શ્રદ્ધા બરાબર રાખજે.**' વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રને એકવાર સમજી લીધા હોય, પછી બીજા કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રમાં એને શ્રદ્ધા આવે નહિ. આ નક્કી વાત છે. કેમકે મોટો ફેર છે. આ વીતરાગી છે અને બાકી બધા રાગી છે. બધાને આમ ભક્તો પ્રત્યે રાગ થાય છે અને બીજી બધી વાતો ઊભી થાય છે. તો વીતરાગ છે એ વાત પૂરી થઈ ગઈ. તો કહે એમણે કહેલી વાત? તો પછી જો એમની શ્રદ્ધા કરી તો એમણે કહેલી વાતમાં અશ્રદ્ધા કરવાનું કારણ રહેતું નથી.

મોટો ન્યાય તો એ છે કે જે વીતરાગ છે એની જે વાણી આવે, તો વીતરાગની વાણીમાં અશ્રદ્ધાનું શું કારણ હોઈ શકે? કોઈ રાગથી કહે તો શંકા પડે કે ભાઈ એને રાગ હતો એટલે એમ કીધું. કોઈ દ્વેષથી કહે તો એમ કહે કે એને દ્વેષ હતો માટે એમ કહ્યું. અહીં તો રાગ પણ નથી અને દ્વેષ પણ નથી. માટે વસ્તુનું જેવું સ્વરૂપ છે એવું જ કહે છે.

('બહેનશ્રીની સાધના અને વાણી'માંથી પત્ર) - '**નિશ્ચયથી કહું છું કે સંસારમાં**

**એકાંત દુઃખ છે. તમને ન સમજાતું હોય તોપણ શ્રદ્ધા રાખો.'** કહ્યુંને કે ભાઈ અમને સમજાતું નથી શું કરવું? તમારી વાત અમને સમજાતી નથી. **'વર્તમાનમાં જ દુઃખી છો. શ્રદ્ધા રાખો, જરૂર શ્રદ્ધા રાખો.'** કે તમે દુઃખી જ છો. ગમે તેટલી અનુકૂળતા હોય તોપણ તમે દુઃખી છો એ વાત નક્કી છે. **'જેના પ્રત્યે તમને શ્રદ્ધા છે, તેના વાક્ય પ્રત્યે શ્રદ્ધા રાખો.'** એમના વચન પ્રત્યે શ્રદ્ધા રાખો. આ ગુરુદેવ છેને? ગુરુદેવ પ્રત્યે એમ કે તમે શ્રદ્ધા (રાખો) કેમકે એમના કુટુંબમાં બધા ગુરુદેવ બાજુ વળેલા. જેના પ્રત્યે તમને શ્રદ્ધા છે, તેના વચન પ્રત્યે શ્રદ્ધા રાખો.

**'પૂજ્ય મહારાજસાહેબ જેવાનો સમાગમ મળ્યો, હવે તો શ્રદ્ધા કરો.'** આવા મહાપુરુષ મળ્યા પછી શું? એમ કહે છે. પછી શું કરવા શ્રદ્ધા નથી રાખતા? **'મહારાજસાહેબને પૂછવાથી વસ્તુસ્વરૂપ મળી રહ્યું છે.'**

મુમુક્ષુ :- પત્રનો પહેલો પેરેગ્રાફ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, **'તમારો પત્ર મળ્યો. તમારા જેવા પાત્ર આત્માએ હવે ક્યાં સુધી શંકાઓ કર્યા કરવી છે? આવો અપૂર્વ યોગ ફરીને ક્યારે પામશો? જેનું હૃદય ને તમારું હૃદય એક છે તેના પ્રત્યે વિશ્વાસ નહિ રાખો તો પછી કોના પ્રત્યે રાખશો? તમારે ચડવાનું સ્થાન ક્યુ રહ્યું?-તે વિચારો.'** વાતુ તો ઘણી લખી છે એમણે. **'જેને જાગવું હોય તો એક વાક્યથી જાગે છે. માટે જાગવું હોય તો જાગજો, ચેતવું હોય તો ચેતજો. એ જ લિ. શુભેચ્છક બહેન.'** ૮૯માં લખ્યું છે.

એ દિવસોમાં એટલો ક્ષયોપશમ નહિ (બહેનશ્રીના ભાઈને), અત્યારે ક્ષયોપશમ વધ્યા પછી વધારે ગડબડ થાય. પરલક્ષી ક્ષયોપશમ છેને એટલે પછી વધારે ગડબડ થઈ જાય. ઓછો ક્ષયોપશમ હોય ત્યાં સુધી તો એમને એમ થોડુંક એટલો અહંભાવ ન હોય. એટલે નમીને ચાલે, ક્ષયોપશમ વધ્યા પછી જુદી વાત થઈ જાય છે.

મુમુક્ષુ :- અનુવાદ કર્યા પછી..?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનુવાદ પછી તોપણ કાંઈક ઠીક રહ્યું હશે. પછી એનું તો ક્યારે શું થયું એ ખબર ન પડે. પણ જેમ-જેમ ક્ષયોપશમ વધે તેમ પછી બુદ્ધિ તર્ક કરતી થઈ જાય, શંકા કરતી થઈ જાય.

મુમુક્ષુ :- અનુવાદ કરવામાં પણ બહેનશ્રીને ઑર્ડર કરવો પડ્યો કે જેમ (ગુરુદેવ) કહે તેમ કરવું. ગુરુદેવને પણ કહેવું પડ્યું કે બે-ત્રણ જગ્યાએ એમ લખ્યું છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ કરવાનું છે. એ તો એક પ્રકૃતિ હતી. કોઈ હઠની, જિદ્દની પ્રકૃતિ હોય તો મૂકી ન શકે. એટલે જરા ભાર દેવો પડ્યો. ગુરુદેવને ભાર દેવો પડ્યો અને બહેનશ્રીને (પણ) ભાર દેવો પડ્યો કે, નહિ! આમ જ કરવાનું છે!

એટલે જ પછી પાછળથી નહોતા કરતાને? પછી અનુવાદનું કામ મૂકી દીધું. ગુરુદેવે અષ્ટપાહુડનું બહુ કીધું... બહુ કીધું... ન કર્યો. રીતસર આજ્ઞા કરે એવી રીતે કીધેલું છે. આ તમે કરો! ન લીધું હાથમાં! કારણ શું છે કે ક્રોસ થાતું હતું. આમ કરવાનું જ છે તો એ રીતે એ ન માને. પછી ગુરુદેવને ખ્યાલ આવ્યા પછી મૂકી દીધી વાત.

મુમુક્ષુ :- કહેવાનું બંધ કરી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :- પછી કહેવાનું બંધ કરી દીધું. ખ્યાલ આવી ગયો કે આમને ઘણી વાતો બેસતી નથી. ખ્યાલ આવી ગયો એટલે. મને તો કહ્યું હતું, વ્યક્તિગત પણ કહ્યું હતું કે નથી બેસતી.

'**પોતાના પુરુષાર્થની મંદતા છે, કારણ ઓછું આપે છે, ત્યાં દૃષ્ટિને થંભાવતો નથી.**' એક તો પોતાના પુરુષાર્થની મંદતા છે. જેવી જોઈએ એવી ઉગ્રતા આવતી નથી. એટલે એ કારણ, પુરુષાર્થનું કારણ ઓછું આપે છે. '**ત્યાં દૃષ્ટિને થંભાવતો નથી. દૃષ્ટિ થોડીવાર થંભી-ન થંભી ત્યાં છૂટી જાય છે-એટલે ભેદજ્ઞાન થતું નથી.**' હવે એમાં શું છે? દૃષ્ટિને થંભાવતો નથી, એટલે જ્યાં જે કામ કરવું છે, જે દૃષ્ટિકોણથી કામ કરવું છે એ દૃષ્ટિકોણ છૂટી જાય છે. પ્રયોજનની પક્કડનો દૃષ્ટિકોણ જે છે એ દૃષ્ટિકોણ છૂટી જાય છે. બૌદ્ધિક સ્તરે સમજે કે, આમ ભેદજ્ઞાન થાય, આમ કામ થાય, આમ કામ થાય, આમ કહે છે, આમ કહે છે, ગુરુ આમ કહે છે; પણ જે દૃષ્ટિકોણ લાગુ કરવો જોઈએ એ બરાબર (ન કરી શકે.) એ કર્યું ન કર્યું ત્યાં છૂટી જાય છે. એટલે એટલું બળ નથી પોતાનું. કાર્ય કરવામાં એટલું બળ નથી. એમ એનો અર્થ છે.

મુમુક્ષુ :- પછી અક્રમે કરવા જાય તો ગડબડ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- અક્રમે કરવા જાય તો કામ થાય જ નહિ. એ રીતે તો કામ થાય જ નહિ. લોટના પિંડાને, લોટની કણકને પૂરી કેળવ્યા વગર રોટલી કરવા જાય તો શું થાય? કેળવ્યો જ ન હોય લોટ, આમ...આમ..આમ... કરીને જેમ-તેમ લોંદો કરી નાખ્યો હોય, પછી રોટલી કરવા જાય તો શું થાય? એ ઠેકાણા વગરની રોટલી થાય.

મુમુક્ષુ :- અક્રમે એટલે આજ્ઞા બહાર?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો છે જ. જે ક્રમ સૂચવ્યો છે એ જ આજ્ઞા છે, પછી બીજી રીતે, પોતાની રીતે સ્વચ્છંદે ચાલે તો કાંઈ કામ તો થવાનું નથી. અને આખરે મુંઝાવાનો વારો આવે કે ભાઈ! આ તો થતું નથી, કરવું શું?

એક જે નિયત જિનમાર્ગ છે, અનાદિ-અનંત 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' નિયત છે. અનાદિ-અનંત જિનમાર્ગ છે એ નિયત છે. જે બીજો ચીલો ચાતરવા

ગયા એ બધા અન્યમતમાં ચાલ્યા ગયા. પછી શ્વેતાંબર ભલે જૈનના નામે હોય, પણ જુદો ચીલો ચાતરવા ગયા એ અન્યમતમાં ચાલ્યા ગયા. એ જૈનમત નથી રહેતો, એ અન્યમત થઈ જાય છે.

**'રસ બહાર દોડ્યો જાય છે એટલે પરિણતિ પોતાને છોડીને બહાર જાય છે.'** નાડ પકડી છે. કેમ તારું કામ થતું નથી? અને જે-તે ભૂમિકામાં.. આ ભેદજ્ઞાનનો વિષય લીધો પણ જે-તે ભૂમિકામાં પણ કેમ તૂટી જાય છે અને કેમ એક લયે કામ થતું નથી? તો કહે તારો રસ છે એ બહાર દોડ્યો જાય છે.

મુમુક્ષુ :- એ રસ એટલે ઉદય?

પૂજ્ય ભાઈશ્રી :- ઉદય તો છે જ, પણ ઉદયમાં પોતાનો રસ, પોતાના (રસયુક્ત) પરિણામ. ઉદય તો પરચીજ છે. ઉદય પરચીજ છે, રસ તો પોતાના પરિણામ છે. એ ઉદય બાજુ લાગી જાય છે.

મુમુક્ષુ :- ઉદયમાં જોડાઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- ઉદયમાં જોડાઈ જાય છે. ઉદયમાં શું થયું? કે કર્મના પરમાણુમાં વિપાક આવ્યો. અને એ જ્ઞાનમાં પ્રતિભાસિત થયો. જ્ઞાન પોતાની અસરમાં નથી અને પરની અસરવાળી યોગ્યતામાં છે એટલે એને એમ થાય છે કે મને કાંઈક થાય છે, મને કાંઈક થાય છે. અને જે કાંઈક થાય છે એમાં સામે એવા પદાર્થો નોકર્મ તરીકે કુદરતી ગોઠવાયેલા છે. એટલે પરિણામ ત્યાં દોડી જાય છે, રસથી ત્યાં પરિણામ જાય છે.

પોતાનો રસ પર તરફનો છે માટે પરિણતિ તૂટી જાય છે, પ્રયત્ન તૂટી જાય છે. વાત કેવી સરસ! ટોન કેટલો સરસ છે! **'પરિણતિ પોતાને છોડીને બહાર જાય છે.'** પરિણામની જે ક્રિયા પરિણતિ છે એ પોતાને છોડીને બહાર જાય છે. એનો અર્થ કે તને તારામાં જે રસ હોવો જોઈએ એટલો રસ નથી, એટલો તને પારકામાં રસ છે. પછી એમ કહે છે કે મારું કામ થતું નથી. તને પરમાં રસ છે, પણ કામ તો સ્વરસથી થવાનું છે, પરરસથી તો કામ થવાનું નથી. પૂછવું જોઈએ પોતાને. જ્યાં-જ્યાં જે રસથી પરિણામ જ્યાં જ્યાં જતા હોય, ત્યાં શું કરવા જાય છે? શું છે? શું કારણ છે? સુખબુદ્ધિ છે? આધારબુદ્ધિ છે? કર્તાબુદ્ધિ છે? એકત્વબુદ્ધિ છે? શું છે? એને તોડવી જોઈએ. અને એ તોડવા માટે આ ક્રમ છે. એકદમ સુવ્યવસ્થિત.

મુમુક્ષુ :- તોડવા માટે ક્રમ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ ક્રમથી ચાલે એટલે તૂટે જ તૂટે એમ. પ્રકૃતિઓ પણ મોળી પડે અને પ્રતિબંધો પણ મોળા પડી જાય. એ જ અવરોધ છે. બીજું શું? પોતાને

પ્રતિબંધ છે એ અવરોધ છે અને પ્રકૃતિમાં જોડાય છે રસથી એ પણ પોતાનો અવરોધ છે.

**'રસ બહાર દોડ્યો જાય છે એટલે પરિણતિ પોતાને છોડીને બહાર જાય છે.'** રસ બહાર જવાથી પરિણામ પછી અંદર રાખી શકાશે નહિ. રાખવા હોય તોપણ નહિ રાખી શકાય. રસ બહાર પડ્યો છે એનું શું? અને એ અભિપ્રાય વગર હોય નહિ. એની સાથે અભિપ્રાયનો ટેકો છે એને. જે રસ બહાર છે એને અભિપ્રાયનો ટેકો છે. અભિપ્રાય ફરે એટલે રસમાં ફેર પડ્યા વગર રહે નહિ.

આ તો શું છે કે પોતાની યોગ્યતાનું અને પોતાના પરિણામોનું research પોતે કરવું જોઈએ કે આમ કેમ ચાલે છે પરિણામ? આમ કેમ ચાલે છે? એક વિચારપૂર્વક, બુદ્ધિપૂર્વક નિશ્ચય કર્યો, નિર્ણય કર્યો; પછી ઈચ્છા વિરોધ શું કરવા? નિર્ણય વિરોધ શું કરવા? બસ એનું research જોઈએ, પોતામાં ખોજ કરવી જોઈએ. ખોજી જીવે અને વાદી મરે. વાદી એટલે શું? જે ખાલી બીજાને કહેવા માટે શીખે છે. વાદ એટલે કહેવું, વાદ એટલે કહેવું. શીખે છે બીજાને કહેવા માટે. એ તો મરી જશે. ખોજી હશે, અંતર ખોજી હશે એ જીવશે. એમ છે.

સરસ! વચન બહુ સરસ આવી ગયું છે હોં! **'રસ બહાર દોડ્યો જાય છે એટલે પરિણતિ પોતાને છોડીને બહાર જાય છે.'**

મુમુક્ષુ :- રસ અને પરિણતિ બેયનું અનુસંધાન લેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરિણતિ સાથે રસનું અનુસંધાન છેજ. એ તો જોડાયેલી વાત છે. **'દૃષ્ટિને એકદમ તે-મય-તન્મય કરતો નથી તેથી થતું નથી,..'**

મુમુક્ષુ :- દૃષ્ટિની આ વાત બધી ભૂમિકામાં લાગુ પડે?

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- પોતાના વર્તમાન પ્રયોજન સાથે લાગુ પડે?

પૂજ્ય ભાઈશ્રી :- હા લાગુ પડે છે. જેને એકસરખું નથી ચાલતું એ બધાને લાગુ પડે છે. એકધારું ઉન્નતિક્રમમાં ચડતી શ્રેણિના પરિણામ થાય એને વાંધો નથી. એ તો આગળ વધે જ જાય છે, આગળ વધે જ જાય છે. સહજપણે આગળ વધે જાય છે.

**'દૃષ્ટિને એકદમ તે-મય-તન્મય કરતો નથી તેથી થતું નથી,...'** એમાં શું દૃષ્ટિ એટલે પોતાના પ્રયોજનની દૃષ્ટિ અથવા દૃષ્ટિકોણ. દૃષ્ટિનો અર્થ અહીંયાં ઓલો શ્રદ્ધા કે દેખવું એ નથી લેવું, જે દૃષ્ટિ-દૃષ્ટિ કહે છેને? એમાં એમનો આશય આ છે. શબ્દ તો શબ્દ છે. આશય આ છે. કે જે પોતાના પ્રયોજનની દૃષ્ટિ છે અથવા દૃષ્ટિકોણ

છે એની પક્કડ, તન્મય એટલે એની જોરદાર પક્કડ આવવી જોઈએ. આખો આધાર એના ઉપર છે. એની પક્કડ આવે તો એ તન્મય થઈને કામ કરે. એક લયે કામ કરે. તે-મય થઈને કામ કરે. તન્મયનો અર્થ તે-મય એમ થાય છે.

**'આ રીતે...'** કાર્ય નહિ થવામાં **'પોતાનું કારણ છે.'** કાર્ય નહિ થવામાં પોતાનું કારણ છે. બીજા કોઈનું કારણ નથી. કોઈના માટે પણ. બધાને એક જ વાત લાગુ પડે છે કે પોતાનું કાર્ય થતું નથી, એમાં પોતાનું જ કારણ છે અને બીજા કોઈનું કારણ લેવાય નહિ. કોઈ એમ કહે કે, અમને આવા-આવા પ્રતિકૂળ સંયોગો છે અથવા અમને અહીંયાં આ કામ કરવાનો નિરોધ છે, માનો કે ઘરમાં અમે એકલા જ છીએ અને બધાનો વિરોધ છે, પછી અમને તકલીફ પડે અને અમારું કામ ન થાય એવું બને કે ન બને? તો કહે, ખોટી વાત છે! એ બધાનો ભલે વિરોધ હોય, તારે કામ કરવું હોય તો તારા પરિણામ અંદર થાય એમાં બહારવાળાની પહોંચ કેવી રીતે હોય? હોય? કેવી રીતે હોય? એ બહારવાળાની પહોંચ નથી પછી તને વાંધો ક્યાં છે? જે કાંઈ કારણ છે એ તારું પોતાનું છે એમ સ્વીકારી લેવું. પોતાનું કાર્ય નથી થતું એમાં પોતાનું કારણ છે એમ બરાબર પ્રમાણિકતાથી સ્વીકારી લેવું. બીજાના કારણે થતું નથી એ અપ્રમાણિકતા છે. પ્રમાણિકતા નથી પણ અપ્રમાણિકતા છે.

આશય :- (૧૮૭) **વિચાર, ચિંતન, મંથનથી આગળ વધીને મુમુક્ષુએ પુરુષાર્થના તબક્કામાં પ્રવેશવું જોઈએ અને મક્કમતાથી પુરુષાર્થ કરવો જોઈએ. પુરુષાર્થ થવામાં અચળ વિશ્વાસ અને પ્રતીતિ હોવી જરૂરી છે. તે એવી કે પ્રયત્નમાં પાછો પડે તોપણ શ્રદ્ધામાં પાછો ન પડે. પ્રયોજનની દૃષ્ટિ સાધ્ય થવી જોઈએ. અને તે દૃષ્ટિની પક્કડ હોય તેટલું જ કાર્ય થાય છે. કાર્ય નથી થતું તેનું આ કારણ છે. પ્રયત્નમાં મંદતા પરરસને લીધે છે. તેથી રસનું અવલોકન કરીને રસ તોડવો જોઈએ.**

**જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાય એવો છે. એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા, પછી જાળ ચોંટશે નહિ.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૨૯**

**પ્રશ્ન :– હમણાં હમણાં ધ્યાન પદ્ધતિ નીકળી છે કે શ્વાસોચ્છ્વાસ રોકો, મનને ખાલી કરો તો તમને આત્મવિચારણા કરવા અંદરથી સ્ફુરણા થશે. તો શું એવું ધ્યાન કાંઈ મદદરૂપ થાય?**

**સમાધાન :– તે શુભભાવનારૂપ છે. તેમાં (મનની) એકાગ્રતા થાય, પણ ખરું ધ્યાન તો પોતાને અંદરમાં સાચું જ્ઞાન થાય,–તત્ત્વને મૂળમાંથી–સ્વભાવમાંથી ઓળખે તો થાય. સાચું જ્ઞાન થાય તો સાચું ધ્યાન થાય, માટે તત્ત્વને ગ્રહણ કરવું. પોતે પોતાના જ્ઞાન દ્વારા સૂક્ષ્મ ઉપયોગ કરીને પોતાને ગ્રહણ કરે તો તેમાં સાચી એકાગ્રતા થાય. બાકી શ્વાસોચ્છ્વાસ તો ઘણીવાર તેણે રોક્યા છે ને તેમાં એકાગ્રતા કરી છે; પણ જ્યાં સુધી આત્માનું અસ્તિત્વ ગ્રહણ નથી થયું ત્યાં સુધી માત્ર મનની એકાગ્રતા થાય છે. મૂળ આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર્યા વગર એકલી મનની એકાગ્રતા કાંઈ કામ આવતી નથી.૧૮૮.**

## તા. ૧-૬-૧૯૯૭, પ્રશ્ન-૧૮૮ તથા ૧૯૮
## પ્રવચન નં. ૧૩૭

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૨૬. પ્રશ્ન-૧૮૮. ધ્યાન ઉપરનો પ્રશ્ન છે. '**હમણાં હમણાં ધ્યાન પદ્ધતિ નીકળી છે કે શ્વાસોચ્છ્વાસ રોકો, મનને ખાલી કરો તો તમને આત્મવિચારણા કરવા અંદરથી સ્ફુરણા થશે. તો શું એવું ધ્યાન કાંઈ મદદરૂપ થાય?**' અત્યારે ધ્યાનકેન્દ્રો અને ધ્યાન શિબિરો, એ બધું ચાલે છે એના ઉપર પ્રશ્ન છે કે શ્વાસોચ્છ્વાસની એમાં પ્રક્રિયા કરાવે છે, જે પ્રયોગ છે એ મુખ્યપણે પૌદ્‌ગલિક પ્રયોગ છે, મનનો એની સાથે સંબંધ છે. એટલે મનના બીજા વિચારો પણ ઈધરઉધરના બંધ થાય, પણ શ્વાસોચ્છ્વાસ સાથેના તો વિચારો ચાલુ રહે.

પરિણામમાં એવું વિજ્ઞાન છે કે એક જ વિષય ઉપર જો પરિણામ રહે તો આકુળતા ઓછી થાય, ગમે તે વિષય હોય, અશુભ વિષય હોય તોપણ. નહિતર તો શુભમાં કષાય મંદ છે અને અશુભમાં કષાય તીવ્ર છે, તોપણ ત્યાં એકાગ્રતા રહે અથવા બીજા વિચારો વચ્ચે ન આવે તો પોતાને શાંતિ લાગે, સારું લાગે, ગમવાપણું લાગે, આવો એક પ્રકાર છે. એટલે અહીંયાં પણ શ્વાસોચ્છ્વાસમાં પરિણામો કેન્દ્રિત થાય, શ્વાસોચ્છ્વાસને રોકવો, છોડવો, લેવો ઉપયોગ આપવો પડે. હવે શ્વાસ લેવાનો છે, પછી રોકી રાખવાનો

છે, રોકાય એટલો રોકી રાખવાનો છે. પછી આસ્તે-આસ્તે છોડવાનો છે. તો એ બધા વિચારો એની સાથે રહે. બીજી અશાંતિના જે પ્રકારો વિચારમાં હોય એ બંધ થાય. માણસને થોડું સારું લાગે, શાંતિ લાગે. એટલે એ કારણે ચાલે છે ટટ્ટુ બધાનું.

'**મનને ખાલી કરો..**' એટલે બીજા વિચારોથી ખાલી કરો એમ. આમ તો ક્યાં ખાલી થાય છે? બીજા વિચારોથી ખાલી કરો. '**તો આત્મવિચારણા કરવા અંદરથી સ્ફુરણા થશે.**' એ વાત ખોટી છે. કેમકે આત્મવિચારણા એને કારણે ન થાય, આત્મવિચારણા તો આત્મકલ્યાણની લગનીને કારણે ચાલે. પછી ભલે ધ્યાન ન કરતો હોય તોપણ.

મુમુક્ષુ :- ભાઈશ્રી કદાચ આ પ્રક્રિયા કોઈ મુમુક્ષુ કરતો હોય તો?

પૂજ્ય ભાઈશ્રી :- તો એ પણ ખોટે રસ્તે છે. મુમુક્ષુ કે વગર મુમુક્ષુ, ખોટે રસ્તે છે એ બધા ખોટે રસ્તે જ છે. કેમકે એમાં વિધિની ભૂલ છે. એ વિધિએ કામ થતું નથી. છતાં કોઈ કરવાનું માને, માને પછી કરેને? એટલે પહેલી માન્યતાની ભૂલ થાય છે. શ્રદ્ધાની ભૂલ થાય છે એટલે ગૃહીત મિથ્યાત્વ થાય છે.

આપણામાં શરૂ કર્યું હતું. (એક પંડિતે) શરૂ કર્યું હતું. શિબિરમાં સવારે ધ્યાન કરાવે. બીજા કરાવતા હોય તો પછી પાછળ-પાછળ સૌ ક્રેઝ ઊભો કરવા માટે ત્યાં સોનાગીરમાં શિબિર હતી, સોનાગીરમાં જ ને? હા, સોનાગીરમાં જ શિબિર હતી. અમે ગયા હતા. ગ્વાલિયરથી પછી દર્શન કરવા ગયા હતા સોનાગીર. ગ્વાલિયરથી નજીક પડે છેને? શિબિર ચાલતી હતી એટલે કહે આવો જમો. અમે એક દિવસ રોકાણા હતા. કીધું આવી રીતે આમ-આમ.. બતાવેને કે અમારે આવો-આવો પ્રોગ્રામ ચાલે છે. પછી (આપણા મુમુક્ષુએ) જરા ઠપકાર્યા કે, આ ધ્યાન-બ્યાન શું? હું તો ન બોલું.

મુમુક્ષુ :- વિદિશાવાળાને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ ધ્યાન-બ્યાનનું શું કર્યું છે? આ ક્યાં અત્યારે ધ્યાન-ધ્યાન ક્યાંથી થાય? પછી એણે બંધ કરી દીધું હશે એવું લાગે છે. પણ આપણે બોરીવલીની શિબિરમાં ત્યાં પેલા બ્રહ્મચારી (મુમુક્ષુ) કરતા હતા. એની સાથે એક મિટિંગ કરી, કીધું આ (ધ્યાનનું) સ્ટેજ નથી. બધા ઊંધે રસ્તે ચડી જાય. એકાગ્રતા ક્યાંથી થવાની હતી? હજી તો આત્માની દરકાર આવે એટલી વેદના પણ નથી આવી! વેદના તો એ દરકારનું સ્ટેજ છે. એટલી દરકાર પણ હજી નથી આવી અને એકાગ્રતામાં ક્યાંથી આવી જવાનો હતો? ગડબડ થશે! પછી પરિણામમાં એકાગ્રતા કરવાની એટલી પ્રૅક્ટિસ અને અત્યારથી પ્રૅક્ટિસ કરી હોય તો પછી આત્મધ્યાન લાગે ત્યારે વાંધો ન આવેને! - એ એક દલીલ છે. આવી પ્રૅક્ટિસ પહેલેથી કરાવી લઈએ છીએ એટલે એ વખતે પછી પ્રૅક્ટિસ.. મેં કીધું ગજસુકુમારે કાંઈ પ્રૅક્ટિસ કરેલી? કે ચાલો! એકાદ વખત, બે વખત, પાંચ વખત

ખોપરી સળગાવી જોઈએ આપણે. પછી સસરો સળગાવે ત્યારે વાંધો નહિ આવે. એ ધ્યાન તો સ્વરૂપના ગુણવૈભવ પ્રત્યેની આસક્તિને લઈને ધ્યાન થાય છે. ધ્યાન કરવાનું શિખડાવવું પડતું નથી એટલા માટે કે એક ધ્યાન વગરનો કોઈ જીવ જ નથી. આર્તધ્યાન તો બધાને ચાલે છે. ક્યારેક-ક્યારેક કોઈને રૌદ્રધ્યાન પણ થતું હોય, પણ આર્તધ્યાન તો બધા સંસારીઓને ચાલે જ છે અને ધ્યાન કરવાનું ક્યાં શિખડાવવું પડે છે? જેની આસક્તિ છે ત્યાં એનું ધ્યાન ચાલુ જ છે. પૈસામાં આસક્તિ છે તો પૈસાનું ધ્યાન ચાલુ છે. સ્ત્રીમાં આસક્તિ છે તો એનું ધ્યાન ચાલુ છે. ધ્યાન વગરનો છે? એને તો ધ્યાન ચાલુ ને ચાલુ જ છે.

મુમુક્ષુ :- એના માટે જુદો પ્રયત્ન પણ નથી કરવો પડતો.

પૂજ્ય ભાઈશ્રી :- અને કાંઈ જુદો પ્રયત્ન કરવો પડતો નથી. એમ જો પોતાના ગુણવૈભવને ઓળખે તો એની આસક્તિ થાય અને બહારની આસક્તિ છૂટે. એટલે ધ્યાન આપોઆપ થાય. ધ્યાન શિખડાવવું પડે એવું કાંઈ છે નહિ. ભાવલિંગી મુનિઓને હાલતા-ચાલતા શુદ્ધોપયોગ થાય છે. શુદ્ધોપયોગને ધ્યાન કહીએ તો હાલતા-ચાલતા છે. અને ધર્માત્માઓને પરિણતિરૂપ ધ્યાન નિરંતર છે.

મુમુક્ષુ :- એ વખતે જુદો પુરુષાર્થ પણ કરી શકતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ના કાંઈ નહિ. હાલતા-ચાલતા શુદ્ધોપયોગ થઈ જાય છે. ધર્માત્માને તો પરિણતિરૂપ ધ્યાન નિરંતર છે, શુભોપયોગ હોય કે અશુભ ઉપયોગ હોય. એને પરિણતિનું ધ્યાન નિરંતર જ છે.

પણ આ બધા પુસ્તકો આવે છે ધ્યાન માટેના. વચમાં એક હાથમાં આવી ગયું હતું. આપણને કાંઈ ખબર નહિ, મને કે આ બધું શું કરાવતા હશે? પણ જરા ઉપર ઉપરથી જોઈ લીધું. એવું કાંઈ નથી. બધામાં એક જ પદ્ધતિ છે. અહીં નાભિથી તે અહીં સુધીમાં સાત ચક્ર ગોઠવ્યા છે. અહીંયાં..અહીંયાં..અહીંયાં.. ત્રણ. પછી અહીંથી અહીં સુધીમાં ચાર, એમાં એક અહીંયાં..એક અહીંયાં..એક અહીંયાં.. એવી રીતે. અહીંથી સીધી લાઇનમાં. એટલે પછી એમકે ત્યાં હવે શ્વાસોચ્છ્વાસનું તમને ફાવી ગયું હોય તો હવે પછી ત્યાં લઈ જાવ મનને તમે. પછી તમે જુઓ! તમે ચક્કરમાં! એ ચક્રના ચક્કરમાં આવી જાય પછી. પેલા કોણ આવ્યા હતા? શ્વેતાંબર સાધુ હતા. (મુમુક્ષુભાઈ) મુંબઈ લઈ આવ્યા હતા. તમારી સાથે બેસવું છે. પેલા ભાઈને ત્યાં ગયા હતાને? ધ્યાન-બ્યાન કરીએ છીએ અને હું ત્રીજા ચક્ર સુધી પહોંચ્યો છું. (મેં કીધું) મૂકી દ્યો કીધું એ ચક્ર-બક્રમાં પડશો નહિ કાંઈ. એમાં કાંઈ છે નહિ. ખોટે રસ્તે (ચડી જશો.)

મુમુક્ષુ :- આબુમાં કરાવે છેને શ્વેતાંબર સાધુના અમિતાભજી..

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ કરાવે છે અને આમાં પણ છેને? આપણે પ્રજાપિતામાં પણ છે ધ્યાનાદિ. ત્યાં પણ ધ્યાનનું છે. રાજયોગ કહે છે એને એ. એને એ લોકો રાજયોગ કહે છે. નામ બધા મોટા-મોટા રૂપાળા આપે. વાતમાં કાંઈ માલ નથી હોતો.

'**સમાધાન :- તે શુભભાવનારૂપ છે.**' કષાય મંદ છે ને એટલે શુભભાવરૂપ છે. '**તેમાં (મનની) એકાગ્રતા થાય, પણ ખરું ધ્યાન તો પોતાને અંદરમાં સાચું જ્ઞાન થાય,-તત્ત્વને મૂળમાંથી--સ્વભાવમાંથી ઓળખે તો થાય.**' ચોખ્ખી વાત કરી છે. એ મનની એકાગ્રતા થાય છે પણ એ ખરું ધ્યાન નથી. એમ ન કીધું. ખરું ધ્યાન તો.. એમ કરીને. પોઝિટિવ વાત કરી. નેગેટિવ સમજી લેવી એમાં.

'**ખરું ધ્યાન તો પોતાને અંદરમાં સાચું જ્ઞાન થાય,...**' કોનું? આત્માની ઓળખાણનું જ્ઞાન થાય. જેમ રુચિ બદલ્યા વિના ઉપયોગ ન બદલે એમ ઓળખાણ વિના, જ્ઞાન વિના ધ્યાન ન થાય. એટલે એ તો પહેલા એ જ પૂછીએ છીએ એ લોકોને કે તમે કોનું ધ્યાન કરો છો? શ્વાસોચ્છ્વાસનું કરો છો? એ તો પુદ્‌ગલની-પરમાણુની પર્યાય છે. એટલે એ તો કાંઈ કરવા જેવું નથી. પછી તમે મન ઉપર આવો કે મનમાં એકાગ્ર થાવ, તો એ પણ પુદ્‌ગલ છે. આત્મા ક્યાં આવ્યો એમાં? એમાં કાંઈ આત્મા નથી આવતો. શું કહે છે? તો સાચું ધ્યાન થાય, એટલે જે પદાર્થનું જ્ઞાન હોય એ પદાર્થ ઉપર જ એકાગ્રતારૂપ ધ્યાન થાય. પણ જે પદાર્થનું જ્ઞાન જ નથી એનું ધ્યાન કેવી રીતે કરે? સસલાને શીંગડા નથી તો એનું ધ્યાન થાય? શીંગડા છે નહિ, આકાશને ફૂલ નથી એનું ધ્યાન થાય? એમ આત્માથી, સ્વરૂપથી અજાણ્યો છે એને આત્માનું ધ્યાન ક્યાંથી થાય? એટલે પહેલા અંદરમાં પોતાને સાચું જ્ઞાન થાય, તત્ત્વને મૂળમાંથી એટલે સ્વભાવમાંથી ઓળખે, મૂળ સ્વરૂપને ઓળખે, સ્વભાવ સ્વરૂપે આત્માને ઓળખે તો ધ્યાન થાય. કેમ થાય? કે ત્યાં જે સ્વભાવ છે એ સ્વભાવમાં અનંત સુખ, અનંત શાંતિ, અનંત આનંદ એવા-એવા દિવ્યગુણો અંદર રહેલા છે. એવા આત્માના નિજગુણ વૈભવને ઓળખે, ઓળખે તો આસક્તિ થાય એમાં ધ્યાન થાય.

બે-ત્રણ સ્ટેજથી લેવાય છે જરા બારીકાઈથી લઈએ તો. કે જ્યાં પ્રેમ થાય ત્યાં આસક્તિ થાય અને આસક્તિ થાય ત્યાં ધ્યાન થાય. એટલે પહેલો આત્માનો પ્રેમ થાય. આત્માના ગુણને જોવે એટલે આત્માને આત્માનો પ્રેમ થાય. આત્માને આત્માનો પ્રેમ થયા પછી આસક્તિ થાય, આસક્તિ થયા પછી ધ્યાન થાય. એમ પ્રોસેસ ચાલે છે. એ ઓળખાણમાંથી ઊભું થાય છે. બધાનું મૂળિયું જ્ઞાન છે. એ બધાનું મૂળિયું જ્ઞાન છે. બહારમાં એમ જ છેને? જ્યાં પ્રેમ છે ત્યાં આસક્તિ છે અને ત્યાં જ ધ્યાન છે. બહારમાં એમ છે કે બીજી રીતે છે?

'**સાચું જ્ઞાન થાય તો સાચું ધ્યાન થાય,..**' જુઓ સ્પષ્ટ લીધું છે. શું લીધું છે? ઓળખે તો થાય એટલે શું? કે '**સાચું જ્ઞાન થાય તો સાચું ધ્યાન થાય,..**' જ્ઞાન વગર ધ્યાન કોનું પણ? લ્યો! એટલી હજી સમજણ પણ ન હોય. વિકલ્પાત્મક સમજણ ન હોય અને બેસી જાય ધ્યાન કરવા. આ લોકો પણ કરાવે છે, (ધરમપૂરવાળામાં પણ) ધ્યાનનું ચાલે છે. પછી આ લોકો કરાવે છે, કોબામાં પણ કરાવે છે.

મુમુક્ષુ :- પોતે પણ કરતા હતા?

પૂજ્ય ભાઈશ્રી :- પોતે કરે એ બીજી વાત છે. આ તો બધા મુમુક્ષુને કરાવે એની વાત છે.

મુમુક્ષુ :- નીચે ભોંયરો છેને એમાં ઓરડી બનાવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખ્યાલ છે. જોઈ આવ્યા છીએને! પછી અહીંયાં સાયલામાં એ પ્રમાણે કર્યું છે ધ્યાનની વ્યવસ્થા અંડરગ્રાઉન્ડ કરાવી છે. 'ધ્યાનકક્ષ'. 'ધ્યાનકક્ષ' દેવલાલીમાં પણ અંડરગ્રાઉન્ડ છે ત્યાં ધ્યાન કરવા બેસે છે.

મુમુક્ષુ :- એની બાજુમાં બીજું કોઈ ગામ છે ને ગોયંકાજી!

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો આ ઈગતપુરી. એ તો જગપ્રસિદ્ધ છે. ઈન્ટરનેશનલ પ્રસિદ્ધ છે. અને એના તો ઈન્ડિયામાં બીજા મોટા-મોટા સેન્ટરો પણ ચાલે છે. ઈગતપુરી, મૂળ સેન્ટર ઈગતપુરી. સત્યનારાયણ ગોયંકા. એ બૌદ્ધ છે. મૂળ તો જૈનમાંથી આ બધું નીકળ્યું. આ પ્રયોગો જૈનમાં છે બધા. કૃપાળુદેવે ૪૧૬ નંબરના પત્રમાં એ બધી વાત લીધી છે. પછી લખ્યું છે બધા ઉપર ચોકડી મૂકવા જેવું. પણ એ તો એમ કહે આ બધો ખ્યાલ છે, આ બધું જૈનદર્શનની અંદર છે આ બધા પ્રયોગો. પણ એ પ્રયોગો કોઈ એક પ્રકારની યોગ્યતા માટે, કોઈના માટે for the time being, અમુક પિરિયડ માટે ઉપયોગ કરાવ્યો હોય એટલા માટે એ હોય છે.

જેમકે પહેલા તું આ ઍક્સરસાઈઝ કર, પછી તું આમ કર! એના જેવી વાત છે. પણ એ કોઈ એક પ્રકારની યોગ્યતા માટે, થોડા સમય માટે. અમુક પ્રકારનો એવો રોગ હોય માનસિક, તો એને લાઈન ઉપર લાવવા માટે. ટેમ્પરરી ટ્રીટમેન્ટ કોઈ જ્ઞાનીએ આપી હોય. એટલે ભગવાનની વાણીમાં એ બધું આવ્યું હોય, કોઈ જ્ઞાનીએ એવી રીતે કોઈને કરાવ્યું હોય, પછી ન સમજ્યા હોય એ એમાંથી ચડી જાય, એ એ બાજુ ચડી જાય. એવું થાય છે!!

મુમુક્ષુ :- પ્રેમ અને આસક્તિ વચ્ચે ક્યો તફાવત છે?

પૂજ્ય ભાઈશ્રી :- આસક્તિ છે એમાં ખેંચાણ વધારે છે. અને પ્રેમમાં વાત્સલ્ય વધારે છે. એટલે થોડા એના different factor છે.

મુમુક્ષુ :- રસની ડિગ્રીમાં ફેર છેને?

પૂજ્ય ભાઈશ્રી :- આસક્તિમાં રસ વધી જાય. પ્રેમમાં પણ રસ તો વધી શકે છે. પ્રેમમાં પણ રસ વધી શકે છે. પ્રેમરસ નથી વધી શકતો એવું નથી. પણ આસક્તિ છે એ ખેંચે છે. દિશાસૂચક છે. બહારની આસક્તિ હોય તો બહાર ખેંચે. અંદરની આસક્તિ હોય તો અંદર ઉપયોગને ખેંચે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ ગોપાંગનાનું આવે છેને? માધવ લ્યો! માધવ લ્યો! એમાં તો એની અંદર ધ્યાન ચાલુ જ હોય એટલે માખણને બદલે માધવ લ્યો એમ બોલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પરિણતિરૂપ છે. એટલે એવી ઉપયોગમાં પણ ભૂલ થાય એમ. એને પરિણતિ થઈ ગયેલી. ગોપીઓને શ્રીકૃષ્ણની પરિણતિ થઈ ગયેલી. એમ.

'**સાચું જ્ઞાન થાય તો સાચું ધ્યાન થાય, માટે તત્ત્વને ગ્રહણ કરવું.**' ગ્રહણ કરવું એટલે જ્ઞાનમાં પહેલા ઓળખવું અથવા અસ્તિત્વ ગ્રહણ કરવું. '**પોતે પોતાના જ્ઞાન દ્વારા સૂક્ષ્મ ઉપયોગ કરીને પોતાને ગ્રહણ કરે તો તેમાં સાચી એકાગ્રતા થાય.**' હવે શું છે? ઓળખાણ થયા પછી. ઓળખાણરૂપ જ્ઞાન દ્વારા ઉપયોગને સૂક્ષ્મ કરીને, કેમકે આ સ્થૂળ ઉપયોગનો વિષય નથી. આત્મા સ્વરૂપે કરીને સૂક્ષ્મ હોવાથી ધ્યાનમાં ઉપયોગ સૂક્ષ્મ થાય છે. આ તો બધું સ્થૂળ ઉપયોગમાં ચાલતું હોય છે. આ જે બધા ધ્યાન છે એ બધા તો સાવ સ્થૂળ ઉપયોગ હોય છે. આત્મધ્યાનનો ઉપયોગ તો ઘણો સૂક્ષ્મ હોય છે.

મુમુક્ષુ :- બધું જ ગૃહીત મિથ્યાત્વમાં જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગૃહીત મિથ્યાત્વમાં એટલા માટે જાય કે જે વિધિ નથી એને વિધિ માની માટે.

મુમુક્ષુ :- તેનાથી તો સંસારી સારા!

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં કાંઈ વાંધો નહિ. એનો કાંઈ વાંધો નહિ. કેમકે બગડેલા દૂધ કરતાં છાશ છે એ કામમાં આવે! રોટલો ખાવો હોય અને લૂખો ગળે ન ઊતરે તો છાશ કામમાં આવે, પણ બગડેલા દૂધ સાથે રોટલો ખવાય નહિ.

મુમુક્ષુ :- નહિતર vomit થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો સીધી (વાત) છે કે ચીજ બગડેલી છે, vomit ન થાય તો કોઈ રોગ કરે. જેમ બગડેલું ફળ ખાવ તો રોગ કરે. વિકૃતિ આવી ગઈ છે એટલે ખાદ્ય અખાદ્ય થઈ ગયું, ખાદ્ય રહ્યું નહિ એ અખાદ્ય થઈ ગયું. આ કેરી

પાકીને બગડી જાય છે કે નહિ? પછી ખાય કોઈ? અંદર ઓલી નીકળે છે કપાસી. કાંઈ ખાય? કપાસીને ખાય કોઈ? ન ખાય. એ વિકૃતિ આવી ગઈ ત્યાં.

'**પોતે પોતાના જ્ઞાન દ્વારા સૂક્ષ્મ ઉપયોગ કરીને પોતાને ગ્રહણ કરે તો તેમાં સાચી એકાગ્રતા થાય.**' લીનતા થાય. ભલે ક્ષણથી પણ ઓછી થાય છે, સેકન્ડથી પણ ઓછી થાય છે. પણ થાય. વીજળીના ઝબકારાની જેમ ભલે એટલો જ સમય હોય પણ એકાગ્રતા થાય છે. '**બાકી શ્વાસોચ્છ્‌વાસ તો ઘણીવાર તેણે રોક્યા છે ને તેમાં એકાગ્રતા કરી છે;...**' એ બધા ધ્યાન કરી ચૂક્યો છો તું. પૂર્વાનુપૂર્વ અનંતવાર. આમાં આવ્યું છે કે નહિ? યમ, નિયમ, સંયમમાં ધ્યાનનો આ બોલ છે કે નહિ? 'પુનિ ત્યાગ વિરાગ અથાગ લિયો જપ જ્યોંહી તપે, તપ ત્યોંહી તપે,' એ વૈરાગ છે. તપમાં ધ્યાન આવે થોડું.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી અનંતવાર થયો એટલે ધ્યાન કર્યા જ હોયને?

પૂજ્ય ભાઈશ્રી :- અનંતવાર અન્યમતિનો સાધુ થઈને અનંતવાર કર્યા, દ્રવ્યલિંગી થઈને અનંતવાર કર્યા, આવી બધી શિબિરોમાં જઈને અનંતવાર કર્યા, એ બધું કરી ચૂક્યો. એમાં કાંઈ હાથમાં આવે નહિ. કાંઈ મોં-માથુંજ સૂઝે એવું નથી.

'**શ્વાસોચ્છ્‌વાસ તો ઘણીવાર તેણે રોક્યા છે...**' એમાં શું છે કે સંસ્થામાં તો એવું છે, સંસ્થા ચલાવવી હોય તો બીજા લોકો ધ્યાન કરાવે છે અને લોકો ત્યાં જતા રહે છે; આપણે ધ્યાન કરાવો તો ત્યાં ન જાય. આપણે ત્યાં બેસે. દુકાન લઈને બેઠા હોય એટલે બધો વિચાર આવે. દુકાનદારી ન કરવી હોય, કે ભાઈ જેને જ્યાં જાવું હોય ત્યાં જાવ. વસ્તુ આ છે. આ વસ્તુની ગરજ હોય તો અહીંયાં છે, ન હોય તો બીજું બધું બધે ઘણે જુદું-જુદું છે. જેને જ્યાં રુચે ત્યાં જાય! કોઈ ક્યાંય જાય એમાં વાંધો શું પોતાને આવે છે? એ સમજાતું નથી. કોઈ અહીંયાં ન આવે અને બીજે જાય એમાં અહીંયાંવાળાને શું વાંધો? એ કાંઈ સમજાતું નથી. કે કાંઈ લેવું છે? કે ભાઈ અહીંયાં રહે તો આપણે કાંઈક એની પાસેથી લેવું છે, તો વાંધો આવે. અપેક્ષા હોય તો વાંધો આવે. અપેક્ષા ન હોય, નિઃસ્પૃહતા હોય એને શું વાંધો?! કોઈ ગમે ત્યાં જાય. જેને જ્યાં જાવું હોય ત્યાં જાય. જેમ સુખ ઊપજે એમ સૌ કરે.

'**શ્વાસોચ્છ્‌વાસ તો ઘણીવાર તેણે રોક્યા છે ને તેમાં એકાગ્રતા કરી છે; પણ જ્યાં સુધી આત્માનું અસ્તિત્વ ગ્રહણ નથી થયું ત્યાં સુધી માત્ર મનની એકાગ્રતા થાય છે.**' અને એ મનની એકાગ્રતાથી કોઈ પારમાર્થિક લાભ થાય છે એવું નથી. મનની શાંતિમાં જીવ છેતરાઈ જાય છે. એ છેતરાવા જેવું નથી. અમારે એકવાર એવું થયું હતું. દિલ્હી ગયો હતો દિલ્હી. તો દિલ્હીમાં ચાંદનીચોકમાં કાપડની લારીવાળા બહુ ઊભા

રહે. ચાંદનીચોકનો મોટો રોડ છેને દિલ્હી જંક્શનથી શરૂ થઈને, આમ દેખાવ તો બધા ફર્સ્ટક્લાસ એવું સરસ કાપડ. બધા મોટા-મોટા ઓસીએમ અને દિગ્જામના બધા કાઢે એવા બધા રૂપાળા કાપડ લાગે. બધા artificial હોં. તે દી' એવી કાંઈ ખબર ન પડી. મેં કીધું લાવ એકાદ પેન્ટનું કાપડ લઈ લઈએ. એક પેન્ટનું કાપડ છોકરા માટે લીધું. જ્યાં સીવડાવીને ધોયું તો ન પેન્ટમાં રહ્યું ન ચડ્ડીમાં રહ્યું! બર્મુડો થઈ ગયો. તે દી' બર્મુડાની ફેશન નહોતી. એટલે કીધું હવે આ તો નહિ પહેરાય. મે કીધું કાંઈ નહિ, ન પહેરાય તો નાખી દ્યો બીજું શું થાય? પણ ધોયા પછી ચડી ગયું એમ નહિ. એનો જે દેખાવ હતો રૂપ હતું એ સાવ કદરૂપું થઈ ગયું. બધી શાઈનિંગ-બાઈનિંગ, બધું ઝાકઝમાળ બધું ફિનિશિંગ વયું ગયું. એવું છે! એવું આ ધ્યાન છે. કેવું ધ્યાન છે? એવું ધ્યાન છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપ પણ છેતરાઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા! છેતરાઈ ગયા. અજાણ્યા વિષયમાં તો છેતરાઈ જવાયને! સીધી વાત છે. આપણો વિષય થોડો છે એ?

મુમુક્ષુ :- એમકે ધોયા પછી રોયા - એવું કાપડ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સસ્તુ બહુ આપે ને! એમાં લોભાઈ જાય. અને ભાવ કહે (પછી) અડધા ભાવે આપી દે તમને, એટલે માણસ લલચાઈ જાય. ભાઈ! આવું સારું કાપડ અને આટલું સસ્તું મળતું હોય તો લેવામાં શું વાંધો? પણ એ સસ્તું નથી ખરેખર મોંઘું છે. એટલા પણ જાય. એવું થાય.

મુમુક્ષુ :- આ ધ્યાનની શિબિરો બહુ સસ્તા છેને એટલે લોકો ખેંચાઈ-ખેંચાઈને જાય. પણ છેતરાય છે એની ખબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ખબર ન પડે એટલે ગૃહીત મિથ્યાત્વમાં જાય અને એને નુકસાન થાય છે એ ખબર પડતી નથી.

'**જ્યાં સુધી આત્માનું અસ્તિત્વ ગ્રહણ નથી થયું...**' એટલે ઓળખાણ થઈ નથી. ઓળખાણને અસ્તિત્વ ગ્રહણ કહે છે પોતે. કૃપાળુદેવ પણ એને અસ્તિત્વ ગ્રહણ કહે છે, બહેનશ્રી પણ એને અસ્તિત્વગ્રહણ કહે છે. '**ત્યાં સુધી માત્ર મનની એકાગ્રતા...**' અસ્તિત્વગ્રહણ એટલે ભાવભાસન. '**ત્યાં સુધી માત્ર મનની એકાગ્રતા થાય છે.**' એ મનની એકાગ્રતા, એથી આત્માને કોઈ લાભનું કારણ નથી. એક અંશે પણ પારમાર્થિક લાભ એમાં નથી. અને એને સાચી પદ્ધતિ માને, રીત માને તો ગૃહીત મિથ્યાત્વમાં નુકસાન કરે.

'**મૂળ આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર્યા વગર એકલી મનની એકાગ્રતા કાંઈ કામ**

**આવતી નથી.**' એટલે આત્માને શાંતિ દેતી નથી. એનાથી આત્માને શાંતિ ન મળે. તૃપ્તિ ન થાય. શાંતિ ન મળે અને તૃપ્તિ ન થાય. એક જણ આવ્યા હતા. ત્યાં જઈ આવ્યા હતા, મૂળમાં કૃપાળુદેવના અનુયાયી. જરા શંકામાં હતા કે જઈ આવ્યા તો ખરા, શ્વેતાંબરના કોઈ મહારાજ સાથે ગયા હતા. શ્વેતાંબરમાં મહારાજ ત્યાં-ઈગતપુરી જતા-આવતા થઈ ગયા છે. શીખી આવે, પછી બીજાને શીખવાડે. એ રીતે લોકો પાછા ખેંચાય કે ભાઈ ચાલો આ મહારાજ આપણને ધ્યાન કરાવશે. મેં કીધું કેમ લાગ્યું તમને? તો કહે, એનાલજીનની ટીકડી લેવા જેવું લાગે. એનાલજીનની ટીકડી લીધી હોય તો થોડીવાર દુઃખાવો ઓછો લાગે, પછી દુઃખાવો ચાલુ થઈ જાય - એવું લાગ્યું. એટલે શું ટેમ્પરરી મનની થોડી શાંતિ લાગે. પાછું તેનું તે થઈ જાય. એનાલજીનની ટીકડી લીધી તો દુઃખાવો ઓછો લાગ્યો, પણ જ્ઞાનતંતુ ખરાબ થયા એનું શું?

આશય :- (૧૮૮) **આત્મસ્વરૂપની ઓળખાણ વિના કોઈ એક પ્રકારની કલ્પના કરીને મનની એકાગ્રતા કરવી અને તેને ધ્યાન માનવું તે વિધિ સંબંધી ભૂલ છે. તેથી તે પ્રકારે ઉન્માર્ગે જવા જેવું નથી. સ્વરૂપ પ્રાપ્તિના અભિલાષી જીવે તો સ્વરૂપના ભાવભાસનપૂર્વક સ્વરૂપની એકાગ્રતા સહજ ઉત્પન્ન થાય તેવી વિધિએ કાર્ય કરવા જેવું છે.**

---

**પ્રશ્ન :– ક્યા લક્ષણથી ખ્યાલ આવે કે આ સાચી મુમુક્ષુતા છે?**

**સમાધાન :– ''માત્ર મોક્ષ અભિલાષ'' – એક આત્માની જેને અભિલાષા છે, બીજી કોઈ અભિલાષા નથી; દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર મારે એક આત્મા જ જોઈએ છે––એમ એક આત્મા જ જેને ધ્યેય છે અને જે કોઈ સંકલ્પ વિકલ્પરૂપ વિભાવો થાય તેમાં તન્મયતા નથી, પણ માત્ર આત્માની અભિલાષા જેને મુખ્યપણે વર્તે છે, તેને સાચી મુમુક્ષુતા છે. જેને માત્ર આત્માની જ અભિલાષા છે કે મને આત્મા કેમ પ્રાપ્ત થાય? મને સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય? ને જેને બહારના કોઈ પદાર્થોની ઈચ્છા કે અભિલાષા નથી તે બહારનાં બધાં કાર્યોમાં જોડાય, છતાં બધું ગૌણ હોય છે. તેને ધ્યેય માત્ર એક આત્માનું છે કે એક આત્મા કેમ પ્રાપ્ત થાય? જોકે દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા વગેરે બધું તેને હોય છે, પણ આત્મા વગર તેને ક્યાંય ચેન પડતું નથી. ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે–આમ પોતે અંદર જિજ્ઞાસાથી આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, તે સાચી મુમુક્ષુતા છે. ૧૯૮.**

---

## પ્રશ્ન ૧૯૮ ઉપર પ્રવચન

મુમુક્ષુ :- ભાઈશ્રી ૧૯૮ લ્યોને!

પૂજ્ય ભાઈશ્રી :- કેટલો ચાલે હવે? ટાઈમ તો ઓછો છે. '**ક્યા લક્ષણથી ખ્યાલ આવે કે આ સાચી મુમુક્ષુતા છે?**' ૧૯૮ થોડો ચાલશે. '**ક્યા લક્ષણથી ખ્યાલ આવે કે આ સાચી મુમુક્ષુતા છે?**' મુમુક્ષુતા ઉપરનો પ્રશ્ન છે. તો એનું લક્ષણ બતાવ્યું છે. '**માત્ર મોક્ષ અભિલાષ**' પૂર્ણતાનું લક્ષ. એનું લક્ષણ શું? પૂર્ણતાનું લક્ષ. ''**માત્ર મોક્ષ અભિલાષ'-એક આત્માની જેને અભિલાષા છે, બીજી કોઈ અભિલાષા નથી; દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર મારે એક આત્મા જ જોઈએ છે-એમ એક આત્મા જ જેને ધ્યેય છે..**' મોક્ષ અભિલાષમાં આત્માનું ધ્યેય છે. આત્મા સિવાય બીજી કોઈ વાત અંદર નથી મોક્ષ અભિલાષમાં. અને ધ્યેય હોય, જેનું ધ્યેય હોય એનું ધ્યાન ખસે નહિ. ધ્યાન આવી ગયું એમાં. કેમકે ધ્યેયને ધ્યાન સાથે સંબંધ છે. ધ્યેયને અનુસરતા પરિણામને ધ્યાન કહીએ. તો જેણે એક આત્માની પૂર્ણતાનું લક્ષ બાંધ્યું, ધ્યેય થયું તો એને બધા પરિણામ દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર એ જ વાત એને ચાલુ ને ચાલુ રહે. બહારમાં ભલે એમ લાગે કે બીજા સાથે જોડાણા છે, પણ અંદરમાં એ જ ચાલુ રહે.

'**એક આત્મા જ જેને ધ્યેય છે અને જે કોઈ સંકલ્પ વિકલ્પરૂપ વિભાવો થાય તેમાં તન્મયતા નથી,..**' એ ધ્યેયને કારણે બીજે તન્મયતા થતી નથી. એક બાજુ ખેંચાણ આવ્યુંને? એટલે એક બાજુના ખેંચાણને લઈને બીજી બાજુની તન્મયતા ઊભી નથી થતી. '**પણ માત્ર આત્માની અભિલાષા જેને મુખ્યપણે વર્તે છે, તેને સાચી મુમુક્ષુતા છે.**' એટલે ખરેખર જેને મુક્ત થવું છે તેને મુમુક્ષુતા છે. કોને મુમુક્ષુતા છે? જેને ખરેખર મુક્ત થાવું છે તેને મુમુક્ષુતા છે. ખરેખર મુક્ત થવાનો ઈમાનદારીપૂર્વકનો અભિપ્રાય છે એ મુમુક્ષુ છે. ઈમાનદારી નથી એને શું કહેવાય છે ઉર્દૂમાં? બેઈમાન. સારું લાગે? કેવું કડક લાગે? જ્યાં સુધી અંતર અભિપ્રાય એ પ્રકારનો ન થાય, એટલે પૂર્ણતાનું લક્ષ ન થાય, ત્યાં સુધી આ જીવની પોતાના આત્મકલ્યાણ માટે બેઈમાની ચાલુ છે. ઠીક! એ કડક વાત છે જરા. કરે છે કામ - સ્વાધ્યાય કરે, ભક્તિ કરે, સમર્પણ કરે પણ ઈમાનદારી વગર. ઠીક! કેવું લાગે?

મુમુક્ષુ :- ભાઈશ્રી! ખરેખર તો મુમુક્ષુને માટે આ કડક ન પડવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ. શાંતરસના મૂળ છે આ બધા. પણ કાયરને પ્રતિકૂળ. આ તો ભવરોગના ઔષધો છે અને ઔષધ

કડવું હોય તો અંદરમાં જે ઝેર ઉત્પન્ન થઈને રોગ પ્રવર્તતો હોય એ ઝેરને મારી નાખે. કડવું ઔષધ હોય એ ભલે કડવું સ્વાદ લેવામાં પસંદ ન હોય, પણ એ કડવું અંદરના ઝેરને મારી નાખે. એમ છે. '**એમ એક આત્મા જ જેને ધ્યેય છે અને જે કોઈ સંકલ્પ વિકલ્પરૂપ વિભાવો થાય તેમાં તન્મયતા નથી,...**' એને. આત્માના ધ્યેયને લઈને. જુઓ! હજી ભેદજ્ઞાન નથી થયું, જ્ઞાનદશા નથી આવી, તોપણ તન્મયતા ન થાય. કેમકે જાગૃતિ રહી જાય છે. ધ્યેયને લઈને જાગૃતિ રહી જાય છે. '**પણ માત્ર આત્માની અભિલાષા જેને મુખ્યપણે વર્તે છે, તેને સાચી મુમુક્ષુતા છે.**' એ અભિલાષાવાળો, જાગૃતિવાળો એ જ સાચો મુમુક્ષુ છે. જેટલે અંશે જાગૃતિ એટલે અંશે મુમુક્ષુતા. એ એનું માપ. '**જેને માત્ર આત્માની જ અભિલાષા છે કે મને આત્મા કેમ પ્રાપ્ત થાય? મને સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય? ને જેને બહારના કોઈ પદાર્થોની ઈચ્છા કે અભિલાષા નથી તે બહારનાં બધાં કાર્યોમાં જોડાય, છતાં બધું ગૌણ હોય છે.**' આત્માભિલાષીને ઉદય તો હોય છે. ઉદયમાં જોડાય પણ છે, પણ બધું ગૌણ થાય છે કાંઈ મુખ્ય થાતું નથી અને નહિતર ઉદયમાં આખેઆખો ટીંગાઈ જાય છે, અરે! મને ઉદય આવ્યો અને આ ઉદયમાં હવે શું કરીએ ભાઈ! ઉદયમાં એવું થઈ ગયું છે ને, એમ કરીને એમાં આખેઆખો ગરી જાય છે. (નહિતર) ઉદય એને ગૌણ વર્તે છે, કેમકે મુખ્ય એને આત્મકલ્યાણનું ધ્યેય થઈ ગયું.

મુમુક્ષુ :- અંદરમાં આશા-અપેક્ષા પોતાની જ હોય છે આ જોઈએ.. આ જોઈએ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને આત્માનું ધ્યેય હોય નહિ. '**તેને ધ્યેય માત્ર એક આત્માનું છે કે એક આત્મા કેમ પ્રાપ્ત થાય? જોકે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા વગેરે બધું તેને હોય છે, પણ આત્મા વગર તેને ક્યાંય ચેન પડતું નથી.**' હોય બીજું, જેમ અશુભ ઉદય હોય એમ શુભ ઉદય પણ હોય. પણ અંદર એક જ લગની છે કે આત્મા જોઈએ.. આત્મા જોઈએ.. આત્મા સિવાય બીજું કાંઈ ન જોઈએ. '**ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે...**' એ તારા જ્ઞાન સિવાય, તારા ગુણ સિવાય બધું ભિન્ને-ભિન્ન છે. તને કાંઈ કામમાં આવશે નહિ. જેટલી અપેક્ષા રાખીશ એટલો દુઃખી થઈ જઈશ. '**આમ પોતે અંદર જિજ્ઞાસાથી આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે,..**' જિજ્ઞાસા કહો કે ભાવના કહો. તો '**તે સાચી મુમુક્ષુતા છે.**' એ જિજ્ઞાસા ક્યારે કહેવાય? કે પ્રયત્ન હોય ત્યારે. અહીં સુધી રાખીએ. પછી આગળ ક્રમમાં-(૧૯૮) આવશે ત્યારે જોઈશું.

**પ્રશ્ન :– કાલે વાત થઈ હતી કે ભાવના–ભાવનામાં ઘણો ફેર હોય છે. એક ભાવના એવી કે અંતર ભેદી નાખે?**

**સમાધાન :– ભાવના એવી ઉગ્ર હોય કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય. મંદ–મંદ ભાવના કે ઉપર ઉપરથી ભાવના કે મંદ–મંદ પુરુષાર્થ કર્યા કરે એ ઉગ્ર ભાવના નહિ. આ તો અંતરને ભેદી નાખે–અંતરમાંથી ભેદજ્ઞાન કરી નાખે, એવી ભાવના કોઈ જુદી જ હોય છે. અંદરથી ચૈતન્યના માર્ગે ચાલતાં તેને શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે, અને વિભાવ પરિણતિ જુદી પડી જાય છે. અલ્પ વિભાવ પરિણતિ અધૂરાશને લઈને થાય છે, પણ તે ભેદજ્ઞાન કરે છે કે હું તો ચૈતન્ય છું, આ વિભાવ મારો નથી. આ રીતે અંતરને ભેદી નાખીને ચૈતન્ય તરફ તેની પરિણતિ દોડી જાય છે અને પોતાના સ્વભાવને ગ્રહણ કરી લે છે. ૨૨૧.**

## તા. ૨–૬–૧૯૯૭, પ્રશ્ન– ૨૨૧તથા૧૮૯
## પ્રવચન નં. ૧૩૮

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૩૭. ૨૨૧મો પ્રશ્ન. ભાવનાનો પ્રશ્ન કર્યો છે. '**ભાવના-ભાવનામાં ઘણો ફેર હોય છે.**' એટલે કોઈ ઉપર-ઉપરની જ ભાવના હોય છે અને એક ભાવના એવી કે અંતર ભેદી નાખે. અંતર ભેદી નાખે એટલે અંતર પરિણતિ જે સંસારની છે એને ફેરવી નાખે. અંદરમાંથી ફેરફાર કરી નાખે. અંદરમાંથી જ્યાં સુધી ફેરફાર ન થાય ત્યાં સુધી ઉપર ઉપરનો ફેરફાર ટકતો નથી.

'**સમાધાન :- ભાવના એવી ઉગ્ર હોય કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય. મંદ-મંદ ભાવના કે ઉપર ઉપરથી ભાવના કે મંદ-મંદ પુરુષાર્થ કર્યા કરે એ ઉગ્ર ભાવના નહિ.**' શું કહે છે? કે ભાવના એવી ઉગ્ર હોય કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય. એ ભેદજ્ઞાનની ભૂમિકા સુધી પહોંચી જાય. ભાવના તો પહેલેથી જાગે, પછી બધા સ્ટેજ શરૂ થાય. છેલ્લું સ્ટેજ છે એ ભેદજ્ઞાન છે કે જે સ્વાનુભૂતિનું કારણ છે, શુદ્ધોપયોગનું કારણ છે. એવું જે ભેદજ્ઞાન છે એ એવી દશાએ પહોંચી જાય, એવી ભાવના હોવી ઘટે. ત્યાં સુધી ભાવનાનો ફોર્સ જ કામ કર્યા કરે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભેદજ્ઞાનમાં પણ એક જ ભાવનાસહિતનું ભેદજ્ઞાન. એક ભાવના વિનાનું ભેદજ્ઞાન.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના વિનાના ભેદજ્ઞાનને ભેદજ્ઞાન કહેવાય જ નહિ. વિકલ્પ કહેવાય ભેદજ્ઞાનનો. વિકલ્પ ચાલે, ભેદજ્ઞાન ન ચાલે. ભાવના હોય તો જ ભેદજ્ઞાનનો પ્રયત્ન બરાબર ચાલે, બાકી વિચાર-વિકલ્પ ચાલે એ કાંઈ ભેદજ્ઞાન નથી. અને એ લોકો ભેદજ્ઞાન માની લે પણ પછી થાકી જાય કે આપણે તો ઘણું-ઘણું ભેદજ્ઞાન કર્યું, આપણને તો કાંઈ થાતું જ નથી. પણ એ ભેદજ્ઞાન હોતું જ નથી પછી ક્યાંથી થાય? બાકી ભેદજ્ઞાનના ફળમાં શુદ્ધોપયોગ થયા વિના રહે જ નહિ. પ્રોસેસ જ એવો છે એ કે એને અનુભવ થાય જ.

મુમુક્ષુ :- એક પ્રકારની પરિસ્થિતિમાં તો સત્પુરુષની ઓળખાણ થઈ?

પૂજ્ય ભાઈશ્રી :- બધા સ્ટેજ આવી ગયા બધા. વેદનાથી માંડીને છેક અવલોકન પૂરું થઈને ભેદજ્ઞાન સુધી પહોંચી જાય. બાકીના વચ્ચેના બધા આવી જાય. પૂર્ણતાનું લક્ષ આવી જાય, સત્પુરુષની ઓળખાણ આવી જાય, પ્રયોજનની દૃષ્ટિ આવી જાય, બધા સ્ટેજનો વૈરાગ્ય અને ઉદાસીનતાનો ક્રમ આવી જાય, એ બધું આવી જાય. પછી ભેદજ્ઞાનનો વારો આવે છેલ્લે. અને એ ભેદજ્ઞાન થાય ત્યારે અનુભવ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- આપ પરમદિવસે એ કહેતા હતા કે ભાવભાસન થાય ત્યારે સત્પુરુષની ઓળખાણ થઈ સમજવી.

પૂજ્ય ભાઈશ્રી :- ના! ભાવભાસન થાય ત્યારે નહિ. ઓળખાણ થાય પછી ભાવભાસન થાય. સત્પુરુષની ઓળખાણ પહેલા થાય, ભાવભાસન સ્વરૂપનું પછી થાય. કેમકે ઓલું પહેલું સમકિત છે, આ બીજું સમકિત છે.

મુમુક્ષુ :- એટલે ભેદજ્ઞાન પ્રગટ થવા મંડે એટલે પહેલું સમકિત થયું?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એ બીજા સમકિત પછીની વાત છે. બીજા સમકિત પછી જે ભેદજ્ઞાન ચાલે એના ફળમાં શુદ્ધોપયોગ થાય. એમ.

'**ભાવના એવી ઉગ્ર હોય કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય.**' એટલે ભેદજ્ઞાન, સહજ ભેદજ્ઞાનની દશાએ ચડી જાય, એવી ભાવના હોવી જોઈએ. '**મંદ-મંદ ભાવના કે ઉપર ઉપરથી ભાવના કે મંદ-મંદ પુરુષાર્થ કર્યા કરે એ ઉગ્ર ભાવના નહિ.**' અથવા એ ખરી ભાવના નથી. જે ભાવના હોવી જોઈએ એ ભાવના નથી. '**આ તો અંતરને ભેદી નાખે..**' અંતરમાંથી ભેદજ્ઞાન કરી નાખે એવી ભાવના કોઈ જુદી જ હોય છે. એ ક્યાંય થંભે નહિ, ક્યાંય અટકે નહિ, ક્યાંય તૂટે નહિ - એવું ભાવના કામ કરે.

ભાવના વિરુદ્ધ જરાક પરિણામ ચાલે તો એને - ભાવનાને ઠેસ લાગે. ખબર

પડી જાય. એટલે ભાવના જાગૃતિ પણ એટલી જ લઈ આવે. બાકીના બધા સ્ટેજના પરિણામો ભેદજ્ઞાન અને સ્વાનુભવ આ બધાના મૂળિયા ભાવનામાં રહ્યા છે. એ બધા પરિણામ થવાના મૂળિયા એક ભાવનામાં રહ્યા છે.

મુમુક્ષુ :- ભાવનામાં જ્ઞાનધારા ચાલુ થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, જ્ઞાનધારા તો પછી થાય છે, સ્વાનુભવ પછી ચાલુ થાય છે. ભેદજ્ઞાનપૂર્વક સ્વાનુભવ થયો, શુદ્ધોપયોગ થયો, પછી ભેદજ્ઞાન ધારા ચાલે. એ જ્ઞાનદશાનો વિષય છે.

મુમુક્ષુ :- તો આ ભાવનામાં કઈ પ્રકારની ધારા ચાલતી હશે?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનાની ધારા ચાલે.

**'અંતરને ભેદી નાખે-અંતરમાંથી ભેદજ્ઞાન કરી નાખે, એવી ભાવના કોઈ જુદી જ હોય છે. અંદરથી ચૈતન્યના માર્ગે ચાલતાં તેને શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે, અને વિભાવ પરિણતિ જુદી પડી જાય છે.'** અંતરના ચૈતન્યના માર્ગે ચાલતા, એટલે પછી આત્માના અનુભવના માર્ગે ચાલતા શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે એ જ્ઞાનધારા. અને વિભાવ પરિણતિ જુદી પડી જાય છે. એટલે વિભાવ અને સ્વભાવની પરિણતિ જુદી પડી જાય છે.

**'અલ્પ વિભાવ પરિણતિ અધૂરાશને લઈને થાય છે, પણ તે ભેદજ્ઞાન કરે છે કે હું તો ચૈતન્ય છું,..'** એ થોડું-ઘણું વિભાવની પરિણતિ રહી છે એ તો જ્ઞાનીને પોતાના પુરુષાર્થની અધૂરાશને લઈને રહી છે. એ પાછું જ્ઞાનદશાનું જે ભેદજ્ઞાન ચાલે છે એ ભેદજ્ઞાનને લઈને પોતાના સ્વરૂપમાં અભેદતા સધાતી જાય છે. હું તો ચૈતન્ય છું એનો અર્થ કે પોતાના સ્વરૂપમાં અભેદતા સાધતો જાય છે ભેદજ્ઞાન દ્વારા. પરથી ભિન્નતા સાધે છે અને સ્વરૂપથી અભિન્નતા સાધે છે.

**'આ વિભાવ મારો નથી. આ રીતે અંતરને ભેદી નાખીને ચૈતન્ય તરફ તેની પરિણતિ દોડી જાય છે...'** આ વિભાવ મારો નથી. વિભાવનો નિષેધ આવે છે. અને એ સંસાર પરિણતિને ભેદીને ચૈતન્ય તરફ પરિણતિ દોડી જાય છે. આખી પરિણતિ બદલાઈ જાય છે **'અને પોતાના સ્વભાવને ગ્રહણ કરી લે છે.'** ભાવનાના ફળમાં શુદ્ધોપયોગ આવી જાય છે. ભેદજ્ઞાન થઈને શુદ્ધોપયોગ આવી જાય છે. એમ. એ ભાવભાસન પછી પરિણતિમાં મોટો ફેર પડે છે. પરિણતિ તો પહેલેથી શરૂ થાય છે, stage wise ભાવભાસન પછી પુરુષાર્થની પરિણતિ છે એ ઘણી જોરદાર પરિણતિ ઉત્પન્ન થઈ જાય છે. એ ભાવનાનો વિષય ચાલ્યો.

**પ્રશ્ન :– સૂક્ષ્મ ઉપયોગની ભૂમિકાએ પહોંચવા માટે શું કરવું?**

**સમાધાન :– તત્ત્વના ઊંડા વિચારો કરવા, જ્ઞાયકની લગની લગાવવી, તેનો મહિમા કરવો. બહાર ઉપયોગ જે જાય છે તે બધો સ્થૂલ છે. તેની મહિમા અને એકત્વબુદ્ધિ તોડીને હું ચૈતન્ય છું, હું મહિમાનો ભંડાર છું, બધું મારામાં છે, બહારમાં કાંઈ નથી એમ બધા વિકલ્પોની વચ્ચે હું કોણ છું તેને ઓળખવાનો પ્રયત્ન કરવો. તે માટે પોતે સૂક્ષ્મ ઉપયોગ કરે તો તેને ઓળખી શકે છે. બહાર જતો સ્થૂલ ઉપયોગ હોય તો ઓળખી ન શકે. માટે તત્ત્વના વિચારો કરવા, મહાપુરુષોએ જે માર્ગ બતાવ્યો છે તેના વાંચન–વિચારો કરવા, અને પોતે અંતરમાં આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. ૧૮૯.**

## પ્રશ્ન ૧૮૯ ઉપર પ્રવચન

ચાલતા ક્રમથી લઈએ. ૧૮૯. ૧૮૮ સુધી થયા છેને? ૧૮૯. પાનું-૧૨૬.

'**પ્રશ્નઃ- સૂક્ષ્મ ઉપયોગની ભૂમિકાએ પહોંચવા માટે શું કરવું?**' ઉપર આવ્યુંને? ઉપયોગને સૂક્ષ્મ કરીને સ્વરૂપને ગ્રહણ કરાય છે. ધ્યાનમાં પોતે પોતાના જ્ઞાન દ્વારા સૂક્ષ્મ ઉપયોગ કરીને પોતાને ગ્રહણ કરે, એનું નામ ધ્યાન છે. શ્વાસોચ્છ્વાસ ઉપર એકાગ્રતા થાય એનું નામ ધ્યાન નથી. એટલે એમાંથી એ પ્રશ્ન આગળ ચાલ્યો કે સૂક્ષ્મ ઉપયોગની ભૂમિકાએ પહોંચવા માટે શું કરવું?

'**સમાધાન :- તત્ત્વના ઊંડા વિચારો કરવા, જ્ઞાયકની લગની લગાવવી, તેનો મહિમા કરવો.**' અથવા રુચિ ઉપયોગની સૂક્ષ્મતાનું કારણ છે, એટલે રુચિના આ બધા ફેક્ટર છે કે લગની લાગે, ઊંડી વિચારણા ચાલે અને બીજું મૂલ્ય ઓછું થઈને આત્માનું મૂલ્ય વધારે આવે - એ બધા રુચિને બતાવનારા ભાવો છે. અને એ ભાવોથી ઉપયોગ સૂક્ષ્મ થાય છે. પ્રયોજનની પક્કડ પણ જેટલી તીવ્ર હોય, તીખી હોય એટલો ઉપયોગ પણ સૂક્ષ્મ થાય છે. પણ એનું કારણ પણ રુચિ છે, એનું કારણ પણ સ્વરૂપની રુચિ જ છે. સ્વરૂપ પ્રાપ્તિની રુચિ છે એ ઉપયોગને સૂક્ષ્મ કરે છે. એનો અર્થ એ થયો કે સ્વરૂપ પ્રાપ્તિની અરુચિ ઉપયોગને સ્થૂળ કરે છે. vice versa - સામેસામે છે.

સ્વભાવ છે એ આત્માનું સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વ છે. મૂળસ્વરૂપ છે એ સૂક્ષ્મ છે. એને સૂક્ષ્મ ઉપયોગ સિવાય ગ્રહણ ન કરી શકાય. ગુરુદેવ દૃષ્ટાંત એ આપતા કે ઝીણા હીરા અને ઝીણા મોતી પકડવા માટે સમાણી હોય, એનું પોઈન્ટ ત્યાંનું sharp હોય.

તો એ સમાણીથી પકડાય. તપેલી પકડવાની સાણસી, એનાથી હીરા કે મોતી ન પકડાય કે એરુ પકડવાનો સાણસો હોય એનાથી તપેલી ન પકડાય. હીરા અને મોતીના વેપારવાળાને તો સમાણી રાખવી જોઈએ. એમ આ વેપાર એવો સૂક્ષ્મ છે. એમાં ઉપયોગ સૂક્ષ્મ હોય તો જ કામ કરે, સ્થૂળ ઉપયોગવાળાનો ઉપયોગ કામ ન કરે.

સ્થૂળ ઉપયોગમાં સંસારની રુચિ છે, આત્માની અરુચિ છે. સ્થૂળ ઉપયોગમાં સંસારની રુચિ છે એને સંસારના પદાર્થોની કિંમત છે અને એને સંસારના વિષયોની પણ રુચિ છે. પુદ્ગલોની પણ રુચિ છે એને. એ રુચિવાળાનો ઉપયોગ સૂક્ષ્મ કામ ન કરે. ઉપયોગ એનો સ્થૂળ થઈ જાય. બુદ્ધિ ઘણી હોય હોં! ધંધા વેપારમાં, બીજા, ત્રીજામાં એના પોતાના કામમાં જે જાતનો ક્ષયોપશમને લઈને પૂર્વકર્મને લઈને આવ્યો, એ પૂર્વકર્મની મૂડી છે. જેમ પૂર્વકર્મના પુણ્ય છે એમ ક્ષયોપશમ પણ પૂર્વકર્મ આધારિત છે. એમાં બુદ્ધિ ઘણી ચાલે, ઍરોપ્લેન પણ બનાવે અને બોમ્બ પણ બનાવે, રૉકેટ પણ બનાવે. પણ આત્માને ગ્રહણ કરવામાં ઉપયોગ કામ ન થાય, ઉપયોગ સૂક્ષ્મ ન થઈ શકે. એવું છે.

નહિતર બુદ્ધિ ઘણી હોવી, ક્ષયોપશમ ઘણો હોવો એક વાત છે અને જ્ઞાનની સૂક્ષ્મતા અને નિર્મળતા હોવી એ બીજી વાત છે. સ્વરૂપ શુદ્ધ હોવાથી ઉપયોગમાં નિર્મળતા પણ જોઈએ અને સ્વરૂપ સૂક્ષ્મ હોવાથી ઉપયોગમાં સૂક્ષ્મતા પણ જોઈએ. એ બેય ફૅક્ટર ઉપયોગને પ્રાપ્ત થાય ત્યારે જ એ ઉપયોગ સ્વરૂપને ગ્રહણ કરે, કરી શકે, નહિતર ગ્રહણ કરી શકે નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એકવાર ફરીને.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મસ્વરૂપ છે એ શુદ્ધ છે, નિર્મળ છે અને સૂક્ષ્મ છે. તો એને ગ્રહણ કરનાર ઉપયોગ પણ સૂક્ષ્મ અને નિર્મળ હોવો જરૂરી છે, તો જ એ ગ્રહણ થાય, નહિતર ગ્રહણ ન થાય એ સમજી શકાય એવી વાત છે. લોહીનો ડાઘ લોહીથી ન ધોવાય, કોલસાનો ડાઘ કોલસાથી સાફ ન કરાય. એના માટે પાણી અને ડિટરજન્ટ જોઈએ. એના જેવી વાત છે.

જેટલો-જેટલો દર્શનમોહ મંદ થતો જાય, એટલે દર્શનમોહનો અનુભાગ તૂટતો જાય, એની શક્તિ અને રસ ઘટતો જાય એટલું-એટલું જ્ઞાન નિર્મળ થાય અને સૂક્ષ્મ પણ થાય. એટલે આ જે આખો પ્રોસેસ છે એ દર્શનમોહના અનુભાગ તોડવાનો પ્રોસેસ છે. બહુ વ્યવસ્થિત વાત છે. જેમ મિકૅનકલ એન્જિનિયરિંગ છે, સિવિલ એન્જિનિયરિંગ છે - એક સાયન્સ છે. કેમિકલ એન્જિનિયરિંગ છે. હવે તો એ શબ્દ લાગે છે સેલ્સ એન્જિનિયરિંગ. વેચાણ કરવા માટેના નિષ્ણાંતો હોય એ એના જ્ઞાનને સેલ્સ એન્જિનિયરિંગ

કહે છે. ઠીક! પણ જેમ એ એક વિજ્ઞાન છે એમ આ એક વિજ્ઞાન છે. પણ દર્શનમોહને જ્યાં સુધી નબળો પાડો નહિ ત્યાં સુધી જીતવાની કોઈ આશા નથી. દર્શનમોહને ન જીતો ત્યાં સુધી બીજા દોષોને જીતવાની કોઈ આશા રાખવી નહિ. નિર્દોષ થવાની વ્યવસ્થિત કાર્યપદ્ધતિ છે. એમ નથી કે પૂજા, ભક્તિ, શાસ્ત્ર વાંચી લ્યો, આ કરી લ્યો, તે કરી લ્યો, ફલાણું કરી લ્યો, એટલે થઈ જાય એમ નથી. સમજણપૂર્વક બરાબર વ્યવસ્થિત રીતે કામ હાથમાં લેવું જોઈએ. નહિતર ગુરુદેવની ભાષામાં કહીએ તો એ જેટલું બધું કરે છે એ બધા કડાકૂટા છે. કડાકૂટ છે બધી. અને આચાર્યો તો એને ક્લેશ કહે છે. શું કહે છે? 'ક્લિશ્યતાં' ૧૪૨ કળશમાં લીધું છે અમૃતચંદ્રાચાર્યે. એ બધું કરીને ક્લિશ્યતાં. ક્લેશ તમે પામો તો પામો. એટલે એ સમજણ વગર બધું કરતા તમે ક્લેશ પામશો. 'જ્ઞાનં જ્ઞાન ગુણં વિના પ્રાપ્તં ક્ષમંતે નહિ.' જ્ઞાન જ્ઞાનગુણ વિના પ્રાપ્ત નહિ થાય. મહાવ્રતના ભારથી ગમે તેટલા તપ કરો, શરીર ભાંગી જાય એટલા. ભગ્નાશ્ચિરમ્ - ભાંગી જાય, તૂટી મરો એમ કહે. કાંઈ થવાનું નથી. અમૃતચંદ્રાચાર્યે વાત કરી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દર્શનમોહને તોડવા અથવા મંદતા માટે જ્ઞાનનો રોલ શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનો રોલ સમજણ કરવી તે છે. સ્વલક્ષી યથાર્થ સમજણ કરવી તે જ્ઞાનનો રોલ છે. જો સ્વલક્ષી યથાર્થ સમજણ થાય તો પોતાને અંતઃકરણની શુદ્ધિ માટે વેદના ઊપજ્યા વિના રહે નહિ. ચિંતના ઊભી થાય કે અરેરે..! આ જીવે અનંતકાળથી ઘણા વિપરીતભાવો કરી કરીને ઘણા વિપરીત સંસ્કારો ગ્રહણ કરી કરીને બહુ સંસારની પરિણતિ તગડી બનાવેલી છે. નિગોદ સુધી જવાના પરિણામ આ જીવે કર્યા છે, અનંતવાર નિગોદમાં ગયો છે. હજી નહિ સમજે તો અનંતવાર નિગોદમાં (જવું પડશે.) એકવાર નહિ, અનંતવાર નિગોદમાં જાશે. એટલે એને એની ચિંતા અને વેદના ઊપજ્યા વિના રહે નહિ. પણ એ સ્વલક્ષી સમજણ એના પાયામાં છે. એ જ્ઞાનનો રોલ છે. પછી બધા તબક્કામાં, મુમુક્ષુની ભૂમિકામાં પ્રધાનપણે એ જ્ઞાનનો રોલ જ કામ કરે છે, સ્વલક્ષી જ્ઞાન જ કામ કરે છે, એ સ્વલક્ષી જ્ઞાન રુચિને ઉત્પન્ન કરે, પુરુષાર્થને ઉત્પન્ન કરે, જિજ્ઞાસા અને ભાવનાને ઉત્પન્ન કરે, ભાવનાને ઉત્પન્ન કરવાનું કારણ પણ સ્વલક્ષી જ્ઞાન છે.

એટલે '**તત્ત્વના ઊંડા વિચારો કરવા,...**' ઊંડા વિચારોમાં એ વાત છે. સ્વલક્ષી. ભાઈએ કીધું કે, ભાઈ ઘણીવાર પ્રશ્ન પૂછતો હતો કે આ કેમ થાતું નથી? મારે કરવું છે અને કેમ થાતું નથી? મારે તો કરવું છે પણ કેમ થાતું નથી? હવે કાંઈક થોડોક ઊંડો વિચાર ચાલ્યો અને પકડાણો કે, પહેલેથી જ પોલ હતી મારે! કે આ લાઈનમાં જાવું છે ખરું પણ કદાચ success નહિ જાય, તો પછી ધંધા-વેપારમાં લાગીને,

કમાણીમાં લાગીને અને પૈસા કમાવવામાં બરાબર પાછા આપણને વાંધો આવશે નહિ.

શું છે કે ભાઈ વેપાર-ધંધો તો બધા બાપ-દાદાનો સ્થાપેલો હોય એટલે વાંધો આવે નહિ. અમે તો શૂન્યમાંથી ઊભા થયા હતા. પણ એ સાઈડ છોડી દીધી. શૂન્ય હતું ત્યારે પણ. એકસો રૂપિયાનો પગાર. કેટલો? એકસો રૂપિયાનો પગાર હતો અને bankbalance nil. એટલે bankમાં ખાતુ જ નહોતું પછી balanceનો સવાલ રહેતો નથી. bankમાં ખાતુ હોય તો balance હોયને એની અંદર? કે ભાઈ ચાલો સેવિંગ ખાતામાં પાંચ રૂપિયા રાખ્યા છે. એ કાંઈ નહિ, એટલે મૂક્યું પડતું. કે એ દિશામાં જાવું જ નથી.

જાવું હતું ત્યારે તો આખી દુનિયા લેવી હતી હોં! ૧૯ વર્ષે મુંબઈ ખરીદવી હતી. એ બાજુ ઘોડો દોડતો હતો ત્યારે એવો જ દોડતો હતો. પણ એ ઘોડો મરી ગયો પછી. ઘોડો મરી ગયો! એટલે એના ઉપર પછી સવાર થવાનું તો રહ્યું નહિ. જેવી ખબર પડી કે ભાઈ સમ્યગ્દર્શન થાય અને જ્ઞાન થાય ત્યારે નિર્વાણપદનું reservation તો થઈ જ જાય છે અને અહીંયાં ગૃહસ્થદશામાં પણ એ તો થઈ શકે છે. એના માટે જરૂર નથી કે તમે ઘર છોડીને જંગલમાં જાવ અને તો તમને ત્યાં જ્ઞાન પ્રગટે- એવું કાંઈ છે નહિ.

રામચંદ્રજીએ સમ્યગ્દર્શનમાં હજારો વર્ષ રાજ કર્યું. સમ્યગ્દર્શનમાં ચૌદ વર્ષ વનવાસ ગયા, તો ચૌદ વર્ષે પાછા આવ્યા ત્યારે બીજી આઠ સ્ત્રીઓ વધી ગઈ હતી. જ્યાં-જ્યાં જાય, ખબર પડે કે ઓહોહો..! આ તો અયોધ્યાના મોટા મહારાજા છે અને પોતે ચાહીને વનવાસ માટે નીકળ્યા છે. તો કહે અમારી કન્યા પરણો. આઠ કન્યા પરણ્યા છે.

મુમુક્ષુ :- રામચંદ્રજી?

પૂજ્ય ભાઈશ્રી :- હા પદ્મપુરાણમાં આવે છે. આ લોકો (અન્યમતમાં) તો બીજી રીતે લે છે કે, રામચંદ્રજીને એક પત્નીવ્રત હતું એમ કહે. મોટા મહારાજા હતા પણ એમકે કોઈ બીજી સ્ત્રીઓ સાથે લગ્ન નહોતા કરતા. જૈન રામાયણમાં એવું નથી આવતું. લક્ષ્મણજી પણ પરણ્યા છે, લક્ષ્મણજીને કોકે કન્યાઓ આપી છે. રામચંદ્રજીને આપી છે.

મુમુક્ષુ :- પદ્મપુરાણમાં રાવણની પ્રશંસા બહુ કરી છે અને એમને પણ ઘણી કન્યાઓ પરણી છે.

પૂજ્ય ભાઈશ્રી :- રાવણના રાણીવાસમાં તો સેંકડો રાણીઓ હશે. હજારો રાણીઓ છે. એ તો પ્રતિવાસુદેવ હતાને! પણ આ તો રામચંદ્રજીની વાત છે. એ તો આદર્શ

પુરુષ ગણાયા છેને? સંસારમાં પણ આદર્શ પુરુષ ગણાયા છે. સમ્યગ્દર્શન છે, સીતા જેવી નારાયણી છે પછી વળી બીજી સ્ત્રીઓને પરણવાનું કામ શું હોય? બધી એનાથી તો inferior હોય. આ તો પટરાણી પહેલેથી છેલ્લે સુધી રાજ પટરાણી રહ્યા છે. સીતાજી જ રહ્યા છે, પણ એ જાતના પૂર્વકર્મના બધા યોગ હોય છે અને એ ખાતા બધા (સરભર) બંધ કરવાની વાત છે. લેણદેણ પૂરી કરીને, અમારા ચોપડામાં એવી પદ્ધતિ હતી ખાતુ સરખું થાય એટલે નીચે કરીએ 'શ્રી'.

મુમુક્ષુ :- ફાટ્યા મારીને.

પૂજ્ય ભાઈશ્રી :- ફાટ્યા મારીને 'શ્રી' કરી નાખે. પૂરું થઈ ગયું જાવ!

મુમુક્ષુ :- ચા વેચવા માટે ખાંડ લઈ આવે એમ લે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એવું છે. ન સમજાય એવી કેટલીક વાતો છે. ઉપર-ઉપરથી ન સમજાય.

કહેવાનો મતલબ શું છે કે મુમુક્ષુને ઉપયોગની સૂક્ષ્મતાની ભૂમિકા તત્ત્વના ઊંડા વિચાર કરવાથી, એટલે કે સ્વલક્ષી વિચાર કરવાથી આવે છે. એટલે પકડાણું કે, ભાઈ પહેલેથી જ મારા અભિપ્રાયની અંદર, આ આધારબુદ્ધિ પાક્કી રાખીને પછી આ બાજુ જવાની થોડી-થોડી મહેનત કરી હતી. ક્યાંથી જવાય? ઓલું ખેંચે જને! ઓલું ખેંચે જ. એટલે એ તો સાવ ચોકડી મૂકી દેવી જોઈએ કે હવે સંસાર વધારવો નથી અને હવે સંસાર કરવો નથી. હવે આ એક જ દિશામાં જાવું છે, પૂરી તાકાતથી અને પૂરી શક્તિથી. પછી જે વર્તમાન પૂર્વકર્મ અનુસાર સંયોગો હોય એને adjust કરવાની વાત છે. ભાવનામાં ફેરવવાની કોઈ વાત નથી. અભિપ્રાયમાં ફેરફાર કરવાની વાત નથી. થોડો ફેરફાર, adjustment વર્તમાન સંયોગો સાથે કરવો પડે અને એમાં ચાલે નહિ. કેમકે એ પૂર્વકર્મનું નિબંધન છે એટલે એ બંધન ભોગવવું પડે જીવને, પણ અભિપ્રાયમાં એ વાત નથી. અભિપ્રાયમાં તો આખો સંસાર બળીને રાખ થઈ જાય. સંસારને લીલો રાખવાનો નથી, લીલી વાડી નથી રાખવાની પણ બાળી નાખવાની છે. લીલી હોય તોપણ એ વાડીને બાળી નાખવાની છે.

મુમુક્ષુ :- મૂળમાંથી જ બાળી નાખવાની.

પૂજ્ય ભાઈશ્રી :- મૂળમાંથી. બાળી નાખો પછી ન ઊગે. એટલે પૂરેપૂરી શક્તિથી આ બાજુ આવવું પડે. કેમકે એની ઉપલબ્ધિ પણ એવી છે કે પૂર્ણપદ મળે છે, પૂર્ણ સુખ ને પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન મળે છે. તો પુરુષાર્થ પણ પૂરો હોય તો જ પૂરું મળે. પુરુષાર્થ અધૂરો હોય ને પૂરું કેમ મળે?

જરૂરિયાતવાળાને તો જરૂરતની હિસાબે કાંઈક કરવું પડે, પણ વગર જરૂરિયાતવાળાને

શું કરવા કરવું પડે? કાંઈ કારણ ખરું? એ તો પોતાના આત્માને પૂછતો નથી કે તું શું કરવા કરે છો? સ્વલક્ષી, સ્વતત્ત્વના ઊંડા વિચારો કરવા. ઊંડા વિચારોમાં એ વાત છે. તત્ત્વ એટલે સ્વતત્ત્વ લેવું. દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ફલાણું ને છ દ્રવ્ય આમ. એવું કાંઈ નહિ. સ્વતત્ત્વના સ્વલક્ષી ઊંડા વિચારો કરવા. આત્માની લગની લગાવવી. જ્ઞાયકની એટલે સ્વરૂપ પ્રાપ્ત કરવાની લગની લાગવી જોઈએ.

'**જ્ઞાયકની લગની લગાવવી,...**' એટલે જ્ઞાયક.... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... રટણ કરવું એમ નથી વાત અહીંયાં. જ્ઞાયક તો આત્માનું સ્વરૂપ છે અને સ્વરૂપપ્રાપ્તિની લગની લગાડવી. લગાડવી એટલે? લાગી લગાડાતી નથી, પણ ઉપદેશમાં એવું બોલાય. ઓહોહો..! સ્વરૂપનો આવો, આટલો લાભ છે તો સહજપણે એની લગની ચાલુ થઈ જવી જોઈએ. '**તેનો મહિમા કરવો...**' એ ઉપદેશમાં એમ કહેવાય છે. એનો મહિમા કરવો એટલે એનો મહિમા આવ્યા વિના રહે નહિ એની વાત છે.

'**બહાર ઉપયોગ જે જાય છે તે બધો સ્થૂલ છે.**' જેટલો ઉપયોગ બહાર જાય એ સ્થૂળતા લાવે. સ્થૂળતા ઊભી કરે. જેટલું પરલક્ષ છે એ સ્થૂળતા ઊભી કરે છે. પરલક્ષના દોષમાં મોટું નુકસાન સ્થૂળતાનું છે. ઉપયોગની સ્થૂળતાનું છે. ઉપયોગ સ્થૂળ થાય એટલે પોતાનું પ્રયોજન જે છે એની પક્કડ ન આવે. પછી વિકાસ ક્યાંથી થાય? મુમુક્ષુની ભૂમિકાનો વિકાસ તો પ્રયોજનની પક્કડ ઉપર છે. પરલક્ષને કારણે પ્રયોજનની પક્કડ રહે નહિ. ઉપયોગ સ્થૂળ ચાલતો હોય.

'**બહાર ઉપયોગ જે જાય છે તે બધો સ્થૂલ છે. તેની મહિમા અને એકત્વબુદ્ધિ તોડીને હું ચૈતન્ય છું, હું મહિમાનો ભંડાર છું, બધું મારામાં છે, બહારમાં કાંઈ નથી એમ બધા વિકલ્પોની વચ્ચે હું કોણ છું તેને ઓળખવાનો પ્રયત્ન કરવો.**' ઓળખવાની વાત આવશે. કેમકે સત્સંગ અને સ્વાધ્યાય ઓળખવા માટે છે, ભાવભાસન માટે છે. એકવાર સ્વરૂપનું ભાવભાસન આવ્યું કે સ્વરૂપ સન્મુખનો પુરુષાર્થ ઑટોમૅટિક જાગૃત થાય છે. પછી એનું આકર્ષણ એટલું અંદર થાય કે ઉપયોગ બહાર જાય તો છટકી છટકીને આ બાજુ આવે. વારંવાર છટકી જાય. પણ હું આવો છુંને? હું તો આવો છુંને? એમ કરીને આવે. આ બધું ક્યાં ચાલ્યું? આ બધું ક્યાં ચાલવા માંડ્યું વિકલ્પમાં?

બહારની મહિમા તોડીને. એમ. જગતની, જગતના પદાર્થની. એટલા માટે તો કૃપાળુદેવે કેવું વચન લખ્યું? કે આ આખું જગત સોનાનું થાય તો અમારે તૃણવત્ છે. આખું જગત સોનાનું થાય તો અમારે તૃણવત્ છે. એટલે આખા સોનાના જગતને તણખલા સાથે તોળી નાખ્યું. ત્રાજવાના એક તોલામાં સોનાનું જગત મૂક્યું. પાંચ-પચ્ચીસ લાખ ન મૂક્યા, પાંચ-પચ્ચીસ હજાર ન મૂક્યા. અને બીજી બાજું એક તણખલું

મૂક્યું - કે બેયનું સરખું વજન છે. એમાં અમને કાંઈ ફરક પડતો નથી. આખા જગતનો મહિમા ઊડાડ્યો બોલો!

અત્યારે તો છાપામાં વાંચે કે જગતના મોટા ધનાઢ્યોના પહેલા દસ નંબરમાં આ નામ છે. પછી અંદર એ થવા માંડે કે હા...! આમાં કાંઈક આપણો નંબર આવ્યો હોત તો?.....

આશય :- (૧૮૯) **સ્વરૂપને ઓળખવાના હેતુથી સ્વલક્ષી તત્ત્વવિચાર, સ્વરૂપ પ્રાપ્તિની લગની અને સ્વરૂપનો મહિમા હોવા યોગ્ય છે. ઉપયોગ જેટલો બહાર જશે, તેટલા પ્રમાણમાં સ્થૂળતા આવશે, અને જેટલો પર પદાર્થનો મહિમા હશે તેના પ્રમાણમાં પર રસ ઉત્પન્ન થઈને ઉપયોગ બહાર ગયા વિના રહેશે નહિ. તેથી સ્વતત્ત્વના ઊંડા વિચારમાં રહેવું કે જેથી ઉપયોગ સૂક્ષ્મ અને નિર્મળ થઈને સૂક્ષ્મ અને શુદ્ધ સ્વરૂપને ગ્રહણ કરે-ઓળખે. તે જ જ્ઞાનીનો માર્ગ છે અને તે અનુસાર જ પુરુષાર્થ અને પ્રયત્ન કરવા યોગ્ય છે.**

**નોંધ :- આ પ્રવચન અધૂરું રેકોર્ડ થયેલ છે.**

**આ બધે-બહાર-સ્થૂળ ઉપયોગ થઈ રહ્યો છે, તે બધેથી ઊઠાવી, ખૂબ જ ધીરો થઈ, દ્રવ્યને પકડ. વર્ણ નહિ, ગંધ નહિ, રસ નહિ, દ્રવ્યેન્દ્રિય પણ નહિ અને ભાવેન્દ્રિય પણ દ્રવ્યનું સ્વરૂપ નથી. જોકે ભાવેન્દ્રિય છે તો જીવની જ પર્યાય, પણ તે ખંડખંડરૂપ છે, ક્ષાયોપશમિક જ્ઞાન છે અને દ્રવ્ય તો અખંડ ને પૂર્ણ છે, માટે ભાવેન્દ્રિયના લક્ષે પણ તે પકડાતું નથી. આ બધાંથી પેલે પાર દ્રવ્ય છે. તેને સૂક્ષ્મ ઉપયોગ કરીને પકડ.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૨૦૩**

**પ્રશ્ન :– બહુ એકાંત સેવવાથી આ સ્વાધ્યાય થઈ શકે? એવાં સ્થાનોની જરૂરિયાત ખરી?**

**સમાધાન :– જેને જેની રુચિ હોય તે વચ્ચે આવે છે. કોઈ એકાંત સેવે, કોઈ એકાગ્રતા કરે, પણ મૂળ તો પોતાના આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. શાસ્ત્રમાં આવે છે ને આચાર્યો પણ એમ જ કહે છે કે તું તારા આત્માને ઓળખ અને તેની પ્રતીતિ કર. ''બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો.'' આ બંધ શું છે? અને આત્મા શું છે? તે જાણીને ''જે બંધમાંહી વિરક્ત થાયે...'' બંધ અને બંધના જે ભાવો તેનાથી વિરક્ત થાય તે પોતાના સ્વભાવને ઓળખે. જે પ્રજ્ઞાથી સ્વભાવને જુદો પાડ્યો તેનાથી સ્વભાવને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા કરે તે મુક્તિનો માર્ગ છે,–સ્વાનુભૂતિનો માર્ગ છે. પોતે સાચા જ્ઞાન વગર બધાં બાહ્ય સાધનો ભેગા કરે તો તે પગલું ક્યાં માંડશે? ઊભો ક્યાં રહેશે? જે પોતાના સ્વભાવને ઓળખતો નથી તે એકાગ્રતા ક્યાં કરશે? એકાંતમાં ક્યાં જાશે? પોતે પોતાને ઓળખવો જોઈએ કે હું આ ચૈતન્ય છું. તે વિના તે ક્યાં પગલું માંડશે? માટે તેણે જ્ઞાન દ્વારા–પ્રજ્ઞા દ્વારા પોતાને ઓળખવો જોઈએ કે આ હું ચૈતન્ય છું. આમ પોતે પોતાને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા કરે તો સાચી એકાગ્રતા થાય. નહિ તો માત્ર શુભભાવનારૂપ થાય છે. ૧૯૦.**

## તા. ૪-૭-૧૯૯૭, પ્રશ્ન-૧૯૦
## પ્રવચન નં. ૧૩૯

'સ્વાનુભૂતિદર્શન' પ્રશ્ન-૧૯૦ પાનું-૧૨૬.

**'પ્રશ્ન :- બહુ એકાંત સેવવાથી આ સ્વાધ્યાય થઈ શકે? એવા સ્થાનોની જરૂરિયાત ખરી?'** બહારના સ્થાનનો પ્રશ્ન છે. કોઈ બહારના એકાંતને સ્વાધ્યાય કરનારના પરિણામ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવો? અથવા એ આવશ્યક ખરું કે નહિ? એટલી વાત છે. પ્રશ્નમાં એટલી વાત છે.

**'સમાધાન :- જેને જેની રુચિ હોય તે વચ્ચે આવે છે.'** જેને જેની રુચિ હોય તે વચ્ચે આવે છે. જેને સ્વાધ્યાયની રુચિ હોય તો સ્વાધ્યાય, એમાં એકાંત સ્વાભાવિક રીતે પસંદ કરવામાં આવે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો છે કે એને એમ જ ગમે.

પછી વસ્તુસ્થિતિ એવી છે કે બહારના સંયોગ-વિયોગ ઉપર જીવનો અધિકાર નથી. અથવા જીવ એનો કર્તાહર્તા થઈને કરી શકે એવી વસ્તુસ્થિતિ નથી. એટલે કોઈ સ્વાધ્યાય કરનારને એકાંત ન પણ હોઈ શકે, ન પણ મળતું હોય એવું પણ બની શકે. પણ છતાં એની રુચિ એવી હોય કે મને એકાંત રહે તો સારું. એને ઇચ્છે, એ એકાંતને ઇચ્છે એમ બને. પણ ઇચ્છે માટે બને જ એવું બાહ્ય પરિસ્થિતિનું કોઈ બંધન નથી. તેમ એકાંત ન મળે તો સ્વાધ્યાય ન થઈ શકે એવું પણ નથી. એકાંત મળે તો જ સ્વાધ્યાય થઈ શકે એવું પણ નથી.

સ્વાધ્યાય તો સ્વાધ્યાયના રસ ઉપર આધારિત છે. સામાન્યપણે તો જેને જેની રુચિ હોય તે વચ્ચે આવે છે. **'કોઈ એકાંત સેવે, કોઈ એકાગ્રતા કરે, પણ..'** પણ કરીને વાત લીધી છે. '**મૂળ તો પોતાના આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો.**' આ એક એમની વિશેષ વાત છે. એ ૧૮૮માં છેલ્લું વચન લ્યો. **'મૂળ આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર્યા વગર એકલી મનની એકાગ્રતા કાંઈ કામ આવતી નથી.'** આ ઘણા ધ્યાનના પ્રયોગ કરે છેને? તો એથી કાંઈ એ કાંઈ કામમાં ન આવે. આત્મસ્વરૂપનું ગ્રહણ ન થાય તો કામ ન આવે. તો એમનું વજન બધી જગ્યાએ સ્વરૂપ ગ્રહણ કરવા ઉપર છે. સ્વરૂપ ગ્રહણ થયું એ વિચારથી આગળનો વિષય થઈ ગયો, વિકલ્પથી આગળનો વિષય થઈ ગયો.

પછી ૧૮૯માં છેલ્લે લ્યો કે '**મહાપુરુષોએ જે માર્ગ બતાવ્યો છે તેના વાંચન-વિચારો કરવા અને પોતે અંતરમાં આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો.**' ક્યાં વજન જાય છે? ગ્રહણ કરવા ઉપર. અહીંયાં શું કીધું? કે મૂળ પોતાના આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. ગ્રહણ કરવું એક વાત છે અને વિચારવું સાવ બીજી વાત છે.

પછી ૧૯૧માં જુઓ. '**તત્ત્વવિચારમાં તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું આત્માને ગ્રહણ કરું.**' કે હું આત્માને ગ્રહણ કરું. '**પોતાને ચૈતન્ય ગ્રહણ કરવાના, શાસ્ત્રના, દ્રવ્ય-ગુણ-પર્યાયના વગેરે બધા વિચારો, સ્વભાવ એકદમ ગ્રહણ થઈ જાય તેમ નહીં હોવાથી વચમાં ભલે આવે, તો પણ તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું મારા આત્માને ગ્રહણ કરું. પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવાનું લક્ષ હોવું જોઈએ...**' છે? ત્યાં ચર્ચા ચાલી છે આ દિવસોમાં. એમાં એમનું વજન ક્યાં છે? કે તું સ્વરૂપનું ગ્રહણ કર! સ્વરૂપ ગ્રહણ કર્યા વિના એકલા વિચારો, એકલી એકાગ્રતા, એકાંત આ કોઈ કામની ચીજ નહિ રહે. વ્યર્થ જાશે, નકામી જાય છે.

પરદ્રવ્ય છે આહાર-પાણી. તો આહાર-પાણી લેવાનો વિચાર આવે છે, ગ્રહણ કરી શકતો નથી, તોપણ ગ્રહણ કરે છે એમ સમજીને પ્રવૃત્તિ કરે છે. કોઈ આત્મા

આહાર-પાણીના પુદ્‌ગલ પરમાણુને ગ્રહણ તો ન કરી શકે, છતાં ત્યાં વાંચન-વિચાર કે વિચાર કરીને, વિકલ્પ કરીને બેસી નથી રહેતો. ગ્રહણ કરવાની પ્રવૃત્તિ કરે છે. જોકે ગ્રહણ થતું નથી. તોપણ એ મિથ્યા પ્રવૃત્તિ કરે છે. અહીં તો પોતે જ છે. પોતે હોવા છતાં પોતે પોતાને અનાદિથી ગ્રહણ કર્યો નથી. એટલે ઉપદેશ આપે છે કે તું ગ્રહણ કર. બાકી તો પોતે જ છે! પોતે જ છે એમ અનુભવાવું તે ગ્રહણ કર્યો! બાકી કાંઈ બીજી વસ્તુ જેમ ખોરાક ગ્રહણ કરીએ છીએ એમ કાંઈ ગ્રહણ થોડો કરવાનો છે? પોતે જ છે એવો અનુભવ થવો તે એનું ગ્રહણ થઈ ગયું.

અસ્તિત્વ ગ્રહણ એટલે શું? આમ બહુ સીધું લઈએ તો. તો કહે અસ્તિત્વ ગ્રહણ એટલે શું? કે પોતાની હયાતીને અનુભવવી. પોતાની મોજૂદગીને અનુભવવી. અર્થાત્ પોતાની વિદ્યમાનતાને અનુભવવી. અસ્તિત્વ છે, વિદ્યમાનતા છે, અસ્તિત્વનો બીજો- other word જ વિદ્યમાનતા છે અને સાદા શબ્દોમાં આપણે એને કહીએ હયાતી અને મોજૂદગી. વેદનથી એ અનુભવાય કે હું છું! - એ એનું ગ્રહણ છે. જ્ઞાનવેદનથી તે અનુભવાય કે આ જે વેદાય છે તે હું છું, - આ જે અનુભવાય છે, વેદાય છે એટલે અનુભવાય છે, આ વેદાય છે - તે હું. બસ આ ગ્રહણ થયું એનું. એવું નથી કરતો માટે એવું કર એમ ઉપદેશ છે.

ચર્ચામાં બધી વાત ચાલી છે. એ, એકલો વિચાર કે એકલી એકાગ્રતા એ કામ નહિ આવે - ચિંતન, મનન એકાગ્રતા એકલા વિચાર (કામ નહિ આવે.) સ્વરૂપ ગ્રહણ કરવું જોઈએ. એ પ્રૅક્ટિકલ સાઈડ આવી કે ન આવી? ભલે શબ્દ એમ નથી વાપર્યો કે આ પ્રયોગ છે - આ પ્રૅક્ટિકલ છે, પણ આવી કે ન આવી? ધ્યાન જવું જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી હું પણાનું વેદન તો સતત ચાલુ જ રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ અન્ય સ્થાનમાં, અન્ય ભાવમાં, અન્ય દ્રવ્યમાં ચાલી રહ્યું છે. એ મિથ્યા છે! એ મિથ્યા છે! જ્ઞાનવેદન છે એમાં પરપ્રવેશભાવનો અધ્યાસ ઊભો છે. જે સ્વસંવેદનને રોકે છે. બહુ ચોખ્ખી વાત છે. એકદમ.

'**કોઈ એકાંત સેવે, કોઈ એકાગ્રતા કરે,...**' વળી પાછા એમ કહે કે આ ધ્યાનની એકાગ્રતા ભલે અત્યારે આત્માની ન હોય, પણ આપણે પ્રૅક્ટિસ પાડી હોય, તો પછી જ્યારે આપણને આત્માનો અનુભવ થાય ત્યારે એ પ્રૅક્ટિસ કામ લાગે કે ન લાગે? માટે આપણે અત્યારે થોડી પ્રૅક્ટિસ તો કરવી. એમ!! ક્યા પ્રકારે શક્તિનો ખર્ચ કરવો, વાપરવી? કઈ ભૂમિકામાં કેવા પ્રકારે પોતાની શક્તિનો સદ્‌વ્યય કરવો, ખર્ચ કરવો - આ એક મહત્ત્વનો વિષય છે. નહિતર સ્વચ્છંદે મનમાની પ્રવૃત્તિ જીવો કરે છે.

મુમુક્ષુ :- શક્તિ મર્યાદિત છે.

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ મર્યાદિત છે, ખર્ચાઈ જાય છે અને વખત નીકળી જાય છે. અમે ધ્યાનકેન્દ્રમાં જઈને ધ્યાન શીખીએ છીએ! હવે કાંઈ તમારે હજી કોઈ જાતનું ઠેકાણું નથી ત્યાં ધ્યાન કેન્દ્રમાં જઈને ધ્યાન કરવાનો ક્યાં પ્રશ્ન ઊભો થયો?

'**પણ મૂળ તો પોતાના આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. શાસ્ત્રમાં આવે છે ને આચાર્યો...**' શાસ્ત્રમાં આવે છે અને '**આચાર્યો પણ એમ જ કહે છે કે તું તારા આત્માને ઓળખ અને તેની પ્રતીતિ કર.**' ઓળખવો એ ગ્રહણ કરવું છે. ઓળખવું તે ગ્રહણ કરવું. ગ્રહણ કરવું અને ઓળખવું એ તો other word જ છે. બીજું કાંઈ નથી. ઓળખાણમાં અસ્તિત્વગ્રહણ છે. એમ ને એમ વિચારથી આત્મા જ્ઞાનસ્વરૂપી છે એમ નહિ.

'**બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો. જે બંધમાંહી વિરક્ત થાયે...**' એમ સમયસારની ગાથા છે. '**આ બંધ શું છે? અને આત્મા શું છે? તે જાણીને...**' બંધમાંથી વિરક્ત થાય, ભેદજ્ઞાન કરે. આત્માને રાગાદિ બંધભાવ છે એ વચ્ચે ભેદજ્ઞાન કરે. કેવી રીતે કરે? '**બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો.**' વિભાવસ્વભાવ શું છે? અને સ્વભાવસ્વભાવ એટલે આત્મસ્વભાવ શું છે? એ બેનો સ્વભાવ જાણીને ભેદજ્ઞાન કરે, સ્વભાવનું ભેદજ્ઞાન કરે. એટલે સ્વભાવની ઓળખ કરે, પરિચય કરીને, પરખ કરે અને એ બંનેના જુદા-જુદા સ્વભાવ સ્પષ્ટપણે માલૂમ પડે એટલે અંદરમાં એનું ભેદજ્ઞાન ચાલુ થાય.

જો યથાર્થ પ્રકારે બંધભાવનો, બંધ વૃત્તિઓનો અને એના સ્વભાવની પરખ આવે, પરિચયથી. સ્વભાવ સમજાય, પરિચયથી સમજાય, અનુભવપદ્ધતિથી સમજાય, પરિચયથી સમજાય એટલે અનુભવપદ્ધતિથી સમજાય અને એવી જ રીતે સામે જ્ઞાનસ્વભાવ સમજાય, એટલે વિરક્ત થવું ન પડે. બંધમાંથી વિરક્ત થઈ જાય. એમાં એને ઉદાસીનતા ઉપેક્ષાભાવ સહજપણે ઉત્પન્ન થઈ જાય. એનું કારણ છે. તમે બપોરના ટાઈમે ચાલીને જવાના કોઈ પ્રસંગે રસ્તા ઉપર ચાલો છો, (ત્યારે) રસ્તા ઉપર અડધે છાંયો છે અને અડધે તડકો છે. મકાન હોયને બેય બાજુ? સૂર્યની પરિસ્થિતિ એવી છે કે અડધે રસ્તે છાંયો પડે છે, અડધે રસ્તે તડકો છે. તમે સ્વભાવિકપણે ક્યાં ચાલવાના?

મુમુક્ષુ :- છાંયે, છાંયામાં.

પૂજ્ય ભાઈશ્રી :- તડકો લાગે છે એટલે તડકે તો ચાલવાના નથી. ઉનાળાના દિવસો છે. તમે છાંયે જ ચાલવાના છો. છાંયે-છાંયે ચાલો ભાઈ! આ સહજ સ્વભાવ છે કે નહિ? તો જે બંધવૃત્તિઓ છે એમાં આકુળતા છે. જે જ્ઞાન છે એમાં નિરાકુળતા છે. ભેદજ્ઞાન સહજ થવાનું કે નહિ થવાનું? બંધ પ્રત્યે વિરક્તિ આવવાની કે નહિ?

તમને તડકા પ્રત્યે વિરક્તિ આવી કે ન આવી? એવું જ છે આની અંદર. આ અંદરનું છે ઓલું બહારનું છે. કેમકે જીવ અશાંતિને પસંદ કરતો નથી. એમાં પણ એક જ રસ્તા ઉપર, એક જ ટ્રેક ઉપર શાંતિ અને અશાંતિ બે હોય તો ક્યાં ચાલે? અશાંતિને કેવી રીતે પસંદ કરે? કોઈ જીવ ન પસંદ કરે. બસ વાત છે અવલોકનની પ્રૅક્ટિસથી પરિચય કરીને ઓળખવાની! એટલી વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગોપનાથમાં એ વિષય લીધેલોને કે જ્ઞાનમાત્રથી બંધનો વિરોધ છે એમ.

પૂજ્ય ભાઈશ્રી :- હા જ્ઞાનમાત્રથી જ બંધનો વિરોધ છે.

**'આ બંધ શું છે? અને આત્મા શું છે?'** તેનો સ્વભાવ શું છે? **'બંધ અને બંધના જે ભાવો તેનાથી વિરક્ત થાય તે પોતાના સ્વભાવને ઓળખે.'** એ બંધભાવોમાં રસ અને રુચિ એવી ને એવી રહે અને સ્વભાવને ઓળખે એમ નહિ બને. એવું ન બની શકે. અસ્તિ પકડાતા નાસ્તિમાં ફેરફાર થવો જરૂરી છે. નાસ્તિમાં ફેરફાર ન થાય અને અસ્તિનું ગ્રહણ થાય એવું નહિ બને. એટલે એમ કહ્યું કે **'બંધ અને બંધના જે ભાવો તેનાથી વિરક્ત થાય તે પોતાના સ્વભાવને ઓળખે.'** ઓળખે એટલે ગ્રહણ કરે. એમ લેવું. ઓળખે એટલે ગ્રહણ કરે. પોતાપણે ગ્રહણ કરે. વેદીને પોતાપણે ગ્રહણ કરે.

'આ હું' - હુંપણે ગ્રહણ થાય છે. કેવી રીતે ગ્રહણ થાય છે? વેદનને પકડીને હુંપણે - સ્વભાવ હું, સ્વભાવપણે હું એમ ગ્રહણ થાય છે. અહીંયાં સ્વરૂપલક્ષ થયું! પછી સ્વરૂપલક્ષે સ્વસંવેદનને વધારે. સ્વરૂપને લક્ષમાં રાખી અને સ્વસંવેદનને વધારે. આમ સ્વરૂપલક્ષ અને સ્વસંવેદનનું co-ordination છે.

**'જે પ્રજ્ઞાથી સ્વભાવને જુદો પાડ્યો તેનાથી સ્વભાવને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા કરે તે મુક્તિનો માર્ગ છે,-સ્વાનુભૂતિનો માર્ગ છે.'** એટલે સાધન પ્રજ્ઞા જ છે. જ્ઞાન જ સાધન છે. જે પ્રજ્ઞાથી કે જે જ્ઞાનથી સ્વભાવ જુદો જણાયો, તે જ પ્રજ્ઞા, તે જ જ્ઞાન સ્વભાવને ગ્રહણ કરે છે. જુદા પડવાનું કાર્ય પણ જ્ઞાન કરે છે, જુદા પાડવાનું કાર્ય પણ જ્ઞાન કરે છે અને ગ્રહણ કરવાનું કાર્ય પણ જ્ઞાન જ કરે છે. જ્ઞાન જ સાધન છે. પછી એકાગ્રતા થતાં ચારિત્ર આવ્યું અને પ્રતીતિ એટલે શ્રદ્ધાન પણ આવી ગયું. મૂળમાં કામ જ્ઞાને કર્યું.

શું વિષય ચાલે છે? પ્રજ્ઞા શાસ્ત્ર ભાષા છે. જે જ્ઞાનથી સ્વભાવને જુદો જાણ્યો તેનાથી, તે જ જ્ઞાનથી સ્વભાવને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા-લીનતા કરે, નિર્વિકલ્પ શુદ્ધોપયોગ, **'તે મુક્તિનો માર્ગ છે,-સ્વાનુભૂતિનો માર્ગ છે.'** બાર અંગમાં સ્વાનુભૂતિનું

વિધાન છે. કોણે કહ્યું? રાજમલજીએ. આ રાજમલજીએ કહ્યું કે, બાર અંગમાં સ્વાનુભૂતિનું વિધાન છે. બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વલબ્ધિ નથી. જ્યારે સ્વાનુભૂતિ છે એ અપૂર્વલબ્ધિ છે. એમાંથી નીકળે છે શું જુઓ. બાર અંગનું જ્ઞાન એટલે પૂરો વિસ્તાર. જ્ઞાનનો પૂરો વિસ્તાર અને સમર્થમાં સમર્થ દૃષ્ટાંત આપી દીધો કે આ માર્ગની અંદર વિસ્તારવાળા જ્ઞાનની કોઈ વેલ્યુ નથી. જ્યારે બાહ્યદૃષ્ટિ જીવોને આકર્ષણ થાય છે એ ત્યાં થાય છે. ભાઈ કેવું એનું જ્ઞાન છે! કેટલી વાતો કરે છે! મોહ થાય એના ઉપર. બાહ્ય જ્ઞાનવાળા જીવોને મોહ થાય.

તો કહે છે, નહિ આ લાઈન જુદી છે. આમાં તમે એ જુઓ કે જ્ઞાન થોડું હોય કે ઝાઝું, સ્વાનુભૂતિ છે કે નહિ? મુમુક્ષુએ પણ ક્ષયોપશમ વધારવાનો પ્રયત્ન કદી ન કરવો. આ આશય એમાંથી નીકળે છે. આશય લખવો પડશેને? ૧૮૯ સુધી આશય લખેલો છે? બરાબર છે. આશય એ નીકળે છે એમાંથી, કે મુમુક્ષુએ પણ ક્ષયોપશમ-જ્ઞાનનો વિસ્તાર થાય, વિશાળ થાય, ઘણું લાંબું-ચોડું જ્ઞાન થાય એ પ્રયત્ન નહિ કરવો. મુમુક્ષુએ સ્વાનુભૂતિ થાય, સ્વાનુભવ થાય, સ્વરૂપને ઓળખીને, સ્વરૂપનું ગ્રહણ થઈને, લીનતા એકાગ્રતા થાય એ ઉપાય છે. માર્ગ એટલે ઉપાય છે. એનો જ પ્રયત્ન કરવો. બીજો પ્રયત્ન ન કરવો. ચોખ્ખું નીકળ્યું આમાંથી.

મુમુક્ષુ :- પ્રથમથી જ અનુભવની જ લાઈન પકડાવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નહિતર શું થશે? કે તારી શક્તિ અને સમય બેય ખર્ચાઈ જશે એની પાછળ. કાં શાસ્ત્રો વાંચી વાંચીને વિશાળતા કરીશ જ્ઞાનની, કાં કોઈ વક્તાઓને સાંભળી-સાંભળીને. કાં આપસમાં ચર્ચાઓ કરી-કરીને. લાઈન સ્વાનુભવની પકડ ભાઈ! સ્વાનુભવવાળો જ તર્યો છે. કોણ તર્યો છે? એકલો સ્વાનુભવવાળો જ તર્યો છે. બાકી કોઈ તર્યું નથી. સ્વાનુભવથી શૂન્ય રહ્યા તે કોઈ તર્યા નથી. પછી એ લોકોએ ભલે મહાવ્રતો પાળ્યા હોય, એ લોકોએ ગમે તેવી તપશ્ચર્યાઓ અને ધ્યાન કર્યા હોય કે એ લોકો ભલે શાસ્ત્રોની અંદર, સિદ્ધાંત શાસ્ત્રોની અંદર પારંગત થઈ ગયા હોય,એક્સપર્ટ.

મુમુક્ષુ :- ભલેને તૂટી મરે!

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૧૪૨ કળશ છે. ૩૦માં કળશમાં એ લખ્યું છે એમણે. એમની તો અનુભવપ્રધાન ટીકા છે કે કોઈ એમ વિચારે કે, જૈન સિદ્ધાંતનો વારંવાર અભ્યાસ કરવાથી અનુભવ થશે (તો એમ નથી.)

મુમુક્ષુ :- જૈન સિદ્ધાંતનો!

પૂજ્ય ભાઈશ્રી :- હા, જૈન સિદ્ધાંતનો! બીજા સિદ્ધાંતનો તો અવકાશ જ નથી. 'તો એમ નથી' - કહી દીધું ચોખ્ખે ચોખ્ખું. કે જૈન સિદ્ધાંતનો તમે વારંવાર અભ્યાસ

કરો, માટે તમને આત્માનો અનુભવ થાય એમ નથી. જૈન સિદ્ધાંતનો અનુભવ કરે એને તો સ્થાન મળે સમાજમાં કે, ભાઈ આ તો સિદ્ધાંતજ્ઞાની છે! અહીંયાં સિદ્ધાંતજ્ઞાનીની વેલ્યુ નથી, અનુભવ જ્ઞાનીની વેલ્યુ છે. બોલો!!

મુમુક્ષુ :- ભાઈશ્રી! સમ્યગ્જ્ઞાન દીપિકામાં એમ આવે છે કે ભલેને વ્રત ને તપ કરીને તૂટી મરે તોપણ થાય એવું નથી, એને શ્રીગુરુ કેવી રીતે ગ્રહણ કરાવી દેતા હશે! એમ કરીને પોતે...

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુનો મહિમા કર્યો છે કે, આટલો-આટલો પરિશ્રમ અને મહેનત કરીને મરી જાય, પત્તો લાગે નહિ એને શ્રીગુરુ ઘડીકમાં સહેલાઈથી ગ્રહણ કેવી રીતે કરાવી દેતા હશે? વાત તો બરાબર છે.

મુમુક્ષુ :- એ પોતે ને પોતે પ્રશ્ન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો શૈલી છે એમની. શૈલી છે. પહેલા ગ્રહણ કરી શકે એવી યોગ્યતા જોવી. એવી યોગ્યતામાં આવનારને ગ્રહણ કરાવી શકે. જેમકે સોગાનીજી લઈએ. તો એ યોગ્યતામાં આવ્યા તો ગ્રહણ કરાવી શક્યા અથવા ગ્રહણ થઈ શક્યું. બાકી તો ત્યાં ૨૦૦ જણા બેઠા હતા. સ્વાધ્યાય હોલમાં ૨૦૦-૩૦૦ની સંખ્યા ઍવરેજ રહેતી હતી. ભાન એકને જ કેમ કરાવ્યું? પક્ષપાત હતો? અરે! કહે છે ઓળખાણ પણ નહોતી ત્યારે તો. ત્યાં તો ઘણા નવા-નવા આવે. રોજ નવા-નવા આવતા હોય. કોઈ અંગત પરિચય હોય નહિ બધાની સાથે. યોગ્યતા ઉપર વાત છે. યોગ્યતાવાનને નિમિત્ત પડે છે. સજીવનમૂર્તિનું નિમિત્ત યોગ્યતાવાનને પડે છે.

કાલે મૂળાચારની વાત કરીને ભાઈએ? એ વાત સાવ નવી છે. એ મૂળાચાર ક્યાંકથી મેળવવું પડશે. ૬૩ પાનું કે ૬૩ ગાથા? 'સજીવનમૂર્તિની જરૂર નથી' - એમ શાસ્ત્રમાં એ લખે છે. એ વાત માન્યામાં આવતી નથી. વસ્તુસ્થિતિની બહાર છે. 'પાવે નહિ ગુરુગમ વિના યેહી અનાદિ સ્થિત.' અને હજારો શાસ્ત્રોએ ગુરુમહિમા ગાયો છે, ભિન્ન પદાર્થો હોવા છતાં. ગુરુ અને શિષ્યના આત્માઓ તદ્દન જુદા હોવા છતાં, દેવ-ગુરુ અને શાસ્ત્ર ત્રણેને એક કોટીમાં મૂક્યા છે. નિમિત્ત ત્રણેયમાં છે. શાસ્ત્રો તો દેવ-ગુરુના વચનો જ છેને. બીજું શું છે? શાસ્ત્ર છે એ તો દેવ-ગુરુના વચનો છે. એ તો બાય પ્રોડક્ટ છે એની. ઓલી તો મૂળવસ્તુ છે.

મુમુક્ષુ :- એવો મલાવી મલાવીને ગુરુમહિમા કર્યો છે, એમકે ગુરુ ઐસા તો ક્યા કરતે હોંગે? પછી પોતે પોતાને જવાબ દીધો કે ગુરુકી તો ગુરુ જાને.

પૂજ્ય ભાઈશ્રી :- એ મને કાલે (એક મુમુક્ષુ) આવ્યા હતાને એ વાત કરતા હતા. આટલા વર્ષમાં આ પહેલું-વહેલું જાણ્યું. એવી કોઈ વાત હોય તો ગુરુદેવ તો

કર્યા વગર રહે નહિ. ગુરુદેવ તો મૂળાચારની આ જ ગાથા લેતા હતા ને.

મુમુક્ષુ :- એમને કોઈ સમજફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમને કોઈ સમજફેર લાગે છે.

મુમુક્ષુ :- સમજફેર હોય અથવા ત્યાં પ્રકરણમાં જે સંસ્કારી જીવની કોઈ વાત હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે આગળ-પાછળનો reference સમજાવો જોઈએ. મૂળાચારની આ ગાથા લેતા હતા ગુરુદેવ તો, કે હે મુનિ! તું એમ કે એકાંતમાં ન રહી શકતો હોય તો તું કુસંગ સેવીશ નહિ અથવા મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગીનો સંગ કરીશ નહિ. મૂળ તો વાત એ છે. ભાવલિંગી મુનિને ઉપદેશ છે કે તું દ્રવ્યલિંગીનો સંગ કરીશ નહિ, એના કરતા તો તું સંસારમાં કોઈ સ્ત્રીની સાથે લગ્ન કરીને એનો સંગ કરજે. હવે દ્રવ્યલિંગીનો સંગ કરશે તો કાંઈ અશુભભાવ તો નથી થવાના. સ્ત્રીસંગ કરશે તો અશુભભાવ થવાના છે. કુંદકુંદાચાર્યે, મૂળાચારની ચોથી ગાથા છે. ગુરુદેવ આધાર આપતા હતા. કાંઈ આશય છે એની અંદર? દેખત વાત તો કાંઈ બેસે એવી છે નહિ.

મુમુક્ષુ :- શુભની બદલે અશુભમાં નાખ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં તો શુભ પણ નથી રહેતું. આ તો અશુભ થઈ જાય છે. શુભ કરતા અશુભ કાંઈ થોડું સારું છે? એ તો common sense ના પાડે છે. ભાઈ! એમાં એમ કહેવું છે કે ચારિત્રમોહનો દોષ થશે એ તને એટલો અપરાધ નહિ કરાવે જેટલો તને દર્શનમોહથી દોષ થશે એનો અપરાધ થશે. તું અપરાધને સમજતા શીખ. લોકો ચારિત્રમોહના અપરાધને મોટો ગણે છે અને દર્શનમોહના અપરાધને નાનો ગણે છે. અથવા સંગમાં કુસંગ શું છે એ સમજતા નથી, કે દ્રવ્યલિંગીનો સંગ થતા તું શ્રદ્ધામાંથી પડી જઈશ. પણ કોઈ સ્ત્રી સાથે લગ્ન કરવાથી તું કાંઈ શ્રદ્ધામાંથી નહિ પડ. જે ગૃહસ્થો છે......

... શૈલી કેવી કરી છે? કે એ ન શોભે બાપા તને! તું આત્મા છો. જેમ વિધવા હોય અને બની-ઠનીને નીકળે તો શોભે નહિ એને. એમ તું તારો અનુભવ કર નહિ અને આ બધા શણગાર કર કે જુઓ! મને કેટલું શાસ્ત્રજ્ઞાન છે! જુઓ! મારા જપ-તપ કેટલા છે! જુઓ મારી ક્રિયાઓ કેટલી છે! હું કેટલો સંયમ પાળું છું? પણ તને કાંઈ નહિ શોભે. વર વગરની જ જાન છે એ તો. બહુ શૈલી કરી છે.

હવે આટલું-આટલું ગુરુનું જ્ઞાનીઓ ગાતા હોય, તો શાસ્ત્ર એથી વિરોધ કોઈ વાત કરતા હોય એ વાત કાંઈ બેસતી નથી. કે જેની જરૂર નથી એ વાત આવે, એ વાત બેસતી નથી.

મુમુક્ષુ :- સંસ્કારી જીવ માટે વાત હોય...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ સમજફેર હોય.

મુમુક્ષુ :- દેશનાલબ્ધિનો સિદ્ધાંત ખોટો પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા સિદ્ધાંત જ ખોટો પડે. ચાર લબ્ધિમાં દેશનાલબ્ધિ નથી રહેતી એ તો.

શું કહ્યું? '**પોતે સાચા જ્ઞાન વગર બધાં બાહ્ય સાધનો ભેગા કરે તો તે પગલું ક્યાં માંડશે? ઊભો ક્યાં રહેશે?**' એટલે કે '**જે પોતાના સ્વભાવને ઓળખતો નથી તે એકાગ્રતા ક્યાં કરશે? એકાંતમાં ક્યાં જાશે?**' એના પરિણામ? વસ્તુ જ્ઞાનમાં નથી, એ લીનતા શેમાં કરશે? '**પોતે પોતાને ઓળખવો જોઈએ કે હું આ ચૈતન્ય છું.**' આ એટલે વિદ્યમાન. હું આ હયાત - વિદ્યમાન. પ્રતિસમય ઉપયોગ લક્ષણે સ્ફુરિત આત્મા છું. ૯૧૩માં લીધું. ઉપયોગલક્ષણે સ્ફુરાયમાન થઈ રહ્યો છું. ત્યાંથી હયાત આત્માને, પ્રત્યક્ષ આત્માને પકડવાનો છે.

'**પોતે પોતાને ઓળખવો જોઈએ કે હું આ ચૈતન્ય છું. તે વિના તે ક્યાં પગલું માંડશે?**' એટલે કે શેમાં લીનતા કરશે? કઈ બાજુ પરિણામની ગતિ કરશે? '**માટે તેણે જ્ઞાન દ્વારા-પ્રજ્ઞા દ્વારા પોતાને ઓળખવો જોઈએ કે આ હું ચૈતન્ય છું.**' ઓળખવો જોઈએ કે આ હું ચૈતન્ય છું. '**આમ પોતે પોતાને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા કરે તો સાચી એકાગ્રતા...**' એટલે નિર્વિકલ્પ એકાગ્રતા, પારમાર્થિક એકાગ્રતા થાય. '**નહિ તો માત્ર શુભભાવનારૂપ થાય છે.**' શુભભાવના વિકલ્પો થશે. વિકલ્પ તો થશે. બધા શુભભાવ છે. એટલે (બહેનશ્રીના વક્તવ્યમાં) પ્રયોગની વાત ઘણી આવે છે. ઓળખવું, ગ્રહણ કરવું એ બધી પ્રયોગની વાત છે.

મુમુક્ષુ :- તો તો શુભવિકલ્પ અને વિચાર એ બેય વચ્ચે ભેદ પાડ્યો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા નહિતર તો એ જે વિચારો શુભભાવમાં તારા જતા રહેશે. પ્રયોગમાં નહિ આવ તો વિચારો, વિકલ્પો શુભભાવ એ સિવાય બીજું કાંઈ નથી. એથી વિશેષ કાંઈ નથી.

પ્રશ્ન બાહ્ય સાધનનો છે. ઉત્તર અંતરંગ સાધનથી, જ્ઞાન સાધનથી ઉત્તર આપ્યો છે. એ વિનાનું બાહ્ય સાધન એ ખરેખર સાધન એવું નામ પણ પામતું નથી. ઉપચાર તો ત્યારે આવે કે અંદરમાં સાચું હોય ત્યારે. હીરાની ડાબલી ક્યારે? કે હીરો અંદર મૂક્યો હોય ત્યારે. નહિતર ડાબલી ખાલી. અંદર પછી તમાકુ ભરો અને જે ભરવું હોય એ ભરો. હીરો ભર્યો હોય તો હીરાની ડાબલી, એનો ઉપચાર આવે. એ ૧૯૦ થયો.

આશય :- (૧૯૦) **બાહ્યજ્ઞાન - વિશાળતાવાળું શાસ્ત્ર સિદ્ધાંતોનું જ્ઞાન તે પણ**

પરમાર્થ માર્ગ નથી. પરંતુ જે જ્ઞાન સ્વભાવ-વિભાવને ઓળખે, ઓળખીને સહજપણે વિભાવથી વિરક્ત થઈને સ્વભાવને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા કરે તે મુક્તિનો માર્ગ છે. સાચા જ્ઞાન વગર બધા બાહ્ય સાધનો પ્રાપ્ત કરે તોપણ પરિણામ બહારને બહાર, બહારની દિશા બદલ્યા વિના થયા કરશે. તેથી એમ વિચારવા યોગ્ય છે કે જિનેશ્વરદેવનો માર્ગ છે તે સ્વાનુભૂતિનો માર્ગ છે. અને સ્વાનુભૂતિ પ્રાપ્ત થવાના આશયથી જ તેમના સર્વ કથનો છે, તેમનો સર્વ ઉપદેશ છે.

❀

'દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું,' એમ માનતા હોવા છતાં 'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે.

ગણધરદેવ પણ કહે છે કે 'હે જિનેંદ્ર! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી. આપના એક સમયના જ્ઞાનમાં સમસ્ત લોકાલોક અને પોતાની પણ અનંત પર્યાયો જણાય છે. ક્યાં આપનું અનંત અનંત દ્રવ્ય-પર્યાયોને જાણતું અગાધ જ્ઞાન ને ક્યાં મારું અલ્પ જ્ઞાન! આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. ક્યાં આપનો પૂર્ણ આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ! એ જ રીતે અનંત ગુણોની પૂરી પર્યાયરૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. આપનો શો મહિમા થાય? આપને તો જેવું દ્રવ્ય તેવી જ એક સમયની પર્યાય પરિણમી ગઈ છે; મારી પર્યાય તો અનંતમા ભાગે છે.'

આ પ્રમાણે પ્રત્યેક સાધક, દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં, પર્યાય-અપેક્ષાએ - જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય ઈત્યાદિ સર્વ પર્યાયની અપેક્ષાએ - પોતાની પામરતા જાણે છે.

- બહેનશ્રીનાં વચનામૃત - ૩૫૨

**પ્રશ્ન :– ફક્ત વિચારોના માધ્યમથી સ્વભાવ ગ્રહણ થઈ શકે?**

**સમાધાન :– તત્ત્વવિચારમાં તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું આત્માને ગ્રહણ કરું. એકલા માત્ર ઉપર ઉપરના વિચારો કે શાસ્ત્રના વિચારો કર્યા કરે તો થાય નહિ. પોતાને ચૈતન્ય ગ્રહણ કરવાના, શાસ્ત્રના, દ્રવ્ય–ગુણ–પર્યાયના વગેરે બધા વિચારો, સ્વભાવ એકદમ ગ્રહણ થઈ જાય તેમ નહીં હોવાથી વચમાં ભલે આવે, તો પણ તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું મારા આત્માને ગ્રહણ કરું. તેને પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવાનું લક્ષ હોવું જોઈએ કે મને મારો આત્મા કેમ ગ્રહણ થાય? જોકે તત્ત્વના વિચાર એ મુખ્ય સાધન છે, છતાં તેમાં પણ પોતાને ગ્રહણ કરવાનો પ્રયત્ન થવો જોઈએ. ૧૯૧.**

## તા. ૫–૭–૧૯૯૭, પ્રશ્ન– ૧૯૧
## પ્રવચન નં. ૧૪૦

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૨૭. પ્રશ્ન-૧૯૧મો. '**પ્રશ્નઃ- ફક્ત વિચારોના માધ્યમથી સ્વભાવ ગ્રહણ થઈ શકે?**' એ સારો પ્રશ્ન છે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં મુખ્યપણે વિચારોની પ્રવૃત્તિ જોવામાં આવે છે, તત્ત્વવિચાર. તત્ત્વજ્ઞાનનો વિષય ઊંડો પણ છે અને વિશાળ પણ છે. એટલે એમાં જેમ કૃપાળુદેવે કહ્યું કે 'થાકે અતિ મતિ માન.' ઘણો બુદ્ધિશાળી હોય તો એની બુદ્ધિનું પાણી ઊતરી જાય એવો વિષય છે. હવે પોતે જે ચર્ચા કરી રહ્યા છે. કાલે ધ્યાન ખેંચ્યું હતું એ વાત ઉપર, કે આત્માને ગ્રહણ કરવો. આત્માને ગ્રહણ કરવો. વારંવાર શું કહે છે? કે આત્માને ગ્રહણ કરવો. ખાલી તમે વિચાર કર્યા કરો એ બરાબર નથી. આત્માને ગ્રહણ કરવો જોઈએ, ત્યાં સુધી આવવું જોઈએ. માત્ર વિચાર કર્યા કરવાથી એનો કોઈ ફાયદો નથી. વિશેષ કોઈ ફાયદો નથી. જો વિચાર કરવાથી પણ આત્મા ગ્રહણ ન થાય તો એ વિચાર અટકવાનું એક સ્થાન થશે. એ વિચાર પણ એક અટકવાનું સ્થાન થશે.

જેમ ધર્મના ક્ષેત્રમાં લોકો બાહ્ય ક્રિયામાં અટકે છે, એમ અહીંયાં પણ આ એક વિચાર અટકવાનું સ્થાન થશે. પછી એ વિચારનું નિમિત્ત શાસ્ત્ર હોય કે સત્પુરુષના વચનો હોય. શાસ્ત્ર પણ સત્પુરુષના વચનો જ છે. કે એ વિચારનું નિમિત્ત કોઈ શ્રવણનો યોગ હોય. બે પ્રકારે વિચાર ચાલે છે. વાંચીને અથવા સાંભળીને. ગમે તે નિમિત્ત હોય

એ નિમિત્તમાં અટકવાનું થાશે.

મુમુક્ષુ :- એમાં નિમિત્ત તત્ત્વ નથી છતાં એમાં અટકવાનું થશે.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એ એક રૂટિન થઈ જાય છે. રોજ આપણે કલાક, બે કલાક, ચાર કલાક સ્વાધ્યાય કરવો - રૂટિનવર્ક. તો પાછું એ અટકવાનું સ્થાન બની જશે. અથવા જે સાધનના સ્થાને રહેવું જોઈએ તે સાધનના સ્થાને નહિ રહેતા સાધ્યના સ્થાને આવી જશે. એટલે એ વિધિની ભૂલ થાશે. કાર્યપદ્ધતિની ભૂલ થાશે. ત્યારે વિચાર સિવાય બીજું આગળનું કોઈ સ્ટેજ પણ દેખાતું નથી. કેમકે પહેલા સમજવું જોઈએ. સમજીને ગ્રહણ થાય, સ્વભાવને સમજીને ગ્રહણ થાય તો સમજવામાં તો વિચાર જ વચ્ચે આવે છે. એટલે એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે '**વિચારોના માધ્યમથી સ્વભાવ ગ્રહણ થઈ શકે?**' વિચાર કરતા... કરતા... કરતા... સ્વભાવનું ગ્રહણ થાય? આમ પ્રશ્ન ઉઠાવ્યો છે. સ્વભાવનું ગ્રહણ એટલે આત્મસ્વરૂપનું ગ્રહણ. કેમકે આત્મામાં સ્વભાવ અને વિભાવ બધું એના અસ્તિત્વમાં અત્યારે છે. વિભાવને ગ્રહણ કરીને પરિણમન પ્રવર્તી રહ્યું છે. આત્મા વિભાવને ગ્રહણ કરીને તો બેઠો જ છે અનાદિથી. હવે એ વિભાવને છોડીને સ્વભાવનું ગ્રહણ તો કરવાનું જ છે. એટલે સ્વરૂપ કહો કે સ્વભાવ કહો. બંને એક વાત છે.

'**સમાધાન :- તત્ત્વવિચારમાં તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું આત્માને ગ્રહણ કરું.**' તત્ત્વવિચાર કરવા તે ધ્યેય નથી. નહિતર એ ધ્યેય થઈ જશે. સત્સંગ કરવો જોઈએ પણ એ ધ્યેય નથી. કોઈ ધ્યેય લઈને સત્સંગ કરવો જોઈએ, કોઈ ધ્યેયપૂર્વક સત્સંગ કરવો જોઈએ. તત્ત્વ વિચાર કરવા જોઈએ. 'કર વિચાર તો પામ.' પણ આગળ ચાલે છે પછી જ્ઞાની એમાંથી કે વિચાર કર એમ તને કીધું એ તને વિચારમાં અટકવા માટે નથી કીધું. કોઈ ધ્યેયથી વિચાર કર એમ કહેવું છે. અને એ ધ્યેય એ હોવું જોઈએ કે મારે મારા સ્વરૂપનું ગ્રહણ કરવું છે. એવા ધ્યેયથી તત્ત્વવિચાર હોવો જોઈએ.

જો જીવ તત્ત્વવિચાર નથી કરતો, તો પોતાના સંયોગોની ચિંતાના વિચારો આવશે. શેના વિચારો આવશે? સંયોગોની ચિંતા. વર્તમાનમાં ચિંતાજનક સંયોગો નહિ હોય તો ભવિષ્યની ચિંતાના વિચારો આવશે. એવી પણ પરિસ્થિતિ નહિ હોય તો દુનિયાભરની પંચાત કરશે. આનું શું અને આનું શું? અમેરિકાનું શું અને ઢીકણાનું શું? દુનિયામાં જે બનાવો બને છે એ બનાવોને પહોંચાડવા માટેના મીડિયાના અત્યારે સાધનો છે. અખબારો છે, છાપાઓ છે અને એ તો વર્ષોથી છે. નવા સાધનો નીકળતા જાય છે. રેડિયો આવ્યો, રેડિયો આવ્યા પછી ટેલિવિઝન આવ્યા. એટલે માણસની પરલક્ષી પ્રવૃત્તિનો વિસ્તાર અને ઝડપ બેય વધવા માંડ્યા. એટલે કે નુકસાન વધવા માંડ્યું. જે મનુષ્યભવમાં

આવીને જીવે આત્મકલ્યાણ કરવાના ધ્યેયથી આત્માનું કલ્યાણ કરી લેવું જોઈએ એ પછી વિષય જ આખો વિસ્મરણ થઈ જાય છે.

શું કહે છે કે '**તત્ત્વવિચારમાં તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું આત્માને ગ્રહણ કરું.**' એમ એટલા માટે કહ્યું કે કોઈપણ પ્રવૃત્તિ પાછળ, છેલ્લે શું કરવું છે એનો નિશ્ચય ન હોય તો એ પ્રવૃત્તિ નિરર્થક જાય છે. નાના બાળકને સ્કૂલે મૂકીએ છીએ ત્યારે આપણે એને પૂછીએ છીએ કે મોટા થઈને તારે શું થાવું છે? શું પૂછીએ છીએ આપણે? પછી આગળ ભણીને તારે શું કરવું છે? તો બાળક કહે છે કે મારે તો વિમાનમાં પાયલોટ થાવું છે, તો કોઈ એમ કહે છે કે મારે તો મોટું કારખાનું કરવું છે, હું તો ઈન્ડસ્ટ્રીઝ કરીશ, કોઈ કહે હું મોટો વેપાર કરીશ - કાંઈકને કાંઈક એનું ધ્યેયલક્ષી કાર્ય હોય છે. અને અહીંથી પણ ઊભા થશું અને ચંપલમાં પગ નાખીશું એ પહેલા નક્કી કરી લેશું કે ઘરે જાવું છે કે બજાર જાવું છે કે મંદિર જાવું છે. કાંઈક નક્કી કરી લઈશું. પછી ચાલશુંને? એમ ને એમ ચાલવા નથી માંડતા. એ પહેલા ચંપલ પણ નથી પહેરતા. તો પછી અહીંયાં તમે પ્રવૃત્તિ કરો છો, સારો એવો સમય અને શક્તિ ખર્ચો છો તો ધ્યેય શું નક્કી છે તમારું?

કેમ? કે જેમ ચાલ છે એ પહોંચવાના સ્થળમાં નિશ્ચયપૂર્વક છે ઑટોમૅટિક, એમ તમારું પરિણમન પણ ધ્યેયને અનુસરીને ચાલશે. જો ધ્યેય નિશ્ચિત થયું હશે તો. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં નિષ્ફળ જવાનું કારણ એક જ છે કે બહુભાગ ધ્યેય શૂન્ય પ્રવૃત્તિ તત્ત્વજ્ઞાનની ચાલતી હોય છે. અંધારામાં ફાયરીંગ કરવાથી કોઈ ફાયદો નથી. ધ્યેય શૂન્ય પ્રવૃત્તિ નહિ હોવી જોઈએ.

ધ્યેય શૂન્યનો અર્થ એ છે કે અહીંયાં આવીને આ વિષયનું ધ્યેય શું તમારું નિશ્ચિત થયું? બાકી કોઈ સંસારી જીવ ધ્યેય વિનાનો નથી. સંસાર ભોગવવો, સંસાર સંભાળવો, સંસાર વધારવો, સંયોગો (વધારવા), એ સંસારમાં પ્રાપ્ત સંયોગો સાચવવા, જાળવવા, ઘટે નહિ તેનું ધ્યાન રાખવું, - આ તો બધું ધ્યેય પડ્યું જ છે સંસારીનું. સંસારી જીવનું સંસારનું ધ્યેય તો અનાદિનું ઊભું જ છે. જો તમે ધ્યેય અહીંયાં બદલો તો ઓલા ધ્યેયનો નાશ થાય. જો તમે ધ્યેય બદલ્યા વિના ધાર્મિક સાધન કરો, ધાર્મિક પ્રવૃત્તિ કરો તો સંસારનું ધ્યેય ઊભું હોવાથી, સંસારના ધ્યેયપૂર્વક એ પ્રવૃત્તિ થશે. ધર્મ પ્રવૃત્તિ કેવી રીતે થશે? સંસારના ધ્યેય સહિત થશે ઑટોમૅટિક. કેમકે એ તો ઊભું જ છે. એ કાંઈ નવું કરવાનું નથી. અને એની સાબિતી વર્તમાન ધાર્મિક સમાજ છે. વર્તમાન ધાર્મિક સમાજ કોઈપણ સંપ્રદાયનો તમે જોશો તો એની અંદર જે કોઈ ધર્મ પ્રવૃત્તિ કરવાવાળા જીવો હશે એને ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે.. સંસારની આશા હશે. કોઈને

તો સીધી જ હશે. કેટલાક તો એવા હશે કે આ હું કરું છું તો હવે મને વાંધો નહિ આવે. મારી સંસારની લીલીવાડી રહેશે. સંસારની વાડી સૂકવી નાખવી છે એ તો ઘણાને ખબર નથી ધર્મના ક્ષેત્રમાં આવ્યા પછી (પણ,) કે આ વાડી સૂકવી નાખવાની છે. પણ એનું ધ્યેય હોવાથી એમાં સુખબુદ્ધિ અને આધારબુદ્ધિ હોવાથી એ સંસારની લીલીવાડી રહે એવા આશયથી અને એવા ધ્યેયથી, એવી વાંછાથી જીવ ધર્મની પ્રવૃત્તિ કરે છે.

થોડા વર્ષ પહેલાં અમદાવાદમાં ખાડિયા મંદિરમાં એક ભાઈ સાથે ચર્ચા થઈ. જરાક મંદિરમાં આવીને થોડીક માથાકૂટ કરતા હશે. મેં કીધું ભાઈ.. મૂળ દિગંબર હતા. મેં કીધું તમે તો મૂળ દિગંબર છો. રોજ મંદિર દર્શન કરવાવાળા છો. નજીકમાં રહેતા હોય એવું લાગે છે. તો કહે હા! અહીંયાં બાજુમાં રહીએ છીએ એટલે આ મંદિરે દર્શન કરવા આવીએ છીએ. મંદિરો તો શહેરમાં અનેક હોય. તો બાજુમાં સૌ જાય સગવડ રહે એટલે. તો પછી તમે તો લાભ લ્યો છો. જેણે મંદિર બાંધ્યું, એનો લાભ તમે લ્યો છો. એની અંદર તમારે લાભ પણ લેવો અને માથાકૂટ કરવી એવું શું કરવા કરતા હશો? એ થોડું વધારે તોફાન કરી ગયા હતા. સમજ્યા? હું બેઠો હતો બરાબર અને એ મંદિરે દર્શન કરવા આવ્યા બીજે દી'એ સવારે. આગલે દી' થોડી ગડબડ કરીને, એટલે બેસાડ્યા મારી પાસે. કીધું આવો આવો વાત કરીએ આપણે. મંદિર આવવાનું તમારું પ્રયોજન શું? (પૂછ્યું) અને આ તમે દર્શન કરવા આવો છો એનો હેતુ શું છે તમારો? એણે કીધું મારે કોઈ તોફાન કરવાનો હેતુ નથી. કાલે મારાથી બોલાઈ ગયું ને આમ થયું ને તેમ થયું. પણ મારો એવો કોઈ હેતુ નથી. હું તો ઘણા વર્ષથી આવું છું અહીંયાં દર્શન કરવા. તો પછી કાંઈક કારણ તો હશેને? તો કહે હા! આ જે ભગવાન છે નીચે એના દર્શન કરવાનો બહુ ભાવ રહે છે. મેં કીધું શું કરવા ભાવ રહે છે તમને? એવી સરસ મૂર્તિ છે. મૂર્તિ તો વીતરાગ ભગવાનની મૂર્તિમાં આપણે શું કહેવાનું હોય? કીધું. મૂર્તિમાં તો કાંઈ મણા છે નહિ કીધું. સૌને દર્શન કરવા ગમે એવી શાંત મૂર્તિ હોય છે આપણા ભગવાનની. તો કહે સાચું કહું? હું અહીંયાં દર્શન કર્યા પછી દુકાને જાવ છુંને પછી મારો વેપાર બહુ સારો ચાલે છે અને મારી દૃઢ માન્યતા થઈ ગઈ છે કે દર્શન કર્યા વગર જાવું જ નહિ. દુકાને જાવું એટલે પહેલા દર્શન કરીને જ જાવું. એટલે હું અચુક દર્શન કરવા આવું છું. આ મૂળ દિગંબર માણસોની પણ આ સ્થિતિ છે. તો અન્યમતિઓની તો બિચારાની એ સ્થિતિ હોય, એ તો કાંઈ આપણે તપાસ કરવાની જરૂર નથી.

મૂળ સંપ્રદાયમાં જન્મ છે. કાંઈ ખબર છે? કે શું કરવા દર્શન કરવા મારે જાવું જોઈએ ભગવાનના? કાંઈ ખબર નથી. કેમકે જીવને સંસારમાં સુખબુદ્ધિ છે એટલે એ

સંસાર ફળે-ફૂલે એવું સહેજે થઈ જ જવાનું એનાથી. એને - જીવને સુખ જોઈએ છે. સુખ માટે જ કરે છે બધું જે કરે છે એ. ક્યુ સુખ જોઈએ છે? એ ખબર નથી. કેવું સુખ મેળવવું જોઈએ? એ ખબર નથી. સુખના સ્વરૂપની ખબર નથી અને કેવી રીતે મેળવવું જોઈએ? એ રીતની (પણ) ખબર નથી. બસ!

એટલે ધ્યેય તો છે જીવને. ધ્યેય બદલીને બેસવું. તત્ત્વવિચાર કરવા બેસવું, સત્સંગમાં બેસવું, સ્વાધ્યાયમાં બેસવું તો ધ્યેય બદલીને બેસવું. મારું ધ્યેય મારા સ્વરૂપને ગ્રહણ કરવાનું છે. એ ધ્યેયને અનુલક્ષીને મારા વિચારો અને મારા પરિણામની પ્રવૃત્તિ છે કે કેમ? કેવી રીતે છે? એવો કોઈ મારો પ્રયાસ છે? કે બસ તત્ત્વવિચાર કર્યા કરવા?! કેમકે તત્ત્વવિચારમાં, તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં ઘણી વાતો છે. ખૂબ-ખૂબ વાતો છે. અને એમાં બે વિભાગ પડે છે. કેટલીક વાતો પોતાને કામની હોય છે, કેટલીક વાતો પોતાને કામની નથી હોતી. બીજાને કામની હોય છે. બધી વાતો બધાને કામની નથી હોતી, તેમ બધી વાતો એક જણને પણ કામની નથી હોતી. એટલે પોતાના પ્રયોજનની વાત અને પોતાના અપ્રયોજનની વાત એવા બે વિભાગ એની અંદર છે અને એ બે વિભાગ પાડવા જોઈએ, વહેંચણી કરવી જોઈએ અને પ્રયોજનના વિષય ઉપર જ ધ્યાન દેવાનું, અપ્રયોજનભૂત વિષયની ઉપેક્ષા કરવાની, ગૌણ કરી નાખવાનું. એમ ન હોય તો પ્રયોજનનો વિષય કદી પણ હાથમાં નહિ આવે અને પ્રયોજન સધાશે નહિ. કે જેમ દુનિયાના સમાચાર ટીવીથી જાણવા છે, એમ શાસ્ત્રોની વાતો શાસ્ત્રોથી અને સત્સંગથી જાણવી છે અને ઘણું જાણવાથી ઘણું જ્ઞાન જણાય. બાહ્યદૃષ્ટિમાં તો એવી વાત છે કે ઘણું જાણે તેને ઘણું જ્ઞાન છે (પણ) પરમાર્થના માર્ગમાં એવું નથી. ઘણું જાણે તેને ઘણું જ્ઞાન છે એવું નથી. આત્મા જાણે તેને ઘણું જ્ઞાન છે - એક જ વાત છે અહીંયાં તો. તો આત્માને જાણવો એટલે આત્માને સમજવો એટલું નહિ. આત્માને ગ્રહણ કરવો. એમ વાત છે.

એટલે શું કહ્યું? '**તત્ત્વવિચારમાં તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું આત્માને ગ્રહણ કરું.**' એવું પોતાને ધ્યેય હોવું જોઈએ. '**એકલા માત્ર ઉપર ઉપરના વિચારો કે શાસ્ત્રના વિચારો કર્યા કરે તો થાય નહિ.**' તો સ્વરૂપનું ગ્રહણ થાય નહિ. ઉપરછલ્લા વિચારોથી નહિ થાય કે અનેક શાસ્ત્રોના ઘણા વિચારોથી પણ નહિ થાય. બહુ-બહુ તો માણસ વિદ્વાન થઈ જાય, પંડિત થઈ જાય, કોઈ વક્તા થઈ જાય, કોઈ લેખક થઈ જાય, કોઈ બેય થઈ જાય. લેખક પણ હોય અને વક્તા પણ હોય, પણ જ્ઞાની ન થાય! પણ જ્ઞાની ન થાય!

આ તત્ત્વવિચાર અને આ શાસ્ત્રો આ સત્સંગ જ્ઞાની થવા અર્થે છે. જ્ઞાની થવું

એટલે મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવો કે જેથી તેના ફળસ્વરૂપે મોક્ષસ્વરૂપની પ્રાપ્તિ થાય. અને જીવના ચારેય ગતિના સંસારના પરિભ્રમણનો નાશ થાય.

**'એકલા માત્ર ઉપર ઉપરના વિચારો કે શાસ્ત્રના વિચારો કર્યા કરે તો થાય નહિ. પોતાને ચૈતન્ય ગ્રહણ કરવાના, શાસ્ત્રના, દ્રવ્ય-ગુણ-પર્યાયના વગેરે બધા વિચારો, સ્વભાવ એકદમ ગ્રહણ થઈ જાય તેમ નહિ હોવાથી વચમાં ભલે આવે, તો પણ તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું મારા આત્માને ગ્રહણ કરું.'** શું કહ્યું? કે વિચારો આવશે. તત્ત્વવિચારનું વચ્ચે એક સ્ટેપ છે. વચ્ચે આવશે, એક સ્તર છે. કેમ? કે એ સિવાય સીધો સ્વભાવ ગ્રહણ થઈ જાય... સત્સંગ ન હોય, સ્વાધ્યાય ન હોય, શાસ્ત્રનું અધ્યયન ન હોય અને સીધો સ્વભાવ ગ્રહણ થઈ જાય એવું તો બનવાનું નથી. એટલે એવી સ્થિતિ નહિ હોવાને લીધે. એમ કહે છે.

વચમાં ભલે આવે. શરૂઆત થાય. વચમાં ભલે આવે, પણ પછી સ્વભાવ ગ્રહણ કરવાનો પુરુષાર્થ અને પ્રયત્ન હોવો જોઈએ. એ વિચારમાં આત્મસ્વરૂપના, દ્રવ્ય-ગુણ-પર્યાયના, સ્વભાવ-વિભાવના બધા વિચારો આવશે. અને આત્મસ્વરૂપનો અનુભવ કરવો જોઈએ, ગ્રહણ કરવો જોઈએ. ગ્રહણ કરવો એટલે અનુભવ કરવો. અનુભવ કરવો એટલે ગ્રહણ કરવું. ચૈતન્ય એટલે આત્મસ્વરૂપ. મૂળ આત્મસ્વરૂપ. એ પણ વિચાર આવશે. એ વિચાર આવશે તોપણ એનું ધ્યેય હોવું જોઈએ એમ કહે છે. માત્ર વિચાર હોવો જોઈએ એમ નહિ. તેનું ધ્યેય હોવું જોઈએ.

હવે વિચાર અને ધ્યેયમાં શું ફર્ક છે? આટલું અહીંયાં વિચારવું ઘટે કે વિચારમાં અને ધ્યેયમાં ફર્ક શું? વિચાર આવ્યો મને કે મારે મારા સ્વરૂપનું ગ્રહણ કરવું જોઈએ- એ વિચાર.. મને મારા સ્વરૂપનો અનુભવ કરવો જોઈએ એવો વિચાર અને મને મારા સ્વરૂપની પ્રાપ્તિ અથવા અનુભવ કરવો છે એવું ધ્યેય એ બે વચ્ચે ફર્ક શું? બેય આમ તો પરિણામ જ લાગે છે. બેય જીવના - વિચાર પણ જીવના પરિણામ છે, ધ્યેય પણ જીવના પરિણામ છે અને લગભગ similar પરિણામ છે. તમે differentiate કેવી રીતે કરશો? બે વચ્ચે તફાવત શું છે? કાંતવું તો જરા ઝીણું કાંતવું પડે એવું છે.

મુમુક્ષુ :- ઉપર-ઉપરથી તો બેય સરખું લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! સરખું-સરખું લાગે. આપણે જે સ્વાધ્યાય કરીએ છીએ એમાં તો સ્વરૂપ ગ્રહણ કરવાની વાત છે જ ને! અનુભવ કરવા માટે તો કરીએ છીએ આપણે. એ તો અનુભવ કરવાની તો વાત છેને એમાં આપણે ક્યાં બીજી વાત છે? આપણે કાંઈ દુકાન-બુકાનની વાત છે નહિ.

ધ્યેયવાળાને પ્રયત્ન ચાલે છે. એ એના initiative ઊભા થાય છે એમાંથી. કેવા ભાવો ઊભા થાય? initiative ભાવો ઊભા થાય છે. જેણે ધ્યેય કર્યું, ધ્યેય બાંધ્યું, એ એક નિર્ધાર છે અને તે નિર્ધાર એવા પ્રકારનો નિર્ધાર છે કે જ્યાં સુધી એ ત્યાં ન પહોંચે ત્યાં સુધી એને એક અજંપો રહે, અસંતોષ રહે અને એનો પ્રયત્ન એ કર્યા જ કરે, કર્યા જ કરે, કર્યા જ કરે. એની પાછળ લાગી જાય. એની પાછળ લાગી જાય તો સમજવું કે ધ્યેય છે. પાછળ લાગી જાય તો સમજવું કે ધ્યેય છે. જો પાછળ ન લાગે તો સમજવું કે, આ કરે છે - આ બધું સત્સંગ, સ્વાધ્યાય સારો કરે છે, નિવૃત્તિ લઈને કરે છે, પણ જો એના પરિણામ પાછળ ન લાગતા હોય, લાગી પડતા ન હોય, જેને એક લગની કહે છે - તો એ વિચારો છે, ધ્યેય નથી. શું છે? વિચારો જરૂર છે એના કે મારે સ્વરૂપનો અનુભવ કરવો છે. અલબત્ત બીજા વિચારો કરતા એ વિચાર સારો છે તોપણ જ્ઞાની એમ કહે છે કે સારો છે માટે અટકવું એમ નહિ. તને ધ્યેય હોવું જોઈએ. એટલે એ દિશામાં માણસ આગળ વધવાનો પ્રયત્ન કરે, આગળ વધતો જાય અને પહોંચે નહિ ત્યાં સુધી જોતો જાય કે હજી ઘણું બાકી છે. હજી બાકી છે, હજી બાકી છે, હજી બાકી છે. હજી જોઈએ છે એ આવ્યું નથી.

એક માણસે નક્કી કર્યું કે આ વેપાર આ વર્ષે શરૂ કર્યો છે, આવતા વર્ષના ચોપડા બંધ કરવા પડે એ પહેલા ઓછામાં ઓછા આટલા લાખ રૂપિયા મારે કમાવા છે. જે ધંધાનો સ્કેલ છે, મૂડીનું રોકાણ છે, existing પરિસ્થિતિ છે, એ પરિસ્થિતિ ઉપર એ નક્કી કરે, કે ભાઈ મને આટલા તો સહેજે મળે, પણ મારું ધ્યેય આટલું છે. તો થોડુંક એ આગળ વધવા માટે નિર્ણય કરે, ત્યારે જેમ-જેમ પ્રવૃત્તિ અને સમય જાય એમ-એમ જોતો જાય કેટલે પહોંચાણું? કેટલેક પહોંચાણું? અડધે પહોંચ્યો કે નહિ? છ મહિના થયા તો અડધે પહોંચ્યો છું કે નથી પહોંચ્યો? ત્રણ મહિના થયા તો ૨૫ ટકા જેટલું કામ થઈ ગયું છે કે નથી થયું? જોતો જાય છે કે નથી જોતો? એમ મેં સ્વાધ્યાય કર્યો, સત્સંગ કર્યો, તત્ત્વ વિચારો મને ચાલે, એ મારા સ્વરૂપનો અનુભવ કરવાનો મને વિચાર પણ આવે છે, પણ એ દિશામાં મેં કામ કેટલું કર્યું? મારો પુરુષાર્થ કેટલો ચાલ્યો? પ્રયાસ કેટલો ચાલ્યો? આ જોવે છે એ. જો એ ન જોવે તો એને વિચાર છે અને ધ્યેય નથી - આ ફેર છે.

પૉઈન્ટ સારો આવ્યો છે કે ભાઈ! એકાંત કરીએ, ફલાણું આ બધી વાતો ચર્ચા-ચર્ચા કરતા... કરતા... કરતા.. ચાલી. તત્ત્વવિચાર સુધી આવ્યા, બીજા ક્રિયાકાંડમાંથી જ્ઞાનીઓએ કાઢ્યા બહાર, નહિતર તો સંપ્રદાયમાં મોટાભાગે કોઈને કોઈ ક્રિયાકાંડે ચડી જાય છે. એ સત્સંગ અને શાસ્ત્ર સ્વાધ્યાય જ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવા માટેનું નિમિત્ત

છે. એ નિમિત્ત છોડીને બીજા ક્રિયાકાંડમાં લાગવું એ તો મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવાની ખબર નથી એ લોકોની એ પરિસ્થિતિ થાય છે. આ ક્ષેત્રમાં તો સ્પષ્ટ સમજ આવે છે એની કે બીજે ક્યાંય રોકાવા જેવું નથી. આ જ કરવા જેવું છે, પણ આ કરવા જેવું છે એમાં પણ ધ્યેય લઈને બેઠો છો કે નહિ? હવે એ વાત ઊભી થઈ છે. નહિતર તત્ત્વવિચાર કરતા કરતા જિંદગી પૂરી થઈ જશે, વાર નહિ લાગે.

'**તો પણ તેનું ધ્યેય હોવું જોઈએ કે હું મારા આત્માને ગ્રહણ કરું.**' ફરીને લીધું. ધ્યેય હોવું જોઈએ. નિર્ધાર કર! કોઈપણ કામમાં નિશ્ચય કરવો જ પડે છે કે આ કરવું છે. નિશ્ચય કર્યા પછી એ નિશ્ચય છે એ stage of decision છે અને ત્યારપછી માણસ આગળ વધે છે એ stage of execution છે. decision સિવાય executive સ્ટેજ શરૂ નથી થતું. executive સ્ટેજ ક્યારે શરૂ થાય? after decision - એટલે તમે નિર્ધાર કરો તો જ એનું execution ચાલુ થાય અને નહિતર ચાલુ ન થાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિચાર અને ધ્યેયમાં... એક વિચારબળ જે પ્રવર્તે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા! એ ધ્યેય હોય તો જ પ્રવર્તે. પણ એમાં તો શું છે કે વિચારબળમાં એક ફરક છે. કારણ કે ૬૯ પત્રમાં કૃપાળુદેવે એ વિષય થોડો ચર્ચ્યો છે કે જો જીવને વિશેષ પ્રકારે સત્સંગ પ્રાપ્ત હોય, તો એના આ સંબંધીના વિચારો, તત્ત્વવિચારો, આત્મવિચારો, વિચારબળસહિત પ્રવર્તે. અને અસત્સંગમાં રહે, અસત્ પ્રસંગોમાં રહે એમાં એને રસ અને રુચિ પડે, તો આ વિચારો આવે પણ વિચારબળ વિનાના વિચારો આવે. એટલે ત્યાં જે જીવ સત્સંગ અને અસત્સંગ વચ્ચે સત્સંગ નથી કરતો - ઓછો કરે છે, અસત્સંગ કરે છે અથવા વિશેષ અસત્સંગ કરે છે ત્યાંથી ઉખાડવાની વાત છે.

હવે અહીંથી જરા આગળ ચાલીએ છીએ આપણે. એ વાતથી થોડાક આગળ ચાલીએ છીએ કે વિચારો તો આવે જ છે અને આ વિચારમાં ઘણું રહેવાય છે. પછી કોઈવાર વાંચનથી, તો કોઈવાર શ્રવણથી, તો કોઈવાર એમ ને એમ વિચારો ચાલતા હોય. એ વિચારો તો સારા ચાલે છે તો એની પાછળ એમ લાગે કે વિચારબળ છે માટે વિચાર ચાલે છે? જો વિચારબળ ન હોય તો બીજા બીજા વિચારો આવે. માટે આ વિચારનું બળ કામ કરે છે.

હવે એથી થોડુંક આગળ ચાલીએ. કે વિચારબળ હોય તોપણ સ્વરૂપને ગ્રહણ કરવાના પુરુષાર્થનું શું? કેમકે આમાં ઘણા પ્રકારો ભજે છે. પુણ્યયોગે કોઈ કોઈ મુમુક્ષુઓને પુણ્યયોગ એવો હોય છે કે બીજી પ્રવૃત્તિમાં પડવાની જરૂર નથી હોતી, ન પડે તો ચાલે. વ્યવહારિક

જીવન આજીવિકા આદિ જે છે એ ઉપજીવન, એ સહેલાઈથી ચાલે એવી વ્યવસ્થા હોય પુણ્યયોગે. વિશેષ પુણ્યયોગે એને એવો પણ વિચાર આવે કે હું સત્સંગ અને સ્વાધ્યાય આદિની પ્રવૃત્તિમાં રહું અને મારે જે અસત્સંગ અને બીજું(-બીજું નથી કરવું) પ્રવૃત્તિમાં રહેતા હોવાથી એ વિચારો ચાલ્યા કરે, પણ સ્વરૂપ અનુભવ ન થાય અને સમય નીકળતો જાય. એક વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ, ચાર વર્ષ, પાંચ વર્ષ, સાત વર્ષ, દસ વર્ષ. દસ-દસ વર્ષ સુધી, દસકા સુધી એ પ્રવૃત્તિ થાય અને અનુભવ ન થાય.

હવે એને પોતાને એમ થાય કે મારે તો બીજું કાંઈ સંસારનો લગવાડ તો હવે બહુ કાંઈ છે નહિ. આ ક્ષેત્રની અંદર મારું આ કામ છે બરાબર કરું છું, ઠીક-ઠીક પ્રમાણમાં. પણ કાંઈ કામ થયું નથી! મોક્ષમાર્ગમાં અનુભવ લઈને આવવું હોય તો એ કોઈ કામ થયું નથી! તો મોટાભાગે પહેલેથી ધ્યેય બાંધ્યું નથી હોતું. એ ધ્યાન ખેંચ્યું છે - ધ્યેય બાંધ્યું નથી. એક ટાર્ગેટ હોય કે આ કામ કરી લેવું છે, ત્વરાથી કરી લેવું છે, શીઘ્ર કરી લેવું છે એમાં આટલો ટાઈમ, મુદત એ સવાલ નથી. જેટલું વહેલું આજ થતું હોય, આ ક્ષણે થતું હોય તો બીજી ક્ષણ જોઈતી નથી. એવી જે તૈયારી છે એ ધ્યેય બાંધે તો જ આવે. જેને પોતે તાલાવેલી કહે છે, એને લગની કહે છે. એ એના symptoms છે. ધ્યેય બાંધ્યું છે એના symptoms છે.

જો લગની અને તાલાવેલી ઊપડતી નથી તો એ વિચારોમાં રોકાણો છે. શેમાં રોકાણો છે? વિચારોમાં રોકાણો છે. તો એ ના પાડે છે જ્ઞાની. ક્રિયાકાંડમાં રોકાવાની ના પાડી છે એમ વિચારોમાં રોકાવાની પણ ના પાડી છે. અહીં તો રોકાવાનો પ્રશ્ન જ નથી ક્યાંય.

'**વચમાં ભલે આવે, તો પણ તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું મારા આત્માને ગ્રહણ કરું.**' એટલે અનુભવ કરું. '**તેને પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવાનું લક્ષ હોવું જોઈએ કે મને મારો આત્મા કેમ ગ્રહણ થાય?**' અંદરમાં પોતાને આ પ્રોબ્લેમ - આ સમસ્યા સોલ્વ કરવાની છે. ક્યાં વાત આવી? અસ્તિત્વ ગ્રહણ કરવાનું લક્ષ હોવું જોઈએ. અસ્તિત્વ ગ્રહણનો વિષય કૃપાળુદેવે લીધો છે. વ્યાખ્યાનસાર-૧માં ૨૨૦મો બોલ લીધો છે. એક વખત જો જીવ અસ્તિત્વગ્રહણ કરે તો તે સમ્યક્ત્વને પ્રાપ્ત કરે. કેમકે અસ્તિત્વગ્રહણ કરવું તે સમ્યક્ત્વનું અંગ છે. અસ્તિત્વગ્રહણ કહો, બીજજ્ઞાન કહો, સ્વરૂપનું ભાવભાસન કહો, સ્વરૂપનો નિશ્ચય કહો, કે સ્વરૂપનું લક્ષ થયું એમ કહો - બધું એક જ સ્ટેજની વાત છે. જુદા-જુદા એંગલથી એને નામ આપ્યું છે.

તો શું કહ્યું? કે '**તેને પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવાનું લક્ષ...**' લક્ષ એટલે ધ્યેય, ધ્યેય એટલે લક્ષ અહીંયાં '**હોવું જોઈએ કે મને મારો આત્મા કેમ ગ્રહણ થાય?**'

એ સંકેત 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં પણ કૃપાળુદેવે કર્યો છે કે 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' એ આ વાત કરી છે. કે તમે શાસ્ત્ર વાંચો છો, શાસ્ત્રનું અધ્યયન, સ્વાધ્યાય કરો છો તો એ તો સ્વરૂપનું લક્ષ કરવા માટે છે. તો સ્વરૂપ લક્ષ કરવાના ધ્યેયને વળગીને, અનુસરીને શાસ્ત્ર સ્વાધ્યાય ચાલે છે? કે એ સિવાય બીજા પ્રકારે ચાલે છે? મુમુક્ષુને બીજા કોઈ પ્રકારે શાસ્ત્ર-સ્વાધ્યાય હોવો ઘટે નહિ. આ એક જ પ્રકારે હોવો ઘટે.

એટલે સ્વરૂપનો નિશ્ચય કરવો, ઓળખવો, એ પ્રયાસ ચાલવો જોઈએ. સત્સંગ અને સ્વાધ્યાયની પ્રવૃત્તિ દરમ્યાન એ પ્રયાસ હોવો જોઈએ કે મારે મારા સ્વરૂપને ઓળખવું છે. અને એ ઓળખવા માટે હું શું આમાંથી પકડું છું? અને ત્યાર પછી ઓળખવા માટે મારા પરિણામો શું કામ કરે છે અંદરમાં? આ રીતે એને બરાબર જો ગોઠવાય નહિ તો એ વિચારોનો વિષય રહી જશે કે જે અટકવાનું સ્થાન થયું. બીજું કાંઈ નહિ થાય. સારો વિષય ચાલ્યો છે.

આ તો હવે આપણે જે તત્ત્વવિચારો રોજ કરીએ છીએ એને ક્યાં ક્ષતિ રહે છે? એની સફળતા અને નિષ્ફળતાનું કારણ શું છે એની ચર્ચા કરી છે. કેમકે કોઈક વિરલજીવ સફળ થાય છે, બાકી બધા નિષ્ફળ જાય છે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં સંખ્યાબંધ માણસોનો પ્રવેશ અને પ્રવૃત્તિ જોવામાં આવે છે. ભલે સમાજની અપેક્ષાએ એની સંખ્યા ઓછી છે, તોપણ સંખ્યા તો છે. જે સંખ્યામાં પ્રવેશ છે એમાં પણ કોઈક વિરલ જીવ જ એને પ્રાપ્ત કરે છે, સ્વાનુભવમાં આવે છે, જ્ઞાનદશામાં આવે છે. મોક્ષમાર્ગમાં કો'ક જ આવે છે અને બીજા નથી આવતા, નિષ્ફળ જાય છે. શું કારણ છે? અને સફળ થાય છે તો શું કારણ છે? એ વિષય ઉપર, એ બાબત ઉપર તલસ્પર્શી વિચાર કરી લેવો જોઈએ. એનું બોટમ પકડી લેવું જોઈએ. છે શું આમાં? કાંઈક હું બફમમાં તો રહેતો નથી ને? હું કરું છું... કરું છું... કરું છું... ઘણા વર્ષથી કરું છું.

કેટલાકને તો એમ છે કે ભાઈ આ તો અનાદિ સંસાર છે અને આપણે થોડું... થોડું... થોડું... આવું બધું કરતા રહીએ તો પછી ભવભવાંતરે બે-પાંચ-પંદર-પચ્ચીસ ભવે આપણો છુટકારો થઈ જાય. એ બધી બફમમાં રહેવાની વાત છે. અનંતકાળે પણ ન થાય. 'વહ સાધન બાર અનંત કિયો' અનંતવાર સાધન કર્યું તો જીવનો કાળ પણ અનંતો ગયો છેને? અનંત સાધનો કરતા.. કરતા.. અનંતકાળ કાઢ્યો જ છે. એ કાઢ્યો જ છે એની પાછળ અનંત નિષ્ફળ જવાના પણ કારણો છે અને સફળ થવાના પણ કારણો છે. કારણકાર્ય નિયમબદ્ધ છે. અહીંયાં સફળ થવું, નિષ્ફળ થવું તે કારણકાર્ય નિયમબદ્ધ છે.

'**જોકે તત્ત્વના વિચાર એ મુખ્ય સાધન છે,...**' એટલે કે બીજા સાધનો ગૌણ કરી નાખ્યા. પૂજા, ભક્તિ, દયા, દાન, વ્રત, નિયમ, સંયમ. એ બધા સાધનો ગણાય છે. એ બધાને ગૌણ કર્યા. '**જોકે તત્ત્વના વિચાર એ મુખ્ય સાધન છે, છતાં તેમાં પણ પોતાને ગ્રહણ કરવાનો પ્રયત્ન થવો જોઈએ.**' એ મુખ્ય સાધન હોવા છતાં પણ એમાં આટલો ભેદ છે. એ પોતે ધ્યેય બાંધી અને પ્રયત્ન ચાલવો જોઈએ. ધ્યેય બાંધ્યું હશે તો ધ્યેય અનુસાર પ્રયત્ન ચાલશે, શરૂ થશે. આપણે initiative કહીએ છીએ. જો ધ્યેય નહિ બાંધ્યું હોય તો વિચાર જ કર્યા કરશે, વિચાર જ કર્યા કરશે.

અથવા જેને જે ગ્રંથ વિચાર્યો છે કે આ ગ્રંથ મારા માટે સારો છે. રિપિટેશનમાં જાશે. થાય છે પણ એવું કે મહાપુરુષોના વચનો હોય છે ગ્રંથની અંદર. અને પોતે અનુભવીને લખેલી વાતો હોય છે એમાં એવું સારું નિમિતત્ત્વ પડ્યું હોય છે કે બીજા જીવો પામી જાય. એટલું એની અંદર વચનબળ પણ છે. એ વચનબળ જેની અંદર છે, એવા વચનોનો વચનયોગ થાય ત્યારે જીવને ઓછાવત્તા પ્રમાણમાં યોગ્યતા અનુસાર અસર પણ આવે છે. અને એ અસર આવે છે એટલે એ વારંવાર એનો સ્વાધ્યાય અને અધ્યયન કરે છે. આવું થતું હોવા છતાં પણ સફળતા નથી મળતી ત્યારે એનું કોઈ કારણ રહી જાય છે, કોઈ વાત રહી જાય છે, કોઈ lacking factor છે, ખૂટતી કડી છે કોઈ. એનો વિચાર અહીંયાં કર્યો છે.

આ પ્રશ્નની અંદર એ ખૂટતી કડીનો વિચાર કર્યો છે. પછી ધ્યેય બાંધ્યું છે. ધ્યેય બાંધ તો ધ્યેયને અનુસરીને તારો પુરુષાર્થ ઊપડવાનો છે. અને ધ્યેય બાંધીશ એટલે પ્રયત્ન ચાલુ થયા વિના રહેશે નહિ. કેમકે આ તો કરવું જ છે. શીઘ્ર કરવું છે એ જાતનું ધ્યેય છે. અત્યારે થાય તો પછી કરવું છે એ ધ્યેયમાં તો હોય નહિ. ધ્યેયમાં એ વાત હોઈ શકે નહિ. અને આવું મહાન ધ્યેય હોય, જેમાં અનંત સંસારના અનંત દુઃખોનો નાશ થાય. 'સાદી અનંત અનંત સમાધિ સુખ, અનંત જ્ઞાન, અનંત દર્શન સહિત પ્રાપ્ત થાય' એમાં મોડું કરવાનો પ્રશ્ન કેમ હોય શકે? કે પછી કરીશ એમાં એ વાત કેમ હોય શકે? એ તો પ્રશ્ન જ નથી. જેને ધ્યેય બંધાય છે એને ઉપાડ, લગની અને તાલાવેલીથી આવે છે એ એના લક્ષણો છે, એના ચિહ્નો છે. અને જ્યારે એ પરિસ્થિતિમાં જીવ આવે ત્યારે એણે ધ્યેય બાંધ્યું છે અને એની ગાડી પાટે ચડી. રાઈટ ટ્રેકમાં, રાઈટ સ્પીડ ઉપર ગાડી ચાલે એટલે રાઈટ ટાઈમે એનું destination આવ્યા વિના રહે નહિ. સાઈન્ટિફીક વાત છે.

મુમુક્ષુ :- અત્યારે ધ્યેય બાંધી શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- Any moment - કોઈપણ વર્તમાન ક્ષણે તમે ધ્યેય બાંધો

એટલે ટ્રેક બદલાણી તમારી. નહિતર ટ્રેક નહિ બદલાય. સ્વાધ્યાય અને સત્સંગ કર્યા કરશો, બીજું નહિ કરો તો સ્વાધ્યાય અને સત્સંગ કર્યા કરશો, પણ ઝાઝું એમાં રોકાવા જેવું નથી. અહીં સુધી રાખીએ...

આશય :- (૧૯૧) **તત્ત્વવિચારની પ્રવૃત્તિ પણ ધ્યેયપૂર્વક હોવી જોઈએ. ધ્યેય શૂન્ય તત્ત્વવિચારની પ્રવૃત્તિ ખચિત્ નિષ્ફળ જાય છે. અંતિમ ધ્યેય પૂર્ણતાનું હોવા યોગ્ય છે. પરંતુ તેની શરૂઆત અસ્તિત્વગ્રહણથી થાય છે. તેથી તત્ત્વવિચારની પ્રવૃત્તિ દરમ્યાન અસ્તિત્વગ્રહણ થવાની દિશામાં પ્રયત્ન ચાલવો જોઈએ. તત્ત્વવિચાર મુખ્ય સાધન હોવા છતાં પણ ધ્યેય બંધાયું ન હોય તો જેનું ઘણું મૂલ્ય છે એવો સત્સંગ અને સ્વાધ્યાય નિષ્ફળ જાય. તે લક્ષમાં લેવા યોગ્ય છે.**

**અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૬૦**

**પ્રશ્ન :– સ્થૂલ ઉપયોગને સૂક્ષ્મ કરવાની કોઈ પદ્ધતિ નહિ હોય?**

**સમાધાન :– ઉપયોગ સ્થૂલ થવાનું કારણ પોતાને બહારની મહિમા છે; બહારની એકત્વબુદ્ધિ છે તેથી ઉપયોગ સ્થૂલ થઈ ગયો છે.**

**બહારમાં તેને ક્યાંય ગમે નહિ, ક્યાંય રુચે નહિ, ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય સુખ લાગે નહિ અને આ બાજુ સુખ મારા આત્મામાં છે, મને આત્મા કેમ ઓળખાય? કેમ ઓળખાય?–એવી જાતની ક્ષણે ને ક્ષણે ચૈતન્યની લગની લાગે, એક ને એક લગની લાગે એનો મહિમા આવે તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ. સાચી રુચિ લાગે, સાચો પુરુષાર્થ કરે–સાચું કારણ પ્રગટ થાય તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. જેમ આકોલિયાનું બી વાવે અને આંબો ઊગે એમ બને નહિ, આંબાનું બીજ વાવે તો જ આંબો ઊગે છે, તેમ આત્માને યથાર્થ ઓળખે, ચૈતન્યનું મૂળ ઓળખે અને પછી તેમાં જ્ઞાન–વૈરાગ્ય–ધ્યાનનું સિંચન કરે તો તે પ્રગટ થાય. તેનો મૂળ સ્વભાવ ઓળખવો જોઈએ. આ સ્વભાવ છે અને આ વિભાવ છે–એમ વિભાવ–સ્વભાવનો ભેદ પાડીને સ્વભાવને ઓળખવો જોઈએ.**

**ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી. માટે સ્વભાવ ઓળખવાનો જ પ્રયાસ કરવો, થાકવું નહિ. તેનો પ્રયાસ કરવાથી કાર્ય થાય છે અને તે જ સ્વભાવનું ખરું ગ્રહણ કરવાની રીત છે. ૧૯૨.**

## તા. ૬–૭–૧૯૯૭, પ્રશ્ન– ૧૯૨–૧૯૩
## પ્રવચન નં. ૧૪૧

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૨૭, પ્રશ્ન-૧૯૨. '**સ્થૂલ ઉપયોગને સૂક્ષ્મ કરવાની કોઈ પદ્ધતિ નહિ હોય?**' અથવા એ પ્રશ્નમાં એમ કહેવું છે કે સ્થૂળ ઉપયોગ હોય તો એને સૂક્ષ્મ ઉપયોગ કરવો કઈ રીતે? કઈ રીતે કરવો? પદ્ધતિ, વિધિ, રીત બધું એકાર્થ છે. એટલા માટે પ્રશ્ન છે કે આત્મસ્વરૂપ છે એ સૂક્ષ્મ છે. અને સ્થૂળ ઉપયોગ દ્વારા ગ્રહણ થઈ શકવા યોગ્ય નથી, સૂક્ષ્મ ઉપયોગ દ્વારા જ ગ્રહણ થઈ શકવા યોગ્ય છે. તેથી ઉપયોગની સૂક્ષ્મતા થવી એ જરૂરી છે.

'**સમાધાન :- ઉપયોગ સ્થૂલ થવાનું કારણ પોતાને બહારની મહિમા છે;...**'

બહારની એકત્વબુદ્ધિ છે તેથી ઉપયોગ સ્થૂળ થઈ ગયો છે. બુદ્ધિ ઘણી છે એટલે ઉપયોગ સૂક્ષ્મ છે એમ નથી. કોઈ બુદ્ધિશાળી માણસ છે, ઈન્ટેલિજન્ટ માણસ છે. એટલા માટે એનો ઉપયોગ સૂક્ષ્મ છે એમ કાંઈ નથી. એનો ઉપયોગ પણ સ્થૂળ હોય શકે છે. અને ઓછી બુદ્ધિ છે, સામાન્યબુદ્ધિ છે અથવા ઘણો ઓછો ઉઘાડ છે માટે એનો ઉપયોગ સૂક્ષ્મ ન હોય કે ન થઈ શકે કે ન હોય શકે એમ નથી. બેય વાત તદ્દન જુદી જુદી છે.

ત્યારે અહીંયાં જે ઉપયોગ સ્થૂળ છે જીવોનો એનું કારણ શું? ઉપયોગ સ્થૂળ થવાનું કે સ્થૂળ હોવાનું કારણ શું? કે પોતાને બહારની મહિમા છે. બાહ્યપદાર્થોની મહિમા જગતના પદાર્થોની મહિમા એના કારણે ઉપયોગ સ્થૂળ થઈ જાય છે. એટલે આ અધ્યાત્મનું પ્રકરણ છે. આત્મા જે અધ્યાત્મ તત્ત્વ છે, એની રુચિ, એનો મહિમા એ ઉપયોગને સૂક્ષ્મ કરે છે. જડ પદાર્થ એની ચિત્ર-વિચિત્ર અનેકવિધ પર્યાયો, એનો મહિમા, એની રુચિ ઉપયોગને સ્થૂળ કરે છે.

બીજું એકત્વબુદ્ધિ લીધી છે. શરીરની, પરિવારની કે બીજા પ્રાપ્ત સંયોગોમાં પોતાપણું એ પણ ઉપયોગને સ્થૂળ કરે છે. આપણે જે કારણો વિચાર્યા, પોતાપણું એમાં એક છેલ્લું લીધું આપણે. કોઈ મુમુક્ષુ સ્વાધ્યાય કરે છે છતાં ઉપયોગ સૂક્ષ્મ થઈને સ્વરૂપને ગ્રહણ કરે એવી યોગ્યતામાં કેમ આવતો નથી? કે બીજી બાજુ એકત્વ એનું એમ ને એમ ચાલું જ છે. એમાં કાંઈ ફેર કરતો નથી. ઘરે જાય તો એનું એ, દુકાને જાય તો એનું એ. બીજા સંયોગ-વિયોગોના બધા ઉદયો આવે તેમાં તેનું તે. તો એ ઉપયોગ સૂક્ષ્મ થઈ શકે નહિ. જે સ્થૂળતા છે એ સ્થૂળતા એમ ને એમ રહી જાય છે. અને સ્વાધ્યાય આદિથી જે લાભ થવો જોઈએ એ થતો નથી.

સત્સંગ, સ્વાધ્યાય પવિત્ર થવા માટે સ્વચ્છ જળ છે. પણ તમે સ્વચ્છ જળથી ન્હાવ અને સાથે મેલા જળથી પણ ન્હાવ તો તમારું જે સ્વચ્છ જળથી ન્હાયેલું છે એ વ્યર્થ જવાનું. સીધી વાત છે.

'**બહારમાં તેને ક્યાંય ગમે નહિ, ક્યાંય રુચે નહિ, ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય સુખ લાગે નહિ...**' તેવી ઉદાસીનતા આવે. આ ઉદાસીનતાનું વર્ણન કર્યું છે. મુમુક્ષુની ભૂમિકામાં જ્યારે યથાર્થ ઉદાસીનતા આવે છે ત્યારે જીવને (પરનું) આકર્ષણ-અપેક્ષા, પરની મહિમા, પરની રુચિ એ પ્રકારનો બધો જે અવરોધ છે એ અવરોધ મટે છે. નહિતર એ બધા પરિણામો અવરોધ છે.

તો કહે છે કે, '**બહારમાં તેને ક્યાંય ગમે નહિ, ક્યાંય રુચે નહિ, ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય સુખ લાગે નહિ...**' કેટલા બોલ લીધા છે? ચાર બોલ લીધા. ગમવું,

રુચવું, ચેન પડવું અને સુખ લાગવું. આ feelingના stage છે. એ ચારેય પ્રકારની feeling ઉદાસીનતાને કારણે ન હોય. એનું નામ યથાર્થ ઉદાસીનતા છે.

મુમુક્ષુ :- કૃપાળુદેવે કહ્યુંને કે જ્ઞાનીપુરુષ કરતા જો તને પરિગ્રહ પ્રત્યે વધારે પ્રેમ હોય તો તું લાયક જ નથી. આગળ આમાં જ આવી ગયુંને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમાં આવી ગયું. એ તો શું છે કે તો તને એ જ્ઞાનીપુરુષને ઓળખવાનો અવસર આવશે નહિ.

મુમુક્ષુ :- બહારનો મહિમા એમ જ છૂટેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા! બહારનો મહિમા છોડવો જોઈએ.

**'અને આ બાજુ સુખ મારા આત્મામાં છે, મને આત્મા કેમ ઓળખાય?'** સુખસ્વરૂપી. **'કેમ ઓળખાય?- એવી જાતની ક્ષણે ને ક્ષણે ચૈતન્યની લગની લાગે, એક ને એક લગની લાગે એનો મહિમા આવે તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ.'** પદ્ધતિ લઈ લીધી. કેવી રીતે ઉપયોગ સૂક્ષ્મ થાય? કે સ્વરૂપની લગની લાગે તો! જો લગની નથી લાગતી તો એનો અર્થ એમ છે કે એને જે લાભ બતાવ્યો એ સ્થૂળ ઉપયોગના કારણે સમજાણો નથી. બુદ્ધિગમ્ય થયો બુદ્ધિ છે એટલે. જે અનંત સુખ, અનંતકાળનું અનંત સુખ, એટલે એનું કોઈ મૂલ્ય થઈ શકે નહિ. બુદ્ધિમાં સમજાણું પણ લાગ્યું શું એમાં? સમજવું એ વિચારની ભૂમિકા છે. લાગવું છે એ બીજી વાત છે. feeling stage આવ્યું એ. જો લાગે તો એને એની પાછળ જે લગની ઊપડે, એ સુખ જો લાગવાથી સમજાય તો એની પાછળ જે લગની ઊપડે એ લગની એને બીજે બધેથી ઉઠાડી મૂકે. બધેથી ઉઠાડી મૂકે. આ ચોખ્ખી વાત છે.

મુમુક્ષુ :- લાગવાથી સમજાય?

પૂજ્ય ભાઈશ્રી :- લાગીને સમજાવું જોઈએ. એને ભાસવું કહે છે. લાગવું એને ભાસવું કહે છે. જે નુકસાનથી બચવાનો છે એનો ભાવ ભાસે, જે લાભ થવાનો છે એનો ભાવ ભાસે તો લગની લાગ્યા વગર રહે નહિ. સંસારમાં પ્રૅક્ટિકલી એમ જ બને છે. મોટો લાભ હોય ત્યાં માણસ પૂરી શક્તિથી કામ કરે છે. એક વિદ્યાર્થી હોય છે એ વિદ્યાર્થી છેલ્લા ધોરણમાં આવે છે ત્યારે એને કોઈને કોઈ લાઇન એવી પકડવી પડે છે કે જેનો વ્યવસાય એ કરે, જે વ્યવસાય એ કરવા માગે છે એ લાઇન પકડે છેને? હવે એને જે છેલ્લા વર્ષો છે એની અંદર કૅરિયર સારી છે, સારા માર્ક્સ લાવે છે. અને તેથી એને જે વ્યવસાય કરવો છે એમાં ચાન્સ બહુ સારા છે, કે ભાઈ તમે આ ડિગ્રી પાસ કરો તો સ્ટાર્ટીંગ તમને દસ હજારના પગારથી સર્વિસ ચાલુ થઈ જશે. એ તો તમારા (પરીક્ષામાં) પાસીંગ માર્ક્સ આવશે તો સામેથી ઈન્કવાયરીઓ આવવા માંડશે સારી

સારી કંપનીઓની. એવું બને છેને? અને એ લોકો જોતા હોય છે.

મુમુક્ષુ :- એને આગળથી આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- કારણ કે આગળથી ઍડ્વાન્સમાં આવી જાય કે, અમારે તમને અમારી કંપનીમાં એપોઈન્ટમેન્ટ આપવી છે. અને એ બધો ખ્યાલ ભણનારને પહેલેથી હોય છે. ભણનારને તો પહેલેથી બધો ખ્યાલ હોય છેને? કે આવા બધા ચાન્સિસ છે. કેટલા ખંતથી ભણતો હોય છે? કેટલા ખંતથી ભણે એ? પૂરેપૂરા ખંતથી ભણતો હોય છે. કેમકે એને નજીકના ભવિષ્યમાં બહુ સારો લાભ દેખાય છે.

આમાં એમ થવું જરૂરી છે કે સંસારના તમામ દુઃખોનો અભાવ થાય, કોઈ કાળે કોઈ અંશે પણ, કોઈ થોડું પણ દુઃખ પડે નહિ અને કોઈ કાળે કોઈ અંશે પણ પૂરું સુખ છે એમાં કાંઈ ઘટે નહિ. અનંતસુખ એટલે વાત શું પણ હવે?! અંદાજ આવવો મુશ્કેલ છે કે ભાઈ અનંત સુખ એટલે શું? જેને એનો ભાવ ભાસે છે એને લગની ઊપડે છે. લગની ઊપડ્યા પછી જે સુખનો મૂલ્યાંકનનો ભાવ ભાસ્યો હતો એ સુખ ભાસે છે. એ સ્વરૂપગ્રહણ થયું. જ્યારે સુખનો ભાવ ભાસે છે કે ભાઈ આની અંદર અનર્ગળ સુખ છે. લિમિટ વગરનું, બેહદ સુખ છે, અસીમ સુખ છે. સીમા જ નથી કોઈ. ત્યારે ઉપયોગ એમાં થંભી જાય એમાં શું નવું છે? એ ઉપયોગ થંભી ગયો એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર થઈ ગયું - મોક્ષમાર્ગ!! એવું નિજપ્રયોજનનું મહાન કાર્ય છે આ. જેટલી એની મહિમા છે એટલી મહિમા આવે તો લગની ઊપડે.

'**આ બાજુ સુખ મારા આત્મામાં છે,...**' એ એણે સ્વીકાર્યું છે બુદ્ધિથી. હવે મને એ કેમ ઓળખાય? કેમ ભાસે? કેમ ભાસે તો એ આખો feeling સ્ટેજ નવો શરૂ થઈ જાય. '**કેમ ઓળખાય? કેમ ઓળખાય?**' બે વખત લીધું. એટલે સ્વરૂપ સંબંધીની અપૂર્વ જિજ્ઞાસા લીધી અને અપૂર્વ ખોજ લીધી. એવી જિજ્ઞાસા અને એવી શોધકવૃત્તિમાં આવ્યા વિના જ્ઞાનમાં જે સ્વરૂપનો ભાવ ભાસવા માટે અવકાશ થવો જોઈએ એ અવકાશ ન થાય. ઓળખવાની પણ તીવ્રતા આવવી જોઈએ. એ તો બેવાર લીધું છે. તીવ્રતા બતાવવા માટે વ્યવહાર લીધો છે.

'**એવી જાતની ક્ષણે ને ક્ષણે ચૈતન્યની લગની લાગે, એક ને એક લગની લાગે એનો મહિમા આવે તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ.**' ઑટોમૅટિક છે. ઉપયોગ સૂક્ષ્મ ઑટોમૅટિક જ થાય છે. જેની જરૂરત લાગે અને એની પાછળ પરિણામ લાગ્યા કરે એ વિષયનો ઉપયોગ સૂક્ષ્મ થાય છે. દુનિયાદારીના કામમાં પણ મોટો કારોબાર હોય છે ત્યાં માલ ખરીદનારા જુદા હોય છે, માલ વેચનારા જુદા હોય છે, ફાઈનાન્સની વ્યવસ્થા કરનારા જુદા હોય છે, દરેકનું કામ એકાઉન્ટ systematically maintain

કરનારા એ જુદા હોય છે. તો દરેક પોતાના કામમાં નિષ્ણાંત હોય ત્યાં તેને મૂકવામાં આવે છે. જેની સેલ્સમેનશિપ બહુ સારી હોય એને વેચાણનું કામ સોંપે. તો એ સામા ગ્રાહકને કેવી રીતે પટાવવો એ tictac એની પાસે હોય છે. અને એમાં એનો ઉપયોગ સૂક્ષ્મ હોય છે. કેવો? એમાં એનો ઉપયોગ સૂક્ષ્મ હોય છે.

ખરીદનારને કેમ કસીને ખરીદવું અને સારામાં સારું ખરીદવું અને છતાં બને તેટલું ઓછા ભાવે કેમ ખરીદવું એ ટૅકનિક એની પાસે હોય છે. એમાં એનો ઉપયોગ સૂક્ષ્મ હોય છે. એવી બધી દરેકને પોતપોતાની બાબતમાં જેની જરૂરિયાત લાગી છે કે આ કામ કરવું મને જરૂરી છે ત્યાં એના પરિણામ લાગેલાને લાગેલા રહે છે અને એ પરિણામ લાગેલા રહેવાથી ઉપયોગ એ વિષયમાં સૂક્ષ્મ થઈ જાય છે.

અહીંયાં તો આત્મા છે, પરમપદાર્થ છે. એની મહિમા ભલે બુદ્ધિગોચર રીતે સમજાય, પણ જો પરિણામ એ બાજુના લાગ્યા રહે તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ એનો. ઑટોમૅટિક ઉપયોગ સૂક્ષ્મ થઈ જાય. જ્યાં જ્ઞાન સૂક્ષ્મ થયું ત્યાં એ સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરી લેશે. સૂક્ષ્મ થયેલું જ્ઞાન સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરશે. જ્ઞાનની જગ્યાએ ઉપયોગ શબ્દ એટલા માટે વાપરે છે કેમકે ઉપયોગમાં સાવધાની છે. શું છે? આપણે નથી કહેતા ભાઈ આ કામ જરાક ધ્યાનથી કરજો. અત્યારે શાસ્ત્રભાષામાં એમ બોલે કે ભાઈ ઉપયોગથી ચાલજો. મુનિ ચાલે છે તો ઉપયોગ રાખે છે, મુનિરાજ કોઈ વસ્તુ લે-મૂકે છે તો ઉપયોગ રાખે છે. એમ કહેવાય છે. શું કહેવાય છે? ઉપયોગ રાખે છે. ઉપયોગ એટલે? જ્ઞાન પણ છે અને ત્યાં સાવધાની પણ છે. એટલે જ્ઞાનના બદલે ઉપયોગ શબ્દ વપરાય છે એનું કારણ એ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે સંચાની વાત કરી હતીને કે રુચિ છે તે સંચો છે. સૂક્ષ્મ ઉપયોગ કરેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. રુચિ છે. સ્વરૂપની રુચિ છે એ ઉપયોગને સૂક્ષ્મ કરે છે.

શું કહે છે? '**એવી જાતની ક્ષણે ને ક્ષણે ચૈતન્યની લગની લાગે, એક ને એક લગની લાગે એનો મહિમા આવે...**' અથવા ઘણો મહિમા આવે '**તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ. સાચી રુચિ લાગે, સાચો પુરુષાર્થ કરે-સાચું કારણ પ્રગટ થાય તો કાર્ય આવ્યા વગર રહેતું નથી.**' એકદમ વાતને ચોખ્ખી કરી નાખી છે. એવું નથી કાંઈ એમાં. અટપટી વાત છે એવું કાંઈ નથી.

દૃષ્ટાંત આપ્યો છે. '**જેમ આકોલિયાનું બી વાવે અને આંબો ઊગે એમ બને નહિ,..**' આકોલિયાનું બી વાવે એટલે આકડો ઊગે. આકડા ઉપર આકોલિયા થાય છેને! સરખામણી એટલા માટે લીધી છે કે જે આકોલિયાનો આકાર અને નાની કેરીનો આકાર

સરખો હોય છે અને કલર પણ સરખો હોય છે. લીલો કલર હોય બેયનો અને સાઈઝ અને આકાર લગભગ સરખા હોય છે. એટલે કહે છે.

'**જેમ આકોલિયાનું બી વાવે અને આંબો ઊગે એમ બને નહિ,...**' ભલે સરખું દેખાય છતાં '**આંબાનુ બીજ વાવે તો જ આંબો ઊગે છે, તેમ આત્માને યથાર્થ ઓળખે, ચૈતન્યનું મૂળ ઓળખે...**' મૂળ ઓળખે એટલે મૂળસ્વરૂપ ઓળખે. '**અને પછી તેમાં જ્ઞાન-વૈરાગ્ય-ધ્યાનનું સિંચન કરે તો તે પ્રગટ થાય.**' મૂળ સ્વરૂપ પ્રગટ થાય. આત્માને યથાર્થ ઓળખે, મૂળસ્વરૂપે ઓળખે અને પછી તેમાં જ્ઞાન પણ લાગ્યું રહે, વૈરાગ્ય હોય બીજી બાજુનો બધો. એટલે અવરોધ કોઈ ન હોય. એકાગ્રતા થયા કરે તો તે પ્રગટ થાય. એકાગ્રતામાં પ્રગટ થાય.

મુમુક્ષુ :- પાને-પાને ઓળખવાની વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ મહત્ત્વનો વિષય છે. સ્વાધ્યાય એના માટે છે. શેના માટે છે? ઓળખવા માટે છે. 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી' જે શાસ્ત્રનો સ્વાધ્યાય છે સુખદાયક એ શાસ્ત્ર. પણ લક્ષ થવા માટે છે. જો લક્ષ થવાના ધ્યેયથી, સમજણથી એનો સ્વાધ્યાય ન થાય તો એ સ્વાધ્યાય નહિ રહે. યથાર્થ સ્વાધ્યાય નહિ રહે.

'**તેનો મૂળ સ્વભાવ ઓળખવો જોઈએ.**' તેનો એટલે આત્માનો. પોતાનો મૂળ સ્વભાવ ઓળખવો જોઈએ. '**આ સ્વભાવ છે અને આ વિભાવ છે-એમ વિભાવ-સ્વભાવનો ભેદ પાડીને સ્વભાવને ઓળખવો જોઈએ.**' એટલા માટે કે ભળી ગયો છે. અત્યારે પોતે વિભાવ સાથે ભળી ગયો છે અને વિભાવ સાથે ભળી ગયો છે એ એનું સ્વરૂપ નથી. ઓળખવું છે એ વિભાવ વિનાનું મૂળસ્વરૂપ ઓળખવું છે. વિભાવ વિનાનું સ્વરૂપ ઓળખવું હોય તો વિભાવને જુદો પાડ્યા વિના કેવી રીતે ઓળખે? વિભાવમાં એકત્વથી વીંટળાયેલો રહે અને ઓળખે એમ તો બને નહિ. એટલા માટે ભેદજ્ઞાનનો પ્રોસેસ ઓળખવામાં પણ છે અને ભેદજ્ઞાનનો પ્રોસેસ અનુભવ કરવામાં પણ છે. અને આગળ આગળ વધવા માટે પણ ભેદજ્ઞાનનો જ પ્રોસેસ છે. એકધારી વિધિ છે. એકસરખી વિધિ છે.

'**ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી.**' જો ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. એમનું વજન જે છે એ આ જગ્યાએ છે. લગની લાગવી જોઈએ. જોકે પ્રશ્ન એ જ થાય એવો છે કે આટલું બધું મોટું achievement છે. greatest achievement છે એમ કહીએ તો ચાલે. આથી આગળ કોઈ achievement નથી જગતમાં. તો એની પાછળ તાલાવેલી અને લગની

કેમ ન લાગે? આ સવાલ ઊભો થાય એવો છે.

બહારમાં દસ-વીસ હજારની નોકરીમાં તાલાવેલી લાગે છે તો આમાં કેમ ન લાગે? પાછો ત્યાં એમ જોવે કે ભાઈ આ લાઈન બહુ ઓછા વિદ્યાર્થી પકડી શકે છે. આ લાઈનમાં બહુ ઓછા જઈ શકે છે. જરા અઘરી વાત છે. આપણને એની અંદર સારા માર્કસ આવે છે અને ફાવટ આવી ગઈ છે એટલે આમ હાથવેંતમાં દેખાતું હોય (તો) અંદર કેટલો ઉત્સાહ રહે? એમ અહીંયાં પણ જો આનું મૂલ્યાંકન આવે, ઓળખાણ થાય તો અનંતસુખ હાથવેંતમાં છે. દૂર નથી કાંઈ. કેમકે અનંત સુખધામ તો પોતે જ છે. અને પહેલા તો એને રીત ખબર પડે છે કે અનંતસુખનો કબજો હું ભોગવું છું. એ મારા possessionમાં છે. અનંતસુખનો ભંડાર મારા possessionમાં છે. અને એનો ભોગવટો ચાલુ થઈને પૂર્ણ સુખ ભોગવવાનું દૂર નથી મારા માટે. અને જ્યારે possession આવી ગયું પછી ઉતાવળ રહેતી પણ નથી. પછી ઉતાવળ રહેતી નથી.

મુમુક્ષુ :- કબજો બળવાન.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કબજો બળવાન છે. આમ તો કબજો તો છે જ બધાને પણ ભાન નથી. સ્વભાવનો, અનંત સુખની સંપત્તિનો કબજો છે. પણ ઓલી સંપત્તિ પાછળ પરિણામ એટલા દોડે છે, એટલા દોડે છે કે આ સંપત્તિનો ભાવ ભાસતો નથી. એટલે સંપત્તિ સંપત્તિના સ્વરૂપે દેખાતી નથી. એમ બને છે.

મુમુક્ષુ :- 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે'

પૂજ્ય ભાઈશ્રી :- એને પ્રાપ્ત કરવા જાય છે, પોતાના સુખથી દૂર જાય છે, સંપત્તિથી દૂર જાય છે. એ લીધું છેને આનંદઘનજી એ વિમલનાથના ભગવાનના સ્તવનમાં એ લીધું સુખ સંપત્ત.. એ વાત લીધી છે. એ મોટી વાત છે. સૌથી મોટી વાત સુખની છે કોઈપણ જીવને. સૌથી મોટી વાત સુખની છે.

**'વિભાવ-સ્વભાવનો ભેદ પાડીને સ્વભાવને ઓળખવો જોઈએ. ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી. માટે સ્વભાવ ઓળખવાનો જ પ્રયાસ કરવો, થાકવું નહિ.'** લગનીવાળો ન થાકે. પરાણે-પરાણે ખેંચી-ખેંચીને કરવા જાય તો થાકી જાય. અને લગની ને રુચિવાળાને એની પ્રીતિ છે. સ્વકાર્યની પ્રીતિ છે. આને વગર પ્રીતિએ કરવું છે. ક્યાંથી ચાલે? અથવા બીજે પ્રીતિ છે. આત્મામાં પ્રીતિ નથી તો અનાત્મામાં પ્રીતિ છે એ વાત નક્કી અનાદિની છે જ એ તો. માટે ઓળખવાનો જ પ્રયાસ કરવો. ઓળખવાના પ્રયાસ કરવામાં થાકવું નહિ.

**'તેનો પ્રયાસ કરવાથી કાર્ય થાય છે...'** ચોક્કસ. ગૅરેન્ટેડ. **'અને તે જ સ્વભાવનું**

**ખરું ગ્રહણ કરવાની રીત છે.**' અને એ જ રીતે સ્વભાવ ગ્રહણ થાય છે. જુઓ સરવાળે વાત ક્યાં લઈ આવ્યા? સ્વભાવ ગ્રહણ કરવામાં. પ્રશ્ન તો ઉપયોગની સ્થૂળતા અને સૂક્ષ્મતાનો છે. પણ એ સૂક્ષ્મ ઉપયોગ સ્વભાવને ગ્રહણ કરે છે એટલા માટે એ વાત જરૂરી છે કે સૂક્ષ્મ ઉપયોગ હોવો જોઈએ, થવો જોઈએ.

મુમુક્ષુ :- કોઈપણ જીવને પોતાના અનુભવમાં આવતા જે ભાવ છે એના પરિચય વિના ઓળખાણ થાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- પરિચય વગર તો ઓળખાણની કોઈ રીત જ નથીને જગતમાં. પરિચય વગર ઓળખાણની રીત છે જ નહિ જગતમાં. the only way, only channel. બીજી કોઈ વાત કે એમાં બીજું કાંઈ, એનો કોઈ વિકલ્પ જ નથી. પર્યાય નથી એનો કોઈ. બીજો કોઈ પર્યાય નથી.

મુમુક્ષુ :- એના માટે સતત અવલોકન?

પૂજ્ય ભાઈશ્રી :- એને માટે અવલોકન. પરિચય માટે અવલોકન. સતત અવલોકન માટે પોતાના આત્મકલ્યાણની તીવ્ર ભાવના. એટલી ભાવના લક્ષપૂર્વક, ધ્યેયપૂર્વક હોય તો યથાર્થ કામ કરે અથવા right speedથી, right trackથી કામ કરે. એ ૧૯૨ થયો.

---

**પ્રશ્ન :– જ્ઞાનીને પરિણતિ વ્યાપારરૂપ હોય છે. એવું આપ ફરમાવો છો; પણ તેનો અર્થ સમજાતો નથી?**

**સમાધાન :– વ્યાપારરૂપ પરિણતિ એટલે જ્ઞાયકતાની–ભેદજ્ઞાનની પરિણતિ. જ્ઞાનીને સ્વાનુભૂતિ થયા પછી સવિકલ્પદશામાં જેટલે અંશે જ્ઞાયકતા પ્રગટ થઈ છે તેટલી જ્ઞાયકની ધારા વર્ત્યા જ કરે છે. આખી દૃષ્ટિ તો અખંડ દ્રવ્ય ઉપર છે–દ્રવ્યને જ ગ્રહણ કરે છે. અને જ્ઞાન પણ તે તરફ વળેલું છે–અંશે પરિણતિ વળેલી છે, અને તેથી જ્ઞાયકતાની ધારા તો વર્ત્યા જ કરે છે, ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે વર્ત્યા જ કરે છે, તેના પુરુષાર્થની ધારા–પુરુષાર્થનો વ્યાપાર ચાલ્યા જ કરે છે. ગમે તેવા શુભ વિકલ્પ હોય તો પણ ભેદજ્ઞાનની ધારા–જ્ઞાતાની ધારા વર્ત્યા જ કરે છે. કોઈવાર તેને સ્વાનુભૂતિ થાય કે કોઈવાર સવિકલ્પતામાં હોય; ગમે તે કાર્યમાં હોય કે ગમે તે વિકલ્પમાં હોય, પણ ભેદજ્ઞાનની ધારા–જ્ઞાયકની ધારા, અંશે શાંતિનું વેદન, જ્ઞાયકતા વગેરે બધું તેને કદી છૂટતું નથી. બધાથી ઊર્ધ્વ ને ઊર્ધ્વ, અને છૂટો ને છૂટો રહે છે, તેની જ્ઞાયકતા છૂટતી નથી. જાગતાં, ઊંઘતાં કે સ્વપ્નમાં પણ તેને જ્ઞાયકની ધારા એમ ને એમ ચાલ્યા જ કરે છે. ૧૯૩.**

---

## પ્રશ્ન ૧૯૩ ઉપર પ્રવચન

**'પ્રશ્ન :- જ્ઞાનીને પરિણતિ વ્યાપારરૂપ હોય છે, એવું આપ ફરમાવો છો; પણ તેનો અર્થ સમજાતો નથી?'** એટલે પરિણતિની વાત સમજાતી નથી. જ્ઞાનીને કે અજ્ઞાનીને બધાને પરિણતિ તો હોય જ છે. એકને ઊલટી રહે અને એકને સૂલટી. જ્ઞાનીને સ્વભાવ પરિણતિ થઈ છે, અજ્ઞાનીને વિભાવ પરિણતિ ચાલે જ છે. પરિણતિ વિનાનો તો કોઈ જીવ છે જ નહિ. આ પરિણતિનો વિષય તેમણે ઘણીવાર લીધો છે, આપણા સમાજમાં પણ બહુ ઓછા લોકો આ વિષયમાં સમજે છે.

કાલે (અલવરવાળા મુમુક્ષુ) આવ્યા હતાને? સાંજે આ જ પ્રશ્ન કર્યો હતો એમણે. ચર્ચા કરી. તમારી બધી વાત લખી લીધેલી તે દિવસે આવ્યા હતા, પછી ત્યાં સોનગઢમાં ચર્ચા કરી. પરિણતિની વાત નથી સમજાણી ન કીધું? પરિણતિ એટલે શું કહેવા માંગો છે? એમ.

**'સમાધાન :- વ્યાપારરૂપ પરિણતિ એટલે જ્ઞાયકતાની-ભેદજ્ઞાનની પરિણતિ.'** વાત તો જ્ઞાનની જ ચાલે છે. કોની ચાલે છે? કે જ્ઞાનીને પરિણતિ હોય એ કઈ હોય છે? કે ભેદજ્ઞાનની પરિણતિ હોય છે. એટલે પરિણતિમાં ભેદજ્ઞાન ચાલ્યા જ કરે છે. ઉપયોગ તો બહાર જાય છે. ભેદજ્ઞાનની - ભિન્ન પડવાની પરિણતિ ચાલુ હોય છે. એટલે એને વ્યાપારરૂપ કીધી છે પરિણતિ. એટલે પર અપેક્ષાએ ભેદ પડવાનો ત્યાં વ્યાપાર છે, સ્વ અપેક્ષાએ જ્ઞાયક સ્વરૂપમાં અભેદ થવાની પરિણતિ છે. અને પરથી ભિન્ન પડવાની પરિણતિ છે અને એ તો એક simultaneously એક સાથે જ થાય. અહીંથી ભિન્ન પડે તો જ અહીં અંદર જાય, અંદર જાય તો અહીંથી ભિન્ન પડે. એટલે પર્યાય તો એક જ છે. એના પાસા બે છે. સ્વ-અપેક્ષાએ અને પર અપેક્ષાએ.

એ **'પરિણતિ. જ્ઞાનીને સ્વાનુભૂતિ થયા પછી...'** એટલે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયા પછી **'સવિકલ્પદશામાં જેટલે અંશે જ્ઞાયકતા પ્રગટ થઈ છે...'** જેટલે અંશે શુદ્ધતા પ્રગટ થઈ છે, જેટલે અંશે મોક્ષમાર્ગ પ્રગટ થયો છે. **'તેટલી જ્ઞાયકની ધારા વર્ત્યા જ કરે છે.'** એ પરિણતિરૂપે ચાલુ ને ચાલુ, ચાલુ ને ચાલુ રહે. કેમ? કે જે શુદ્ધોપયોગ આવ્યો એમાં સ્વરૂપનો તીવ્ર રસ આવ્યો. આત્મરસ તીવ્ર થઈ ગયો. જ્યારે આત્મરસ તીવ્ર થયો ત્યારે રસ તીવ્ર થઈને નિર્વિકલ્પ સ્વરૂપમાં સ્વરૂપાકારે નિર્વિકલ્પ પરિણામ થયા. એકાકાર થાય છે, જે પદાર્થમાં રસ તીવ્ર થાય છે તે પદાર્થમાં પરિણામ એકાકાર થાય છે કે નથી થતા? કે થાય છે. તો અહીંયાં પણ સ્વરૂપરસ વધતા, આત્મરસ

વધતા આત્મામાં એકાકાર પરિણામ થયા. જે તીવ્રરસથી એકાકાર પરિણામ થાય એની પરિણતિ થઈ જાય. એટલે જેટલે અંશે, જેટલે દરજ્જે જ્ઞાનીને અનુભૂતિ થયા પછી જેટલા અંશે જ્ઞાયકતા પ્રગટ થઈ છે, સવિકલ્પદશામાં પણ તેટલી જ્ઞાયકની ધારા વર્ત્યા જ કરે છે. એની પરિણતિની ધારા, ધારાવાહી પરિણતિ ચાલે છે.

'**આખી દૃષ્ટિ તો અખંડ દ્રવ્ય ઉપર છે–**' જે દૃષ્ટિ છે સમ્યગ્દૃષ્ટિ. જેને સમ્યક્દૃષ્ટિ કહીએ તે શ્રદ્ધાન તો અખંડ દ્રવ્ય ઉપર છે. **'દ્રવ્યને જ ગ્રહણ કરે છે.'** અને એ દ્રવ્યને ગ્રહણ કરે છે ત્યારે એનું જ્ઞાન પણ દ્રવ્ય તરફ વળેલું છે. જ્ઞાન પણ એ બાજુ વળેલું છે. અને **'અંશે પરિણતિ વળેલી છે,..'** અને પરિણતિ પણ અંદર બાજુ સ્વરૂપ તરફ જ વળેલી છે. **'અને તેથી જ્ઞાયકની ધારા તો વર્ત્યા જ કરે છે,..'** એ રીતે પહેલા સ્વપરક જ વાત લીધી. કે પોતા બાજુ પરિણમનનો અંશનો વલણ છે એ ચાલુ ને ચાલુ આ રીતે રહે છે. કેમકે દૃષ્ટિ થઈ ગઈ એને. સમ્યગ્દર્શનમાં દૃષ્ટિ અખંડ ઉપર થઈ. દૃષ્ટિનું આખું પરિણમન સ્વરૂપ બાજુ ખેંચાયેલું છે. એને લઈને બીજા ગુણોનું પરિણમન પણ સ્વરૂપ બાજુ ખેંચાયેલું છે. એમાં મુખ્ય જ્ઞાન, આચરણ, પુરુષાર્થ વગેરે છે. એ પણ આ બાજુ જ છે. અને જ્ઞાનધારા અથવા જ્ઞાયકની ધારા કહેવામાં આવે છે. એને શાસ્ત્રમાં જ્ઞાનધારા કહી છે. તેને ભેદજ્ઞાનની ધારા પણ કહેવામાં આવે છે. કેમકે પરથી એટલો જુદો પડે છે. જેટલો સ્વરૂપ બાજુ વળે છે એટલો પરથી જુદો પડે છે. **'એ ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે વર્ત્યા જ કરે છે, તેના પુરુષાર્થની ધારા–પુરુષાર્થનો વ્યાપાર ચાલ્યા જ કરે છે.'** કેમકે એમાં પણ બળ હોય છે. બળ વગર એ કામ થાય નહિ. જોર હોય છે.

'**ગમે તેવા શુભ વિકલ્પ હોય તો પણ ભેદજ્ઞાનની ધારા–જ્ઞાતાની ધારા વર્ત્યા જ કરે છે.**' ભગવાનની ભક્તિ તીવ્ર આવે, તોપણ ભેદજ્ઞાનની ધારા વર્ત્યા કરે. ઘણો ભક્તિભાવ આવી જાય, તોપણ ભેદજ્ઞાનની ધારા વર્તે. બીજી બાજુ અશુભયોગ હોય, તોપણ ભેદજ્ઞાનની ધારા વર્ત્યા કરે છે. '**કોઈવાર તેને સ્વાનુભૂતિ થાય કે કોઈવાર સવિકલ્પતામાં હોય;...**' તેથી નિર્વિકલ્પતામાં અને સવિકલ્પતામાં, **'ગમે તે કાર્યમાં..'** ગમે તે '**હોય કે ગમે તે વિકલ્પમાં હોય પણ ભેદજ્ઞાનની ધારા–જ્ઞાયકની ધારા, અંશે શાંતિનું વેદન, જ્ઞાયકતા વગેરે બધું તેને કદી છૂટતું નથી.**' એ ચાલુ ને ચાલુ રહે છે. નિરંતર રહે છે, પછી બહારમાં ગમે તે પ્રકાર હોય એની સાથે સંબંધ નથી. અંદર છે એ ચાલુ ને ચાલુ રહે. એ જ મુખ્ય પરિણતિ છે.

'**બધાથી ઊર્ધ્વ ને ઊર્ધ્વ.**' ઊર્ધ્વ એટલે આગળ, મોઢા આગળ, મુખ્ય. '**અને છૂટો ને છૂટો રહે છે, તેની જ્ઞાયકતા છૂટતી નથી. જાગતાં, ઊંઘતાં કે સ્વપ્નમાં પણ**

**તેને જ્ઞાયકની ધારા એમ ને એમ ચાલ્યા જ કરે છે.**' એમાં કોઈ ફેરફાર નથી. એ એમ ને એમ ચાલે છે. આ પરિણતિનો અર્થ સમજાવ્યો. પરિણતિ એટલે શું?

આશય :- (૧૯૨) **આત્મસ્વભાવ સૂક્ષ્માતિસૂક્ષ્મ હોવાથી તેને ગ્રહણ કરવા માટે ઉપયોગની સૂક્ષ્મતા હોવી જરૂરી છે. બાહ્ય પદાર્થના મહિમાને લીધે અને એકત્વબુદ્ધિને લીધે અનાદિથી ઉપયોગ સ્થૂળ થઈ ગયો છે. તે પરિસ્થિતિમાં સૂક્ષ્મ સ્વરૂપનું ગ્રહણ થવું અસંભવિત છે. તેથી સ્વરૂપનો મહિમા અને રુચિ દ્વારા ઉપયોગને સૂક્ષ્મ કરવો જોઈએ. આ કાર્યની લગની લાગે તે તેની યથાર્થતાનો દ્યોતક છે.**

આશય :- (૧૯૩) **જ્ઞાનીપુરુષને જ્ઞાનદશામાં સ્વરૂપ પરિણતિ હોય છે. તે સ્વરૂપ પરિણતિ સ્વરૂપના અત્યંત મહિમાના કારણથી ઉત્પન્ન થયેલી સ્વરૂપની અનન્ય રુચિના કારણે છે. અને બાહ્ય ઉદય પ્રસંગોમાં પણ તે પરિણતિ જ્ઞાનધારારૂપે ચાલુ રહે છે. તેથી સ્વરૂપને ઓળખી અને તેનો રસ અને રુચિ પ્રગટ થવા ઘટે.**

**ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા બતાવનારાં ગુરુનાં વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે. ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.**

**હે શુદ્ધાત્મદેવ! તારા શરણે આવવાથી જ આ પંચપરાવર્તનરૂપી રોગ શાંત થાય છે. જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય છે. અહો! મારા ચૈતન્યદેવમાં તો પરમ વિશ્રાન્તિ છે, બહાર નીકળતાં તો અશાન્તિ જ લાગે છે.**

**હું નિર્વિકલ્પ તત્ત્વ જ છું. જ્ઞાનાનંદથી ભરેલું જે નિર્વિકલ્પ તત્ત્વ, બસ તે જ મારે જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૨૦૫**

**પ્રશ્ન :– ચોથા ગુણસ્થાને વધુમાં વધુ કેટલી ઝડપથી નિર્વિકલ્પદશા થઈ શકે?**

**સમાધાન :– એ તો તેના પુરુષાર્થની યોગ્યતા હોય તે પ્રમાણે થાય છે. છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ક્ષણ–ક્ષણમાં નિર્વિકલ્પદશા થાય છે. એવું તેને–ચોથા ગુણસ્થાનવાળાને–નથી થતું. ચોથા ગુણસ્થાન કરતાં પાંચમા ગુણસ્થાને વિશેષ ઝડપ હોય છે, ચોથા ગુણસ્થાને તેને યોગ્ય હોય એટલી ઝડપ હોય છે. છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ક્ષણ–ક્ષણમાં–અંતર્મુહૂર્તમાં થાય છે, એવી ઝડપથી ચોથા ગુણસ્થાને નથી થતું. બાકી તો તેના પુરુષાર્થની જેવી ગતિ હોય તે પ્રમાણે થાય છે, તેનો નિયમિત કાળ નથી હોતો.**

**મુમુક્ષુ :– કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય તો?**

**બહેનશ્રી :– કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય તો તેની નિવૃત્તિ ને અંદર પરિણતિની–જ્ઞાયકની ઉગ્રતા પ્રમાણે થાય. પરિણતિ હોય તો તેને વિશેષ ઝડપથી થાય છે. આ રીતે કોઈને અમુક પ્રકારે થાય ને કોઈને અમુક પ્રકારે થાય, પણ ભૂમિકા ઓળંગીને નથી થતું, ભૂમિકા પ્રમાણે થાય છે.૧૯૪.**

## તા. ૭–૭–૧૯૯૭, પ્રશ્ન– ૧૯૪ થી ૧૯૭
## પ્રવચન નં. ૧૪૨

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૨૮. ૧૯૪મો પ્રશ્ન. '**ચોથા ગુણસ્થાને વધુમાં વધુ કેટલી ઝડપથી નિર્વિકલ્પદશા થઈ શકે?**' ચોથા ગુણસ્થાનમાં શુભ એટલું બધું નથી હોતું કે જેટલું પાંચમા ગુણસ્થાને હોય, જેટલું છઠ્ઠા ગુણસ્થાને હોય. અશુભ યોગ કેટલોક છે. પાંચમા ગુણસ્થાને અશુભયોગ ઘટે છે. છઠ્ઠા ગુણસ્થાને બિલકુલ અશુભયોગ નથી, અશુભ પરિણામ પણ નથી. પ્રશ્ન ચોથા ગુણસ્થાનનો ઉઠાવ્યો છે. કેટલી ઝડપથી એટલે વારંવાર.

'**સમાધાન :– એ તો તેના પુરુષાર્થની યોગ્યતા હોય તે પ્રમાણે થાય છે.**' એક જ ગુણસ્થાનમાં ભિન્ન-ભિન્ન યોગ્યતા હોય છે. ભિન્ન-ભિન્ન એટલે કેટલી? કે અસંખ્ય પ્રકારની. બારે બાર ગુણસ્થાનમાં એમ છે. તેરમા ગુણસ્થાને એકસરખો (પ્રકાર હોય છે). બાકી સાધકદશામાં એક ગુણસ્થાનમાં અસંખ્ય પ્રકાર છે. ચોથા ગુણસ્થાનનો કાળ તો સાગરોપમનો પણ હોય છે. ૩૩ સાગર સુધી સર્વાર્થસિદ્ધિમાં હોય, ચોથા ગુણસ્થાને.

પણ આઠમા, નવમા, દસમા, અગિયારમા, બારમા તો મિનિટોના જ ગુણસ્થાન છે. તોપણ એમાં અસંખ્ય ભેદ છે. એટલે જેવી યોગ્યતા હોય એ ગુણસ્થાનમાં પુરુષાર્થની તીવ્રતા-મંદતા (ના અસંખ્ય ભેદ છે.) એક ગુણ પરિણમે એમાં ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ છે. એટલે એક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. અવિભાગ પ્રતિચ્છેદ એટલે જેનો વિભાગ ન થઈ શકે એવો છેલ્લો અંશ - એને પ્રતિચ્છેદ કહે છે. છેલ્લા અંશને પ્રતિચ્છેદ કહે છે. અવિભાગ એટલે પછી એનો ભાગ ન થઈ શકે.

એક પર્યાયમાં કેટલા? અનંત. એટલે પુરુષાર્થગુણની, વીર્યગુણની પર્યાયમાં પણ અનંત અવિભાગ પ્રતિચ્છેદ હોય છે એટલે એની તારતમ્યતાના પ્રકાર અસંખ્ય છે. કેટલા? અસંખ્ય છે. એ પુરુષાર્થની યોગ્યતા હોય તે પ્રમાણે થાય. નિર્વિકલ્પદશા પુરુષાર્થની ઉગ્રતાના આધારે છે. કેમકે આખો મોક્ષમાર્ગ ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી એક પુરુષાર્થના આધારે છે. કેમકે શ્રદ્ધા થઈ ગઈ છે, જ્ઞાન થઈ ગયું છે, ચારિત્ર પુરુષાર્થ પ્રમાણે થાય છે. સુખ-શાંતિ અને આનંદ પણ પુરુષાર્થ પ્રમાણે થાય છે. એટલે આખો આધાર, પછીનો જે વિકાસનો આધાર છે એ પુરુષાર્થને લઈને છે. એટલે ચોથા ગુણસ્થાને પણ દરેકને કોઈ એકસરખી નિર્વિકલ્પદશા આવે એવું બનતું નથી. તેમ એનું કોઈ શાસ્ત્ર પ્રમાણ પણ જોવામાં આવતું નથી.

**'છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ક્ષણ-ક્ષણમાં નિર્વિકલ્પદશા થાય છે.'** ત્યાં પ્રમાણ છે. તે પ્રતિક્ષણ થાય. અને એનું પણ એવું પ્રમાણ છે કે નિર્વિકલ્પદશાનો જેટલો કાળ હોય તેનાથી ડબલ કાળ સવિકલ્પદશાનો હોય. સવિકલ્પદશા થઈ એટલે છઠ્ઠું ગુણસ્થાન, અને નિર્વિકલ્પદશા થઈ એટલે સાતમું ગુણસ્થાન. એટલે છઠ્ઠું-સાતમું સાથે બોલાય છે. કેમકે એકલું છઠ્ઠું ન હોય કોઈને, એકલું સાતમું ન હોય કોઈને. એવું ચોથા ગુણસ્થાનવાળાને નથી. જે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળાને નિર્વિકલ્પદશા ક્ષણે-ક્ષણે થાય, ગમે તેટલો ઉગ્ર પુરુષાર્થ હોય તોપણ ચોથા ગુણસ્થાને ક્ષણે-ક્ષણે નિર્વિકલ્પદશા આવે એવી સ્થિતિ ન હોય. પછી ચોથા ગુણસ્થાનવાળો ભલે દ્રવ્યલિંગી મુનિ હોય. અને એને અશુભયોગ ન હોય, તોપણ ક્ષણે ક્ષણે ન આવે. અશુભ યોગ ન હોય એટલે ઉદયમાં ન હોય. યોગ્યતામાં તો બધું પડ્યું છે. કેમકે અવિરત છે એ. ચોથા ગુણસ્થાને સર્વવિરતિ યોગ્ય, મુનિદશા યોગ્ય સર્વવિરતિ, મહાવ્રત, નિયમ, સંયમમાં સમિતિ-ગુપ્તિ નિરતિચાર પાળે. તોપણ યોગ્યતા ચોથા ગુણસ્થાનની છે એટલે અશુભ ઉપયોગ નથી પણ યોગ્યતા છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એનું જે પ્રમાણ થાય છે એ તારતમ્યતા ઉપર છેને એનો ભેદ તો? એનો પૂરો ભેદ તારતમ્યતા ઉપર છે?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યા ગુણની?

મુમુક્ષુ :- કોઈપણ ગુણસ્થાનમાં જે નિર્વિકલ્પદશાની...

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થની તારતમ્યતા ઉપર. તારતમ્યતા પુરુષાર્થની.

મુમુક્ષુ :- જ્ઞાનની નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જ્ઞાન તો છઠ્ઠે-સાતમે ગુણસ્થાને નવ તત્ત્વના નામ પણ યાદ ન રહેતા હોય તોપણ ક્ષણે-ક્ષણે આવે અને ચોથા ગુણસ્થાને બાર અંગધારી હોય, કેટલો? અગિયાર અંગ નવ પૂર્વ નહિ બાર અંગધારી હોય, ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય, બાર અંગધારી હોય અને દિગંબર દ્રવ્યલિંગી સાધુ હોય, ભાવલિંગી ન કહેવાય એને-એને દ્રવ્યલિંગી કહે. પાંચમા ગુણસ્થાને પણ દ્રવ્યલિંગી સાધુ છે. ગુણસ્થાન પાંચમું હોય અને વેશ નગ્ન દિગંબર મુનિનો હોય, દીક્ષા પણ લીધી હોય. એ તો મિથ્યાદૃષ્ટિ પણ લ્યે. યોગ્યતા ગુણસ્થાન અનુસાર છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એટલે પુરુષાર્થની ઉગ્રતા હિસાબે ગુણસ્થાનના ભેદ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પુરુષાર્થની ઉગ્રતાને લઈને ચારિત્રમાં ફરક પડે છે. એ ચારિત્રમાં સ્વરૂપ લીનતા આવે છે, નિર્વિકલ્પદશા. નિર્વિકલ્પદશા ચારિત્ર સૂચવે છે. અને એ પુરુષાર્થનું ફળ છે અને એ ફળમાં એકલું ચારિત્ર નથી. સુખ-શાંતિ અને આનંદ પણ એના પ્રમાણમાં વધારે હોય છે. જેટલો પુરુષાર્થ વધારે એટલી સ્વરૂપલીનતા વધારે અને એટલા સુખ-શાંતિ અને આનંદ વધારે.

મુમુક્ષુ :- શુદ્ધોપયોગ પણ સાથે સૂચવે છે ચારિત્રની જે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જ શુદ્ધોપયોગ! જે નિર્વિકલ્પદશા એ જ શુદ્ધોપયોગ.

મુમુક્ષુ :- ચારિત્રને પણ સૂચવે અને...

પૂજ્ય ભાઈશ્રી :- હા શુદ્ધોપયોગ સ્વરૂપલીનતા બતાવે છે.

મુમુક્ષુ :- છઠ્ઠા-સાતમા ગુણસ્થાનને અનુરૂપ પુરુષાર્થ જ્યારે થાય ત્યારે અશુભ ઉપયોગની યોગ્યતા ટળે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને આવે ત્યારે અશુભ યોગ અને અશુભ ઉપયોગ ન હોય. દ્રવ્યલિંગીને ન હોય, પણ દ્રવ્યલિંગીને યોગ્યતા હોય એમ. (ભાવલિંગીને) યોગ્યતા ખલાસ થઈ જાય.

મુમુક્ષુ :- યોગ્યતા હોય એટલે અશુભભાવ આવે તો ખરા જને? કે અશુભભાવ પણ ન આવે?

પૂજ્ય ભાઈશ્રી :- ન આવે. એટલા મંદકષાયી હોય છે. નવમી ગ્રૈવેયક ક્યાંથી જાય? જો અશુભભાવ આવે તો નવમી ગ્રૈવેયકે જાય કેવી રીતે? એ તો મિથ્યાદૃષ્ટિને પણ ન આવે. આ તો ચોથા-પાંચમા ગુણસ્થાનવાળા છે. પણ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી

હોય તો એને અશુભભાવ ન આવે. નિરતિચાર જિનોક્ત ચારિત્ર મુનિદશા યોગ્ય પાળે. બાહ્ય ચારિત્ર જિનોક્ત વ્યવહાર અનુસાર પાળે એ નવમી ગ્રૈવેયકે જાય.

મુમુક્ષુ :- છઠ્ઠા-સાતમા ગુણસ્થાનને અનુસાર પુરુષાર્થ ન હોય એટલે આ યોગ્યતા અંદર પડી છે એની ઉપર...

પૂજ્ય ભાઈશ્રી :- હા યોગ્યતા ખલાસ નથી કરી. યોગ્યતા તો છે એ ખલાસ કરતો જાય, જેમ-જેમ ઉપરના ગુણસ્થાને જાય એમ ખલાસ કરતો જાય. ખલાસ નથી કરી. ઉપરના ગુણસ્થાને નથી ગયો એટલે વીતરાગતા એટલી નથી પ્રગટી, તો સરાગતા પડી છે. વીતરાગતાનો સદ્ભાવ એ સરાગતાનો અભાવ. વીતરાગતાનો અભાવ તો સરાગતાનો સદ્ભાવ. સીધી વાત છે. તમે ચાલો એક જગ્યાએથી, જેટલું ચાલો એટલું distance ઘટ્યું. જેટલું ચાલો એટલું distance ઘટ્યું. સીધી વાત છે.

મુમુક્ષુ :- મુનિમહારાજ આહારદાન કરતા હોય ત્યારે અને ચોથા ગુણસ્થાને જે મહાત્મા શુદ્ધોપયોગમાં બિરાજમાન હોય છતાં મુનિને..

પૂજ્ય ભાઈશ્રી :- હા નિર્જરા વધારે હોય છે. વીતરાગતા વધુ છેને!

**'એવું તેને-ચોથા ગુણસ્થાનવાળાને-નથી થતું. ચોથા ગુણસ્થાન કરતાં પાંચમા ગુણસ્થાને વિશેષ ઝડપ હોય છે,...'** એટલે એમાં વધારે સમીપમાં, પાંચમા ગુણસ્થાનમાં સમીપના કાળમાં નિર્વિકલ્પદશા આવે છે. **'ચોથા ગુણસ્થાને તેને યોગ્ય હોય એટલી ઝડપ હોય છે.'** એ ગુણસ્થાનની મર્યાદામાં. **'છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ક્ષણ-ક્ષણમાં-અંતર્મુહૂર્તમાં થાય છે. એવી ઝડપથી ચોથા ગુણસ્થાને નથી થતું. બાકી તો તેના પુરુષાર્થની જેવી ગતિ હોય તે પ્રમાણે થાય છે,...'** ગતિ એટલે સ્પીડ. પુરુષાર્થની ઉગ્રતા હોય એ પ્રમાણે થાય છે. **'તેનો નિયમિત કાળ નથી હોતો.'** કોઈ નિયમ નથી એનો. કોઈ શાસ્ત્ર પ્રમાણ પણ જોવામાં નથી આવતું અને અનુભવથી પણ એ વાત એવું લાગે છે કે આનો કોઈ નિયમ નથી. તો એ જાણવાનો વિષય છે થોડો. ક્યા ગુણસ્થાને કેટલી નિર્વિકલ્પદશા હોય એ જાણવાનો વિષય છે.

પછી એમાંથી પરમાર્થ કાઢવો હોય તો નીકળે છે. કે પરમાર્થ તો સીધો એ જ નીકળે છે કે પુરુષાર્થની ઉગ્રતા થવી ઘટે છે. જ્યારે ગુણસ્થાન અનુસાર.. એટલે તો ગુણસ્થાનના ભેદ પડ્યા છે. એ કારણે તો ગુણસ્થાનના ભેદ પડ્યા છે. પુરુષાર્થને અથવા અયોગ્યતાને હિસાબે તો સરાગતા, વીતરાગતાને હિસાબે તો ગુણસ્થાનના ભેદ પડ્યા છે. તો એ સમજીને, એ જાણીને પોતે પુરુષાર્થની ઉગ્રતા કરે. બસ! કરે એમ કહેવાય. બાકી જ્ઞાન છે એ જે જ્ઞાન પારમાર્થિક દૃષ્ટિકોણવાળું હોય છે અથવા યથાર્થતાવાળું હોય છે અથવા સમ્યક્ હોય છે એ સીધું લે છે. સીધું લે છે એટલે? પોતાને લાભ થાય

એમ લે છે. વાત ત્યારે થાય પુરુષાર્થ વધારે છે. એમ.

વિષય ગમે તે હોય. સમ્યગ્જ્ઞાન પોતાને લાભ થાય એવી રીતે દૃષ્ટિકોણ અપનાવે છે. એવા દૃષ્ટિકોણને પારમાર્થિક દૃષ્ટિકોણ કહેવામાં આવે છે. એ સમ્યક્ત્વનો પ્રભાવ છે કે જેને લઈને પોતે હિત જ સાધે છે, અહિત સાધતો નથી.

મુમુક્ષુ :- મુમુક્ષુ પણ એમાંથી પુરુષાર્થની પ્રેરણા લે છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જેને યથાર્થતા આવી હોય તે યથાર્થતાવાળા મુમુક્ષુ એમાંથી પુરુષાર્થની પ્રેરણા લે છે.

મુમુક્ષુ :- હજી ઘણું બાકી છે. ઘણો પુરુષાર્થ જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતાને ઘણું બાકી છે. જેમકે મુનિદશાની ભાવના ભાવે તે શ્રાવક. આપણે શું લીધું કાલે? શ્રાવક કોને કહેવા? કે જેને મુનિદશાની ભાવના પુરુષાર્થ સહિત વર્તતી હોય તે શ્રાવક. તો એનો અર્થ શું થયો કે એ શ્રાવકને મુનિદશા (માટેના) પુરુષાર્થની ઉગ્રતા કેવી હોય છે? એનું એને જ્ઞાન છે. તે જ્ઞાને શું કર્યું? કે ભાવનાને વધારી અને પુરુષાર્થને વધાર્યો. કારણ કે કોરી ભાવના નથી. ત્યાં પુરુષાર્થ સહિતની ભાવના છે એટલે એણે ભાવના અને પુરુષાર્થને વધાર્યો. સ્પષ્ટ વાત એ છે.

ત્યારે પ્રશ્ન ઉઠાવ્યો છે કે '**કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય તો?**' કે '**કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય તો તેની નિવૃત્તિ ને અંદર પરિણતિની-જ્ઞાયકની ઉગ્રતા પ્રમાણે થાય.**' બહુ પુરુષાર્થી હોય તો બહારમાં નિવૃત્ત રહે, બહારના ઉદયભાવમાં પુરુષાર્થ ન જાય એનો અને અંદર પરિણતિની એટલે જ્ઞાયકની ઉગ્રતા પ્રમાણે થાય. '**પરિણતિ હોય તો તેને વિશેષ ઝડપથી થાય છે. આ રીતે કોઈને અમુક પ્રકારે થાય અને કોઈને અમુક પ્રકારે થાય, પણ ભૂમિકા ઓળંગીને નથી થતું, ભૂમિકા પ્રમાણે** (મર્યાદામાં) **થાય છે.**'

શું કીધું? કે '**કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય...**' પણ એ ગુણસ્થાનનો પુરુષાર્થ? કે એથી ઉપરના ગુણસ્થાનનો પુરુષાર્થ? બહુ પુરુષાર્થી હોય તો ઉપરના ગુણસ્થાનમાં આવી જાય. બાકી તેના તે ગુણસ્થાનમાં બહુ પુરુષાર્થ, ઓછો પુરુષાર્થ, તીવ્ર પુરુષાર્થ, મંદ પુરુષાર્થ એમ હોય છે, તો એમાં જે હોય તેને તે ગુણસ્થાનમાં ભલે ઉગ્ર પુરુષાર્થ હોય તોપણ એ ગુણસ્થાનની પરિણતિ, એ ગુણસ્થાનની ઉગ્રતા, જ્ઞાયકની ઉગ્રતા એટલે સ્વરૂપને અવલંબન લેવાની ઉગ્રતા. જ્ઞાયક સ્વભાવને અને સ્વરૂપને અવલંબન લેવાની ઉગ્રતા.

મુમુક્ષુ :- સ્વરૂપગ્રહણ શક્તિ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપગ્રહણ તો જ્ઞાનમાં થઈ ગયું. હવે કેટલા જોરથી ગ્રહણ

કરે છે. એ નવો ફેક્ટર જોરનો છે. ગ્રહણ તો ગ્રહણ છે. ગ્રહણ છે એ અગ્રહણ નથી. પણ કેટલા બળથી, કેટલા જોરથી, કેટલા પુરુષાર્થથી આવે છે એના ઉપર શુદ્ધિનો આધાર છે. એમ. શુદ્ધિકરણ પુરુષાર્થ આધારિત છે. એટલે એવી ભીંસ આવે છે. હું જ્ઞાયક જ છું, જ્ઞાયક જ છું, આવો જ છું, આવો જ છું, આવો જ છું એમ ભીંસ આવે છે. જેટલી ભીંસ આવે એટલું પોતાનું અવલંબન છે એની પક્કડ વધે છે. બસ! સ્થિરતા આવે છે. પક્કડ વધે છે એટલે સ્થિરતા આવે છે. સ્થિરતા આવે છે એટલે સુખ, શાંતિ, આનંદ બધું એમાં અનુભવમાં આવે છે.

એટલે '**કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય તો તેની નિવૃત્તિ ને અંદર પરિણતિની...**' બહારમાં નિવૃત્તિ અને અંદર, પછી બહારમાં શબ્દ અહીંયાં નથી લીધો. તો એની નિવૃત્તિ,.. એનો ઉપયોગ ક્યાંય લાગે નહિ. બહુ પુરુષાર્થ હોય તો ઉપયોગ શુભાશુભથી નિવૃત્ત થઈ જાય અને અંદરમાં ઉગ્રતાથી, પુરુષાર્થની ઉગ્રતા, અવલંબનની ઉગ્રતા, પરિણતિની ઉગ્રતા જેમ-જેમ વિશેષ રસથી ઉગ્રતા આવે એમ પરિણતિ ઉગ્ર થતી જાય. જેટલી પરિણતિ ઉગ્ર થતી જાય એટલો વિકાસ છે, એટલો ઉપયોગ પણ ખેંચે. પરિણતિ છે એ ઉપયોગને ખેંચે છે.

'**પરિણતિ હોય તો તેને વિશેષ ઝડપથી થાય છે.**' ઉગ્ર પરિણતિ હોય, બળવાન પરિણતિ હોય તો એમાં ઝડપ વધે છે. એ પરિણતિને આધારિત છે. અને પરિણતિ પુરુષાર્થથી ઉત્પન્ન થયેલી છે. શું? પરિણતિ પુરુષાર્થથી ઉત્પન્ન થયેલી છે.

મુમુક્ષુ :- ઉગ્ર પરિણતિ એમ ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણતિમાં પણ તારતમ્યતા હોય છે. પરિણતિ એ પરિણતિ છે પણ એમાં પણ તારતમ્ય ભેદો છે અને એના અસંખ્ય પ્રકાર છે.

મુમુક્ષુ :- લખ્યું છેને પરિણતિ હોય તો, એટલે પરિણતિ તો હોય જ છે પણ ઉગ્ર..

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણતિ હોય તો તેને વિશેષ એટલે પરિણતિની ઉગ્રતા પ્રમાણે. પરિણતિની ઉગ્રતા પ્રમાણે.

'**આ રીતે કોઈને અમુક પ્રકારે...**' એક જ ગુણસ્થાનમાં '**કોઈને અમુક પ્રકારે...**' એટલે કોઈને ઓછી ઝડપથી કોઈને વધારે ઝડપથી. થાય જ નિર્વિકલ્પતા. '**પણ ભૂમિકાને ઓળંગીને નથી થતું,...**' ભૂમિકાની મર્યાદામાં '**ભૂમિકા પ્રમાણે થાય છે.**' (પુરુષાર્થ) ગમે તેટલો ઉગ્ર હોય. આપણે ભણે છેને! તમે જે સ્ટાન્ડર્ડમાં ભણો છો એ સ્ટાન્ડર્ડમાં તમે પહેલો નંબર લાવો તોપણ ઉપલા સ્ટાન્ડર્ડમાં તો નથી જ તમે. એનો આખો કોર્સ જ જુદો છે. ચોથા વર્ગમાં ભણે છે એ ભલે ફર્સ્ટક્લાસ ફર્સ્ટ ટોપમાં ૯૯ પર્સેન્ટ

માર્ક લાવે, ૧૦૦ પર્સેન્ટ લાવે લ્યોને આપણે! પણ એ ચોથું છે, પાંચમાનો કોર્સ જુદો છે. ચોથાનો ટોપ મોસ્ટ અને પાંચમાનો કાંઈ નથી. પાંચમા હિસાબે એને શું ગણવું? કે કાંઈ નહિ. પાંચમામાં છે જ નહિ પછી ક્યાં સવાલ છે? એમ છે. ૧૯૪ થયો એ.

**પ્રશ્ન :– ચોથા ગુણસ્થાનમાંથી પાંચમું ગુણસ્થાન આવે તે જ્ઞાનીને કેમ ખબર પડે?**

**સમાધાન :– તેની સ્વાનુભૂતિની દશા વધતી જાય છે, અંતરમાં પરિણતિની નિર્મળતા વધતી જાય છે, ગૃહસ્થાશ્રમને યોગ્ય જે પરિણામો હોય તેનાથી વિરક્તિનાં પરિણામ વિશેષ વધતાં જાય છે, એટલે તે પકડી શકે છે. ૧૯૫**

## પ્રશ્ન ૧૯૫ ઉપર પ્રવચન

૧૯૫. '**પ્રશ્ન:- ચોથા ગુણસ્થાનમાંથી પાંચમું ગુણસ્થાન આવે તે જ્ઞાનીને કેમ ખબર પડે?**' ચોથામાંથી પાંચમા ગુણસ્થાનમાં પોતે આવી ગયા એ એને પોતાને કેમ ખબર પડે? '**સમાધાન :-તેની સ્વાનુભૂતિની દશા વધતી જાય છે, અંતરમાં પરિણતિની નિર્મળતા વધતી જાય છે, ગૃહસ્થાશ્રમને યોગ્ય જે પરિણામો હોય તેનાથી વિરક્તિનાં પરિણામ વિશેષ વધતાં જાય છે, એટલે તે પકડી શકે છે.**' આટલા symptoms છે એના. કેમકે પહેલી દર્શન પડિમા છે. પાંચમા ગુણસ્થાનમાં પહેલી દર્શન પડિમા છે. દર્શન પડિમામાં હજી બાહ્ય ત્યાગ નથી શરૂ થયો હોતો. પછી ઉપરની પડિમામાં બાહ્ય ત્યાગ શરૂ થાય છે. પણ આમાં હજી બાહ્ય ત્યાગ શરૂ નથી થયો હોતો. તોપણ ગુણસ્થાન પાંચમું આવી ગયું. પછી પાંચમામાં સ્થૂળપણે અગિયાર પગથિયા છે. સૂક્ષ્મપણે અસંખ્ય ભેદ છે. એક પાંચમા ગુણસ્થાનમાં સ્થૂળપણે એના અગિયાર ભેદ છે, અગિયાર પડિમા. તો પહેલી પડિમા દર્શન પડિમા છે એમાં કાંઈ બાહ્ય ત્યાગ ન હોય, પણ ગુણસ્થાન પાંચમું. ચોથું એ ચોથું અને પાંચમું એ પાંચમું.

મુમુક્ષુ :- પુરુષાર્થના આધારે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો એમાં શું થાય છે કે સ્વાનુભૂતિની દશા વધી જાય છે, નિર્વિકલ્પદશા વધતી જાય છે અને અંતરમાં નિર્મળતા પણ વધતી જાય છે. એ તો નિર્વિકલ્પદશા વધે એટલી પરિણતિ પણ વધે અને નિર્મળતા પણ વધે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કૃપાળુદેવે છેલ્લે જે પુરુષાર્થ કર્યો હતો એ હોય શકે?

પૂજ્ય ભાઈશ્રી :- હોય શકે. હોય શકે. એ અંદરમાં સ્વાનુભૂતિની દશા વધતી જાય, પરિણતિ પણ વધતી જાય અને પરિણતિની નિર્મળતા પણ વધતી જાય. બહારમાં ગૃહસ્થાશ્રમને યોગ્ય જે પરિણામ હોય તેનાથી વિરક્તિના પરિણામ વિશેષ વધતા જાય. ગૃહસ્થાશ્રમને યોગ્ય પરિણામમાં ચોથે પણ વિરક્તિ તો હોય જ છે. પણ અહીંયાં પાંચમામાં વિશેષ પરિણામ વધતા જાય. 'રુચિ બાઢી પુનિ શમ દમકી.' લીધું ને? જિનવાણીની સ્તુતિમાં? 'મહિમા હૈ અગમ જિનાગમકી.' જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં શમદમ નહિ. શમદમ એટલે ચારિત્ર. ચારિત્રની વૃદ્ધિ વધતી જાય. એટલે ગૃહસ્થાશ્રમમાં વિરક્તિના પરિણામ હોય, શમદમ એટલે વૈરાગ્ય. શમ એટલે ઉપશમ. ઉપશમ-વૈરાગ્ય લ્યોને! શમદમ એટલે ઉપશમ-વૈરાગ્ય. ઉપશમ-વૈરાગ્યની રુચિ વધી જાય. સમ્યગ્દર્શન થયા પછી હવે મને વાંધો નથી એમ નથી. એની રુચિ વૈરાગ્ય-ઉપશમની વધી જાય. એટલે એના ઉપરથી પોતે પકડી શકે છે. પાંચમું ગુણસ્થાન આવે અને ખબર ન પડે એમ નથી. એમ કહે છે. પકડી શકે છે.

પછી એકદમ ઉપરના ગુણસ્થાને તો, ઉપરની પડિમામાં તો સવાલ જ નથી રહેતો. કેમકે ત્યાં શું થાય છે? કે જ્યાં બાહ્ય ત્યાગ આવે છે ત્યાં સ્વરૂપ લીનતા વધતી ગઈ... સ્વરૂપ લીનતા વધતી ગઈ. એ સ્વરૂપ લીનતાના સદ્‌ભાવમાં વીતરાગતા વધતી ગઈ. વીતરાગતાના સદ્‌ભાવમાં રાગનો અભાવ થતો ગયો. વીતરાગતાનો સદ્‌ભાવ એ રાગનો અભાવ. તો પડિમા જેટલી ઉપર-ઉપરની આવે તેટલા પ્રમાણમાં એના એ બુદ્ધિપૂર્વકના વિકલ્પો બંધ થઈ જાય. અબુદ્ધિપૂર્વકનો રાગ રહે, બુદ્ધિપૂર્વકનો રાગ એને આવે જ નહિ. ઉત્પન્ન જ ન થાય એમ કહે છે. વીતરાગતાનો સદ્‌ભાવ છે એટલે. અને એ એની દૃઢતા, એનું બળવાનપણું એ જોઈને એ બુદ્ધિપૂર્વક પ્રતિજ્ઞા ગ્રહણ કરી લે છે. જેમકે રાત્રી ભોજન ત્યાગ - એ પાંચમા ગુણસ્થાનની પડિમા છે. તો એને રાત્રી ભોજનનો વિકલ્પ તો આવે જ નહિ, પણ છતાં એની બુદ્ધિપૂર્વક પ્રતિજ્ઞા લઈ લે. કેમકે પહેલા બુદ્ધિપૂર્વક જ એ વિકલ્પ આવતો હતો. હવે એ બુદ્ધિપૂર્વક આવતો બંધ થાય એવી જે વીતરાગતા ઉત્પન્ન થઈ એમાં એના વિકલ્પમાં એની પ્રતિજ્ઞાનો બુદ્ધિપૂર્વકનો નિશ્ચય આવી જાય છે. નિશ્ચયપૂર્વક વીતરાગતા છે. પ્રતિજ્ઞાના નિશ્ચયપૂર્વક કે હવેથી હું આજીવન રાત્રીભોજન નહિ કરું.

મુમુક્ષુ :- એમાં સહજતા. સહેજ રીતે થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સહજરૂપે. એટલે વીતરાગતા વધી ગઈને? પણ એ બુદ્ધિપૂર્વકનો વિકલ્પ છે એટલે નિશ્ચય પણ બુદ્ધિપૂર્વકનો છે. એને પ્રતિજ્ઞા કહે છે. એ પ્રતિજ્ઞા લે છે. ઉપર-ઉપરની પડિમાની પ્રતિજ્ઞા લેવામાં આવે છે. છેક અગિયારે

અગિયાર સુધી. એમ છે.

મુમુક્ષુ :- એક બાજુ વીતરાગતા પણ વધી જાય અને બીજી બાજુ બુદ્ધિપૂર્વક પ્રતિજ્ઞા લઈને વિકલ્પ...

પૂજ્ય ભાઈશ્રી :- હા એટલે એ મક્કમતા આવી ગઈ. પ્રતિજ્ઞા છે એમાં પાછળ એના પુરુષાર્થનું બળ ઘણું છે. એના બેકગ્રાઉન્ડમાં પુરુષાર્થનું બળ ઘણું છે. એટલું બધું બળ છે કે પ્રાણ જાય તોપણ પ્રતિજ્ઞા ન તોડે. કેટલું બળ છે? પ્રાણ જાય તોપણ પ્રતિજ્ઞા ન તોડે. ગુરુદેવ નહોતા કહેતા? મુનિદીક્ષા લીધી એટલે ઉદ્દેશિક આહારનો અનાજનો એક કણ અને પાણીનું એક બિંદુ પ્રાણ જાય તોપણ ન લે. મુનિરાજ છે એ ઉદ્દેશિક આહારનો એક કણ અને પાણીનું એક ટીપું પ્રાણ જાય તોપણ ન લે. જેમ અત્યારે તો ઉદ્દેશિક આહાર લે છે એટલે પરીક્ષા કરતા નથી. વાત પૂરી થઈ ગઈ.

શું કહે છે? કે એ રીતે વિરક્તિના પરિણામ વધતા જાય છે એટલે પોતે એ દશાને પકડી શકે છે તો બીજો પ્રશ્ન ઉઠાવ્યો છે કે..

**પ્રશ્ન :– પાંચમા ગુણસ્થાનમાં નિર્વિકલ્પદશા વધતી જાય છે?**

**સમાધાન :– (હા), નિર્વિકલ્પદશા વધતી જાય છે ને સવિકલ્પદશામાં પણ વિરક્તિ વધતી જાય છે. નિર્વિકલ્પદશા પણ વધે અને સવિકલ્પતામાં પણ વિરક્તિ વધારે હોય છે. ૧૯૬.**

## પ્રશ્ન ૧૯૬ ઉપર પ્રવચન

**'પ્રશ્ન :-પાંચમા ગુણસ્થાનમાં નિર્વિકલ્પદશા વધતી જાય છે?' 'સમાધાન :- (હા), નિર્વિકલ્પદશા વધતી જાય છે ને સવિકલ્પદશામાં પણ વિરક્તિ વધતી જાય છે.'** નિર્વિકલ્પદશા તો વધતી જાય જ છે. પણ સવિકલ્પદશા જેટલી રહે એમાં પણ વિરક્તિ એટલે વૈરાગ્ય વધી જાય છે. **'નિર્વિકલ્પદશા પણ વધે અને સવિકલ્પતામાં પણ વિરક્તિ વધારે હોય છે.'** ગુણસ્થાન અનુસાર વિરક્તિ વિશેષ હોય છે. વિરક્ત એટલે શું કે રસ નથી એને ત્યાં. રસ આવતો નથી. નિરસ પરિણામ એકદમ થઈ ગયા છે. જેમ ઉપરના ગુણસ્થાને (રસ) જાય (તેમ).

એક જમાનામાં તો અવધિજ્ઞાની હતા. જ્ઞાનીઓને પણ મતિશ્રુત અને અવધિ. તીર્થંકરદેવ ત્રણ જ્ઞાનના ધણી છે જન્મે ત્યારથી જ તે. દેવલોક દેખાય. હોય મનુષ્યલોકમાં અને દેવલોક જેને દેખાય. ફળ શું આવે? વિરક્તિ વધે. વિરક્તિ વધે. મિથ્યાદૃષ્ટિ જીવને

પૌદ્‌ગલિક વૈભવ જોઈને રાગ વધે. રાગરસ વધે. મિથ્યાદષ્ટિ જીવની આ સ્થિતિ છે. અહીંયાં પણ માણસ બહાર જાય છે કે નહિ અમેરિકા વગેરે. તો ત્યાં બધું જોવે તો એનો રાગ વધે જ છેને! ઓહો..! આવા મકાનો! આવા રસ્તાઓ! આવી મોટરો! આવી બધી સગવડો! ફલાણું આ. રાગ જ વધે છેને! ત્રણ જ્ઞાનના ધણી હોય, ચોથે ગુણસ્થાને હોય, દેવલોકના પૌદ્‌ગલિક વૈભવ એને દેખાય, જાવું ન પડે ત્યાં. વિમાન લઈને ત્યાં જાવું ન પડે. ઉપયોગ ફરી વળે. ઉપયોગ ફરી વળે એમ બતાવવા માટે, એક સેન્સ બતાવવા માટે છે કે ત્યાં સારું એવું તેનું સ્પષ્ટ જ્ઞાન થાય. બાકી ઉપયોગ તો આ આત્માનું ક્ષેત્ર છોડતો નથી. એ બધા પ્રતિબિંબિત થાય છે. દેવલોકના દશ્યો એ આમાં પ્રતિબિંબિત થાય છે.

અવધિ એટલે જ્ઞાનની મર્યાદા. એમાં પણ અનેક મર્યાદા છે. અવધિ જ્ઞાનમાં પણ અલ્પ-બહુત્વ ઘણું છે. થોડી અવધિ, વધારે અવધિ, એથી વધારે અવધિ, એથી વધારે અવધિ, ક્ષેત્ર અને કાળની અવધિ જેમાં છે. અને ગમે તે જાણે. સુઅવધિ હોય તો વિરક્તિ વધે અને કુઅવધિ હોય તો રાગ-દ્વેષ અને મોહ વધે. નારકીઓને અને દેવતાઓને કુઅવધિ જ્ઞાન છે. એ મિથ્યાદષ્ટિઓ છે. તો એ લોકોને રાગ-દ્વેષ વધારે છે. રાગ-દ્વેષ વધારે છે. પરિણામ બગડે. જ્ઞાન તો જ્ઞાન છે. યોગ્યતા અનુસાર બીજા ગુણો ઉપર અસર કરે છે.

મુમુક્ષુ :- અવધિજ્ઞાન તો અવધિજ્ઞાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- અવધિ જ્ઞાન તો જ્ઞાન છે. એનું કામ તો જાણવાનું છે. એથી આગળ નથી. જ્ઞેય તો જ્ઞેય છે. જે જ્ઞેયો છે તે જ્ઞેયો છે. એ કાંઈ કહેતા નથી જ્ઞાનને કે તું મને જાણ! કે કોઈ આત્માને કહેતા નથી કે તું મને રાગ-દ્વેષ કર! છતાં એ જ્ઞાનમાં જીવની યોગ્યતા અનુસાર જ્ઞાન થતા એના repercussions બીજી રીતે ઊભા થાય છે.

જુઓ! બીજો સૂક્ષ્મ દષ્ટાંત લઈએ કે આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદ આદિ અનેકગુણો છે, ભિન્ન-ભિન્ન ગુણો છે. દરેકનું અનંત સામર્થ્ય છે. એ ગુણભેદ છદ્મસ્થને પણ જણાય છે અને કેવળજ્ઞાનીને પણ જણાય છે. છદ્મસ્થમાં આપણે જ્ઞાની અને મુનિ લેવા. અત્યારે મિથ્યાદષ્ટિ નથી લેવા. પછી મિથ્યાદષ્ટિ એમાં આવી જાય છે. છદ્મસ્થને ગુણભેદને જાણતા રાગ વિકલ્પની ઉત્પત્તિ થાય અને કેવળીને એ જ ગુણભેદો અનંતા જાણે એના કરતા, કારણકે છદ્મસ્થ તો મર્યાદિત જાણવાનો. આંગળીને વેઢે ગણાય એટલા જાણે, મુનિ હોય તોપણ. કેવળીને અનંતા ગુણભેદો જણાય. પણ રાગનો અંશ ન ઊગે, તો ગુણભેદ તો ગુણભેદ છે અને જ્ઞાન તો જ્ઞાન છે. વળી આ સમ્યગ્જ્ઞાન

જ છે.

ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાને સમ્યગ્જ્ઞાન છે અને કેવળજ્ઞાનમાં પણ સમ્યગ્જ્ઞાન છે. એક જાતિ હોવા છતાં પણ જ્ઞાનની યોગ્યતા જુદી-જુદી છે અને જીવની યોગ્યતા જુદી-જુદી છે, તો તેનું તે જ્ઞેય છે અને જ્ઞાન સમ્યક્ છે, તોપણ એકને વિકલ્પની ઉત્પત્તિનું કારણ છે અને એકને વિકલ્પની ઉત્પત્તિ ન થાય એનું કારણ છે.

મુમુક્ષુ :- એ યોગ્યતા છે એ પણ જ્ઞાનની જ યોગ્યતા છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ! નહિ! જરા સૂક્ષ્મ લેવું છે. જ્ઞાનનું કામ જાણવાનું. એની મર્યાદા ત્યાં પૂરી થઈ. કેવળજ્ઞાને પણ જાણ્યું, છદ્મસ્થ જ્ઞાનીએ પણ જાણ્યું. જાણવું એટલી જ એની મર્યાદા છે. હવે ભૂલ શું કરી એણે? દોષ શું કર્યો કે રાગની ઉત્પત્તિ થઈ તો પછી? એટલું જ વિચારવાનું રહ્યું. જાણ્યું તો બેયે. અને અહીંયાં જાણવાની મર્યાદા ત્યાં સમાપ્ત થઈ. તો પછી દોષ શું થયો કે રાગની ઉત્પત્તિ થઈ? કે અવલંબીને જાણ્યું. જોકે જ્ઞાની મુનિ છે એ નિજાવલંબનનો ત્યાગ કરીને નથી જાણતા. અથવા અભેદ અવલંબનનો ત્યાગ કરીને નથી જાણતા. પણ કોઈ અંશે ભેદને અવલંબે છે. સર્વથા પોતાના અભેદ અવલંબનનો ત્યાગ કરે તો તો સાધકદશા ચાલી જાય, સમ્યગ્જ્ઞાન રહેતું નથી. પણ કોઈ અંશે ભેદને અવલંબે છે. એ ભેદનું અવલંબન વિકલ્પનું કારણ છે.

કેવળી પરમાત્મા નિરવશેષ સ્વરૂપ અવલંબનમાં છે. તેના અવલંબનનો કોઈ અંશ બહાર નથી. પૂરેપૂરું સ્વરૂપ અંતર અવલંબનમાં છે. નિરવશેષ અંતર્મુખ છે અને નિરવશેષ અંતર્મુખ રહેવા છતાં પણ એમાં ભેદોનું જ્ઞાન સ્પષ્ટ થાય છે. છદ્મસ્થ કરતા પણ અનંતગણુ પરન્તુ અવલંબન બિલકુલ નથી તો રાગની ઉત્પત્તિ પણ નથી. એટલે ત્યાં factor અવલંબનનો લાગુ પડે છે જ્ઞાનનો નહિ, જાણવાનો નહિ. જાણવું એ જાણવું છે. જાણવા સાથે અવલંબનનું શું પણ? એવી વાત છે.

એટલે રાજમલજીએ લીધું ૨૫૨ કળશમાં કે અભેદનું અવલંબન તે નિજસત્તાનું અવલંબન છે અને ભેદનું અવલંબન તેમાં ને તેમાં, આત્માના પોતાના આત્મામાં ગુણભેદનું અવલંબન તે પરસત્તાનું અવલંબન છે. ભેદને પરમાં નાખ્યા છે કે આત્મા એક અખંડ પ્રદેશી છે તે સ્વસત્તા છે, સ્વક્ષેત્ર છે, સ્વક્ષેત્ર છે અને અસંખ્ય પ્રદેશ એનું અવલંબન આવે તો તે પરક્ષેત્રનું અવલંબન છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચાર પાડ્યા છે. ખબર છે? ૨૫૨. રાજમલજીનો ૨૫૨ નંબરનો કળશ છે. બહુ ઝીણું કાંત્યું છે.

મુમુક્ષુ :- અવલંબનમાં પણ ફેર પડ્યોને? દૃષ્ટિ અપેક્ષાએ જે અવલંબન લે છે અને જ્ઞાન..

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિ અપેક્ષાએ તો એક જ અવલંબન છે, એમાં તો બે પ્રકાર જ નથી. જ્ઞાનની વાત છે જે છે એ.

મુમુક્ષુ :- જ્ઞાન આ પ્રકારે અવલંબન લે છે એટલે રાગની ઉત્પત્તિ થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- રાગની ઉત્પત્તિ થાય છે. ભેદને જાણતાં ભેદને અવલંબે છે. એટલે વિકલ્પની ઉત્પત્તિ થાય છે. આમ તો નિર્વિકલ્પ ઉપયોગ થયો ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થયું, સાચું જ્ઞાન - પ્રમાણજ્ઞાન. એ પહેલા તો પ્રમાણજ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાયનું છે નહિ. પણ નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં એ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનું અવલંબન નથી. ભેદનું જ્ઞાન છે. તો વીતરાગતા છે. એટલે જ્ઞાન તો જ્ઞાન છે. અવલંબનનો factor એક જુદો છે. separate factor છે. જ્ઞાનની સાથે સાથે. કે જ્ઞાન જાણે એક વાત છે. અવલંબીને જાણે છે કે વગર અવલંબીને જાણે છે? એ કહો.

મુમુક્ષુ :- ઓલું દૃષ્ટાંત આપે છે ને લીંબડાનું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અવલંબીને જાણે છે. પરજ્ઞેયને અવલંબીને જાણે છે. વિકલ્પની ઉત્પત્તિ થાય, થાય ને થાય જ. એમ છે.

મુમુક્ષુ :- અજ્ઞાની અવલંબન લઈને જાણે અને જ્ઞાનીપુરુષ છે એ અવલંબ લઈને જાણે, તો એમાં મિથ્યા અને સમ્યક્‌નો ફેર છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણો. એમાં તો ઘણો ફેર છે. કેમકે અજ્ઞાનીને તો નિજાવલંબન બિલકુલ નથી. એને તો પત્તો જ નથી લાગ્યો. પછી ૧૯૭ છે એ એને લગતો જ પ્રશ્ન છે. પછી વિષય બદલાય છે.

---

**પ્રશ્ન :– ચોથા ગુણસ્થાનમાં અને ચોથા ગુણસ્થાનમાં પણ એવી રીતે ફેર પડતો હશે ને?**

**સમાધાન :– ચોથા ગુણસ્થાનની ભૂમિકા એક ને એક હોય, પણ અમુક પરિણતિની તારતમ્યતામાં ફેર હોય છે. ૧૯૭.**

---

## પ્રશ્ન ૧૯૭ ઉપર પ્રવચન

'**પ્રશ્ન :– ચોથા ગુણસ્થાનમાં અને ચોથા ગુણસ્થાનમાં પણ એવી રીતે ફેર પડતો હશે ને?**' જેમ પાંચમામાં નિર્વિકલ્પદશા વધતી જાય છે અને ચોથામાં ફરતો જાય છે. તો ચોથા અને પાંચમા વચ્ચે કેમ ફેર પડતો હશે? '**ચોથા ગુણસ્થાનની ભૂમિકા એક ને એક હોય, પણ અમુક પરિણતિની તારતમ્યતામાં ફેર હોય છે.**' ભૂમિકાએ પરિણતિમાં

થોડો ફેર પડી જાય છે. પાંચમામાં ઘણો ફેર પડે છે. લેવલ જ બદલાય છે.

આશય :- એ ૧૯૪, ૧૯૫, ૧૯૬, ૧૯૭ ચારેયનો આશય એક જ આવશે. કેમકે એક જ વિષય છે. પેટાપ્રશ્નો ઉઠાવ્યા છે.

**ગુણસ્થાન અનુસાર પુરુષાર્થની મંદતા-ઉગ્રતા હોય છે. તેનો પરમાર્થ એ છે કે મુમુક્ષુની ભૂમિકામાં જે યથાર્થ અભિપ્રાય પૂર્ણતાના લક્ષે ઉત્પન્ન થયો છે અથવા અભિપ્રાય બંધાયો છે તદ્નુસાર આ ગુણસ્થાનનું જ્ઞાન પુરુષાર્થની ઉગ્રતા વધારવા માટે પ્રેરે છે.**

**મરણ તો આવવાનું જ છે જ્યારે બધુંય છૂટી જશે. બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે? મરણની વેદના પણ કેટલી હશે? 'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે. પણ શું તને કોઈ બચાવી શકશે? તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય-દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે, તોપણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે? જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ-અનુભૂતિ કરી આત્મઆરાધના કરી હશે, આત્મામાંથી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. માટે અત્યારથી જ તે પ્રયત્ન કર. 'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે. જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૪૧૨**

**પ્રશ્ન :– ક્યા લક્ષણથી ખ્યાલ આવે કે આ સાચી મુમુક્ષુતા છે?**

**સમાધાન :– ''માત્ર મોક્ષ અભિલાષ''–એક આત્માની જેને અભિલાષા છે, બીજી કોઈ અભિલાષા નથી; દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર મારે એક આત્મા જ જોઈએ છે–એમ એક આત્મા જ જેને ધ્યેય છે અને જે કોઈ સંકલ્પ વિકલ્પરૂપ વિભાવો થાય તેમાં તન્મયતા નથી, પણ માત્ર આત્માની અભિલાષા જેને મુખ્યપણે વર્તે છે, તેને સાચી મુમુક્ષુતા છે. જેને માત્ર આત્માની જ અભિલાષા છે કે મને આત્મા કેમ પ્રાપ્ત થાય? મને સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય? ને જેને બહારના કોઈ પદાર્થોની ઇચ્છા કે અભિલાષા નથી તે બહારનાં બધાં કાર્યોમાં જોડાય, છતાં બધું ગૌણ હોય છે. તેને ધ્યેય માત્ર એક આત્માનું છે કે એક આત્મા કેમ પ્રાપ્ત થાય? જોકે દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા વગેરે બધું તેને હોય છે, પણ આત્મા વગર તેને ક્યાંય ચેન પડતું નથી. ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે–આમ પોતે અંદર જિજ્ઞાસાથી આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, તે સાચી મુમુક્ષુતા છે. ૧૯૮.**

## તા. ૮–૭–૧૯૯૭, પ્રશ્ન– ૧૯૮
## પ્રવચન નં. ૧૪૩

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૨૯. પ્રશ્ન-૧૯૮મો. '**પ્રશ્ન :- ક્યા લક્ષણથી ખ્યાલ આવે કે આ સાચી મુમુક્ષુતા છે?**' અથવા પોતાને કેવા ભાવ હોય કે જેથી પોતાને પોતાની સાચી મુમુક્ષુતાનો ખ્યાલ આવે. જોકે જેને સાચી મુમુક્ષુતા હોય છે એને એ ખ્યાલ સંબંધી અજ્ઞાન કે અંધારું હોતું નથી. પણ એને એ ગૌણ કરે છે. સાચી મુમુક્ષુતા હોય એ એને ગૌણ કરે છે. યથાર્થ ઉન્નતિ ક્રમમાં કે મોક્ષમાર્ગમાં વર્તમાન દશાનો સુધાર હંમેશા-હંમેશા ગૌણ થાય છે અને એ યથાર્થતાનો દ્યોતક છે, એ યથાર્થતાને બતાવે છે, દર્શાવે છે.

'**સમાધાન :- ''માત્ર મોક્ષ અભિલાષ''** મુમુક્ષુતા શબ્દ મોક્ષ પરક છે. મોક્ષની જેને ખરી ઇચ્છા, સાચી ઇચ્છા, સાચી અભિલાષા તેને જ મુમુક્ષુતા કહેવામાં આવે છે. એટલે **''માત્ર મોક્ષ અભિલાષ''–એક આત્માની જેને અભિલાષા છે, બીજી કોઈ અભિલાષા નથી;...**' મોક્ષ અભિલાષ કહો, પૂર્ણ શુદ્ધિનું લક્ષ કહો, પૂર્ણતાનું લક્ષ કહો.

પૂર્ણતાનું લક્ષ કહો, માત્ર મોક્ષ અભિલાષ કહો કે માત્ર એક પોતાના સ્વરૂપપ્રાપ્તિ સિવાય, આત્મા એટલે સ્વરૂપપ્રાપ્તિ સિવાય બીજી અભિલાષા નથી. જગતના કોઈપણ પદાર્થની, સ્થાનની, માનની કાંઈ કોઈ પ્રકારે નથી. બીજી કોઈ અભિલાષા નથી.

હવે 'માત્ર' શબ્દ જે છે એ બધાનો નિષેધ કરે છે. માત્ર શબ્દથી મોક્ષ અભિલાષા સિવાય બધાનો નિષેધ છે એની અંદર, 'માત્ર મોક્ષ અભિલાષ' વર્તે છે. એ ઉદય પ્રસંગ તો બધો મુમુક્ષુને મુમુક્ષુના પૂર્વકર્મ પ્રમાણે છે, પૂર્વ પ્રારબ્ધ પ્રમાણે છે. તો દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર, હવે એમાં શું થાય છે મોક્ષ અભિલાષાવાળાને કે 'દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર મારે એક આત્મા જ જોઈએ છે - એમ એક આત્મા જ જેને ધ્યેય છે...' ધ્યેયનો વિષય પાછો લીધો.

**'અને જે કોઈ સંકલ્પ વિકલ્પરૂપ વિભાવો થાય તેમાં તન્મયતા નથી, પણ માત્ર આત્માની અભિલાષા જેને મુખ્યપણે વર્તે છે, તેને સાચી મુમુક્ષુતા છે.'** શું કીધું? કે બધા ભાવો, બધા કાર્યો પ્રસંગોમાં એક ધ્યેયને છોડ્યા વગર લક્ષમાંથી પોતાનું જે ધ્યેય બંધાણું છે એને મૂક્યા વગર પરિણમે છે. એટલે એ વાત સાથે રહેવામાં શું થાય છે કે, આ મારા ધ્યેયને અનુકૂળ છે કે મારા ધ્યેયને પ્રતિકૂળ છે? એમ એની અંદર બરાબર વિચારણા ચાલે છે. માનો કે વ્યવસાય કરવાનો, કોઈપણ વ્યવસાય કરવાનો ઉદય છે. સામાન્ય રીતે બધાને હોય છે, નિવૃત્તિ ન લીધી હોય ત્યાં સુધી. તો શું કરવા (વ્યવસાય) કરવો છે? મારા ધ્યેય સાથે એને શું સંબંધ છે? એમ પહેલું એ જોવે. કોઈપણ કાર્ય માટે. કર્યા વગર ચાલે એવું નથી, તો બને તેટલું વહેલું એ સંક્ષેપ કરીને પૂરું થાય, એમ વિચારે. જરૂર ન હોય તો નિવૃત્તિનો વિચાર કરે, જરૂર હોય તો ક્યારે એ જરૂરિયાત પૂરી થાય અને પોતાના ધ્યેય તરફ આગળ વધે. એમ નજીકમાં ન દેખાતું હોય તો ધ્યેયની દિશામાં પોતાનો પ્રયત્ન અને પ્રયાસ ચાલુ રાખે આને એકદમ ગૌણ કરી નાખે, કે ચાલો એ તો પ્રારબ્ધ પ્રમાણે થવું હશે એ થશે. આપણે આથી વધારે એમાં સમય-શક્તિ ખર્ચવી નથી. પછી જે થાવું હશે એ પ્રારબ્ધ પ્રમાણે અને જે પ્રમાણે થશે એ પ્રમાણે એને ભોગવી લેવાની આપણી તૈયારી છે. અને એ ભોગવતા પરિણામ બગાડવાનો પ્રશ્ન રહેતો નથી.

મારા ધ્યેયને હું વળગી રહું અને એ વળગી રહેતા પરિસ્થિતિની કોઈ પ્રતિકૂળતાઓ વળગી રહેવાના કારણે નહિ પણ પ્રારબ્ધના કારણે હોય, લોકોને એમ દેખાય કે આ એને વળગી રહે છે માટે એને આ પ્રતિકૂળતા છે, નહિતર એને આ પ્રતિકૂળતા ન થાત - એ ગણતરી લોકોની ખોટી છે. પણ પોતાને પોતાના ધ્યેય વળગી રહેતા કોઈ પ્રતિકૂળતાનો સામનો કરવો પડે....

મુમુક્ષુ :- અગાઉથી જ તૈયાર ઊભો છે.

પૂજ્ય ભાઈશ્રી :- તો એના માટે પોતે તૈયાર છે. અને એના માટે એને રંચમાત્ર પણ કાંઈ બીજો વિકલ્પ કે અવળું લેવાનું કારણ નથી. એ સીધું જ લે છે. સીધું લે છે એમાં એમ સીધું લે છે કે મારા ધ્યેયને વળગવાની મજબૂતાઈ વધારવા માટે આ આવ્યું છે. મારી મક્કમતા વધે અને શિથિલતા ન થાય એના માટે આ ઉદયપ્રસંગ આવ્યો છે. ભલે આવ્યો! કાંઈ વાંધો નહિ!

મુમુક્ષુ :- મક્કમતા વધારવા માટે આવ્યો છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા!

મુમુક્ષુ :- કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર મક્કમતા છૂટી જાય જો એને શિથિલતા હોય તો.

મુમુક્ષુ :- પોતે જે મક્કમતા કરી છે એનું ટેસ્ટીંગ થાય ત્યારે!

પૂજ્ય ભાઈશ્રી :- હા! એ એનો ટેસ્ટ છે.

તમને કોઈએ પેઢીએ બેસાડ્યા નોકરીએ. કે ભાઈ તમારે કેશ સંભાળવાની છે. શું કરવાનું? કેશની લેવડ-દેવડ તમારે કરવાની, સાંજે પુરાંત પણ તમારે મેળવી લેવાની કે તમે લેવદ-દેવડ બરાબર કરી છે કે નહિ? કે ભૂલ કરી છે? અને એ સંભાળવાનું કામ તમારું છે. મોટી લેવડ-દેવડનો તમારી પેઢીમાં પ્રસંગ છે. કાયમ મોટી પુરાંત પણ તમારે રહે છે. હવે એની અંદર તમે બરાબર પ્રમાણિકપણે કામ કરો છો કે નથી કરતા? એના માટે કોઈ વખત સરપ્રાઈઝ ચેકીંગ તમારા જે શેઠ હોય, ઉપરના હોય એ કરે. કે ચાલો આજે તમે જે પુરાંત મેળવી છે એ મને આપી દ્યો. હું ગણી લઉં. કાંઈ ગડબડ હોય તો એમાં જ હોયને! લાખ, પચાસ હજાર રહેતા હોય એમાં બે-પાંચ-દસ હજાર પોતે વ્યાજે ફેરવતો હોય તો ખબર પણ ન પડે, કે પોતાના પર્સનલ ઉપયોગમાં લેતો હોય તો ખબર ન પડે.

ઘણીવાર ગણે અને આના-પાઈ શીખે નીકળે કે ભાઈ આની અંદર તો ૮૭,૨૪૨.૫૦ તમે પુરાંત મૂકી છે એટલા જ છે આની અંદર. જેટલી પુરાંત મૂકી છે એટલા કાંઈ પણ ફેરફાર વગર એટલા જ છે. હવે એ તો તમારી પ્રમાણિકતાનો પ્રસંગ થઈ ગયો, ટેસ્ટ થઈ ગયો. એ પ્રસંગે તમારી પ્રમાણિકતાનો ટેસ્ટ થઈ ગયો. હવે એને સવળું લેવું કે અવળું લેવું એ બીજી વાત છે. અવળું લેનાર એમ લે કે બસ! તમને અમારા ઉપર વિશ્વાસ નથી? કે તમે આ ચેકિંગ કર્યું? આટલા-આટલા વખતથી અમે આટલું-આટલું શાખમાં તમારા રૂપિયા કરોડો-લાખો હેરફેર કરીએ છીએ, એક પૈસો આઘોપાછો હજી સુધી થયો નથી. તોપણ તમને વિશ્વાસ ન આવ્યો? અવળું લે તો અવળું લે.

સવળું લે તો કહે બરાબર છે. તમારે ક્યારેક અવાર-નવાર ચૅક કરવું એ તમારી ફરજ છે અને તમે ચૅક કરશો તો જ મારી પ્રમાણિકતાનો તમને વધુ ને વધુ વિશ્વાસ આવતો જશે, માટે હું એમાં ખુશી છું. પણ રાજી થવું કે નારાજ થવું એ પોતાની મતિની વક્રતા અને સરળતા ઉપર આધારિત છે. શેના ઉપર આધારિત છે? વક્ર હોય એ આડું લે, સરળ હોય એ સીધું લે.

એમ તમે આ માર્ગે ચાલવા તૈયાર થયા ત્યારે તમારું સરપ્રાઈઝ ચૅકિંગ તો આવવાનું છે. કુદરત તમારો ટેસ્ટ કરશે, ઉદય આવશે. હવે તમારે સીધું લેવું કે આડું લેવું? એ તમારી સરળતા ઉપર છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ વિભાવ થાય તેમાં તન્મયતા નથી તો..

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમાં શું છે કે જેને ધ્યેય બાજુની પક્કડ હોય છે એને બીજી બધી ગૌણતા એટલી હોય છે કે જે કાંઈ સંકલ્પ-વિકલ્પ વિભાવ થાય એમાં ચીકાશ ઘટી જાય. ગૌણ થઈ જાય, એટલે એની અંદર પક્કડ ન રહે, તન્મયતા નથી એટલે એની પક્કડ ન રહે. ઉદય પ્રમાણે જે થાવું હોય તે થાવ. એટલે મોટા ભાગે શું થાય? પરેચ્છાનુચારી થઈ જાય. મુમુક્ષુ છે એ પરેચ્છાનુચારી થઈ જાય. આમ તો આમ. મને શું ફરક પડે છે.

મુમુક્ષુ :- આગ્રહવૃત્તિ ખલાસ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઓલાને નહિતર શું થાય? આ કુટુંબમાં ક્લેશ કેમ થાય છે ખબર છે? નાની-નાની વાતમાં પક્કડ. આમ થાવું જોઈએ, ઓલો કહે આમ થાવું જોઈએ. વાતમાં કાંઈ માલ નહિ. આ ડોલ અહીંયાં ન મૂકાય અને અહીંયાં મૂકાય. લ્યો! એમાં માથાકૂટ થાય. વાતમાં કાંઈ છે? તો કહે મેં ત્યાં મૂકી હતી તો શું કરવા ફેરવવી પડી? તો કહે ના અહીંયાં ન મૂકાય અહીંયાં મૂકાય. આ બરાબર નથી. ત્યારે ઓલો કહે કે નહિ એ જ બરાબર હતું. એ ઘર્ષણ ઊભું થાય. એ પોતે મૂકી અને ઓલાએ ફેરવી. બહુ સારું એમ રાખો. તને એમ ગમ્યું તો એમ રાખ. મારે શું? ડોલ અહીં રહે કે અહીંયાં રહે એમાં મારે શું?

મુમુક્ષુ :- પોતે પોતાની જગ્યાએ રહેવું.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે પોતાની જગ્યાએ રહે, ડોલ ડોલની ગમે તે જગ્યાએ રહેને! પણ પછી એ ડોલ અમુક જગ્યાએ રહે એ આત્મા થઈ જાય છે પક્કડની અંદર. એ જ એનો આત્મા! પછી ક્લેશ થાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આગ્રહવૃત્તિ ખતમ થઈ જાય ને મુમુક્ષુને?

પૂજ્ય ભાઈશ્રી :- પતી ગયું. પછી વાંધો નથી. વાંધો નથી. પછી પગની નસ

ચડતી હોય તોપણ એમ જ રાખવાનું. એ અહીંયાં જ રહેવી જોઈએ એમ નહિ. એનું કામ એ કરે છે, આપણું કામ આપણે કરો.

શું છે (અનુભવ સંજીવની) ૭૬૬માં છે? 'મોક્ષાર્થીપણું તે સામાન્ય મનુષ્યથી થઈ શકતું નથી. સંપૂર્ણ શુદ્ધિની ઉપાસના, જીવન સમક્ષ ફક્ત એક જ ધ્યેય અને એક જ લક્ષ રાખનારને, લક્ષ પ્રત્યે આગળ વધતા અનેક વખત અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડે છે.' ચૅકિંગ આવશે. ઉદયનું ચૅકિંગ આવશે અને અગ્નિ પરીક્ષા થાશે. 'અસાધારણ નિશ્ચય શક્તિ...' કેવી? માત્ર મોક્ષ અભિલાષ એટલે સામાન્ય વાત નથી. મક્કમતાવાળી, દૃઢતાવાળી વાત છે. 'અસાધારણ નિશ્ચય શક્તિ અને પ્રિયજનોના અભિપ્રાય - જે પરમાર્થને પ્રતિકૂળ હોય..' એવા પ્રિયજનોના અભિપ્રાય, કુટુંબવાળાને અનુકૂળ ન પડે કે આવું બધું ન હોય, આવું બધું ન હોય.

'તેની સામે અડગ રહેવાની અથવા એ પ્રતિકૂળતા આપે તો ઝઝૂમવાની શક્તિ, નાહિંમત ન થવાની લોખંડી - વજ્ર જેવી હિંમત, કોઈ પરિસ્થિતિમાં હિંમત હારે નહિ, depressionમાં આવે નહિ. એ મારે આમ થઈ ગયું ને તેમ થઈ ગયું - રોદણા રોવાની વાત નથી. રોતો-રોતો આવે એમાં કાંઈ સકરવાર થાય નહિ. રોતલનું કામ નથી આમાં. 'અને છતાં નિર્દોષવૃત્તિ.'

મુમુક્ષુ :- આ જે છે 'છતાં નિર્દોષવૃત્તિ' એમાં શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમાં શું કોઈ અહંભાવ નહિ. મક્કમતા હોય પણ એમાં અહંભાવ નહિ, અહંકાર નહિ કોઈ કે કોઈ કષાયને લઈને એમ કરવું એમ નહિ. એમ. એક પોતાના ધ્યેયને વળગી રહેવા માટે પોતે મક્કમ છે. આ સિવાય કોઈ બીજી વાત નથી. એ મને હેરાન કરે છે એટલે હું એને આડો ચાલુ એમ નહિ.

'તે મુમુક્ષુનો સાત્ત્વિક ખોરાક છે.' હા. ઝઝૂમવાની શક્તિ, હિંમત અને નિર્દોષવૃત્તિ એ મુમુક્ષુનો સાત્ત્વિક ખોરાક છે. 'અનાદિ અંધકાર ભેદીને માર્ગ કાઢવાનો છે.' નાનું-સૂનું કામ ઊપાડ્યું નથી. બહુ મોટું કામ હાથમાં લીધું છે. 'અનાદિ અંધકારને ભેદીને માર્ગ કાઢવાનો છે, તેમાં ઉતાવળ પણ ન ચાલે અને પ્રમાદ પણ ન ચાલે.' ધીરજથી કામ લેવાનું છે એમ. 'મૂંઝવણથી મૂંઝાવું પણ ન પાલવે.'

મુમુક્ષુ :- એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- મૂંઝાઈ જાય સાવ કે હવે મને સૂઝતું નથી, હવે મને કાંઈ સૂઝતું નથી - એમ નહિ. depressionમાં આવે એમ નહિ.

'ધીરજથી માર્ગ ગ્રહણ કરવાનો છે. આવા નિજહિતના માર્ગ સાથે સમસ્ત જીવોના કલ્યાણની ભાવના થવી કે હોવી, એવી ભાવના હોવી તે અવિનાભાવી છે.'

મુમુક્ષુ :- પછી સાથે કેમ એ વાત લીધી?

પૂજ્ય ભાઈશ્રી :- એ કુદરતી એવું બને જ છે. જ્યારે પોતે સન્માર્ગે જાય છે ત્યારે જગતના બધા જીવો પણ એ સન્માર્ગે જાય એ ભાવના આવે છે. અને એ ભાવના આવે છે એટલે બીજા જીવો પ્રત્યેનું દાસત્વ પણ આવે છે.

મુમુક્ષુ :- એ જીવો સામે ઝઝૂમવાની હિંમત એવી રીતે જે વાત આવી, એની સામે પાછું દરેક જીવો આ માર્ગને પામે એ ભાવના પણ સાથે હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ભાવના પણ સાથે (હોય છે.)

મુમુક્ષુ :- એ જીવો પણ પામે. જે જીવોનો વિરુદ્ધ અભિપ્રાય પડતો હોય એ પણ પામો.

પૂજ્ય ભાઈશ્રી :- હા! એ પણ પામો! એમાં અને એ તો બિચારા પોતે ભૂલ કરે છે એની આકુળતા, નુકસાન અને દુઃખને વેદે છે એ તો બિચારા પડ્યા છે અને પડ્યા ઉપર પાટુ ક્યાં મારવું? કોઈ પડી જાય તો એને સંભાળવાના હોય, પાટું મારવાનું ન હોય.

'તે ભાવના, છતાં લોકસંજ્ઞા અને લોક અવિરુદ્ધતાના અટપટા પ્રશ્ન સાથે સંતુલન જાળવવાની કુશળતા અને ધીરજ સહજભાવે રહેવી અપેક્ષિત છે.' કે તે ભાવના રહેતા ભાવના છતાં લોકસંજ્ઞા ન આવવી જોઈએ. લોકો પ્રત્યેની ભાવના છેને? તો એમાં લોકસંજ્ઞામાં પાછું ક્યાંય આવવું ન જોઈએ. ભાઈ લોકોના અભિપ્રાય પ્રમાણે ચાલવાનું છે. એમ ક્યાંય ન આવવું જોઈએ. અને લોક અવિરુદ્ધતા. લોકની વિરુદ્ધતા કરવી નથી. આમ માર્ગ તો છે આખા લોકથી વિરુદ્ધ, પણ આખા જગતની સામે કોઈ વૈમનસ્ય ઊભું નથી કરવાનું? એટલે શું કે સહિષ્ણુતા હોવી જોઈએ. વૈચારિક મુક્તિ, વૈચારિક વિશાળતા, કેમકે જગતમાં તો 'તુંડે તુંડે મતિરભિન્ના.' બધાયની મતિ જુદી-જુદી, બધાયનો મત જુદો-જુદો, અભિપ્રાય જુદો-જુદો. ગમે તેટલી ભાવના હોય તોપણ એ ખ્યાલ વસ્તુસ્થિતિનો, વસ્તુસ્વરૂપનો ખ્યાલ હોવો જોઈએ કે, કોઈ વિરલ જીવો જ પામવાના છે, કોઈ વિરલ જીવો જ આ બાજુ આવવાના છે.

મુમુક્ષુ :- સંસાર આમ ને આમ રહેવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે સંસાર આમ ને આમ ચાલવાનો છે. એટલે લોક વિરુદ્ધતામાં ન પડી જવું જોઈએ. કેમ લોકો સમજતા નથી. આવો નિર્દોષ માર્ગ છે અને કેમ સમજતા નથી? સર્વાંગ નિર્દોષ માર્ગ છે અને કેમ સમજતા નથી? કે ન સમજે. ન સમજે એ ન જ સમજે અને એવા લોકો ઝાઝા હશે.

'માર્ગની ગંભીરતા હોવી ઘટે છે.' માર્ગની ગંભીરતા હોવી ઘટે છે. એ ચાર નંબર

(ની ડાયરી) છેને?

મુમુક્ષુ :- અનેકવાર અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આવે બધું ચૅકિંગ તો આવશે. મક્કમતાનું ચૅકિંગ તો આવે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મારો પ્રશ્ન એ છે કે મુમુક્ષુતાની ભૂમિકામાં અથવા ઉત્કૃષ્ટ મુમુક્ષુતામાં તન્મયતાનો સાવ અભાવ થઈ જાય કે તન્મયતાની ગાંઠ ઢીલી પડી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- ઢીલી પડી જાય, અભાવ તો મોક્ષમાર્ગમાં જ થાય છે. મુમુક્ષુની ભૂમિકામાં બધું શિથિલ થઈ જાય. ઢીલું પડી જાય બધું અને ઢીલું પડે તો છૂટે. ગમે તેવી ગાંઠ મજબૂત વળી હોય એ સીધી ન ખુલી જાય. પહેલા એને ઢીલી પાડવી પડે, પછી જ ખુલે. એ એનો ક્રમ છેને? ઢીલી પડ્યા પછી જ ખુલવાનો ક્રમ છેને!

'**જેને માત્ર આત્માની જ અભિલાષા છે...**' જેને માત્ર આત્માની જ અભિલાષા છે '**કે મને આત્મા કેમ પ્રાપ્ત થાય? મને સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય? ને જેને બહારના કોઈ પદાર્થોની ઈચ્છા કે અભિલાષા નથી...**' અસ્તિ-નાસ્તિ બેય લીધું. મોક્ષની અભિલાષા છે અને બીજી અભિલાષા નથી. '**તે બહારના બધાં કાર્યોમાં જોડાય, છતાં બધું ગૌણ હોય છે.**' ગૌણ રહેવાનું કારણ કે એ એનું ધ્યેય નથી. માટે એ કાર્યો કરે પણ એમાં બધી ગૌણતા. ક્યાંય પક્કડ આવે નહિ. ક્યાંય મહત્તા આવે નહિ, ક્યાંય પક્કડ આવે નહિ. જે ચાલે છે એ કુદરતના ક્રમમાં ચાલ્યા કરો, આપણું ધ્યેય બીજું છે, આની સાથે આપણે રોકાવાનું કારણ નથી.

મુમુક્ષુ :- કુદરતના ક્રમમાં?

પૂજ્ય ભાઈશ્રી :- હા, કુદરતના ક્રમમાં જ બધું ચાલે છે. કોઈની ઈચ્છાથી કાંઈ ચાલે છે એવું થોડું છે? કોઈ સંચાલન કરનાર છે ને ચાલે છે એવું થોડું છે કાંઈ? બધું ગૌણ હોય છે. જેટલી કાંઈ ઉદયમાન પ્રવૃત્તિ અને પરિસ્થિતિ ઊભી થાય એ બધું ગૌણ હોય છે. થોડા કાળ માટે સંયોગ-વિયોગના પ્રકારો બને છે. હવે એ કુદરતના ક્રમ પ્રમાણે બને છે. એમાં કોઈના - પોતાના કે બીજાના હેર-ફેર કરવાના ભાવો તો એમાં કાંઈ કામ આવવાના નથી. પછી એની પક્કડ કરીને ધ્યેયનું વિસ્મરણ કરવું, (ઘૂસી) જાવું એમાં ક્યાં બુદ્ધિમાની છે? એમાં કોઈ બુદ્ધિશાળીપણું નથી.

'**તેને ધ્યેય માત્ર એક આત્માનું છે કે એક આત્મા કેમ પ્રાપ્ત થાય?**' અહીંયાં તેને-તેને જ્યાં આવે ત્યાં પોતાને લેવું આપણે.

મુમુક્ષુ :- third person નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- third person ન લેવું.

મુમુક્ષુ :- નહિતર પરલક્ષે સાંભળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા પરલક્ષે. જ્ઞાની મુમુક્ષુની વાત કરે તો તેને આમ છે, તેને આમ છે એમ કહે એ જુદી વાત છે. મુમુક્ષુએ એમ ન લેવું. મુમુક્ષુએ તો પોતાને '**ધ્યેય માત્ર એક આત્માનું છે કે આત્મા કેમ પ્રાપ્ત થાય?**' બસ! એને એ વળગેલો છે. અને એને વળગવા જતાં ઑટોમૅટિક બધું ગૌણ થઈ જાય છે. '**જોકે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા વગેરે બધું તેને હોય છે,...**' શું લીધું? આ પણ એને પોતાના પરિણામ ભૂમિકામાં હોય છે. દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, બહુમાન, ભક્તિ એને હોય છે.

'**પણ આત્મા વગર તેને ક્યાંય ચેન પડતું નથી.**' એ કાંઈ ધ્યેય નથી. આત્મા વગર ક્યાંય ચેન પડતું નથી. મારે જે પ્રાપ્ત કરવું છે એ મને જોઈએ. એ ન મળે ત્યાં સુધી ક્યાંય સંતોષ પામવાની વાત નથી. આટલું તો કરીએ છીએને! દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે આટલું તો છેને! એ વાત નથી.

મુમુક્ષુ :- પારકા થઈ ગયા. ગણતરી કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં એમની સાથે પણ આત્મીયતા ન રહી. એવું થયું.

'**ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે...**' એમ કેમ કીધું? કે જીવ સંસારના કાર્યોમાં વળગ્યો છે. આ કરું ને તે કરું, આ કરું ને તે કરું. કહે છે કે એ બધું ગૌણ કરી નાખ. કરવું પડે એ બીજી વાત છે, પણ એ બધું ગૌણ કરી નાખ. એક આત્માને જો અને આત્માનું જ્ઞાન કર! મુખ્ય એ કર! એ મુખ્ય કરતા બીજું બધું ગૌણ થાશે. અત્યાર સુધી તે બીજું બધું મુખ્ય કર્યું છે. (એટલે આ તરફની મુખ્યતા) થાય નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આત્માને જો એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- તારા સ્વરૂપને જો! જોવાનું જ કામ છેને! આત્મા તો છે જ, (પણ) જોતો નથી એને. જોવે ત્યાં, જોવે એટલે ભાવે. તો આત્મભાવનો આવિર્ભાવ થાય છે.

'**આ બધું તારાથી જુદું છે...**' એટલે બધું પારકું છે એમ કહે છે. શું કહે છે? બધું પારકું છે. જેને પોતાનું કરીને તું વળગ્યો છો એ બધું પારકું છે. એને પારકું જો તું. પોતાનાને પારકા કરવા એમાં થોડો પરસેવો ઊતરે એવું છે. પોતાના માન્યા છે એમાં દૃઢતા પણ ઘણી કરી છે. જેને પોતાના માન્યા છે એમાં દૃઢતા પણ ઘણી કરી છે. હવે એ જુદું છે એટલે પારકું છે એમ કરવાનું રહે છે. મારે કાંઈ લેવા કે દેવા! એવી વાત છે. કાંઈ લેવા-દેવા નથી.

આમ તો માણસ શું છે અનુકૂળતામાં ફસાય છે. એ બધા અનુકૂળ ચાલે ત્યારે એને એમ થાય કે આને કેમ પારકા કરાય? આપણા માટે આટલું-આટલું કરે એને

પારકા કેમ કરાય?

મુમુક્ષુ :- નાનપણથી મોટા કર્યા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે એને કેમ પારકા કરાય? પણ જરાક વિચારે તો સમજાય એવું છે.

મુમુક્ષુ :- જરાક વિચારે એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- તો ખબર પડે એવું છે કે આપણી કલ્પના ખોટી છે. કોઈની પણ પૂંછડી દાબો લ્યો! પૂંછડી દબાય ત્યાં ખબર પડે. આખો દબાવો તો શું થાય? પૂંછડી દાબે તો ફૂંફાડા મારે, આખો દબાવો તો શું થાય? પૂંછડી એટલે શું છે? છેલ્લો છેડો. છેડો દબાય તો આમ થાય તો આખું દબાય તો શું થાય? કે સામે સામા (આવી જાય.) એ ભિન્નતામાં ન રાગ હોવો જોઈએ, ન દ્વેષ હોવો જોઈએ. કોઈ વાત દ્વેષ કરાવવા માટે નથી. રાગ પણ ન હોવો જોઈએ અને દ્વેષ પણ ન હોવો જોઈએ. જે ભિન્ન છે એ ભિન્ન છે. હું મારા ધ્યેયને વળગીને મારા ધ્યેય પ્રત્યે આગળ વધ્યે જાવ આ મારું કામ છે. બીજું વચ્ચે આવે એ મારા માટે ગૌણ છે. કેમકે એ બધું જુદું છે. થોડા કાળ માટેનો સંયોગ છે, પછી એનો વિયોગ છે. મારે શું લેવા-દેવા? કાંઈ નથી.

**'ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે-આમ પોતે અંદર જિજ્ઞાસાથી આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, તે સાચી મુમુક્ષુતા છે.'** શું લીધું? ગ્રહણ કરવું... ગ્રહણ કરવું... ચાલ્યું આવે છે જોયું! સમાજ વિચારમાં અટક્યો છે. (જ્યારે પૂજ્ય બહેનશ્રી) વાતે-વાતે ગ્રહણ કરવાની વાત કરે છે.

મુમુક્ષુ :- હજી આગળ એના પછીના બોલમાં પણ ગ્રહણ શબ્દ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ આવવાનું. કેમકે એમને ખ્યાલ છે. સમાજ ક્યાં અટક્યો છે એ એમને ખ્યાલ છે. અહીંયાં આવેલા લોકો વિચારે છે, સોનગઢ આવેલા લોકો વાતને વિચારે છે, પણ ત્યાં અટક્યા છે. ગ્રહણ કરવાનો પુરુષાર્થ કોઈનો જોવામાં આવતો નથી. કેમ? કે ત્યાં ગયા પછી પણ જે આ બીજા છે, આ બીજું છે, આ બધું જુદું છે, એમ મારાપણું નથી મટ્યું. ક્યાં ભૂલ કરી? એક દ્રવ્ય બીજા દ્રવ્યથી, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સ્વચતુષ્ટયથી સર્વથા ભિન્ન છે એટલું જ નહિ, એક દ્રવ્ય અને બે દ્રવ્ય વચ્ચે ભિન્નતાની વજની મેરુ જેવડી દિવાલ છે. આવી બધી ચર્ચા ચાલે. શું ચાલે? મેરુ જેવી ભિન્નતા વચ્ચે દિવાલ છે, માટે બેય સાવ ભિન્ન છે. પણ જ્યાં પોતાપણું કરે ત્યાં એમ ને એમ, એ એને ખબર જ ન હોય. એના ઉપર ધ્યાન ન હોય. પરિણામ

ન જોવે તો આ દશા થાય. પોતાના પરિણામને ન જોવે તો આ દશા થાય. ચર્ચા ત્યાં સુધીની કરે. દ્રવ્ય-પર્યાયની ભિન્નતા વિચારે તો કહે દ્રવ્ય લોકાકાશમાં છે અને પર્યાય અલોકાકાશમાં છે જાવ!

મુમુક્ષુ :- ત્યાં સુધી મૂકી આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા મૂકી આવે પર્યાયને. લોકાકાશમાં મૂકી આવે, ચૌદ બ્રહ્માંડની બહાર. પણ કોની પર્યાય અને કોનું દ્રવ્ય હવે તારે કાંઈ લેવા-દેવા કે કલ્પના જ કરવાની છે? કેમકે એને તો પાછું ત્યાં ને ત્યાં પોતાપણું હોય, શરીરમાં પોતાપણું, સંયોગમાં પોતાપણું.

મુમુક્ષુ :- બાયડી-છોકરાને અંદર રાખ્યા હોય અને પર્યાયને અલોકાકાશમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પર્યાયને અલોકાકાશમાં મૂકે, બૈરા, છોકરા અને રૂપિયાને અંદર આત્મામાં મૂકી દીધા હોય! એને અડશો જ નહિ કોઈ!

મુમુક્ષુ :- ભાઈશ્રી! એટલે આપ અવલોકનની વાત બહુ પહેલેથી જ કરો છો.

પૂજ્ય ભાઈશ્રી :- પહેલેથી. શરૂઆતથી જ એ વાત છે. એ જ ખામી રહી છે. વિચારે છે લોકો, પોતાનું અવલોકન ન કરે ત્યાં સુધી વિચાર કો'કના થઈ ગયા. કો'કના માટે થઈ ગયા. પોતાના માટે કાંઈ રહ્યું જ નહિ. કેવડું મોટું અંધારું?

મુમુક્ષુ :- મૂળમાં પરલક્ષને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરલક્ષે બધું ચાલે છે. બધું પરલક્ષે ચાલે છે. પછી એના વાદવિવાદ, એના તોફાન.

મુમુક્ષુ :- જિજ્ઞાસાથી (એટલે)?

પૂજ્ય ભાઈશ્રી :- જિજ્ઞાસા એટલે અહીં ભાવના. જિજ્ઞાસા ભાવનાના અર્થમાં છે. સ્વરૂપ ગ્રહણ કરવાની ભાવનાપૂર્વક પુરુષાર્થ કરવો. ભાવના અને પુરુષાર્થને કારણકાર્ય સંબંધ છે. સાચી ભાવના ઊપડે એને પુરુષાર્થ ઊપડ્યા વિના રહે નહિ. એ રીતે પ્રયત્ન કરવો. ભાવના આ બાજુની હોય અને પ્રયત્ન બીજી બાજુનો હોય, કેવી રીતે કામ થવાનું? એમ. એ ન થાય કોઈ દિવસ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઓલા બોલમાં જે આવ્યું ને અસાધારણ નિશ્ચય શક્તિ. એમાં શું? એટલે એ કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- મક્કમતા લેવી છે. કેમકે એ નિશ્ચય છૂટી જાય એવા પ્રસંગો ઊભા થવાના. કેમકે એવા તે પહેલા ઊંધા કાર્યો કર્યા છે. સંસારના રસથી કાર્યો કર્યા છે એટલે સંસાર બાજુ ખેંચવાની બધી પરિસ્થિતિ ઊભી થવાની છે. તારી મક્કમતા હશે તો વાંધો નહિ આવે. અને આ બાજુની મક્કમતા પણ આવે ત્યારે એવી, સાચી

મુમુક્ષુતામાં જે મક્કમતા આવે છે એ મક્કમતા એવી જ આવે છે. ગમે તે પરિસ્થિતિ થાય પોતે પોતાનું કામ ચાલુ રાખે અને ધ્યેયમાં રંચમાત્ર ફેર પડે નહિ.

મુમુક્ષુ :- વાસ્તવિક મૂલ્યાંકનથી એ મક્કમતા આવે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એના મૂળમાં મૂલ્યાંકન છે. એનો લાભ કેટલો મોટો છે! કે જેનો હિસાબ નથી એટલો લાભ છે. મૂલ્યાંકન આવવું જોઈએ. જે લાભ છે એ લાભને કેવી રીતે તોળવો એ સવાલ છે. અતુલ છે એ! કેવો છે? એને તોળવો કેવી રીતે? અનંતકાળના બધા દુઃખ ન થાય. અનંતકાળના કોઈ દુઃખ ન થાય અને અનંતકાળમાં સંપૂર્ણ સુખ રહે, એને તોળવું કેવી રીતે? તો કહે એને તોળવા માટે પણ એક આઈટમ છે. પૂરી તાલાવેલી, પૂરી લગનીથી, પૂરી ભાવનાથી અને પૂરા પુરુષાર્થથી લાગી પડવું- એનાથી એ તોળાય છે.જો તોળતા આવડે તો એને તોળવા માટે આ એક પ્રકાર છે. એને તોળ્યું કહેવાય!!

મુમુક્ષુ :- નહિતર બધી વાતો.

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર બધી વાતો. આમ તો જગતમાં કોઈ પદાર્થ નથી એને તોળવા માટે કે એની બરાબરીમાં મૂકી શકાય. જો પોતે કામ ઉપાડી લે તો એણે વાતને તોળી લીધી. એણે સાચો તોલ કર્યો એનો અને પૂરી તાકાતથી એની પાછળ લાગી ગયો. આખા જગતને ગૌણ કરીને એની પાછળ લાગ્યો. આખું જગત એટલે? એ તો એની પોતે જ રચેલી સૃષ્ટિ છેને બીજું શું? કે, આ મારા ફલાણા અને આ મારા ફલાણા. એણે જ પોતાનું જગતને તો ઊભું કર્યું છેને? એને બીજા પરદેશી માણસો સાથે શું લેવા-દેવા છે? જગત તો ઘણું મોટું છે દેશ-પરદેશનું. કોની સાથે લેવા-દેવા છે? ખબર પણ નથી કે દુનિયામાં કેટલા દેશ છે? એ ખબર છે? કેટલા દેશ છે આ દુનિયામાં? લગભગ ૨૫૦ છે. ૨૪૦ જેટલા. નાના-મોટા થઈને. શું લેવા-દેવા છે કાંઈ કોઈને? કે ભાઈ ૨૫૦ હોય કે ૨.૫૦ એમાં આપણે શું? અઢી હોય કે અઢીસો હોય એમાં આપણે શું? આપણે તો આપણી જે દુનિયા છે એમાં રમીએ છીએ. અને એ દુનિયા સાવ આવડી જ છે. એ દુનિયા કેવડી છે? સાવ આટલી છે.

મુમુક્ષુ :- એટલે પ્લૉટની વંડીની ચિંતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, આ વંડી તોડીને કોઈ અંદર ન આવે. એને પોતાનો પ્લૉટ બનાવીને ફરતી વંડી કરી નાખી છે. વંડી જૂની થાય તો એને મરામત કરે, અંદર કોઈ આવી ન જાય એનું ધ્યાન રાખે. એ ધ્યાન રાખતો-રાખતો ઊપડી જાય!! વંડી અને પ્લૉટ અહીં પડ્યો રહે. આમ પણ એને મૂકીને તો જાવું છે. ત્યારે એમ કહે છે કે ભાઈ અત્યારથી એ પોતાપણું મૂકી દે! એ પ્લૉટ પણ તારો નથી અને

એ વંડી પણ તારી નથી. એની સારસંભાળ મૂકીને તારા ધ્યેયને સંભાળ. બસ!

ગુરુદેવે ઉપદેશ આપ્યો છે. તારાથી જુદું છે એમ પક્કડ છોડી દે, સ્વરૂપની ભાવનાથી સ્વરૂપને ગ્રહણ કર! ઓલાપણે પક્કડ રાખીશ, (તો) અહીંયાં ભાવના થઈને ગ્રહણ થશે નહિ. એમ એક મ્યાનમાં બે તલવાર સમાવાની નથી. કોઈ કાળે સમાવાની નથી. જગ્યા જ નથી ત્યાં. એક મ્યાનમાં બીજી તલવારની જગ્યા નથી.

આશય :- (૧૯૮) **સાચી મુમુક્ષુતાનું લક્ષણ માત્ર મોક્ષ અભિલાષ જાણીને મુમુક્ષુજીવે પોતાના ભાવો સાથે મેળવણી કરવી, કે બધાની ભિન્નતા જાણીને ગૌણતા વર્તે છે કે નહિ? અને પોતાના ધ્યેય પ્રત્યે પૂરી લગનીથી પોતે લાગેલો છે કે નહિ? આમ પોતાને સાચી મુમુક્ષુતાની પરીક્ષા કરી લેવી. એ આશય છે આમાં.**

**જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવે એવું છેલ્લી પરાકાષ્ઠાનું ધ્યાન તે ઉત્તમ પ્રતિક્રમણ છે. આ મહા મુનિરાજે એવું પ્રતિક્રમણ કર્યું કે દોષ ફરીને કદી ઉત્પન્ન જ ન થયા; છેક શ્રેણિ માંડી દીધી કે જેના પરિણામે વીતરાગતા થઈને કેવળજ્ઞાનનો આખો સાગર ઊછળ્યો! અંતર્મુખતા તો ઘણી વાર થઈ હતી, પણ આ અંતર્મુખતા તો છેલ્લામાં છેલ્લી કોટિની! આત્મા સાથે પર્યાય એવી જોડાઈ ગઈ કે ઉપયોગ અંદર ગયો તે ગયો જ, પાછો કદી બહાર જ ન આવ્યો. જેવો ચૈતન્યપદાર્થને જ્ઞાનમાં જાણ્યો હતો, તેવો જ તેને પર્યાયમાં પ્રસિદ્ધ કરી લીધો.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૪૦૨**

**પ્રશ્ન :- ૧૧ અંગનું જ્ઞાન કર્યું હોય છતાં તે ઉપયોગને શાસ્ત્રમાં સ્થૂલ કહ્યો છે અને જે ઉપયોગે ચૈતન્યસ્વભાવને ગ્રહણ કર્યો તેને સૂક્ષ્મ કહ્યો છે એનું શું કારણ?**

**સમાધાન :- ચૈતન્ય તત્ત્વને ગ્રહણ નથી કર્યું એટલે ઉપયોગ સ્થૂલ છે. જો પાતાના ચૈતન્ય તત્ત્વને ગ્રહણ કરે તો તે ઉપયોગ સૂક્ષ્મ છે. ૧૧ અંગનું જ્ઞાન કર્યું એમાં બધું જાણ્યું પણ અંતર આત્માને ગ્રહણ ન કર્યો એટલે ઉપયોગ સ્થૂલ છે.**

**બાહ્ય શ્રુતજ્ઞાનમાં ભલે દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા, બધું જાણ્યું ખરું, પણ 'હું આ ચૈતન્ય છું' એમ ગ્રહણ ન કર્યું એટલે ઉપયોગ સ્થૂલ છે. તે ઉપયોગ સ્વસન્મુખ ન વળ્યો અને બહાર ને બહાર રહ્યો તેથી સ્થૂલ છે. જે ઉપયોગ ચૈતન્યને ગ્રહણ કરે તે ઉપયોગ સૂક્ષ્મ છે.**

**બહારનું ગમે તે જાણ્યું તો પણ ઉપયોગને સ્થૂલ કહેવાય, કારણ કે પોતાને ગ્રહણ નથી કર્યો. સ્વસન્મુખ-પોતા તરફ દિશા ન વળી, સ્વભાવને ન ઓળખ્યો તેથી બહાર રહેલ ઉપયોગને સ્થૂલ કહેવાય છે. ૧૯૯.**

## તા. ૯-૭-૧૯૯૭, પ્રશ્ન- ૧૯૯
## પ્રવચન નં. ૧૪૪

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૩૦. ૧૯૯મો પ્રશ્ન છે. '**૧૧ અંગનું જ્ઞાન કર્યું હોય છતાં તે ઉપયોગને શાસ્ત્રમાં સ્થૂલ કહ્યો છે અને જે ઉપયોગે ચૈતન્યસ્વભાવને ગ્રહણ કર્યો તેને સૂક્ષ્મ કહ્યો છે એનું શું કારણ?**' અથવા એ સ્થૂળતાનું સ્વરૂપ કેવું અને એ સૂક્ષ્મતાનું સ્વરૂપ કેવું? પ્રશ્ન એમ છે. કેમકે અગિયાર અંગની અંદર ઘણા સૂક્ષ્મ વિષયો આવે છે. એ ઉપયોગમાં એ વાત સમજાણી હોય તો તેને સ્થૂળ કેમ કહેવો? એને કેવો કીધો છે? જેણે સ્વરૂપને નથી ગ્રહણ કર્યું અને અગિયાર અંગનું જ્ઞાન કર્યું છે, હવે બહારમાં એવો ઉપયોગ જેનો નથી. પણ અંદરમાં ચૈતન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે એને સૂક્ષ્મ કહ્યો છે. તો આ બેની અંદર સ્થૂળ-સૂક્ષ્મતાનું સ્વરૂપ કેવી રીતે? ક્યા જ્ઞાનને આપ સૂક્ષ્મ કહેવા માગો છો? કેવા જ્ઞાનને સૂક્ષ્મ કહો છો? કેવા જ્ઞાનને સ્થૂળ કહો છો એમ સમજાવો. એમ વાત છે અહીંયાં.

'**સમાધાન :- ચૈતન્ય તત્ત્વને ગ્રહણ નથી કર્યું એટલે ઉપયોગ સ્થૂલ છે. જો**

**પોતાના ચૈતન્ય તત્ત્વને ગ્રહણ કરે તો તે ઉપયોગ સૂક્ષ્મ છે.**' પણ શું છે કે ચૈતન્યતત્ત્વ છે એ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. કેમકે આ સામર્થ્યરૂપે છે-શક્તિરૂપે છે, વ્યક્તિરૂપે નથી. પ્રગટ વ્યક્તિરૂપે નથી. છતાં એને જે ગ્રહણ કરે તો એની (ઉપયોગની) સૂક્ષ્મતા હોય તો ગ્રહણ કરે. જેમકે ચકમકમાં રહેલી અગ્નિ સૂક્ષ્મ છે, દિવાસળીના ટોપકામાં રહેલી અગ્નિ સૂક્ષ્મ છે, એમ શક્તિમાં પડેલા તત્ત્વને પકડે એ જ્ઞાન સૂક્ષ્મ છે એમ કહેવું છે.

અગિયાર અંગમાં વાત તો ઘણી આવે. અગિયાર અંગમાં આત્માની, સ્વરૂપની વાત તો ઘણી આવે છતાં પોતે એ ચૈતન્ય તત્ત્વને ગ્રહણ ન કરી શક્યો. પોતાનું સ્વરૂપ છે, ચૈતન્ય તત્ત્વની જે વાત એ તો પોતાનું સ્વરૂપ છે. એ પોતે જ છે! છતાં પોતાને પોતે ગ્રહણ ન કર્યું તો એટલી સ્થૂળતા હતી માટે ગ્રહણ ન કર્યું. નહિતર એની વાત આવે તો એ પોતે જ છે. પોતે પોતાને કેમ ન સમજી શક્યો?

જેમકે આત્મા જ્ઞાનસ્વરૂપે - જ્ઞાનસ્વભાવે છે. જ્ઞાનસ્વરૂપે છે એટલે જ્ઞાન સ્વભાવે છે અને જ્ઞાન પ્રગટ પણ છે. જ્ઞાન પ્રગટ પણ છે. પણ જ્ઞાન પ્રગટ છે અને આત્મા જ્ઞાનસ્વભાવે છે આટલી સગવડ હોવા છતાં પોતે પોતાને જ્ઞાનસ્વભાવી કેમ પ્રતિભાસતો નથી? ભાસતો કેમ નથી? કે ઉપયોગ સ્થૂળ છે. નહિતર એ વાત તો અગિયાર અંગમાં આવી જાય. અગિયાર અંગમાં એ વાત બાદ રહી જાય છે અને એ પછી બારમાં અંગમાં વાત શરૂ થાય છે એવું કાંઈ નથી. આ લીધું છેને! સમયસાર છે એ દસમાં અંગમાં ફલાણી વસ્તુનું, ફલાણા અધિકારમાં લીધું છે. અગિયાર અંગ પહેલાની વાત છે એ બધી. પોતાના સ્વરૂપે ગ્રહણ કરવું, પોતાને એવો અંદરમાં ભાસવો, ભાસતા ગ્રહણ થાય છે પોતારૂપે, અસ્તિત્વગ્રહણ છે, ભાવભાસન તો અસ્તિત્વગ્રહણ છે. એ સ્થૂળ છે માટે ગ્રહણ નથી કરતો એમ કહે છે. ચૈતન્યતત્ત્વને ગ્રહણ નથી કર્યું એટલે ઉપયોગ સ્થૂળ છે અથવા ઉપયોગ સ્થૂળ છે એટલે ચૈતન્યતત્ત્વ ગ્રહણ થયું નહિ. આમ છે. એ વિષય એવો સૂક્ષ્મ છે. પોતાના સ્વરૂપનો વિષય એવો સૂક્ષ્મ છે.

પ્રગટ જ્ઞાનના ઉપયોગમાં સ્વભાવને ગ્રહણ કરવો, સ્વભાવ ભાસવો, સ્વભાવ પોતા સ્વરૂપે ભાસવો એ એક આખી વસ્તુ જુદી જ પડી જાય છે. જીવ 'રાગ તે હું' એવા રાગના અવલંબને પરિણમી રહ્યો છે. એવા રાગના અવલંબને પરિણમતા-પરિણમતા 'હું જ્ઞાનસ્વભાવી છું' એમ વિકલ્પ કરે છે. તો એમાં જે હું જ્ઞાનસ્વભાવી છું એવો વિકલ્પ થયો એ વિકલ્પને સ્વસ્વરૂપે ગ્રહણ કર્યો છે. ક્યાં ભૂલ થાય છે? વિકલ્પ એવો થયો કે હું જ્ઞાનસ્વભાવી છું. એ વિકલ્પને હુંપણે ગ્રહણ કર્યો, વિકલ્પનું અવલંબન છે હજી છૂટ્યું નથી અને વિકલ્પને હુંપણે ગ્રહણ કરી લીધો. તો કહે એવો વિકલ્પ જૂઠો છે.

રાજમલજીએ શું લખ્યું? એવો વિકલ્પ જૂઠો છે. એવો અનુભવ થાય ત્યારે સમ્યક્ત્વ

છે. ક્યાંથી વાત લીધી. જુઓ! ફરીથી. differentiate ક્યાં કરવાનો છે. સ્વભાવ સીધો વિકલ્પની આડ વગર જ્ઞાનમાં ભાસે. ક્યા જ્ઞાનમાં ભાસે? જે જ્ઞાનસ્વભાવને જોવે છે એમાં જ ભાસે છે. જે જ્ઞાનસ્વભાવને જોવા માટે તત્પર થયું છે, યોગ્ય થયું છે, ક્ષમતાવાળું થયું છે, એ જ જ્ઞાનમાં એને પોતાનો સ્વભાવ ભાસે, એની સૂક્ષ્મતા જુદી છે અને હું જ્ઞાયકસ્વભાવી છું, હું જ્ઞાયકસ્વરૂપે છું, એમ સમજીને વિકલ્પ ઊઠે, ત્યારે એ વિકલ્પમાં એકત્વ થઈને પોતાપણું થઈ જાય એ વાત સાવ જુદી છે.

અહીંયાં ભૂલ થાય છે. કેમકે ક્ષયોપશમ જ્ઞાનમાં સમજાય છે. અગિયાર અંગમાં એ વાત ન સમજાણી એવું નથી. એ તો અગિયાર અંગથી ઓછું હોય એને પણ સમજાય કે આત્મા જ્ઞાયકસ્વભાવી છે અને વર્તમાન જ્ઞાનોપયોગ ચાલે છે. 'ઉપયોગો લક્ષણં.' જીવનું લક્ષણ શું લીધું ઉમાસ્વામી મહારાજે? કે 'ઉપયોગો લક્ષણં.' ઉપયોગનું લક્ષણ છે. ઉપયોગ એનું લક્ષણ છે. એ લક્ષણ કહો કે એનું સ્વરૂપ કહો. આત્મા ઉપયોગસ્વભાવી છે, જ્ઞાનસ્વભાવી છે એમ પણ કહેવાય, અને આત્મા ઉપયોગસ્વભાવી છે કેમકે એમાંથી ઉપયોગ થયા જ કરે છે, જ્ઞાનોપયોગ એમાંથી થયા જ કરે છે. તો એ જે ઉપયોગ વર્તી રહ્યો છે સમયે... સમયે... સમયે...

કૃપાળુદેવે ૯૧૩માં ન લીધું? 'ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત એવો આ આત્મા.' ઉપયોગ એનું સ્વરૂપ છે અને એનાથી સ્ફુરાયમાન પ્રગટ થઈ જ રહ્યો છે સમયે-સમયે આત્મા જ્યારે એ ભાસે ત્યારે એને સ્વસ્વરૂપે ભાસે, ત્યારે સ્વસ્વરૂપે ભાસે. એ સ્વસ્વરૂપે ન ભાસે અને આત્મા ઉપયોગસ્વભાવી છે એવું બાહ્યજ્ઞાનમાં, પરલક્ષીજ્ઞાનમાં સમજાય અને સમજાયને પછી એ પ્રમાણે વિકલ્પ થયા કરે કે હું જ્ઞાનસ્વભાવી છું, હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, હું જ્ઞાનસ્વભાવી છું. એ વિકલ્પમાં જે એકત્વ એટલે હુંપણાનો અનુભવ થાય, હુંપણું એમાં ભાસે છે, feel થાય છે, લાગે છે - એ જ્ઞાન જૂઠું છે. કેવો કડક શબ્દ વાપર્યો? એ જ્ઞાન જૂઠું છે! હવે હું જ્ઞાનસ્વભાવી છું એને જૂઠું કહેવું ત્યારે હવે સાચું કોને કહેવું? એમ થાય. હું દેહાદિસ્વરૂપ છું, હું રાગાદિસ્વરૂપ છું, હું પૈસાવાળો છું, હું કુટુંબવાળો છું, હું આબરૂવાળો છું એ તો જૂઠું છે. કેમકે એ તો છૂટું પડી જશે. તો કહે આ વિકલ્પ પણ તારો છૂટો પડી જવાનો છે. જેમ એ બધું છૂટું પડી જવાનું છે એમ આ વિકલ્પ પણ છૂટો પડી જવાનો છે. માટે એ પણ જૂઠું છે. બોલ!

મુમુક્ષુ :- કલ્પના છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જૂઠ કહો કે કલ્પના કહો એક જ વાત છે. એવો વિષય જરા સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- પછી શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો આખી ચેનલ કેવી તૈયાર કરી! વ્યવસ્થિત રીતે. કે, અહીંથી શરૂ કરો. આ તો દશાને કેળવવી પડે છે. દશાને કેળવવી પડે છે. લોટમાં પાણી નાખો એટલે ગોરણું ન થાય સીધું. એને ટૂંપો, સારી રીતે એનો પિંડ કરીને એને ટૂંપ્યા કરો. એમ ને એમ પાણી નાખીને ભેગો કરી દીધો એટલે પછી ગોરણું થઈ ગયું એમ નથી. જો રોટલી સારી ફૂલીને દડો થાય એવી બનાવવી હોય તો એને સરખી રીતે ટૂંપવો પડે. એ ટૂંપવામાં શું થાય છે ખબર છે? એની અંદર હવા ભરાય છે. ખાડા પાડો પછી એ ખાડાને બુરો. ખાડા પાડો પાછા ખાડાને બુરો એટલે એની અંદર હવા ભરાય છે. અને હવા તો દબાય એવી ચીજ છેને! પછી એ હવા જ્યારે ગરમ થાય ત્યારે expand થાય. heat expands and cold contracts. ઠંડુ થઈ ગયું, સંકોચાઈ. scienceનો નિયમ છે કે નહિ?! physicsનો નિયમ છે આ તો. physical science છે. હવા ગરમ થાય એટલે જે તમે વણ્યું હોય એની અંદર હવા ભરાણી હોય એ અંદરની હવા expand થાય એટલે એ રોટલી ફૂલે છે.

મુમુક્ષુ :- એટલે દડો થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે દડો થાય છે. પણ ક્યારે? કે તમે લોટને કેળવ્યો હોય ત્યારે. કણિકને કેળવી હોય ત્યારે. સરખી કેળવાણી ન હોય તો રોટલી ચવડ થાય. બે પડ છૂટા ન પડે. એવું થાય. આ બે પડવાળી રોટલી નથી કરતા? એમાં પણ હવા અંદર આવી જાય છે. બે પડ છૂટા પાડી શકાય તરત જ. અને પછી બે જુદી-જુદી વણીને પાછી ભેગી વણાય છે. એટલે એમાં તો સીધી વાત છે.

એમ કહેવાનો મતલબ શું છે કે તમે પહેલેથી જો દશાને એની સિસ્ટમથી-પદ્ધતિથી કેળવો નહિ, તો એ જ્ઞાન સૂક્ષ્મ થઈને ભાવભાસન સુધી આવે નહિ. એ કેળવણીમાં અવલોકનની પ્રૅક્ટિસ છે. જેમ-જેમ તમે તમારા પરિણામોનું, ભાવોનું અવલોકન કરો તેમ-તેમ તે તમારી નજર સૂક્ષ્મ થતી જાય. એ નજર સૂક્ષ્મ થાય ત્યારે તમને વિભાવ-સ્વભાવ પહેલો પકડાય. વિભાવ-સ્વભાવ સ્થૂળ છે માટે પહેલો પકડાય, પછી comparatively જ્ઞાનમાં એ સ્વભાવ હોવાથી સ્વભાવ-સ્વભાવ પકડાય. એમ વિભાવ-સ્વભાવ અને સ્વભાવ-સ્વભાવ ભિન્ન-ભિન્ન ભાસે. એમાંથી ભાવભાસન પોતાના સ્વરૂપનું આવે. એમ પોતાના સ્વરૂપનું ગ્રહણ નથી કર્યું માટે અહીંયાં ઉપયોગને સ્થૂળ કહ્યો છે.

'**જો પોતાના ચૈતન્ય તત્ત્વને ગ્રહણ કરે તો તે ઉપયોગ સૂક્ષ્મ છે.**' એ ઉપયોગ સૂક્ષ્મ છે. બાર અંગની સૂક્ષ્મતા આ એક જગ્યાએ છે. સ્વરૂપગ્રહણમાં. શેમાં? સ્વરૂપ ગ્રહણમાં એની રીત, એની વિધિ, એની પદ્ધતિ પ્રૅક્ટિસથી ઉત્પન્ન થાય. એમ ને એમ સાંભળીને, સમજીને, વિચારીને, તર્ક કરીને, મનન કરીને, ચિંતન કરીને કાંઈ હાથમાં

આવે નહિ. જેમકે ભાઈ આત્મા જ્ઞાનસ્વરૂપી છે એનું ચિંતન કર્યા કરો, જ્ઞાનસ્વરૂપી છે એનું ચિંતન કર્યા કરો, ચિંતન કરતા-કરતા અનુભવ થઈ જશે - એ સાવ ગપ્પુ છે, કોઈ કાળે ન થાય. અવલોકનમાં આવ્યા વિના અને એ ભાવોનો પરિચય થયા વિના ઓળખાણ ન થાય. ભાવભાસન તો ઓળખાણ છે. ભાવભાસન છે એ શું છે? ઓળખાણ છે એ તો. સમજવું બીજી વાત છે અને ઓળખવું બીજી વાત છે.

**'જો પોતાના ચૈતન્ય તત્ત્વને ગ્રહણ કરે તો તે ઉપયોગ સૂક્ષ્મ છે. ૧૧ અંગનું જ્ઞાન કર્યું એમાં બધું જાણ્યું...'** ઓળખ્યું નહિ કાંઈ. જાણ્યું. **'પણ અંતર આત્માને ગ્રહણ ન કર્યો...'** એટલે ઓળખ્યો નહિ. જાણ્યું બધું પણ ઓળખ્યો નહિ, **'એટલે ઉપયોગ સ્થૂલ છે.'** જુઓને આ હાર્મોનિયમ વગાડે છેને? સૂર તો જાણવામાં આવે છે. જે સૂર કાને સંભળાય છે એ જાણવામાં તો આવે છે. અહીંયાં તીણું બોલે છે, અહીંયાં સા બોલે છે, અહીંયાં ગ બોલે છે, અહીંયાં રે બોલે છે. બધું જણાય છે કે નહિ? સા..રે..ગ..મ..પ..ધ.. બધું જણાય છે અને એ તીણા-જાડા બધા અવાજો જણાય છે. જાણવું એક વાત છે અને સૂરને ઓળખવા એ બીજી વાત છે. છે કે નહિ? એ સૂરને ક્યારે ઓળખો તમે?

મુમુક્ષુ :- વારંવાર પ્રૅક્ટિસ કરો ત્યારે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રૅક્ટિસ કરો ત્યારે. પ્રૅક્ટિસ કર્યા વગર એ સૂર ન ઓળખાય. તમને જણાય ખરા, ઓળખાય નહિ. ઓળખાય એ પ્રેક્ટિકલ knowledgeનો વિષય છે. 'practical knowledge can be obtained by practice only'. આમાં બીજો કોઈ alternative નથી. પ્રૅક્ટિસ સિવાય પ્રૅક્ટિકલ knowledge ઉત્પન્ન જ ન થાય. પ્રાપ્ત જ ન થાય. ઓળખવાનો વિષય છે.

એટલે અગિયાર અંગનું જ્ઞાન કર્યું, જાણ્યું બધું... ગુરુદેવે પ્રવચન કર્યું છે ૧૪૪મી ગાથામાં. પહેલી લીટી આવેને? કે પ્રથમ તો શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માને જાણવો. જાણવો ત્યાં ઓળખવો એ વાત છે. જાણવું નથી. નિશ્ચય કરવો એમ શબ્દ છે. પ્રથમ તો શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો. નિશ્ચય કરવો, નિર્ણય કરવો, ભાવભાસન કરવું, ઓળખવું, અસ્તિત્વ ગ્રહણ કરવું બધું એકાર્થ છે. એમાં એ વાત લીધી કે અંશે રાગનો અભાવ કરીને જ્ઞાનના આધારે જ્ઞાનસ્વભાવને ઓળખ્યો. જ્ઞાનસ્વભાવનો નિશ્ચય કર્યો. જ્ઞાનના આધારે જ્ઞાનસ્વભાવનો નિશ્ચય કર્યો.

વિચારમાં એવું જ સમજાય, એવું જ સમજાય. જેવું ભાવભાસનમાં કહેવા માગે છે એવું જ વિચારમાં સમજાય, પણ વિચારમાં જ્યાં સુધી રાગનું અવલંબન અનાદિથી ચાલુ છે, એને એ અવલંબનમાં રહીને એ જ્ઞાન સ્વભાવને ગ્રહણ નથી કરતું - સ્થૂળ

રહે છે. એટલે અંશે રાગનો અભાવ કરીને જે ભાષા આવી છે એમાં અંશે રાગના અવલંબનનો અભાવ કરીને. કેમકે ત્યાં તો સવિકલ્પ દશામાં જ નિશ્ચય થાય છે. કાંઈ નિર્વિકલ્પદશા નથી નિશ્ચય થાય ત્યારે. તો પછી રાગનો અભાવ કેવી રીતે કહેવો? તો કહે રાગનો અભાવ એટલે કે રાગના અવલંબનનો અંશે અભાવ કરીને.

મોક્ષમાર્ગમાં એમ જ છે. અંશે અવલંબન ફરે છે. સર્વથા અવલંબન ફરે તો તો કેવળજ્ઞાન થઈ જાય. સર્વથા નિજસ્વરૂપનું અવલંબન આવે તો કેવળજ્ઞાન થઈ જાય. આંશિક અવલંબનમાં જ ફરે છે. એ સાધકદશા છે અને એટલે તો ગુણભેદને જાણતા વિકલ્પ ઉત્પન્ન થાય છે. એટલે તો ગુણભેદને જાણતા વિકલ્પ ઉત્પન્ન થાય છે. કેવળીને ક્યાં ગુણભેદને જાણતા વિકલ્પ ઉત્પન્ન થાય છે? એ તો બધાય ગુણભેદને જાણે છે. અનંતાએ અનંતાને જાણે છે.

'**૧૧ અંગનું જ્ઞાન કર્યું એમાં બધું જાણ્યું પણ અંતર આત્માને ગ્રહણ ન કર્યો એટલે ઉપયોગ સ્થૂલ છે**.' આપણે નથી કહેતા? કોઈ માણસની વાત આવે કે ભાઈ અમારે એની સાથે પ્રસંગ પડ્યો છે એ એમ કહે છે કે મને તમે થોડા વખત માટે આટલા રૂપિયા ધીરો-વ્યાજે આપો. હવે એ માણસને અમે જાણીએ છીએ, આમ તો તમે પણ જાણો છો અને અમે પણ જાણીએ છીએ. પણ રૂપિયા આપવા કે નહિ? તમને કેમ લાગે છે? ત્યારે પ્રશ્ન ઓળખાણનો ઊભો થાય. જાણીએ તો છીએ કે આ ફલાણા ભાઈ છે. અહીંયાં રહે છે, આ એનો ધંધો છે, ફલાણું છે, ઢીંકણું છે, પરિવાર છે, પણ એ રૂપિયા લીધા પછી પાછા આપશે કે નહિ? એવી એને નિયત રહે છે કે નહિ? એ ઓળખાણ વગર કોઈ ન આપે. ઓળખાણ હોય તો (જ આપે), અને ઓળખવાથી વિશ્વાસ આવે છે. જાણવાથી વિશ્વાસ નથી આવતો. ઓળખવાથી વિશ્વાસ આવે છે. એમ આત્મા જ્ઞાનસ્વરૂપી જાણ્યો અને અનંત સુખસ્વરૂપી છે એમ જાણ્યું. પણ ન ઓળખે ત્યાં સુધી સુખનો વિશ્વાસ નથી આવતો.

ઓળખાણમાં તો અનંતસુખ પોતાનું પ્રતિભાસે છે. શું છે? પોતામાં પોતાનું અનંત સુખ પ્રતિભાસે છે એટલે એનો વિશ્વાસ આવે છે. વિચારથી જાણે છે કે આત્મામાં અનંત સુખ છે ત્યારે એ વિચારનો વિષય પરોક્ષ છે અને ભાવભાસનમાં જ્યારે આત્મામાં અનંત સુખ છે એમ ભાસે છે ત્યારે એ ભાસનનો વિષય પ્રત્યક્ષ છે. એની અનંત પ્રત્યક્ષતા પણ ભાસે છે. એટલે એમાં સુખ દેખાય છે. અને આ જીવ બહુ પાક્કો છે. કેવો છે? બહુ પાક્કો છે. આ લુચ્ચા માણસને પાક્કા જ કહે છે. એ જોયા વગર માને નહિ. એને હજારવાર તમે કહો, હા પડાવો, કે તારામાં અનંતસુખ છે બોલ. તો કહે હા મારામાં અનંત સુખ છે. બોલ તારામાં અનંત સુખ છે? હા! મારામાં અનંત

સુખ છે. હજારવાર હા પડાવો, વિશ્વાસ નહિ કરે. વિશ્વાસ આવશે જ નહિ એને. અને ભાવભાસનમાં એકવાર ભાવભાસન આવશે, અનંતકાળ નહિ ખસે. એ ભાવભાસનમાં જે સ્વભાવના સંસ્કાર પડ્યા એ અનંતકાળ નહિ ખસે. ખસવાનો તો સવાલ જ નથી. એ જે સ્વભાવનું બીજ રોપાણું ભાવભાસનમાં, બીજજ્ઞાન એને કીધું એટલા માટે. એમાંથી વડલો થઈ અને કેવળજ્ઞાન પ્રગટ થશે. ભૂંસાવાનો તો પ્રશ્ન જ નથી. કેવળજ્ઞાનનો વડલો થશે એમાંથી - એ બીજમાંથી.

જીવનું પોતાનું એક કુદરતી સ્વરૂપ એવું છે કે એ જોવે તો જ માને અને નહિતર કોઈનું ન માને. હજારવાર કાન પકડાવો કે સુખ આત્મામાં છે... સુખ આત્મામાં છે... બે કાન પકડીને કહે કે સુખ આત્મામાં છે! પણ જોયા વિના માને એવો નથી. આમ છે. અને એને નજરે દેખાય પછી એને કોઈ ફેરવી શકે નહિ. પછી કોઈ પુદ્ગલ ગમે તેવી પર્યાય કરીને સામે આવે, પછી જગતના પુદ્ગલો ગમે તેવી પર્યાય કરીને સામે આવે, એમાં એને સુખ ભાસે નહિ. આખો નિશ્ચય ફરી ગયો. પુદ્ગલ પર્યાયમાં સુખ ભાસતું હતું એ આત્મસ્વરૂપમાં સુખ ભાસ્યું. એટલે પુદ્ગલ પર્યાયમાં સુખનું ભાવભાસન ખતમ થઈ ગયું. ખલાસ થઈ ગયું. એ નિશ્ચય બદલાઈ ગયો. પછી કોઈ પુદ્ગલ પર્યાયમાં એને સુખ ભાસે નહિ. એ સુખબુદ્ધિ ગઈ. ત્યારથી પરમાં સુખબુદ્ધિ ગઈ. સ્વરૂપમાં સુખબુદ્ધિ થઈ અને પરમાં સુખબુદ્ધિ ગઈ.

મુમુક્ષુ :- રાગમાં હુંપણાનો અનુભવપૂર્વક અને અવલંબનપૂર્વક (જીવ) વિકલ્પ કરે છે કે હું જ્ઞાનસ્વભાવી છું. પરિણમન આખું ઊંધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પરિણનમાં કાંઈ આત્માનું હિત થાય એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- એટલા માટે વ્યાપકતાનો અભ્યાસ હોવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો! વ્યાપકતાનો અભ્યાસ. વ્યાપકતાને જોવી, વ્યાપકતાને જોતા-જોતા વેદકતા જોવાશે. વેદકતા જોવાશે તો પ્રત્યક્ષતા જોવાશે, આવી જશે. આ બહુ ઠોસ વાત છે આ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વેદકતાના ભાવનો જે અર્થ કરી નાખ્યો છે, એ સીમિત કરી રાખ્યો છે. પુદ્ગલના જે કાંઈ ભાવો છે એનું વેદકપણું એટલું સીમિત કરી નાખ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- ના એનો અભ્યાસ જ એ છેને! અભ્યાસ જ એ છે કે મેં ખાધું, મને ગળ્યું લાગ્યું. મને આ પંખાની હવા ઠંડી લાગી, પંખો ન હોય તો મને ગરમી લાગી. એ જે લાગ્યું... લાગ્યું... લાગ્યું... એવું દઢ થઈ ગયું છે કે એમાં આત્માનું જ્ઞાનવેદન એને લાગે એવી જગ્યા રહી નથી.

મુમુક્ષુ :- અને આ આખો વિષય જ જુદો છે.

પૂજ્ય ભાઈશ્રી :- સાવ ઊલટો વિષય છે. એ કહે છે કે, તને લાગતું જ નથી. જ્ઞાની એમ કહે છે કે તને લાગતું-ફાગતું કાંઈ છે નહિ, તને જણાય છે. તને અમથો-અમથો પરપ્રવેશભાવ થઈ ગયો છે. તારામાં પરપ્રવેશ નથી. તને એમ થાય છે કે મારામાં પ્રવેશે છે. ગળ્યો રસ જીભ વાટે જાણે અંદર ઊતરતો હોય એવું એને લાગે છે. એટલે જોવે ત્યાં ગોળ-ગોળ અને પાણી-પાણી થવા માંડે છે. જુએ ને વાત સાંભળે ત્યાં પાણી આવવા માંડે મોઢામાં.

નાના છોકરા હોયને એ કાતરા બહુ ખાય. કેવા? ખાટા. બહુ ખાટા કાતરા હોય એ કાતરા ખાય. એ કાતરાની વાત આવેને ત્યાં એના મોઢામાં પાણી આવવા માંડે. બહુ મીઠાશથી ખાતા હોય. વાતમાં કાંઈ માલ નથી. એ ખાય ત્યારે અંદર એને જણાય છે કે એ અડતું-બડતું નથી. કલ્પના એવી ચીજ છે. કલ્પનાથી માણસ પાગલ થાય છે. ગાંડા માણસો છે એમાં બીજું કાંઈ નથી, દૃઢ કરેલી કલ્પના છે. દૃઢ કરેલી કલ્પના છે. ક્યાંનું ક્યાં જાય? એવું છે. કે ઊંધી દશા કેળવાય ત્યારે એવું થાય અને સવળી કેળવાય ત્યારે ત્રણલોકનો નાથ થાય. ઊંધો પડે ત્યારે નિગોદમાં જાય, સવળો પડે ત્યારે સિદ્ધાલયમાં જાય. જીવ તો જીવ છે. દશામાં ફેરફાર એ દીશાના ફેરફાર છે.

**'૧૧ અંગનું જ્ઞાન કર્યું એમાં બધું જાણ્યું પણ અંતર આત્માને ગ્રહણ ન કર્યો..'** એટલે ઓળખ્યો નહિ. જાણ્યું બધું, સમજ્યો બધું, દેખત રીતે જુઓ તો સમજણમાં કાંઈ ભૂલ નહિ. સમજણમાં કાંઈ ભૂલ નહિ. બધી અપેક્ષાઓ, બધી વિવિક્ષાઓ, બારીકમાં બારીક અપેક્ષાઓ અને વિવિક્ષાઓ સંતુલન આમ હોય અને અસંતુલન આમ હોય બધું સમજાય. ભગવાન કહે છે કે એનું જ્ઞાન સ્થૂળ છે. શું કહે છે? ભગવાન કહે છે એનું જ્ઞાન સ્થૂળ છે.

તને તારો સ્વભાવ કેમ ગ્રહણ ન થયો? ગ્રહણ કરવાની વાત છે, વિચારવાની વાત નથી. ગ્રહણ કરવું.. ગ્રહણ કરવું... ચાલ્યું આવે છે જુઓ! કેટલો મર્મ છે એની અંદર! **'એટલે ઉપયોગ સ્થૂલ છે.'** અગિયાર અંગની ઝીણામાં ઝીણી વાત સમજ્યો હોય તોપણ ઉપયોગ સ્થૂળ છે. કેમકે તારા આત્માની વાત આવી ત્યારે તે તારા આત્માને ગ્રહણ કેમ ન કર્યો? એને પારકો રાખ્યો? બોલે છે એમ. વિકલ્પ એમ કરે છે કે, હું આત્મા છું જ્ઞાનસ્વરૂપી અને અંદરમાં બીજી વાત! બહારમાં બીજી વાત અને અંદરમાં બીજી વાત એનું નામ માયા. માયા તો મિથ્યાત્વની પ્રકૃતિ છેને? એનું નામ મિથ્યાત્વ. મિથ્યાત્વ માયાની પ્રકૃતિ. એટલે આડો ભાવ થયો. આડો થયો એટલે આડો થાશે.

સીધું લે કે જ્ઞાનના આધારે, ઉપયોગના આધારે વિકલ્પના સદ્ભાવમાં પણ વિકલ્પની આડ વગર, વિકલ્પને એકકોર રાખીને, ગૌણ કરીને સીધે સીધું જ્ઞાનને આધારે જ્ઞાનસ્વભાવને

ઓળખ અને એના માટે પહેલેથી તું અવલોકનની પ્રૅક્ટિસ કર. સતત અવલોકનની પ્રૅક્ટિસ પછી એ ઓળખાણનો તબક્કો આવે. અને સતત અવલોકન પૂર્ણતાના લક્ષપૂર્વકની ભાવના અને પ્રયોજનની તીક્ષ્ણ દૃષ્ટિ અને તે ભૂમિકાને યોગ્ય ઉદાસીનતા એ વગર ચાલે નહિ. અને એ લક્ષ છે એ વેદના વિના બંધાય નહિ. કેમકે અંતઃકરણની શુદ્ધિ નથી. અંતઃકરણની શુદ્ધિ નથી.

વેદના તીવ્ર આવે છે એટલે પરિણતિ બદલાય છે. ઉપર ઉપરની વેદનાથી પરિણતિ નથી બદલાતી. તીવ્ર વેદના આવે ત્યારે પરિણતિ બદલાય છે, ત્યારે અંતઃકરણની શુદ્ધિ થાય અને લક્ષ બંધાય તો એનો અવલોકનનો ફોર્સ આવે, એ સતત ચાલે. ફોર્સમાં અવલોકન ચાલે તો સતત ચાલે. એનો ફોર્સ તૂટે નહિ. ઉદય તો બધા આવશે. અવલોકન ચાલે તો પરખ આવે. અવલોકનની પ્રૅક્ટિસ વગર પરખ આવે નહિ.

'**બાહ્ય શ્રુતજ્ઞાનમાં ભલે દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા,...**' અગિયાર અંગના જ્ઞાનમાં તો શ્રુતજ્ઞાનની અંદર દ્રવ્ય-ગુણ-પર્યાય બધા જાણ્યા. એના ધર્મો પણ જાણ્યા, દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા, દ્રવ્યના ધર્મો જાણ્યા, ગુણના ધર્મો જાણ્યા અને પર્યાયના ધર્મો પણ જાણ્યા. ધર્મ એટલે એના કેરેક્ટર. '**બધું જાણ્યું ખરું,..**' જાણ્યું બધું. પણ '**હું આ ચૈતન્ય છું,..**' એમ પ્રત્યક્ષ. '**હું આ ચૈતન્ય છું એમ ગ્રહણ ન કર્યું એટલે ઉપયોગ સ્થૂલ છે.**' હું આ ચૈતન્ય છું એમ ગ્રહણ કરવામાં એને કાંઈક આડું આવે છે. સમજાય છે તોપણ ગ્રહણ થતું નથી માટે કાંઈક આડું આવે છે.

ફરીથી. સમજાય છે શું? આમાં શું આંટીઘૂંટી છે, સાદી સીધી વાત છે કે હું આ ચૈતન્યસ્વરૂપે છું. હું છું તો બધું જ છું. હું કાંઈ ગેરહાજર છું કે ભાગી ગયો છું, ખોવાઈ ગયો છું કાંઈ છે નહિ. હું તો છું જ. હું તો છું જ. મારી હયાતી તો ચોક્કસ છે. પણ ચૈતન્યસ્વરૂપે મારી હયાતી છે, આ ચૈતન્ય છે તે હું છું એવી સીધી સાદી વાત કેમ ગ્રહણ થતી નથી? કાંઈક આડું આવે છે?

મુમુક્ષુ :- ભાઈશ્રી! હું જાણું જ છું એમાં સંતોષાઈ છે અથવા એની માયા છે એ આડું આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ છે કે ખરેખર તો જે રીતે કામ કરવું જોઈએ એ રીતે કામ કરે નહિ. અને સીધેસીધું હું આ ચૈતન્ય છું એમ ગ્રહણ કરવા માટે વિકલ્પ કરે કે રટણ કરે કે ચિંતન કરે કે મનન કરે તો એ કોઈ કાર્યપદ્ધતિ નથી અને એ રીતે કામ થાય નહિ. એ તો લોટમાં પાણી નાખીને રોટલી લેવાની વાત છે. એ તો લોટ લોટ રહ્યો છે અને પાણી પાણી રહ્યું છે. ભળ્યું જ નથી. એ તો એને ગુંદે ત્યારે એની ચીકાશ ઉત્પન્ન થાયને? ગોરણું થવાની, રોટલી વણવાની. અહીં તો લોટ પડ્યો

હતો થાળીમાં અને એમાં પાણી નાખી દીધું. એ રોટલી કેવી રીતે થાય? એમ સીધું શાસ્ત્ર હાથમાં લીધું અને આત્માનું સ્વરૂપ જાણ્યું અને જાણ્યું એ રીતે ચિંતન કરવા માંડ્યો, રટણ કરવા માંડ્યો, મનન કરવા માંડ્યો, ધ્યાન કરવા માંડ્યો, દશાને કેળવ્યા વિના કાંઈ પત્તો લાગે એવું નથી. એવી વાત છે.

મુનિઓને જુઓ ક્ષણે ક્ષણે સ્વાનુભવ વગર વિકલ્પે આવે છે. નિર્વિકલ્પતાનો વિકલ્પ કરવો પડતો નથી. એ તો જ્ઞાનીને નથી કરવો પડતો. એમ જ આવે છે. સહજ જ આવે છે. પણ મુનિને તો ક્ષણે ક્ષણે આવે છે. એટલે વિકલ્પ કરવાની જગ્યા પણ નથી એને તો. ટાઈમ પણ નથી. એમ કેમ થયું? દશા કેળવાઈ ગઈ છે. એવી દશા કેળવાઈ ગઈ છે એટલે એમ થઈ જાય છે. કરવું પડતું નથી. એમ થઈ જાય છે. એવી દશા કેળવાઈ ગઈ છે. એટલે આ તો બધું દશાની કેળવણીનો વિષય છે એટલે સહજદશા ઉત્પન્ન થાય. એવો સહજતાનો, વસ્તુ સહજ અને એની સ્વભાવદશા પણ સહજ. ત્યારે એ બંનેનો મેળ ખાય. નહિતર તો મેળ ન રહે. કુમેળ છે. કૃત્રિમ વિકલ્પ અને વસ્તુ સહજ એ તો એને મેળ જ નથી.

મુમુક્ષુ :- આડે આવે છે તો શું આડે આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- વહ પરકો વેદતા હૈ ન! આડે વહ આતા હૈ. મુઝે વહ લગા, વહ લગા, મીઠા લગા, કડવા લગા, ઠંડા લગા, ગરમ લગા. વહ આડે આતા હૈ.

આમાં શું છે કે અંશે વેદીને જાણે છે. અનુભવાંશે પ્રતીતિ. કૃપાળુદેવે શું લીધું? ૭૫૧માં. સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. એટલે વેદનપૂર્વક ભાવભાસન આવ્યું. તો ઓલું પરવેદનમાંથી ખસે ત્યારે આ વેદનમાં આવેને? એટલે એને જે નડે છે એ શું છે? એટલે અનુભવપ્રકાશમાં એમ કહ્યું. આ બધું co-ordination કરવું પડે. કે જીવનો પરપ્રવેશભાવ એના સ્વસંવેદનને રોકે છે. કોણ રોકે છે? પરપ્રવેશભાવ એટલે પરવેદન છે એ સ્વસંવેદનને રોકે છે. શરીરમાં અશાતા થઈ, દુઃખાવો થયો, મને થયો, મને- એમ વેદવા માંડ્યો, અશાતામાં પોતાને વેદવા માંડ્યો. મને દુઃખે છે.. મને દુઃખે છે... મને દુઃખે છે... મને દુઃખે છે... એ સ્વસંવેદનને રોકે છે. તું પરને વેદે છો એ તારા સ્વસંવેદનને રોકે છો. એટલે ૯૧૩માં કૃપાળુદેવે કહ્યું જ્યારે તને વેદના ઊપડે ત્યારે પ્રયોગ કર! એ વેદનની સત્તા, અશાતાના વેદનની સત્તા જ્ઞાન વેદનમાં નથી અને જ્ઞાનના સ્વસંવેદનમાં અશાતાના વેદનની સત્તા નથી. એટલે તો એમાં વાત ઉપાડી છે એમણે. વિશેષ લઈશું. સારો બોલ આવ્યો છે.

**તા. ૧૦-૭-૧૯૯૭, પ્રશ્ન- ૧૯૯**
**પ્રવચન નં. ૧૪૫**

સ્વાનુભૂતિદર્શન. પેજ-૧૩૦. ૧૯૯ પ્રશ્ન હૈ. કલ થોડા ચલા હૈ. ફીરસે લેંગે થોડા. પ્રશ્ન વહ કિયા હૈ કિ, કિસી જીવકો ગ્યારહ અંગકા જ્ઞાન હોતા હૈ ફીર ભી ઉસકો સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન નહીં હૈ. બુદ્ધિકા ક્ષયોપશમ બહુત હૈ, ગ્યારહ અંગ તક કા જ્ઞાન કરતા હૈ શાસ્ત્ર પઢકર. ઔર ઉસકો સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન નહીં હૈ તો ઉસકા સ્થૂલ ઉપયોગ કહાઁ હૈ? સ્થૂલ ઉપયોગ માને મોટી બુદ્ધિ. સ્થૂલ ઉપયોગ માને મોટી બુદ્ધિવાલા બોલા હૈ. ઔર ઉસકો બુદ્ધિ તો જ્યાદા નહીં હૈ, પરંતુ જિસકે ઉપયોગને ચૈતન્ય સ્વભાવકો ગ્રહણ કર લિયા ઉસકો સૂક્ષ્મ ઉપયોગ કહા હૈ, તો ઈસકા ક્યા કારણ હૈ? મતલબ વહ હૈ કિ, સ્થૂલ ઉપયોગકા સ્વરૂપ ક્યા હૈ? સૂક્ષ્મ ઉપયોગકા સ્વરૂપ ક્યા હૈ? ઉપયોગ માને જ્ઞાન.

ઉસપર એક વિચાર આયા થા, કિ આત્મામેં સૂક્ષ્મત્વ નામકા ગુણ હૈ. ઈસલિયે આત્મા બહુત સૂક્ષ્મસ્વરૂપી હૈ. જ્ઞાન નામકે ગુણસે આત્મા જ્ઞાનસ્વરૂપી હૈ, દર્શનગુણસે આત્મા દર્શનસ્વરૂપી છે. વૈસે હી સૂક્ષ્મગુણસે આત્મા સૂક્ષ્મસ્વરૂપી હૈ. સ્વરૂપસે હી સૂક્ષ્મ હૈ ઔર સૂક્ષ્મ જ્ઞાન હી ઉસકો ગ્રહણ કર સકતા હૈ યા પકડ સકતા હૈ. સ્થૂલ જ્ઞાન ઉસકો ગ્રહણ કર સકતા નહીં હૈ. યહ વસ્તુસ્થિતિ હૈ.

અબ પરિસ્થિતિ ભી વહ હૈ કિ, જીવકે જો પરિણામ પરદ્રવ્યકે પ્રતિ આકર્ષિત હોતે હૈં, પંચેન્દ્રિયકે વિષય ખાસકર હોતે હૈં - રૂપ, રસ, ગંધ, વર્ણ, શબ્દ. તો ઉસમેં સુખબુદ્ધિકે કારણસે જીવકે પરિણામ લગતે હૈં. સુખાભાસ હોતા હૈ, સુખકા અભિપ્રાય હૈ, પરિણામ વહાઁ દોડતે હૈં, લગ જાતે હૈં. ચાહે - નહીં ચાહે, સુખબુદ્ધિસે પરિણામ વહીં લગેગા. પરિસ્થિતિ ક્યા હોતી હૈ? કિ અપના પરિણામ પરપદાર્થકા સેવન કરતા હૈ તો વહ પરિણામમેં હાનિ હોતી હૈ? કિસ પ્રકારકી હાનિ હોતી હૈ? કિ સુખકી ભી હાનિ હોતી હૈ ઔર જ્ઞાનકી ભી હાનિ હોતી હૈ.

જૈસે પંચેન્દ્રિયમેં સે ચાર ઈન્દ્રિય હો જાયેગા કોઈ, કોઈ તીન ઈન્દ્રિયવાલા હો જાયેગા, કોઈ દો ઈન્દ્રિયવાલા હો જાયે, કોઈ એકેન્દ્રિય ભી હો જાયેગા. તો જ્ઞાનકી ભી હાનિ હુઈ ઔર સુખકી ભી હાનિ હુઈ. ક્યોં? કિ અપને પરિણામ હૈ વહ પરદ્રવ્યમેં લગે રહે ઈસલિયે. અબ સિદ્ધાંત યા વિજ્ઞાન ઐસા હૈ કિ જો પરિણામ અપનેમેં લગે

તો જ્ઞાન ઔર સુખ બઢતા જાયેગા. કહાઁ તક બઢેગા? કિ કેવલજ્ઞાન હો જાયેગા ઔર પરમાનંદકી પ્રાપ્તિ હો જાયેગી, અગર પરિણામ અપનેમેં લગા રહા તો. બાત વહ હુઈ કિ પરિણામ અપનેમેં લગનેસે અપનેકો જ્ઞાન ઔર સુખકી પ્રાપ્તિ હૈ. જ્ઞાન ઔર સુખ ભીતરમેં સે આતા હૈ. વહ શક્તિરૂપ હૈ, ઉસકા વિકાસ હોતા હૈ પર્યાયમેં, પરિણમનમેં. અગર હમારે પરિણામ પરદ્રવ્યકે પ્રતિ લગતે હૈં તો વહ સિકુડ જાતે હૈં. ઉસપર આવરણ આ જાતા હૈ ઔર વહ હાનિકો પ્રાપ્ત હો જાતા હૈ. યહ વસ્તુસ્થિતિ ઐસી હૈ.

તો ક્યા કહા? કિ **'ચૈતન્યતત્ત્વકો ગ્રહણ નહીં કિયા,..'** માને અપનેમેં પરિણામ નહીં લગાયે ઈસલિયે જો સૂક્ષ્મ ગુણ થા ઉસકા વિપરીત પરિણમન સ્થૂલતામેં આયા. તો ઉપયોગ સ્થૂલ હો ગયા. જાડી બુદ્ધિ હો ગઈ. જૈસે રાસ્તેમેં ગાય, બૈલ ખડે રહ જાતે હૈં. ઈતના ટ્રાફિક હૈ તો ઉનકો ખ્યાલ નહીં રહતા હૈ કિ મુજે કોઈ ટક્કર લગ જાયેગી, મુજે લગ જાયેગા, મુજે યહાઁ બીચમેં નહીં ખડા રહના ચાહિયે. મુજે રાસ્તેકે બીચમેં નહીં રહના ચાહિયે. બૈઠના નહીં ચાહિયે, ખડા નહીં રહના ચાહિયે. વહ તો બૈઠ જાયેગા, ખડા રહ જાયેગા, કુછ ભી હો જાયેગા. તો ઉસકે અપને સુખ-દુઃખકે વિષયકા જો પ્રયોજન હૈ વહ પ્રયોજનમેં ઉસકી બુદ્ધિ મોટી હો જાતી હૈ.

પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય મનવાલા પ્રાણી હૈ તો ભી, મનુષ્યગતિ સે છૂટકર પશુ તિર્યંચગતિમેં ચલા ગયા, પશુ હો ગયા. તો ઉસકી બુદ્ધિ મોટી હો જાયેગી. ફિર પરદ્રવ્યકા ઔર સેવન કરનેસે ચાર ઈન્દ્રિય હો જાયે, તીન ઈન્દ્રિય હોય જાયે, દો ઈન્દ્રિય હો જાયે, એકેન્દ્રિય હો જાયે, કુછભી હો જાયેગા. ઈસલિયે જ્ઞાનીઓને યહ કહા કિ, તુમ અપનેમેં ઉપયોગ લગાવો, પરિણામ અપનેમેં લગાવો. જ્ઞાન હૈ વહ નેતા હૈ, જ્ઞાન અપનેમેં લગતા હૈ, તો સભી પરિણામ અપનેમેં લગને લગ જાતે હૈં. ક્યોંકિ સભી પરિણામ જ્ઞાનકે પીછે-પીછે ચલતે હૈં, જૈસે નેતાકે પીછે-પીછે સબ લોગ ચલતે હૈં, વૈસે જ્ઞાનકે પીછે-પીછે સબ પરિણામ ચલતે હૈં. ઈસલિયે બાત ઉપયોગસે કરતે હૈં. તો ઉપયોગ અપનેમેં નહીં લગાયા ઈસલિયે વહ સ્થૂલ હૈ. **'યદિ અપને ચૈતન્યતત્ત્વકો ગ્રહણ કરે તો ઉપયોગ સૂક્ષ્મ હૈ..'** યા ચૈતન્ય તત્ત્વ સૂક્ષ્મ હૈ તો ઉસકો ગ્રહણ કરનેવાલા ઉપયોગ ભી સૂક્ષ્મ હી હોતા હૈ. સૂક્ષ્મ ચીજ સૂક્ષ્મતાસે હી ગ્રહણ કી જાતી હૈ.

જૈસે હીરા હૈ ઉસકો પકડનેકે લિયે સમાણી ચાહિયે. હિન્દીમેં ઉસકો ક્યા ચીમટી બોલતે હૈં? પતલા fine pointed ઔર તપેલી જો હૈ ઉસકો પકડનેકે લિયે સાણસી ચાહિયે. સઁડસી બોલતે હૈં. વહ કામમેં નહીં આયેગી. ઔર સર્પ પકડનેકે લિયે બડા સાણસા ચાહિયે, ઉસસે હીરા નહીં પકડા જાતા. તો સૂક્ષ્મ ચીજ પકડનેકે લિયે સૂક્ષ્મ ઉપયોગ ચાહિયે. સિદ્ધાંત વહ હો ગયા. ગ્યારહ અંગ પઢનેવાલેને ઉપયોગ કહાઁ લગાયા?

શાસ્ત્રમેં લગાયા.

સિદ્ધાંત ક્યા હુઆ? કિ પંચેન્દ્રિયકા જો વિષય હૈ વહ તો પાપકા પરિણામ હૈ. લેકિન શાસ્ત્રમેં ઉપયોગ લગાના વહ કોઈ પાપકે પરિણામ તો નહીં હૈ. ફીર ભી ઉસમેં સામાન્ય બાત કહાઁ-કહાઁ રહી? કિ જો પંચેન્દ્રિયકે વિષય હૈ વહ ભી પરદ્રવ્ય હૈ ઔર શાસ્ત્ર ભી પરદ્રવ્ય હૈ, તો પરદ્રવ્યકે પ્રતિ જો પરિણામ ચલતા હૈ ઉસકી દિશા પરસન્મુખ રહતી હૈ. ઉસકે પરિણામ ભીતરમેં તો, અંતર્મુખ આત્મામેં તો રહેગેં નહીં. તો બિના સમજે કોઈ ઐસા અભિપ્રાય રખકરકે કિ જિનશાસ્ત્રકા હમ ખૂબ અધ્યયન કરે, ગ્યારહ અંગ તક કર લે ઔર પરિણામ અંતર્મુખ કરનેકા કોઈ પ્રયાસ યા પુરુષાર્થ નહીં ચલે તો ઉસકા ઉપયોગ સ્થૂલ હૈ. ઉસકો આત્મસુખકા લાભ નહીં મિલતા. આત્મિક સુખ નહીં મિલેગા ઉસકો.

પ્રયોજન સુખકા હૈ, જ્ઞાનકા નહીં હૈ. પ્રયોજન કિસકા હૈ? સુખકા હૈ! કમ જાને-જ્યાદા જાને, ઈસકા મતલબ નહીં હૈ. સુખ હોના - વહી સભી જીવોંકા પ્રયોજન હૈ, ઔર સારા ઉપદેશ જો હૈ ઔર સિદ્ધાંત હૈ તો ઉસીકો કેન્દ્રસ્થાનમેં રખકરકે - સુખકે મુદ્દેકો કેન્દ્રસ્થાનમેં રખકરકે હી ચલા હૈ. જો જીવ ઈસ સુખકે પ્રયોજનમેં પક્કા હૈ. ક્યા? વહ ઈસ લાઈનમેં બઢિયાસે બઢિયા કામ કરેગા. પ્રયોજનકે પક્કે દષ્ટિકોણવાલે જીવકા યહ કામ હૈ. વહ સંસારમેં જાયેગા તો ભી અપને પ્રયોજનકે પીછે ઈતના લગેગા કિ, ઉસમેં તરક્કી કરેગા. ઔર તરક્કી કરકે બાદમેં ભલે હી દુર્ગતિમેં ચલા જાયે, વહ ભી દૂસરી બાત હો ગઈ. લેકિન વહ ઉસકે પીછે જાયેગા.

વહી જીવ, અગર પ્રયોજનકી દષ્ટિવાલા વહી જીવ પરમાર્થિક માર્ગમેં આ જાયેગા તો બહુત બઢિયા કામ કર જાયેગા. બહુત બડા કામ કર જાયેગા. યહ સુખકા જો પ્રયોજન હૈ વહ બાત જિસકો સમજમેં આતી હૈ, વહ ઉસકે પીછે લગ જાતા હૈ. ચાહે વહ જૈન હો, ચાહે અજૈન હો. જૈનધર્મમેં અજૈન લોગ ક્યોં આતે હૈં? કિ જિસકો યહ બાત સમજમેં આયી, કિ જૈન હૈ વહ કોઈ જાતિ નહીં, કોઈ સંપ્રદાયકા વહાઁ વિષય નહીં હૈ. યહ તો એક આત્મા જો જિન હૈ સો આત્મા હૈ, જિન માને આત્મા.

બનારસીદાસજીને ગાયા હૈ. 'ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન.' સબ અંદરમેં તો જૈન હી હૈ. એક આત્મા હી હૈ. અંદરમેં તો સબ આત્મા હી હૈ.

'ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન,
મત મદિરા કે પાન સે મતવાલા સમજે ન.'

જિસને મત મદિરા પિયા કિ યહ મેરા સંપ્રદાય હૈ... યહ મેરા સંપ્રદાય હૈ... યહ મેરા સંપ્રદાય હૈ... યહ બાત વહ નહીં સમજ પાયેગા. ચાહે જૈન હોગા તો ભી

નહીં સમજેગા, અજૈન હોગા તો ભી નહીં સમજેગા. ક્યોંકિ વહ સંપ્રદાય કે મતમેં આ ગયા. સંપ્રદાય બુદ્ધિવાલા યહ બાત નહીં સમજ સકતા. ક્યોંકિ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માકી દૃષ્ટિ વહ હૈ, કિ સબકો એક જાતિકા દેખતે હૈં, સભી આત્માકો એક જાતિકા દેખતે હૈં. યે વીતરાગ પરમાત્માકો ઐસા ભી નહીં હૈ કિ યહ મેરી ભક્તિ કરનેવાલા હૈ ઈસલિયે મેરા ભક્ત હૈ. ઔર જો મેરી ભક્તિ નહીં કરતા હૈ વહ મેરા નહીં હૈ. ઐસા મેરા-તેરા વીતરાગતામેં નહીં હોતા. વહ તો સભીકો એક દૃષ્ટિસે દેખતે હૈં. ઔર યોગ્યતા હૈ ઉનપર ઉનકા વિશેષરૂપસે ભાવ રહતા હૈ.

યોગ્યતા માને ક્યા? કિ જો અપને આત્મહિતકે કાર્યમેં આગે બઢતા હૈ, બઢા હૈ ઉનકો વહ સ્થાન દેતે હૈં. જૈસે ગૌતમસ્વામી બ્રાહ્મિન થે, જૈનકુલમેં પૈદા નહીં હુએ થે. લેકિન યોગ્યતા થી તો ઉનકો ગણધરપદ મિલા. બાકી તો ભગવાનકે સમવસરણકી સભામેં બહુતસે જૈની લોગ થે, વિદ્વાન થે, પંડિત થે, સમ્યગ્દૃષ્ટિ થે ઔર મુનિ ભી થે, આચાર્ય ભી થે (ફિર ભી) કિસીકો ગણધરપદ નહીં મીલા. ઉસ બ્રાહ્મિણકો મિલા. તો ભગવાન યોગ્યતાકો સ્થાન દેતે હૈં. ઔર ઉસમેં જૈન-અજૈન ઐસા કુછ નહીં દેખતે. આત્મા હૈ ઐસા દેખતે હૈં. વહ ભી એક આત્મા હૈ. ઉસકી યોગ્યતા અચ્છી હૈ, ઉસકો આગે બિઠાઓ. જિસકી યોગ્યતા અચ્છી હૈ ઉસકો આગે બિઠાઓ. યહ બાત હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સમ્યગ્દૃષ્ટિકા નિર્વિકલ્પ આનંદકા ઉપયોગ ઔર સવિકલ્પ આનંદકા ઉપયોગ ઉસમેં ક્યા ફર્ક હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉસમેં બુદ્ધિપૂર્વકકા રાગ પૈદા હો જાતા હૈ. તો ઉસમેં ફર્ક વહ હૈ કિ પુરુષાર્થકી કમી હુઈ. સિદ્ધાંત તો ઐસા હૈ કિ તીવ્ર પુરુષાર્થસે શુદ્ધોપયોગ ઔર મંદપુરુષાર્થસે શુભોપયોગ. શુભોપયોગમેં કબ આતા હૈ? શાસ્ત્ર, દયા, દાન, પૂજા, ભક્તિ (આદિમેં) પુરુષાર્થ મંદ હોતા હૈ. તીવ્ર પુરુષાર્થ હોતા હૈ તો નિર્વિકલ્પ શુદ્ધોપયોગ ધ્યાનમેં ઉપયોગ લગ જાતા હૈ. વહાઁ પુરુષાર્થકી ડિગ્રી કમી-બેસી સમજ લેના.

મુમુક્ષુ :- ઈસ શુભોપયોગકે અંદર હી સંવર-નિર્જરા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જિતની વીતરાગતા હૈ ઉતની સંવર-નિર્જરા હૈ. ક્યોંકિ સર્વથા વીતરાગતાકો છોડ નહીં દિયા. યા પરિણતિ વીતરાગતાકી જો સાધકદશા હૈ વહ છૂટી નહિ, વહ ચાલુ રહી.

મુમુક્ષુ :- ઉસકા અર્થ યહ હૈ કિ જો નિર્વિકલ્પદશા હૈ ઉસકો ઉપયોગ સૂક્ષ્મ હૈ અથવા જો બાહ્ય...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપયોગ ચૈતન્યકો ગ્રહણ કરતા વહ સૂક્ષ્મ હૈ, ઉપયોગ બાહર નિકલતા હૈ વહ સ્થૂલ હૈ.

મુમુક્ષુ :- ઉપયોગ દો તરહકે હો ગયે ન?

પૂજ્ય ભાઈશ્રી :- હો ગયે. સૂક્ષ્મ-સ્થૂલકા તો ભેદ વહાઁ ભી પડતા હૈ. ક્યોંકિ વિષય સૂક્ષ્મ હૈ તો ઉપયોગ સૂક્ષ્મ હોગા. જબ વિષય સૂક્ષ્મ હૈ તો ઉપયોગ સૂક્ષ્મ રહેગા. વિશેષ સ્થૂલ હૈ તો ઉપયોગ સ્થૂલ હો જાયેગા.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિકે ઉપયોગ કો શુદ્ધ ઉપયોગ બોલા ઔર મિથ્યાદૃષ્ટિકા જો ઉપયોગ...

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, વહ તો શુભભાવ હૈ તો શુભોપયોગ કહેંગે. અશુભભાવ હૈ તો, ઉપયોગ કે સાથ અશુભભાવ હૈ તો અશુભ ઉપયોગ કહેંગે. વહ તો સમ્યગ્દૃષ્ટિકો ભી શુભ ઉપયોગ ઔર અશુભ ઉપયોગ દોનોં હોતા હૈ. લેકિન વહાઁ પુરુષાર્થ મંદ હોતા હૈ. બાહર નિકલતા હૈ કબ? કિ પુરુષાર્થ મંદ હોતા હૈ તબ.

મુમુક્ષુ :- મુમુક્ષુને આ વાત શું ઉપયોગી?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુકો પરમાર્થ વહ લેના ચાહિયે કિ હમકો ભી અંદરમેં ઉપયોગ લગાના હૈ, બાહરમેં શુભમેં ઉપયોગ લગાનેસે હમકો કોઈ ફાયદા નહીં હૈ.

મુમુક્ષુ :- વહ તો બરાબર મગર મુમુક્ષુકા ઉપયોગ તો સ્થૂલ હૈ. ઉસકો શુભ ઉપયોગ બોલેગે ક્યા?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુકા ઉપયોગ સ્થૂલ હૈ. શુભભાવ હૈ તો શુભ ઉપયોગ હૈ, અશુભભાવ હૈ તો અશુભ ઉપયોગ હૈ.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિકે ઉપયોગકો ભી શુભ બોલતે હૈં, મિથ્યાદૃષ્ટિકે ભી ઉપયોગકો શુભ બોલતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ. જો ભાવ હૈ ઉસે હી બોલા જાયેગા. ક્યોંકિ ઉપયોગ હૈ. પરિણતિ ઉનકી, સમ્યગ્દૃષ્ટિકી પરિણતિ અલગ હૈ, મિથ્યાદૃષ્ટિકી પરિણતિ અલગ હૈ. સમ્યગ્દૃષ્ટિકી મોક્ષ પરિણતિ હૈ ઔર મિથ્યાદૃષ્ટિકી સંસાર પરિણતિ હૈ. ફર્ક વહાઁ હૈ. ઉપયોગ તો દોનોંકા શુભ-અશુભ હોતા હૈ, લેકિન પરિણતિમેં ફરક હૈ વહાઁ.

મુમુક્ષુ :- યોગસારમેં તો ઐસા બોલતે હૈં કિ જ્ઞાની પુણ્યકો ભી પાપ કહે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વહ અલગ બાત હૈ.

મુમુક્ષુ :- ઉસસે ક્યા લેના યહાઁ પર?

પૂજ્ય ભાઈશ્રી :- વહ જો બાત હૈ વહ અલગ બાત હો ગઈ. પુણ્યકો જો પાપ કહતે હૈં વહ તો ઇસલિયે કહતે હૈં કિ મેરા ઉપયોગ ક્યોં બાહર નિકલા? બાહર નિકલા તો મેરે સુખમેં હાનિ હુઈ, મેરી સાધનામેં હાનિ હુઈ. તો જો હમકો ચ્યુત કરાયે, હમારી સાધનાસે ચ્યુત કરાયે ઉનકો ઐસા હી નામ દે દેંગે. ઉનકો નામ ઘટિયા દે દેંગે, ઐસી

બાત હૈ. અશુભસે ભી સંસાર હોતા હૈ, શુભસે ભી સંસાર હોતા હૈ. તો દોનોંકા ફલ તો સંસાર હુઆ ન? ઈસલિયે ઉનકો તાત્ત્વિક દૃષ્ટિસે એક ક્વાલિટીમેં ડાલ દેતે હૈં. ક્યોંકિ ઉસકા ફલ એક હૈ. એક અધોગતિ હૈ, એક દેવ-મનુષ્યકી ગતિ હૈ, એકમેં તિર્યંચ-નરકકી ગતિ હૈ. લેકિન હૈ દોનોં સંસાર. તો સંસારકે કોમન ફેક્ટરકે હિસાબસે ઉનકો ભી પાપ બોલનેમેં આતા હૈ, અધ્યાત્મકે પ્રકરણમેં, તત્ત્વજ્ઞાનકે પ્રકરણમેં ઐસા બોલા જાતા હૈ. લેકિન વહ માલૂમ હૈ કિ દોનોંમેં ક્યા ફર્ક હૈ, વહ માલૂમ હૈ.

‘**ગ્યારહ અંગ કા જ્ઞાન કિયા ઉસમેં સબ જાના, કિન્તુ અંતરમેં આત્માકો ગ્રહણ નહીં કિયા ઈસલિયે ઉપયોગ સ્થૂલ હૈ.**’ યહાઁ તક કલ અપને ચલા થા. ઈસલિયે શાસ્ત્ર જ્ઞાનમેં આગે બઢના વહ જરૂરી નહીં હૈ, ઉપયોગકો અંતર્મુખ કરના વહ જરૂરી હૈ. બાત ક્યા આયી? કિ શાસ્ત્ર જ્ઞાનમેં આગે બઢના વહ ઉતના જરૂરી નહીં જિતના અંદરમેં ઉપયોગ લે જાના જરૂરી હૈ. ઔર શાસ્ત્ર જ્ઞાન ભી ઉપયોગકો અંદરમેં લે જાનેકે લિયે હૈ. શાસ્ત્ર પઢકરકે અગર હમ ઉપયોગકો અંદર નહીં લે જાતે, તો હમને શાસ્ત્રકી આજ્ઞાકા સ્વીકાર નહીં કિયા. જો શાસ્ત્રકી આજ્ઞા હૈ, વહ શાસ્ત્રમેં ભગવાનકી આજ્ઞા હૈ. ઉસકા સ્વીકાર હમને નહીં કિયા. તો ક્યા ફાયદા? ઐસી શાસ્ત્ર પઢાઈસે ક્યા ફાયદા હુઆ? કુછ નહીં હુઆ. વહ જો કહતે હૈં વૈસા નહીં કરતે તો વહ બાત સમજમેં લી, પઢી, નહિ પઢી, સબ એક-સા હી હો ગયા. ક્યા ફર્ક હુઆ ઉસમેં? કુછ નહીં.

મુમુક્ષુ :- દેશનાલબ્ધિની ઉપેક્ષા થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપેક્ષા હૈ. આજ્ઞાકી અવજ્ઞા કી. આજ્ઞાકી અવજ્ઞા કર દી!

‘**બાહ્ય શ્રુતજ્ઞાનમેં ભલે હી દ્રવ્ય-ગુણ-પર્યાય જાન લિયે, સબ જાના સહી, પરન્તુ ‘મૈં યહ ચૈતન્ય હૂં’ ઐસા ગ્રહણ નહીં કિયા...**’ વહાઁ તો વહ બાત થી કિ, તુમ અપને સ્વરૂપકો ગ્રહણ કરો. ઐસી આજ્ઞા થી. ક્યા આજ્ઞા થી? કિ તુમ અપને સ્વરૂપકો ગ્રહણ કરો. શુદ્ધ ચૈતન્ય એકમ અહમ્ અસ્મિ. સમયસારમેં વહ બાત સ્પષ્ટ હૈ. આચાર્ય મહારાજને સીધી આજ્ઞા કી હૈ. સીધી આજ્ઞા કી હૈ - direct. કિ તુમ ઈસ સિદ્ધાંતકા સેવન કરો. સિદ્ધાંત સિદ્ધતામ્. ઈસ સિદ્ધાંતકા તુમ સેવન કરો. ક્યા સિદ્ધાંત? કિ ‘અહં એક ચૈતન્યં અસ્તિ’. ‘મૈં એક ચૈતન્યસ્વરૂપી આત્મા હૂં’ - ઐસા ગ્રહણ કરો, અપને આપમેં ઐસા ગ્રહણ કરો. ઈસકા મતલબ ક્યા હુઆ? કિ મૈં ચૈતન્યસ્વરૂપી આત્મા હૂં, ઈસકા મતલબ કિ મૈં મનુષ્ય નહીં હૂં, મૈં ફલાના-ફલાના નહીં હૂં. વહ બાત ઉસમેં હૈ. અસ્તિમેં નાસ્તિ ગર્ભિત હૈ.

કિ, મૈં ફલાના હૂં, મૈં મનુષ્ય હૂં - વહ જો ગ્રહણ કિયા વહ છોડના પડતા હૈ. તબ આત્માકા ગ્રહણ હોતા હૈ, વરના નહીં હોતા. યહ પર્યાયબુદ્ધિ હૈ. જિસ કર્મજનિત

પર્યાયસે અવસ્થા ચલ રહી હૈ, મૈં ઈતના હી હૂં - તો પર્યાયબુદ્ધિ હો ગઈ. ક્યોંકિ અગર મૈં ઈતના હી હોતા તો હમેશા ઉતના હી રહતા. લેકિન મૈં પહલે ઐસા થા નહીં, બાદમેં ઐસા રહનેવાલા હૂં નહીં. યહ શરીરકા સંયોગ હુઆ હૈ, શરીરકા વિયોગ હોગા, મૈં આત્મારૂપ રહ જાઉંગા. મૈં આત્મા હૂં ઐસા મૈં ગ્રહણ નહીં કરતા હૂં તો મેરે પરિણામ ઉલટે ચલતે હૈં. અગર મૈં આત્મા હૂં ઐસે ગ્રહણ કરતા હૂં તો મેરે પરિણામ સુલટે ચલતે હૈં. યહ બાત હૈ.

'**વહ ઉપયોગ સ્વસમ્મુખ નહીં હુઆ...**' ઉસ ઉપયોગકો સ્વસન્મુખ નહીં કિયા. '**ઔર બાહર કા બાહર રહા...**' ક્યા? બાહરકા બાહર હી રહા. ભલે શાસ્ત્રમેં રહા. '**ઈસલિયે સ્થૂલ હૈ.**' કૈસા હૈ વહ? સ્થૂલ હૈ. ઔર '**જો ઉપયોગ ચૈતન્યકો...**' ચૈતન્ય માને સ્વસ્વરૂપકો ગ્રહણ કરે. વિચાર કરે નહીં (પરન્તુ) **'ગ્રહણ કરે,..'** અનુભવ કરે, **'વહી ઉપયોગ સૂક્ષ્મ હૈ.'** અપને ચૈતન્યસ્વરૂપકો ચૈતન્યસ્વરૂપસે ગ્રહણ કરના વહ ઉપયોગ સૂક્ષ્મ હોગા. ઔર વહ સહી હૈ, સમ્યક્ હૈ. ચૈતન્યસ્વરૂપકો ચૈતન્યસ્વરૂપરૂપ અનુભવ નહીં કરકે મનુષ્યકે રૂપમેં અનુભવ કરના યહ હમારા વિપર્યાસ હૈ. યહ વિપર્યાસ છુડાનેકે લિયે, ફિર ક્યા હૈ કિ મનુષ્યકે રૂપમેં ગ્રહણ કરકે ફિર મનુષ્યકે લાયક હમારા ક્યા-ક્યા કર્તવ્ય હૈ? વહ બાત આયેગી. ફિર હમને હમકો ગૃહસ્થી માના તો ગૃહસ્થકે લાયક હમારા ક્યા કર્તવ્ય હૈ? વહ બાત આયેગી. તો ગૃહસ્થીકે લાયક હમ જિતને ભી કામ કરેંગે ઉસકે ફલમેં હમ દુર્ગતિમેં ચલે જાયેંગે.

અબ યહ મૌકા મિલા હૈ કિ, હમ હમારે સ્વરૂપકો સહી સમજે ઔર હમારે પરિણામકી દિશા બદલે. અગર હમ હમારે પરિણામકો અંતર્મુખ કરતે હૈં તો હમારી પંચમગતિ હોગી, નિર્વાણપદકી પ્રાપ્તિ હોગી. વરના ચાર ગતિ હૈ. અબ બાત વહ રહી કિ ક્યા ઈસ પરિસ્થિતિમેં ઐસા હો સકતા હૈ ક્યા? યહ બાત આતી હૈ. તો દેખિયે કિ બહુતસે જ્ઞાની ઐસે હુએ કિ નહીં હુએ? બહુતસે ઐસે જ્ઞાની હુએ કિ જો બાહરમેં ગૃહસ્થ થે, સંસારી દિખતે થે; લેકિન આત્મકલ્યાણકા, આત્મજ્ઞાનકા, આત્મધ્યાનકા કાર્ય કરતે થે. હમારે બહુતસે પ્રસિદ્ધ જ્ઞાની હૈં. જૈસે ગુજરાતમેં હો તો ગુરુદેવ હુએ ઔર શ્રીમદ્ રાજચંદ્રજી હુએ ઔર બહેનશ્રી હુએ. હિન્દીભાષીમેં લે તો યહ સોગાનીજી હુએ, ટોડરમલજી હુએ, પંડિત જયચંદજી હુએ, બનારસીદાસજી હુએ, બુદ્ધજનજી હુએ, દૌલતરામજી હુએ. બહુત હુએ, દીપચંદજી કાસલીવાલ હુએ. તો યે સબ ગૃહસ્થમેં હી હુએ. ઉન્હોંને યહ કાર્યકા પ્રારંભ ગૃહસ્થીમેં કિયા. અબ વહ મોક્ષમાર્ગમેં આગે બઢેંગે. નીંવકા કામ હો ગયા ઈધર. એક ભવ, દો ભવ, ચાર ભવમેં વહ અપના કામ પૂરા કરકે નિર્વાણપદમેં ચલે જાયેંગે.

તો ઈસ ભૂમિકામેં જો કામ કરને લાયક હૈ તો વહ કામ હમ કર લે કમસે કમ.

ફિર આગેકા કામ તો બઢેગા, બઢેગા ઔર બઢેગા હી. ક્યોં? કિ ઈસ ભૂમિકામેં જબ આત્મજ્ઞાન પ્રાપ્ત હોતા હૈ તો સંસારકી જડ કટ જાતી હૈ. ક્યા હોતા હૈ? સંસારકી જડ કટ જાતી હૈ તો ફિર જો પત્તે હૈં વહ કહાઁ તક હરે રહેંગે? જિસકી જડ કટ ગઈ વહ પૂરા વૃક્ષ સૂખ જાનેવાલા હૈ. તો યહાઁ ગૃહસ્થમેં ભી સંસારમેં રહકરકે સંસારકી જડ કાટ દી, ઉસકા સંસાર ફલેગા-ફુલેગા નહીં. ઉસકા સંસાર સૂખ જાયેગા. ઉસકા સંસાર સૂખ જાયેગા ઔર ઉસકો યહાઁ વિશ્વાસ આ જાયેગા. અભી આ જાયેગા કિ અબ મેરા સંસાર લંબા ચલનેવાલા હૈ હી નહીં. વિશ્વાસ આ જાયેગા, પ્રતીતિ આ જાયેગી, ખાતરી હો જાયેગી કિ અબ મેરા સંસાર હૈ હી નહીં.

પહલે સંસાર તિરનેકી ફિક્ર હોતી હૈ, ચિંતા હોતી હૈ. ક્યા? સબસે પહલે પરિભ્રમણકી, સંસાર તિરનેકી ચિંતા હોતી હૈ ઔર જબ આગે બઢતા હૈ તો માલૂમ પડતા હૈ કિ અભી મેરા સંસાર રહેનેવાલા હૈ હી નહીં. સંસાર તો મેરો સૂખ ગયો, ફિકર ગઈ મોહે તરનનકી. તિરનેકી મેરી ફિકર ગઈ. યહ ભૂમિકા ગૃહસ્થદશામેં હી આ જાતી હૈ. મીરાંબાઈને ગાયા હૈ કિ નહીં ગાયા? મીરાંબાઈને વહી ગાયા હૈ. મેરા સંસાર તો સૂખ ગયા હૈ. પહલે તો મુઝે ભી તિરનેકી ફિકર થી અબ વહ ફિકર મેરી ચલી ગઈ. ઉનકો ગુરુ ઐસા મીલ ગયા થા. રહીદાસ નામકે ગુરુ મીલ ગયે થે. ભક્ત રહીદાસ. ઐસે ગુરુ મિલે કિ ઉનકો ગુરુચરનકી ઐસી લગી, ઉસકા સંસાર સૂખ ગયા ઔર તિરનેકી ફિકર ચલી ગઈ.

'**બાહરકા ચાહે જો જાના તથાપિ વૈસે ઉપયોગકો સ્થૂલ કહા જાતા હૈ,...**' કિતના ભી અંગપૂર્વકા શાસ્ત્ર જ્ઞાન હો.. ગ્યારહ અંગ નવપૂર્વ તક મિથ્યાદષ્ટિકો જ્ઞાન હો સકતા હૈ. અભવ્યકા ગ્યારહ અંગ હોતા ઔર મિથ્યાદષ્ટિકા ગ્યારહ અંગ નવપૂર્વકા હો સકતા હૈ. બારહ અંગમેં ચૌદહ પૂર્વ હૈ ઉસમેં નવપૂર્વ તક પઢ લિયા. ...

મુમુક્ષુ :- ગ્યારહ અંગ ચૌદપૂર્વકા હૈ તો ઉસકો હમ સૂક્ષ્મ ઉપયોગ કૈસે બોલેંગે?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યોંકિ વહાઁ ઉપયોગ અંતર્મુખ હોતા હૈ ઉસકો હી બારહ અંગકા જ્ઞાન હોતા હૈ.

મુમુક્ષુ :- અંતર્મુખ હોતા હૈ તબ સૂક્ષ્મ બોલે, જબ નહીં હોતા હૈ તબ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉસકો બારહ અંગકા જ્ઞાન હો હી નહીં સકતા.

મુમુક્ષુ :- મેરા પ્રશ્ન યે નહીં હૈ, મેરા પ્રશ્ન હૈ જબ સવિકલ્પદશામેં આ જાતા હૈ તબ?

પૂજ્ય ભાઈશ્રી :- કૌન?

મુમુક્ષુ :- જો ગ્યારહ અંગ ચૌદહપૂર્વકા પાઠી હૈ. વહ નિર્વિકલ્પ આનંદ હૈ તબ

તો ઉસકો સૂક્ષ્મ ઉપયોગ બરાબર, મગર સવિકલ્પ દશામેં આતા હૈ તબ?

પૂજ્ય ભાઈશ્રી :- તબ ભી ઉસકી પરિણતિ તો નહીં છૂટી ન!. ઉસકો નિર્વિકલ્પ, સવિકલ્પકી બરાબરીમેં સ્થૂલ ઉપયોગ હુઆ. લેકિન મિથ્યાદૃષ્ટિ જો સ્વરૂપકો ગ્રહણ નહીં કર સકતા હૈ ઐસા સ્થૂલ નહીં હૈ.

મુમુક્ષુ :- મેરા પ્રશ્ન પહલે યહી થા.

પૂજ્ય ભાઈશ્રી :- ઐસા સ્થૂલ નહીં હૈ. ક્યોંકિ વહ ફીર આ જાયેગા. પરિણતિમેં તો ગ્રહણ કિયા હૈ. ઉસકી જ્ઞાન પરિણતિમેં આત્મા હૈ, તો ઉસકા ઉપયોગ મિથ્યાદૃષ્ટિ જૈસા સ્થૂલ હૈ, વૈસા સ્થૂલ નહીં હૈ. ઐસા લેના. બાકી નિર્વિકલ્પ ઉપયોગ, સવિકલ્પ ઉપયોગમેં જો ફર્ક વહ તો ફર્ક હૈ હી.

ક્યા કહતે હૈં દેખો! '**બાહરકા ચાહે જો જાના તથાપિ વૈસે ઉપયોગકો સ્થૂલ કહા જાતા હૈ,...**' આશ્ચર્ય હો જાયે દૂસરેકો. ક્યા? કિતના જ્ઞાન હૈ! સમુદ્ર જૈસા જ્ઞાન હૈ ઈસકા તો. ઐસા લગે. ભગવાન કહતે હૈં કિ વહ સ્થૂલ ઉપયોગ હૈ. આત્માકો નહીં જાના તો ઉપયોગ સ્થૂલ હૈ. '**ક્યોંકિ સ્વયંકો ગ્રહણ નહીં કિયા.**' ક્યા બાકી રહ ગયા? કિ અપને સ્વરૂપકો ગ્રહણ નહીં કિયા. જ્ઞાનીકા વહ વજન હૈ કિ તુમ શાસ્ત્ર પઢતે હો, સ્વાધ્યાય કરતે હો, સત્સંગ કરતે હો, સ્વરૂપકો ગ્રહણ કરનેકા પ્રયાસ હૈ કિ નહીં હૈ? વહ દેખો. વહ સ્વરૂપ નહીં ગ્રહણ કિયા તો કુછ નહીં કિયા. અભી તો કિસીકા ઈતના અભ્યાસ હોતા હી નહીં હૈ. અભી જો બુદ્ધિવાલે લોગ હૈં, શાસ્ત્ર પઢતે હૈં, કિતને ભી વિદ્વાન હૈં, કિતને ભી પંડિત હો, વહ ગ્યારહ અંગકા જો શાસ્ત્ર પઢનેવાલા હૈ, ઉસકા એક લાખવાઁ હિસ્સા ભી નહીં હૈ. કિતના? એક લાખવાઁ હિસ્સા ભી નહીં હૈ. હજારવાઁ ભી નહીં. ઉતના વિસ્તારવાલા વહ જ્ઞાન હૈ ગ્યારહ અંગ તો. ફિર ભી જો ચૈતન્ય સ્વરૂપકો ગ્રહણ નહીં કરતા હૈ ઉસકા ઉપયોગ સ્થૂલ હૈ. સ્થૂલ હૈ મતલબ ઉસકી કોઈ વેલ્યુ મોક્ષમાર્ગમેં નહીં હૈ. મોક્ષમાર્ગમેં ઉસકા કોઈ સ્થાન હૈ હી નહીં.

આજ વહ ગ્યારહ અંગકા જ્ઞાન સ્મરણમેં રહા, કલ વિસ્મરણ હો જાયેગા. ઔર હમારા શાસ્ત્ર યહ બોલતા હૈ કિ પરિભ્રમણ કરનેવાલે જીવને યાને હમને, હમ ભી પરિભ્રમણ કર રહે હૈં. અનંત કાલમેં ગ્યારહઅંગકા જ્ઞાન અનંતબાર કિયા હૈ, લેકિન ભૂલ ગયે. અભી પતા હી નહીં હૈ હમકો, ક્યા-ક્યા પઢા થા કુછ પતા નહીં હૈ. ક્યોંકિ યહ સ્મૃતિ હૈ, ઔર સ્મરણ સ્મૃતિ-વિસ્મૃતિકે સાથ જુડા હુઆ હૈ. સ્મૃતિવાલા જ્ઞાન એક સંયોગ હૈ, જિસકા વિયોગ હો જાયેગા. જો સંયોગ ઔર વિયોગવાલી ચીજ હૈ, વહ આત્માકી મૂલસ્વભાવકી - સ્વરૂપકી ચીજ નહીં હૈ, વહ પરચીજ હૈ. વહ તો બાહરકી ચીજ હૈ, વહ આતી હૈ ઔર જાતી હૈ.

મેહમાન હૈ વહ મેહમાન હૈ ઔર ઘરકે હૈ વહ ઘરકે હૈ. મહેમાનકા કિતના ભી આદર કરે, સત્કાર કરે, ઘરવાલેકો નહીં ખિલાયે ઐસા-ઐસા બનાકર ખિલાયે, ફિર ભી મેહમાન હૈ વહ મેહમાન હૈ. ઔર મેહમાન ભી જાનતા હૈ કિ મેરે ઘરમેં જિતની સુવિધા મુઝે નહીં મિલતી હૈ ઉતની સુવિધા ઇધર મિલતી હૈ, લેકિન અપનત્વ હોતા નહીં હૈ. વહાઁ અપનત્વ હોતા હૈ, અપને ઘરમેં અપનાપન લગતા હૈ, ઇધર અપનત્વ હોતા નહીં હૈ. તો ઉસકો સુહાતા નહીં હૈ. વહ અપને ઘર જાના ચાહતા હૈ, જ્યાદા દિન રહના નહીં ચાહતા હૈ. ક્યોંકિ જિતના અપને ઘરમેં વહ ફ્રી હોતા હૈ, ઇતના મેહમાન બનકર ફ્રી રહ પાયેગા નહીં. ઉસકો મર્યાદામેં રહના પડતા હૈ, બંધનમેં રહતા હૈ, પિંજરમેં આતા હૈ. ચાહે પિંજર લોહેકા હો, ચાહે પિંજર સોનેકા હો, પિંજર તો પિંજર હૈ.

વચનો તો મળે છે અત્યારે. ગુરુદેવ બિરાજમાન હતા, પોતે પણ જ્ઞાની હતા, એમના વચનો તો મળતા હતા, પણ બીજું પડખું બાકી રહેતું હતું. એ ગૌણ થતું હતું. બાકી રહેતું હતું શા માટે? ગૌણ થતું હતું. એટલા માટે પ્રયોજનભૂત વાત કરી છે કે જ્ઞાનીના વચનો તો નિમિત્ત ખરા, ઠીક ખરા એ તો નિમિત્ત. એટલે એ હળવું કર્યું, પણ અંતરથી પોતાની તૈયારી કરવાની રહે છે. એ મુખ્ય કરાવ્યું. એટલે જરૂર લાગે એવી વાત કરે ને? કે તમારે અત્યારે શેની જરૂર છે? નહિતર સામાન્ય રીતે જ્ઞાનીના વચન ઉપર વજન વધારે દેવામાં આવે છે. કેમકે એનાથી પાત્રતા પ્રગટે છે અને જ્ઞાન પણ પ્રગટે છે. અહીંયાં આમ કહ્યું. કેમકે પોતે પ્રત્યક્ષ છે માટે એમ કહ્યું. જ્ઞાનીના વચનો મળવા છતાં પણ યોગ્યતામાં ફેર ન થાય એને એમ કહેવું પડે. એ સિવાય બીજો શું ઉપાય છે? નહિતર સંતોષાઈ જાય. નહિતર શું થાય? સંતોષાઈ જાય કે અમને તો જ્ઞાનીના વચનો મળે છે, અમને તો જ્ઞાનીના વચનો મળે છે. અમને તો દેશનાલબ્ધિ મળે છે.

મુમુક્ષુ :- જ્ઞાનીનું પરિણમન પણ જોઈએ છીએ, એવી ભ્રાંતિ પણ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણમન જોવે તો પરિણમન આવ્યા વિના રહે નહિ. કારણકે એ વાત તો પોતાના પરિણમનથી નક્કી થવી જોઈએ. એમ ને એમ વાતથી ન ચાલે. ખાલી વાત એમાં ન ચાલે. એટલે પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે. વચન મળે એટલે સંતોષાઈ જવું એમ નહિ. પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે.

મુમુક્ષુ :- પુરુષાર્થ ખુદકો કરના હૈ ઉસકો ભાઈશ્રી થોડા (ઔર સ્પષ્ટ કીજિયે.)

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કૃત્રિમતા નથી કરવાની ત્યાં. જ્ઞાનીના વચનોમાં અનેક પ્રકારની વિશેષતાઓ છે. એ તો ઘણું લાંબું પ્રકરણ છે. અનેક પ્રકારની જે વિશેષતાઓ છે એ પ્રકરણ તો વિસ્તારવાળું છે. પણ આપણે પુરુષાર્થના મુદ્દાને સ્પર્શીને વાત કરીએ, એ મુદ્દાને અડીને તો જ્ઞાનીના વચનો આત્માર્થપ્રેરક હોય છે અથવા આત્માનું હિત થાય એવા પુરુષાર્થપ્રેરક હોય છે, પોતે સ્વરૂપમાં જાગૃત હોવાને લીધે. બીજાને પણ અંતર જાગૃતિનું એ નિમિત્ત થાય છે. તો પ્રારંભનો પુરુષાર્થ છે એ જાગૃતિનો છે. પછી અંતર્મુખનો પુરુષાર્થ બીજા તબક્કે છે. પહેલા તબક્કે તો જાગૃતિનો પુરુષાર્થ છે.

મુમુક્ષુજીવને પરિણામની જેટલી જાગૃતિ એટલી મુમુક્ષુતા. મુમુક્ષુતાને માપવાના બે પડખાં છે અથવા બે થરમૉમિટર છે. એક તો જેટલી પોતાને આત્મકલ્યાણની ગરજ થાય એટલી મુમુક્ષુતા, એટલી આત્માર્થીતા. જેને ગરજ નથી એ શરત મૂકશે કે મને આટલી અનુકૂળતા હોય તો હું આગળ ચાલું, નહિતર મારી ગાડી આગળ નહિ ચાલે - એને ગરજ નથી. તો એને મુમુક્ષુતા નથી. અને જેને ગરજ છે એને પૂરી ગરજ આવે છે કે, મારે કોઈપણ ભોગે મારું આત્મકલ્યાણ કરવું છે. બસ! એમાં મારે હિસાબ-

કિતાબ કાંઈ લગાવવો નથી. એ એક.

બીજું, પરિણામ ઉપરની જેટલી અંતર જાગૃતિ, પહેલી ગરજ આવવી જોઈએ! પછી એ ગરજને લઈને જે ગ્રહણ થાય જ્ઞાનીના વચનોમાંથી પોતાને ભૂમિકાને લાયક, જે વાત ગ્રહણ થાય એના હિસાબે એને તે-તે પોતાના પરિણામોની અંદર જાગૃતિ આવે, એ પાત્રતાનું બીજું લક્ષણ છે. જેટલી જાગૃતિ વિશેષ એટલો ત્યાં પુરુષાર્થ છે એમ ગણવો. પછી એમાંથી સ્વરૂપની ઓળખાણ થાય ત્યારે સ્વરૂપ સન્મુખતાનો પુરુષાર્થ ચાલે, એટલે સ્વરૂપ પ્રત્યે જોરથી અહંભાવ આવે. સ્વરૂપ પ્રત્યે જોરથી અહંભાવ આવે. કે આ હું છું.. આ હું છું.. આ હું છું.. એમ. હું આવો છું.. હું આવો છું.. એમ જોર-જોરથી આવે. કેમકે પોતાનું સિદ્ધ સમાન સિદ્ધપદને જોયું છે. એટલે હું એવો જ છું! પરિણામ એથી વિરુદ્ધ ચાલે એની સામે આ જાગૃતિ આવે છે અને સ્વરૂપ સન્મુખતાનો પુરુષાર્થ ઉદયમાં પરિણામ જાય ત્યાંથી છટકી-છટકીને ઉપયોગ આ બાજુ આવે પાછો. એ પુરુષાર્થ છે. પછી એમાંથી જ્ઞાનદશા પ્રગટે ત્યારે જ્ઞાનદશાનો પુરુષાર્થ છે. આ બે મુમુક્ષુની ભૂમિકાના વિષય થયા. એ તૈયારી અને એ પુરુષાર્થ તો પોતાને હોવો ઘટે છે. કરવાનો રહે છે એનો અર્થ શું છે? કે પોતાને હોવો ઘટે છે. હોવો, સહજ હોવો ઘટે એને ઉપદેશની ભાષામાં કરવું જોઈએ, તું કર એમ કહેવામાં આવે છે. ત્યારે વાત સહજતાની સમજવી. એ ૨૦૩ થયો.

---

**પ્રશ્ન :– ભાવમાં એમ આવે છે કે હે ગુરુદેવ! અમે કાંઈ જાણતા નહોતા, આપે જ માર્ગ બતાવ્યો અને બીજી બાજુ એમ આવે છે કે કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી, તો શું સમજવું?**

**સમાધાન :– ગુરુદેવે કરી દીધું તેમ કહેવાય, પણ કરવું પોતાને પડે છે. અનંતકાળમાં પોતે પોતાના દોષથી રખડ્યો છે, ભગવાનને કે ગુરુને ઓળખ્યા નથી, મળ્યા તો પણ ઓળખ્યા નહિ. આ પંચમકાળમાં ગુરુ મળ્યા, તેમની વાણી મળી. તેને પોતે ગ્રહણ કરીને પુરુષાર્થ કરે તો જાગે છે. ગુરુદેવની વાણી તો બધાને માટે પ્રબળ નિમિત્ત છે, પણ તૈયારી પોતાને કરવાની રહે છે. ગુરુદેવનો તો ઉપકાર અમાપ છે, પણ પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે. ગુરુદેવ પણ એમ જ કહેતા કે તું કર તો થશે.**

**પોતાની સ્વાધીનતાથી થાય છે. તારું દ્રવ્ય સ્વતંત્ર છે, બધાં દ્રવ્ય સ્વતંત્ર છે. તું તારો પુરુષાર્થ કર, પણ પુરુષાર્થ કરનાર ગુરુનો ઉપકાર માન્યા વગર રહે નહિ. કરનારને ઉપકારબુદ્ધિ આવ્યા વિના રહેતી નથી. ૨૦૪.**

## પ્રશ્ન ૨૦૪ ઉપર પ્રવચન

૨૦૪. '**પ્રશ્ન :- ભાવમાં એમ આવે છે કે હે ગુરુદેવ! અમે કાંઈ જાણતા નહોતા, આપે જ માર્ગ બતાવ્યો...**' શું થયું? બહેનશ્રીના વચનોની સામે આ દલીલ છે. દલીલ એટલે કોઈ મુમુક્ષુ પોતાના ભાવ વ્યક્ત કરે છે કે આપે એમ કહ્યું કે જ્ઞાનીના વચનો તો ખરા હવે, પણ તૈયારી તો તમારે કરવાની રહે છે. તમે તૈયારી નહિ કરો તો આ વચન કાંઈ તમને કામમાં નહિ આવે. તો પછી અમને તો '**ભાવમાં એમ આવે છે કે હે ગુરુદેવ! અમે કાંઈ જાણતા નહોતા, આપે જ માર્ગ બતાવ્યો અને બીજી બાજુ એમ આવે છે કે કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી,..**' દ્રવ્યાનુયોગ એમ કહે છે. કે કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. '**તો શું સમજવું?**' અથવા કેમ કરવું? અમારા ભાવમાં એમ આવે છે કે આપ અમને ન મળ્યા હોત તો અમે ક્યાંથી આ બધું સમજી શક્યા હોત? આ પુસ્તકો વાંચીને કાંઈ સમજી શકીએ એવી અમારી શક્તિ હતી નહિ.

સોગાનીજીએ કહ્યું,.. એમણે ગ્રંથો વાંચ્યા હતા. મૂળ દિગંબર હતા. મને તો એ-બી-સી-ડીની પણ ખબર નહોતી આ લાઈનની. એમ બોલ્યા! ગુરુદેવ મળ્યા નહોતા ત્યાં સુધી હમ તો એ-બી-સી ભી નહીં જાનતે થે. એટલે આપ મળ્યા, આપે માર્ગ દેખાડ્યો એ વાત તો સ્પષ્ટ અસર કરે છે. વળી આપ કહો છો કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. અમારે શું કરવું? તમારે તમારી તૈયારી કરવાની, તમારા ઉપાદાનથી તમે તમારી તૈયારી કરો. અમે અમારા ઉપાદાનથી અમારી તૈયારી કરી એ વાત પણ આપ જ સમજાવો છોને! એ ક્યાં અમને ખબર હતી? એવું ભાન ક્યાં હતું અમને? એવું ભાન હતું? એવું ભાન તો નહોતું અમને.

મુમુક્ષુ :- ઉપાદાનની જાગૃતિ પણ એમના થકી આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપાદાનની જાગૃતિ કરાવનાર પણ તમે જ છો. અને તમે કહો છો કે ના, ના! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરે નહિ!

મુમુક્ષુ :- કરવું શું તો?

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રશ્ન ઉઠાવ્યો છે કરવું શું? જોઈએ શું જવાબ આપે છે. હું તો કાંઈ વાંચીને આવ્યો નથી. બહેનશ્રી શું જવાબ આપે છે જોઈએ હવે.

'**સમાધાન :- ગુરુદેવે કરી દીધું તેમ કહેવાય, પણ કરવું પોતાને પડે છે.**' અથવા પોતે જ કરે છે. પરિણમે છે કોણ? કે પોતે. એટલે વાસ્તવિક વાત તો એમ છે કે ગુરુદેવે કહ્યું એમ કહેવાય (પણ) કહ્યું એ પ્રમાણે કર્યું કોણે? કે પોતે. ગુરુદેવે કર્યું

કાંઈ? કે ગુરુદેવે તો કહ્યું જ. ગુરુદેવ એમનામાં પરિણમ્યા, એમના નિમિત્તે વચન પરિણમ્યા, પોતાનું પરિણમન પોતાથી થાય છે. એમાં કોઈથી - વચનથી કે ગુરુદેવથી પોતાનું પરિણમન તો થતું નથી.

**'અનંતકાળમાં પોતે પોતાના દોષથી રખડ્યો છે,...'** અનંતકાળ રખડ્યો એમાં પણ પોતાના દોષથી રખડ્યો છે. આ વાત ઉપર આપણા ભગવાનદાસજી દલીલ કરતા હતા ગુરુદેવને. કહેતા કે સાહેબ! અમને કોઈ સાચું સમજાવનારા નહોતા મળ્યા. આપ હવે અમને સાચું સમજાવનારા મળ્યાને હવે અમે નહિ રખડીએ. ગુરુદેવ કહે તમારી વાત ખોટી છે! સાચું સમજાવનારની શોધ તમે નહોતી કરી. સમજાવનારા તો બધે સર્વ ત્રણેકાળે હોય જ છે. પણ તમે સાચું સમજવાની દરકાર નહોતી કરી. નહોતા મળ્યા એમ નહિ, તમે નહોતા મેળવ્યા.

મુમુક્ષુ :- પોતાનો દોષ કબૂલતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હું મારા દોષે રખડ્યો છું એ કબૂલ નથી કરતો. શું કરીએ અમને એવા સાચા ગુરુ ન મળ્યા. અમને અત્યાર સુધી સંપ્રદાયમાં ખોટા ગુરુ મળ્યા. ખોટી વાત છે. તું શું કરવા ખોટા ગુરુ પાસે રહ્યો? વેપારમાં કોઈ ઊલટું સમજાવવા આવે તો? ઓછા ભાવે માલ દઈ દે છો? એને પૂછો તમને વેપાર કોણ શીખડાવ્યો, આવો વેપાર કરજો. એ શીખવાડ્યો હતો કોઈએ? કહેવા આવ્યું હતું તમને? કે તમે જંગલના બીડીપત્તાનો વેપાર કરજો એ પોતાની સૂઝથી જ કર્યોને? એમ પોતાને પોતાની આત્મકલ્યાણ માટેની ભાવના તો પોતાને જાગવી જોઈએને? તો ગુરુની શોધ કરે.

જેને પોતાનું આત્મકલ્યાણ કરવું છે એવો ભાવ જાગે. અંદરથી હોં! એને આત્મકલ્યાણ કેવી રીતે થાય એ બતાવનાર જ્ઞાનીપુરુષની આવશ્યકતા સમજાયા વિના રહે નહિ. જેને એ આવશ્યકતા સમજાય એ એને શોધ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- આપ કહેતા હતાને સાતમે પાતાળે જાવું પડે તોપણ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગમે ત્યાંથી પત્તો કાઢે એ. આ કેન્સર જેવો રોગ થાય છે તો શું કરે છે? ક્યાંના ક્યાંથી આવે છે. અરે..! ઘરમાં બાળકો ન થતા હોય તો ગામડામાં એક હજાર માઈલ દૂર કોક ડોશી ટામણટુમણ કરતી હોય ને એને ગોતી કાઢે અને ત્યાં જાય.

મુમુક્ષુ :- અત્યારે તો રોજ હજાર-પાંચસો માણસો આવે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંથી ગોત્યું એણે?

મુમુક્ષુ :- મહારાષ્ટ્રમાંથી, મધ્યપ્રદેશમાંથી, નાના-નાના ગામમાંથી,..

પૂજ્ય ભાઈશ્રી :- અરે.. બંગાળ અને કર્ણાટકમાંથી આવે છે. તળાજાની પાસે

એક નાનું ગામડું છે ત્યાં એક ડોશી છે એ આમ કરી દે છે. જરૂર લાગે તો ક્યાંનો ક્યાં ગોતી કાઢે છે માણસ! ડોશી સાવ અભણ છે. કાંઈ નથી જાણતી. કોઈ ચાર્જ લેતી નથી. તમે મૂકી જાવ તો લઈ લે છે. ચાર્જ નથી કે તમારે આટલા દેવા પડશે. એવું કાંઈ નથી. સાંભળ્યું છે ત્યાં સુધી. જરૂર પડે તો ગોતી કાઢે છે કે નહિ? એટલે બધે દૂરથી આવે તો થોડા પૈસા લઈને તો આવે તે. જરૂરત વસ્તુ એવી છે.

મુમુક્ષુ :- જીપવાળા, બીજા ધંધાદારી માણસો આના પ્રચારક થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- મધ્યપ્રદેશમાંથી-મહારાષ્ટ્રમાંથી નાના-નાના ગામમાંથી, કેટલાય લોકો આવે. આ તો ઘણા લોકો મંદિરમાં દર્શન કરવા આવેને ત્યારે પૂછીએ કે ભાઈ ક્યાંથી આવો છો? કે મધ્યપ્રદેશથી. તળાજા બાજુ ગયા હતા. આપણે તો સમજી જઈએ તરત.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જરૂરત લાગી છે કે નહિ? આ જ સવાલ છે. જેટલી જરૂરત વિશેષ લાગી એટલી પાત્રતા. જરૂરત ન હોય તો પાત્રતા નથી. બીજું કાંઈ નથી. આ સીધી વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કેન્સર જૈસા રોગ હોતા હૈ ન, તો ડૉક્ટરકે પાસ જાતા હૈ વહાઁ condition કરકે નહીં જાતા હૈ. કોઈ પૂછતા હૈ કિ કિતના સમય લગેગા ઠીક હોનેમેં, તો બોલે હમ તો નહિ બોલ સકતે. વહ તો ડૉક્ટર કે ઉપર હૈ. પીરિયડ ભી નક્કી કરકે નહીં જાતા. total surrendership મેં આ જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં તો આપણી condition ચાલે જ નહિ. દેહાર્થમાં આપણી શરત ન ચાલે. આત્માર્થમાં આપણે શરત કરવા બેસીએ તો આત્માર્થ નહિ થાય. આપણી શરતે આત્માર્થ નહિ થાય. અને અનંતકાળમાં પોતાના દોષથી પોતે રખડ્યો છે એનું કારણ શું છે કે તીર્થંકર અને ગુરુ તો મળ્યા છે, પણ તારે બધું ઉપરથી ગયું છે. બધું ઉપરથી જ ગયું છે. કોઈ દી' એણે કાને વાત ધરી નથી.

**'ભગવાનને કે ગુરુને ઓળખ્યા નથી, મળ્યા તો પણ ઓળખ્યા નહિ.'** અને ઓળખવાની તીવ્રતા, જિજ્ઞાસા પણ પોતાને આવી નથી. **'મળ્યા તો પણ ઓળખ્યા નહિ.'** જુઓ! લીધું છે. **'મળ્યા તો પણ ઓળખ્યા નહિ. આ પંચમકાળમાં ગુરુ મળ્યા,...'** હવે તો ગુરુદેવની વાત કરે છે કે **'આ પંચમકાળમાં ગુરુ મળ્યા, તેમની વાણી મળી. તેને પોતે ગ્રહણ કરીને પુરુષાર્થ કરે તો જાગે છે.'** અબ તો સબ અવસર આ ચુકા હૈ, ખામી રહી ગઈ તારી પોતાની.

**'ગુરુદેવની વાણી તો બધાને માટે પ્રબળ નિમિત્ત છે, પણ તૈયારી પોતાને કરવાની રહે છે.'** વાણીમાં તો જોરદાર એટલું બધું નિમિત્તતત્ત્વ હતું કે એક વ્યાખ્યાન સાંભળે

એને સમ્યગ્દર્શન થઈ જાય. એક જ વ્યાખ્યાનમાં! એક વચનમાં સમ્યગ્દર્શન થઈ જાય! વ્યાખ્યાન તો એક કલાકનું હોય છે. 'જ્ઞાન અને રાગ જુદા છે.' શું સાંભળ્યું? 'જ્ઞાન અને રાગ જુદા છે.' એમાંથી સમ્યગ્દર્શન થઈ ગયું. ભેદજ્ઞાન સમ્યગ્દર્શનનું કારણ છે. ભેદજ્ઞાનનું એક વચન બસ છે. જુઓ આ પ્રત્યક્ષ છે. આ જ્ઞાન જુદું ચાલે છે અને રાગ જુદો ચાલે છે. બેય જુદે જુદા પોતપોતાનું કામ કરે છે. જ્ઞાન અને રાગ જુદાં છે. પછી ગુરુદેવ એમ કહે કે સમજાય છે કાંઈ તને? કાંઈ તને અંદરમાં પરિણમન ટચ થયું? એમ કહે છે.

મુમુક્ષુ :- દેખાય છે કાંઈ?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ તને દેખાય છે? સમજાય છે તો તને અમારું પરિણમન કાંઈ દેખાય છે? વાત જુદી છે આખી. નહિતર ઉપરથી જાશે બધું, હવામાં!

**'ગુરુદેવની વાણી તો બધાને માટે પ્રબળ નિમિત્ત છે, પણ તૈયારી પોતાને કરવાની રહે છે.'** જે તૈયારી કરવાની છે એ તો પોતાને તૈયારી કરવાની રહે છે. **'ગુરુદેવનો તો ઉપકાર અમાપ છે, પણ પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે.'** હવે આમાં શું આવી વાત? સંતુલન ક્યાં છે? વિચારવાનું એ છે કે પોતાને પુરુષાર્થ કરવાનો રહે છે એમ પાત્ર જીવ સમજે છે એ ગુરુદેવનો ઉપકાર ગાતો ગાતો એમ પુરુષાર્થ કરે છે. પોતાને પુરુષાર્થ કરવાનો રહે છે. કોઈ દ્રવ્ય એક બીજા દ્રવ્યનું કરતું નથી. એમ કરીને ઉપકાર ગાવાનું છોડી દેતો નથી. બેય વાત સાથે થાય છે.

**'ગુરુદેવ પણ એમ જ કહેતા કે તું કર તો થશે.'** ગુરુદેવની સામે લક્ષ જાય ત્યારે એમનો અમાપ ઉપકાર છે એ ભાસ્યા વિના રહે નહિ. feel થાય. ભાસવું એટલે feel થાય. એવું feel થયા વિના રહે નહિ. અને ગુરુદેવ એમ કહે કે ભાઈ તું પુરુષાર્થ કર, પુરુષાર્થ તારે કરવાનો છે. બરાબર છે! પુરુષાર્થ તો મારે જ કરવાનો છે. મારું કામ આપ મોટા પુરુષને સોંપવાનું હોય નહિ. મારું કામ તો મારે જ કરવાનું હોયને. કામ તો નોકર-ચાકરને સોંપાય. કાંઈ માલિકને સોંપાય? આપ તો માલિકની જગ્યાએ છો. આપને કાંઈ અમારી સેવા થોડી કરવાની હોય કે અમારું કામ કરી દ્યો. આપ તો માર્ગ બતાવો છો એ પણ મોટો ઉપકાર છે. એ પણ મોટો એટલે કેટલો મોટો? કે માપી ન શકાય એટલો મોટો. અમાપ. અમાપ એમ શબ્દ લખ્યો છે અને ઉપમા ન આપી શકાય એટલો. એટલે અનુપમ ઉપકાર છે. કોની સાથે ઉપમા આપવી? મેરુ(પર્વત) બહુ મોટો છે. તો કહે આપના ઉપકાર પાસે એ નાનો પડે છે. એમ લખ્યું. આપના ઉપકાર પાસે એ નાનો પડે છે.

મુમુક્ષુ :- ચેતનની તુલના જડ સાથે કેવી રીતે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- કેવી રીતે કરવી? આકાશ અમાપ છે...

મુમુક્ષુ :- અમારા ગુરુદેવ એના કરતા પણ મહાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- એના કરતા પણ મહાન છે. આકાશ અમાપ છે તોપણ મેરે ગુરુ આકાશસે ભી મહાન હૈં. તો કહે ગણતરી કેવી રીતે આમાં મૂકવી? તો આકાશના જે અનંત પ્રદેશો છે એના કરતા પણ આત્મામાં ગુણ ઝાઝા છે, અનંત છે. એ તો ધવલમાં એની ગણતરીનો વિષય મૂક્યો છે. ધવલ શાસ્ત્રની અંદર એ ગણતરી આવે છે. ગુરુ આત્માના સ્થાને છે. માટે મહાન થયા કે ન થયા? ગણતરીથી પણ મહાન થઈ ગયા ચાલો! જો આકાશથી પણ મહાન હોય તો મેરુ તો બિચારો કાંઈ નથી. કેમ? કે એ આકાશની અંદર આખા ચૌદ બ્રહ્માંડનો લોક જ પરમાણુ જેવડો છે. જુઓ! ગુરુની મહિમા આવે અને ઉપકાર ગાય ત્યારે એવો ગાય.

તો કહે આપનો ઉપકાર અનંત છે. અનંત છે એટલે જેની હદ નથી એટલો છે. તો કહે એમાં અતિશયોક્તિ છે કે કાંઈ વાસ્તવિકતા છે? એમાં કાંઈ અતિશયોક્તિ છે કહેવામાં કે વાસ્તવિકતા છે? કહે ના વાસ્તવિકતા છે. કેમ? કે મારા પરિભ્રમણની કેટલી અનંતતા હતી? એની કોઈ હદ હતી? નહોતી. એ બધું પરિભ્રમણના નાશનું કારણ બન્યું માટે અનંત ઉપકાર થયો કે ન થયો? અનંતભવ ટાળ્યા, અનંત દુઃખ ટાળ્યા, અનંત સુખની પ્રાપ્તિ કરાવશે. તો અનંત ઉપકાર થયો કે ન થયો?

મુમુક્ષુ :- ભાઈશ્રી! અનંતભવનો તો અંત થાય છે, પણ ઉપકારનો તો અંત જ નહિ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જ કહું છું. એટલે તો ઉપકાર અનંત લીધો છે. ઉપકારનો અંત નથી લીધો, અનંત ઉપકાર લીધો છે.

'**પોતાની સ્વાધીનતાથી થાય છે. તારું દ્રવ્ય સ્વતંત્ર છે,...**' કેમકે રખડ્યો તો તું તારા દોષથી. માટે દોષ કાઢવાનો ફેરફાર પણ તારે જ કરવાનો રહે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગુરુ કહતે હૈં કિ તુમ અપને આપ કરતે હો લેકિન શિષ્યકો યહ નહીં લગતા હૈ કિ મૈં અપનેઆપ કરતા હૂં.

પૂજ્ય ભાઈશ્રી :- એને એમ લાગે છે કે તમારો આધાર ન મળ્યો હોત તો હું ક્યાંથી કરી શક્યો હોત? એમ એને લાગે છે. કરતો જાય છે તોપણ એમ લાગે છે. પોતાના પુરુષાર્થથી કરતો જાય છે તોપણ એને એમ લાગે છે.

મુમુક્ષુ :- આમ અહીંયાં એવી રીતે લઈએ તો મુમુક્ષુને માટે જ્ઞાની નિમિત્ત નથી, ઉપાદાન જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! ખરેખર તો એમ જ છે. નિમિત્ત કહેવું એ degrade

કરવા જેવી વાત છે. એ degrade કરવા જેવી વાત છે.

'**બધાં દ્રવ્ય સ્વતંત્ર છે.**' '**તારું દ્રવ્ય સ્વતંત્ર છે, બધાં દ્રવ્ય સ્વતંત્ર છે.**' કામ પોતાની સ્વાધીનતાથી થાય છે. '**તું તારો પુરુષાર્થ કર,...**' એમ ગુરુ કહે છે. અને ગુરુ એમ કહે છે ત્યારે જીવ ગુરુ આજ્ઞા માથે ચડાવે છે. એટલે પુરુષાર્થ કરે છે. પુરુષાર્થ કર્યો એનો અર્થ કે ગુરુઆજ્ઞા માથે ચડાવી. બરાબર? તો એ '**પુરુષાર્થ કરનાર ગુરુનો ઉપકાર માન્યા વગર રહે નહિ.**'

પુરુષાર્થ કરીને આગળ વધે અને ગુરુનો ઉપકાર માને નહિ એણે પુરુષાર્થ નથી કર્યો, સ્વચ્છંદ કર્યો છે. એમ છે. બાકી પુરુષાર્થ કરે અને આગળ વધે એ ગુરુનો ઉપકાર માન્યા વિના રહે નહિ. મહામુનિઓ, આચાર્યો, મહાન આચાર્યો પોતાના ગુરુનો ઉપકાર માને છે. આચાર્ય પણ શાસ્ત્રમાં એમ જ કહે છે કે પરમગુરુના અનુગ્રહથી અમારો નિજવૈભવ પ્રગટ્યો છે. કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય જેવા મહાન આચાર્યો. પદ્મપ્રભમલધારીદેવ. ગુરુચરણ અમારા હૃદયને વિષે નિવાસ કરે છે. બહુ નમ્રતા કરે છે. એમની શૈલી બહુ જોરદાર છેને! એટલે નમ્રતા એવી જોરદાર જ કરે એ. બહુ જોરદાર શૈલી છે એમની પોતાની. ક્ષાયિક પર્યાય પણ પરદ્રવ્ય, પરભાવને હેય છે. વળી ગુરુચરણની પણ એવી જ વાત કરે છે.

નીચે બધાનું લીધું છે. આચાર્યોનું નીચે લીધું છે. અહીંયાં તો કહે છે કે મુમુક્ષુ હોય, પાત્ર મુમુક્ષુ હોય એ પુરુષાર્થ કરનારો હોય, પુરુષાર્થ કરીને આગળ વધેલો હોય એ ગુરુનો ઉપકાર માન્યા વિના રહે નહિ. પુરુષાર્થ '**કરનારને ઉપકારબુદ્ધિ આવ્યા વિના રહેતી નથી.**' આ ભક્તિ છે. ઉપકારબુદ્ધિ કહો કે ભક્તિ કહો. ભક્તિનું સ્વરૂપ સ્વચ્છંદ નિરોધ કરવાનું છે. ઠીક! ભક્તિ સ્વયં સ્વચ્છંદ નિરોધક છે. એ સ્વચ્છંદને આવવા જ ન દે. એનું સ્વરૂપ જ એવું છે. પુરુષાર્થ કરે, સ્વચ્છંદ થઈ જાય? કે ન થાય. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે, ન કરે એમાં સ્વચ્છંદ થાય? કે ન થાય. કેમકે ભક્તિ આવી.

એટલે કૃપાળુદેવે બહુ સરસ સ્પષ્ટતા કરી છે કે આનંદઘનજીએ દ્રવ્યાનુયોગ જેવા તત્ત્વજ્ઞાનને ચોવીસ તીર્થંકરોની સ્તુતિમાં કેમ ગોઠવ્યું? ભક્તિ કરતા કરતા એવી વાતો શું કરવા કરી? કેમ? કે એ વાત જે તીર્થંકરોએ કરી છે એના પ્રત્યે અમારી ઉપકારબુદ્ધિ વર્તે છે. એ એમાં બે પડખા એકસાથે બતાવવા છે. પોતાના પુરુષાર્થનું અને પોતાની ગુરુભક્તિનું. તીર્થંકરદેવ પરમગુરુ છે. એટલે ઉપકારબુદ્ધિ આવ્યા વિના રહે નહિ. એ એની યથાર્થતાની નિશાની છે. યથાર્થતાનું એ લક્ષણ છે. નહિતર યથાર્થતા ન રહે.

એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે, એમાંથી વીતરાગતા પ્રગટે તો અમૃત ઝરે અને એમાંથી સ્વચ્છંદ પ્રગટે તો ઝેર નીકળે. સિદ્ધાંત તો સિદ્ધાંત છે. તમે સિદ્ધાંતને ગ્રહણ

કઈ રીતે કરો છો એના ઉપર એનું ફળ છે. આવી વાત છે. એક જ જગ્યાએથી અમૃત પણ નીકળે, એજ જગ્યાએથી ઝેર પણ નીકળે. આવી વાત છે. બહુ સરસ વાત લીધી.

**'પુરુષાર્થ કરનાર ગુરુનો ઉપકાર માન્યા વગર રહે નહિ. (પુરુષાર્થ) કરનારને ઉપકારબુદ્ધિ આવ્યા વિના રહેતી નથી.'** બની શકે જ નહિ. સાથે સાથે આ વસ્તુ ઊભી થાય, થાયને થાય જ. અવિનાભાવી છે એ. આ તો મુમુક્ષુની વાત કરે છે. પણ આચાર્યોની વાત કરશે નીચે. છદ્મસ્થ છે, આચાર્ય છે એને આ ભક્તિ આવે છે.

મુમુક્ષુ :- ઈસ ચીજકા સબૂત હી હૈ કિ, બહેનશ્રીકો જબ સમ્યગ્દર્શન હુઆ, સમ્યગ્દર્શનકે તુરંત બાદકા વચનામૃત હૈ ઉસમેં સબસે પહલે ગુરુ મહિમાકી બાત કી હૈ. સોગાનીજીને પણ એવું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એમ જ કરે છે. એ તો અવિનાભાવી છે. સાથે જ રહે છે. આ હોય અને આ ન હોય એવું બને નહિ.

કૃપાળુદેવને સત્પુરુષ મળ્યા નથી તોપણ સત્પુરુષની કેટલી બધી, કેટલા બધા ગીતો ગાયા છે! ગુણગાન ગાયા છે! હદ નથી. ગુરુ મળ્યા હોત તો શું શું કેટલું ગાયું હોત! એવું છે. એમાં ત્રિરાશી મૂકવા જેવી વાત છે.

આશય :- (૨૦૩) :- **સ્વરૂપપ્રાપ્તિમાં જ્ઞાનીના વચનો નિમિત્ત હોય છે, અજ્ઞાનીના નહિ. તેનો પરમાર્થ એવો છે કે મુમુક્ષુજીવને જ્ઞાનીના ચરણ નિવાસની આવશ્યકતા સમજવી ઘટે છે અને અન્ય સ્થાનમાં પોતાની સમય શક્તિનો ખર્ચ ન થાય તેની સાવધાની રાખવી ઘટે છે. આ સિદ્ધાંતમાંથી દુર્લભ એવા પ્રત્યક્ષ યોગનું મહત્ત્વ જો જીવને સમજાય તો અવશ્ય સંસાર તરી જાય.**

આશય :- (૨૦૪) :- **મોક્ષમાર્ગનો પુરુષાર્થ કરનાર પોતાના પુરુષાર્થમાં નિમિત્ત છે એવા ગુરુના ઉપકારને ભૂલતા નથી. તેમ જ અતિશયપણે ગુરુ ઉપકારને પ્રદર્શિત કર્યા વિના પણ તે રહી શકતા નથી. સ્વસ્થાનનો આવો પ્રશસ્ત રાગ ન હોય તો જીવ સ્વચ્છંદે ચડી જાય છે. યથાર્થતામાં પણ સ્વચ્છંદ નિરોધ ગુરુભક્તિ સહજ ઉત્પન્ન હોય છે.**

**પ્રશ્ન :- કરે પોતે, છતાંય ઉપકાર માનવો?**

**સમાધાન :- પોતે કરે છતાં કહે કે હે ગુરુદેવ! તમે કરી દીધું. આચાર્ય પણ શાસ્ત્રમાં એમ જ કહે છે કે પરમ ગુરુના અનુગ્રહથી અમારો નિજ વૈભવ પ્રગટ્યો છે. કુંદકુંદાચાર્ય માટે દેવસેન આચાર્ય જેવા કહે છે કે આપ વાણી ન લાવ્યા હોત તો અમારા જેવા પામરનું શું થાત! તેમ આવા ગુરુ આ પંચમકાળે પધાર્યા તો બધાને ઉપકાર થયો. નહિતર શું થાત? ગુરુદેવ પધાર્યા તો માર્ગ બધાને ચોખ્ખો કરીને બતાવ્યો. ૨૦૫.**

## તા. ૧૭-૭-૧૯૯૭, પ્રશ્ન- ૨૦૫થી૨૦૭
## પ્રવચન નં. ૧૪૯

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૩૨. ૨૦૫મો પ્રશ્ન છે. સત્પુરુષ નિમિત્ત થાય છે, ગુરુના વચનો નિમિત્ત થાય છે. પુરુષાર્થ પોતે કરવાનો હોય છે. પણ સ્વયં પુરુષાર્થ કરનારને ઉપકારબુદ્ધિ થયા વિના રહેતી નથી. એવો ઉત્તર આપ્યો. પાછો પ્રશ્ન કર્યો કે '**કરે પોતે,...**' પુરુષાર્થ પોતે કરે '**છતાંય ઉપકાર માનવો?**' હવે ઉપકાર માનવો એમ પ્રશ્ન નથી, એમ થઈ જાય છે. પોતે પુરુષાર્થ કરે છે એ ગૌણ થાય છે અને ગુરુના ઉપકારને એ મુખ્ય કરે છે. જો એમ ન કરે તો અહંબુદ્ધિ, પુરુષાર્થ કરે એનો અહંકાર થયા વિના રહે નહિ. તો પુરુષાર્થ કરે ગુણ પ્રગટાવવા અને મિથ્યાત્વનો, અહંકારનો દોષ આવી જાય. શું ફાયદો થયો?

જગતમાં લૌકિક રીતે પણ અનેક પ્રકારના સારા કાર્યો લોકો કરે છે. બીજા ઉપર ઉપકાર કરવાના, દાન દેવાના, મદદ કરવાના, પણ એના અહંભાવને રોકવા માટે એની પાસે કોઈ ઉપાય નથી. અહીંયાં તો દ્રવ્યદૃષ્ટિ થઈ હોય તો તો પર્યાયબુદ્ધિ રહે નહિ, પણ દ્રવ્યદૃષ્ટિ ન થઈ હોય તો ગુરુ પ્રત્યેના ઉપકારને લઈને પણ અહંકાર ન થાય. એનો આ ઈલાજ છે. ગુરુ તો એના દોષને આવવામાં રોકે છે, દોષ ઉત્પન્ન થવામાં રોકે છે. ગુરુ રોકે છે એટલે ગુરુ પ્રત્યેના પરિણામ રોકે છે. ગુરુ કાંઈ કરતા નથી. ગુરુ ગુરુનું કામ કરે છે, પણ એના પ્રત્યેના ઉપકારના પરિણામ અહંકારને થતો રોકી લે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમુક્ષુજીવકો ઐસા નહીં આતા કિ, જો ગુરુ પ્રત્યેકા હમારા પ્રેમ હૈ વહ હમેં સમ્યક્ત્વમેં બાધા પહુંચા રહા હૈ યા રોક રહા હૈ યા સમ્યક્ત્વ નહીં

હો રહા હૈ - ઐસા ઉસકો ભાવ નહીં આતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વહ બાત હી ગલત હૈ ક્યોંકિ ઉસમેં (સત્પુરુષકે પ્રતિ પ્રેમમેં) તો દર્શનમોહ અધિક કમ હોતા હૈ. તો આડે કહાઁ આતા હૈ? વહ તો સમજ હી ગલત હૈ.

'**સમાધાન :- પોતે કરે છતાં કહે કે હે ગુરુદેવ! તમે કરી દીધું.**' કરે પોતે એને ગૌણ કરે, જે નથી કરતા એના ઉપર આરોપ કરે. આ તો આપે કરી દીધું. '**આચાર્ય પણ શાસ્ત્રમાં એમ જ કહે છે...**' આચાર્ય પણ શાસ્ત્રમાં એમ જ કહે છે '**કે પરમ ગુરુના અનુગ્રહથી અમારો નિજ વૈભવ પ્રગટ્યો છે.**' અમૃતચંદ્રાચાર્યે પાંચમી ગાથાની ટીકામાં આ વાત કરી છે કે '**પરમ ગુરુના અનુગ્રહથી...**' એમની કૃપા થઈ અને અમારો આ પુરુષાર્થ વધારે તેજ થયો. એમની કૃપાથી અમારો પુરુષાર્થ તેજ થયો. ઠીક! અથવા તો શ્રીગુરુનું પરિણમન જોઈને પોતાને પણ પુરુષાર્થ વૃદ્ધિ થઈ એવી પ્રેરણા થઈ, માટે એમના ઉપર આરોપ કરવામાં આવે છે.

'**કુંદકુંદાચાર્ય માટે દેવસેન આચાર્ય જેવા કહે છે કે આપ વાણી ન લાવ્યા હોત તો અમારા જેવા પામરનું શું થાત!**' દેવસેન પણ આચાર્ય છે અને કુંદકુંદ પણ આચાર્ય છે. તે પણ મહાન આચાર્ય છે. આપને લબ્ધિ થઈ, મહાવિદેહમાં ગયા, સાક્ષાત્ સીમંધર ભગવાનની વાણી સાંભળી, એમાંથી ઘણું તત્ત્વ લાવ્યા એ જો આપ ન લાવ્યા હોત તો અમારા જેવાનું શું થાત? એમ કે અમને ઘણું મળ્યું એમાંથી. અમને પણ એમાંથી ઘણું મળ્યું. આચાર્ય એમ કહે છે કે અમને ઘણું મળ્યું. ઠીક! મુમુક્ષુની વાત નથી. આચાર્ય કક્ષાના જીવ પણ એમ કહે છે. એવી વિનમ્રતા છે આ. આચાર્યોને પરસ્પર ઈર્ષ્યા નથી થતી કે, ઓહોહો..! એ તો લબ્ધિ લઈને ત્યાં ગયા અમે રહી ગયાને! અમને તો એવું કાંઈ થયું નહિને! આ તો જગતમાં એમનો ભારે યશ ગવાશેને! ઈર્ષ્યા નથી થતી. પ્રમોદ કરે છે. 'ગુણ પ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ.' બીજાના ગુણ જોઈને પ્રમોદ આવે, રાજી થાય પોતે, તો પોતાને ગુણ પ્રગટે. અને જો ઈર્ષ્યા આવે તો પોતાને ગુણ પ્રગટતા હોય એ ન પ્રગટે. આમ છે.

મુમુક્ષુ :- હમકો ભી ઉનકે જૈસા હી કરનેકા?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉનકે જૈસા હી કરનેકા હૈ. ઈસલિયે ઈર્ષ્યા નહીં આની ચાહિયે. રાજી હોના ચાહિયે, ખુશી હોની ચાહિયે. બહુત અચ્છા હૈ, બહુત બઢિયા કામ કર રહા હૈ, અપનેકો ભી ઐસા હી બનના હૈ!

'**કુંદકુંદાચાર્ય માટે દેવસેન આચાર્ય જેવા કહે છે કે આપ વાણી ન લાવ્યા હોત...**' મહાવિદેહક્ષેત્રથી. '**તો અમારા જેવા પામરનું શું થાત!**' અમારા જેવાનું શું થાત એમ

ન કીધું, અમારા જેવા આચાર્યનું શું થાત એ ન કીધું, અમારા જેવા પામરનું શું થાત? બીજાના ગુણોની મહાનતા જોવે છે અને એ વખતે પોતાના દોષની હીનતા જોવે છે. આનું નામ ગુણગ્રાહી દૃષ્ટિ છે.

'**તેમ..**' એટલે એ દૃષ્ટાંતે '**આવા ગુરુ આ પંચમકાળે પધાર્યા તો બધાને ઉપકાર થયો.**' સમાજ આખો બીજે રસ્તે ચાલતો હતો. ગુરુદેવ જેવા યુગપુરુષ થયા તો બધાને, સમાજને, ઘણાને ઉપકાર થયો. '**નહિતર શું થાત?**' એટલે ક્યાંય ના ક્યાંય રખડી મરત. આમ છે. એવા ગુરુ મળ્યા છતાં પોતાના પરિણમનમાં સુધાર ન કરે, જીવનમાં સુધાર ન કરે તો કરુણા આવે. અરેરે..! આનું જીવન આખું, મનુષ્યભવ જેવો દુર્લભ મનુષ્ય ભવ એમ ને એમ ચાલ્યો જશે!! આવી સરસ તક પણ આ જીવ ચૂકી જશે? એમ અફસોસ થાય છે.

'**નહિતર શું થાત?**' જો પોતે કર્યું ન હોત તો શું થાત? અને ન કરે તો એ જ પરિસ્થિતિ... શું થાય? એ જ પરિસ્થિતિ છે. '**ગુરુદેવ પધાર્યા તો માર્ગ બધાને ચોખ્ખો કરીને બતાવ્યો.**' ગુરુદેવ પ્રત્યે એમની ઘણી ભક્તિ હતી. અથવા તો ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ હતા. બહેનશ્રી પોતે જ ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ હતા. ભક્તિની મૂર્તિ હતી એમ કહીએ તો ચાલે. બહુ ભક્તિ હતી. બીજો વિકલ્પ ન આવે. એમના માટે બીજો વિકલ્પ ન આવે.

મુમુક્ષુ :- એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કોઈ એમ કહે માનો કે આજ તો ગુરુદેવ ફલાણા ઉપર બહુ ગુસ્સો કર્યો, જરાક એને ઠપકો આપ્યો. તોપણ કાંઈ વિકલ્પ ન આવે. એ પણ એમનો ઉપકાર છે. એ પણ એમનો ઉપકાર છે. એક જ ટ્રેક ચાલે, બીજી ટ્રેક ન ચાલે. એવી ભક્તિ.

મુમુક્ષુ :- ઠપકો આપે તોપણ ઉપકાર?

પૂજ્ય ભાઈશ્રી :- તોપણ ઉપકાર કર્યો. એમ છે. (ઠપકો) એ બીજાના હિતને, સામાના હિતને માટે આપે છે ને? એમને શું લેવું-દેવું છે? કાંઈ લેવું-દેવું નથી. એ તો કાંઈ છે નહિ.

પોતે કરે છતાં ઉપકાર માનવો. પ્રશ્ન તો એ કર્યો છે. તો કહે પોતે કરનાર હોય, પોતાના કાર્યને ગૌણ કરીને ઉપકાર માન્યા વિના રહેતો જ નથી. ખબર છે અંદરમાં કે એમણે કાંઈ કર્યું નથી. કર્યું છે એ મેં કર્યું છે. તોપણ એ કાર્યમાં નિમિત્ત તો પડ્યાને? એમણે આંગળી ચીંધી એટલા નિમિત્ત તો પડ્યા. ચાલ્યો પોતે માર્ગે. આંગળી ચીંધી એટલા તો નિમિત્ત પડ્યાને? કે આ રસ્તે તું જા, બીજા રસ્તે નહિ જાતો. એને એ

સામાન્ય ઉપકાર નથી ગણતા. એ ઉપકારને અમાપ ઉપકાર અને અનુપમ ઉપકાર કહેવામાં આવે છે. તો ઉપકાર માનનારની સજ્જનતા કેટલી? તો એમણે - સામાએ કાંઈ કર્યું નથી તોપણ આટલો બધો ઉપકાર માને. એટલી બધી સજ્જનતા. એવી રીતે ઘણો-ઘણો ઉપકાર સહેજે-સહેજે માનવાનો પ્રકાર બને છે. અને એવો પ્રકાર જે ઊભો થાય છે એ એને જ લાભનું કારણ છે અને એનાથી દર્શનમોહ ઘટે છે, એને અહંકાર થતો મટે છે. બેય ફાયદા થાય છે અસ્તિ-નાસ્તિથી.

જેમ-જેમ વિશેષ ઉપકારબુદ્ધિ આવે, તેમ-તેમ વિશેષ નિર્મળતા થાય લ્યો! ઠીક! પછી શું કરવા એમ ન કરે? કોઈ એને એમ કહે કે ભાઈ આમ નથી, દ્રવ્યાનુયોગમાં તો આમ છે, એક દ્રવ્યનું બીજા દ્રવ્ય કાંઈ કરે નહિ. તો કહે મને આ નિર્મળતા થાય છેને એ પ્રત્યક્ષ છે. મને ઉપકાર બુદ્ધિથી જે નિર્મળતા આવે છે એ પ્રત્યક્ષ છે. એટલે મને કાંઈ બીજું સમજાય એવું નથી. તારી સમજણ આમાં કામ લાગે એવું નથી. ૨૦૫ થયો.

**પ્રશ્ન :- જ્ઞાનીની ભક્તિ કેવી રીતે પ્રગટ થાય?**

**સમાધાન :- માત્ર બહારથી ભક્તિ કરવી એમ નહીં પણ પોતાને અંદરથી મહિમા આવે તે જ્ઞાની પ્રત્યેની ભક્તિ છે. અંતરમાં બહુમાન આવવું જોઈએ. જ્ઞાનીના વચનો ઉપર બધી રીતે બહુમાન આવવું જોઈએ. અર્પણતા એવી આવી જાય કે ગુરુદેવ કહે છે તે બરાબર છે. તેમણે જે માર્ગ કહ્યો છે તે બરાબર છે. તેમ પોતાથી નક્કી કરીને બહુમાન આવવું જોઈએ. પોતે વિચાર કરીને નક્કી કરે કે આ સત્પુરુષ છે તે અપૂર્વ માર્ગ બતાવી રહ્યા છે. પછી, તે કહે તે બરાબર છે તેમ પોતાને અંતરમાંથી તે પ્રકારે બહુમાન-ભક્તિ આવે છે. ૨૦૬.**

## પ્રશ્ન ૨૦૬ ઉપર પ્રવચન

પાછો એવી ભક્તિનો પ્રશ્ન કર્યો છે. '**જ્ઞાનીની ભક્તિ કેવી રીતે પ્રગટ થાય?**'

મુમુક્ષુ :- કૃપાળુદેવના 'છ પદના પત્રમાં લખ્યું છેને જે ભક્તિનું નિરૂપણ કર્યું તે પણ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે.

પૂજ્ય ભાઈશ્રી :- શિષ્યના કલ્યાણ અર્થે કર્યું. પોતાના માટે નથી. બરાબર છે.

મુમુક્ષુ :- એ ભક્તિનું નિરૂપણ માત્ર નિષ્કારણ કરુણાશીલતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિષ્કારણ કરુણાશીલતા છે. એમ જ છે.

આગળ કહે છે કે '**જ્ઞાનીની ભક્તિ કેવી રીતે પ્રગટ થાય?**' પૂછે છે બીજો પ્રશ્ન. ઉપકાર માનવામાં ભક્તિ તો છે જ. વધારે જરા ખુલાસો માગે છે.

'**સમાધાન :- માત્ર બહારથી ભક્તિ કરવી એમ નહીં પણ પોતાને અંદરથી મહિમા આવે તે જ્ઞાની પ્રત્યેની ભક્તિ છે.**' અંતરમાં બહુમાન આવવું જોઈએ. શું છે? બહારથી ભક્તિ કરે એમ નહિ. અંદરથી બહુમાન આવવું જોઈએ. કૃપાળુદેવની ભક્તિ કરનારા ભક્તો બધા ભક્તિ જ કરતા હતા. જેટલા કૃપાળુદેવના પરિચયમાં આવ્યા એમાં ભક્તિ પ્રાધાન્યતા વિશેષ હતી. એટલે સામાન્ય મુમુક્ષુ પણ પત્ર લખે તો એક પેરેગ્રાફ તો સર્વજ્ઞ સમાન વિશેષણનો લખે. કેવા? સર્વજ્ઞ સમાન વિશેષણો લખે. આપ વીતરાગ છો! આપ પરમાત્મા છો! એવું બધું લખે. આપ તો સર્વજ્ઞ છો એમ લખે પાછા હોં! સર્વજ્ઞ શબ્દ વાપરે. જેટલી ભગવાનની સ્તુતિ કરે એટલી સ્તુતિનો એ પેરેગ્રાફ લખ્યા પછી એમના સત્સંગ માટે વિનંતી કરે. બીજું કાંઈ આડુઅવળું, પ્રશ્ન કરે ને ચર્ચા કરે ને દ્રવ્યાનુયોગ સમજાવો, કરણાનુયોગ સમજાવો. એવું બહુ ઓછું. ભક્તિ જ વધારે. છતાં સોભાગભાઈની ભક્તિ (અંદરની) ભક્તિ હતી.

પૉઈન્ટ શું છે આમાં? કે બહારની ભક્તિ એમ નહિ. આટલું લખ્યું ભક્તિથી માટે ભક્તિ એમ નહિ. સોભાગભાઈ ભલે એક લીટીમાં વિશેષણ લખે. એટલો પેરેગ્રાફ ન લખે, પણ અંદરની ભક્તિ હતી. એ જાત જુદી. એ જાત જુદી છે. સોગાનીજીનું લ્યોને! બહુ સરસ દૃષ્ટાંત છે. બહારમાં કોઈને ખબર જ ન પડે. એમના હૃદયમાં ગુરુદેવ પ્રત્યે કેટલી ભક્તિ હતી, અનંત તીર્થંકરોથી અધિક - એમ કહેનાર બહારમાં તમે જુઓ તો સામાન્ય મનુષ્યની જે વંદન, નમસ્કાર અને ચેષ્ટા હોય એથી વધારે કાંઈ નહિ. કાંઈ દેખાય જ નહિ. એને અંદરની ભક્તિ કીધી છે. શું?

'**માત્ર બહારથી ભક્તિ કરવી એમ નહિ પણ પોતાને અંદરથી મહિમા આવે તે જ્ઞાની પ્રત્યેની ભક્તિ છે.**' એવી ભક્તિ અંદરથી ઓળખાણ થઈને આવે એ બીજી રીતે આવે છે.

મુમુક્ષુ :- સોગાનીજી પાછા બહેનશ્રીની ભક્તિ જોઈને એમ કહે કે મેરેમેં ક્ષતિ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- મારામાં ક્ષતિ છે એમ કહે છે. ઈર્ષ્યા ન આવે. બહેનશ્રીની ભક્તિ જોઈને ઈર્ષ્યા ન આવી. મારામાં ક્ષતિ છે, મારામાં ખામી છે.

મુમુક્ષુ :- એટલા ભક્તિવંત હતા તોપણ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં થયું હતું શું? કે એકાદ વખત એમણે પાછળ જોયેલું. મંદિરમાં બહેનો પાછળ બેસતા ભક્તિમાં. ભાઈઓ આગળ બેસે. તોપણ એમણે એકાદ

વખત પાછળ જોયું. બહેનશ્રી ભક્તિ કરાવતા હતા. એમના ઉપર તો watch ઘણો હોય. તો કોઈએ પૂછ્યું કે આપ પાછળ શું જોતા હતા? ઠીક! તો કહે બહેનશ્રીની ભક્તિ જોતો હતો. બહુ ભક્તિભાવથી ગવડાવતા હતા અને ભક્તિભાવથી ગુરુદેવની જય બોલાવતા. છેલ્લે-છેલ્લે જય બોલાવતા હતા ત્યારે બનતા સુધી પાછળ જોયું. એમ થયું કે કેટલો બધો ભક્તિભાવ છે! એટલે એમની ચેષ્ટા, એમની મુદ્રા જોવાનો વિકલ્પ આવ્યો હશે. કહે હું એમની ભક્તિ જોતો હતો.

કહે તમે ભક્તિ જોઈ ત્યારે તમારા પરિણામ કેવા થયા? પૂછનારા છેક સુધી બધું પૂછી લે. કે ત્યારે તમારા પરિણામ કેવા હતા? તો કહે મને એમ લાગ્યું કે મારામાં આવી ભક્તિ નથી એ મારી ક્ષતિ છે કહે. ઠીક! બોલો! એવા મને પરિણામ થયા હતા. એવી અંદરની ભક્તિની વાત છે આ.

'**પોતાને અંદરથી મહિમા આવે તે જ્ઞાની પ્રત્યેની ભક્તિ છે. અંતરમાં બહુમાન આવવું જોઈએ. જ્ઞાનીના વચનો ઉપર બધી રીતે બહુમાન આવવું જોઈએ.**' એમના વચનો ઉપર બધી રીતે, બધી રીતે એમાં શું છે કે ઘણા એવા પોતાના બુદ્ધિના અહંભાવમાં (એવું કરતા હોય છે કે) આમ તો આ બધું ઘણું સારું. પણ આ જરાક આમ. ઠીક! એકાદ ખાચરો કાઢે અંદરથી કાંઈક. આમ બધું બહુ સરસ. આ સારું... આ સારું... આ સારું... પણ જરાક...- એ વાત નહિ. બધી રીતે એક જ ટ્રેક ચાલે.

'**જ્ઞાનીના વચનો ઉપર બધી રીતે બહુમાન આવવું જોઈએ.**' એમ છે. ગુરુભક્તિના પદ બનાવતા તો એમાં એવા પદ બનાવતા પોતે કે આપના કેટલા ગુણો છે કે જે ગુણોનું માપ નથી એટલા ગુણો છે અને હું વર્ણન જ કરી શકું એમ નથી. પછી ખાચરો કાઢવાની જગ્યા ક્યાં રહી? એમ કહે છે. પછી કોઈ જગ્યા રહેતી નથી. '**જ્ઞાનીના વચનો ઉપર બધી રીતે બહુમાન આવવું જોઈએ. અર્પણતા એવી આવી જાય કે ગુરુદેવ કહે છે તે બરાબર છે.**' એમાં કાંઈ કોઈ અંશે, કોઈ અંશે કાંઈ લાગે નહિ. જે કહે છે એ બરાબર છે. જ્યારે જે કીધું ત્યારે તે તેમ બરાબર જ કહ્યું છે. કેમકે એક પ્રશ્ન કોઈ એક માણસ પૂછે, એ જ પ્રશ્ન બીજો કોઈ એક માણસ પૂછે. એકને કાંઈક જવાબ આપે અને બીજાને કાંઈક જવાબ આપે. અથવા એકને જવાબ આપે એનાથી ઊલટો જ બીજાને જવાબ આપે. ઠીક! ઠેકાણે નહિ હોય એવું નથી હોં! એ બે વાત એમ જ કરવા જેવી હતી માટે કરી છે. જેને જે કહ્યું તે તેની યોગ્યતા જોઈને બરાબર જ કહ્યું છે.

નામ, ઠામ આપ્યા વગર કોઈ તર્ક કરે કે એકને આ પ્રશ્નનો આમ જવાબ મળ્યો અને એ પ્રશ્નનો બીજાને આમ જવાબ મળ્યો. તો આ બરાબર કહેવાય? તો કહે,

હા! એકદમ બરાબર છે! કેમ એકદમ બરાબર? કે એ બે જીવોની યોગ્યતા જ એની, એને એમ જ કહેવા યોગ્ય હશે માટે એમ કીધું હશે.

એકવાર તો એવો પ્રસંગ બન્યો હતો કે ગુરુદેવના મત પ્રમાણે હા માં હા ભેળવવા એક માણસે પ્રયત્ન કર્યો. ગુરુદેવે લાલ આંખ કરી. તમે છાના માના બેસો તમારું કામ નથી આમાં. એમને support કરતા હતા એ ભાઈ. કેટલી જાગૃતિ છે! કે આમાં મારી હા માં હા ભેળવે છે માટે હું એને કાંઈ ન કહું એમ નહિ. તો કહે એવું કરાય? એમ કર્યું એ પણ બરાબર છે. પણ આપ કહેતા હતા એ એમ જ તમારી પાછળ પાછળ એમ જ વાત કરતો હતો. તો કહે નહિ! બીજી વાત નહોતો કરતો અને એમ જ કરતો હતો તોપણ એનો વિરોધ કર્યો એ બરાબર જ છે. અટપટા ખેલ બહુ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી એમાં શું હોય? વિરોધ કરવા પાછળનું શું કારણ?

પૂજ્ય ભાઈશ્રી :- એની પાછળ કારણ પેલાને નુકસાન થાતું હતું એમ કહેવામાં. જે પ્રસંગ ચાલતો હતો એમાં સામાને નુકસાન થાતું હતું. એટલે એમાં પણ એમનો ઉપકાર અને એમની કરુણા જ હતી. એમ જ છે.

મુમુક્ષુ :- સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ.

પૂજ્ય ભાઈશ્રી :- એ એમ જ છે.

મુમુક્ષુ :- એકને જવાબ આપે અને એકને જવાબ ન પણ આપે.

પૂજ્ય ભાઈશ્રી :- જવાબ ન પણ આપે. ન જવાબ આપે એમાં પણ એમનો ઉપકાર, મૌન રહે તોપણ એમનો ઉપકાર અને ઉત્તર આપે તોપણ એમનો ઉપકાર. એમ છે.

શું કહે છે? '**અર્પણતા એવી આવી જાય કે ગુરુદેવ કહે છે તે બરાબર છે.**'

મુમુક્ષુ :- અર્પણતા કેમ લીધી ભાઈ? અર્પણતા એટલે શું કહેવા માગે છે?

પૂજ્ય ભાઈશ્રી :- જો સમર્પણ ન હોય તો ક્યાંક ને ક્યાંક એને બરાબર ન લાગે. આ બરાબર ન થયું આજે. એમ એને લાગ્યા વગર રહે નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અર્પણતા માને?

પૂજ્ય ભાઈશ્રી :- અર્પણતા માને સમર્પણ. અર્પણ મૂળ શબ્દ હૈ લેકિન સમ શબ્દ આગે લગતા હૈ તો સમર્પણ કહતે હૈં. વિશેષ અર્પણતા ઉસકો સમર્પણ કહતે હૈં. કિ સમર્પણ ઉતના હોવે ગુરુકે પ્રતિ કિ, જો વે કહતે હૈં વહ સબ બરાબર. જો ભી કહતે હૈં વહ સબ બરાબર. દૂસરા વિકલ્પ ઊઠે નહીં.

'**તેમણે જે માર્ગ કહ્યો છે તે બરાબર છે.**' અને જે માર્ગ બતાવે છે તે બરાબર છે. પરમાર્થ માર્ગમાં તો એમના જેવા expert કોઈ નથી. એ નિર્ણય પહેલેથી આવી

જવો જોઈએ. '**તેમણે જે માર્ગ કહ્યો છે તે બરાબર છે. તેમ પોતાથી નક્કી કરીને બહુમાન આવવું જોઈએ.**' પાછું ઓઘે ઓઘે નહિ. નક્કી કરીને. એટલે સુધી પહોંચ હોય કે એ કહે છે એ કેવી રીતે બરાબર છે? પછી એનો વિકલ્પ ઊઠે નહિ.

મુમુક્ષુ :- આપે ડાયરીમાં લીધું હતું કે અંતર મેળવણીપૂર્વક પ્રીતિ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એટલે એને બહુમાન આવ્યા વિના રહે નહિ. એને માપ આવે કે ઓહોહો..! કેટલા આગળ જઈને વાત કરે છે! એટલે ક્યાંય પછી એને વિકલ્પ ઊઠવાનું કારણ રહેતું નથી.

મુમુક્ષુ :- સમગ્રપણે જ્ઞાનીપુરુષની ઓળખાણ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પૂરી ઓળખાણમાં પછી ક્યાંય વિકલ્પ આવવાનો અવકાશ નથી.

'**પોતે વિચાર કરીને નક્કી કરે કે આ સત્પુરુષ છે તે અપૂર્વ માર્ગ બતાવી રહ્યા છે.**' બરાબર સમજીને નિર્ણય કરેલો છે. આ સત્પુરુષ છે એ મને કોઈ અપૂર્વ માર્ગ, આત્મકલ્યાણનો પરમાર્થ માર્ગ, સત્ય માર્ગ મને બતાવે છે, એની અંદરમાં ખાતરી થઈ ગઈ, પછી ખલાસ. ખાતરી થઈ ગઈ પછી કાંઈ અવકાશ રહેતો નથી. '**પછી, તે કહે તે બરાબર છે તેમ પોતાને અંતરમાંથી તે પ્રકારે બહુમાન-ભક્તિ આવે છે.**' અંદરથી જ એ પ્રમાણે એને બહુમાન અને ભક્તિ આવે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! બહુમાન અને ભક્તિમાં ખામી છે એટલે ખાતરી નથી એમ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. ખાતરી નથી અને પોતાના આત્મા ઉપર જે ઉપકાર થવો જોઈએ એ એમના નિમિત્તે જે અસર આવવી જોઈએ એ અસર આવી નથી. અસર આવે અને અહીંયાં ફાયદો થયો હોય (તો) પછી એ બીજો વિચાર ન કરે. લૌકિકમાં પણ એક ડૉક્ટર માટે બે મત હોય છે કે નથી હોતા? એક જણો એમ કહે કે ભાઈ અમે તો એની દવા ઘણી કરી પણ અમને કાંઈ ફાયદો ન થયો. બીજો એમ કહે કે ભાઈ મેં તો થોડીક દવા કરી ને મને મોટો ફાયદો થયો. પછી જેને ફાયદો નથી થયો એ ઓલાને ખોટો ઠરાવવા માટે ગમે તેટલી દલીલ કરે ઓલો માને ખરો? કે ભાઈ હું સાજો થઈ ગયો અને મારી પીડા ગઈ. માટે તું એમ કહે કે એના દવાખાને તું જઈશ નહિ. તો એ વાત મારાથી નહિ બને. મને એ ડૉક્ટરથી ફાયદો થયો છે અને હું એની દવા લેવાનો છું. પણ કહે કે મને નથી થયો, તો કહે તારું તું જાણ હવે! આમ છે. જેને ઉપકાર થયો હોય એને તો બીજો પ્રકાર આવે નહિ.

મુમુક્ષુ :- સત્પુરુષ છે તે અપૂર્વ માર્ગ બતાવી રહ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- અપૂર્વ માર્ગ. એને પોતાને અપૂર્વતા ભાસે છે. શું થાય છે? એને અસર થાય છે અંદરમાંથી. અપૂર્વ ભાવો પોતાને આવે છે. પૂર્વે નહિ થયેલા એવા ભાવો અંદરથી આવે છે એટલે એનો આરોપ એમના ઉપર કરે છે કે આ તો અપૂર્વ માર્ગ બતાવે છે. અપૂર્વ માર્ગ બતાવે છે. એટલે અપૂર્વતાની કિંમત ઘણી છે. અનંતકાળમાં કોઈ દિવસ પૂર્વે ન થયું હોય એનું નામ અપૂર્વ છે. તો એની કિંમત કાંઈ આંકી શકાય એટલી નથી. એટલે એને બહુમાન અને ભક્તિ ઘણી આવે છે.

મુમુક્ષુ :- ભૂતકાળ એનો કેવો હતો એ ખબર નથી એને. એમ છતાં એને એમ લાગે છે કે આ અપૂર્વ છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જાગૃતિ પહેલીવહેલી આવે છે. મુમુક્ષુની ભૂમિકામાં તો અંતર જાગૃતિ આવે છે. એ અંતર જાગૃતિ યથાર્થ પ્રકારે આત્મામાંથી આવવાની શરૂ થાય. હજી સમ્યક્‌દશા નથી પણ આત્મામાંથી આવવાની શરૂ થાય ત્યારે એને ખ્યાલ આવી જાય છે કે આ આત્માને, એટલે પોતાના આત્માને, વર્તમાનમાં જે જાગૃતિ વર્તે છે એવી જાગૃતિ પૂર્વે કદી આવી નથી. અને એ જાગૃતિ આવવાનું કારણ આ પુરુષનો સંગ થયો એ છે. નહિતર એ પહેલા આવું ક્યારેય આવું બન્યું નથી. માટે એનો ઉપકાર અમાપ છે એમ આવ્યા વગર રહે નહિ.

અંદરમાં આત્મા હિત માટે જાગી ગયો. શું થયું? નિજહિત માટે જાગી ગયો. અને એવો જાગ્યો એવો જાગ્યો કે હવે ઊંઘવાનો નથી. નહિ જાવ! હવે ભવિષ્યના કોઈ કાળ માટે પોતે તે જાગૃતિ છોડીને પોતાનું અહિત નહિ કરે એવો એને વિશ્વાસ આવી જાય છે. અને એને એમ લાગી જાય છે કે હવે હું આખો સંસાર તરી ગયો. 'ભવસાગર તો સૂખ ગયો હૈ,...' પહેલા તો એને ચિંતા હતી કે ઓહોહો..! મારું અનંત પરિભ્રમણ શે મટશે? અનંતકાળથી પરિભ્રમણ કરું છું અને ભવિષ્યમાં મારું અનંત પરિભ્રમણ કેવી રીતે જાશે? આ બહુ મોટી સમસ્યા છે, પણ ગુરુ વચનોનો જ્યાં ઉપકાર થયો ત્યાં એને એમ થઈ ગયું કે હવે આ સંસાર મારો સુકાઈ ગયો છે. તરવાની જ મારી મહેનત વઈ ગઈ આ તો. જે સંસાર હું પુરુષાર્થ કરીને તરીશ એમ લાગતું હતું, હવે તો મારે મહેનત જ - જાણે પરિશ્રમ જ નહિ કરવો પડે. મારો સંસાર જ સુકાઈ ગયો. તરવાની મહેનત ક્યાં રહી? એવું દેખાય જાય છે.

મીરાં તો માર્ગાનુસારી હતા. એમના ગુરુ પ્રત્યે એમને એવી ભક્તિ આવી. મૂળ કહેવું શું છે? ભક્તિ સાચી હતી. એની જે ભક્તિ હતી તે સાચી હતી તો એને સંસાર સુકાઈ ગયો હતો. એ એને દેખાતું હતું. એવું અંદરથી પોતાને ભાસી જાય છે અને તે યથાર્થ જ હોય છે. એવું જે આત્મામાંથી ભાસે છે તે યથાર્થ જ હોય છે, એમ

જ બને છે.

મુમુક્ષુ :- ભક્તિ સાચી હોય એને બધું સાચું જ થઈ ગયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- એવી વાત છે. સાચી ભક્તિ મિથ્યાત્વ જેવા ગાઢમાં ગાઢ-પ્રગાઢ દોષને ગાળી નાખે છે, તો પછી બીજા દોષોનું તો કોઈ મગદુર કે મજાલ નથી કે ન ટળે. મિથ્યાત્વ અને અજ્ઞાન જેવા ગાઢ થયેલા દોષોને પણ ગાળી નાખે. એટલે કૃપાળુદેવે કહ્યું કે ભક્તિ છે એ સર્વોપરી સાધન છે. કેવું સાધન લીધું? શબ્દ કેવો વાપર્યો છે! બધાની ઉપર. ઉત્કૃષ્ટ શબ્દ ન વાપર્યો ત્યાં. એ સર્વોપરી સાધન છે જો સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણમાત્રમાં મોક્ષ આપે એવો પદાર્થ છે. ભક્તિને પદાર્થ કહી દીધો. પર્યાય ન કીધી અને પદાર્થ કીધો. એવી વાત છે. બહુ અનુભવથી લખેલી વાતો છે અંદર (શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રોમાં.)

વર્તમાનમાં માથે ગુરુ નથી એણે આમ લખ્યું છે. અને જ્ઞાન કેવું? ગુરુની ઉપસ્થિતિ નથી તોપણ એવું લખ્યું છે. બાકી ભૂતકાળમાં એમણે ભક્તિ એવી જ કરી હશે હોં! એવી જ ભક્તિ કરી હશે. એમને જે સત્પુરુષ મળ્યા હશે એના પ્રત્યે એમની જે ભક્તિ હશે એ એવી જ ભક્તિ હશે એમની.

મુમુક્ષુ :- ભક્તિ કરતા-કરતા જ અહીંયાં આવ્યા હશે. એટલે અહીંયાં પણ ભક્તિના જ ગાણા ગાયા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા ગાયા છે! મૂળ તો શું છે કે પ્રત્યક્ષ યોગનું મહત્ત્વ જીવો સમજતા નથી. ભૂતકાળના જ્ઞાનીઓને તો પૂજે છે. મોટા-મોટા ફોટા બનાવડાવીને, હાર પહેરાવીને. પ્રત્યક્ષ યોગનું મહત્વ બહુભાગ જીવોને સમજવામાં આવતું નથી. અને આ બીજભૂત ભૂલ જે રહી ગઈ એટલે સંસાર ચાલુ રહી ગયો. જો આ એક ભૂલ મટે તો ત્યારપછીની તમામ ભૂલો બધી મટી જાય. એ વાતનું એમને બહુ લક્ષ રહી ગયું છે. એ ખ્યાલ એમને બહુ જોરદાર રહ્યો છે એટલે એ વાતને એમણે વારંવાર point out કરી છે. અહીંયાં ધ્યાન રાખો, આ વાતનું ધ્યાન રાખો. અહીંયાં ભૂલ નહિ કરતા. કારણ કે એમણે ગોથા તો ખાધા છે. જાતિસ્મરણ જ્ઞાન છે એટલે બધી ખબર છે કે એમણે પણ પૂર્વભવમાં ગોથા ખાધા છે.

મુમુક્ષુ :- સોભાગભાઈએ પણ આ વાત લખી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા લખી છે. કે આમ કેમ છે? લોકો ભૂતકાળના જ્ઞાનીને પૂજે છે અને વર્તમાનના જ્ઞાનીને સમજતા નથી એમ કેમ છે? કે ભૂતકાળના જ્ઞાનીને સંસારભાવો તો કાંઈ દેખાય નહિ. એમના તો લખાણ રહ્યા એમાં બધા પરમાર્થના લખાણ રહ્યા હોય એટલે એક જ સાઈડ દેખાય, ઉજળી સાઈડ. અને વર્તમાન હોય

એની બેય વાત દેખાય. એટલે કોઈ રીતે મન માને નહિ. મન તૈયાર ન થાય. બુદ્ધિ તૈયાર ન થાય. આ સ્થિતિ ઊભી થાય છે. સત્પુરુષની ઓળખાણ અનંતકાળે પણ નથી થઈ, એનું કારણ આ છે કે ઓળખાણ તો પ્રત્યક્ષતામાં જ થાય અને પ્રત્યક્ષતામાં તો ઓળખાણ ન થાય એવું ઘણું બને. એવું ઘણું જોવા મળે, બને નહિ એવું ઘણું જોવા મળે. તો બુદ્ધિ કેવી રીતે હા પાડે એને? એ ૨૦૬ થયો.

**પ્રશ્ન :– ગુરુ કહે એમાં શંકા ન પડે એવી જાતની તૈયારી જોઈએ?**

**સમાધાન :– તે જાતની તૈયારી અંદરમાંથી બહુમાન–ભક્તિવાળાને થઈ જાય છે. ગુરુ જે કાંઈ કહેતા હોય તેમાં કાંઈક આશય હશે! કાંઈક હિત હશે! એવો અર્થ ગ્રહણ કરે છે. આમ દેખાવા છતાં તેઓ આમ કેમ કહે છે?–એમ નહીં, પણ તેમાં કાંઈ હિત કે આશય હશે, એમ પોતે ગ્રહણ કરે છે.**

**મુમુક્ષુ :– એક હોય ત્યાં અવિનાભાવી બીજું હોય જ? આત્માની રુચિ લાગે તેને જ્ઞાની પ્રત્યે બહુમાન હોય જ?**

**બહેનશ્રી :– અંતરની રુચિ હોય તેને જ્ઞાની પ્રત્યે બહુમાન હોય જ, એવો સંબંધ છે. અંતરની રુચિ હોય અને ગુરુ પ્રત્યે બહુમાન ન હોય તેમ ન બને. જો ગુરુ પ્રત્યે બહુમાન ન આવે તો તેની રુચિમાં કચાશ છે. તેણે પોતાની બુદ્ધિ અને કલ્પનાથી બધું નક્કી કર્યું છે. જેની રુચિ આત્માને પામવાની છે, તેને ગુરુ પ્રત્યે અર્પણતા સાથે હોય જ છે કે હું કાંઈ જાણતો નથી. પોતે જે માર્ગે જાય છે તે માર્ગ જેણે પ્રગટ કર્યો તેનો વિનય અને ભક્તિ તથા અર્પણતા તેના હૃદયમાં હોય જ. ૨૦૭.**

## પ્રશ્ન ૨૦૭ ઉપર પ્રવચન

પછી એ પ્રશ્ન કર્યો છે કે '**ગુરુ કહે એમાં શંકા ન પડે એવી જાતની તૈયારી જોઈએ?**' એમ. તો કહે '**તે જાતની તૈયારી અંદરમાંથી બહુમાન-ભક્તિવાળાને થઈ જાય છે.**' કરવી પડતી નથી. બહુ સરસ. પહેલા વાક્યમાં જ જવાબ આપી દીધો છે. પછી તો વિસ્તાર કર્યો છે. પણ પહેલા વાક્યમાં જ એમણે જવાબ આપી દીધો છે એક જ વચનમાં.

પ્રશ્ન પૂછનારે એમ કહ્યું કે એવી તૈયારી અમારે કરવી હોય તો પછી કેવી રીતે

કરીએ? કે અમને શંકા ન પડે ગુરુની વાતમાં. તો કહે અંદરથી બહુમાન અને ભક્તિ થઈ હોય એને એ તૈયારી થઈ જાય છે, એને એ તૈયારી કરવી પડતી નથી. એની એક જ સાઈડ ચાલે છે, બીજી સાઈડ ચાલતી નથી. એ બધી ચર્ચા કરી દીધી છે. બહેનશ્રીએ તમામ ચર્ચા કરી છે. બોલો!

આ સહજ છે એમ કહેવું છે. થઈ જાય છે એનો અર્થ શું છે? એ સહેજ છે. કોઈ કૃત્રિમતાથી બુદ્ધિ ઊભી થાય છે અને એ બુદ્ધિને પાછી આમ ખેંચવી પડે છે એ વાત નથી. કે અંદર તર્ક-વિતર્ક ઊઠે છે, વળી પાછો એને માથાકૂટ કરીને એને બેસાડે છે - એમ નહિ. પોતાને જ ઓળખાણ થઈને એટલી ભક્તિ-બહુમાન આવે છે કે એને ક્યાંય શંકા પડતી નથી.

મુમુક્ષુ :- feelingનો વિષય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પોતાનો અનુભવ બોલે છે. શું બોલે છે? એનો અનુભવ એમ કહે છે કે આ જે માર્ગ બતાવે છે, અપૂર્વ માર્ગ બતાવે છે એ એક જ મને દેખાય છે, બીજું કાંઈ મને દેખાતું નથી. જે અપૂર્વ માર્ગ બતાવે છે એ જ મને દેખાય છે કે, મારું પરમ હિત સધાય છે આમાં. આ સિવાય મારે બીજું કાંઈ કામ નથી, મારે આ સિવાય બીજું કોઈ કામ નથી. મારું હિત થાય એ સિવાય મારે બીજું કાંઈ કામ નથી. એટલે એને બીજી બધી વાત ખોટી માથાફોડ જેવી લાગે છે. અને એનાથી એમ જ થઈ જાય છે. એ તૈયારી એવી એની થઈ જાય છે કે એને બીજો કોઈ તર્ક-વિતર્ક ઊઠતો નથી.

મુમુક્ષુ :- જે ઓળખાણ થાય છે એ એને માર્ગની જે વિધિ છે ત્યાંથી ઓળખાણ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- થાય છે. કેમકે એ ગુપ્ત રહસ્ય છે. Top secret. એ રહસ્ય મળ્યું એની તુલનામાં કોઈ વાત રહેતી નથી. પછી એને તોળતા આવડે છે. તુલનાત્મક દૃષ્ટિકોણ છે. આની તુલનામાં કાંઈ બીજું અમને જોવાનું રહેતું નથી. અથવા આ એક જ પ્રયોજન છે અને આ સિવાય બીજું બધું અપ્રયોજનમાં જાય છે. વાત પૂરી થઈ ગઈ. finish કરી નાખી છે.

અપ્રયોજનભૂત વિષયમાં સમય અને શક્તિ ખર્ચવાની ભૂલ પોતે કરતો નથી. એ તો પોતાના પ્રયોજનની પાછળ એટલો લાગેલો છે. અને એ પ્રયોજન એને ભક્તિ દ્વારા સધાતું જાય છે. શું થાય છે? ભક્તિ અને બહુમાનના ભાવોથી સધાતું જાય છે. હું જેની ભક્તિ અને બહુમાન કરું છું. મારામાં નિર્મળતા આવતી જાય છે, મારું કામ આગળ થતું જાય છે, મારી મૂંઝવણો ટળતી જાય છે, મને આ ફાયદો થતો જાય

છે. મારા પ્રયોજન સિવાય મારે કાંઈ લેવા-દેવા રહેતી નથી. વાત પૂરી થઈ ગઈ.

મુમુક્ષુ :- ઉપરમાં પણ એમ જ લીધું છે કે અપૂર્વ માર્ગ બતાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા અપૂર્વ માર્ગ બતાવી રહ્યા છે. વિધિ, વિધિ બતાવે છે. અપૂર્વ વિધિ. ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે... આવી વાત છે આ? જગતમાં કોઈ જાણતું નથી એવી આ વાત છે. જે માત્ર એના પરિણમનથી એનો જે ભાવ આવે છે વાણીમાં, ત્યાંથી એ પકડાય છે. આટલું કોઈ અંશે બહાર આવે છે એ ત્યાં બધું પકડાય છે, અંદર કેટલું હોય એનો અંદાજ આવી જાય છે. બસ. એને જે ભક્તિ અને બહુમાન આવે છે! finish થઈ ગયું.

બહારમાં (સંસારમાં) દેહાર્થી હોય, દેહાધ્યાસવાળા ડૉક્ટર (કહે એમાં) ફેરફાર નથી કરતા. એટલું તો એને પોતાને પ્રૅક્ટિકલ જ્ઞાન થાય છે કે નથી થતું? અહીં સુધી રાખીએ.

આશય :- (૨૦૫) :- **પુરુષાર્થ પોતે કરે છતાં સહજ ગુરુ ઉપકારવશ તેની ગૌણતા રહે તે ભક્તિભાવથી થતો વિશેષ ઉપકાર છે. એવો પરમાર્થ જેને પોતાના અનુભવથી સમજાય છે, તેને પુરુષાર્થ પોતે કરે છતાં ઉપકાર માનવો એ પ્રશ્ન રહેતો નથી.**

આશય :- (૨૦૬) :- **પોતાના આત્મા ઉપર જ્ઞાનીપુરુષના પ્રત્યક્ષ સમાગમથી જે કાંઈ આત્મલાભ થયો હોય તેને અંદરથી ભક્તિ આવે છે. અંતરની અપૂર્વ જાગૃતિને લીધે સર્વાર્પણબુદ્ધિ ઉત્પન્ન થાય છે ત્યારે તે જીવ સંસાર સાગર તરી જાય છે.**

❀

**આત્માના અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જા, બસ!...તારું અસ્તિત્વ આશ્ચર્યકારી અનંત ગુણપર્યાયથી ભરેલું છે. તેનું પૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં પણ પૂરું આવી શકતું નથી. તેને અનુભવી, તેમાં ઠરી જા.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૨૨૮**

## તા. ૧૮-૭-૧૯૯૭, પ્રશ્ન- ૨૦૭-૨૦૮
## પ્રવચન નં. ૧૫૦

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૩૨. પ્રશ્ન-૨૦૭મો. પ્રશ્ન કાલે શરૂ કર્યો હતો. ફરીથી લઈએ. **'ગુરુ કહે એમાં શંકા ન પડે એવી જાતની તૈયારી જોઈએ?'** પ્રશ્ન પૂછનારને તો એમ છે કે એવી જાતની માનસિક તૈયારી કરવી જોઈએ? અથવા એવો અભિપ્રાય તૈયાર કરવો જોઈએ? એમ. એવો પ્રશ્ન છે. અને ગુરુ કહે એમાં શંકા ન કરવી. વિચારી રાખ્યું હોય એવું. વિચારીને સ્વીકાર કરી રાખ્યો હોય એ વાતનો કે જ્ઞાની કહે, ગુરુ કહે એમાં શંકા ન કરવી. તો એ પ્રકારની તૈયારી બરાબર છે?

એમ પ્રશ્ન પૂછ્યો. એ તૈયારી છે એ વૈચારિક તૈયારી છે. કેવી છે? વૈચારિક તૈયારી છે. બહેનશ્રીએ ઉત્તર આપ્યો છે feelingની તૈયારીનો. વૈચારિક તૈયારીનો જવાબ નથી આપ્યો. જુઓ! જવાબમાં વિચિક્ષણતા શું છે? અથવા જવાબ જવાબમાં ફેર પડે, નહિતર સામાન્ય રીતે માણસ એમ જવાબ આપે કે બરાબર છે એવી તૈયારી કરવી જોઈએ અને એવી તૈયારી રાખવી જોઈએ કે આપણને શંકા ન પડે. એવી તૈયારી રાખી હોય છતાં કોઈ વાત એવી હોય કે જેમાં પોતાની બુદ્ધિ ના પાડતી હોય. ત્યાં શું કરે? અથવા પોતાના વિચારો અને પોતાના અભિપ્રાયોથી વિરુદ્ધ કોઈ વાત હોય ત્યારે એની વૈચારિક તૈયારીમાં એ શું કરશે? ત્યાં એ કદાચ વિચલિત થઈ જશે.

પણ જેને ભક્તિ હોય, જેને બહુમાન હોય, શા કારણથી? કે પોતાના આત્મા ઉપર ઉપકાર થયો છે તે કારણથી. એને feeling હોય છે એ જાતની. કે **'તે જાતની તૈયારી અંદરમાંથી બહુમાન (અને) ભક્તિવાળાને થઈ જાય છે.'** અથવા હોય જ છે, એને વિચારીને તૈયાર થવું પડતું નથી. એની સહજ યોગ્યતામાં એવું હોય છે એમ કહેવા માગે છે. ભક્તિ અને બહુમાનને કારણે અને જે ભક્તિ અને બહુમાન પોતાના આત્મા ઉપર થયેલા ઉપકારવશતાને લીધે ઉત્પન્ન થયા છે. એની સહજ યોગ્યતા એવી હોય છે, કે એને શંકા પડે એવી યોગ્યતા એની હોતી નથી. ક્યાં તફાવત પાડ્યો!

શંકા નહિ કરનારાના બે પ્રકાર. એક વિચારથી તૈયાર થયો હોય એ પણ કદાચ શંકા ન કરે અને કદાચ કરી લે, જ્યારે જેના આત્મા ઉપર ઉપકાર થયો છે એની બુદ્ધિ વિશેષ ભલે એટલી ન હોય તોપણ એને અંદરથી જ એમ આવે. એની સહજ

યોગ્યતા જ એવી હોય તો એને શંકા પડે નહિ.

**'ગુરુ જે કાંઈ કહેતા હોય તેમાં કાંઈક આશય હશે!'** એને શું લાગે? કે કાંઈક હશે અંદર. કદાચ તમને ન સમજાય, મને ન સમજાય એવું બને ખરું. પણ કાંઈક એમાં આશય હશે. એ વાત એણે સ્વીકારી છે. કેમકે એમનો જે આશય છે એ આશયની અસર એને પોતાના આત્મા ઉપર થઈ છે. એ આશય એને કોઈ અંશે સમજાણો છે. એટલે એ વાત એના આશયની વાત એને દેખાય છે. બીજો આશય નથી સમજી શકતો એટલે એને શંકા થવાનો અવકાશ છે. આશય ન પકડી શકે એને શંકા થવાનો અવકાશ છે. આશય પકડ્યો હોય એને શંકા થવાનો અવકાશ નથી.

મુમુક્ષુ :- પોતે પોતાનું હિત વિચારી શકે છે. એના કરતા શ્રીગુરુ વધારે વિચારી શકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સીધી વાત છે. જ્યારે ઓળખાણથી, સમજણથી એમ નક્કી કર્યું હોય કે મારા કરતા આગળ છે, પછી એના કરતા આગળ જવાની જરૂર રહેતી નથી. બખડજંતર ક્યાં થાય છે? કે પોતે આગળ થવા જાય છે ત્યાં.

**'ગુરુ જે કાંઈ કહેતા હોય તેમાં કાંઈક આશય હશે! કાંઈક હિત હશે!'** કાંઈક હિતથી વાત કરતા હશે. કેમકે એ તો હિતબુદ્ધિથી કહેવાવાળા છે. હિતબુદ્ધિએ પ્રવૃત્તિ કરવાવાળા છે એટલે એમાં કાંઈક હિત હશે.

મુમુક્ષુ :- આમાં બહેનશ્રીએ આશય શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- આશય અને હિત બે શબ્દ વાપર્યા છે. એ તો બધાનો એક જ મત આવવાનો છે. બધા જ્ઞાનીઓનો એક જ મત આવવાનો છે.

મુમુક્ષુ :- રાતે કીધેલુંને કે આશયના પણ ઘણા બધા પડખાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આશયના ઘણા પડખાં છે. કાલે બે-ત્રણ પડખાંની તો વાત ચાલી હતી.

મુમુક્ષુ :- એમાં આ પણ એક પડખું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો.

**'જે કાંઈ કહેતા હોય તેમાં કાંઈક આશય હશે! કાંઈક હિત હશે! એવો અર્થ ગ્રહણ કરે છે.'** અરે.. જગતમાં પક્ષપાતી લોકો છેને? એ પણ સામાન્ય દેખત વાતને તરત માનતા નથી. દેખાય એવી વાતને તરત માનતા નથી. જેમકે બે છોકરા આડોશ-પાડોશમાં ઝઘડો કર્યો. અને એક છોકરાએ બીજા છોકરાને માર્યું. માર્યું તો વાગ્યું એને લોહી-બોહી કે ઢીમડું થયું એવું દેખત રીતે. હવે માર્યું એમાં શંકા નથી કેમકે એની પરિસ્થિતિ દેખત રીતે દેખાય એવી છે. એટલે એના મા-બાપ સહેજે કહેવા આવે કે

જુઓ! આ તમારા છોકરાએ આવી રીતે માર્યું. કેવું માર્યું? જુઓ! દેખાય છે કે નહિ તમને? એટલે પક્ષપાત કરનાર શું કહે એના મા-બાપ ખબર છે? તમારા છોકરાએ કાંઈક કર્યું હશે, નહિતર મારો છોકરો એવું મારે નહિ. ઠીક! બોલ બેટા તે શું કર્યું હતું? શું કહેશે? તને માર્યું એમ ન કહે. તે કાંઈ કર્યું હતું એને? એ વાત કઢાવશે પહેલા. જુઓ! પક્ષપાત છેને તોપણ એને પોતાના છોકરામાં શંકા નથી પડતી. નહિતર ખબર છે કે આ તોફાની છે, મારે એવો છે અને માર્યું છે એ વાત નક્કી છે. તો પહેલા તો એને નિષ્પક્ષ થઈને ઠપકો દેવો જોઈએ કે કેમ તે એવું માર્યું? તો એ તરત કહેશે કે મને એણે આમ કર્યું માટે મેં એને આમ કર્યું, અથવા મારી ભૂલ થઈ - બેમાંથી એક વાત. બેમાંથી એક તો વાત કહેશેને? પક્ષપાત હોયને તો આમ કરે છે. એટલો સંસારી જેટલો પક્ષપાત પણ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને ન હોય ત્યારે શંકા થાય. એમાંથી પણ ગયો! એવું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી થોડા હિન્દીમેં બતાઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- જૈસે દો લડકા કોઈ ઝઘડા કરતા હૈ તો એકને માર દિયા દૂસરેકો. દેખનેમેં આયા કિ દેખો ઉસકો ખૂન નિકલા હૈ. પત્થર-પત્થર માર દિયા ખૂન નિકલા. તો ઉનકે parents આયેંગે. બોલે કિ દેખો આપકે લડકેને કિતના માર દિયા હમારે લડકેકો? ઠીક બાત હુઈ ક્યા? તબ યહ ક્યા બોલેગા? કિ આપકે લડકેને કુછ કિયા હોગા, કુછ મારા હોગા, કુછ બોલા હોગા, કુછ ગાલી દી હોગી યા કુછ ન કુછ ઐસા કિયા હોગા ઈસલિયે ઉસકો ઈતના ગુસ્સા આયા હોગા, વરના વહ ઐસે નહીં મારતા.

વહ ક્યા કરતા હૈ? કિ અપને લડકેકો ઠપકા નહીં દેતા કિ ક્યોં મારા તુમને? શંકા ક્યા કરતા હૈ? અગલેકી બાતમેં. અપને લડકે પર શંકા નહિ કરતા. સામનેવાલે પર શંકા કરતા હૈ. જબકી ઉસકો લગા હૈ. ઈતના પક્ષ જ્ઞાનીકે પ્રતિ ભી નહીં હોતા હૈ તબ ઉસકી બાતમેં શંકા હો જાતી હૈ.

'**કાંઈક હિત હશે! એવો અર્થ ગ્રહણ કરે છે.**' એવો ભાવ ગ્રહણ કરે છે, એવો અર્થ ગ્રહણ કરે છે એટલે એવો ભાવ ગ્રહણ કરે છે. એ જ્ઞાની કાંઈક હિતથી કહેતા હશે. આશય એટલે ઈરાદો. આશયનો સાદો અર્થ શું થાય છે? ઈરાદો. એમાં કોઈક હિતનો ઈરાદો હશે. '**એવો અર્થ ગ્રહણ કરે છે. આમ દેખાવા છતાં તેઓ આમ કેમ કહે છે?-એમ નહીં,...**' દેખીતી વાત આમ છે છતાં આમ કેમ કહે છે? એમ ન આવે. આવે જ નહિ.

'**પણ તેમાં કાંઈ હિત કે આશય હશે, એમ પોતે ગ્રહણ કરે છે.**' ત્યારે બીજો

પ્રશ્ન વચ્ચે ઉઠાવ્યો છે.

મુમુક્ષુ :- શંકા તો ન થાય, આશંકા થાય?

પૂજ્ય ભાઈશ્રી :- આશંકા વહ તત્ત્વકે વિષયમેં હોતી હૈ. તત્ત્વકે વિષયમેં આશંકા હોતી હૈ. તો ઉસમેં જિજ્ઞાસાવૃત્તિ હૈ કિ, આપ કહતે હો બાત તો સત્ય હૈ! આશંકામેં ક્યા હૈ કિ આપકી બાત તો સત્ય હૈ, લેકિન મેરી સમજમેં બાત નહીં આઈ ઈસલિયે મુઝે લગતા હૈ કિ મેરા પ્રશ્ન હૈ કિ યહ કૈસા? યહ બાત કૈસે? ઉસકો આશંકા કહતે હૈં.

મુમુક્ષુ :- એટલે તત્ત્વમાં જે રહે તે આશંકા, બાકી શંકા?

પૂજ્ય ભાઈશ્રી :- શંકામેં તો આપકે ઉપર doubt હો ગયા. integrity doubtful હો ગઈ. યહ બાત હો ગઈ.

મુમુક્ષુ :- આશંકામેં સ્વીકાર કરતા હૈ કિ બાત ઉસકી સમજમેં નહિ આઈ. કોઈ ભી બાત ઉસકે સમજમેં નહીં આતી વહ ઉસકી ભૂલ હૈ. ઈસલિયે વહ સમાધાન કરના ચાહતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ (સમાધાન) ચાહતા હૈ કિ, મેરી સમજ કુછ કમ હૈ. આપકી સમજ જ્યાદા હૈ ઔર મેરી સમજ કમ હૈ. તો આપ મુજે સમજાઈએ, ઔર સમજાઈએ. આશંકામેં યહ ઈરાદા હૈ કિ મુજે ઔર સમજાઈએ. તો ઉસમેં આપ સચ્ચે હૈં વહ બાત રખકરકે હૈ. ઔર શંકામેં પહલે આપ જૂઠે હૈં વહ બાત હૈ. કિ આપ જૂઠે હૈં. ઉસકો શંકા કહતે હૈં. શંકા-આશંકામેં વહ ફર્ક હૈ.

'**આત્માની રુચિ લાગે તેને જ્ઞાની પ્રત્યે બહુમાન હોય જ?**' એમ રુચિ અને બહુમાનમાં અવિનાભાવીપણું છે? એમ. એક હોય ત્યાં બીજું હોય જ. એને અવિનાભાવી કહે છે. અવિનાભાવી શાસ્ત્રીય શબ્દ છે, એનો સાદો અર્થ છે કે આમ હોય ત્યાં આમ હોય જ. ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ. ધુમાડો હોય અને અગ્નિ ન હોય એવું ન બને. વગર અગ્નિએ એકલો ધુમાડો ન હોય એમ કહેવું છે. એ અવિનાભાવી છે.

બહેનશ્રી ઉત્તર આપે છે. '**અંતરની રુચિ હોય તેને જ્ઞાની પ્રત્યે બહુમાન હોય જ, એવો સંબંધ છે.**' આત્માની રુચિ હોય, આત્માની રુચિ હોય એટલે આત્મકલ્યાણની રુચિ હોય અને આત્મકલ્યાણમાં પરમ નિમિત્ત હોય એને પોતાના સ્વકાર્યમાં ઉપકારી દેખાય છે એટલે એના પ્રત્યે એને બહુમાન આવ્યા વિના રહેતું નથી. કે મારે જે કામ કરવું છે, જે કામ કરવાની મને તાતી જરૂરિયાત લાગી છે. કેવી? તાતી જરૂરિયાત લાગી છે કે આ કર્યા વિના આ ભવમાં મારે ચાલે જ નહિ. આ ભવમાં આ કામ મારે કરવું, કરવું ને કરવું, કોઈપણ ભોગે કરવું જ છે. એમાં જે સહાયક થાય છે,

એના પ્રત્યે એને ઉપકારબુદ્ધિ અને બહુમાન આવ્યા વિના રહે નહિ.

બીજે તો શું છે કે ભાઈ ચાલો બેંકની લોન લેવી છે તો એક બેંક ન આપે તો બીજી બેંકમાં ટ્રાય કરો. અહીંયાં એવું થતું નથી. અહીં તો કરોડોમાં, કરોડોમાં નહિ અબજોમાં એકાદ જ્ઞાની હોય છે. એટલે અહીંયાં એવું નથી કે ઘરે ઘરે માલ મળે છે એવું પણ નથી.

'**અંતરની રુચિ હોય...**' કારણ કે રુચિ જરૂરિયાતમાંથી જાગી છે. રુચિ ક્યાંથી ઉત્પન્ન થઈ છે? જરૂરિયાતમાંથી. '**તેને જ્ઞાની પ્રત્યે બહુમાન હોય જ, એવો સંબંધ છે.**' એવો રુચિ અને બહુમાન સાથેનો અવિનાભાવી સંબંધ છે. '**અંતરની રુચિ હોય અને ગુરુ પ્રત્યે બહુમાન ન હોય તેમ ન બને.**' એને તો ગુરુ પ્રત્યે બહુમાન ઘણું હોય છે. બહુમાન હોય છે નહિ બહુમાન ઘણું હોય છે. અનંત ઉપકાર માને છે. કેટલો? જેની હદ નથી એટલો ઉપકાર. કેટલો? જેની કોઈ હદ નથી. આટલેથી હદ આવી ગઈ એમ નથી ત્યાં. કોઈ એક વાતથી હદ આવી ગઈ એ વાત ત્યાં નથી.

એવી '**અંતરની રુચિ હોય અને ગુરુ પ્રત્યે બહુમાન ન હોય તેમ ન બને.**' કેમકે બેહદ બહુમાન હોય છે. '**જો ગુરુ પ્રત્યે બહુમાન ન આવે તો તેની રુચિમાં કચાશ છે.**' સિદ્ધાંત કાઢ્યો એક. સિદ્ધાંત કાઢ્યો કે જો ગુરુ પ્રત્યે બહુમાન ન હોય તો એની રુચિમાં ગડબડ છે. એને આત્મકલ્યાણની એટલી રુચિ નથી. બહુ સ્પષ્ટ થઈ ગયું એ. એ ખરેખર એને આત્મકલ્યાણ કરવું છે કે કેમ? એ જ શંકાસ્પદ વાત છે.

'**તેણે પોતાની બુદ્ધિ અને કલ્પનાથી બધું નક્કી કર્યું છે.**' જુઓ! શું કર્યું છે? પોતાની બુદ્ધિ લગાવી છે. એ વાત ભુલાઈ ગઈ કે હું પાછળ છું કે હું આગળ છું- એ વાત ભુલાઈ ગઈ અને પોતાની બુદ્ધિ અને પોતે કલ્પે છે પછી. કેમકે પોતાને ખબર તો નથી કે માર્ગ કેવો છે એ? એ પછી કલ્પના કરે છે. અને કલ્પનાથી બધું નક્કી કર્યું છે. '**જેની રુચિ આત્માને પામવાની છે, તેને ગુરુ પ્રત્યે અર્પણતા સાથે હોય જ છે કે હું કાંઈ જાણતો નથી.**' રુચિ, બહુમાન, ઉપકાર અને અર્પણતા. પછી એક નવો ફેક્ટર લીધો. જ્યારે અનંત ઉપકાર એમનો ભાસે ત્યારે એને સર્વાર્પણબુદ્ધિ પણ હોય છે. એટલે એની અર્પણતા પણ સાથે હોય જ છે અને એવી નમ્રતા પણ સાથે હોય છે કે હું કાંઈ જાણતો નથી. મને કાંઈ ખબર પડતી નથી એમ કહે. થોડુંક જાણું છું હું કે ખલાસ! હું પણ કાંઈક થોડું જાણું છું, ભલે તમારા જેટલું નથી જાણતો, પણ કાંઈક તો જાણું છું ને? એ ગયો!

'**હું કાંઈ જાણતો નથી.**' બહેનશ્રી તો કેટલા નમ્ર થઈને વાત કરે. આત્મા બોલતા શીખ્યા હોય તો ગુરુદેવનો ઉપકાર છે. આત્મા શબ્દ બોલવામાં પણ એમનો ઉપકાર

છે. નહિતર એ સંપ્રદાયમાં આત્માની વાત હતી ક્યાં? અહિંસા પાળો. શું કરો? બીજા જીવોની રક્ષા કરો. આ સિવાય બીજું કાંઈ હતું નહિ. કેમ બીજા જીવોની રક્ષા કરવી? અને તારા જીવનું તું કાંઈ ન કરી શકે. બીજા જીવની કેમ રક્ષા કરવી? બીજાની દયા કેમ પાળવી? અને પોતાની દયા પાળે નહિ. પોતે પરિભ્રમણમાં રખડે તોપણ પોતાની દયા આવે નહિ અને બીજાની દયા આવે. એ ઓઘસંજ્ઞાએ પ્રવૃત્તિ, રૂઢિગત પ્રવૃત્તિ છે. ઓઘસંજ્ઞાએ રૂઢિગત પ્રવૃત્તિ છે.

ભીખ માગતો હોય એ કહે લાખોના દાન દઈ દ્યો! હાસ્યાસ્પદ છે કે નહિ. નિરાધાર હોય એ કહે કે ચાલો હું બધાને આશ્રય આપી દઉં! એના જેવી વાત છે જે પોતાની દયા પાળતો નથી, બીજાની દયા પાળે છે એ એના જેવી હાસ્યાસ્પદ વાત છે.

મુમુક્ષુ :- અમારે શ્વેતાંબરમાં પણ કાંઈ આત્મા શબ્દ નહોતો ચાલતો.

પૂજ્ય ભાઈશ્રી :- શ્વેતાંબરમાં શું કે સ્થાનકવાસીમાં શું? કાંઈ નથી. આમ તો દિગંબરમાં તો છે પણ સંપ્રદાયમાં તો એ પણ બધું લોપાઈ ગયું. સંપ્રદાયવાળા ચડી ગયા ક્રિયાકાંડમાં. કોઈ વ્રત-ઉપવાસમાં, તો કોઈ પૂજા-ભક્તિમાં, ગૃહસ્થીઓ પૂજા, ભક્તિ, વિધિ-વિધાનમાં લાગ્યા. કોઈ ત્યાગી થયા એ ક્રિયાકાંડમાં લાગ્યા. બસ. પૂજા કરવી હોય તો હાથ ત્રણવાર ધોવા. ભલે પછી છાપું(ઓછું) પાણી હોય. હાથ પલળે એટલું પાણી. ક્રિયાની ચીકાશ થઈ જાય છે.

મુમુક્ષુ :- કેવું પાણી બોલ્યા? છાપું પાણી?

પૂજ્ય ભાઈશ્રી :- છાપું પાણી એટલે થોડું-જરાક. એટલુંક પાણી લ્યે! ક્રિયાકાંડ બધી એવી રીતે. ક્રિયાની ચીકાશ થઈ જાય. તો ઓલા સ્થાનકવાસી કહે કે નહિ! પાણી નહિ વાપરવાનું. પાણીનું બિંદુ પણ નહિ વાપરવાનું! જીવહિંસા થઈ જાય... જીવહિંસા થઈ જાય.. જીવ હિંસા.. આ (દિગંબર સંપ્રદાયમાં) વાતે વાતે પાણી વાપરે.

'**તેને ગુરુ પ્રત્યે અર્પણતા સાથે હોય જ છે કે હું કાંઈ જાણતો નથી.**' કાંઈ જાણતો નથી. આટલા જ્ઞાની થયા પછી. જ્ઞાની થયા એને કેવળજ્ઞાનની લબ્ધિ છે, (પૂ. બહેનશ્રીને) સાધનાના નિમિત્તે જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું. લોકોને થાય એવી રીતે નહિ. સાધનામાં થયું છે. નિર્વિકલ્પદશામાંથી બહાર આવતા થયું છે. એટલે બેકગ્રાઉન્ડ સાધનાનું છે એમાં જાતિસ્મરણમાં. બીજી પણ લબ્ધિ છે. છતાં કહે આત્મા બોલતા શીખ્યા છીએ એ ગુરુદેવનો ઉપકાર છે. આમ છે.

એમાં શું છે? અત્યારે ભલે ગમે તેટલી પ્રગતિ થઈ હોય એમ કહે છે. એવું શું છે? અત્યારે ગમે તેટલી જ્ઞાનમાં પ્રગતિ થઈ હોય. નહિ... નહિ.. નહિ.. હું ક્યાં હતો એ મને ખબર છે.

મુમુક્ષુ :- પહેલો રૂપિયો કોણે આપ્યો?

પૂજ્ય ભાઈશ્રી :- પહેલો રૂપિયો કોણે આપ્યો? પછી એમાંથી વેપાર શરૂ થયોને? હવે ક્યાં ગુરુદેવની ભૂલ અને ક્યાં ગુરુદેવનો ઉપકાર! એવી વાત છે.

**'હું કાંઈ જાણતો નથી. પોતે જે માર્ગે જાય છે તે માર્ગ જેણે પ્રગટ કર્યો તેનો વિનય...'** વિનય શબ્દ લીધો. **'અને ભક્તિ તથા અર્પણતા તેના હૃદયમાં હોય જ.'** તેના રાગમાં હોય એમ ન કીધું. એના આત્મામાં હોય, હૃદયમાં હોય એટલે આત્મામાં હોય. શ્રદ્ધા-જ્ઞાનમાંથી ઉગેલી વાત છે. કેટલી વાત લીધી? રુચિ, ભક્તિ, અર્પણતા, વિનય આ બધું coordination છે. યોગ્યતામાં આ બધા ભાવોનું coordination છે. એ બધાનું coordinate position છે ને એને અહીંયાં પાત્રતા અને આત્માર્થીતા અને એની યોગ્યતા કહેવામાં આવે છે. એનું નામ યોગ્યતા છે. યોગ્યતામાં આટલું બધું સમાય છે. ઘણું-ઘણું સમાય છે.

મુમુક્ષુ :- કૃપાળુદેવ લખે છેને સજીવનમૂર્તિના લક્ષ વગર જીવને બધું બંધન છે. આ અમારું હૃદય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ અમારું હૃદય છે. એ બીજી જગ્યાએ તો એવું લખ્યું છે કે સત્પુરુષની આજ્ઞા વગર કે માર્ગદર્શન વગર જે કોઈ આત્મકલ્યાણ કરવા ચાહે છે એ ઝેર પીને અમર થવા માગે છે. આપણે આમાં 'તત્ત્વાનુશીલન'માં પાછળમાં લીધું હતું, પહેલા ભાગમાં પાછળ લીધું હતું. એ કોઈ જીવવાની રીત નથી. એટલે એમ કે તું ઝેર પીને મરી જઈશ. જીવી નહિ શકે. ભલે તારી ઈચ્છા અમર થવાની હશે પણ તું જીવવા માટે તું ઝેર લે છો. એમ છે. એટલું એમણે મહત્ત્વ સ્થાપ્યું છે. બહુ સ્થાપ્યું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એવું પણ બને કોઈ મુમુક્ષુ એમ જાણતો હોય કે જ્ઞાની ધર્માત્માની ભૂલ બતાવવામાં બહુ પાપ લાગે તે છતાં ભૂલ બતાવે. એવું પણ બને.

પૂજ્ય ભાઈશ્રી :- એ પાપથી બીતો નથી તો. અને એ કેવડું પાપ છે એની એને ખબર નથી. એ પણ ઓઘસંજ્ઞાએ છે. એમાં કેવડું પાપ છે એ એને ખબર નથી. એટલે એમ ને એમ ઓઘસંજ્ઞાએ (ચાલે છે.)

મુમુક્ષુ :- ભાઈશ્રી કેવડું પાપ?

પૂજ્ય ભાઈશ્રી :- નિગોદમાં ચાલ્યા જવાય એવડું મોટું પાપ છે. કેમકે એમાં અનંત જ્ઞાનીઓની અવમાનના છે. અનંત સર્વ જ્ઞાની, અનંત પંચપરમેષ્ઠીઓની એની અંદર અવમાનના છે, અનંત શાસ્ત્રોની અવમાનના છે. એવું બધું છે. બહુ મોટું છે એ તો. ઘણું મોટું છે.

મુમુક્ષુ :- પંચપરમેષ્ઠી આવી ગયા?

પૂજ્ય ભાઈશ્રી :- હા, દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણે કાળના આવી ગયા. એમાં પંચપરમેષ્ઠી બાકી ન રહ્યા. એવું છે. ત્રણે કાળના.

મુમુક્ષુ :- કારણકે એક જ્ઞાનીનો અભિપ્રાય છે એ અનંત જ્ઞાનીનો અભિપ્રાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે. ચર્ચાઓ તો બહુ સરસ ચાલી છે. બહુ સારી ચર્ચાઓ ચાલી છે. જુઓને પણ પહેલો જ જવાબ કેવો આપ્યો! feelingથી જવાબ આપ્યો. વિચારથી તૈયારી કરી છે એની વાત નથી લીધી. એ સમજ્યો છે વાત બરાબર, માટે હા પાડે છે એમ નથી. સમજણનો પાયો શું તારો? એમ કહે છે. તારા વિચારનો પાયો શું? બીજો કોઈ આધાર તો છે નહિ. રાગ સિવાય કોઈ આધાર એની પાસે છે નહિ. ઉપકાર થયો છે એ તો આત્મા ઉપર થયો છે એટલે એનો આધાર આત્મા છે, એનો આધાર આત્મા છે. એમ છે.

**પ્રશ્ન :– શ્રીમદ્‌માં આવે છે કે બીજું કાંઈ શોધીશ નહિ, માત્ર એક સત્પુરુષને શોધી કાઢ અને તેમનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દે. તો સર્વભાવ એટલે સર્વ અર્પણતા?**

**સમાધાન :– હા, બધી જાતની અર્પણતા. ગુરુ જે કહે છે તે બધી અર્પણતા, તેમાં પોતાની કલ્પના અને પોતાનું ડહાપણ કાંઈ નહિ. ગુરુ જે કહે તે બધું માન્ય છે; પણ તે મને સમજાતું નથી એમ પોતે સમજવા પ્રયત્ન કરે. બાકી ગુરુ કહે છે તે બરાબર જ છે. મારી પોતાની કચાશ છે.**

**શ્રીમદ્ તો ત્યાં સુધી કહે છે કે ગુરુને બધા ભાવ અર્પણ કરી દે પછી મુક્તિ ન મળે તો મારી પાસેથી લેજે; એનો અર્થ કે તને મુક્તિ મળશે જ. ૨૦૮.**

## પ્રશ્ન ૨૦૮ ઉપર પ્રવચન

૨૦૮મો પ્રશ્ન છે. '**શ્રીમદ્‌માં આવે છે...**' શ્રીમદ્‌માં એટલે એમના વચનામૃતોમાં. '**કે બીજું કાંઈ શોધીશ નહિ, માત્ર એક સત્પુરુષને શોધી કાઢ અને તેમનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દે. તો સર્વભાવ એટલે સર્વ અર્પણતા?**' એમ. સર્વભાવનો અર્થ શું? સર્વભાવ અર્પણ કરી દે એટલે શું કે total surrender થઈ જા એમ એનો અર્થ છે. પૂરી અર્પણતા. પ્રશ્ન તો એટલો છે કે સર્વભાવ અર્પણ કરી દે, એ વચનામૃતમાં સર્વ ભાવોનો અર્થ અર્પણતા થાય છે? એમ. confirmative પ્રશ્ન છે. સર્વભાવ

એટલે શું? એમ નથી પૂછ્યું. સર્વભાવ એટલે અર્પણતા? એમ પૂછ્યું છે.

'**સમાધાન :- હા, બધી જાતની અર્પણતા. ગુરુ જે કહે છે તે બધી અર્પણતા, તેમાં પોતાની કલ્પના અને પોતાનું ડહાપણ કાંઈ નહિ.**'

મુમુક્ષુ :- ગુરુ જે કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જે કહે છે તે બધી અર્પણતા. તેમાં પોતાની કલ્પના અને પોતાનું ડહાપણ કાંઈ નહિ. સર્વભાવ અર્પણ કરી દેવો. મારો અભિપ્રાય આમ છે એમ નહિ. સર્વભાવમાં બધા અભિપ્રાય આવી ગયા. કેમકે જે અત્યારે મોટી તકલીફ છે એ તો અભિપ્રાયના વિપર્યાસની છે. વિપરીત અભિપ્રાય મૂકવો ન હોય તો એને સ્વચ્છંદ કરવો છે, જ્ઞાનીની આજ્ઞાને અનુસરવું નથી. સ્વચ્છંદ કરવો છે. તો (અહીં તો) પહેલા વહેલા પોતાના બધા અભિપ્રાય મૂકી દીધા.

'**તેમનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દે.**' આ પહેલા લડાઈ લડતાને? તો એમાં જે શરણાગતિ સ્વીકારે એ હથિયાર લઈ અને હથિયારને સામાના પગમાં મૂકી દે. સામે જે રાજા હોય એના પગમાં મૂકી દે. એમ અહીં મારું ડહાપણ કાંઈ નહિ. મારું ડહાપણ પણ કાંઈ નહિ અને મારે કોઈ કલ્પના પણ કરવી નથી. સીધે સીધી વાત.

'**ગુરુ જે કહે તે બધું માન્ય છે; પણ તે મને સમજાતું નથી એમ પોતે સમજવા પ્રયત્ન કરે. બાકી ગુરુ કહે તો એ બરાબર જ છે. મારી પોતાની કચાશ છે.**' આમ જોવે. અહીંથી જોવે. પહેલા કીધુંને કે તારા છોકરાએ કાંઈક કીધું હશે ત્યાંથી જોવે છે ને ઓલો? એમ આ અહીંથી જોવે છે. મારી કાંઈક ભૂલ હશે. મને સમજાતું નથીને! મારી બુદ્ધિ હજી સ્વીકારતી નથી અને મારી બુદ્ધિમાં કાંઈક ગડબડ છે. એમ જોવે. મારી બુદ્ધિ બરાબર છે અને ગુરુ ઉપર શંકા કરે એમ નહિ. ગુરુ બરાબર છે, મારી બુદ્ધિ ઉપર હું શંકા કરું છું. એમ છે. શેમાં શંકા કરે છે? પોતાની બુદ્ધિ ઉપર શંકા કરે છે. કેમકે એ બુદ્ધિએ જ એને અનંતકાળથી એને રખડાવ્યો. ખરેખર તો આજ્ઞાધીનપણે રહેવું તે સુબુદ્ધિ છે અને (પોતાની) બુદ્ધિની મુખ્યતા કરવી તે કુબુદ્ધિ છે. તે કુબુદ્ધિ! સ્વચ્છંદ છે એટલે કુબુદ્ધિ છે. સ્વચ્છંદ થયોને? એટલે કુબુદ્ધિ છે. લ્યો શું લીધું? '**મને સમજાતું નથી...**' પોતાની ભૂલ લીધી. ગુરુની ભૂલ છે એમ ન લીધું. મને સમજાતું નથી એ મારી ભૂલ છે. એ ભૂલ મારે શોધવી રહી અને એ ભૂલ મારે મટાડવી રહી. એમ છે. પણ ધોળે દિવસે અંધારી રાત કહે તો? તો કહે એમાં કાંઈક આશય હશે. આવું ચોખ્ખું કહે, ધોળે દિવસે અંધારી રાત. તો કહે કાંઈક આશય હશે એમાં. કેમકે દિવસને દિવસ તો બધાય કહે છે. એમાં કાંઈ વધારે બુદ્ધિની જરૂર નથી. પણ જ્યારે

દિવસને રાત કહે છે તો કાંઈક કહેવા માગે છે.

એમ કહે કે નહિ? જાગતો હોય તોપણ એને ઊંઘે છો એમ ન કહે? જાગતો હોય એ એમ ન કહે કે તું ઊંઘે છો ઊંઘે. હવે! એનો અર્થ શું? કે જેમ ઊંઘમાં કાંઈ ખબર પડતી નથી એમ તું જાગતો હોય તોપણ તને કાંઈ ખબર પડતી નથી. ધર્મદાસજી ક્ષુલ્લકને એવું જ થયું હતું. એ તો પોતે બે આંખવાળા દેખતા માણસ હતા. તો (એમના ગુરુ) કહે અંધા હૈ? શું કીધું? સિદ્ધ પરમાત્માકો નહીં દેખતા? દેખનેવાલેકો નહીં દેખતા? પ્રગટ સિદ્ધ પરમાત્મા હૈ ઉસકો તુમ નહીં દેખતા? અંધા હૈ તૂ? તો ખોટું ન લગાડ્યું એણે. પોતાને બે આંખે દેખાય છે, છતાં શ્રીગુરુ એને આંધળો કહે છે, ત્યાં એણે ગુરુનો ઉપકાર લીધો. મને કાંઈક કહેવા માગે છે, મને સમજાતું નથી. મને કાંઈક કહેવા માગે છે અને મને સમજાતું નથી. ત્યારે એને આત્મા દેખાણો! અંધાપો ગયો! નિજ પરમાત્માના દર્શન થયા! એવું છે.

મુમુક્ષુ :- તું અંધા હૈ એ દેશનાલબ્ધિ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને કઠોર શબ્દ કહેવા કે કરુણા કહેવી? કે પરમ કારુણ્ય કહેવું એને. પરમ કરુણા હતી! અત્યારે તો કો'કને ખોટું લાગી જાય કે મને આવું કીધું?

મુમુક્ષુ :- સત્સંગમાં આવવાનું જ બંધ કરી દે.

પૂજ્ય ભાઈશ્રી :- આવવાનું બંધ કરી દે નહિ, વિરોધ ચાલુ કરી દે.

મુમુક્ષુ :- મને ઠોઠ નિશાળીયો કીધો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવો શબ્દ કીધો. અંધા હૈ? બે વખત કીધું. પહેલી વખત તો બાહ્ય દૃષ્ટિ હતી તો પાછા ઉપડ્યા સમ્મેદશિખર. પછી સમ્મેદશિખરમાં જોયું કે અહીંથી અનંત તીર્થંકરો સિદ્ધાલયમાં ગયા છે. અનંત ચોવીસી ગઈ છે. સમ્મેદશિખરથી અનંત ચોવીસી. ચોવીસે ચોવીસ જતા. આ કાળમાં ચાર બીજેથી ગયા, છેલ્લી ચોવીસીમાં વીસ ગયા છે. બાકી અનંત ચોવીસી ત્યાંથી જાય છે. ચોવીસે ચોવીસ. એવા અનંત ગયા. એટલા બધા સિદ્ધો ત્યાં બિરાજે છે. તને સિદ્ધ ભગવાનના દર્શન ન થયા તો તું આંધળો નહિ? એકાદ હોય તો તને ન જડે. અનંતા સિદ્ધો ત્યાં છે.

ત્યાં સિદ્ધભક્તિ કરે છે. એમ કે ત્યાં માથે સિદ્ધાલયમાં અનંત તીર્થંકરો બિરાજે છે એટલે સિદ્ધભક્તિ કરે છે. હૃદયથી સિદ્ધ ભક્તિ કરે છે. હૃદય કેવડું છે? આવડું. અનંતા સિદ્ધોને એમાં સમાવી દે. એ એક જૈનદર્શનનું ગણિત બીજી જાતનું છે.

મુમુક્ષુ :- કઈ જાતનું છે બોલો?

પૂજ્ય ભાઈશ્રી :- એક ચોખાના દાણાથી અર્ઘ ચડાવે એમાં ત્રણે કાળના અનંતા

પંચ પરમેષ્ઠીઓને સમાવી દે. ત્રણે કાળના પંચ પરમેષ્ઠીઓને અર્ઘ સમર્પવા માટે એક ચોખાના દાણામાં. ઠીક! બધા સમજી જાય એમાં. ઠીક! એક ચોખાના દાણામાં બધા સમજી જાય.

મુમુક્ષુ :- બહુ સારું કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- તો! અને અર્ઘ ચડાવે છે કે નથી ચડાવતા? ભલે હાથમાં એક જ ચોખાનો દાણો હોય, પણ અર્ઘ ચડે કે ન ચડે? કહો જોઈ. એ બધા ભગવંતોની ઉદારતા કેટલી! નહિતર તો એમ કહે કે એલા આમાં એક એક રજકણ પણ વહેંચતા નહિ આવે ભાગમાં. તારા એક ચોખાના દાણામાં જે રજકણો છે અમે એટલા બધા અનંતા છીએ કે એક એક રજકણ પણ અમને તો નહિ ચડે. તો કહે કાંઈ નહિ! તારા હૃદયની ભાવના છે એ ભાવના આગળ અમે surrender છીએ. અમને કાંઈ વાંધો નથી.

મુમુક્ષુ :- surrender છીએ?

પૂજ્ય ભાઈશ્રી :- તો! અન્યમતમાં પણ એટલું તો કહેવાય છે કે ભગવાન તો ભાવનાના ભૂખ્યા હોય. થાળી ભરીને આરોગવાની જરૂર નથી.

મુમુક્ષુ :- ભગવાન નાના કે ભક્ત નાના?

પૂજ્ય ભાઈશ્રી :- ભક્ત પાસે તો ભગવાન નાના! અને ભગવાન પાસે ભક્ત નાના! એવું છે!

રામચંદ્રજી યુગપુરુષ હતા. કેવા? સમર્થપુરુષ હતા. એ જ ભવે મોક્ષે જવાવાળા મહાત્મા હતા. એણે શબરીના-ભીલડીના એંઠા બોર ખાધા. ત્યાં એમ ન કીધું કે ભાઈ તું આદિવાસી છો, તારું એંઠું અમારે ન ખવાય. schedule casteમાં છો તું.

મુમુક્ષુ :- બાજુમાં લક્ષ્મણજી ઊભા હતા એ જોતા રહી ગયા પાછા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, લક્ષ્મણજી જોતા રહી ગયા કે આ શું કરે છે મોટાભાઈ? આનું એંઠું ખાય લે છે? એમને કાંઈ વિચિક્ષણતા ઓછી હતી? બહુ વિચિક્ષણ પુરુષ હતા. ભાવના આગળ એવી બધી વાત છે.

મુમુક્ષુ :- સુદામાના તાંદુલ ખાધા લાવ! લાવ! કહીને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પેલા (સુદામા) શરમાતા હતા. શ્રીકૃષ્ણ અને સુદામા મિત્રો હતા. સુદામા બ્રાહ્મણ હતા. એને એમ થયું કે લાવને દ્વારકા જાવ. જૂનો મિત્ર છે મારો શામળિયો. લાવને જાવ કહે! પણ એને ખબર નહિ કે એનો વૈભવ કેટલો છે! ત્રણ ખંડનો ધણી થઈને બેઠો છે. એ કાંઈ એને ખબર નહિ. નાના હતા ત્યારે સાથે રમતા એ બધું યાદ એને. એ તો બિચારા ગામડામાં રહેતા હશે. શું થાય? થોડા ચોખા

હતા એ છોકરાને, આપણે કેમ ભાઈ મીઠાઈ લઈને જઈએ કે એના છોકરાઓ મીઠાઈ ખાશે. મીઠાઈ આપેને! મીઠાઈની તો એને કાંઈ શક્તિ હતી નહિ. ગરીબ-દરિદ્રી હતા. એટલે મીઠાઈ-બીઠાઈ હતી નહિ, ઘરમાં થોડા ચોખા હતા. એની પોટકી વાળી. પેકેટ-બેકેટ વાળીને ઉપર દોરી બાંધી એવું કાંઈ નહિ. એની પોટકી વાળી મેલેઘેલા કપડામાં. ત્યાં જોયું તો ઓહોહો..! આને તો બધા સોનાના મહેલ છે. સોનાની દ્વારકા હતી. સોનાના મહેલ છે. આમ જોયા કરે. અને થયું કે મારે ચોખા આપવા કઈ રીતે એને? શ્રીકૃષ્ણ સમજી ગયા કે આ શરમાય છે બિચારો. લાવ-લાવ કહે! તું લાવ્યો છો શું કહે?

મુમુક્ષુ :- ભાભીએ શું મોકલ્યું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રેમથી ખાધા. એવું છે. ભાવના વસ્તુ એવી છે. એક ચોખાના દાણામાં અનંતા પંચ પરમેષ્ઠીઓને અર્ઘ ચડી જાય.

મુમુક્ષુ :- પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરબ્રહ્મ પરમાત્મા નિર્વિકાર હોવા છતાં પરાભક્તિને વશ છે. એમ લીધું છે. એવો જેણે હ્રદયમાં અનુભવ કર્યો છે તે મહાત્માઓની ગુપ્ત શિક્ષા છે. એમ કરીને ભાવનામાં લઈ આવ્યા છે. જુઓ! ભાવના આવી ચીજ છે. એની તાકાત કેટલી છે એની ખબર નથી.

**'શ્રીમદ્ તો ત્યાં સુધી કહે છે કે ગુરુને બધા ભાવ અર્પણ કરી દે પછી મુક્તિ ન મળે તો મારી પાસેથી લેજે;...'** એજ વાક્યમાં છે ને પાછળ? 'સર્વભાવ અર્પણ કરી દઈને વર્ત્યો જા, પછી મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.' **'એનો અર્થ કે તને મુક્તિ મળશે જ.'** પછી મુક્તિ નહિ મળે અને તારે મારી પાસે આવવું પડશે એ વાત પણ રહેવાની નથી. એનો અર્થ શું થયો? કે એટલી ભક્તિ જેને આવી એને મુક્તિ સામેથી આવી. એને મુક્તિ લેવા જાવી નહિ પડે. એટલી ભક્તિમાં તાકાત છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- ભક્તિ એ જ મુક્તિ છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભક્તિમાં જ મુક્તિ છે. વાત તો એમ જ છે. ભક્તિમાં મુક્તિ છે એના કરતા પણ મુક્તિ પાસે ભક્તિ મોટી છે. કેમ? કે ભક્તિવાળો પછી મુક્તિને માગતો નથી. ભક્તિવાળો પછી મુક્તિને માગતો નથી કે તું મને આમ જ રહેવા દે હવે. હવે મારે મુક્તિ જોઈતી નથી. જો મુક્તિ મોટી હોત તો તો મુક્તિ જ માંગે ને?

મુમુક્ષુ :- મુક્તિ પછી સામેથી ચાલીને આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- તોપણ દરકાર નથી થતી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એને દરકાર છૂટી જ જાય છે. ત્યારે તો માગતો નથી. દરકાર હોય તો તો માગ્યા વગર રહે નહિ.

મુમુક્ષુ :- ભક્તિમાં શક્તિ બહુ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ શક્તિ છે.

મુમુક્ષુ :- સામેથી આવે એવો પણ વિકલ્પ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ તો એને ખબર છે. એમ. એ વાત એમણે ૨૬૯માં લીધી છે. ૨૬૯માં લીધી છે. 'મોક્ષ કરતા પણ અમને સંતચરણની સમીપતા બહુ વ્હાલી છે.' એ વાત લીધી છે. એટલું વાક્ય લીધું છે. પોતાના માટે લીધું છે. મોક્ષ કરતા પણ અમને સંતચરણની સમીપતા, કોઈ મહાજ્ઞાનીનું શરણ મળી જાય, એની ભક્તિમાં રહી જઈએ. અમારે કાંઈ મોક્ષની જરૂર નથી.

આશય :- (૨૦૭) :- **જે જીવને પોતાના આત્મા ઉપર શ્રીગુરુના ઉપકારનો અનુભવ થયો છે તેવા જીવની સહજ યોગ્યતા એવી હોય છે કે ગુરુ જે કાંઈ કહે તેમાં તેને શંકા પડતી નથી. તેવી યોગ્યતામાં ભક્તિ ઉપરાંત આત્મરુચિ, બહુમાન, વિનય અને અર્પણતા વગેરે આનુશંગિક પરિણામો સહજપણે ઉત્પન્ન થઈ આવે છે.**

આશય :- (૨૦૮) :- **સત્પુરુષને જે ઓળખે છે તેને સર્વાર્પણબુદ્ધિએ બધી જાતની અર્પણતા વર્તે છે. કોઈ વાતમાં ન સમજાય તો તેને પોતાની અલ્પજ્ઞતા ઉપર શંકા પડે છે, પરંતુ ગુરુ ઉપરના વિશ્વાસમાં તે અચળ હોય છે. યથાર્થ ભક્તિનું ફળ નિયમથી મોક્ષ છે. એવો પરમાર્થ અહીંયાં સ્પષ્ટ છે.**

**જેમ રાજા પોતાના મહેલમાં ઊંડો ઊંડો રહે છે તેમ ચૈતન્યરાજા ઊંડા ઊંડા ચૈતન્યના મહેલમાં જ વસે છે; ત્યાં જા.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૨૦૯**

**પ્રશ્ન :– વિશ્વાસ આવવો જોઈએ કે મારામાં ભર્યું પડ્યું છે?**

**સમાધાન :– પોતાના સ્વભાવની જાતમાં જ બધું છે, આ વિભાવની જાત છે તેમાંથી કોઈ પ્રકારે મારો સ્વભાવ પ્રગટવાનો નથી. વિભાવ વિલક્ષણ અને દુઃખરૂપ છે. સ્વભાવમાંથી જ સ્વભાવ આવશે, વિભાવમાંથી સ્વભાવ આવવાનો નથી એવો વિશ્વાસ–પ્રતીતિ આવે તો જ પોતા તરફ પુરુષાર્થ કરે. જ્ઞાન–દર્શન–ચારિત્ર બધું પોતામાં જ છે, પોતામાંથી પ્રગટે છે. બહારનાં સાધનો હોય છે, પણ પ્રગટે છે નિજ સ્વભાવનો અભ્યાસ કરવાથી. ખરું સાધન પોતે પોતાનું થાય છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે કે તારું તત્ત્વ જુદું છે, અન–અભ્યાસને લઈને મુશ્કેલ લાગે છે. માર્ગ ગુરુ બતાવે છે પણ સમજવાનું, પ્રતીતિ કરવાની પોતાને રહે છે. પોતાની મેળે પોતાનો સ્વભાવ ઓળખવો કઠણ પડે છે. બતાવનાર ગુરુ મળે ત્યારે અંતરમાં ગ્રહણ થાય છે, એવો નિમિત્ત–ઉપાદાનનો સંબંધ છે. ૨૦૯.**

## તા. ૧૯–૭–૧૯૯૭, પ્રશ્ન- ૨૦૯
## પ્રવચન નં. ૧૫૧

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૩૩. પ્રશ્ન-૨૦૯મો. '**વિશ્વાસ આવવો જોઈએ કે મારામાં ભર્યું પડ્યું છે?**' એટલે મારામાં અનંત સામર્થ્ય છે એવો વિશ્વાસ આવવો જોઈએ? એમ પ્રશ્ન કર્યો છે. વિશ્વાસ ન આવે તો શું કામ લાગે?

'**સમાધાન :- પોતાના સ્વભાવની જાતમાં જ બધું છે, આ વિભાવની જાત છે તેમાંથી કોઈ પ્રકારે મારો સ્વભાવ પ્રગટવાનો નથી.**' શું છે? અનેક પ્રકારે જે પરિણામ વિભાવરૂપે પરિણમી રહ્યા છે, એની જાત એક છે. વિભાવની એક જાત છે, પછી તે કષાયની મંદતાનો - ઘણી મંદતાનો પ્રકાર હોય, તોપણ વિભાવની જાત છે. માનસિક શાંતિ હોય તોપણ વિભાવની જાત છે.

'**તેમાંથી કોઈ પ્રકારે મારો સ્વભાવ પ્રગટવાનો નથી.**' વિભાવમાંથી સ્વભાવ નહિ પ્રગટે અથવા વિભાવ સ્વભાવરૂપે નહિ થાય. વિભાવ કારણ થઈને સ્વભાવનું કાર્ય નહિ બને. એમ કહેવું છે. સ્વભાવ એવો છે કે સ્વભાવ પોતે જ કારણરૂપે છે જેથી કાર્ય સંપન્ન થઈ શકે. સ્વભાવ પોતે જ કારણરૂપે હોવાથી તેને કારણ પરમાત્મા પણ કહેવામાં

આવે છે. આત્માનું જે પરમસ્વરૂપ છે એને કારણની ઉપમા લાગે છે. કેમકે એમાં કારણપણું પણ છે અને કાર્ય થાય એવું પણ એનામાં જ છે. એટલે વિભાવની કે બીજાની કે કોઈની મદદની આવશ્યકતાનો સવાલ ઊભો નથી થતો.

અમુક કષાય મંદ કરું, અમુક પ્રકારે કષાય મંદ રાખું કે મંદ કરું તો મને મારો સ્વભાવ પ્રગટ થાય કે આત્મકલ્યાણ થાય એમ છે નહિ. કેમકે '**આ વિભાવની જાત છે તેમાંથી કોઈ પ્રકારે મારો સ્વભાવ પ્રગટવાનો નથી.**' કેમકે એ વિરુદ્ધ છે. '**વિભાવ વિલક્ષણ..**' એટલે વિરુદ્ધ છે '**અને દુઃખરૂપ છે.**' દુઃખમાંથી સુખ ન પ્રગટે. દુઃખ છે એ સુખથી વિરુદ્ધ છે અને વિભાવ છે એ સ્વભાવથી વિરુદ્ધ છે.

'**સ્વભાવમાંથી જ સ્વભાવ આવશે,...**' સ્વભાવમાંથી જ સ્વભાવિક પર્યાય પ્રગટ થશે. એમ લેવું છે. સ્વભાવમાંથી સ્વભાવ આવશે એટલે સ્વભાવમાંથી સ્વભાવિક પર્યાય પ્રગટ થશે. વિભાવમાંથી નહિ થાય. '**વિભાવમાંથી સ્વભાવ આવવાનો નથી એવો વિશ્વાસ-પ્રતીતિ આવે તો જ પોતા તરફ પુરુષાર્થ કરે.**' સમજણમાં એવો વિશ્વાસ આવે. વિશ્વાસ છે એ પણ જ્ઞાનની પર્યાય છે. શ્રદ્ધાપ્રધાન જ્ઞાનની પર્યાય છે, પણ છે જ્ઞાનની પર્યાય. કે જ્ઞાનમાં વિશ્વાસ આવે ત્યારે એનો પુરુષાર્થ એ બાજુ ચાલે. અથવા જે બાજુનો વિશ્વાસ તે બાજુનો પુરુષાર્થ.

'**જ્ઞાન-દર્શન-ચારિત્ર બધું પોતામાં જ છે, પોતામાંથી પ્રગટે છે.**' અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત પુરુષાર્થ એનું સામર્થ્ય શક્તિરૂપે બધા ગુણો પોતામાં છે. અને એની અવસ્થાઓ એમાંથી પ્રગટ થશે. બહારથી ક્યાંયથી કોઈ અવસ્થા આવવાની નથી. કોઈ ગુણની કોઈ અવસ્થા બહારથી નહિ આવે. '**બહારનાં સાધનો હોય છે, પણ પ્રગટે છે નિજ સ્વભાવનો અભ્યાસ કરવાથી.**' બહારના સાધનો એટલે નિમિત્તો. ગુરુ હોય, શાસ્ત્ર હોય, પછી ધ્યાન માટેની એકાંતની વ્યવસ્થા હોય. એ બધા બાહ્ય સાધનો ભલે હોય, તોપણ પોતાના નિજસ્વભાવનો અભ્યાસ કરે તો પ્રગટે અને નહિતર ન પ્રગટે. પોતે પ્રૅક્ટિસ કરે, પોતાનો સ્વભાવ પ્રગટ કરવાની પ્રૅક્ટિસ કરે તો પ્રગટે. અહીં અભ્યાસ એટલે પ્રૅક્ટિસ. અને તો બાહ્ય સાધનને નિમિત્તનો આરોપ આવે, અથવા સાધન કહેવાય. નહિતર સાધન-સાધન રીતે સાધનના સ્થાનમાં નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્યાં સુધી વિશ્વાસ અને પ્રતીતિ ન આવે ત્યાં સુધી પુરુષાર્થનું કામ નહિ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં સુધી પુરુષાર્થ ઊપડે નહિ. કેમકે એ પહેલા ઊલટો વિશ્વાસ ઊભો છે. રાગના આધારે પરિણમી રહ્યો છે. એટલે વિભાવમાં એને વિશ્વાસ છે કે અહીંથી મને સુખ થશે. આ વિભાવથી મને સુખ થશે એવો વિશ્વાસ અનાદિનો

એનો ચાલ્યો આવે છે. એ વિશ્વાસમાં ઊભો રહે ત્યાં સુધી પુરુષાર્થની દિશા કોઈ દિવસ બદલાય નહિ. સ્વાધ્યાય, સત્સંગ એના માટે છે કે યથાર્થ સમજણ કરે, પોતાને વિશ્વાસ આવે તો પુરુષાર્થની દિશા ફરે.

રાગમાંથી સુખ લેવું છે અને રાગના વિષયમાંથી સુખ પ્રાપ્ત થશે. જેના ઉપર રાગ છે, જે પદાર્થ ઉપર રાગ છે. પછી પૈસામાં તો પાંચેય ઇન્દ્રિયના વિષયો આવી જાય છે. એ વિશ્વાસ છે ત્યાં સુધી પુરુષાર્થ નહિ ફરે. પુરુષાર્થ ઊંધો ને ઊંધો જ રહેવાનો છે એમ કહે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિશ્વાસ સત્પુરુષ વડે જ થાય? વિશ્વાસ સત્પુરુષના નિમિત્તથી જ થાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિશ્વાસ આવવાનું મોટું કારણ છે, પણ પોતે વિશ્વાસ કરે તો. નહિતર સત્પુરુષ અનંતવાર મળ્યા જ છે પાછા.

મુમુક્ષુ :- સત્પુરુષકે નિમિત્તસે નહિ સત્પુરુષકે અનુગ્રહસે.

પૂજ્ય ભાઈશ્રી :- ભૂતકાળમાં સત્પુરુષો મળ્યા એ અનુગ્રહ કરવામાં કાંઈ એમણે લોભ કરેલો? હેં? 'સત્પુરુષ તો કૃપા અતિ વરસાવતા.' એ તો ઘણી કૃપા વરસાવે, પણ ઝીલવામાં પોતે ઝીલવું તો જોઈએ કે ન જોઈએ?

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભૂતકાળમાં એ જીવે સત્પુરુષ પર વિશ્વાસ નહિ કર્યો હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બસ! જીવે સત્પુરુષ ઉપર પણ વિશ્વાસ નહિ કર્યો હોય. વિશ્વાસ કરે તો એની વાત ઉપર વિશ્વાસ આવે. એ પણ એક ખામી તો પોતાની જ થઈને? એ ખામી તો પોતાની જ થઈને? એમાં સત્પુરુષ શું કરે? દુકાળ હતો એમાં વરસાદ વરસ્યો, પણ આપણે પાત્ર ઊંધું રાખીએ એટલે પાણી ક્યાંથી ભરાય? વાસણ ઊંધું રાખે તો એમાં પાણી કેવી રીતે ભરાવાનું?

ધર્મદાસજી થોડા કડક હતા. એ કહે હું તો ઊંધા ઘડામાં પાણી ભરું જ નહિ. ઊંધા ઘડામાં પાણી ભરું નહિ, કાણા ઘડામાં પાણી ભરું નહિ અને આડા ઘડામાં પણ પાણી ભરું નહિ. ઘડો સીધો થાય તો પાણી ભરું, કહે. અને કાચા ઘડામાં પાણી ભરું નહિ. કેમકે એ બધામાં પાણી નહિ રહે. એટલે એવા જે પાત્રતા વિનાના જીવો હોય એની સાથે જ્ઞાની માથાફોડમાં ઊતરતા નથી એમ એનો અર્થ છે.

આમેય લોકો નથી કહેતા કે કોઈ જગ્યાએ કોઈ વાત કરવી હોય અને ન થાય એવું હોય, ન પતે એવું હોય, એમ ખ્યાલ આવે તો શું કહે છે? આપણે ગુજરાતીમાં કહેવત છે કે સોનાની જાળ પાણીમાં નથી નાખવી. આપણે કહીએ અને આપણી વાતની કિંમત ન રહે તો આવી વાત કરવાનો શું અર્થ? એમ અપાત્રતા જોઈને સત્પુરુષને

ખ્યાલ આવી જાય કે આ પાત્ર નથી અથવા ઊંધું પાત્ર છે કે કાણું પાત્ર છે કે કાચો ઘડો છે તો એની સાથે વાતચીતમાં ઊતરતા નથી.

મુમુક્ષુ :- જ્ઞાનીપુરુષને એમ લાગ્યું કે આ અપાત્ર છે એના જેવી કમનસીબી કઈ ગણવી?

પૂજ્ય ભાઈશ્રી :- હા! એ મોટી કમનસીબી છે!

મુમુક્ષુ :- ભાઈશ્રી! પોતાને કમનીસીબી લાગે તો પાત્ર થઈ જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દેખાય તો!! પોતાને પોતાની કમનસીબી દેખાય તો પાત્ર થઈ જાય.

'**ખરું સાધન પોતે પોતાનું થાય છે.**' વાત ક્યાં આવીને ઊભી રહે છે? કે '**ખરું સાધન પોતે પોતાનું થાય છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે કે તારું તત્ત્વ જુદું છે,...**' તું જુદો છો, બધાયથી જુદો છો, કોઈની સાથે તારે કાંઈ લેવા-દેવા નથી. જેટલો લગવાડ રાખીશ એટલો હેરાન અને દુઃખી થઈશ. કાંઈ લેવા-દેવા નથી. એકલો આવ્યો, એકલો જવાનો અને વચ્ચે પણ એકલો જ બધું ભોગવવાનો. ગુરુદેવે કહ્યું કે તું તને જુદો છો એ જુદો અનુભવ કર! જુદો છો તો તારા જુદાપણાનો અનુભવ કર! એ કહે છે કે મને કઠણ લાગે છે, મુશ્કેલ લાગે છે. મારાથી થતું નથી. તો કહે અણઅભ્યાસને લઈને મુશ્કેલ છે. તે પ્રૅક્ટિસ કરી નથી. પ્રૅક્ટિસ શરૂ કર! વિચાર કર્યો છે પ્રૅક્ટિસ નથી કરી. વિચારથી તો ખ્યાલમાં લઈ લીધું કે બરાબર છે મારો આત્મા જુદો છે, મારો આત્મા જુદો છે, પણ એને અનુભવવાની પ્રૅક્ટિસ - પ્રયાસ કરવો જોઈએ. વારંવાર પ્રયાસ કરવો જોઈએ.

વાત કાંઈ ન સમજાય એવી કે ન થઈ શકે એવી નથી. પોતે જુદો છે એને જુદો અનુભવવો છે. ક્યાંક ભળી ગયો હોય તો તકલીફ થાય. કોઈની સાથે ભળે એવું તત્ત્વ છે નહિ. કોઈ જીવ, કોઈ પરમાણુ કે બીજા જીવની સાથે મિશ્રણરૂપે થઈ શકતો નથી. જુદો ને જુદો રહે છે. એને જુદો અનુભવવો છે બસ. જુદો છે એને ભૂલથી જુદો નથી અનુભવતો, સંબંધવાળો કલ્પી-કલ્પીને, સંબંધવાળો માની માનીને દુઃખી થઈ રહ્યો છે અને તોપણ રહે છે જુદો પાછો. પોતે સંબંધવાળો માને છે તોપણ રહે છે જુદો. આટલો જ ઉપાય છે આનો. શું ઉપાય છે? બહુ જ સહેલો-સુગમ. short and sweet જેવું છે. તું જુદો છો બસ! તું જુદો છો અને તારે કાંઈ લેવા-દેવા નથી, આ વાતમાં તારી ઉપાધિ બધી ખલાસ થાય એવી છે. પછી ઉપાધિ ઉપાધિ(રુપ) થાય તો મને કહે.

જેમ અત્યારે તને કોઈ પારકાની ઉપાધિ થતી નથી. થાય છે? પાડોશીની ઉપાધિ

થાય છે? કે અરેરે..! મારા પાડોશી અત્યારે શું કરતા હશે? એણે ખાધું હશે કે નહિ ખાધું હોય? કોઈ ચિંતા કરતું નથી. સાજા હશે કે માંદા હશે - કાંઈ વિકલ્પ કરે છે? કેમકે પારકા છે. પારકા કર્યા એટલે થઈ ગઈ નિરાંત. પારકા ગણ્યા અને પારકા કર્યા એટલે થઈ ગઈ નિરાંત. આ બહુ ઘૂંટવા જેવી વાત છે હોં! એમાં પણ જે પોતાના દેખાયને એને સામે રાખીને પારકા જોવા કે આમાં મારું અસ્તિત્વ નથી! હું અહીંયાં છું નહિ અને મને એમાં મારાપણું થાય છે કેમ? પારકી ચીજમાં હું પોતાપણું કરીને ભગવાનનો અપરાધ કરું છું. કોનો અપરાધ કરું છું? ભગવાનની આજ્ઞા ઉપર પગ મૂકીને ચાલું છું. જરા પણ ધ્યાન રાખતો નથી. અને આ બાબતમાં જરા પણ મારી સાવધાની નથી. અનુપયોગ પરિણામી થઈને પરિણમું છું. દરકાર કરતો નથી. એનો દંડ ભોગવવો પડશે. અત્યારે જ દંડ એનો ભોગવશે. સીધી ઉપાધિ ઊભી થાશે.

જેવું મારાપણું લાગ્યું કે ઉપાધિ ચાલુ. મારાપણામાં ઉપાધિ એ સિક્કાની બીજી બાજુ જેવી છે. મારાપણાની સાથે સાથે જ રહે છે. જુદી પડતી નથી. જેમ સત્તાની સાથે ઉપાધિ રહે છે એમ. એ પોતે સત્તા જ કરીને? અન્ય પદાર્થમાં પોતાની સત્તા જ કરીને. શું કર્યું? સત્તા ભોગવવી હોય એને ઉપાધિ ભોગવવી જ પડે. બીજો રસ્તો નથી. નોકર સત્તા ન ભોગવે. શેઠ સત્તા ભોગવે. નોકરને કાંઈ ઉપાધિ ખરી? મહિનો થયો અને પગાર લઈને ચાલતા. આખો દિવસ કામ કરે પણ ત્યાં ને ત્યાં બધું ખંખેરીને નીકળી જાય. દુકાનના બારણા બહાર નીકળ્યા એટલે દુકાનનું પોટલું હોય એ દુકાનમાં. આપણે કાંઈ માથે રાખવાની જરૂર નથી.

મુમુક્ષુ :- ઘૂંટવા જેવું છે એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- ઘૂંટવા જેવું છે એટલે જુદાપણાનો રસ લેવા જેવો છે. જે ભેગાપણાનો રસ લીધો છેને? એની વિરુદ્ધ હવે જુદાપણાનો રસ કેળવ એમ કહે છે. મારા-મારા કરીને મીઠાશ લઈ લઈને રસ કેળવ્યો છે એણે તને માર્યો છે. એણે તને માર્યો છે અને એનો તને દુઃખાવો છે. મારનો તો દુઃખાવો વાગે જને! હવે જુદાપણાનો રસ કેળવ અને પ્રત્યક્ષ જુદાં છે. પ્રત્યક્ષ જુદાં છે. એ ખાય તો એનું પેટ ભરાય છે, આપણું થોડું ભરાય છે? આપણે જેને મારા કહીએ છીએ એ ખાય તો એનું પેટ ભરાય છે. એ વખતે આપણી ભૂખ ભાંગે છે? તો પછી ભેગા ક્યાંથી થઈ ગયા?

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી કહે છેને કે ગાંડપણના સનેપાત વળગ્યા છે!

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુદેવશ્રીની તો ભાષા જ તોપના ગોળા જેવી હતી. શું કહે? કે આ તું મારા મારા કરે છો તને સનેપાત થયો છે! એમ કહે. શું કહે?

મુમુક્ષુ :- સનેપાત એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- સનેપાતની ખબર નથી? એક જાતનો રોગ છે. વાત, પિત્ત અને કફ - ત્રણેય વકરે. વકરે એટલે સમજો? લિમિટ બહાર એની વિકૃતિ થાય એટલે વકર્યો કહેવાય. વિકાર તીવ્ર થાય ત્યારે વકર્યો કહેવાય. અને ત્યારે એને કાંઈ ભાન ન રહે. સનેપાત થાય ત્યારે ભાન ન રહે. એટલું બધું એને રોગનું દુઃખ હોય તોપણ ખડખડાટ હસે. એ વખતે ગાંડપણ આવે, પાછું જુઓ માનસિક રોગ ઊભો થાય એમાંથી એને ગાંડપણ થાય એટલે ખડખડાટ હસે.

એમ અહીંયાં સામાન્ય સ્થિતિ હોય એમાંથી પૈસો થાય એટલે રાજી... રાજી... રાજી... ખડખડાટ. ત્યારે વૈદ્ય છેને એને દુઃખ થાય. સનેપાતિયો હસે ત્યારે વૈદ્ય દુઃખી થાય. કેમ? કે અરેરે..! હવે આ મરી જવાનો. આટલો બધો આને સનેપાત થયો છે કે ખડખડાટ હસે છે. હવે આ મરી જાશે. જીવી નહિ શકે. એવી જ્ઞાનીની નજર છે. ઓલા રાજી થાય, સંપત્તિ મળે અને રાજી થાય, ત્યાં જ્ઞાની કહે આમાં બિચારો મરી જાશે. આમાં બિચારો ડૂબી જાશે. ગોત્યો હાથ નહિ આવે. હવે ખોવાઈ જાશે આની અંદર. એવું છે. એટલે (ગુરુદેવશ્રી) કહેતા કે, ભાઈ તને ગાંડપણના સનેપાત વળગ્યા છે! મૂકી દે એ બધું.

મુમુક્ષુ :- ભાઈશ્રી ત્યારે (સભામાંથી) આપે કીધેલુંને કે, મહાપુરુષ સિવાય આ સનેપાત કોણ ઉતારે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે! એ તો સનેપાતિયો તો સનેપાત કેવી રીતે કાઢવાનો હતો? એને તો કાંઈ ભાન નથી. વૈદ્ય-ડૉક્ટરને બોલાવવા જ પડે છે. એ તો સીધી વાત છે.

'**તારું તત્ત્વ જુદું છે,...**' ગુરુદેવે શું માર્ગ બતાવ્યો છે? કે '**તારું તત્ત્વ જુદું છે,...**' જ્યારે કાંઈપણ દુઃખ થાયને એટલે મુમુક્ષુએ સીધી આ લાઈન પકડી લેવી. હું જુદો છુંને! આ સંબંધ માનીને ગડબડ-દુઃખ છે ને હું જુદો છું. મારે શું? એક ઝાડ ઉપર સાંજ પડે એટલે પક્ષીઓ ભેગા થાય. ક્યાંયના ક્યાંયથી ઊડી-ઊડીને આવીને એક ઝાડ ઉપર ભેગા થાય. સવાર પડે, પરોઢ થાય ત્યાં ઊડવા માંડે. એને પંખીનો મેળો કહે છે. શું કહે છે? પંખીનો મેળો. બધાને ખબર છે કે આ ઝાડ ઉપર ઘણા પંખી છે. સવાર પડી કે સૌ રવાના. કોઈ કહેવા નહિ રહે કે ક્યાં જાવ છું. હવે અમથો-અમથો એની અંદર બચકો બાંધીને બેસી જાય છે. આ મારું - આટલું મારું, આ મારું અને આટલું બધું મારું. અને અમથો-અમથો ટેન્શનમાં આવીને દુઃખી થાય છે. છતાં કોઈ એનું થાતું નથી. અનંતકાળથી અનંતવાર એવું કર્યા કર્યું એણે, પણ કોઈ એનું થયું જ નહિ. બધી વખતે દુઃખી થયો. હેરાન-હેરાન થયો. અસહ્ય દુઃખ ભોગવ્યા. અકથ્ય

દુઃખ ભોગવ્યા છે. કેવા? અકથ્ય દુઃખ - કહી ન શકે. એટલા દુઃખ ભોગવ્યા છે. પણ ઊંધી રીત બદલતો નથી. દીપચંદજીએ લીધું છે ઊલટી રીત બદલતો નથી.

‘**ગુરુદેવે માર્ગ બતાવ્યો છે કે તારું તત્ત્વ જુદું છે, અન-અભ્યાસને લઈને મુશ્કેલ લાગે છે.**’ અન-અભ્યાસ એટલે પ્રૅક્ટિસ વગર. જુદાપણાની પ્રૅક્ટિસ કરી નથી એટલે તને એમ લાગે છે કે આ વાત કઠણ છે. આ જરાક અઘરી વાત છે, કઠણ વાત છે એવું તને લાગે છે. કેમકે બહુ દઢ કરીને બેસી ગયો છે. મારું છે... મારું છે... મારું છે... મારું છે... એ બહુ દઢ કરીને બેસી ગયો છે. બહુ દઢ કરીને બેઠેલો છે. એટલે કઠણ લાગે છે. બીજું કાંઈ વાતમાં માલ નથી એમાં. જુદું છે એ તો સહેજે જુદું જ છે.

‘**માર્ગ ગુરુ બતાવે છે પણ સમજવાનું, પ્રતીતિ કરવાની પોતાને રહે છે.**’ એટલું તો પોતાને (કરવાનું છે.) માર્ગ બતાવે છે કોને? જે સમજવા આવ્યો છે એને. તો સમજવાનું તો એને છે. સમજીને વિશ્વાસ કરવાનો એને પોતાને છે. ડૉક્ટરની દવા લ્યે તો અજાણી ગોળી (પણ) ખાય જાય. ડૉક્ટરની દવા લે તો પોતાને એ ગોળીમાં શું દવા નાખી છે એ ખબર છે? ભલે એના ઉપર લખ્યું હોય કે હાઈડ્રોક્લોરાઈડ. પણ હાઈડ્રોક્લોરાઈડ શું કહેવાય એ ખબર છે કાંઈ? ખાય જાય છે કે નથી ખાય જાતો? એ તો ધંધાદારી માણસ છે તોપણ વિશ્વાસ મૂકે છે. તો આ ધંધાદારી તો નથી. ધંધો લઈને તો નથી બેઠા.

ઓલું તો સીધું લખ્યું (હોય આટલા) પૈસા દઈને જાવ, મૂકતા જાવ. તોપણ વિશ્વાસ મૂકે છે. હવે તો લોકો શંકા કરે કે આ પૈસા કમાવા માટે તો નહિ કરતા હોયને? એટલે બે જગ્યાએ ચેક કરે. પણ હવે બધે ચૂલામાં રાખ હોય ત્યાં કરે શું? શું કહે છે? ‘**માર્ગ ગુરુ બતાવે છે પણ સમજવાનું, પ્રતીતિ કરવાની પોતાને રહે છે.**’

મુમુક્ષુ :- એટલે તો કૃપાળુદેવે લખ્યું ને એમની નિષ્કારણ કરુણાશીલતાને નિત્ય પ્રતિ સ્તવવામાં આત્મસ્વભાવ પ્રગટે છે!

પૂજ્ય ભાઈશ્રી :- એમાં આત્મસ્વભાવ પ્રગટે છે એમ કહે છે. જુઓ! જ્ઞાનીપુરુષની નિષ્કારણ કરુણાશીલતા!! એનું બહુમાન આવે (તો) નિષ્કારણપણાનું બહુમાન આવ્યું. શેનું બહુમાન આવ્યું? નિષ્કારણપણાનું બહુમાન આવ્યું. એને સ્વભાવ પ્રગટવાનું કારણ લીધું બોલો!! સ્વભાવ પ્રગટવું એટલે સમ્યગ્દર્શન થાવું. એવી વાત છે. કેટલું ઊંડેથી કાઢે છે! બહુ ઊંડેથી કાઢે છે. કેમકે નિષ્કારણ કરુણામાં એમને મોહ નથી. નહિતર આચાર્યો એમ કહે છે કે બીજા જીવો ઉપર કરુણા કરવી એ દર્શનમોહ. બીજા જીવોની દયા કરવી, કરુણા કરવી, દયા આવે એ તને દર્શનમોહના પરિણામ વધશે.

મુમુક્ષુ :- અમારું શું થાશે?

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ સકામ કરુણાની વાત છે. નિષ્કારણ કરુણાની વાત નથી. જે દયાથી પુણ્ય બંધાય, પુણ્ય બંધાય અને પુણ્યના ફળ ઇચ્છે એને દર્શનમોહ વધે છે. જ્ઞાનીપુરુષોને કાંઈ દર્શનમોહ નથી વધતો. એને નિષ્કારણ કરુણાથી કાંઈ દર્શનમોહ નથી વધતો. એક ગાથા છે, પ્રવચનસારમાં ૪૫મી ગાથા છે. મનુષ્ય અને તિર્યંચ પ્રત્યે કરુણા દર્શનમોહ વૃદ્ધિનું કારણ છે. જયસેનાચાર્યે લીધું છે. અમૃતચંદ્રાચાર્યે એ વાત નથી લીધી. જયસેનાચાર્યે કાઢ્યું છે એ.

તમે કહો કેવી રીતે? એક તો માણસ દયા પાળે અને એને નુકસાન થાય? તો કહે દયા પાળવામાં શું છે કે જે પ્રતિકૂળતાથી એને દુઃખ છે એવી વાતનો તે સ્વીકાર કર્યો છે. શેનો સ્વીકાર કર્યો છે? કે પ્રતિકૂળતા દુઃખનું કારણ છે એનો સ્વીકાર કર્યો એટલે અનુકૂળતા સુખનું કારણ છે એનો સ્વીકાર તે કર્યો. તો એમાં પરથી જુદા પડવાનું તો રહ્યું નહિ. અનુકૂળતા અને પ્રતિકૂળતા તો જુદી વસ્તુ છે. એનું જુદાપણું ન રહ્યું એટલે તને દર્શનમોહ વધે. એમ છે.

જ્યારે જ્ઞાનીની કરુણામાં એ અજ્ઞાનને લઈને દુઃખી છે એમ છે. પ્રતિકૂળતાને લઈને દુઃખી છે એમ નથી. એ બિચારા જીવો જગતમાં અજ્ઞાનને લઈને દુઃખી થયા છે, થઈ રહ્યા છે એનું અજ્ઞાન કેમ મટે? એ જ્ઞાન થવાથી અજ્ઞાન મટે. તો એ જ્ઞાનદાન આપે છે. એમાં એમને કાંઈ દર્શનમોહ વધતો નથી. બે વાત જુદી-જુદી છે.

મુમુક્ષુ :- દર્શનમોહ હોય તો વધવાનો પ્રશ્ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનમોહ તો ખલાસ કર્યો છે એમણે.

'**પોતાની મેળે પોતાનો સ્વભાવ ઓળખવો કઠણ પડે છે.**' (ઓળખે) ત્યારે પોતાની મેળે ઓળખે છે પણ શ્રીગુરુ દેખાડે ત્યારે. સત્ સરળ છે, સુગમ છે પણ સત્પુરુષના યોગ વિના અનંતકાળે પણ પ્રાપ્ત ન થાય એવું પણ છે. એવું દુર્લભ પણ છે. એ લીધું છે. સત્‌ને બતાવનાર સત્ જોઈએ અને સુગમ અને સરળ હોવા છતાં સત્પુરુષ વિના પ્રાપ્ત ન થાય એવું પણ છે. કૃપાળુદેવે શૈલી તો ઘણી કરી છે. ઘણી શૈલી કરી છે.

'**પોતાની મેળે પોતાનો સ્વભાવ ઓળખવો કઠણ પડે છે. બતાવનાર ગુરુ મળે ત્યારે અંતરમાં ગ્રહણ થાય છે, એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે.**' શું કહે છે? બતાવનાર ગુરુ મળે ત્યારે. જુઓ! જે વાત કૃપાળુદેવ કરે છે એ જ વાત બહેનશ્રી કરે છે. છે કાંઈ ફેર એમાં? એમ ન લીધું કે બતાવનાર ગુરુ નહિ મળે તો ઉપાદાનથી કરી લેશે. એમ કોઈ દી' બનતું નથી. એટલે ગુરુદેવ કહે છે કે નિમિત્ત વગર થાય

એમ માનવું પણ મિથ્યાત્વ છે અને નિમિત્તથી થાય એમ માનવું પણ મિથ્યાત્વ છે. એટલા માટે લીધું.

'**પોતાની મેળે પોતાનો સ્વભાવ ઓળખવો કઠણ પડે છે.**' કેવી રીતે ઓળખે? એક દાખલો લઈએ તો. બહુ સહેલો સમજાય એવો દાખલો છે. એક બાળક છે. ત્રણ-ચાર વર્ષનું થયું આપણા ઘરમાં. આપણે એને ભણવા માટે પાટી-પેન આપી કે, તું ભણ! આલે આ પાટી અને પેન. શું? બીજું કાંઈ ન કીધું આપણે. આ પાટી અને પેન તું ભણવાનું શરૂ કર! પણ શું શરૂ કરે? લીટોડા કરશે. શું કરશે? પાટીમાં પેનથી શું કર્યા કરશે? લીટા કર્યા કરશે. પેન્સિલ આપી હશે તો ભીંત ઉપર લીટા કર્યા કરશે. આ એકડો એમ એને કોઈક કહેનાર જોઈએ. જો આ હું તને કરી દઉં, આ વંચાવું એ આ. એ તને દેખાડું એકડો આમ. આને એકડો કહેવાય. સમજ્યો તું? આને એકડો કહેવાય. એવું કોક કહેનારું જોઈએ. એ એકડાને સો વાર જોવે તોપણ એને એકડો કહેવાય એની ખબર ન પડે એને. અને ચોપડી આપી દીધી એકડો-બગડો લખેલી. શું કરે એ? એકડો ઓળખી ન શકે. એને એકડો ઓળખાવનાર જોઈએ છે. એની મેળે એકડો કોઈએ ઓળખ્યો હોય તો બતાવી ઘો! એક છોકરો બતાવી ઘો! કે જેણે એની મેળે એકડો ઓળખ્યો હોય. એકડો અઘરો છે એટલો બધો? એકડો એટલો બધો અઘરો છે? (નથી.) પણ એ એકડો બતાવનાર જોઈએ. એકડો પણ બતાવનાર જોઈએ કે, જો આને એકડો કહેવાય! પછી બગડો, ત્રગડો, ચોગડો તારી મેળે પછી આગળ તું શીખજે. પણ આને, આ એકડો તો તારે સમજવો પડશે. એકડો ઓળખાવનાર જોઈએ. એમ સ્વભાવ બતાવનાર ગુરુ મળે ત્યારે અંતરમાં ગ્રહણ થાય છે. બતાવનાર મળે ત્યારે ગ્રહણ થાય છે. નહિતર તો છે અંદર પોતાનું જ સ્વરૂપ અને પોતાનો જ સ્વભાવ, પણ બતાવનાર ન મળે ત્યાં સુધી સ્વભાવ છે એને સમજવો એક બહુ મોટો કોયડો છે. કેમકે અનંતકાળે નથી ઓળખ્યો. શાસ્ત્રો વાંચ્યા, અગિયાર અંગ નવ પૂર્વ સુધી, પણ સ્વભાવ નથી ઓળખ્યો. બોલો! પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ જોઈએ!

મુમુક્ષુ :- એ એકડો પણ એને હાથ પકડીને ઘૂંટાવે ત્યારે એને ખબર પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હાથ વળ્યો ન હોયને! લીટા થઈ જાય. લખવા જાય તો લીટા થઈ જાય.

એમ પોતાની મેળે કામ કરવું, શરૂ કરવું એ કઠણ છે, કોઈ કામ શરૂ કરાવનાર જોઈએ છે. બતાવનાર ગુરુ મળે ત્યારે આવડી જાય એમ નહિ. અંતરમાં ગ્રહણ થાય ત્યારે ઓળખાય. 'અસ્તિત્વ ગ્રહણ.' ગ્રહણ થવું એટલે અસ્તિત્વગ્રહણ. એવો જ કોઈ અનાદિ-અનંત નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. છએ દ્રવ્યનો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ

પણ પારિણામિકભાવે છે. એટલે અનાદિ-અનંત છે. પારિણામિકભાવે છે એટલે અનાદિ-અનંત છે. છએ દ્રવ્યો પ્રતિસમય પરિણમી રહ્યા છે એમાં એકબીજાને નિમિત્ત છે. જ્ઞાનમાં જ્ઞેય નિમિત્ત છે, જ્ઞેયને જ્ઞાન નિમિત્ત છે. આકાશને બીજા પદાર્થોનું અવગાહનનું નિમિત્ત છે. કાળાણું પરિણમવામાં નિમિત્ત છે. બધી વખતે બધા નિમિત્ત હાજર છે. એવો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પારિણામિકભાવે રહેલો છે. શું એનું કારણ? કોઈ કારણ નહિ. કારણ વિના જ એમ છે. સ્વભાવથી છે એટલે કારણ વિના છે. સ્વભાવથી હોય એને કારણ ન હોય. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ સ્વભાવિક છે. એમ છે.

સારું કાઢ્યું છે હોં આ. પ્રશ્ન સાદો લીધો છે આ. કે વિશ્વાસ આવવો જોઈએ ગુરુની વાતમાં? એમાંથી વાત કાઢી છે.

છેલ્લું વાક્ય બહુ સરસ આવ્યું છે. '**પોતાની મેળે પોતાનો સ્વભાવ ઓળખવો કઠણ પડે છે.**' અથવા એ શક્ય જ નથી. આમ તો એકડો તો સ્થૂળ છે સામે દેખાય એવી ચીજ છે નરી આંખે. આ તો સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વ છે. અરૂપી. કેવું? અરૂપી અને સૂક્ષ્મથી સૂક્ષ્મ તત્ત્વ છે. એ પોતાની મેળે કોઈ ઓળખી લે એવું જગતમાં ક્યારેય બન્યું નથી અને બનવાનું પણ નથી. માટે કહ્યું કે એક સત્પુરુષને શોધ અને સર્વ ભાવો અર્પણ કરી દઈને વર્ત્યો જા. (પછી) મોક્ષ ન મળે તો મારી પાસેથી લઈ જજે જા!

મુમુક્ષુ :- બીના નયન પાવે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં એમ લીધું ને 'પાવે નહિ ગુરુગમ વિના યહી અનાદિ સ્થિત.' અનાદિ-અનંત આ સ્થિતિ છે. નહિતર બફમમાં રહી જશે. ઉપાદાનથી થાય.. ઉપાદાનથી થાય... પણ કહે છે વસ્તુસ્થિતિ તો તારે સમજવી જ પડશે. અને વસ્તુસ્થિતિનો સ્વીકાર કર્યા વિના તું પામી જા એમ કાંઈ બનવાનું નથી. અને આવી બાબતમાં નિમિત્તાધિનપણું થઈ જશે એવી શંકા કરવી નહિ. કે નિમિત્તાધિનપણું થઈ જશે તો? એ શંકા અહીંયાં કરવાની જરૂર નથી. તું નિમિત્તાધિનપણે ચોવીસે કલાક પરિણમન કરી રહ્યો છો. કર્મના ઉદયના નિમિત્તે જ તારું પરિણમન ચાલે છે. વાંધો પાડવો હોય તો પહેલાં ત્યાં વાંધો પાડને! નિમિત્ત મારે ન જોઈએ, એનો જો વાંધો પાડવો હોય તો ચોવીસ કલાક પરિણમન કરી રહ્યો છો ઉદયમાં ત્યાં જ વાંધો પાડને!

મૂળ તો શું છે કે એટલું બધું સહજ થઈ ગયું છે કે ત્યાં તો વિચાર પણ આવતો નથી. જ્યાં સત્પુરુષની વાત આવે ત્યાં નિમિત્તની વાતનો એને વાંધો પડવાનો વિચાર આવે છે. માંડ માંડ આંધળાને દરવાજો હાથમાં આવ્યો ત્યાં ખંજવાળવા માંડ્યો. હાથ અડાડી... અડાડી... અડાડી... અડાડીને ચાલતો હતો. એમાં દરવાજો આવ્યો એને એમકે દરવાજેથી જાવું છે ત્યાં એને ખંજવાળ આવી. ચાલતો બંધ રહે નહિ. ગયો. એમ

જ્યાં તરવાનું નિમિત્ત આવ્યું તો કહે નિમિત્તની વાત ન જોઈએ. તો કે આખો દીં' શું થાય છે તારું? નિમિત્ત વગર તો એક સેકન્ડ પણ તારે ચાલતું નથી. ત્યાં તને વાંધો નથી કાંઈ. અહીંયાં નવો તર્ક ઉઠાવે છે. એને તરવાના લક્ષણ નથી.

મુમુક્ષુ :- નિમિત્ત શબ્દ છે એ સત્પુરુષ પાસેથી શીખ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- નિમિત્તનું નિમિત્તપણું શું છે એ પણ સત્પુરુષે એને સમજાવ્યું છે. એને ક્યાં ખબર હતી?

મુમુક્ષુ :- એ પાછો એને સમજાવા જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા!

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગુરુદેવે તો સ્પષ્ટ કર્યું છે કે નિમિત્તનો વિવેક તે જ ઉપાદાનનો વિવેક છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. (પરમાગમસારમાં) ૮૩૧માં. નિમિત્તનો વિવેક તે ઉપાદાનનો વિવેક છે. એ આત્માનો વિવેક છે એમ લખ્યું છે. તે આત્માનો વિવેક છે. નિમિત્તનો વિવેક તે આત્માનો વિવેક. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ, તેનો આદર કરવો, તેની આજ્ઞા માનવી એવો જે વિવેક એ એને આત્માનો વિવેક ઊગ્યો છે. એમ છે ખરેખર તો. અહીં સુધી રાખીએ.

આશય :- (૨૦૯) :- **ભલે અનાદિથી સ્વભાવ જોયો નથી, તોપણ શ્રીગુરુની વાત ઉપર વિશ્વાસ કરવો બહુ જરૂરી છે. તેઓ તને તારું ઉપાદાન નિષ્કારણ કરુણાથી દર્શાવે છે. અને તે સિવાય સ્વભાવનું દર્શન થાય તે અશક્ય છે. એવી વસ્તુસ્થિતિનું ઉલ્લંઘન થવું અશક્ય છે. એમ જાણી ગુરુ વચનમાં વિશ્વાસ કર્તવ્ય છે.**

**હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૧**

**પ્રશ્ન :- ગુરુએ માર્ગ બતાવ્યો છતાં ગુરુ તરફથી નજર પાછી વાળવી એમ ગુરુ કહેવા માંગે છે?**

**સમાધાન :- ગુરુ એમ કહે છે કે તું સ્વતંત્ર છો, તું તારામાં જો, તારી દૃષ્ટિ ફેરવ. તું તારા તરફ દૃષ્ટિ કર. ગુરુ આમ કહી રહ્યા છે. પણ આગળ જનારને એવો ભક્તિભાવ આવે કે ગુરુ! તમે જ માર્ગ બતાવ્યો, દિશા બતાવી, આત્મા બતાવ્યો, સ્વતંત્રતા બતાવી, સ્વાનુભૂતિનો માર્ગ બતાવ્યો છે. નિર્વિકલ્પદશા થાય ત્યારે મુક્તિનો માર્ગ પ્રગટ થાય-આત્માની સ્વાનુભૂતિ થાય-વેદન થાય. એ બધું આપે જ બતાવ્યું છે છતાં કરવાનું પોતાને રહે છે. ૨૧૦.**

## તા. ૨૨-૭-૧૯૯૭, પ્રશ્ન- ૨૧૦
## પ્રવચન નં. ૧૫૨

પાનું-૧૩૪. ૨૧૦મો પ્રશ્ન છે. '**ગુરુએ માર્ગ બતાવ્યો છતાં ગુરુ તરફથી નજર પાછી વાળવી એમ ગુરુ કહેવા માંગે છે?**' ગુરુએ માર્ગ બતાવ્યો કે અંતર્મુખ થા! તું તારા તરફ દૃષ્ટિ કર!

'**સમાધાન :- ગુરુ એમ કહે છે કે તું સ્વતંત્ર છો, તું તારામાં જો, તારી દૃષ્ટિ ફેરવ. તું તારા તરફ દૃષ્ટિ કર. ગુરુ આમ કહી રહ્યા છે.**' ગુરુ એમ નથી કહી રહ્યા કે તું મારા તરફ જો. તું તારા તરફ દૃષ્ટિ કર એમ કહી રહ્યા છે. પણ એ ગુરુને સાંભળનારને અથવા તો સ્વરૂપ તરફ દૃષ્ટિ લઈ જનારને એવો ભક્તિભાવ આવે કે ગુરુ તમે જ માર્ગ બતાવ્યો, તમે જ દિશા બતાવી, તમે જ આત્મા બતાવ્યો, તમે જ સ્વતંત્રતા બતાવી, સ્વાનુભૂતિનો માર્ગ તમે બતાવ્યો છે. એમ એને ભક્તિ આવે છે.

ગુરુએ માર્ગ બતાવ્યો તો એ માર્ગ બતાવવામાં એણે એમ કહ્યું કે તું તારા તરફ જો. ગુરુની ભક્તિ તને ન હોવી જોઈએ એમ નથી કીધું. કે ગુરુભક્તિ નહિ હોય ને તને માર્ગ મળી જશે એવું તો નથી કીધું. આત્મા તરફ વળતાં બાહ્ય પદાર્થ ઉપરની પરિણામની દિશા બદલાય જાય છે, આત્માની દિશા અંતર્મુખની દિશા થાય ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષ તરફના પરિણામની દિશા ન હોય. પણ એથી ભક્તિભાવનો નાશ થઈ જાય, એવી દશા ઊભી થાય, એવી દશા ઉત્પન્ન થાય - એવું નથી બનતું એમ કહે છે.

શુદ્ધોપયોગ છે એ તો સેકન્ડના પણ ઓછા ભાગનો છે. અને અંતર પરિણતિ જ્ઞાનદશાની જે અંતર્મુખની પરિણતિ છે એ આંશિક પરિણતિ છે. અમુક અંશ અંદર બાજુ વળેલો છે, અમુક અંશ બહાર તરફ હોય છે. તો બહાર તરફનો જે અંશ છે એમાં ભક્તિ આદિ ભાવ હોય છે. એટલે બહાર તરફના જે પરિણામો છે એ પરિણામો કેવા હોય છે? એનું પણ યથાસ્થાને નિરૂપણ કરવામાં આવ્યું છે અને એમાં કદી વિરુદ્ધતા હોતી નથી. વિરુદ્ધતા હોતી નથી એટલે શું છે? કે જે ગુરુએ અંતર્મુખનો માર્ગ બતાવ્યો અને એ પોતે અંતર્મુખ થયો એટલે એને ગુરુની ભક્તિ ઊડી ગઈ - ન રહી, કેમકે એ બાહ્ય પરિણામ છે - એમ બનતું નથી. એમ અહીંયાં લીધું. શું લીધું બહેનશ્રીએ?

ફરીને હવે જુઓ કે '**ગુરુ એમ કહે છે કે તું સ્વતંત્ર છો,...**' એટલે કે ગુરુ એમ નથી કહેતા કે તું મારે આધીન છો. જોકે શિષ્યને એવા પરિણામ આવે છે કે વર્તું ચરણાધીન. એને કેવા ભક્તિના પરિણામ હોય છે? કે વર્તું ચરણાધીન. તો ગુરુ એમ નથી કહેતા કે તું મારે આધીન છો. એ એમ કહે છે કે તું સ્વતંત્ર છો. તો કહે ભલે હું સ્વતંત્ર રીતે પણ આપના ચરણાધીન રહેવા માગું છું. એ મારો સ્વતંત્ર વિચાર છે. તે મારો સ્વતંત્ર વિચાર છે અને એમાં હું મારું હિત જોઉં છું. એમાં હું કાંઈ આપના માટે એવું કરું છું એમ નહિ. એમાં પણ હું મારો સ્વાર્થ જ જોઉં છું. કેમકે ચરણાધીન રહેવામાં મારી safe side છે. નહિતર પાછું મારું ઠેકાણું નહિ રહે. એવી ખબર મને સ્વતંત્રપણે પડી છે એટલે સ્વતંત્રપણે હું ચરણાધીન રહું છું. અને આપ જે સ્વતંત્રતા કહો છો એ આપની વાતનો સ્વીકાર છે, પણ છતાં આપનો ઉપકાર ગાયા વગર હું તો રહી શકું એમ નથી. કેમકે હું સ્વતંત્ર છું એવી પણ મને ખબર નહોતી. એટલે મારી સ્વતંત્રતા હોવા છતાં પણ હું તો પરતંત્ર જ હતો. એટલે એક ન્યાયે તમે મને સ્વતંત્રતા બક્ષી છે. સ્વતંત્રતાની બક્ષીસ, સ્વતંત્રતાની ભેટ આપે આપી છે અને એટલા માટે હું સ્વતંત્ર રીતે આપના ચરણાધીન રહેવા માંગુ છું. જાવ!

મુમુક્ષુ :- ચરણાધીન રહેવું જોઈએ એ પણ ક્યાં ખબર હતી?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પણ હું સમજ્યો નહોતો. એ પણ આપની વાત ઉપરથી સમજાણું કે આપ પણ આપના ગુરુના ચરણાધીનપણે વર્ત્યા હતા. અને એમાં જ સલામતી દેખાય છે. નહિતર સલામતી દેખાતી નથી. એટલે ગુરુ એમ ઉપદેશ કરે છે કે '**તું સ્વતંત્ર છો, તું તારામાં જો,** (બહારથી) **તારી દૃષ્ટિ ફેરવ. તું તારા તરફ અંતરદૃષ્ટિ કર. આમ ગુરુ કહી રહ્યા છે. પણ** (એ દિશામાં) **આગળ જનારને...**' અંતર્મુખની દિશામાં આગળ વધનારને એવો ભક્તિભાવ આવે. કેમકે જગતમાં એમ કહેનાર કોઈ નથી. જગતમાં તો બધા એમ કહેનાર છે કે મારી પાસે આવો..! મારી પાસે આવો...!

ગીતામાં તો શ્રીકૃષ્ણના મુખેથી એવું વચન નાખ્યું છે - 'મામેકં શરણં રજ' મામ એકં. મારા એકલાની. બીજા કોઈની પાસે તું નહિ જતો. મારા એકલાની શરણે તું આવ, 'અહંત્વ સર્વ પાપેભ્યો મોક્ષ એષ્યામિ' હું તને બધા પાપથી છોડાવી દઈશ. 'અહંત્વ સર્વ પાપેભ્યો મોક્ષ એષ્યામિ મા સૂચક' કાંઈ ચિંતા કરીશ નહિ. તારે હવે ચિંતા કરવાની જરૂર નથી. એવા વચનો મૂકાવરાવ્યા છે. પછી એને જે ભગવાન તરીકે માનતા હોય એ તો વળગી જ રહે. બસ! આપણે શ્રી કૃષ્ણ શરણં મમ. શ્રીકૃષ્ણ શરણં મમ. મારે તો હવે શ્રીકૃષ્ણનું શરણું છે. હવે મારે કોઈ બીજાનું શરણ ગ્રહણ કરવું નથી. એ તો બધું ફીટ બેસી જાય. એ તો બધું ફીટ બેસી જાય. પછી ત્યાંથી ઉખડી ન શકે.

'**એવો ભક્તિભાવ આવે કે ગુરુ! તમે જ માર્ગ બતાવ્યો, દિશા બતાવી, આત્મા બતાવ્યો,...**' ભલે પોતે જોયો છે પણ ઉપકાર તો એવી રીતે ગાય છે. '**સ્વતંત્રતા બતાવી, સ્વાનુભૂતિનો માર્ગ બતાવ્યો છે. નિર્વિકલ્પદશા થાય ત્યારે મુક્તિનો માર્ગ પ્રગટ થાય-આત્માની સ્વાનુભૂતિ થાય-વેદન થાય.**' પોતાનું સ્વરૂપ ક્યારે જોવે પોતે? અથવા સ્વરૂપની દૃષ્ટિ ક્યારે પ્રગટે? કે નિર્વિકલ્પદશા થાય ત્યારે.

'**ત્યારે મુક્તિનો માર્ગ પ્રગટ થાય-**' ત્યારે જ સ્વાનુભૂતિની દશા પ્રગટ થાય. ત્યારે જ પોતાને પોતાનું સ્વસંવેદન ઉત્પન્ન થાય. પણ '**એ બધું આપે જ બતાવ્યું છે...**' અમને કાંઈ ભાન નહોતી. એ બધું કેમ થાય એ પણ આપે જ બતાવ્યું છે. '**છતાં કરવાનું પોતાને રહે છે.**' બતાવ્યું છે. માર્ગ બતાવ્યો પણ માર્ગે ચાલવાનું કોને? કે પોતાને. અને એ પાત્રતાવાનને ખ્યાલમાં હોય છે કે શ્રીગુરુ માર્ગદર્શન કરે છે, પુરુષાર્થ મારે કરીને એ માર્ગે ચાલવાનું તો મારે પોતાને જ છે. એવો પણ એને ખ્યાલ હોય છે. ઉપકારના સ્થાનમાં ઉપકાર માનવામાં અધૂરાશ કે કચાશ નથી હોતી. જો એટલો પ્રકાર ન રહે તો, જો બાહ્ય અંશમાં એવો પ્રકાર ન રહે તો, જે પોતે પુરુષાર્થ કરે છે એનો અહંકાર ઉત્પન્ન થયા વિના રહે નહિ. એનો અહંકાર ઉત્પન્ન થાય.

મુમુક્ષુ :- પુરુષાર્થ થાય ખરો? ભક્તિભાવની કમીમાં પુરુષાર્થ થાય ખરો?

પૂજ્ય ભાઈશ્રી :- ન થાય. ભક્તિભાવની કમી હોય તો પુરુષાર્થ પણ ન થાય. અને પુરુષાર્થ હોય એને ભક્તિભાવની કમી હોય નહિ. જેને સમ્યક્ પુરુષાર્થ હોય, સાચો પુરુષાર્થ હોય, યથાર્થ પુરુષાર્થ હોય એને ભક્તિભાવની કમી હોય નહિ. એમ છે.

મુમુક્ષુ :- જિસકો સહજપને ભક્તિભાવ ઉત્પન્ન હોતા હૈ ઉસકો પુરુષાર્થ કરના ચાહિયે ઐસા ભી વિકલ્પ નહીં હોતા હૈ. સહજમાત્રમેં પુરુષાર્થ અંદરસે ઉઠેગા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વહ તો ભક્તિમેં ક્યા હૈ? ભક્તિભાવ હોનેસે શ્રીગુરુ જો

બાત કહતે હૈં વહ ગ્રહણ કરનેકી યોગ્યતાકી પ્રાપ્તિ હોતી હૈ. ઔર ઉસકા પતા ખુદકો હોતા હૈ. કિ વહ બાત મૈંને પહલે ભી સુની થી, ઔર અબ ભી સુનતા હૂઁ. પહલે સુની થી તો મૈં ગ્રહણ નહીં કર સકતા થા, અભી ભક્તિ હોનેસે ગ્રહણ કર સકતા હૂઁ. કેમકે પહેલા એટલો દર્શનમોહ તીવ્ર હતો, ભક્તિ થવાથી દર્શનમોહ ગળ્યો. એટલે એને ખ્યાલ આવે છે કે આ ભક્તિભાવનો પ્રભાવ દર્શનમોહ ઉપર કેવો આવે છે? એટલે એ તો સમજણપૂર્વક છે. ભક્તિ છે એ પણ સમજણપૂર્વક છે અને એમાં પણ પોતાનો પરમાર્થરૂપી સ્વાર્થ, પારમાર્થિક સ્વાર્થ બરાબર સમજાયેલો છે.

કોઈ ગુરુભક્તિ કરે છે એ ગુરુ માટે નથી કરતા. જે દી' ગુરુ માટે કરું છું એમ આવે તે દી' વાત પૂરી થઈ ગઈ. તે દી' એને એમ લાગવાનું કે મારો પણ ગુરુ ઉપર ઉપકાર છે, ગુરુનો એકલાનો મારા ઉપર ઉપકાર નથી!! મારો પણ ગુરુ ઉપર ઉપકાર છે. મેં પણ આટલું કર્યું છે. ઠીક! એને જ્ઞાન કોઈ દિવસ ચડે નહિ.

મુમુક્ષુ :- ઇતના ઇતના કરતા હૂઁ વહ દિખાનેકા ભાવ આ જાયે તો ક્યા..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભક્તિનો દેખાવ કરવાનો જો ભાવ આવી જાય, કે જુઓ હું કેવો સરસ ભક્તિભાવ કરું છું! એમ બીજાને પણ ખ્યાલ આવે, બીજા મારી ભક્તિ જોવે - એને જ્ઞાન ચડે નહિ.

મુમુક્ષુ :- બીજાને નહિ, ગુરુને પણ બતાવવાનો વિકલ્પ આવે તોપણ..

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુ તો વિચિક્ષણ છે એટલે એ તો એથી પહેલા સમજી જાય છે કે આને હવે આડંબર કરવાનો અભિપ્રાય થઈ ગયો છે. તો ગુરુ તો ઠપકારે પછી. શું કરે? ઠપકારે! કે તારે ભક્તિ પણ કરવી હોય અને સાથે સાથે ભક્તિનો આડંબર કરવો હોય તો આ ભક્તિ ભક્તિ નહિ રહે. ભક્તિ ભક્તિ નહિ રહે. તારો ઉદ્દેશ બદલાઈ ગયો. શું થયું? તારો ઉદ્દેશ બદલાઈ ગયો.

એટલે ભક્તિ કરનારને બરાબર સમજણ હોય છે અથવા સમજણ હોવી ઘટે છે. ન હોય તો. યથાર્થમાં તો હોય છે. ન હોય તો સમજણ હોવી ઘટે છે કે હું ગુરુ માટે ભક્તિ નથી કરતો. મારા કલ્યાણ માટે, મારી સહીસલામતી માટે, મારા સ્વાર્થ માટે હું ભક્તિ કરું છું. ગુરુ માટે કરતો નથી. એ સમજણ ન હોય તો ભક્તિ સ્વચ્છંદ નિરોધ નહિ રહે. સ્વચ્છંદ સાથેની ભક્તિ હશે. એમાં કોઈ દિવસ જ્ઞાન નહિ ચડે. એ વાત પહેલીવહેલી કરી હોં! કે ભક્તિ કરનાર પોતાને માટે ભક્તિ કરે છે. કોના માટે કરે છે? એ ભક્તિ કરનારની વિચિક્ષણતા છે કે હું ભક્તિ કરું છું એમાં મને કેટલા ફાયદા છે. એવી જે સમજણ એ ભક્તિ કરનારની વિચિક્ષણતા છે.

મુમુક્ષુ :- કોઈ કૈસા સ્વચ્છંદ ધારણ કર લેતે હૈં ઇતના સુનને કે બાદ કિ, ભક્તિ

હોના તો સહજભાવ હૈ. જબ હમકો ફાયદા હોગા તો ભક્તિ ઉત્પન્ન હો જાયેગી. તો ઉસમેં કરનેમેં તો કૃત્રિમતા હોગી તો ક્યોં કરના?

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો શું છે સરળતાવાળાને તો આમ હોય છે. એમ ન હોય તો અસરળતા છે. સરળતા નથી. ભક્તિમાં પણ સરળતા સાથે સાથે નથી, અસરળતા છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સેવા કા મૌકા મિલા ઉસમેં ગમવાપના લગતા હૈ તો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વહ તો ક્યા હૈ કિ અપના ભક્તિભાવ બઢતા હૈ, ઈસલિયે ગમનેકા કારણ હોના ચાહિયે. ક્યોં ગમતા હૈ? કિ ઉસ સેવાકે માધ્યમસે, સેવાકી પ્રવૃત્તિકે દૌરાન હમારા ભક્તિભાવ અગર બઢતા હૈ તો તો યથાર્થ હૈ. વહ કોઈ competitionકી યા કોઈ દિખાવકી ચીજ હોની નહીં ચાહિયે. કેવલ હમ હમારે કારણસે, હમારે સ્વાર્થકે લિયે, હમારી ભલાઈકે લિયે હમે જો કુછ કરના હૈ વહ કરના હૈ. ઉતની બાત આની ચાહિયે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દર્શનમોહની ધોલાઈ કરવા માટે જે-જે જ્યારે-જ્યારે મોકો મળે એ ચૂકવો નહિ. એમાં બધા...

પૂજ્ય ભાઈશ્રી :- હા એમાં ભક્તિ તો મુખ્ય છે. દર્શનમોહને ગાળવામાં ભક્તિ તો મુખ્ય છે. પણ આવી સમજણપૂર્વકની. ઓઘે ઓઘે નહિ પણ સમજણપૂર્વક. જ્ઞાનીની ઓળખાણની ભક્તિમાં તો અયથાર્થતા હોતી જ નથી. પણ ઓળખાણ ન હોય ત્યારે કેટલીક સમજણ હોવી જરૂરી છે કે હું શું કરવા કરું છું? ભક્તિ પણ શું કરવા મને? એમાં મારું કલ્યાણ મને દેખાય છે કે નથી દેખાતું?

મુમુક્ષુ :- સાહેબ! પહેલા કોઈપણ મુમુક્ષુને તો ઓઘભક્તિ હોયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શરૂઆત ઓઘભક્તિથી થાય છે. કેમકે ઓઘસંજ્ઞામાં ઊભો છે અને ભક્તિ આવે. પણ પારમાર્થિક દૃષ્ટિકોણની સમજણ કરે એ જરૂરી છે. તો ઓઘસંજ્ઞામાં પણ એ ઓઘસંજ્ઞામાંથી એ નિષ્કામભક્તિમાં આવશે. ઓઘસંજ્ઞામાં બહુભાગ સકામભક્તિ હોય છે. ઓઘસંજ્ઞાવાળાને મોટાભાગે સકામભક્તિ હોય છે. જો સમજણ બરાબર હોય તો નિષ્કામભક્તિ રહે. કે હું મારા આત્મકલ્યાણ માટે કરું છું અને આત્મકલ્યાણ સિવાય આમાં મારું બીજું કોઈ પ્રયોજન અને કોઈ હેતુ નથી. એવી જે નિષ્કામભક્તિ છે એ એની ઓઘસંજ્ઞાને છોડાવશે. નહિતર ઓઘસંજ્ઞામાં સકામતા ક્યારે પ્રવેશ કરશે એ એને પોતાને ખબર નહિ રહે. એ કેવી રીતે થઈ જાય છે?

(જેમકે) ક્યાંક પ્રતિકૂળતા આવી, દુઃખી થયો ત્યાં એને એમ થશે કે હું ભક્તિ કરું છું અને મને કેમ દુઃખ પડ્યું? હું તો કેવો ભક્તિ કરું છું! ફલાણા મહાત્મા અને

ફલાણા ગુરુ અને ફલાણા ભગવાનની, ભલે જેની કરતા હોય એની. પણ મને કેમ આવું થયું? આવું ન થયું હોત તો સારું અથવા ભક્તિ વધારે કરું તો આ પ્રતિકૂળતા ન આવે - આ તો બહુ સ્થૂળ પ્રકાર થયો.

સૂક્ષ્મ પ્રકાર એવી રીતે સકામતાનો ઉત્પન્ન થઈ જાય છે કે જે ભક્તિ વિશેષપણે કરતો હોય અથવા બીજાને પણ ખ્યાલમાં આવે, એટલે બીજા એની પ્રશંસા કરે કે ભાઈ તમે બહુ સારી ભક્તિ કરો (છો), અમારામાં તો આવી ભક્તિ નથી. તમારી ભક્તિ તો તમારી ભક્તિ! અમારામાં આવી ભક્તિ નથી. ભલે બે-ચાર જણા કહે, વધારે ન કહે. પણ કોક તો મને આમ કહે છે. કોકની નજરમાં તો મારી ભક્તિનું મહત્ત્વ છે અને કોક તો કહેનાર નીકળવાનું પણ છે. જ્યારે ભક્તિ કરશે ત્યારે કોઈ કહેનાર પણ નીકળશે કે ભાઈ તમારી ભક્તિ સારી છે, તમારું સમર્પણ સારું છે, ત્યારે કોકની નજરમાં પણ મારી ભક્તિ છે એવું જે કોકની નજરમાં મારું સ્થાન છે શું થયું એ? સ્થાન છે. એ સકામતા થઈ ગઈ. આમ ઓઘસંજ્ઞાવાળા જીવને સૂક્ષ્મ રીતે સકામતાનો પ્રવેશ થઈ જાય છે. પણ કેવળ એક આત્મકલ્યાણ માટે જો જીવ ભક્તિ કરે છે તો એને નિષ્કામભક્તિ રહે છે અને એ નિષ્કામભક્તિ કેટલીક નિર્મળતાને લાવે છે. એ નિર્મળતાને વશ જીવ જ્ઞાનીપુરુષને ઓળખવા માટે યોગ્યતાવાન થાય છે, એને ક્ષમતા આવે છે એ જાતની અને એમાંથી ઓળખાણવાળી સાચી ભક્તિ, એને પરાભક્તિ એમાંથી પ્રગટ થાય છે. એ યથાર્થ ભક્તિ છે! જેને પરાભક્તિ પ્રગટ થઈ તે જીવ મોક્ષમાર્ગ પામવા માટે નિકટ છે. અને જ્યાં સુધી એવી ભક્તિ ન આવે ત્યાં સુધી મોક્ષમાર્ગ વિકટ છે. આ વાત કૃપાળુદેવે ૨૨૫ નંબરના પત્રમાં નાખી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યથાર્થ ભક્તિ કરવાવાળો જીવ જે હોય એ તો સત્પુરુષના પરિણમને જોતો હોય!

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો જ ઓળખાણ થાયને!

મુમુક્ષુ :- એ પરિણમન એ પણ સત્પુરુષનો એક આત્મા જ છેને!

પૂજ્ય ભાઈશ્રી :- એણે આત્માને જોયો એમાં. કેમકે એ પરિણમન આત્માકાર છે, સ્વરૂપાકાર છે. સ્વરૂપસદશ્ય છે એટલે સ્વરૂપને જોયું એણે, અને સ્વરૂપને જોયા પછી એને જે ભક્તિ આવી એ સ્વરૂપને નમ્યો છે. વ્યક્તિગત રીતે એમ કહેવાય કે ગુરુને નમ્યો છે. પણ જનરલ વાત કરીએ તો એ સ્વરૂપને નમ્યો છે. સ્વરૂપ તરફ નમ્યો એટલે સ્વરૂપ તરફ ઢળ્યો. સ્વરૂપ તરફ ઢળ્યો એ સ્વરૂપને પ્રગટ કરશે. સીધો હિસાબ છે. એમ સીધો હિસાબ છે.

એટલે ભક્તિ કરનારની સમજણ સત્સંગ યોગે યથાર્થ હોય તો ઓઘસંજ્ઞામાં એ

નિષ્કામભક્તિમાં આવી જાય. એ નિષ્કામભક્તિમાં આવી જાય તો એ ઓળખાણ થઈને પરાભક્તિમાં આવી અને આત્મકલ્યાણ કરી લેશે. પાધરી પાટી છે - ઝાલાવાડી ભાષા છે. પાધરી પાટી છે.

મુમુક્ષુ :- અહીંયાં એવું લઈએ તો કોઈપણ મુમુક્ષુ છે એ પહેલા સત્પુરુષના શુદ્ધ-આત્માને જોવે, પછી પોતાને-આત્માને જોઈ શકે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એ સિવાય તો બીજો કોઈ રસ્તો જ નથી. સત્પુરુષની ઓળખાણ વિના કોઈએ આત્માની ઓળખાણ કરીને અનુભવ કર્યો હોય એવો એકેય કેસ નથી. ભૂતકાળમાં અનંતા જ્ઞાનીઓ થયા, એમાંથી એક કેસ પણ એવો નથી. not a single case. અપવાદ માટે પણ! એટલે એમાં તો બીજો alternative છે જ નહિ. કેમકે બીજી રીતે ઓળખાણ થતી જ નથી. કોઈને સીધી આત્માની ઓળખાણ થાય એ તો ઊંધો ઘડો આડો થયા વિના સીધો થયા જેવી વાત છે. next to impossibe. કોઈ ઘડો ઊંધો પડ્યો છે એ સીધો થયો એમાં આડો થયો જ નહોતો-એમ તમે કહો તો એ અશક્ય અને અસંભવિત છે, એના જેવી વાત છે. એ સત્પુરુષને ઓળખ્યા વિના.. એ વાત તો કૃપાળુદેવે લીધી નહિ ૨૧૩માં(પત્રમાં). હે પુરાણપુરુષ! એટલે કે હે આત્મા! સત્પુરુષને ઓળખ્યા વિના અમે તને ઓળખી શક્યા નહિ. લીધું છે કે નથી લીધું? અને એ જ તારી દુર્ગમતા અમને સત્પુરુષ પ્રત્યે અધિક પ્રેમ કરાવે છે. તો અમે તારા કરતા સત્પુરુષને વધારે ભજીએ તો ખોટું લગાડીશ નહિ. એમ વાત છે. પ્રશ્નમાં એમ છે કે '**ગુરુએ માર્ગ બતાવ્યો છતાં ગુરુ તરફથી નજર પાછી વાળવી એમ ગુરુ કહેવા માંગે છે?**' એમ જે પૂછ્યું છેને એમાં ભક્તિની ઊણપ દેખાય છે. પ્રશ્નના ટોનમાં શું છે? કે ગુરુ તરફથી નજર પાછી વાળવાની ગુરુ જ કહે છે. પછી આપણે શા માટે ગુરુ તરફ નજર કરવી? ત્યારે બહેનશ્રીએ શું કીધું? કે ગુરુ એમ કહે છે ખરા કે, તું અંતર્મુખ થા! તું તારામાં વળ! પણ એનો અર્થ એવો નથી કે એને ગુરુભક્તિનો નાશ થઈ જાય કે ગુરુ ભક્તિનો અભાવ હોય - એમ કહેવા માગતા નથી. હવે એ વખતે ગુરુએ તને ન કીધું હોય કે તું ભક્તિ કર કે ન કર એવી કોઈ વાત ન કરી હોય. ભક્તિનું પ્રકરણ જ ન હોય. સીધું દ્રવ્યાનુયોગનું પ્રકરણ હોય, અધ્યાત્મનું પ્રકરણ હોય અને અધ્યાત્મદૃષ્ટિ એમ કહે કે તું તારામાં તારી સન્મુખ થા! અંતર્મુખ થા! તું તારામાં સ્થિર થા! તારામાં લીન થઈ જા! ક્યાંય આડુંઅવળું જોઈશ નહિ.

મુમુક્ષુ :- સીધે સીધું એમ કરવા જાય તો ગુરુ તરફથી દૃષ્ટિ હટીને બાયડી-છોકરામાં જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પડ્યું જ છે! એ તો પડ્યું જ છે. એ ક્યાં નવું

લાવવાનું છે? હવે એને પહેલા ગુરુ પ્રત્યે વાળે છે અને પછી એને આત્મા તરફ વાળે છે. ક્રમ એમ છે. જ્ઞાનીના માર્ગનો ક્રમ એમ છે કે પહેલા એને ભક્તિમાં વાળે છે અને પછી એને આત્મા તરફ વાળે છે. એટલે ભક્તિ તરફ વળેલો હોય એને એમ કહે છે કે તું તારામાં અંતર્મુખ થા! પણ સાંભળનારે એનો અર્થ એમ નથી કરવાનો કે ભક્તિનો અભાવ થશે ને હું અંતર્મુખ વળીશ. ભક્તિનો નાશ થઈ જશે ને હું અંતર્મુખ વળીશ. એમ કહેવાનું નથી. જ્યાં સુધી છદ્મસ્થ છે ત્યાં સુધી એને ગુરુ પ્રત્યેનો અનુરાગ છૂટે નહિ.

મુમુક્ષુ :- એ બની જ કેમ શકે?

પૂજ્ય ભાઈશ્રી :- બની શકે નહિ. એ કોઈ રીતે બની શકે નહિ.

મુમુક્ષુ :- ભક્તિને હૃદયમાં રાખીને બધા કામ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ વગર કામ થાય એવું છે નહિ. એ વગર કામ થાય એવું નથી. એટલે અધ્યાત્મના તીખા ગ્રંથો જે છે. જેમકે નિયમસાર! અધ્યાત્મનો બહુ તીખો ગ્રંથ છે. વ્યવહારની મશ્કરી કરી છે. ક્યા નયથી અમે જોઈએ? વ્યવહારનો નય નથી અમારી પાસે. પદ્મપ્રભમલધારી દેવે એવા એવા શ્લોકો લખ્યા છે, (સાથે-સાથે) ગુરુભક્તિ અને જિનેન્દ્રભક્તિ પણ એવી જ જોરદાર કરી છે.

મુમુક્ષુ :- ભક્તિનો અધિકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને ભક્તિ અધિકાર લખ્યો છે. નિશ્ચય ભક્તિ અધિકાર. સ્પેશ્યલ અધિકાર લખ્યો છે. એ એમ સૂચવે છે અથવા એ વાતને એ પ્રસિદ્ધ કરે છે કે આ રીતે મોક્ષમાર્ગનું અંતર્મુખ થવાનું બાહ્ય અંશ સાથેનું આ coordination છે. એ એની સાથેની સુસંગતતા છે. ભલે ભક્તિ, ગુરુ ભક્તિ કે વીતરાગદેવની ભક્તિ એ બાહ્ય પરિણામ છે, પણ એ મોક્ષમાર્ગની સાથે વિસંગત નથી, સુસંગત છે. પછી સમજાવવા માટે એમ કહેવાય કે નિશ્ચયથી વિસગંત છે અને વ્યવહારે સુસંગત છે. કેમકે વ્યવહારનો વિષય છે માટે. પણ એનો અભાવ હોય ને થાય, એનો નાશ થઈ જાય ને થાય - એવી તો વાત છે નહિ.

મુમુક્ષુ :- બહેનશ્રી કુછ ભી બાત બોલતે થે તો ગુરુદેવકા નામ મુँહ પર હી રહતા થા.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં કોઈ પ્રશ્ન કરતા હતા એટલે એ ઉત્તર આપવાની શરૂઆત એમ કરતા હતા કે, બધું ગુરુદેવે બતાવ્યું છે. પછી પોતે બતાવવાનું શરૂ કરે. સીધા પોતે નહોતા બતાવતા. બધું ગુરુદેવે બતાવ્યું છે એમ કરીને પછી પ્રશ્નનો ઉત્તર આપે. પણ પહેલા ઓલું સ્થાપે કે બધું ગુરુદેવે બતાવ્યું છે. એટલે હું કહું છું એ પણ મને

ગુરુદેવે બતાવ્યું એ હું તમને કહું છું. ભલે સ્વતંત્ર રીતે મારી સમજણ છે. તોપણ ગુરુદેવે (બધું આપ્યું છે), એ વિચિક્ષણતા છે.

બધું જ ગુરુદેવે બતાવ્યું છે એમ કરીને શરૂ કરે. પ્રારંભમાં એમ કરે. વચમાં શું કર્યું અમુક ફંક્શન હોય, એમનો જન્મદિવસ હોય અને જન્મજયંતિ ઉજવાય ત્યારે એ સ્ટેજ ઉપર પધારે ત્યારે કોઈ પ્રશ્ન પૂછે અને એ ઉત્તર આપે. એવો ૧૫-૨૦ મિનિટનો કાર્યક્રમ ચાલે કે maximum ૩૦ મિનિટનો ચાલે. એથી વધારે નહિ. એ ૧૫ થી ૩૦ મિનિટની એમની જે ચર્ચા થાય પ્રશ્નના ઉત્તરરૂપે. જાહેરમાં વ્યાખ્યાન ક્યારેય એમણે વાંચ્યું નથી. (ફક્ત) પ્રશ્ન પૂછે એનો ઉત્તર આપે. એ એમણે કાયદો રાખ્યો હતો. તો શરૂઆત કરે ત્યારે બધું ગુરુદેવે બતાવ્યું છે ત્યાંથી શરૂઆત કરે. એ રીતે આદ્યમંગલ કરે. એને શું કહેવાય છે? આદ્યમંગલ. અને જ્યારે એ પોતાનું વક્તવ્ય પૂરું કરે ત્યારે એમ કહે કે આ બધું ગુરુદેવે કહ્યું અને હું તો એમનો દાસાનુદાસ છું. એવી રીતે અંતિમમંગળ કરે પછી. એમ આદ્યમંગળ અને અંતિમમંગળની વચ્ચે એમની ચર્ચા ચાલતી હતી. એ એમની વાત કરવાની વિશિષ્ટતા હતી. એટલે ઓલો જે ટોન આવ્યો છેને પ્રશ્નની અંદર? ગુરુ તરફથી નજર પાછી વાળી નાખવાની વાત છે આમાં? તો કહે નહિ. એ ગુરુએ-તમે જ માર્ગ બતાવ્યો, તમે જ દિશા બતાવી, તમે જ મારી સ્વતંત્રતા બતાવી, તમે જ મુક્તિનો માર્ગ બતાવ્યો એ પ્રકાર એનો ચાલુ ને ચાલુ રહે છે અને છેક નિર્વિકલ્પદશા થાય, એવા ભક્તિવાળાને- ભક્તિમાનને નિર્વિકલ્પદશા થાય, મુક્તિનો માર્ગ પ્રગટ થાય, આત્માને સ્વાનુભૂતિ અને સ્વસંવેદન થાય ત્યારે પણ એ એમ જ કહે કે એ બધું આપે જ બતાવ્યું છે. એ બધું આપે જ બતાવ્યું છે. આપે ન બતાવ્યું હોત તો હું એ માર્ગે પહોંચી શક્યો ન હોત.

સોગાનીજીનો વિચાર કરીએ. આમ તો સામાન્ય રીતે ગુરુ-શિષ્યની intimacy-આત્મીયતા ઘણી હોય છે. અને પાત્ર શિષ્ય હોય એના પ્રત્યે શ્રીગુરુની પ્રસન્નતા હોય. એના પ્રત્યે થોડો soft corner હોય. એટલે એ જીવ પામે એવી એમની ભાવના પણ હોય, તો જે અધ્યાત્મનો રહસ્યભૂત વિષય હોય એ એની પાસે ખોલીને પણ મૂકે. એટલા માટે મૂકે કે એ જીવ પામી જાય. બહુભાગ આવું બને.

સોગાનીજીનો કેસ કોઈ બીજી રીતે બનેલો. કે ગુરુદેવ સોગાનીજીને ઓળખતા નહોતા. અને સોગાનીજી ગુરુદેવને ઓળખતા નહોતા. બન્ને એક-બીજાથી સાવ અજાણ્યા રહ્યા છેક સુધી. એટલે સોગાનીજીએ ઓળખી લીધા પહેલેથી, પણ ગુરુદેવ તો એ બાબતમાં અજાણ્યા રહ્યા એટલા માટે કે એમનો ઉદય એવો હતો કે નવા-નવા માણસો રોજ સાંભળવા આવે હિન્દુસ્તાનમાંથી અને હિન્દુસ્તાનમાંથી જે મારવાડી સમાજ આવ્યો એ

તો એમને ખબર હતી કે નવા-નવા ઘણા લોકો આવે છે. તો એમણે જોયું કે આ પણ કોઈ નવા માણસ બેઠા છે. વ્યક્તિગત પરિચય તો ક્યારે થાય કે એકબીજા વધારે પરિચયમાં આવે ત્યારે. હવે એમણે તો પહેલા વ્યાખ્યાને જ ઓળખી લીધા અને પહેલા જ વ્યાખ્યાને પુરુષાર્થ ઉપાડીને કામ કરી લીધું. આવો incident ભાગ્યે જ બને. કે વ્યક્તિગત ગુરુએ ધ્યાન ન આપ્યું હોય કે, 'જો આ અધ્યાત્મ તત્ત્વ આવું છે,' 'જો આ આત્મા આવો છે', 'જો આ એનું પરિણામ મને આમ થાય છે.' એવું કોઈ personal attention આપ્યા વિના યોગ્યતાને કારણે, બહુ સારી પાત્રતાને કારણે ગુરુદેવ જે પરિણમતા-પરિણમતા ઉપદેશ આપી રહ્યા હતા એ એમણે દર્શન કરી લીધા. સત્પુરુષમાં એમણે સત્સ્વરૂપના દર્શન કરી લીધા. અને એ લાભ એમને પારમાર્થિક લાભ ત્યાં સુધીનો થઈ ગયો કે પોતે સાધકદશામાં, જ્ઞાનદશામાં આવી ગયા. તો એને ગુરુભક્તિ, વધારે પરિચય નહોતો તોપણ અફાટ ગુરુભક્તિ પ્રગટી. કેટલી પ્રગટી?

પરિચય ઘણો હોય અને આત્મીયતા ઘણી હોય એને તો ગુરુભક્તિ ઘણી હોય. એ બહેનશ્રીનો કેસ. આપણે એક જ ગુરુના બે શિષ્યો લઈએ. બે જ્ઞાનીઓ લઈએ તો બહારમાં કેટલો ફેર! કે આખા સમાજને ખ્યાલ કે બહેનશ્રીની ભક્તિ એટલે અપૂર્વ ભક્તિ. આવી ભક્તિ ગુરુદેવના કોઈ અનુયાયીમાં નથી. આવું પ્રસિદ્ધપણે બધા જાણે. અને એ વાત પ્રસિદ્ધપણે હતી અને સ્પષ્ટપણ હતી. આમની (સોગાનીજીની) ગુરુભક્તિ એમનું પુસ્તક પ્રગટ થયું પછી ખબર પડી. ૧૮ વર્ષ તો એ ગુપ્ત રહ્યા. ત્યાર પછી ત્રણ વર્ષે પુસ્તક બહાર પડ્યું. ૨૧મેં વર્ષે લોકોને ખબર પડી કે આમને પણ આટલી બધી ભક્તિ હતી. અને એનું કારણ એમના ઉપર જે ઉપકાર થયો હતો એ હતો.

હવે, વહેલી ખબર પડે કે મોડી ખબર પડે કે ખબર ન પડે. વસ્તુ અને વસ્તુની કિંમત ચાલી જતી નથી. ફુલ બગીચામાં ઊગ્યું હોય કે જંગલમાં ઊગ્યું હોય, એની સુંદરતા અને એનું સુગંધીપણું એને લઈને છે. બગીચાને લઈને કે જંગલને લઈને નથી. એની સુંદરતાને કોઈ જોવે તો એની સુંદરતા બરાબર છે અને નહિતર નથી - એમ પણ નથી. અને એને સુંઘે તો એનામાં સુગંધ છે અને નહિતર નથી એમ પણ નથી. એ એની પોતાની આગવી મૂડી છે. એ એમણે લીધું છે. 'ફુલ બાગ મેં હો યા જંગલમેં. ઉસકો કોઈ સુંઘે યા મત સુંઘે.' એવો વિષય છે. મુદ્દો એ છે કે આત્મીયતા નહિ હોવા છતાં અને વિશેષ પરિચય નહિ હોવા છતાં જેને પોતાના આત્મા ઉપર ઉપકાર થયો એને ઉપકારબુદ્ધિવશ અપૂર્વ ભક્તિ, અસીમ ભક્તિ, બેહદ ભક્તિ આવ્યા વિના રહે નહિ. ભલે ગુરુ એમ કહે કે તું તારા તરફ વળ તોપણ. કે આપની વાત મને શીરોધાર્ય છે, અંતર્મુખ થવાની આપની વાત મને શીરોધાર્ય છે પણ આપના ગુણો

અને આપનો ઉપકાર મને ભક્તિ કરાવે છે. શું કરે છે? કે આપના ગુણો અને આપનો ઉપકાર મને ભક્તિ કરાવે છે. અને એ કરાવ્યા વગર રહેતા નથી.

મુમુક્ષુ :- સોભાગભાઈને પણ એમ જ થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- એમને એમ જ થયું. પણ એમને તો આત્મીયતા હતી એટલે છેક ઈડર સુધી લઈ ગયા. બીજજ્ઞાન આપ્યું અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરાવી અને એ એમણે નિર્ણય પહેલેથી કર્યો હતો. શરૂઆતમાં જ એ નિર્ણય કર્યો હતો એમણે. પણ આ કેસ કેવો જુદો છે. તોપણ એને ભક્તિ કેટલી આવી! કેમકે એ ગુરુનો ઉપકાર અને એ ગુરુના ગુણો એને ભક્તિમાં પ્રેરે છે અને એ કર્યા વિના રહી શકતા નથી. બહાર આવે કે ન આવે, એ કર્યા વગર, પરિણામ થયા વગર રહેતા નથી. એમ અહીંયાં બહેનશ્રીને કહેવું છે કે, આમ થયા વિના રહેતું નથી. ગુરુ આમ કહે એટલે તું પાછો સ્વચ્છંદે ચડી જઈશ નહિ. કે, હવે ભક્તિ-ફક્તિનું કાંઈ નહિ, આપણે આત્મામાં વળી જાવને! અંતર્મુખ થઈ જાવને આપણે! ગુરુ એમ જ કહે છે, આપણે એમ જ કરવાનું છે. હવે આપણે બીજું ભક્તિ-ફક્તિનું શું કામ? એમ નથી - એમ કહે છે.

મુમુક્ષુ :- સોગાનીજીની જે વાત કરી અને બહેનશ્રીની જે વાત કરી, આપે તો એ બેય વાતમાં સરળ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ જે વસ્તુ છે એ તો છે. વસ્તુસ્થિતિ તો એવી છે. અરે..! જ્ઞાનીઓને તો જે પૂર્વે થયેલા જ્ઞાનીઓ પ્રત્યે (પણ) ભક્તિ થાય છે. બનારસીદાસે શું ગાયું? 'શાંતદશા તીનકી પહિચાની કરે કર જોડી બનારસી વંદન.' બનારસીદાસે વંદન કર્યા કે નહિ જ્ઞાનીઓને? જેણે મિથ્યાત્વનું નિકંદન કાઢ્યું એને વંદન કર્યા કે ન કર્યા? બસ! તો એ દશાને નમસ્કાર છે! ગુણને નમસ્કાર છે! સીધી વાત તો એ છે કે એ દશાને અને એ ગુણને નમસ્કાર છે. અહીં સુધી રાખીએ.

આશય :- (૨૧૦) :- **શ્રીગુરુનો પારમાર્થિક ઉપદેશ જે આત્મા ગ્રહણ કરે છે અને તદ્નુસાર અંતર્મુખ થઈને જે મોક્ષમાર્ગને - સ્વાનુભૂતિને પ્રગટ કરે છે તેને ઉપકારી એવા શ્રીગુરુ પ્રત્યે અપાર ભક્તિ આવ્યા વિના રહેતી નથી. આ પ્રકારે નિશ્ચય-વ્યવહારની સંધિ છે. અંતર્મુખ થનાર આત્મા ઉપકારી શ્રીગુરુ પ્રત્યે ભક્તિ વિહિન હોય કે એની ભક્તિમાં કોઈ કસર હોય એવું કદી બનતું નથી. વાસ્તવમાં તો ગુરુભક્તિ મોહ, માન આદિ મોટા દોષોને ગાળનાર છે. એમ ભક્તિવાન બરાબર સમજીને જ ભક્તિમાં સહજ પરિણમે છે, અહીંયાં અધ્યાત્મના વ્યામોહથી ઉત્પન્ન શુષ્કતાનો નિષેધ છે.**

**પ્રશ્ન :- વચનામૃતમેં આતા હૈ કિ જ્ઞાનીકો શુભભાવ હૈ વહ કાલે નાગ જૈસા દિખતા હૈ, ઔર દૂસરી ઓર ઐસા કહા જાતા હૈ કિ – જ્ઞાની તો શુભાશુભભાવોંકા જ્ઞાતા હૈ. તો ઈન દોનોંમેં મેલ કૈસે હૈ?**

**સમાધાન :- જ્ઞાનીકો ભેદજ્ઞાનકી દશા હૈ. યહ સ્વભાવ હૈ ઔર યહ વિભાવ હૈ ઐસા ઉસે સહજ જ્ઞાત હોતા હૈ. જ્ઞાયક જ્ઞાયકરૂપસે અપની પરિણતિમેં ખડા હૈ; અલ્પ અસ્થિરતા હૈ ઉસે ભી વહ જાનતા હૈ; તથાપિ ઉસકી ભાવના ઐસી હૈ કિ મૈં કબ સ્વરૂપમેં પૂર્ણ લીન હો જાઉં? ઐસી ભાવનાકે કારણ જ્ઞાનીકો શુભભાવ કાલે નાગ જૈસા લગતા હૈ. ઈસ અપેક્ષાસે વહાઁ કહા હૈ. મગર ઉસે કોઈ દ્વેષબુદ્ધિ નહીં હૈ, વહ તો માત્ર જાનતા હૈ–જ્ઞાયક હૈ, જ્ઞાતા હૈ; રાગ આતા હૈ ઉસકા જ્ઞાતા–દૃષ્ટા હૈ પરન્તુ ઉસે ભાવના તો ઐસે રહતી હૈ કિ યહ અપૂર્ણતા હૈ. અહો! મુનિ જિસપ્રકાર ક્ષણ–ક્ષણમેં સ્વરૂપમેં લીન હો જાતે હૈં ઐસી મેરી દશા નહીં હૈ, ઐસી દશા મુઝે કબ પ્રાપ્ત હો કિ મૈં સ્વરૂપમેં લીન હો જાઉં. ઈસલિયે યહ વિભાવ હૈ વહ આદરણીય નહીં હૈ, મેરા સ્વભાવ નહીં હૈ.**

**મુઝે કબ વીતરાગદશા હો ઔર મૈં શાશ્વત આત્મામેં સ્થિર હો જાઉં, વિભાવ મુઝે ન હોં, મુઝે પૂર્ણ સ્વભાવકી પ્રાપ્તિ હો જાય. – ઐસી ઉસકી ભાવના રહતી હૈ. ૨૧૧.**

## તા. ૨૪–૭–૧૯૯૭, પ્રશ્ન– ૨૧૧
## પ્રવચન નં. ૧૫૩

પેજ-૧૩૪. પ્રશ્ન-૨૧૧. '**વચનામૃતમેં આતા હૈ કિ જ્ઞાનીકો શુભભાવ હૈ વહ કાલે નાગ જૈસા દિખતા હૈ, ઔર દૂસરી ઓર ઐસા કહા જાતા હૈ કિ - જ્ઞાની તો શુભાશુભભાવોંકા જ્ઞાતા હૈ. તો ઈન દોનોંમેં મેલ કૈસે હૈ?**' ક્યા કહા? કિ શુભાશુભભાવ જ્ઞાનીકો... અશુભભાવ તો ખૈર છોડો, શુભભાવ ભી કાલે નાગ જૈસા દિખતા હૈ. માને આત્માકે સ્વભાવકો ઘાતક.. જૈસે નાગ ક્યા કરતા હૈ? ડંસતા હૈ, કાટતા હૈ, આદમી મર જાતા હૈ. વૈસે એક ઓર શુભભાવ ભી સ્વભાવકા ઘાતક હૈ, ઐસા દિખતા હૈ. દિખતા હૈ માને ઐસા લગતા હૈ. દૂસરી ઓર જ્ઞાની તો જ્ઞાતા-દૃષ્ટા હૈ. શુભ-અશુભભાવ કોઈ ભી હો જ્ઞાન સે જિતના ભી અન્ય દ્રવ્ય-ભાવ હૈ, અન્ય દ્રવ્ય હો, અન્ય ભાવ હો - સબ જ્ઞાનકા મેલ હૈ. તો જ્ઞાનીકો દો પ્રકાર કે પરિણામ મેલવાલે નહીં હૈ. યહ

દો પ્રકારકે પરિણામમેં મેલ નહીં હૈ. ફીર વહ કૈસે એકસાથ હોતે હૈં? જબ મેલ નહીં તો કૈસે હોતે હૈં? ઐસા પ્રશ્ન ઉઠાયા હૈ. સમાધાન દેતે હૈં.

'**સમાધાન :- જ્ઞાનીકો ભેદજ્ઞાનકી દશા હૈ.**' ક્યા હૈ? નિરંતર ભેદજ્ઞાન વર્તતા હૈ. કોઈ ભી ઉદય હો, કોઈ ભી પ્રસંગ હો, ભેદજ્ઞાન ધારાવાહીરૂપસે સતત વર્તતા હૈ. '**યહ સ્વભાવ હૈ ઔર યહ વિભાવ હૈ ઐસા ઉસે સહજ જ્ઞાત હોતા હૈ.**' અપના જ્ઞાન સ્વભાવ ભી પ્રત્યક્ષ હૈ ઔર જો ભી વિભાવ પરિણામ હૈ વહ સબ વિભાવરૂપ હૈ,- ચાહે શુભ હો, અશુભ હો, કિસી ભી પ્રકારકા હો. જ્ઞાનકે અલાવા જિતને ભી હૈ વહ સબ વિભાવ હૈ. ચારિત્રગુણકે જિતને ભી વિકૃત પરિણામ હૈ, વીતરાગતાકો છોડકરકે. જ્ઞાનીકો આંશિક વીતરાગતા હૈ. આંશિક જો વીતરાગતા નહીં હૈ ઉસમેં જો ભી ભાવ હૈ વહ વિભાવભાવ હૈ. ઉતના હી નહીં, જ્ઞાન પરપદાર્થકે પ્રતિ જાતા હૈ, પરસન્મુખ હોતા હૈ વહ ભી જ્ઞાનકા વિભાવ હૈ. ઔર જ્ઞાન ચંચલ હોકરકે, અન્ય-અન્ય પદાર્થમેં ચંચલતાકો ધારણ કરતા હૈ ગતિ કરકે, વહ ભી જ્ઞાનકા વિભાવ હૈ. જો સ્વભાવ નહીં હૈ વહ સબ વિભાવ હૈ. દોનોંકો જ્ઞાની જાનતા હૈ. '**જ્ઞાયક** (માને અપના આત્મા) **જ્ઞાયકરૂપસે અપની પરિણતિમેં ખડા હૈ;..**' આત્મા કહાઁ હૈ? અપની જ્ઞાન પરિણતિમેં હૈ. અપના જ્ઞાનસ્વરૂપી આત્મા, જ્ઞાનસ્વભાવી આત્મા જ્ઞાન પરિણતિમેં મૌજૂદ ખડા હૈ. '**અલ્પ અસ્થિરતા હૈ...**'

ચોથે ગુણસ્થાનમેં ભી જ્યાદા અસ્થિરતા નહીં લી, અલ્પ અસ્થિરતા હૈ. અલ્પ ક્યોં લિયા? કિ, વહ અસ્થિરતા ટિકનેવાલી નહીં હૈ. વહ અસ્થિરતા મિટ જાયેગી. જ્ઞાની સ્વરૂપમેં સ્થિર રહનેકે લિયે ઉદ્યમવંત હૈ. સ્વરૂપમેં સ્થિર રહનેકે લિયે ઉસકા ઉદ્યમ, ઉસકા પુરુષાર્થ ચલ રહા હૈ. ઈસલિયે અસ્થિરતા હૈ વહ મિટ જાયેગી. પુરુષાર્થ વિફલ હોગા તો? વહ બાત નહીં હૈ. પુરુષાર્થ સફલ હોનેવાલા હૈ હી. તો ઉનકો પ્રતીતિ હૈ, ખાત્રી હૈ, વિશ્વાસ હૈ. ઈસલિયે વહ અસ્થિરતા હોનેકે બાવજૂદ ભી અલ્પ હૈ.

ઐસે કાલકે હિસાબસે તો જ્યાદા હૈ. ક્યોંકિ સ્થિરતાકા કાલ તો બહુત અલ્પ હૈ. એક સેકન્ડસે ભી કમ ભાગમેં હૈ. ઔર બાકી સબ અસ્થિરતાકા સમય ચલતા હૈ, ફિર ભી ઉસકો અલ્પ બતાયા હૈ, જ્યાદા નહીં બતાયા. ક્યા કિયા? અલ્પ અસ્થિરતા હૈ, ક્યોંકિ વહ ટિકનેવાલી નહીં હૈ. ઔર સ્થિરતાકી તાકત બહુત હૈ. જો ભી સ્થિરતા હોતી હૈ ઉસમેં તાકત બહુત હૈ. તો અલ્પ અસ્થિરતા હૈ ઉનકો ભી વે જાનતે હૈં, વિભાવકો ભી જાનતે હૈં ઔર અલ્પ અસ્થિરતા હૈ વહ ભી વિભાવ હૈ, વહ ભી ચારિત્રગુણકા વિભાવ હૈ. જ્ઞાનકે ઉપયોગકા વિભાવ હૈ. ફિર ભી ઉસકી ભાવના, જ્ઞાનીકી ભાવના ઐસી હૈ કિ મૈં સ્વરૂપમેં પરિપૂર્ણ લીન કૈસે હો જાઉં? મુઝે તો સ્વરૂપમેં હમેશા હમેશા

કે લિયે જમ જાના હૈ. ઐસી ભાવના હૈ. બાહર નીકલના હી નહીં હૈ.

વચનામૃતમેં આતા હૈ, ઐસી ધન્ય પલ! જ્ઞાનીકો કૈસી ભાવના હોતી હૈ? કિ ઐસી ધન્ય પલ કબ આયે? કિ જિસસે સ્વરૂપસે બાહર નિકલનેકા ફિર અવસર હી નહીં હો. જિસ પલમેં સ્વરૂપમેં લગ ગયા, જમ ગયા, બસ સાદી અનંતકાળ નિકલે હી નહીં બાહર! ક્ષપક શ્રેણી લગતી હૈ જબસે, મુનિરાજકો ક્ષપક શ્રેણી લગતી હૈ તબ. બાહરમેં કભી આનેકા ઉનકો.. અનંતકાલમેં, ભવિષ્યમેં કભી ભી વે બાહર નહીં આયેંગે. ઐસી ધન્ય પલ હમકો કબ આયેગી? ઐસા જ્ઞાની ભાવનાકો ભાતે હૈં. ભાવનામેં ઐસી સ્થિરતાકો ભાતે હૈં.

**'ઐસી ભાવનાકે કારણ...'** વહ ભાવનાવશાત્ **'જ્ઞાનીકો શુભભાવ કાલે નાગ જૈસા લગતા હૈ. ઈસ અપેક્ષાસે વહાઁ કહા હૈ. મગર ઉસે કોઈ દ્વેષબુદ્ધિ નહીં હૈ,...'** વિભાવ કે પ્રતિ યા કિસી દ્રવ્ય-ભાવકે પ્રતિ દ્વેષબુદ્ધિ નહીં હૈ.

મુમુક્ષુ :- યહી કારણ હૈ કિ ઉનકો ઉદયમેં ફેરફાર કરનેકા વિકલ્પ હી નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં હૈ. બહુત પડખે હૈં ઈસકે તો ઔર ભી. વહ વિષયાંતર હો જાયેગા ઈસલિયે નહીં લેતે. પરંતુ જ્ઞાની જ્ઞાતા-દ્રષ્ટાકે પુરુષાર્થમેં લગે હૈં. વીતરાગભાવમેં આયે હૈં ઔર વીતરાગભાવકી વૃદ્ધિ કરનેમેં લગ રહે હૈં. ઈસકી પ્રધાનતા હૈ. ઈસકી મુખ્યતા હૈ. તો ઉસ મુખ્યતાકે કારણસે જિતને ભી અન્ય દ્રવ્ય-ભાવ હૈ વહ ઉસકે જ્ઞેયમાત્ર હૈ. ઉનકા પરિણમનકે અંશમેં, મુખ્ય અંશમેં ઐસા પરિણમન હૈ. મૈં સિર્ફ જ્ઞાતા હૂઁ, જ્ઞાનમાત્ર જ્ઞાતા હૂઁ, મેરેસે અતિરિક્ત ભિન્ન જો ભી દ્રવ્યભાવ હૈ વહ મેરે જ્ઞેય હૈ. ઈસકે પ્રતિ મેરા સામ્યભાવ હૈ. સબકો એક હી વર્ગમેં ડાલતે હૈં. ક્યા? મૈં જ્ઞાતા ઔર બાકી સબ મેરે જ્ઞેય. મૈં જ્ઞાનમાત્ર, બાકી સબ જ્ઞેયમાત્ર. માત્ર જ્ઞેય. પ્રધાનરૂપસે યહ ચલતા હૈ.

દૂસરા કિ, જબ વે આગે બઢતે હૈં ઉસમેં જિતને ભી શુભભાવ આદિ આતે હૈં, ઉનકો રોકતે હૈં. અનંત શાંતિ પ્રગટ નહીં કરને દેતે હૈં. તો ઉનકો દુશ્મન જૈસા લગતા હૈ, કૈસા હૈ? કાલા નાગ, સ્વભાવકે ઘાતક. ઔર સ્વભાવકા ઘાત કરનેકા ઉસકા સ્વભાવ ભી હૈ. શુભાશુભભાવકા સ્વભાવ કૈસા હૈ? કિ આત્મસ્વભાવકા ઘાત કરના. તો પરિણામકે એક અંશમેં વહ ભી એક બાત હૈ. જ્ઞાનીકે પરિણામમેં દો અંશ હો ગયે હૈં. પરિણમનમેં દો ભાગ હો ગયે હૈં. એક સ્વભાવ બાજુકા, સ્વભાવ સદૃશ, સ્વભાવરૂપ, સ્વભાવમય. દૂસરા વિભાવ અંશ હૈ, સાધક હૈ ઈસલિયે. જો અંશમેં વિભાવ હૈ, ઉસમેં શુભાશુભભાવ ભી હૈ ઔર શુભાશુભભાવકે પ્રતિકા દ્વેષભાવ ભી હૈ. દ્વેષબુદ્ધિ નહીં હૈ.

મુમુક્ષુ :- હેયભાવ કહે તો ક્યા હોગા? હેયપના હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હેયપના કહો યા દ્વેષ કહો.

મુમુક્ષુ :- દ્વેષ જરા કડક નહીં પડજાવે?

પૂજ્ય ભાઈશ્રી :- લેકિન હૈ તો સહી. રાગ ઔર દ્વેષ મુખ્ય દો હૈ. બાકી સબ ઈનકે હી સંતાન હૈ. યા તો રાગ હોગા યા તો દ્વેષ હોગા. જ્ઞાનીકો દ્વેષ નહીં આતા હૈ સો બાત તો નહીં હૈ. પ્રશસ્ત રાગ હૈ, પ્રશસ્ત દ્વેષ હૈ ઔર અપ્રશસ્ત રાગ હૈ, અપ્રશસ્ત દ્વેષ ભી હૈ. ચારોં પ્રકાર એક અંશમેં, વિભાવ અંશમેં ચલતા હૈ. ચારોંમેં સે કુછ ન કુછ ચલતા હૈ, તો યહ જો અપના શુભભાવકે પ્રતિ હેયપના-દ્વેષ હૈ વહ પ્રશસ્ત દ્વેષ હૈ. વહ કભી-કભી અપની નિંદા કર લેતે હૈં. પ્રશસ્ત દ્વેષકે વશાત ક્યા કરતે હૈં? કિ અપની નિંદા કરતે હૈં. મુનિરાજ હૈ તો ભી કહતે હૈં કિ, મૈં તો પામર હૂઁ. મૈં કિતના પામર હૂઁ? અબ ભી મુઝે ક્યો યહ શુભભાવ હોતા હૈ?! મુનિકો અશુભ તો હોતા હી નહીં. મુનિરાજકો અશુભ હોતા હી નહીં. જો શુભ આતા હૈ ઉસમેં અપની પામરતા ગિનતે હૈં.

મુમુક્ષુ :- ઉસકો દ્વેષ કહતે હૈં?

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, પ્રશસ્ત દ્વેષ હૈ. ઔર કભી કિસી ઓરકે પ્રતિ ભી દ્વેષ આતા હૈ વહ અપ્રશસ્ત દ્વેષ હૈ. કભી કિસીકે પ્રતિ પ્રમોદ હો જાતા હૈ, તો વહ અપ્રશસ્ત દ્વેષ હૈ. જૈસે કભી કિસીસે લડાઈ હો ગઈ, વહ અપ્રશસ્ત દ્વેષ હૈ. ઔર અપને ભાવોંકે પ્રતિકા દ્વેષ હૈ વહ પ્રશસ્ત દ્વેષ હૈ. દોનોં પ્રકારકે દ્વેષ સંભવિત હૈ ઔર હો સકતા હૈ, હોતા ભી હૈ.

મુમુક્ષુ :- પ્રશસ્ત-અપ્રશસ્ત માને?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશસ્ત-અપ્રશસ્ત માને એક ઠીક હૈ, એક ઠીક નહીં હૈ. જો પ્રશસ્ત દ્વેષ હૈ વહ ઠીક હૈ. હોના ચાહિયે. ક્યા? ઉસકા હેયપના, ઉસકા નિષેધ હોના ચાહિયે, વરના અનુમોદન હો જાયેગા. અગર વહ પ્રશસ્ત દ્વેષ નહીં હોગા તો ઉસ રાગકા રાગ હો જાયેગા તો જ્ઞાનદશા છૂટ જાયેગી. જ્ઞાનીકો રાગકા રાગ નહીં હોતા. રાગકા દ્વેષ હોતા હૈ, રાગકા રાગ નહીં હોતા. ઐસી બાત હૈ.

તો જિતના ભી વિભાવ અંશ હૈ, વહ વિભાવ અંશ મર્યાદિત હૈ ઈસલિયે અપેક્ષાસે બાત કી હૈ. ક્યા કહા? કિ વહાઁ અપેક્ષાસે બાત હૈ. બાકી દ્વેષબુદ્ધિ નહીં હૈ. અપેક્ષા માને મર્યાદિત બાત હૈ. સ્વભાવ પરિણતિ અમર્યાદિત હૈ. સ્વભાવ અંશ જો પ્રગટ હુઆ હૈ વહ અમર્યાદિત હૈ. ઔર જિતના ભી વિભાવ અંશ હૈ વહ મર્યાદિત હૈ. ક્યોં મર્યાદિત હૈ? કિ વહ સ્વભાવ અંશકો ઉસવક્ત મારતા નહીં હૈ. સ્વભાવ અંશ કમ નહીં હો જાતા ઉસકે કારણસે. ઉસકે કારણસે વૃદ્ધિ હોનેમેં થોડી તકલીફ હૈ. સ્વભાવ અંશ બઢનેમેં

થોડી રૂકાવટ આતી હૈ, લેકિન જો ઉપલબ્ધ હૈ, પ્રાપ્ત હૈ, ઉસકો વહ માર નહીં સકતા. ઉસકો વહ હાનિ નહીં પહુંચા સકતા. બલ્કી વહ સ્વભાવ અંશસે વિભાવ અંશકી હાનિ હોતી રહતી હૈ. ઔર યહ હાનિ હોતે-હોતે વિભાવ અંશ બિલકુલ ખતમ હો જાયેગા ઔર પૂર્ણ વીતરાગદશા ઔર કેવલજ્ઞાનદશા હો જાયેગી. ઈસલિયે વહ મર્યાદિત હૈ. ક્યોંકિ ઉસકી તાકત તૂટ ગઈ હૈ. મર્યાદિત હૈ મતલબ ઉસકી તાકત તૂટ ગઈ હૈ. ઔર જો સ્વભાવ અંશ હૈ વહ બલવાન હૈ. વહ અપના બલ બઢાતા જાતા હૈ ઔર આગે બઢતા જાતા હૈ. વિભાવ અંશ હૈ ઉસકી હાનિ હોતી રહતી હૈ. ઔર વહ એક દિન ખતમ હો જાયેગા. એક દિન ઐસા આયેગા કિ વહ ખતમ હો જાયેગા, ઉસકા સર્વનાશ હો જાયેગા. લેકિન હૈ દોનોં. દોનોં હૈ ઈસલિયે દો પ્રકાર હૈ. ઔર યહ દોનોં એક સમયમેં હૈ ઈસલિયે જ્ઞાનદશા નહીં હૈ ઐસી બાત નહીં હૈ.

જ્ઞાનીકો રાગાંશ ભી હૈ ઔર વીતરાગાંશ ભી હૈ. અપને પરિણમનમેં દો ભાગ હો ગયે હૈં, દો ભાવ હો ગયે હૈં. દો પ્રકારકે ભાવ હો ગયે હૈં. ઉસમેં વીતરાગાંશ ભી હૈ ઔર રાગાંશ ભી હૈ. રાગાંશ કમજોર હૈ, વીતરાગ અંશ બલવાન હૈ, રાગાંશ ગૌણ હૈ, વીતરાગ અંશ મુખ્ય હૈ. યહ બાત હૈ. ઈસલિયે વહ કાલા નાગ જૈસા લગતા હૈ વહ મર્યાદિત બાત હૈ. ક્યોંકિ વહ વિભાવ અંશમેં જાતા હૈ. તાકિ ઉસકો દ્વેષ બુદ્ધિ તો હોતી હી નહીં. રાગબુદ્ધિ ઔર દ્વેષબુદ્ધિ દોનોં બુદ્ધિ નહીં હોતી.

જૈસે ભગવાન સાક્ષાત્ બિરાજમાન હો સમવસરણમેં, જ્ઞાની ઉસકી ભક્તિ કરતા હો, નૃત્ય કરે... ઈતની ભક્તિ કરે કિ નૃત્ય કરે. ઉસકી વીતરાગતાકો દેખકરકે થનગન... થનગન... થનગન... હો જાયે. પરિણામ થનગન હોવે તો શરીર ભી ઉસકા થનગન-થનગન હો જાયે. ઈતના વીતરાગતાકે પ્રતિ ઉસકો બહુમાન આવે કિ નૃત્ય કરને લગ જાવે. ઈન્દ્ર કરતે હૈં, બહુત કરતે હૈં. સમવસરણમેં ભગવાનકો દેખકર બહુત જ્ઞાની નૃત્ય કરતે હૈં. રાગબુદ્ધિ નહીં હૈ. રાગ આતા હૈ, અનુરાગ હોતા હૈ વીતરાગકે પ્રતિ (લેકિન) રાગબુદ્ધિ નહીં હૈ.

રાગબુદ્ધિકા મતલબ ક્યા હૈ? રાગ કરને લાયક હૈ ઐસા અભિપ્રાય - ઐસી બુદ્ધિ. વહ નહીં હૈ. ઉસકો ભી ઉસવક્ત હેય જાનતા હૈ, દુઃખરૂપ જાનતા હૈ ઔર કાલા નાગ જાનતા હૈ. શુભભાવ હૈ ન! કાલાનાગ જાનતા હૈ ઔર દ્વેષ હોતા હૈ. કભી કિસીકિ પ્રતિ દ્વેષ હુઆ તો બુદ્ધિપૂર્વક દ્વેષ નહીં હોતા હૈ. હો ગયા તો હો ગયા. ક્રોધકા ઉદય આયા, આંશિક જોડાણ હુઆ, આંશિક ભાવ હો ગયા. હો ગયા સો હો ગયા. આગે-પીછે લગાવ નહીં હૈ. દ્વેષબુદ્ધિવાલેકો પરિણતિ ચલતી હૈ, રાગબુદ્ધિવાલેકો પરિણતિ ચલતી હૈ. ઉસકે અંદરમેં પરિણતિ ચાલૂ રહતી હૈ, કિ યહ તો ઐસા હી હૈ, યહ

તો ઐસા હી હૈ - ઐસા. ક્યોંકિ જ્ઞાનીકો જ્ઞાન હૈ (કિ,) યોગ્યતા સમય સમયકી હૈ. જબ પલટતે હૈં તો ઐસા હી હૈ. યહ તો પર્યાયિકા ધ્રુવત્વ હો ગયા, પર્યાયિકે ક્ષણિકપણાકા સ્વીકાર નહીં રહા. ઔર ધ્રુવસ્વરૂપકા અસ્વીકાર હો ગયા. જ્ઞાનીકો ઐસા હોતા નહીં હૈ. ક્યોંકિ જ્ઞાતાદૃષ્ટા તો હૈ હી. એક ઓરસે પ્રધાનરૂપસે તો જ્ઞાતાદૃષ્ટા તો હૈ હી. અલ્પરાગમેં, અલ્પદ્વેષમેં કુછ હો જાતા હૈ તો હો જાતા હૈ. કોઈ આગે-પીછે લગાવ નહીં હૈ. ક્યોંકિ ન રાગબુદ્ધિ હૈ, ન દ્વેષબુદ્ધિ હૈ.

સોગાનીજીને લીખા હૈ 'દ્રવ્યદૃષ્ટિ-પ્રકાશ'મેં. પંદ્રહ-પંદ્રહ સાલકા સંબંધ આપ કહતે હો! ક્યા? પંદ્રહ સાલકા સંબંધ આપ કહતે હો. ૧૧-૧૨ વર્ષનો સંબંધ હતો. એ ૧૫ વધારી બોલેલા જે બોલ્યા હતા એ, કિ આપને હમારે સાથકા પંદ્રહ સાલકા સંબંધ તો કાટ દિયા, છોડ દિયા. યહ ક્યા ન્યાયસંપન્ન હૈ? ઉચિત હૈ ક્યા? થોડી ગરમાગરમી હો ગઈ થી. તો સોગાનીજીને ઇતના બોલા કિ, પંદ્રહ સાલકા સંબંધ.. જબકિ ઉન્હોંને તો ગિના ભી નહીં. પંદ્રહ સાલકા સંબંધ આપ કહતે હોં, (લેકિન) હમકો તો ક્ષણિક ઉપયોગ હુઆ ઉતના હી સંબંધ હૈ. ચાહે જિસ ઘરમેં મા-બાપસે જન્મ લિયા હો ઔર જિતની ભી ઉંમર હુઈ હો, વહ સંબંધ જ્ઞાની ગિનતે નહીં હૈ. કિતના સંબંધ હૈ? ઉપયોગ ગયા કિ યહ મેરે પિતા હૈ, યહ મેરી માતા હૈ - ઉતના બસ! આગે ભી નહીં, પીછે ભી નહીં. ક્યોંકિ વાસ્તવમેં વહ કુછ મેરે લગતે નહીં હૈ. મેરે કુછ નહીં લગતે.

યહ તો એક સંસારકા ડ્રામા હૈ - નાટક હૈ, ઉસમેં યહ વ્યવહાર કરનેકી બાત હૈ કિ, ઇસકે સાથ પિતાકા વ્યવહાર કરના, ઇસકે સાથ માતાકા કરના, ઇસકે સાથ પત્નીકા કરના, ઇસકે સાથ પુત્રકા કરના, પુત્ર જૈસા કરના, પત્ની જૈસા કરના, મા જૈસા કરના. લેકિન વહ સંસારકે ડ્રામામેં જો પ્લૉટ આતા હૈ, જિસ વક્ત જો ડાયલોગ બોલનેકા આતા હૈ વહ બોલ દિયા. ઉસી વક્ત ભાન હૈ કિ મેરા કુછ લેના-દેના ઇસસે હૈ હી નહીં. યહ ભી સંસારકે ભટકતે હુએ પ્રાણી હૈ ઔર મૈં ભી સંસારકા પ્રાણી હૂઁ, લેકિન અબ ભટકનેવાલા નહીં હૂં. બાત ખતમ!!

મુમુક્ષુ :- શ્રીગુરુ કલાકાર છે!

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, અચ્છે કલાકાર હૈં! જ્ઞાનીપુરુષ કલાકાર હૈં, એક અચ્છે કલાકાર હૈં! 'જ્ઞાનકલા જિસકે ઘટ જાગી સો અંતરમેં હે વૈરાગી.' જિસકે અંતરમેં જ્ઞાનકલા હૈ, કલા હૈ તો કલાકાર હૈ હી. કલાકારકે પાસ તો કલા હોતી હી હૈ! જ્ઞાન તો કલા-ટેકનીક હૈ. ઇસલિયે હર ઉદયમેં, હર પ્રસંગમેં ઉનકે ભાવોંકા સંતુલન બના રહતા હૈ. ચાહે કિતની ભી લડાઈ કરે, ચાહે કિતના ભી ભગવાનકે સામને રાગસે નૃત્ય કરે,-

અપના સંતુલન બના રહતા હૈ. સ્વરૂપમેં રહનેકા અવકાશ રખકરકે બાહર આતે હૈં, પૂરેપૂરે બાહર આતે હી નહીં. ચાહે સામને કુછ ભી હો. તો વહ તો ક્ષણિક સંબંધ હૈ. વહ ભી જ્ઞાતાદૃષ્ટાભાવ ઉસીવક્ત ચાલૂ હૈ. જ્ઞાતાદૃષ્ટાપના ચાલૂ હૈ એક અંશમેં, એક અંશમેં કુછ તનાવ હૈ, ખિઁચાવ હૈ, ઉપયોગ-પરિણામ લગ જાતે હૈં. ફિર ભી ઉતના રસ આતા નહીં હૈ. ભિન્નતાકા અનુભવ હોનેસે ઉતના રસ આતા નહીં.

પડૌસીકા પક્ષ કરે, કભી થોડી લડાઈ ભી કરે, લેકિન જાનતા હૈ કિ મેરેકો કુછ લેના-દેના નહીં હૈ. વહ તો અપના પડૌસી હૈ ઈસલિયે થોડા પક્ષ કર લિયા. બાકી હમકો કોઈ લેના-દેના વ્યક્તિગતરૂપસે હૈ હી નહીં. ઈસલિયે વહાઁ દ્વેષબુદ્ધિ નહીં હૈ. દેખો! યહાઁ મુમુક્ષુકો થોડા વિશેષ વિચાર કરના હૈ, કિ હમકો કિસ-કિસ વ્યક્તિસે રાગબુદ્ધિ રહતી હૈ ઔર કિસ-કિસ વ્યક્તિસે દ્વેષબુદ્ધિ રહતી હૈ? કોઈ continue હમારા અભિપ્રાય તો નહીં રહા ન કિસી વ્યક્તિકે પ્રતિ? અગર હોવે તો, હોગા (તો સહી.) અજ્ઞાનદશા હૈ ઈસલિયે હોગા, નહીં હોગા તો જ્ઞાનદશા હો જાયેગી. તો વહ નહીં હોના ચાહિયે, તો કૈસે નહીં હો? ઉસકી સુવિચારણા ઔર ઉસકા પ્રયોગ, દોનોં ઉસકો ચલના ચાહિયે. તભી જાયેગા. તબ હી જ્ઞાનદશામેં આયેગા. અગર ઉપેક્ષા રખકરકે યોં કા યોં ચલા જાયેગા તો રાગકા શલ્ય ઔર દ્વેષકા શલ્ય ઉનકે પુરુષાર્થકો ઉઠને નહીં દેગા ઔર વહ પુરુષાર્થ નહીં ઉઠેગા તો સ્વરૂપકી ઉપલબ્ધિ, સ્વરૂપકા અનુભવ આગે જાકરકે હોનેવાલા હૈ હી નહીં. ઐસે હી સમય નિકલ જાયેગા. ઈસલિયે યહ પુરુષાર્થ મુમુક્ષુકો કરના હૈ. ખાસ કરકે અંદરમેં ઈસકી જાઁચ કરના હૈ. કિસકે પ્રતિ મેરી રાગબુદ્ધિ હૈ? પહલે પરિવારવાલેકો પકડના. કિસકો પકડના? સબસે પહલે પરિવારવાલેકો પકડના. કિ, પત્નીકે પ્રતિ હૈ, પત્નીકો પતિકે પ્રતિ હૈ, કોઈ લડકેકે પ્રતિ હૈ, કોઈ પોતા-પોતીકે પ્રતિ હૈ? કીધર હૈ? અપને ભાવકો પકડ-પકડકર મારના. ક્યા? હટાના.

મુમુક્ષુ :- રાગબુદ્ધિ?

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, રાગબુદ્ધિ હૈ મેરી. સતત ચલતી હૈ - યહ અચ્છી હૈ, યહ લડકી અચ્છી હૈ, યહ અચ્છા હૈ, વહ અચ્છા હૈ - ઐસા ચલતા હૈ. ફિર લેના મુમુક્ષુમેં. ક્યોંકિ ઉસકો દો જગહ સહવાસ-સમાગમ જ્યાદા હૈ. એક પરિવારમેં સમાગમ હૈ, એક મુમુક્ષુમેં સમાગમ હૈ. ઔર તીસરા જો હૈ વહ અપને સમાજમેં સમાગમ હૈ. બાકી ઓરોંસે કોઈ લેના-દેના હૈ નહીં. સારી દુનિયા પડી હૈ. અરબોં લોગ પડે હૈં. ઈસસે હમારા કોઈ નાતા, કોઈ લેના-દેના હૈ હી નહીં. ઘનિષ્ઠ સંબંધ હૈ વહ પરિવારવાલોંસે હૈ. ક્યોંકિ સબસે જ્યાદા ઈનકે સાથ રહના હોતા હૈ, ચૌબીસ ઘંટા. બાકી પ્રાસંગિક મુમુક્ષુઓંકે સાથ રહના પ્રસંગ પડતા હૈ ઔર સમાજવાલોંસે ભી પ્રસંગ પડતા હૈ. કોઈ

સમધિ હૈં ઔર ભી કોઈ સગે હૈં, મિત્ર હૈ, સમાજ હૈ. જ્ઞાતિવાલે હૈં, જાતિવાલે હૈં. ઉનલોગોંસે ભી પ્રસંગ પડતા હૈ. કભી કિસીસે રાગબુદ્ધિ હો જાતી હૈ, કભી કિસીસે દ્વેષબુદ્ધિ હો જાતી હૈ. વહ એક બહુત બડા પ્રતિબંધ હૈ. વિપરીત અભિપ્રાયકા યહ બહુત બડા પ્રતિબંધ હૈ. તો અપનેકો જો સુવિચારણાકા.. ક્યોંકિ યહ તો વિચારદશા હી હૈ. ઉસમેં સમય યહાઁ લગાના હૈ કિ કિસકે-કિસકે પ્રતિ હૈ, કિસકે-કિસકે પ્રતિ હૈ? ક્યોંકિ જિસકે પ્રતિ હૈ ઉસકા વિકલ્પ આતા હૈ. જિસકે પ્રતિ રાગ હૈ ઉસકે પ્રતિ રાગકા વિકલ્પ આયેગા, જિસકે પ્રતિ દ્વેષબુદ્ધિ હૈ ઉસકે પ્રતિ દ્વેષકા વિકલ્પ આયેગા. અણગમાકા વિકલ્પ આયેગા. કહીં ગમેગા - કહીં નહીં ગમેગા.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ખાલી વિકલ્પ નહીં આયેગા, વિકલ્પ લંબાયેગા.

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ આયેગા, બારબાર આયેગા. લંબાયેગા યા બારબાર આયેગા. તો યહ સૂચિત કરતા હૈ કિ હમારી વહાઁ બુદ્ધિ પડી હૈ. યહ બુદ્ધિકો હમેં ટાલના ચાહિયે. ઉસકા નુકસાન દેખકરકે ઔર ઉસકા પ્રયોગ કરકે હમકો ઉસે ટાલના ચાહિયે. ક્યોંકિ વહાઁ શલ્ય હો ગયા. ક્યા હૈ? કિ શલ્ય હૈ. ઔર શલ્ય આત્માકો જૈસા પૈરમેં કાંટા ચુભતા હૈ, કાંટા લગ ગયા ઔર નિકાલનેસે ટૂટ ગયા, કુછ અંશ પૈરમેં રહ ગયા, અબ ચલેગા તો દબેગા, દબેગા તો ઉસકા જો પૉઈન્ટ હૈ વહ ચુભેગા અંદરમેં. દર્દ કરેગા. ઐસા યહ શલ્ય હૈ કિ આત્મશાંતિકો ચુભનેવાલા હૈ, લેકિન ભાન નહીં હૈ ઈસલિયે પતા નહીં ચલતા કિ મુઝે ચુભતા હૈ કિ નહીં ચુભતા હૈ? ભાન નહીં હૈ ઔર ઉતના બારિક અવલોકન નહીં હૈ. સ્થૂલ અવલોકન હૈ, સ્થૂલ ઉપયોગ હૈ ઈસલિયે પતા નહીં ચલતા. જબ વહ આત્મશાંતિકો ચુભનેવાલા હૈ. શલ્ય હૈ વહ આત્માકો ચુભતા હૈ અંદર ઔર પુરુષાર્થકા રોધક હૈ. પુરુષાર્થકો સ્વરૂપસન્મુખ હોનેમેં અવરોધ કરતા હૈ, સન્મુખતામેં આને નહીં દેતા.

ઈસલિયે યહ એક કામ ખાસ કરના હૈ. સભી મુમુક્ષુઓંકો યહ કામ ખાસ કરના હૈ. અબ કામ સોંપ દિયા, કામમેં લગ જાઓ! આપકો કામ સોંપા, કામમેં લગ જાઓ, ઔર કામ પૂરા હુઆ કિ નહીં હુઆ? વહ બતાના ફિર. ક્યોંકિ કભી કિસીકો ઐસી આદત હુઈ કિ કામ બતાયા ઔર કિયા કી નહીં કિયા બતાને ભી નહીં આતે હૈં કિ હમને કિયા યા નહીં કિયા. કિયા તો નહીં બતાયેગા, નહીં કિયા તો ભી નહીં બતાયેગા. કૈસે પતા ચલે?

મુમુક્ષુ :- ઐસા હોતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હોતા હૈ. બહુભાગ ઐસા હોતા હૈ કિ, કામ તો બતા દિયા, વહ કામ કર લેતે હો લેકિન બતાનેકી દરકાર નહીં હોતી ઔર નહીં કિયા તો

બતાનેકી દરકાર નહીં હોતી. ઐસા નહીં હોના ચાહિયે. હમ તો ઈસતરહસે કામ લેતે નહીં. કામ ઈસતરહસે લેતે હૈં કિ કામ બતાતે ચલો! દેખો યહ કામ કિયા કિ નહીં કિયા? ફિર બતાના. બતાના ઉતના હી નહીં, ઈતને ટાઈમમેં કામ કરકે બતાના હૈ આપકો. જબ તો આપ કાર્યક્ષમ હૈ ઐસા હમ માનેંગે. વરના આપકી કાર્યક્ષમતા નહીં હૈ...

મુમુક્ષુ :- ક્યોં નહીં બતાતે?

પૂજ્ય ભાઈશ્રી :- બસ લાપરવાહી હૈ. ક્યા? બતાના, નહીં બતાના યહ દિમાગમેં નહીં રહતા હૈ, કિ હમકો કામ બતાયા હૈ, કામ હમને કિયા કિ નહીં કિયા, હમકો બતા દેના ચાહિયે. ઉતની દરકાર તો હોની ચાહિયે ન? નહીં બતાતે તો પૂછ લેના પડતા હૈ કિ ભાઈ ક્યા હુઆ? હુઆ કિ નહીં હુઆ? હુઆ તો બોલેગા કિ હુઆ હૈ, નહીં હુઆ તો બોલેગા કિ નહીં હુઆ હૈ. નહીં હુઆ હૈ તો ફિર કૈસે હોવે ઉસકી ચર્ચા ચલેગી, તો બતાનેવાલેકો નુકસાન હૈ હી નહીં. નહીં હુઆ હૈ તો કૈસે હોના ચાહિયે ઉસકી ચર્ચા ચલેગી કિ ભાઈ ઈસ પ્રકારકી દિક્કત હૈ ઈસમેં, અવરોધ હૈ, કઈ પ્રકારકી કઠિનાઈ હૈ, ઈસકા વિચાર કરે ઔર કુછ ન કુછ રાસ્તા નિકાલે ઉસમેંસે. ક્યોંકિ લેકિન બતાયે હી નહીં તો ઉસકી ચર્ચા કૈસે ચલેગી? ઔર કામ હોગા કૈસે? ઔર હો ગયા તો અચ્છી બાત હૈ.

'**વહ તો માત્ર જાનતા હૈ-જ્ઞાયક હૈ, જ્ઞાતા હૈ;...**' તો વહ પ્રધાન અંશ દેખકરકે, મુખ્ય અંશકો દેખકરકે જ્ઞાનીકો જ્ઞાતા-દૃષ્ટા બોલા જાતા હૈ. ઉસકા જો ગૌણ અંશ હૈ વિભાવવાલા ઉસકી મુખ્યતા કરકે જ્ઞાની રાગી હૈ, દ્વેષી હૈ, ક્રોધી હૈ, મોહી હૈ - ઐસા બોલા જાતા નહીં હૈ. ચારિત્રમોહ હૈ, લેકિન મોહી હૈ ઐસા બોલા જાતા નહીં હૈ. જ્ઞાતા-દૃષ્ટા હૈ ઐસા બોલા જાતા હૈ, ક્યોંકિ વહી પ્રધાન અંશ હૈ, વહી બલવાન અંશ હૈ ઈસલિયે.

'**રાગ આતા હૈ ઉસકા જ્ઞાતા-દૃષ્ટા હૈ...**' રાગકા ભી જ્ઞાતા-દૃષ્ટા હૈ. ક્યોંકિ વહી પ્રધાનતા હૈ. તો જ્ઞાતા-દૃષ્ટાપનેમેં ક્યા હોતા હૈ, કિ ન ઉસકો રખના હૈ, ન ઉસકો છોડના હૈ. ન ગ્રહણ કરના હૈ, ન ત્યાગ કરના હૈ. ઔર જ્ઞાતા-દૃષ્ટા રહનેમેં વહ મિટ જાયેગા, તો એક ઓરસે ઉસકા ત્યાગ કર દિયા યા હો ગયા ત્યાગ ઐસા બોલનેમેં આયેગા. તો ત્યાગ કરનેકા પ્રયોજન તો સ્વયંસિદ્ધ હો જાયેગા. ફિર ત્યાગ કરું.. ત્યાગ કરું... ત્યાગ કરું... ઐસા વિકલ્પ ક્યોં? ઉસકી મુખ્યતા ક્યોં? કિ મુખ્યતા જ્ઞાતા-દૃષ્ટાપનેકી. રાગકા ભી જ્ઞાતા-દૃષ્ટા હૈ.

'**પરંતુ ઉસે ભાવના તો ઐસી રહતી હૈ...**' ઉસકો ભાવના તો ઐસી રહતી હૈ

કિ યહ અધૂરાશ હૈ, મેરી દશા હૈ વહ અધૂરી હૈ, મેરી દશા પૂરી નહીં હૈ. મૈં જાનતા હૂઁ, અચ્છી તરહ જાનતા હૂઁ કિ મેરી દશા અધૂરી હૈ, મેરે સ્વરૂપકે આગે તો વહ અનંતવેં ભાગમેં હૈ. જૈસા મેરા પૂર્ણ સ્વરૂપ હૈ ઉસકે આગે બહુત કમ હૈ, બહુત કમ હૈ. ઐસા ઉનકો લગતા હૈ. મુનિદશામેં ભી ઐસા લગતા હૈ. ઓહો..! ફિર મુનિકો દેખતે હૈ તો, મુનિઓકો તો ક્ષણ હી ક્ષણ, પ્રતિક્ષણ સ્વરૂપમેં વે જમ જાતે હૈં '**ઐસી મેરી દશા નહીં હૈ, ઐસી દશા મુઝે કબ પ્રાપ્ત હો કિ મૈં સ્વરૂપમેં લીન હો જાઉં.**' મુનિકો દેખકરકે ઉસકી ભાવના ઔર બઢતી હૈ. મેરી ઐસી દશા કબ હો જાયે? ક્યોંકિ ઉસકો આગે બઢનેમેં જો પ્રયોજનભૂત stage આનેવાલા હૈ વહ મુનિદશાકા હૈ.

જૈસે સામાન્ય મુમુક્ષુકો પ્રયોજનભૂત stage હૈ વહ ઉત્કૃષ્ટ મુમુક્ષુતાકા હૈ. ઉત્કૃષ્ટ મુમુક્ષુકો next પ્રયોજનભૂત stage હૈ વહ જ્ઞાનદશાકા હૈ ઔર જ્ઞાનીકો મુનિદશાકા હૈ. ધ્યેય સબકા એક પૂર્ણદશાકા હૈ. લેકિન વર્તમાન પ્રયોજન એક stage આગે આનેકા હૈ, એક કદમ આગે બઢનેકા હૈ. તો ઉસ stageકે લિયે વહ લાલાયિત રહતા હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યહ ધ્યેય હૈ - મુમુક્ષુકા ધ્યેય, જ્ઞાનીકા ધ્યેય ઔર મુનિરાજકા ધ્યેય, તો કિસકા ધ્યેય જ્યાદા બલવાન હોતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- ધ્યેય તો એક વક્ત બંધ ગયા તો બંધ ગયા. ફિર ધ્યેયકે પીછે જો દૌડ હોતી હૈ વહ મુનિઓંકી જ્યાદા હોતી હૈ, ઉસસે કમ જ્ઞાનિઓંકી હૈ, ઉસસે કમ મુમુક્ષુઓંકી હૈ. લેકિન ધ્યેય તો સબકા એક હૈ. ધ્યેયમેં તો ધ્યેય હી હૈ.

મુમુક્ષુ :- સબકા એક તરહકા હી બંધ ગયા?

પૂજ્ય ભાઈશ્રી :- ધ્યેય હો ગયા વહ ધ્યેય હો ગયા.

મુમુક્ષુ :- દિખાવા કિસકા જ્યાદા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉસકે પીછે જો પરિણામકી દૌડ હૈ, વેગ હૈ, ગતિ હૈ, વહ તો દશાકે અનુસાર હૈ. મુમુક્ષુસે જ્ઞાનીકો જ્યાદા હૈ, જ્ઞાનીસે મુનિકો જ્યાદા હૈ.

'**ઐસી દશા મુઝે કબ પ્રાપ્ત હો કિ મૈં સ્વરૂપમેં લીન હો જાઉં. ઈસલિયે યહ વિભાવ હૈ વહ આદરણીય નહીં હૈ, મેરા સ્વભાવ નહીં હૈ.**' તો ઉસકા અનાદર હોતા હૈ. વિભાવ આદરણીય નહીં હૈ તો ઉસકા અનાદર હોતા હૈ. સ્વભાવ આદરણીય હૈ તો ઉસકા આદર હોતા હૈ, ઔર સાથ-સાથ જ્ઞાતા-દૃષ્ટા ભી રહતે હૈં. દોનોં બાત ચલતી હૈ.

'**મુઝે કબ વીતરાગદશા હો...**' પૂર્ણ વીતરાગદશા. મુઝે કબ પૂર્ણ વીતરાગદશા હો જાયે '**ઔર મૈં શાશ્વત આત્મામેં સ્થિર હો જાઉં,...**' શાશ્વત માને હમેશકે લિયે, અનંતકાલ, સાદિ અનંત. '**વિભાવ મુઝે ન હોં,...**' એક અંશ ભી અનંતવેં ભાગમેં ભી વિભાવકો

મૈં રખના નહીં ચાહતા. ક્યોંકિ વહ ગંદગી હૈ. થોડી ગંદગી ભલે રહે, ઐસા કોઈ ચાહેગા ક્યા? નહીં! ઔર વહ જીભ પર. કહાઁ? જીભ પર કોઈ રખેગા? થોડી હો તો? કુછ કણ હો તો? ગંદે હાથ હૈ, સાબુનસે સાફ કર લેના. ક્યોંકિ જીભ સ્વાદ લેનેકી ચીજ હૈ, વૈસે જ્ઞાન હૈ વહ સ્વાદ લેનેકી ચીજ હૈ. વહાઁ કોઈ ભી વિભાવ હોના નહીં ચાહિયે. વહ જીભ હૈ આત્માકી, જ્ઞાન હૈ વહ આત્માકી જીભ હૈ.

દેખો ન! યહ ફોડા હોતા હૈ, સેપ્ટિક હોતા હૈ. આપ ક્યા બોલતે હો (હિન્દીમેં)? પરૂ-પસ, હમારે પસ-પરુ બોલતે હૈં. પસ હો જાતા હૈ ન? પસ તો ઇંગ્લિશ શબ્દ હૈ. (હિન્દીમેં) પીપ બોલતે હૈં. તો ઉસકી સફાઈ કૈસે કરતે હૈં? ખૂન નિકલે વહાઁ તક. ઉસકે કુછ કણ રહ જાયેંગે તો develop હો જાયેગા. દૂસરે ખૂનકો બિગાડેગા. થોડા ભી ઉસકા કણ રહ જાયેગા ફોડેમેં સફાઈ કરનેમેં, ક્યોંકિ દુઃખતા તો હૈ સાફ કરનેમેં. તો કમ સાફ કરે ઔર થોડા રહ જાયે તો નયે ખૂનકો બિગાડેગા વહ તો ઔર બઢ જાયેગા વહ. ઈસલિયે ઉસકો પૂરા સાફ કરનેકા અભિપ્રાય રહતા હૈ. ઐસે જ્ઞાનીકો એક કણ ભી વિભાવ નહીં ચાહિયે, નહીં ચાહિયે ઔર નહીં ચાહિયે.

'**વિભાવ મુઝે ન હોં, મુઝે પૂર્ણ સ્વભાવકી પ્રાપ્તિ હો જાય. -ઐસી ઉસકી ભાવના રહતી હૈ.**' યહ ભાવનાકે અનુકૂલ, ભાવનાકે અનુસાર ઉસકા પુરુષાર્થ ભી ચલતા હૈ, પુરુષાર્થ બિના ભાવના હોતી હી નહીં ઔર ભાવના પુરુષાર્થકે સાથ હી હોતી હૈ, દોનોં અવિનાભાવી હૈ, તબ તો ભાવના કહનેમેં આતી હૈ, અગર ભાવના પ્રયાસકે સાથ નહીં હો તો વહ ભાવના નહીં હૈ, ખાલી ફાલતૂકા વિકલ્પ હૈ! ખાલી વિકલ્પ હૈ, વહ ખાલી-પીલી વિકલ્પસે કોઈ કામ હોનેવાલા નહીં હૈ. ઐસે ૨૧૧મેં યહાઁ જ્ઞાનદશાકા વિષય ચલા હૈ.

આશય :- (૨૧૧) :- **જ્ઞાનદશામાં સ્વભાવ અંશ અને વિભાવ અંશ - બન્ને અંશનું પરિણમન હોય છે. તથાપિ જ્ઞાતા-દૃષ્ટાપણાની મુખ્યતા છે. વિભાવ ગૌણપણે હોય છે. એ પ્રકારથી અને એ નજરથી જ્ઞાનીને સમજવા યોગ્ય છે. વિભાવ અંશમાં રાગ-દ્વેષ હોવા છતાં પણ રાગ-દ્વેષની બુદ્ધિ નથી તેનું તાત્પર્ય એ છે કે મુમુક્ષુજીવે પણ રાગબુદ્ધિ અથવા દ્વેષબુદ્ધિ રૂપ જે પૂર્વગ્રહ છે એનો અભાવ કરવા માટે પ્રયત્નશીલ રહેવું ઘટે છે.**

**પ્રશ્ન :– જ્ઞાનીકો શુભરાગ કાલે નાગ જૈસા દિખાઈ દેતા હૈ – ઐસા કહનેકા તાત્પર્ય તો યહી હૈ ન કિ જ્ઞાનીકો સવિકલ્પશામેં નિરન્તર પૂર્ણતાકી ભાવના બની રહતી હૈ?**

**સમાધાન :– હાં, સ્વાનુભૂતિ–નિર્વિકલ્પદશા હો તબ તો વિકલ્પોંકી ઓર ઉસકા ઉપયોગ ભી નહીં હૈ; સ્વયં તો આનન્દમેં–નિર્વિકલ્પદશામેં હૈ; પરન્તુ જબ ઉસકા ઉપયોગ બાહર આતા હૈ તબ જાનતા હૈ કિ ઈતની અપૂર્ણતા હૈ; ઔર મુઝે પૂર્ણતા કબ પ્રાપ્ત હો? યહ વિભાવભાવ મુઝે નહીં ચાહિયે. ઈતના વિભાવ ભી મુઝે નહીં પુસાતા.**

**જૈસે આંખમેં એક રજકણ ભી નહીં સમાતા, વૈસે હી દ્રવ્યદષ્ટિસે મૈં પૂર્ણ હોનેપર ભી પર્યાયમેં ઈતની ભી કચાસ મુઝે નહીં ચાહિયે; ઈસલિયે રાગ ઉસે કાલા નાગ લગતા હૈ. વહ મુઝે આદરણીય નહીં હૈ, મૈં પૂર્ણ હો જાઉં ઐસી ઉગ્ર ભાવના વર્તતી હૈ. નિર્વિકલ્પદશાકે સમય વિકલ્પકી ઓર ઉસકા ઉપયોગ નહીં હૈ ઔર જબ બાહર આતા હૈ તબ ભેદજ્ઞાનકી ધારા વર્તતી હૈ. ઉસે વિભાવકે સાથ એકત્વબુદ્ધિ નહીં હૈ. ૨૧૨.**

## તા. ૨૫-૭-૧૯૯૭, પ્રશ્ન- ૨૧૨
## પ્રવચન નં. ૧૫૪

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૩૫. ૨૧૨મો પ્રશ્ન. '**જ્ઞાનીકો શુભરાગ કાલે નાગ જૈસા દિખાઈ દેતા હૈ – ઐસા કહનેકા તાત્પર્ય તો યહી હૈ ન કિ જ્ઞાનીકો સવિકલ્પદશામેં નિરન્તર પૂર્ણતાકી ભાવના બની રહતી હૈ?**' ઐસા પ્રશ્ન ઉઠાયા હૈ.

'**સમાધાન :– હાં,..**' કલ વહ ચર્ચા ચલ ગઈ થી થોડી. જ્ઞાનીકો શુભરાગ કૈસે દિખતા હૈ? ઔર ઉસમેં જ્ઞાતા ભી રહતા હૈ. દોનોં બાત ચલીથી. યહ પ્રશ્ન આગે કહા કિ ઉસ વક્ત ઉસકી ભાવના જો પૂર્ણતાકી હૈ, યહી કારણસે ઐસા હોતા હૈ ક્યા?

સમાધાન દિયા હૈ. '**હાં, સ્વાનુભૂતિ–નિર્વિકલ્પદશા હો તબ...**' સ્વાનુભૂતિ માને નિર્વિકલ્પદશા હો '**તબ તો વિકલ્પોંકી ઓર ઉસકા ઉપયોગ ભી નહીં હૈ;...**' યાની વિકલ્પ હોતા હી નહીં હૈ. જબ નિર્વિકલ્પદશા, શુદ્ધોપયોગ સ્વાનુભૂતિ હોતી હૈ તબ તો વિકલ્પ હોતા નહીં હૈ. યાની ઉપયોગ ઔર વિકલ્પકા સંબંધ નહીં હૈ. ક્યોંકિ વિકલ્પકી

ઉત્પત્તિ બંધ હો ગઈ હૈ. યાની વિકલ્પ ઉત્પન્ન નહીં હો રહા હૈ. ઈસલિયે વહાઁ વિકલ્પ ઔર ઉપયોગકા કોઈ સંબંધ હૈ હી નહીં.

'**વિકલ્પોંકી ઓર ઉસકા ઉપયોગ ભી નહીં હૈ;...**' ઐસા લિખા હૈ. ઉસમેં લિખનેમેં થોડા ફરક હો ગયા હૈ. વિકલ્પ હૈ હી નહીં. ઉસકે પ્રતિકા ઉપયોગકા સવાલ રહતા હી નહીં. સંકલનમેં થોડા તો કભી-કભી કહીં પર હો સકતા હૈ. ક્યોંકિ ભાવભાસન તો હોના ચાહિયે. લિખનેવાલેકો ભી ભાવભાસન હોવે તબ કોઈ ચૂક નહીં હોવે. '**સ્વયં તો આનંદમેં-નિર્વિકલ્પદશામેં હૈ;...**' ક્યા હૈ? ઉસવક્ત વહ જ્ઞાની નિર્વિકલ્પ આનંદદશામેં હૈ. વહાઁ તો વિકલ્પ હૈ હી નહીં. નિર્વિકલ્પકા મતલબ વિકલ્પ હૈ હી નહીં. ફિર ઈસકે પ્રતિકા ઉપયોગ હોના, નહીં હોનેકા સવાલ હૈ હી નહીં. ઉપયોગ અપને પરમાત્મા સ્વરૂપમેં લગા હુઆ હૈ. નિજ પરમાત્મસ્વરૂપ હૈ ઉસમેં ઉપયોગ આત્મરસસે, તીવ્ર આત્મરસસે સરાબોર હોકરકે ઉપયોગ ઉસમેં લગા હુઆ હૈ.

'**પરંતુ જબ ઉસકા ઉપયોગ બાહર આતા હૈ...**' નિર્વિકલ્પદશા પૂર્ણ હોનેકે બાદ ઉપયોગ અંતરમેં સ્વરૂપમેં લગા હુઆ થા, વહાઁસે છૂટકરકે બાહર આતા હૈ, '**તબ જાનતા હૈ કિ ઈતની અપૂર્ણતા હૈ;...**' મુજમેં અધૂરાશ હૈ, મેરા પુરુષાર્થ અધૂરા હૈ, ઈસલિયે આનંદસે છૂટકરકે ઉપયોગ નહીં ચાહતે હુએ ભી બાહર આતા હૈ. આનંદ તો ઉતના ઔર ઐસા આનંદ આતા હૈ ઔર ઈતના આનંદ આતા હૈ કિ વહાઁસે છૂટના ગમે હી નહીં. બાહર આનેમેં તો આકુલતા હૈ, અશાંતિ હૈ. ઉસકી ઉપમા શાસ્ત્રમેં દી હૈ કિ જૈસે કોઈ મછલી પાનીસે બાહર આતી હૈ તો તરફડાતી હૈ. વૈસે જ્ઞાનીકો નિર્વિકલ્પ આનંદસે છૂટકરકે બાહર આના હોતા હૈ તો આનંદમેં રહનેવાલા જીવ અશાંતિમેં નહીં રહ સકતા. જૈસે મછલી પાનીમેં રહનેવાલી હૈ, વહ પાનીકે સિવા નહીં જી સકતી, ઐસે આનંદસે બાહર આનેવાલેકો તરફડાટ હોતા હૈ. શુભભાવમેં હો તબ ભી. ઉસકો અશુભભાવ તો ચાલૂ હોતા હી નહીં.

નિર્વિકલ્પ શુદ્ધોપયોગકે પૂર્વ ક્ષણમેં ઔર નિર્વિકલ્પ ઉપયોગકે પૂર્ણ હોનેકે બાદ જો ક્ષણ ચાલુ હોતી હૈ ઉત્તર ક્ષણમેં, પૂર્વ ક્ષણમેં ઔર બાદકી ઉત્તર ક્ષણમેં આત્માકે સંબંધિત, આત્માકે લક્ષસે ઉચ્ચકોટીકે શુભભાવ ચલતે હૈં. કૈસે શુભભાવ ચલતે હૈં? એકદમ ઉચ્ચકોટીકે ઉત્કૃષ્ટ શુભભાવ ઉસ ભૂમિકાકે ગુણસ્થાન અનુસાર ચલતે હૈં. ફિર ભી વહાઁ અશાંતિ હૈ, દુઃખ હૈ, તરફડાટ હોતી હૈ મછલીકી તરહ. ઐસા આનંદ ઔર ઈતની શાંતિ હૈ, ઉસસે નહીં ચાહતે હુએ ભી બાહર નિકલના હોતા હૈ, સ્વવશતાસે નહીં, પરવશતાસે. તો માલૂમ પડતા હૈ, ઉસકો જાનનેમેં આતા હૈ કિ યહ મેરે પુરુષાર્થકી અધૂરાશ હૈ, યહ મેરે પુરુષાર્થકી કમી હૈ. ઈસલિયે મેરા આનંદ છૂટ ગયા. મેરા પુરુષાર્થ

કમ હો ગયા, તો દશા બદલ ગઈ. નિર્વિકલ્પદશા બદલ ગઈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પુરુષાર્થકી કમી હી લેના યા ચારિત્રકો ભી લેના?

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ કમ હોનેસે ચારિત્ર કમ હુઆ. પુરુષાર્થ અગર તીવ્ર હોતા તો ચારિત્ર ભી સ્વરૂપાચરણકા હી રહતા.

મુમુક્ષુ :- અહીં જે કહ્યુંને ઉત્કૃષ્ટ કોટિના શુભરાગ.. તો એ કેવું હોય?

પૂજ્ય ભાઈશ્રી :- આત્માને લક્ષમાં રાખીને. આત્માકો લક્ષમેં રખકરકે મૈં ઐસા હી હૂઁ, મૈં આનંદસ્વરૂપ હૂઁ, મૈં જ્ઞાનસ્વરૂપ હૂઁ, મૈં પરિપૂર્ણ શુદ્ધ હૂઁ, સર્વસે સર્વથા ભિન્ન હૂઁ, ઐસા સ્વરૂપલક્ષી અંતર્જલ્પ. કૈસા? સૂક્ષ્મ. સ્થૂલ રાગ નહીં. સૂક્ષ્મ વિકલ્પ. સ્થૂલ વિકલ્પ નહીં ચલતા. સૂક્ષ્મ વિકલ્પ ચલતા હૈ.

મુમુક્ષુ :- આત્મભાવના થઈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા! વહી આત્મભાવના હી હૈ. આત્માકો લક્ષમેં રખકરકે જો ભાવ આતા હૈ વહ આત્મભાવના હી હૈ, લેકિન વહ ભી સૂક્ષ્મ વિકલ્પરૂપ હૈ, સ્થૂલ વિકલ્પરૂપ નહીં હૈ, મોટા(સ્થૂલ) નહીં હૈ. સૂક્ષ્મ હૈ. ફિર ભી વહાઁ અશાંતિ હૈ, ક્યા હૈ? વહાઁ આકુલતા હૈ ઔર અશાંતિ હૈ. કિસકી બરાબરીમેં? નિર્વિકલ્પ શાંતિ ઔર આનંદકી બરાબરીમેં. જિસકો સ્વરૂપકા ભાવભાસન નહીં હૈ ઉનકો તો સ્વરૂપકા વિકલ્પ સૂક્ષ્મ હોનેસે શાંતિકી ભ્રાંતિ હો જાતી હૈ. ક્યોંકિ વહાઁ તો કષાય મંદ હો જાતા હૈ, તો ઉસકો શાંતિકી ભ્રાંતિ હો જાતી હૈ. મુઝે આત્મશાંતિ પ્રગટ હો ગઈ, મુઝે આત્માકા આનંદ પ્રગટ હો ગયા. વહાઁ જ્ઞાનીકો આકુલતા ઔર અશાંતિ માલૂમ પડતી હૈ.

મુમુક્ષુ :- વિભાવભાવ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વહ વિભાવ હૈ ઉસકી જાતિકી પરખ હૈ, ઔર ઉસકે સાથ ઉસકા ભેદજ્ઞાન ચલતા હૈ. વિભાવકા નિષેધ ઔર સ્વભાવકા આદર. ઐસા ભીતરમેં ભેદજ્ઞાન ચલતા હૈ. ઔર જિસકો ભેદજ્ઞાન નહીં ચલતા હૈ ઉસકો કષાય મંદ હોનેસે ઔર વિકલ્પ શાંત હોનેસે આત્મશાંતિકી ભ્રાંતિ હો જાતી હૈ. લેકિન ઐસી આત્મશાંતિ હોતી નહીં. વહ કૈસે પતા ચલે? કિ યહ શાંતિ માનસિક શાંતિ હૈ ઔર (યહ) આત્માકી શાંતિ હૈ. ભેદજ્ઞાન ચલતા હૈ કિ નહીં ચલતા હૈ? ઉસસે પતા ચલતા હૈ, જિસકો ભ્રાંતિ હોતી હૈ ઉસકો ભેદજ્ઞાન ચલતા નહીં. ઔર ભેદજ્ઞાનમેં અશાંતિ ઔર શાંતિકી પરખ હૈ, અશાંતિકા નિષેધ હૈ, ઉસકો ભ્રાંતિ હોતી નહીં. વહ ભેદજ્ઞાનસે પતા ચલતા હૈ.

**'યહ વિભાવભાવ મુઝે નહીં ચાહિયે. ઇતના વિભાવ ભી મુઝે નહીં પુસાતા.'** કૈસી ભાવના હોતી હૈ કિ યહ વિભાવભાવ મુઝે નહીં ચાહિયે, મુઝે ઇસકા પુસાન નહીં

હૈ. ક્યોંકિ જો ભી અશાંતિ હૈ, વિભાવ હૈ ઉસમેં મલિનતા ભી હૈ ઔર અલ્પ મલિનતા ભી શુદ્ધિકે ચાહનેવાલેકો પુસાતી નહીં હૈ. અલ્પ મલિનતા ભી નહીં પુસાતી. અલ્પ મલિનતાકા કલ દૃષ્ટાંત લિયા થા કિ ગંદગીકો જીભ પર કૌન રખેગા? થોડી ગંદગી. ઔર જો પસ હોતા હૈ ઉસકો કોઈ રહને નહીં દેતા. ક્યોંકિ વહ વિકૃતિ હૈ, મલિન હૈ ઔર વિકાર હૈ. વિકારકી જાતિ, વિકાર અલ્પ હો યા જ્યાદા હો, જાતિ તો વિકારકી હૈ.

દૃષ્ટાંત લિયા હૈ '**જૈસે આંખમેં એક રજકણ...**' કણુ-કણુ ક્યા બોલતે હૈં? કણ બોલતે હૈં. '**જૈસે આંખમેં એક રજકણ નહીં સમાતા,...**' ઈતની બડી આંખ હૈ, દેખનેમેં આડા આતા નહીં હૈ. ઔર બહુત છોટા હૈ રહને દો. એક કોનેમેં પડા રહેગા. ઐસા ચલતા નહીં હૈ. ક્યોં? કિ યહ શરીર કા બહુત sensitive અવયવ, સબસે જ્યાદા sensitive અવયવ કોઈ હો તો વહ આંખ હૈ. કિસી ભી પ્રકારકી sense ભી સબસે પહલે આંખમેં આતી હૈ. બહુતસે ઉસકે ભાવ હોતે હૈં. આંખસે સેંકડો ભાવ વ્યક્ત હોતે. બહુત sensitive હૈ. એક રજકણકો ભી વહ રખ સકતી નહીં હૈ. ખટકતા હૈ, આંખમેં કણ હોતા હૈ તો ખટકતા હૈ. કબ નિકલે? દૂસરે-દૂસરે કામમેં લગે હુએ ભી યહ ખટકતા હૈ કિ ઈસકો નિકાલો, ઉસકો નિકાલો. હોતા હૈ કિ નહીં હોતા હૈ?

'**જૈસે આંખમેં એક રજકણ નહીં સમાતા, વૈસે હી દ્રવ્યદૃષ્ટિસે મૈં પૂર્ણ હોનેપર ભી પર્યાયમેં ઈતની ભી કચાસ મુઝે નહીં ચાહિયે;...**' સમ્યગ્દર્શન હો ગયા હૈ, અબ વાંધા નહીં હૈ ઐસા નહીં હોતા. દ્રવ્યદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ માને દ્રવ્યદૃષ્ટિ. દ્રવ્યદૃષ્ટિવાલેકો થોડી ભી કચાશ, થોડા ભી વિભાવ ઉસકો પુસાતા નહીં હૈ. ક્યોંકિ વહ શુદ્ધદ્રવ્યકી દૃષ્ટિ હૈ. દ્રવ્યદૃષ્ટિ કૈસી હૈ? શુદ્ધદ્રવ્યકી હૈ. જબ મૈં પરિપૂર્ણ શુદ્ધ હૂઁ, તો મેરી અવસ્થામેં અશુદ્ધતા ક્યોં? થોડી ભી ક્યોં? યહ નહીં ચલેગી. ઉસકો પુસાતી નહીં હૈ.

અધિકારકે વિષયમેં ભી નહીં ચલતા. એક બાપકે દો લડકે હૈં. બટવારા હોતા હૈ. કિતના હોગા? ૫૦-૫૦, આધા-આધા. અબ એક ભાઈ ઐસા બોલેગા કિ નહીં હમકો ૫૧ percent ચાહિયે. તુમ એક કમ કરો. છોટા હૈ તૂ, યા બડા હૈ તૂ,- યા કોઈ ભી બહાનેસે. છોટા-બડા (કિસી) બહાને. તુમ્હારે પાસ જ્યાદા હૈ, હમારે પાસ કમ હૈ. બટવારેમેં એક percent, દો percent તુમ્હારા કમ કરેંગે, હમ જ્યાદા લેંગે. ક્યા કહેગા? બિલકુલ નહીં! હમારા અધિકાર હૈ. જૈસે જમીન હોતી હૈ, તુમ ઈતના કમ કરો - કોઈ લેગા નહીં. મેરા પૂરા અધિકાર હૈ, જિતના તુમ્હારા ઉતના હમારા. હમ ચાહે તો પૂરા દે સકતે હૈં, લેકિન જબ અધિકારકી બાત હૈ, એક percent ભી કમ લેનેવાલે નહીં હૈ. અધિકાર હમારા પૂરા હૈ. જિતના તુમ્હારા, ઉતના હી હમારા

પૂરા હૈ. ઉદારતાસે હમ તુમકો પૂરાકા પૂરા દે સકતે હૈં, (લેકિન) તુમ અધિકાર જમાકરકે એક percent ભી હમારેમેં સે લે સકતે નહીં હો. હોતા હૈ કિ નહીં હોતા? ઐસે આત્મા પૂર્ણ શુદ્ધિકા અધિકારી હૈ. કેવલજ્ઞાન ઔર પરમાનંદકા અધિકારી હૈ. વહ અધૂરા ક્યોં લેગા? ક્યોં? અધૂરા ક્યોં? નહીં ચલેગા. હમકો અધૂરા નહીં ચલેગા. ઐસી બાત હૈ.

**'દ્રવ્યદૃષ્ટિસે મૈં પૂર્ણ હોનેપર ભી પર્યાયમેં ઇતની ભી કચાસ મુઝે નહીં ચાહિયે;...'** રાજાકા રાજકુંવર હૈ, ઉનકો બોલો કિ તુમ એક સેકન્ડકે લિયે થોડી ભીખ માંગ લેના. ક્યા? જ્યાદા હમ તુમકો નહીં બોલતે, હમેશકે લિયે નહીં બોલતે હૈ. ક્યા બોલેગા? કિ યહ બાત કરનેકી તુમને હિમ્મત કૈસે કી? ક્યા બોલેગા? મૈં ભવિષ્યકા રાજા, ક્યોંકિ રાજકુંવર તો ભવિષ્યકા રાજા હી હોતા હૈ. રાજગાદી પર બૈઠનેવાલા, મૈં ભીખ માંગુ ક્યા? યહ બાત તુમને કહી કૈસે? ઐસે બોલેગા.

મુમુક્ષુ :- જિનેશ્વરદેવના લઘુનંદન છેને!

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમ્યગ્દૃષ્ટિ હૈ ઔર જિનેશ્વરકે લઘુનંદન હૈં ઔર મુનિરાજ હૈં વે ગુરુનંદન હૈં. વહ બડા ભાઈ હૈ, યહ છોટા ભાઈ હૈ. દોનોં ભગવાનકે પુત્ર હી હૈ. તો વે કૈસે ભીખ માંગે? ઇસલિયે મુનિ કભી યાચના નહીં કરતે. મુનિ કભી યાચના નહીં કરતે. દેખો! દિગંબર-શ્વેતાંબરમેં મુનિઓંકે વ્યવહારમેં યહ બડા ફરક હૈ. શ્વેતાંબરકે જો મુનિલોગ હૈ વે ચલાકે જાયેંગે ખાના લેનેકે લિયે, કિસીકે યહાઁ ભી ચલે જાયેંગે. જૈસે અન્યમતમેં જાતે હૈં. અન્યમતમેં તો ઐસા બોલતે હૈં કિ ભીક્ષાંદેહી મામ. હમકો ભીક્ષા દે દો. સંસ્કૃતમેં બોલતે હૈં. ભીક્ષાંદેહી મામ. હમકો ભીક્ષા દે દો. તો યહ મૌન રહતે હૈં શ્વેતાંબરમેં. જાતે હૈં, ખડે રહ જાતે હૈં. દે દેતે હૈં વહ લેકર નિકલ જાતે હૈં.

મુમુક્ષુ :- બોલતે હૈં, ધર્મલાભ બોલતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મલાભ વહ તો ઉસકા ધ્યાન નહીં હોવે તો. ધ્યાન નહીં હો તો ધર્મલાભ ઐસા બોલે. મતલબ ધર્મકા લાભ તુમ લે લો. હમ આયે હૈં તો તુમ ધર્મકા લાભ લે લો. વહ તો એક માંગનેકી ચેષ્ટા હૈ. દિગંબર મુનિઓંમેં ઐસા નહીં હૈ. વહાઁ ઉનકો નવધા ભક્તિસે આમંત્રણ કરે તભી વે આહાર લેંગે. ઉનકો વિનંતી કરતે હૈં, બિનતી કરતે હૈં કિ આપ પધારીયે હમારે યહાઁ. હમારે યહાઁ આપકે લાયક આહાર ભી શુદ્ધ હૈ, હમારા આહાર દેનેકા મન હૈ વહ મન ભી શુદ્ધ હૈ.

મુમુક્ષુ :- વચન ભી શુદ્ધ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઔર આપકો આમંત્રણ દેતે હૈં ઉસમેં વચન ભી હમારે શુદ્ધ

હૈં. ઔર હમ ઐસે ગંદે નહીં હૈ. નહા-ધોકરકે સ્વચ્છ કપડે પહનકરકે આયે હૈં તો હમારી કાયા ભી શુદ્ધ હૈ. મન શુદ્ધિ, વચન શુદ્ધિ, કાય શુદ્ધિ.

મુમુક્ષુ :- આહાર-જલ શુદ્ધ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઔર આહાર ભી હમારે શુદ્ધ હૈ, આપકે લાયક હૈ! કોઈ ભી ઉદ્દિષ્ટ આહાર યા આપકે ઉદ્દેશસે બનાયા નહીં હૈ ઔર નહીં ખાને લાયક અભક્ષ્ય ચીજ ઉસમેં કોઈ પ્રયોગ કિયા નહીં. આપ પધારીએ.. પધારીએ... પધારીએ.. ઐસા કહતે હૈં. બાર-બાર કહતે હૈં તબ વે પધારતે હૈં. પધારતે હૈં તો ઉસકે પાદપ્રક્ષાલન કરતે હૈં, ઉસકી પૂજા કરતે હૈં, ઉસકી સ્તુતિ-વંદના કરતે હૈં. નવધાભક્તિ! નવ પ્રકારકી ભક્તિ કરતે હૈં. ફિર ઉનકો આહાર દેતે હૈં. યહ સિસ્ટમ હૈ. ક્યોંકિ યે મુનિરાજ હૈં, ઇન્દ્રાદિ દેવ ઉનકો વંદન કરને આતે હૈં, ચક્રવર્તી ભી ઉનકો વંદન કરતે હૈં. ઇતને વે મહાન હૈં વહ ભીખ કૈસે માંગેગે? યહ કોઈ જગતકે સામાન્ય પ્રાણી નહીં હૈ.

મુમુક્ષુ :- હાલતા-ચાલતા સિદ્ધ કીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચલતે-ફિરતે સિદ્ધ. ઐસા સિદ્ધ કિ જિસમેં સિદ્ધ ભગવાનકી કલ્પના કી જાયે. મોક્ષતત્ત્વ હૈ વહ તો. કૈસે હૈ? મોક્ષતત્ત્વ હૈ વહ. વે કોઈ યાચના કરતે નહીં.

મુમુક્ષુ :- ગુરુદેવ તો ઐસા બોલતે થે ન! નાગા તે બાદશાહથી આઘા!!

પૂજ્ય ભાઈશ્રી :- હા, અરે!.. બાદશાહ ભી ઉનસે દૂર રહતે હૈં, ક્યોંકિ વે બાદશાહકી પરવાહ નહીં કરતે. બાદશાહ વંદન કરનેકો આતે તો આંખ ખોલે ઉતના ભી જરૂરી નહીં હૈ કિ વહ દેખે આંખ ખોલકરકે કિ મુઝે કૌન વંદન કરતા હૈ. અપને ધ્યાનમેં રહ જાતે હૈં! દેખતે ભી નહીં હૈ!

મુમુક્ષુ :- વે તો અભિગ્રહ ભી ધારણ કરતે હૈં ન?

પૂજ્ય ભાઈશ્રી :- હા અભિગ્રહ ભી કભી ધારણ કરતે હૈં.

મુમુક્ષુ :- બધું બરાબર હોવા છતાં આહાર ન લ્યે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉતના સબ હોનેપર ભી આહાર નહીં લેંગે. મેરે અભિગ્રહકે અનુકૂલ બાહ્ય પરિસ્થિતિ હોગી તો આહારકા યોગ હોગા ઐસા મૈં માનતા હૂઁ. વરના મૈં માનતા હૂઁ કિ આજ મુઝે આહારકા યોગ હૈ હી નહીં. તો વૈસે હી મેરી આત્મા તો અનાહારી હૈ. વે સ્વરૂપકે આનંદમેં ચલે જાતે હૈં ઔર વહાઁ તૃપ્ત-તૃપ્ત હો જાતે હૈં. જૈસે ખાનેસે તૃપ્ત હો જાતે હૈં, વૈસે સ્વરૂપકે આનંદમેં વે તૃપ્ત હો જાતે હૈં, આહારકા વિકલ્પ છૂટ જાતા હૈ, જૈસે ખાના ખાનેકે બાદ આહારકા વિકલ્પ નહીં રહતા, વૈસે ઉપવાસકા ખયાલ આ ગયા કિ આજ મેરે અભિગ્રહકે લાયક પરિસ્થિતિ નહીં હૈ, આજ

તો ઉપવાસ હોગા. તો સ્વરૂપમેં વાસ કર લેતે હૈં. ઉપ માને સમીપ. સ્વરૂપ સમીપમેં વાસ કર લેતે હૈં. ઔર જૈસે આહારકે બાદ આહારકા વિકલ્પ છૂટ જાતા હૈ, ઐસી પરિસ્થિતિ મુનિરાજકી હો જાતી હૈ ઔર વાપસ જંગલમેં ચલે જાતે હૈં.

મુમુક્ષુ :- અભિગ્રહ કેમ લ્યે?

પૂજ્ય ભાઈશ્રી :- બસ ઐસે ઉદીરણા કરનેકા વિકલ્પ આતા હૈ. પૂર્વકર્મકી ઉદીરણા, જો સંચિત કર્મ હૈ ઉસકી સ્થિતિકો સંક્ષેપ કરકે ઉદયમેં આ જાયે. અબ વે મોક્ષમેં જાનેવાલે હૈં તો પૂર્વ બંધન કિયા હૈ ઉસકે હિસાબ-કિતાબકી સફાઈ કરેંગે કે નહીં કરેંગે? સબ accounts square up કરના હૈ ખતમ! કોઈ લેના-દેના રહના નહીં ચાહિયે. તબ મુક્તિમેં જાના હોગા. ઐસા હોતા હૈ. યહ યથાર્થ પદ્ધતિ હૈ.

શ્વેતાંબરમેં તો કાફી વિકૃતિ આ ગઈ. વહ તો ઉનકે કથાનુયોગમેં વહાઁ તક બાત આતી હૈ કિ મહાવીર ભગવાનને દવાઈ મંગવાઈ. ટટ્ટી લગ ગયી, ખૂનકી ટટ્ટી લગ ગયી. બહુત તકલીફ હો ગઈ. (તીર્થંકર) માંગે?! તીનલોકકા નાથ હૈ. તીર્થંકર તો તીન લોકકે નાથ હો ગયે. વહ માંગે કિ હમારે લિયે યહ લાઓ, વહ લાઓ - યહ બાત કભી સંભવ હૈ હી નહીં.

મુમુક્ષુ :- દવા લેના ભી તો આહાર હૈ.

